ॐ

શ્રી યોગેન્દુદેવ રચિત

# યોગસાર ટીકા

• હિંદી ભાષા ટીકાકાર •

સ્વ. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજી

• ગુજરાતી ભાષા અનુવાદ •

બ્ર. વૃજલાલ ગિરધરલાલ શાહ

સમ્યક દર્શન - સમ્યક જ્ઞાન - સમ્યક ચારિત્ર

पूज्य કહાનગુરુદેવ સ્મૃતિ ગ્રંથ પ્રકાશન

પુષ્પ : ૪૨

ॐ

શ્રી યોગેન્દુદેવ રચિત

# યોગસાર ટીકા

• હિંદી ભાષા ટીકાકાર •

**સ્વ. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજી**

• ગુજરાતી ભાષા અનુવાદ •

**બ્ર. વૃજલાલ ગિરધરલાલ શાહ**

• પ્રકાશક •

**પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**

૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ,

મુંબઈ-૪૦૦ ૦૦૨.

## નવી આવૃત્તિનું નિવેદન

યોગસાર ગ્રંથ આત્મચિંતનને લગતો અત્યંત ઉપાદેય ગ્રંથ છે. છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી ભાષામાં આ ગ્રંથ અપ્રાપ્ય હતો. તેથી આપણા ટ્રસ્ટ તરફથી નવી આવૃત્તિ છપાવવાનું શ્રી કહાનગુરુ સ્મૃતિ ગ્રંથ પ્રકાશન અંતર્ગત નક્કી થયું. પ્રસ્તુત પુસ્તકનાં પ્રકાશન માટે કિંમત ઓછી કરવા માટે શ્રી ડાયાભાઈ સી. મહેતા (નિવૃત્ત ન્યાયાધીશ) પરિવાર (પાલનપુર નિવાસી હાલ : મુંબઈ) તરફથી રૂા. ૩૫,૦૦૦/- સંસ્થાને પ્રાપ્ત થયા છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. તદ્‌ઉપરાંત ત્વરીત છાપકામ માટે મરક્યુરી પ્રિન્ટર્સ, અમદાવાદ તથા તૈયાર બટર પેપર આપવા બદલ વિનયદક્ષ ચેરીટેબલ ટ્રસ્ટનો આભાર માનીએ છીએ. તે સિવાય-પ્રત્યક્ષ કે પરોક્ષ આ કાર્યમાં જેમનો સહયોગ પ્રાપ્ત થયો છે તે સર્વેનો આભાર.

**પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
ટ્રસ્ટીગણ

• પ્રાપ્તિસ્થાન •

**શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.

**પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
કહાનનગર, લામરોડ, દેવલાલી-૪૨૨૪૦૧.

• પ્રકાશક •

**પૂજ્યશ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**
૧૭૩-૧૭૫, મુંબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.


પ્રત : ૧૦૦૦

પ્રસ્તુત આવૃત્તિ : વીર સં. ૨૫૨૭, કહાન સંવત ૨૧, વિક્રમ સં. ૨૦૫૭, જુલાઈ ૨૦૦૧

મૂલ્ય : ૨૦-૦૦

• મુદ્રક •

**મરક્યુરી પ્રિન્ટર્સ**
૨૦૧, ધનલક્ષ્મી કોમ્પલેક્ષ, લલિત પેલેસની ઉપર, શાહીબાગ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯ (ઓ) ૫૬૨૪૦૨૯ (રહે.) ૭૪૧૯૨૮૨



## નિવેદન

લગભગ ૧૪૦૦ વર્ષ પહેલા દિ.જૈન સમાજમાં પરમ અધ્યાત્મપ્રેમી મહાન આચાર્ય શ્રી યોગીન્દુદેવ થઇ ગયા. જૈન સાહિત્યમાં શ્રી,યોગીન્દુ દેવનું ખૂબ જ ઊંચું સ્થાન છે. તેમણે સંસ્કૃત અને પ્રાકૃત જેવી વિદ્વદ્‌ભોગ્ય ભાષાને બદલે અપભ્રંશ જેવી લોકપ્રચલિત ભાષામાં પોતાના ગ્રંથોની રચના કરી. ભગવાન કુંદ કુંદાચાર્ય અને પૂજ્ય પાદાચાર્ય એમના પ્રેરણાસ્ત્રોત રહ્યા છે.

ખરેખર આ એક દુ:ખદ ઘટના છે કે જોઇન્દુ (યોગીન્દુ) જેવા મહાન અધ્યાત્મવેતાના જીવન વિષે અપેક્ષિત માહિતી મળતી નથી, શ્રુતસાગર માનાર્થે એમના માટે ભટ્ટારક શબ્દ-પ્રયોગ કરે છે. એમના પોતાના ગ્રથોમાં એમના જીવન અને સ્થળ વિષે કોઇ માહિતી મળતી નથી.

પરમાત્મ પ્રકાશમાં જોઇંદુ નામ મળે છે.બ્રહ્મદેવે ઘણી જગ્યાએ ગ્રંથકારનું નામ યોગીન્દ્ર લખ્યું છે. કેટલીક પ્રતોમાં યોગેન્દ્ર શબ્દ પણ મળે છે. શબ્દો અને ભાવોની સમાનતા હોવાથી યોગસાર ને પણ જોઇન્દુની કૃતિ માનવામાં આવે છે. અંતિમ પદ્યમાં ગ્રંથકારનું નામ જોગિચંદ્ર લખેલું છે. પણ મારી દૃષ્ટિએ યોગીન્દુ પાઠ છે જે યોગિચંદ્રનો સમાનાર્થી છે.

**યોગીન્દુ દેવની કૃતિઓ:** શ્રી યોગીન્દુ રચિત આટલા ગ્રંથો સર્વસમ્મત છે-૧.પરમાત્મ પ્રકાશ (અપભ્રંશ),૨.નૌકાર શ્રાવકાચાર (અપ.).૩.યોગસાર (અપ.), ૪. અધ્યાત્મ સંદોહ (સંસ્કૃત), ૫. સુભાષિત તંત્ર (સં), ૬. તત્ત્વાર્થ ટીકા (સં.) આ બધા ગંથ્રોમાં સૌથી વધારે મહત્ત્વપૂર્ણ ગ્રંથ 'યોગસાર' છે. આ ગ્રંથમાં સંસારની દરેક વસ્તુથી આત્માને સર્વથા પૃથક્ અનુભવન કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ગ્રંથકારના મત પ્રમાણે સંસારથી ભયભીત બનેલા અને મોક્ષના માટે ઉત્સુક બનેલા પ્રાણીઓની આત્મજાગૃતિ માટે યોગિચંદ્ર સાધુએ આ દોહાઓની રચના કરી છે. ઉપલબ્ધ પ્રતમાં દોહા સિવાય એક ચોપાઈ અને બે સોરઠા પણ મળી આવે છે. તેથી એવું અનુમાન સહેજે કરી શકાય છે કે મૂળ પ્રતો સંપૂર્ણ રીતે સુરક્ષિત રહી નથી.

અન્તિમ પદ્યમાં ગ્રંથકર્તાનું નામ જોગિચંદ્ર (જોઈન્દુ યોગીન્દુ)નો ઉલ્લેખ, આરંભિક મંગલાચરણની સદૃશતા, મુખ્ય વિષયની એકતા, વર્ણન શૈલી અને વાક્ય-સામ્ય વગેરે તથ્યો ઉપરથી સ્પષ્ટ થાય છે કે બંને ગ્રંથો એક જ રચયિતા જોઈન્દુની કૃતિઓ છે.

યોગસાર ગ્રન્થ આત્મચિંતનને લગતો અત્યન્ત ઉપાદેય ગ્રન્થ છે. પ્રસ્તુત ગ્રન્થમાં નિશ્ચયનયની પ્રધાનતાથી પોતાના આત્માને પરમાત્મા સમાન શ્રદ્ધાન કરી તેના જ ધ્યાનનો ઉપદેશ છે. આત્માનુભવ એ જ મોક્ષમાર્ગ છે. પદે પદે એ જ ભાવ બિંબિત છે. પંડિતપ્રવર બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ વિસ્તારપૂર્વક ભાવોનું સ્પષ્ટીકરણ કરવાનો ઉદ્યમ પહેલી જ વાર હિન્દી ભાષામાં કરેલો છે. પ્રાચીન જૈનાગમોને અનુકૂળ રહીને પંડિતજીએ આ ગ્રંથનું સફળ સંપાદન કર્યું છે.

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતી ભાષામાં યોગસારના સરસ-સુબોધ સંસ્કરણની અછત વરતાતી હતી. છેવટે મેં આ ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ કરવાનો નિર્ણય કર્યો. સ્વજનોના સહયોગથી મારી મહેચ્છા ફળીભૂત થઈ. ગ્રંથનાં અનુવાદ અને પ્રકાશન બંને કાર્યો સંપન્ન થયા. મેં અનુવાદ કરવામાં પર્યાપ્ત કાળજી અને સતર્કતા રાખી છે તેમ છતાં અજાણતા અથવા પ્રમાદવશ રહી ગયેલી ત્રુટિઓ માટે હું વિદ્વજ્જનોનો ક્ષમાપ્રાર્થી છું અને જરૂરી સૂચનોને સવિનય આવકાર આપીશ.

**को न विमुह्यति शास्त्रसमुद्रे ।**

**વૃજલાલ ગિરધરલાલ શાહ**
બી. એ. (ઓનર્સ)
વઢવાણ શહેર

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય સૂચિ | પાના નં |
|---|---|---|
| ૧ | સિદ્ધોને નમસ્કાર. | ૧ |
| ૨ | અરહંત ભગવાનને નમસ્કાર. | ૪ |
| ૩ | ગ્રંથ રચવાનું નિમિત્ત અને પ્રયોજન. | ૯ |
| ૪ | મિથ્યાદર્શન સંસારનું કારણ. | ૧૩ |
| ૫ | મોક્ષ સુખનું કારણ આત્મધ્યાન છે. | ૧૭ |
| ૬ | આત્મા ત્રણ પ્રકારના છે. | ૨૧ |
| ૭ | બહિરાત્માનું સ્વરૂપ. | ૨૪ |
| ૮ | અંતરાત્માનું સ્વરૂપ. | ૨૮ |
| ૯ | પરમાત્માનું સ્વરૂપ. | ૩૨ |
| ૧૦ | બહિરાત્મા પરને પોતાનો માને છે. | ૩૫ |
| ૧૧ | જ્ઞાનીએ પરને આત્મા ન માનવો જોઈએ. | ૩૮ |
| ૧૨ | આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે. | ૪૧ |
| ૧૩ | ઈચ્છારહિત તપ જ નિર્વાણનું કારણ છે. | ૪૫ |
| ૧૪ | પરિણામોથી જ બંધ અને મોક્ષ થાય છે. | ૪૯ |
| ૧૫ | પુણ્યકર્મ મોક્ષસુખ આપી શકતું નથી. | ૫૨ |
| ૧૬ | આત્મદર્શન જ મોક્ષનું કારણ છે. | ૫૫ |
| ૧૭ | માર્ગણા અને ગુણસ્થાન આત્મા નથી. | ૫૯ |
| ૧૮ | ગૃહસ્થ પણ નિર્વાણ માર્ગ પર ચાલી શકે છે. | ૭૦ |
| ૧૯ | જીનેન્દ્રનું સ્મરણ પરમ પદનું કારણ છે. | ૭૫ |
| ૨૦ | પોતાના આત્મામાં અને જીનેન્દ્રમાં ભેદ નથી. | ૭૮ |
| ૨૧ | આત્મા જિન છે એ જ સિદ્ધાંતનો સાર છે. | ૮૧ |
| ૨૨ | હું જ પરમાત્મા છું. | ૮૩ |
| ૨૩ | આત્મા અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે. | ૮૫ |
| ૨૪ | વ્યવહારથી આત્મા શરીર પ્રમાણ છે. | ૮૮ |
| ૨૫ | જીવ સમ્યકત્વ વિના ચોર્યાસી લાખ યોનિમાં ભ્રમણ કરે છે. | ૯૧ |
| ૨૬ | શુદ્ધ આત્માનું મનન જ મોક્ષમાર્ગ છે. | ૯૩ |
| ૨૭ | નિર્મળ આત્માની ભાવના કરીને જ મોક્ષ થાય છે. | ૯૫ |
| ૨૮ | ત્રિલોક પૂજ્ય જિન આત્મા જ છે. | ૯૭ |
| ૨૯ | મિથ્યાદષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી. | ૯૯ |
| ૩૦ | વ્રતીએ નિર્મળ આત્માનો અનુભવ કરવો યોગ્ય છે. | ૧૦૦ |
| ૩૧ | એકલું વ્યવહાર ચારિત્ર નકામું છે. | ૧૦૨ |
| ૩૨ | પુણ્ય અને પાપ બંને સંસાર છે. | ૧૦૪ |
| ૩૩ | નિશ્ચય ચારિત્ર જ મોક્ષનું કારણ છે. | ૧૦૬ |
| ૩૪ | પોતા વડે પોતાનું ધ્યાન કરો. | ૧૦૮ |

૩૫ વ્યવહારમાં નવ પદાર્થનું જ્ઞાન આવશ્યક છે. .......... ૧૧૦
૩૬ સર્વ પદાર્થોમાં ચૈતન્યમય એક જીવ જ છે. .......... ૧૧૩
૩૭ વ્યવહારનો-મોહ ત્યાગવો જરૂરી છે. .......... ૧૧૫
૩૮ જીવ-અજીવના ભેદ જાણો. .......... ૧૧૬
૩૯ આત્મા કેવળ જ્ઞાન સ્વભાવનો ધારક છે. .......... ૧૧૯
૪૦ જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે. .......... ૧૨૧
૪૧ આત્માને ન જાણનાર કુતીર્થોમાં ભટકે છે. .......... ૧૨૩
૪૨ પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે. .......... ૧૨૫
૪૩ દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી. .......... ૧૨૭
૪૪ સમભાવરૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનવરને દેખો. .......... ૧૨૯
૪૫ જ્ઞાની શરીરરૂપી મંદિરમાં પરમાત્માને દેખે છે. .......... ૧૩૧
૪૬ ધર્મરસાયણ પીવાથી અમર થવાય છે. .......... ૧૩૪
૪૭ બાહ્ય ક્રિયામાં ધર્મ નથી. .......... ૧૩૬
૪૮ રાગ-દ્વેષનો ત્યાગ કરીને આત્મામાં સ્થિતિ કરવી તે ધર્મ છે. .......... ૧૩૮
૪૯ આશા-તૃષ્ણા સંસાર ભ્રમણનું કારણ છે. .......... ૧૪૦
૫૦ આત્મા પ્રેમી જ નિર્વાણના પાત્ર છે. .......... ૧૪૨
૫૧ શરીરને નરકનું ઘર જાણો. .......... ૧૪૪
૫૨ જગતનાં કાર્યોમાં ફસાયેલો જીવ આત્માને ઓળખતો નથી. .......... ૧૪૬
૫૩ આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રપઠન પણ નિષ્ફળ છે. .......... ૧૪૮
૫૪ આત્માનુભવ થાય છે. .......... ૧૫૦
૫૫ પુદ્ગલ અને જગતના વ્યવહારથી આત્માને ભિન્ન જાણો. .......... ૧૫૨
૫૬ આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે. .......... ૧૫૫
૫૭ આત્માના જ્ઞાન માટે નવ દૃષ્ટાંત. .......... ૧૫૭
૫૮ હું દેહાદિરૂપ નથી એવું જ્ઞાન જ મોક્ષનું બીજ છે. .......... ૧૫૯
૫૯ આકાશ સમાન હોવા છતાં પણ હું સચેતન છું. .......... ૧૬૧
૬૦ પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે. .......... ૧૬૩
૬૧ નિર્મોહી થઈને પોતાના અમૂર્તિક આત્માને જુઓ. .......... ૧૬૫
૬૨ આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખ. .......... ૧૬૭
૬૩ પરભાવોનો ત્યાગ સંસારત્યાગનું કારણ છે. .......... ૧૬૯
૬૪ ત્યાગી-આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે. .......... ૧૭૧
૬૫ સિધ્ધિના સુખનો ઉપાય છે. .......... ૧૭૩
૬૬ તત્ત્વજ્ઞાની વિરલા હોય છે. .......... ૧૭૫
૬૭ કુટુંબનો મોહ ત્યાગવા યોગ્ય છે. .......... ૧૭૮
૬૮ સંસારમાં કોઈ પોતાનું નથી. .......... ૧૮૦
૬૯ જીવ સદા એકલો છે. .......... ૧૮૨
૭૦ નિર્મોહી થઈને આત્માનું ધ્યાન કર. .......... ૧૮૪
૭૧ પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે. .......... ૧૮૫
૭૨ પુણ્યકર્મ સોનાની બેડી છે. .......... ૧૮૭
૭૩ ભાવ નિર્ગ્રંથ જ મોક્ષ માર્ગી છે. .......... ૧૮૯

૭૪ દેહમાં ભગવાન છે. ........ ૧૯૧
૭૫ પોતે જ જીન છે એ અનુભવ મોક્ષનો ઉપાય છે. ........ ૧૯૩
૭૬ આત્માના ગુણોની શુદ્ધ ભાવના કરો. ........ ૧૯૫
૭૭ બેને છોડીને બે ગુણનો વિચાર કરો. ........ ૧૯૭
૭૮ ત્રણને છોડી ત્રણ ગુણરૂપ વિચારો. ........ ૧૯૯
૭૯ ચારનો ત્યાગ કરી ચાર ગુણ સહિત ધ્યાવવો. ........ ૨૦૦
૮૦ દશ રહિત અને દશ ગુણ સહિત આત્માનું ધ્યાન કરવું. ........ ૨૦૨
૮૧ આત્મ રમણતામાં તપ ત્યાગાદિ બધું સમાઈ જાય છે. ........ ૨૦૪
૮૨ પરભાવોનો ત્યાગ જ સંન્યાસ. ........ ૨૦૬
૮૩ રત્નત્રય ધર્મ જ ઉત્તમ તીર્થ છે. ........ ૨૦૮
૮૪ રત્નત્રયનું સ્વરૂપ. ........ ૨૧૦
૮૫ આત્માનુભવમાં સર્વગુણ છે. ........ ૨૧૧
૮૬ એક આત્માનું જ મનન કર. ........ ૨૧૩
૮૭ સહજ સ્વરૂપમાં રમણતા કર. ........ ૨૧૫
૮૮ સમ્યગ્દષ્ટિ સુગતિ પામે છે. ........ ૨૧૭
૮૯ સમ્યગ્દષ્ટિનું શ્રેષ્ઠ કર્તવ્ય. ........ ૨૧૯
૯૦ સમ્યગ્દષ્ટિ જ પંડિત અને મુખ્ય છે. ........ ૨૨૧
૯૧ આત્મામાં સ્થિરતા સંવર અને નિર્જરાનું કારણ છે. ........ ૨૨૩
૯૨ આત્મામાં રમનાર કર્મોથી બંધાતો નથી. ........ ૨૨૫
૯૩ સમતારૂપી સુખના ભોક્તા નિર્વાણને પાત્ર છે. ........ ૨૨૭
૯૪ આત્માનું પુરુષાકારે ધ્યાન કરો. ........ ૨૨૯
૯૫ આત્મજ્ઞાની સર્વશાસ્ત્રનો જ્ઞાતા છે. ........ ૨૩૧
૯૬ પરભાવનો ત્યાગ કાર્યકારી છે. ........ ૨૩૩
૯૭ પરમ સમાધિ શિવસુખનું કારણ છે. ........ ૨૩૫
૯૮ આત્મધ્યાન ચાર પ્રકારનું છે. ........ ૨૩૭
૯૯ સામાયિક ચારિત્રનું કથન. ........ ૨૩૯
૧૦૦ રાગદ્વેષનો ત્યાગ તે સામાયિક છે. ........ ૨૪૧
૧૦૧ છેદોપસ્થાપના ચારિત્ર. ........ ૨૪૩
૧૦૨ પરિહારવિશુદ્ધિ ચારિત્ર. ........ ૨૪૫
૧૦૩ યથાખ્યાત સંયમ ........ ૨૪૭
૧૦૪ આત્મા જ પંચ પરમેષ્ઠિ છે. ........ ૨૪૯
૧૦૫ આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે. ........ ૨૫૦
૧૦૬ પરમાત્મા દેવ પોતાના જ શરીરમાં છે. ........ ૨૫૨
૧૦૭ આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે. ........ ૨૫૪
૧૦૮ ગ્રંથકર્તાની અંતિમ ભાવના ટીકાકારની પ્રશસ્તિ ........ ૨૫૭
૧૦૯ કવિશ્રી મંગતરાયજી કૃત બાર ભાવના (ગુજરાતી)
૧૧૦ સાચું શરણ
ભાવવાયોગ્ય ભાવના

શ્રી યોગીન્દ્રચન્દ્રાચાર્ય કૃત

# યોગસાર ટીકા

(દોહરા)

જ્ઞાનદર્શ સુખ વીર્યમય, પરમાતમ સશરીર,
અર્હત્ વક્તા આપ્ત નમ, પહુંચૂં ભવદધિતીર. ૧

સિદ્ધ શુદ્ધ અશરીર પ્રભુ, વીતરાગ વિજ્ઞાન,
નિત્ય મગન નિજ રૂપમેં, વંદહું સુખકી ખાન. ૨

આચારજ મુનિરાજવર, દીક્ષા શિક્ષા દેત,
શિવ-મગનેતા શાંતિમય, વંદહું ભાવ સમેત. ૩

શ્રુતધર ગુણધર ધર્મધર, ઉપાધ્યાય હત ભાર,
જ્ઞાન દાન કર્તાર મુનિ, નમહું સમામૃત ધાર. ૪

સાધત નિજ આતમ સદા, લીન ધ્યાનમેં ધીર,
સાધુ અમંગલ દૂર કર, હરહુ સકલ ભવ પીર. ૫

જિનવાણી સુખદાયિની, સાર તત્ત્વકી ખાન,
પઢત ધારણા કરત હી, હોય પાપકી હાન. ૬

યોગિચન્દ્ર મુનિરાજકૃત, યોગસાર સત્ ગ્રન્થ,
ભાષામેં ટીકા લિખૂં, ચલૂં સ્વાનુભવ પન્થ. ૭

(બ્ર. શીતલ, તા. ૧૩-૨-૩૯)

## સિદ્ધોને નમસ્કાર

**णिम्मलझाणपरिट्ठिया कम्मकलं क डहेवि ।**
**अप्पा लद्धउ जेण परु ते परमप्प णवेवि ॥१॥**

**નિર્મળ ધ્યાનારૂઢ થઈ, કર્મકલંક ખપાય;**
**થયા સિદ્ધ પરમાતમા, વંદું તે જિનરાય. ૧.**

**અન્વયાર્થ : ( जेण )** જેમણે **( णिम्मलझाण परिट्ठिया )** શુદ્ધ ધ્યાનમાં સ્થિર થઈને **( कम्मकलंक डहेवि )** કર્મમળને બાળી નાખેલ છે. **( परुअप्पा लद्धउ )** તથા ઉત્કૃષ્ટ પરમાત્માપદ પ્રાપ્ત કરી લીધુ છે. **( ते परमप्प णवेवि )** તે સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કરું છું.

**ભાવાર્થ** : અહીં ગ્રંથકર્તાએ મંગળાચરણ કરતાં સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા છે. સિદ્ધપદ શુદ્ધ આત્માનું પદ છે. જ્યાં આત્મા પોતાના જ નિજસ્વભાવમાં સદા મગ્ન રહે છે. આત્મા શુદ્ધ આકાશની પેઠે નિર્મળ રહે છે. આત્મા દ્રવ્ય ગુણોનો અભેદ સમૂહ છે. ત્યાં સર્વ ગુણો પૂર્ણપણે પ્રકાશતા રહે છે. સિદ્ધ ભગવાન પૂર્ણ જ્ઞાની છે, પરમ વીતરાગ છે. અતીન્દ્રિય સુખના સાગર છે, અનંત વીર્યધારી છે, જડના સંગરહિત અમૂર્તિક છે, સર્વ કર્મમળ રહિત નિર્મળ છે. પોતાની જ સ્વાભાવિક પરિણતિના કર્તા છે, પરમાનંદના ભોક્તા છે, પરમ કૃતકૃત્ય છે. સર્વ ઈચ્છાઓથી શૂન્ય છે, પુરુષાકાર છે. જે શરીરમાંથી સિદ્ધ થયા તે શરીરમાં આત્માનો જેવો આકાર હતો તેવો જ આકાર સંકોચ વિસ્તાર વિના સિદ્ધપદમાં રહે છે, પ્રદેશોમાંથી જોતા અસંખ્યાત પ્રદેશી છે. સિધ્ધને જ પરમેશ્વર શીવ પરમાત્મા પરમદેવ કહે છે. તે એકાકી આત્મરૂપ છે, જેવું મૂળ આત્મદ્રવ્ય છે તેવું જ સિદ્ધ સ્વરૂપ છે. સિદ્ધ પરમાત્મા અનેક છે. સંસારી આત્મા શુદ્ધ આત્માના અનુભવપૂર્વક તેમનું ધ્યાન કરે છે. મુનિપદમાં અંતર બાહ્ય નિર્ગ્રંથ થઈને પહેલાં ધર્મધ્યાન અને પછી શુકલધ્યાન કરે છે. આ શુકલધ્યાનના પ્રતાપે પહેલાં અરિહંત થાય છે, પછી કર્મમળ બાળીને સિદ્ધ થાય છે. ઊર્ધ્વગમન સ્વભાવથી લોકના અગ્રભાવે જઈને સિધ્ધ આત્મા સ્થિર થાય છે. ધર્મદ્રવ્ય (અલોકાકાશમાં) ન હોવાથી અલોકાકાશમાં તેમનું ગમન થતું નથી. સર્વ સિદ્ધ પરમાત્મા તે સિદ્ધક્ષેત્રમાં પોતપોતાની ભિન્ન ભિન્ન સત્તા રાખે છે. સર્વ પોતપોતાના આનંદમાં મગ્ન છે. તે પૂર્ણ વીતરાગ છે. તેથી ફરી કદી સંસાર અવસ્થામાં આવતા નથી. તેઓ સંસારના સર્વ કલેશોથી મુક્ત રહે છે. તેઓ જ નિર્વાણને પામેલા છે. જે કોઈ મુમુક્ષુ સિદ્ધોની જેમ પોતાના આત્માને નિશ્ચયથી શુધ્ધ આત્મદ્રવ્ય માનીને અને રાગદ્વેષનો ત્યાગ કરીને તે જ નિજસ્વરૂપમાં મગ્ન થઈ જાય છે તે જ એક દિવસ શુધ્ધ થઈ જાય છે.

ગ્રંથકર્તાએ સિદ્ધ ભગવંતોને સૌથી પ્રથમ એટલા માટે નમસ્કાર કર્યા છે કે તેમના ભાવમાં સિદ્ધસમાન આત્માનું બળ આવી જાય, પરિણામ શુદ્ધ અને વીતરાગ થઈ જાય, શુદ્ધોપયોગ મિશ્રિત શુભભાવ થઈ જાય, જેથી વિઘ્નકારક કર્મોનો નાશ થાય અને સહાયકારી પુણ્યનો બંધ થાય. મંગળ એને જ કહે છે કે જેનાથી પાપ ગળે અને પુણ્યની પ્રાપ્તિ થાય. મંગળાચરણ કરવાથી શુધ્ધ આત્માનો વિનય થાય છે. ઉદ્ધતાઈ અને માનનો ત્યાગ થાય છે, પરિણામ કોમળ થાય છે, શાંતિ અને સુખની ઝલક પ્રગટે છે.

આ આધ્યાત્મિક ગ્રંથ છે - આત્માને સાક્ષાત્ સામે દેખાડનાર છે, શરીરની અંદર બેઠેલા પરમાત્મ દેવનું દર્શન કરાવનાર છે તેથી ગ્રંથકર્તાએ સિદ્ધોનું જ પહેલાં સ્મરણ કર્યું છે. તેથી પ્રસિદ્ધ થાય છે કે સિદ્ધપદ પ્રાપ્ત કરવાનો જ ગ્રંથકર્તાનો ઉદ્દેશ છે. ગ્રંથ લખવા પાછળ બીજા કોઈ ફળની ઈચ્છા નથી. સિદ્ધપદનું લક્ષ્ય જ સિદ્ધપદમાં પહોંચાડી દે છે.

પરમયોગી શ્રી કુંદકુંદાચાર્યદેવે પણ સમયસાર ગ્રંથના આરંભમાં સિધ્ધોને જ નમસ્કાર કર્યા છે. તેઓ કહે છે -

**वंदित्तु सव्व सिद्धे धुवमचलमणोवमं गदिं पत्ते ।**
**वोच्छामि समय पाहुड़ मिणमो सुदकेवली भणिदं ॥१॥**

**ભાવાર્થ** : ધ્રુવ, અચળ અને અનુપમ ગતિને પ્રાપ્ત થયેલા સર્વ સિદ્ધોને નમસ્કાર કરીને હું શ્રુતકેવળીકથિત આ સમયપ્રાભૃત કહીશ.

યોગેન્દ્રાચાર્યે પરમાત્મપ્રકાશ ગ્રંથનો પ્રારંભ કરતાં આ જ રીતે પહેલાં સિદ્ધોને જ નમસ્કાર કર્યા છે.

**जे जाया झाणग्गियए कम्मकलंक डहेवि ।**
**णिच्च णिरंजन णाणमय ते परमप्प णवेवि ॥१॥**

**ભાવાર્થ** : જે ધ્યાનરૂપી અગ્નિ વડે કર્મકલંકને બાળીને નિત્ય, નિરંજન તથા જ્ઞાનમય થઈ ગયા છે, તે સિધ્ધ પરમાત્માઓને (હું) નમસ્કાર કરું છું.

શ્રી પૂજ્યપાદ સ્વામીએ પણ સમાધિશતક ગ્રંથનો પ્રારંભ કરતા પહેલાં સિધ્ધ ભગવાનને જ નમસ્કાર કર્યા છે.

**येनात्मा बुध्यतात्मैव परत्वेनैव चापरम् ।**
**अक्षयानन्तबोधाय तस्मै सिध्धात्मने नमः ॥१॥**

**ભાવાર્થ** : જેણે પોતાના આત્માને આત્મારૂપ અને પર પદાર્થને પરરૂપ જાણ્યા છે (તથા આ ભેદવિજ્ઞાનથી) અક્ષય અને અનંત કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી છે તે સિદ્ધ પરમાત્માને નમસ્કાર હો.

શ્રી દેવસેનાચાર્યે પણ તત્ત્વસારનો પ્રારંભ કરતાં સિદ્ધોને જ નમસ્કાર કર્યા છે.

**झाणग्गिदड्ढकम्मे णिम्मलविसुद्धलद्धसब्भावे ।**
**णमिऊण परमसिद्धे सु तच्चसारं पवोच्छामि ॥१॥**

**ભાવાર્થ** : ધ્યાનરૂપી અગ્નિથી કર્મોને બાળનાર અને નિર્મળ, શુદ્ધ નિજ સ્વભાવને પ્રાપ્ત કરનાર સિધ્ધ પરમાત્માઓને નમસ્કાર કરીને તત્ત્વસાર (નામના ગ્રંથ)નું હું કથન કરીશ.

પૂજ્યપાદ સ્વામીએ ઈષ્ટોપદેશ ગ્રંથના આરંભમાં એમ જ કર્યું છે.

**यस्य स्वयं स्वभावाप्तिरभावे कृत्स्नकर्मणः ।**
**तस्मै संज्ञानरूपाय नमोऽस्तु परमात्मने ॥१॥**

**ભાવાર્થ** : સર્વ કર્મોનો ક્ષય કરીને જેણે સ્વયં પોતાના સ્વભાવનો પ્રકાશ કર્યો છે તે સમ્યગ્જ્ઞાન સ્વરૂપ સિદ્ધ પરમાત્માને નમસ્કાર હો.

નમસ્કારના બે ભેદ છે - ભાવ નમસ્કાર અને દ્રવ્ય નમસ્કાર. જેમને નમસ્કાર કરવામાં આવે તેમના ગુણો પોતાના ભાવમાં પ્રેમપૂર્વક ધારણ કરવા તે ભાવ નમસ્કાર છે. વચનથી અને કાયાથી તે આંતરિક ભાવ પ્રગટ કરવો તે દ્રવ્ય નમસ્કાર છે. ભાવસહિતના દ્રવ્ય નમસ્કાર કાર્યકારી છે.

## અરહંત ભગવાનને નમસ્કાર

**घाइचउक्कहं किउ विलउ अणंतचउक्कपदिट्ठु ।**
**तहिं जिणइंदहं पयं णविवि अक्खमि कव्वु सुइट्ठु ॥२॥**

**ચાર ઘાતિયા ક્ષય કરી, લહ્યાં અનંત ચતુષ્ટ;**
**તે જિનવર ચરણે નમી, કહું કાવ્ય સુઈષ્ટ. ૨.**

**અન્વયાર્થ** : (**घाइचउक्कहं विलउ किउ**) જેણે ચાર ઘાતીકર્મોનો ક્ષય કર્યો છે (**अणंत चउक्कपदिट्ठु**) તથા અનંત ચતુષ્ટયની પ્રાપ્તિ કરી છે (**तहिं जिणइदहं पय**) તે જિનેન્દ્રના ચરણોમાં (**णविवि**) નમસ્કાર કરીને (**सुइट्ठु कव्वु**) સુંદર, પ્રિય કાવ્ય (**अक्खमि**) હું કહું છું.

**ભાવાર્થ** : અરિહંત પદધારી તેરમા ગુણસ્થાને રહેલા સયોગી અને (ચૌદમા ગુણસ્થાને રહેલા) અયોગી કેવળી જિનેન્દ્ર હોય છે. જ્યારે આ અજ્ઞાની જીવ તત્ત્વજ્ઞાનનું મનન કરીને મિથ્યાત્વ કર્મ, સમ્યક્મિથ્યાત્વ અને સમ્યક્ત્વ પ્રકૃતિ કર્મ અર્થાત્ ત્રણે દર્શન મોહનીય કર્મની પ્રકૃતિ તથા ચાર અનંતાનુબંધી કષાયોનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય કરે છે ત્યારે ચોથા અવિરત

સમ્યક્ત્વ ગુણસ્થાનને પ્રાપ્ત થઈ જિન કહેવાય છે કેમ કે તેણે સંસારભ્રમણના કારણરૂપ મિથ્યાત્વ અને મિથ્યાત્વ સહિતના રાગદ્વેષ રૂપ વિકારને જીતી લીધો છે, તેનો ઉદ્દેશ બદલાઈ ગયો છે, તે સંસારથી વિરક્ત અને મોક્ષનો પરમ પ્રેમી થઈ ગયો છે. તેના અંતરમાં નિર્વાણ પદ પ્રાપ્ત કરવાની તીવ્ર રુચિ ઉત્પન્ન થઈ ગઈ છે. ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રાવક થઈને અથવા એકદમ મુનિ થઈને સાતમા અપ્રમત્ત ગુણસ્થાન સુધી ધર્મધ્યાનનો અભ્યાસ પૂર્ણ કરે છે, પછી ક્ષપક શ્રેણી પર આરૂઢ થઈને દસમા સૂક્ષ્મમોહ ગુણસ્થાનના અંતે ચારિત્ર મોહનીયનો સર્વ પ્રકારે ક્ષય કરીને બારમા ગુણસ્થાનમાં ક્ષીણમોહ જિન થઈ જાય છે.

ચોથાથી બારમા ગુણસ્થાન સુધી જિનસંજ્ઞા છે, પછી બારમાના અંતે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય એ ત્રણ શેષ ઘાતીકર્મોનો ક્ષય કરીને અરિહંત સયોગીકેવળી થઈ, તેરમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે ત્યારે તે જિનેન્દ્ર કહેવાય છે. અહીં ચારે ઘાતી કર્મોનો અભાવ છે. તેના અભાવથી અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, ક્ષાયિક સમ્યક્દર્શન, ક્ષાયિક ચારિત્ર:, આ નવ કેવળ લબ્ધિ તથા અનંત સુખ પ્રાપ્ત કરે છે. આ દશ (વસ્તુ) ને ચાર અનંત ચતુષ્ટયમાં ગર્ભિત કરીને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખને અહીં પ્રાપ્ત કરે છે એમ કહ્યું છે. સમ્યક્ત્વ અને ચારિત્રને સુખમાં ગર્ભિત કર્યું છે કેમ કે તેમના વિના સુખ હોતું નથી અને અનંત દાનાદિ ચારને અનંત વીર્યમાં ગર્ભિત કર્યા કરે છે કેમકે તે તેની જ પરિણતિ છે. આ રીતે અનંત ચતુષ્ટયમાં દશેગુણ ગર્ભિત છે. સયોગ કેવળી અવસ્થામાં અરિહંત પરમાત્મા ધર્મોપદેશ કરે છે, તેમની દિવ્ય વાણીનો અદ્ભુત પ્રકાશ થાય છે, જેનો ભાવ સર્વ ઉપસ્થિત દેવ, માનવ અને પશુ સમજી લે છે. સર્વ (શ્રોતાઓ) ના ભાવ નિર્મળ, આનંદમય અને સંતોષી થઈ જાય છે.

તે જ વાણીને ધારણ કરીને ચાર જ્ઞાનના ધારક ગણધર આચારાંગ આદિ બાર અંગોની રચના કરે છે. તે બાર અંગની વાણી પરંપરાથી અન્ય આચાર્યો સમજે છે. પોતાની બુદ્ધિ અનુસાર ધારણામાં રાખીને દિવ્ય વાણીના અનુસારે અન્ય ગ્રંથોની રચના કરે છે. તે ગ્રંથોથી જ સત્યનો જગતમાં પ્રચાર થાય છે. સિદ્ધના સ્વરૂપનું જ્ઞાન તેમ જ ધર્મના સર્વ ભેદોનું જ્ઞાન જિનવાણીથી જ થાય છે. જેના મૂળ વક્તા શ્રી અરિહંત છે. માટે જ (અરિહંતોનો) પરમોપકાર સમજીને અનાદિ મૂળ મંત્ર નમસ્કારમંત્રમાં પહેલાં અરિહંતોને નમસ્કાર કર્યા છે અને પછી સિદ્ધને નમસ્કાર કર્યા છે. અરિહંત પદના ધારક તીર્થંકર અને સામાન્ય કેવળી બન્ને હોય છે. તીર્થંકર નામકર્મ એક વિશેષ પુણ્ય પ્રકૃતિ છે. જે મહાત્મા દર્શન વિશુદ્ધિ આદિ સોળ કારણ ભાવનાઓનું ઉત્તમ પ્રકારે ધ્યાન કરીને તીર્થંકર નામકર્મ બાંધે છે, તેઓ જ તીર્થંકર કેવળી થાય છે. આવા તીર્થંકર

પરિમિત જ હોય છે. ભરત અને ઐરાવત ક્ષેત્રમાં દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણી કાળમાં ચોવીસ ચોવીસ હોય છે. વિદેહ ક્ષેત્રમાં તીર્થંકર સદાય રહે છે. ત્યાં ઓછામાં ઓછા વીસ અને વધારેમાં વધારે એકસો ને સાઈઠ તીર્થંકરો હોય છે. ભરત અને ઐરાવત ક્ષેત્રના તીર્થંકરોના ગર્ભકલ્યાણક, જન્મકલ્યાણક, તપકલ્યાણક, જ્ઞાનકલ્યાણક અને નિર્વાણ કલ્યાણક એ પાંચેય ઉત્સવ ઈંદ્રાદિ દેવો કરે છે કેમ કે તેઓ પહેલાં જ તીર્થંકર કર્મ બાંધીને ગર્ભમાં આવે છે. વિદેહ ક્ષેત્રમાં કોઈ કોઈ મહાત્મા શ્રાવક પદમાં અને કોઈ સાધુપદમાં પણ તીર્થંકર કર્મ બાંધે છે તેથી ત્યાં કોઈના તપ, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ અને કોઈના જ્ઞાન તથા નિર્વાણ એ બે જ કલ્યાણકનો ઉત્સવ થાય છે.

તીર્થંકરોને વિશેષ પુણ્યકર્મનો વિપાક હોય છે તેથી સમવસરણની વિશાળ રચના થાય છે. શ્રી મંડપમાં ભગવાનની ગંધ કુટીની ચારે તરફ બાર સભા ભિન્ન ભિન્ન ગોઠવાય છે. તેમાં ઓછામાં ઓછા બાર પ્રકારના પ્રાણી નિયમથી બેસે છે.

સમવસરણ સ્તોત્રમાં વિષ્ણુસેન મુનિ કહે છે -

**ऋषि कल्पज वनितार्या ज्योतिर्वनभवन युवतिभावनजाः ।**
**ज्योतिष्क कल्पदेवा नरतिर्यंचो वसंति तेष्वनुपूर्वम्** ॥१९॥

**ભાવાર્થ** : તે બાર સભામાં ક્રમપૂર્વક ૧ ઋષિગણ, ૨ સ્વર્ગવાસી દેવીઓ, ૩ આર્યિકાઓ, ૪ જ્યોતિષી દેવોની દેવીઓ, ૫ વ્યંતર દેવીઓ, ૬ ભવનવાસી દેવીઓ, ૭ ભવનવાસી દેવ, ૮ વ્યંતર દેવ, ૯ જ્યોતિષી દેવ, ૧૦ સ્વર્ગવાસી દેવ, ૧૧ મનુષ્ય અને ૧૨ તિર્યંચો બેસે છે. આથી સિદ્ધ થાય છે કે આર્યિકાઓની સભા અન્ય શ્રાવિકાઓથી ભિન્ન હોય છે. તેમની મુદ્રા શ્વેત વસ્ત્ર અને પીછી કમંડળ સહિત જુદી હોય છે. અન્ય સર્વ શ્રાવિકાઓ અને બીજી સ્ત્રીઓ અગિયારમા મનુષ્યના કોઠામાં બેસે છે. સાધારણ સર્વ સ્ત્રી પુરુષો મનુષ્યના કોઠામાં અને સર્વ તિર્યંચણી તથા તિર્યંચ પશુઓના કોઠામાં બેસે છે.

સામાન્ય કેવળીઓને કેવળ ગંધકુટી હોય છે. બધાય અરિહંતો અઢાર દોષરહિત હોય છે, તેમના શરીર પરમૌદારિક સાત ધાતુ રહિત સ્ફટિક સમાન નિર્મળ થઈ જાય છે જેનું પોષણ યોગબળથી સ્વયં આકર્ષિત વિશેષ આહારક વર્ગણાઓ દ્વારા થાય છે. તેમને ભિક્ષા દ્વારા કવળાહાર કરવાની આવશ્યકતા રહેતી નથી. જેવી રીતે વૃક્ષોની પુષ્ટિ લેપાહારથી થાય છે, તે જેમ માટી અને પાણીનું આકર્ષણ કરે છે તેમ યોગબળથી પુષ્ટિકારક સ્કંધ અરિહંતનાં શરીરમાં પ્રવેશ કરે છે. તેમના શરીરની છાયા પડતી નથી, (તેમને) નખ અને કેશ વધતા નથી.

આપ્ત-સ્વરૂપમાં કહ્યું છે -

नष्टं छद्मस्थ विज्ञानं नष्टं केशादिवर्धनम् ।
नष्टं देहमलं कृत्स्नं नष्टे घातिचतुष्टये ॥८॥

नष्टं मर्यादविज्ञानं नष्टं मानसगोचरम् ।
नष्टं कर्ममलं दुष्ट नष्टो वर्णात्मको ध्वनिः ॥९॥

नष्टाः क्षुत्तृड्भयस्वेदा नष्टं प्रत्येकबोधनम् ।
नष्टं भूमिगतस्पर्श नष्टं चेन्द्रियजं सुखम् ॥१०॥

नष्टा सदेहजाछाया नष्टा चेन्द्रियजा प्रभा ।
नष्टा सूर्यप्रभा तत्र सूतेऽनन्तचतुष्टये ॥११॥

तदा स्फटिकसंकाशं तेजोमूर्तिमयं वपुः ।
जायते क्षीणदोषस्य सप्तधातुविवर्जितम् ॥१२॥

क्षुधा तृषा भयं द्वेषो रागो मोहश्च चिन्तनम् ।
जरा रुजा च मृत्युश्च स्वेदः खेदो मदो रतिः ॥१५॥

विस्मयो जननं निद्रा विषादोऽष्टादश ध्रुवाः ।
त्रिजगत्सर्वभूतानां दोषाः साधारणा इमे ॥१६॥

एतैर्दोषैर्विनिर्मुक्तः सोऽयमाप्तो निरञ्जनः ।
विद्यन्ते येषु ते नित्यं तेऽत्र संसारिणः स्मृताः ॥१७॥

ભાવાર્થ : જ્ઞાનાવરણાદિ ચાર ઘાતીકર્મોનો ક્ષય થઈ જવાથી અલ્પજ્ઞાની જેવું જ્ઞાન રહેતું નથી, કેશ, નખ આદિ વધતા નથી, શરીરનો સર્વ મળ દૂર થઈ જાય છે, જ્ઞાન મર્યાદિત ન રહેતાં અમર્યાદિત-અનંત થઈ જાય છે, મનના સંકલ્પ-વિકલ્પ રહેતા નથી, દુષ્ટ કર્મમળનો નાશ થઈ જાય છે, અક્ષરમય વાણી હોતી નથી, મેઘગર્જના સમાન નિરક્ષરી ધ્વનિ નીકળે છે. ભૂખ, તરસ, ભય કે પરસેવો હોતો નથી, કોઈ એક જ વ્યક્તિને સમજાવવાની ક્રિયા હોતી નથી, સામાન્ય ધ્વનિ નીકળે છે. જમીનને સ્પર્શ કરતા નથી, ઈન્દ્રિયજનિત સુખ પણ રહેતું નથી-અતીન્દ્રિય સ્વાધીન સુખ હોય છે. શરીરની છાયા પડતી નથી, ઈન્દ્રિયોનો પ્રકાશ રહેતો નથી, આતાપકારી સૂર્યનો પણ પ્રકાશ રહેતો નથી, ત્યાં અનંત ચતુષ્ટય પ્રગટ થાય છે. તે વખતે સ્ફટિક સમાન શરીરની તેજસ્વી મૂર્તિ બની જાય છે. સાત ધાતુઓ રહેતી નથી, દોષોનો

ક્ષય થઈ જાય છે. ૧ ભૂખ, ૨ તરસ, ૩ ભય, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મોહ, ૭ ચિંતા, ૮ વૃધ્ધાવસ્થા, ૯ રોગ, ૧૦ મરણ, ૧૧ પરસેવો, ૧૨ ખેદ, ૧૩ મદ, ૧૪ રતિ, ૧૫ આશ્ચર્ય, ૧૬ જન્મ, ૧૭ નિદ્રા અને ૧૮ વિષાદ; આ અઢાર દોષ ત્રણે લોકના પ્રાણીઓમાં સામાન્ય રીતે જોવામાં આવે છે. જેમનામાં આ દોષ હોય છે તેમને સંસારી પ્રાણી કહે છે. જે આ દોષોથી રહિત છે, તે જ નિરંજન, આપ્ત અરિહંત હોય છે.

સમવસરણ સ્તોત્રમાં એક ઉદ્ધૃત ગાથા છે -

**पुव्वहृणे मज्झहृणे अवरहृणे मज्झिमाय रत्तीए- ।**
**छहछह घडियाणिग्गयदिव्वज्झुणी कहइ सुत्तत्थे ॥१॥**

**ભાવાર્થ** : સમવસરણમાં શ્રી તીર્થંકર ભગવાનની દિવ્યવાણી સવારે, બપોરે, સાંજે અને મધ્યરાત્રિએ; આ રીતે ચાર વાર છ છ ઘડી સુધી સૂત્રાર્થને પ્રગટ કરતી નીકળે છે.

તેરમા ગુણસ્થાનને સયોગ એટલા માટે કહે છે કે ત્યાં યોગશક્તિનું પરિણમન થાય છે જેથી કર્મ નોકર્મ-વર્ગણાઓનું ગ્રહણ થાય છે, આત્માના પ્રદેશ ચંચળ થાય છે. આ ચંચળતાનાં નિમિત્તે સાત પ્રકારના યોગ હોય છે. સત્યમનોયોગ, અનુભય મનોયોગ, સત્ય વચનયોગ, અનુભય વચન યોગ, ઔદારિક કાયયોગ; કેવળી સમુદ્ઘાતમાં જ થતો ઔદારિક મિશ્ર કાયયોગ અને કાર્મણયોગ. ભાવમનનું કાર્ય થતું નથી કેમ કે શ્રુતજ્ઞાન, ચિંતન કે તર્કનું કોઈ કાર્ય રહેતું નથી. મનોવર્ગણાનું ગ્રહણ થતાં દ્રવ્યમનમાં પરિણમન થાય છે. આ જ અપેક્ષાથી મનોયોગ કહ્યો છે. વાણી ખરે છે, વિહાર થાય છે. કેવળી સમુદ્ઘાતમાં લોકાકાશ પ્રમાણ આત્મ પ્રદેશો ફેલાય છે. આ તેરમું ગુણસ્થાન આયુષ્ય સુધી રહે છે. જ્યારે અ, ઈ, ઉ, ઋ, લુ, આ પાંચ લઘુ સ્વરના ઉચ્ચાર કરવા જેટલો સમય આયુષ્યનો બાકી રહે ત્યારે અયોગકેવળી જિન થઈ જાય છે, ચૌદમું ગુણસ્થાન થઈ જાય છે. અહીં યોગનું કાર્ય થતું નથી. છેવટના બે સમયમાં ચાર અઘાતી કર્મોની ૮૫ પ્રકૃતિઓનો ક્ષય કરીને અશરીરી સિદ્ધ થઈને સિદ્ધક્ષેત્રમાં જઈને બિરાજે છે. તેરમા ગુણસ્થાનમાં ૧૪૮ કર્મપ્રકૃતિઓમાંથી ૬૩ કર્મપ્રકૃતિઓનો નાશ થઈ ગયો હોય છે, તે ૬૩ પ્રકૃતિઓ આ પ્રમાણે છે -

૪ ઘાતીકર્મની ૪૭ પ્રકૃતિઓ - ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૨૮ મોહનીય, ૫ અંતરાયની, ૧૬ અઘાતીકર્મની પ્રકૃતિઓ : નરકાયુ, તિર્યંચાયુ, દેવાયુ (૩), નરકગતિ, નરક ગત્યાનુપૂર્વી, તિર્યંચગતિ, તિર્યંચગત્યાનુપૂર્વી, એકેન્દ્રિયજાતિ, બેઈંદ્રિયજાતિ, ત્રણ ઈંદ્રિયજાતિ, ચતુરિન્દ્રિયજાતિ, ઉદ્યોત, આતાપ, સાધારણ, સૂક્ષ્મ અને સ્થાવર.

ગ્રંથકર્તાએ પોતાના શાસ્ત્રજ્ઞાનના મૂળ સ્ત્રોતરૂપ અરિહંત ભગવાનને પરોપકારી જાણીને નમસ્કાર કર્યા છે અને ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરી છે.

## ગ્રંથ રચનાનું નિમિત્ત અને પ્રયોજન

संसारहं भयभीयाहं मोक्खह लालसियाहं ।
अप्पासंबोहण कयइ कय दोहा एक्कमणाहं ॥३॥

ઈચ્છે છે નિજ મુક્તતા, ભવભયથી ડરી ચિત્ત;
તે ભવી જીવ સંબોધવા, દોહા રચ્યા એકચિત્ત. ૩.

**અન્વયાર્થ :** (**संसारहं भयभीयाहं**) સંસારથી ભયભીત થયેલાઓ માટે અને (**मोक्खहं लालसियाहं**) મોક્ષની લાલસા રાખનારા માટે (**अप्पास बोहण कयइ**) આત્માનું સ્વરૂપ સમજાવવાના પ્રયોજનથી (**पक्कमणाहं**) એકાગ્ર મનથી (**दोहा कय**) દોહાની રચના કરી છે.

**ભાવાર્થ :** જેમાં અનાદિકાળથી ચાર ગતિઓમાં સંસરણ અથવા ભ્રમણ જીવોને થઈ રહ્યું છે તેને સંસાર કહે છે. ચારે ગતિમાં કલેશ અને ચિંતા રહે છે, જીવને શારીરિક અને માનસિક દુઃખ કર્મોના ઉદયથી ભોગવવું પડે છે. જન્મ અને મરણનું મહાન દુઃખ તો ચારેય ગતિઓમાં છે, એ સિવાય નરકમાં આગમ પ્રમાણથી તીવ્ર શારીરિક અને માનસિક દુઃખ જીવને ઘણા કાળ સુધી સહન કરવાં પડે છે. ત્યાં દિવસ રાત મારફાડ રહ્યા કરે છે, નારકીય જીવો પરસ્પર જુદા જુદા પ્રકારે શરીરની અભિન્ન વિક્રિયાથી પશુનું રૂપ અથવા શસ્ત્રાદિ બનાવીને દુઃખ આપે છે અને સહન કરે છે. ત્રીજી નરક સુધી સંકલેશ પરિણામોના ધારક અસુરકુમાર દેવો પણ તેમને લડાવીને કલેશ પહોંચાડે છે. તેમને વૈક્રિયિક શરીર હોય છે. પારાની જેમ વીખરાઈને પાછું એવું થઈ જાય છે. તીવ્ર ભૂખ-તરસની વેદના સહન કરવી પડે છે. નારકીય જીવો નરકમાં રત (લીન) થતા નથી તેથી તે સ્થાન નરત (સુખી નહિ એવું) અને નરક કહેવાય છે.

તિર્યંચગતિમાં એકેન્દ્રિય સ્થાવર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ પ્રાણીઓને પરાધીનતાથી અને નિર્બળતાથી ઘોર કષ્ટ સહન કરવા પડે છે, મનુષ્યો અને પશુઓ બધા જ એમનો ઘાત કરે છે. તે વારંવાર જન્મે મરે છે. બેઈંદ્રિય ઈયળ વગેરે, ત્રણ ઈંદ્રિય કીડી, માંકડ વગેરે, ચતુરિન્દ્રિય માખી, ભમરા વગેરે આ ત્રણે પ્રકારના વિકલત્રય મહાન કષ્ટમાં જીવન વિતાવે છે. મનુષ્યો અને પશુઓના વર્તનથી એમનું ઘણા ભાગે મરણ થયા કરે છે. પંચેન્દ્રિય પશુ સ્થળચર ગાય, ભેંસ આદિ, જળચર માછલી, કાચબા વગેરે, નભચર કબૂતર, મોર, કાગડા આદિ અને સર્પાદિ પશુઓ કેટલા કષ્ટપૂર્વક જીવન વિતાવે છે તે પ્રત્યક્ષ પ્રગટ છે. મનુષ્યોના અત્યાચારથી અનેક પશુઓને મારી નાંખવામાં આવે છે, તેમ જ ભારવહન, ગરમી, ઠંડી, ભૂખ, તરસ અને પરસ્પર વેર-વિરોધના ઘોર કષ્ટ સહે છે.

માનવગતિમાં ઈષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, રોગ, દારિદ્રતા, અપમાનાદિના ઘોર શારીરિક અને માનસિક કષ્ટ સહેવાં પડે છે, તે બધાને પ્રત્યક્ષ જ છે. દેવગતિમાં માનસિક કષ્ટ અપાર છે. નાના દેવ મોટા દેવનો વૈભવ જોઈને (ઈર્ષ્યાથી) જલે છે. દેવીઓનું આયુષ્ય ટૂંકું હોય અને દેવોનું આયુષ્ય લાંબું હોય છે તેથી દેવીઓના વિયોગનું ભારે કષ્ટ થાય છે. મૃત્યુ નજીક આવતાં અજ્ઞાની દેવોને ખૂબ દુઃખ થાય છે. આ રીતે ચારે ગતિઓમાં દુઃખ જ દુઃખ છે. સંસારમાં સૌથી મોટું દુઃખ તૃષ્ણાનું છે. ઈંદ્રિયના ભોગોની લાલસા, ભોગ મળવા છતાં પણ વધતી જ જાય છે. આ ઈચ્છાની બળતરાથી સર્વ અજ્ઞાની સંસારી પ્રાણી દિનરાત જલ્યા કરે છે. જ્યારે શરીર જરાગ્રસ્ત અને અશક્ત થઈ જાય છે ત્યારે ભોગ ભોગવવાની શક્તિ રહેતી નથી પરંતુ તૃષ્ણા વધી ગઈ હોય છે. ઈષ્ટ ભોગ ન મળવાથી ઘોર કષ્ટ થાય છે. ઈષ્ટ પદાર્થોનો વિયોગ થવાથી પારાવાર પીડા થાય છે. મિથ્યાદૃષ્ટિ, સંસારમાં આસક્ત, પ્રાણીઓને સંસારમાં-ચાર ગતિના ભ્રમણમાં દુઃખ જ દુઃખ છે. જ્યારે કોઈ વાર કોઈ ઈચ્છા પુણ્યના ઉદયથી તૃપ્ત થઈ જાય છે ત્યારે થોડો સમય સુખ જેવું લાગે છે અને પાછું તૃષ્ણાનું દુઃખ અધિક થઈ જાય છે. સંસારભ્રમણથી ઉદાસીન, મોક્ષપ્રેમી સમ્યગ્દૃષ્ટિ જીવોને સંસારમાં કલેશ ઓછો રહે છે, કારણ કે તે તૃષ્ણાને જીતી લે છે. તૃષ્ણાના તીવ્ર રોગથી પીડિત બધા જ અજ્ઞાની પ્રાણીઓને ઘોર કષ્ટ થાય છે. તેથી વિચારવાનોએ પોતાના આત્મા પ્રત્યે કરુણાભાવ લાવવો જોઈએ, એવો ભય રાખવો જોઈએ કે આપણો આત્મા સંસારનાં કલેશ સહન ન કરે, આ આત્મા ભવવનમાં ન ભમે, ભવસાગરમાં ન ડૂબે, જન્મ-જરા-મરણના ઘોર કલેશ ન સહે.

શ્રી પદ્મનંદી મુનિ ધમ્મરસાયણ નામના ગ્રંથમાં કહે છે -

**उप्पण्णसमयपहुदी आमरणंतं सहंति दुक्खाइं ।**
**अच्छिणिमीलयमेत्तं सोक्खं ण लहंति णेरइया ॥७२॥**

**ભાવાર્થ** : નરકગતિમાં નારકીય જીવો જન્મના સમયથી માંડીને મરણપર્યંત દુઃખો સહન કરે છે. તે બિચારા આંખના પલકારા જેટલા સમય સુધી પણ સુખ પામતા નથી.

**एइंदिएसु पंचसु अणेयजोणीसु वीरियविहूणो ।**
**भुंजंतो पावफलं चिरकालं हिंडए जीवो ॥७८॥**

**ભાવાર્થ** : તિર્યંચગતિમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીની અનેક યોનિઓમાં જન્મ લઈને શક્તિહીન થતા થાકેલા પ્રાણીઓ પાપનું ફળ દુઃખ ભોગવતાં ચિરકાળ ભ્રમણ કર્યા કરે છે. અનંતકાળ વનસ્પતિ નિગોદમાં જાય છે.

**बहुवेयणाउलाए तिरियगईए भमित्तु चिरकालं ।**
**माणुसहवे वि पावइ पावस्स फलाइं दुक्खाइं ॥८०॥**

**घणुबंधविप्पहीणो भक्खं भमिउण भुंजए णिच्चं ।**
**पुव्वकयपावकम्मो सुयणो विण यच्छए सोक्खं ॥८५॥**

**ભાવાર્થ** : ચિરકાળ સુધી તિર્યંચગતિમાં મહાન વેદનાથી આકુળ થઈને ભ્રમણ કરતાં મનુષ્યભવમાં જન્મીને પાપના ફળથી આ પ્રાણી દુઃખો સહે છે. ઘણા મનુષ્યો પૂર્વકૃત પાપના ઉદયથી ધનરહિત, કુટુંબરહિત થઈને સદા ભીખ માગીને પેટ ભરતાં ફર્યા કરે છે. તેમના કોઈ સગા પણ તેમને સુખની સામગ્રી આપતા નથી.

**छम्मासाउगसेसे विलाइ माला विणस्सए छाए ।**
**कंपंति कप्पस्क्खा होइ विरागो य भोयाणं ॥९०॥**

**ભાવાર્થ** : દેવગતિમાં છ મહિનાનું આયુષ્ય બાકી રહે ત્યારે માળા કરમાઈ જાય છે, શરીરની કાંતિ ઘટી જાય છે, કલ્પવૃક્ષ ધ્રૂજવા લાગે છે, ભોગો પ્રત્યે ઉદાસીનતા થઈ જાય છે.

**एवं अणाइकाले जीओ संसारसायरे घोरे ।**
**परिहिंडए अलहंतो धम्मं सव्वण्हु पण्णत्तं ॥९४॥**

**ભાવાર્થ** : આ પ્રમાણે અનાદિકાળથી આ જીવ સર્વજ્ઞ ભગવાને કહેલા ધર્મને ન પામીને ભયાનક સંસારસાગરમાં ગોથા ખાધા કરે છે.

શ્રી અમિતગતિ આચાર્ય બૃહત્ સામાયિકપાઠમાં કહે છે -

**श्वभ्राणामविसह्यमंतरहितं दुर्जल्पमन्योन्यजं ।**
**दाहच्छेदविभेदनादि जनितं दुःखं तिरश्चां परं ॥**

**नृणां रोगवियोगजन्ममरणं स्वर्गौं कसां मानसं ।**
**विश्वं वीक्ष्य सैदेति कष्टकलितं कार्यामतिर्मुक्तये॥७९॥**

**ભાવાર્થ** : નારકીયોને અસહ્ય, પરસ્પરકૃત, અનંત દુઃખ એવું હોય છે કે જેનું કથન કરવું કઠણ છે. તિર્યંચોને બળવાનું, છેદાવાનું, ભેદાવાનું આદિ મહાન દુઃખ હોય છે. મનુષ્યોને રોગ, વિયોગ, જન્મ, મરણનું ઘોર કષ્ટ પડે છે. દેવોને માનસિક કલેશ રહે છે. આ રીતે આખા જગતના પ્રાણીઓને કષ્ટથી પીડાયેલા જોઈને બુદ્ધિમાન મનુષ્યે આ સંસારથી છૂટવા માટે બુદ્ધિ સ્થિર કરવી ઉચિત છે.

સંસારમાં તૃષ્ણાનો રોગ મહાન છે. મોટા મોટા સમ્રાટો પણ ઈચ્છિત ભોગ ભોગવે છે પણ તૃષ્ણા ઘટાડવાને બદલે તેને અધિકાધિક વધાર્યા કરે છે. શરીર છૂટવાના સમય સુધી તૃષ્ણા અત્યંત વધેલી રહે છે. આ તૃષ્ણા દુર્ગતિમાં જન્મ કરાવે છે.

તેથી સ્વામી સમન્તભદ્રાચાર્યે સ્વયંભૂસ્તોત્રમાં યોગ્ય કહ્યું છે.

**स्वास्थ्यं यदात्यन्तिकमेष पुंसां स्वार्थो न भोगः परिभंगरात्मा ।**
**तृषोऽनुष ङ्गान्न च तापशांतिरितीदमाख्यद् भगवान् सुपार्श्वः ॥३१॥**

**ભાવાર્થ** : હે સુપાર્શ્વનાથ ભગવાન ! આપે એ જ ઉપદેશ આપ્યો છે કે પ્રાણીઓનું ઉત્તમ હિત પોતાના આત્માનો ભોગ છે જે અનંતકાળ સુધી રહે છે. ઈન્દ્રિયોનો ભોગ સાચું હિત નથી કેમ કે તે ભોગ ક્ષણભંગુર છે તથા તૃષ્ણારૂપી રોગોને વધારનાર છે. એને ગમે તેટલા ભોગો ભોગવો પણ તૃષ્ણાનો અગ્નિ શાંત થતો નથી.

તેથી બુધ્ધિમાને આ દુ:ખમય સંસારથી ઉદાસ થઈને મોક્ષપદ પામવાની ઉત્કંઠા-ભાવના કરવી જોઈએ. મોક્ષપદમાં સંસારના સર્વ કષ્ટોનો અભાવ છે, રાગદ્વેષ મોહાદિ વિકારોનો અભાવ છે, સર્વ પાપપુણ્ય કર્મોનો અભાવ છે તેથી તેને નિર્વાણ કહે છે. ત્યાં સર્વ પરની શૂન્યતા છે પરંતુ પોતાના આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયની શૂન્યતા નથી. મોક્ષમાં આ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવમાં સદાકાળ પ્રકાશ કરે છે, પોતાની સત્તા ટકાવી રાખે છે. સંસાર દશામાં શરીર સહિત જીવ મોક્ષપદમાં શરીર રહિત થઈ જાય છે. તે નિરંતર આત્મિક આનંદનું પાન કરે છે, જન્મ મરણ રહિત થઈ જાય છે.

શ્રી અમૃતચન્દ્રાચાર્ય પુરુષાર્થસિધ્ધ્યુપાયમાં કહે છે -

**नित्यमपि निरुपलेपः स्वरूपसमवस्थितो निरुपघातः ।**
**गगनमिव परमपुरुषः परमपदे स्फुरति विशदतमः ॥२२३॥**

**कृतकृत्यः परमपदे परमात्मा सकलविषयविषयात्मा ।**
**परमानन्दनिमग्नो ज्ञानमयो नन्दति सदैव ॥२२४॥**

**ભાવાર્થ** : પરમ પુરુષ મોક્ષના પરમપદમાં સદાય કર્મના લેપ રહિત અને બાધા રહિત પોતાના સ્વરૂપમાં સ્થિર આકાશ સમાન પરમ નિર્મળ પ્રકાશે છે. તે પરમાત્મા પોતાના પરમપદમાં કૃતકૃત્ય અને સર્વ જાણવા યોગ્ય વિષયોના જ્ઞાતા અને પરમાનંદમાં મગ્ન સદાય આનંદનો ભોગ કરે છે.

શ્રી સમન્તભદ્રાચાર્ય રત્નકરંડશ્રાવકાચારમાં કહે છે -

शिवमजरमरुजमक्षयमप्याबाधं विशोकभयशङ्कम् ।
काष्ठागतसुखविद्याविभवं विमलं भजन्ति दर्शनशरणाः ॥४०॥

**ભાવાર્થ** : સમ્યગ્દષ્ટિ મહાત્મા પરમ આનંદ અને પરમ જ્ઞાનના વૈભવથી પૂર્ણ શિવપદને પામે છે, જ્યાં જરા નથી, રોગ નથી, ક્ષય નથી, બાધા નથી, શોક નથી, ભય નથી, અને શંકા નથી.

શ્રી યોગેન્દ્રાચાર્ય સંસારથી વૈરાગી અને મોક્ષપદના ઉત્સુક પ્રાણીઓને આત્માનો સ્વભાવ સમજાવશે. કેમ કે આત્માના જ્ઞાનથી જ આત્માનુભવ થાય છે, એ જ મોક્ષનો ઉપાય છે.

## મિથ્યાદર્શન સંસારનું કારણ છે.

कालु अणाइ अणाइ जीउ भवसायरु जि अणंतु ।
मिच्छादंसणमोहियउ ण वि सुह दुक्ख जि पत्तु ॥४॥

જીવ, કાળ, સંસાર આ, કહ્યા અનાદિ અનંત;
મિથ્યામતિ મોહે દુઃખી, કદી ન સુખ લહંત. ૪.

**અન્વયાર્થ** : (**कालु अणाइ**) કાળ અનાદિ છે (**जिउ अणाइ**) સંસારી જીવ અનાદિ છે. (**भव सायरूजि अणतुं**) સંસારસાગર પણ અનાદિ અનંત છે (**मिच्छादंसण मोहियउ**) મિથ્યાદર્શનને કારણે મોહી થતો થકો જીવ (**सुह ण वि दुक्ख जि पत्तु**) સુખ પ્રાપ્ત કરતો નથી, દુઃખ જ પામે છે.

**ભાવાર્થ** : કાળનું ચક્ર અનાદિથી ચાલ્યા કરે છે. હર સમય ભૂત, ભવિષ્ય અને વર્તમાન આ કાળ પ્રાપ્ત થાય છે, કદી એવું બનતું નથી કે કાળ ન હોય. જો કાળ અનાદિ છે, તો કાળની અંદર કામ કરનાર સંસારી જીવ પણ અનાદિના છે. જીવ કદી નવા ઉત્પન્ન થયા નથી, પ્રવાહરૂપે ચાલ્યા જ આવે છે. વાસ્તવમાં આ જગત જીવ, પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. આ છ સત્ દ્રવ્યોનો સમુદાય છે. આ દ્રવ્યો અનાદિ છે તેથી આ જગત પણ અનાદિ છે. જગતમાં પ્રત્યક્ષ પ્રગટ છે કે કોઈ અવસ્થા કોઈ અવસ્થાનો વ્યય કરીને ઉપજે છે પરંતુ જેમાં અવસ્થા થાય છે તે ટકી રહે છે. સોનાની કટકી ગાળીને કડું બનાવવામાં આવ્યું, ત્યારે કટકીરૂપ અવસ્થાનો વ્યય થયો, કડારૂપ અવસ્થા ઉત્પન્ન થઈ પરંતુ સોનું ટકી રહ્યું. કદી કોઈ સોનાનો નાશ કરી શકતા નથી. સોનું પુદ્ગલના પરમાણુઓનો સમૂહ છે, પરમાણુ બધા અનાદિ છે.

સંસારી જીવ અનાદિથી સંસારમાં પાપ-પુણ્યને ભોગવતા થકા ભ્રમણ કરી રહ્યા છે. કોઈ વાર આ જીવ શુદ્ધ હતો અને પછી અશુદ્ધ થયો એવું નથી. કાર્મણ અને તેજસ શરીરોનો સંયોગ અનાદિથી છે, જો કે એમાં નવા સ્કંધ મળે છે અને જૂના સ્કંધ છૂટી જાય છે. તેથી સંસારી જીવોનો સંસાર-ભ્રમણરૂપ સંસાર પણ અનાદિ છે. આવી જ રીતે જો આ જીવ કર્મબંધ કરતો થકો ભટકતો રહ્યો તો તે મોહી અજ્ઞાની જીવને આ સંસાર અનંતકાળ સુધી રહેશે. મિથ્યાદર્શનના ઉદયથી આ સંસારી જીવ પોતાના આત્માનું સાચું સ્વરૂપ ભૂલી રહ્યો છે તેથી કદી તેણે સાચું સુખ ઓળખ્યું નથી, કેવળ ઈંદ્રિયો દ્વારા વર્તતો થકો તે કદીક સુખ અને કદીક દુઃખ ભોગવતો રહ્યો છે. ઈંદ્રિય-સુખ પણ આકુળતાનું કારણ છે અને તૃષ્ણા વધારનાર છે તેથી દુઃખરૂપ જ છે.

મોહનીય કર્મના બે ભેદ છે - દર્શન મોહનીય અને ચારિત્રમોહનીય. દર્શનમોહનીયનો એક ભેદ મિથ્યાત્વકર્મ (પ્રકૃતિ) છે. ચારિત્રમોહનીયના ભેદોમાં ચાર અનંતાનુબંધી કષાય છે. આ પાંચ પ્રકૃતિઓના ઉદય અથવા ફળના કારણે આ સંસારી જીવ મોહી, મૂઢ, બહિરાત્મા, અજ્ઞાની, સંસારાસક્ત, પર્યાયરત, ઉન્મત્ત અને મિથ્યાદષ્ટિ થઈ રહ્યો છે, એની અંદર મિથ્યાત્વભાવે અંધકાર ફેલાવ્યો છે જેથી સમ્યગ્દર્શન ગુણનો પ્રકાશ રોકાઈ રહ્યો છે. મિથ્યાત્વભાવ બે પ્રકારના છે - એક અગૃહીત, બીજો ગૃહીત, અગૃહીત મિથ્યાત્વ અનાદિથી પ્રમાદથી વિભાવરૂપ ચાલ્યું આવે છે જેના કારણે આ જીવ જે શરીર પ્રાપ્ત કરે છે તેમાં જ પોતાપણું માની લે છે. તે શરીરની ઉત્પત્તિને પોતાનો જન્મ, શરીરના વિયોગને પોતાનું મરણ અને શરીરની સ્થિતિને પોતાની સ્થિતિ માની રહ્યો છે. શરીરથી ભિન્ન હું ચેતન પ્રભુ છું એ ખબર તેને બિલ્કુલ નથી. કર્મોના ઉદયથી જે ભાવમાં ક્રોધ, માન, માયા, લોભ અથવા રાગદ્વેષ મોહ થાય છે તે ભાવોને પોતાના માને છે. હું ક્રોધી, હું માની, હું કપટી, હું લોભી, હું રાગી, હું દ્વેષી, હું મોહી એમ માને છે, તેવી જ રીતે પાપ-પુણ્યના ઉદયથી શરીરની સારી કે ખરાબ અવસ્થા થાય છે તેને પોતાની જ સારી કે ખરાબ અવસ્થા માની લે છે. જે ધન, કુટુંબ, મકાન, આભૂષણ, વસ્ત્ર આદિ પરદ્રવ્ય છે તેમને પોતાના માની લે છે. આ રીતે નાશવંત કર્મોદયની અંતરંગ અને બાહ્ય અવસ્થાઓમાં અહંકાર અને મમકાર કર્યા કરે છે.

પોતાના સ્વભાવમાં અહંબુધ્ધિ અને પોતાના ગુણોમાં મમતાભાવ બિલ્કુલ થતો નથી. જેમ કોઈ શરાબ પીને બહાવરો બની જાય, પોતાનું નામ અને ઘર પણ ભૂલી જાય તેમ આ મોહી પ્રાણી પોતાના સાચા સ્વભાવને ભૂલેલા છે. ચારે ગતિઓમાં જ્યાં જન્મે છે ત્યાં જ પોતાને નારકીય, તિર્યંચ, મનુષ્ય કે દેવ માની લે છે. જે પર્યાય છૂટવાની છે તેને સ્થિર માની લે છે, આ અગૃહીત અથવા નિસર્ગ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વના કારણે તત્ત્વનું શ્રધ્ધાન થતું નથી.

શ્રી પૂજ્યપાદસ્વામીએ સર્વાર્થસિદ્ધિમાં કહ્યું છે -

**"मिथ्यादर्शनं द्विविधं नैसर्गिकं परोपदेशपूर्वकं च ।**
**तत्र परोपदेशमन्तरेण मिथ्यात्वकर्मोदयवशात् आविर्भवति**
**तत्त्वार्थाश्रद्धानलक्षणं नैसर्गिकं ।"**

**ભાવાર્થ :** મિથ્યાદર્શન બે પ્રકારના છે-એક નૈસર્ગિક અથવા અગૃહીત,બીજું અધિગમજ અથવા પરોપદેશપૂર્વક.જે પરના ઉપદેશ વિના જ મિથ્યાત્વ કર્મના ઉદયના વશે જીવ અજીવ આદિ તત્ત્વોનું અશ્રધ્ધાન પ્રગટ થાય છે તે નૈસર્ગિક છે. આ સામાન્ય-પણે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના બધા જ જીવોમાં રહેલું હોય છે. જ્યાં સુધી મિથ્યાત્વકર્મનો ઉદય નહિ મટે ત્યાં સુધી આ મિથ્યાત્વભાવ થયા જ કરશે. બીજા પરોપદેશ પૂર્વક મિથ્યાત્વના પાંચ ભેદ છે- એકાંત,વિપરીત,સંશય, વૈનયિક અને અજ્ઞાન મિથ્યાદર્શન. આ પાંચ પ્રકાર સંજ્ઞી જીવોને પરના ઉપદેશથી થાય છે અને સંસ્કારવશ અજ્ઞાનીને પણ બની રહે છે. એનું સ્વરૂપ ત્યાં જ કહ્યું છે.

**( १ ) "तत्र इदमेव इत्थमेवेति धर्मिधर्मयोरभिनिवेश**
**एकान्तः पुरुष एवेदं सर्वमिति वा नित्यमेवेति ।"**

**ભાવાર્થ :** ધર્મી એટલે દ્રવ્ય અને ધર્મ એટલે તેનો સ્વભાવ તેમને બરાબર ન સમજતાં એવો આગ્રહ કરવો કે વસ્તુ આ જ છે અને આવી જ છે, વસ્તુ અનેક સ્વભાવ-રૂપ અનેકાંતમય હોવા છતાં પણ તેને એક જ ધર્મરૂપ અથવા એકાંત માનવી તે એકાંત મિથ્યાત્વ છે. જેમ કે જગત છ દ્રવ્યોનો સમૂહ છે એમ ન માનતાં આ જગત એક બ્રહ્મસ્વરૂપ જ છે એમ માનવું અથવા વસ્તુ દ્રવ્યની અપેક્ષા એ નિત્ય છે અને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે એમ ન માનતા સર્વથા નિત્ય જ માનવી અથવા સર્વથા અનિત્ય જ માનવી તે એકાન્ત મિથ્યાત્વ છે.

**"सग्रन्थो निर्ग्रंथाः, केवली कवलाहारो, स्त्री सिद्धयतीत्येवमादिः विपर्ययः ।"**

**ભાવાર્થ :** જે વાત સંભવિત ન હોય-વિપરીત હોય તેને સમ્યક્ માનવી તે વિપરીત મિથ્યાત્વ છે. જેમ કે પરિગ્રહધારી સાધુને નિર્ગ્રંથ માનવા, કેવળી અરિહંત ભગવાન કોળિયો લઈને ભોજન કરે એમ માનવું, સ્ત્રીના દેહથી સિધ્ધગતિ થાય એમ માનવું, હિંસામાં ધર્મ માનવો ઈત્યાદિ માન્યતા વિપરીત મિથ્યાત્વ છે.વસ્ત્રાદિ બાહ્ય અને ક્રોધાદિ અંતરંગ પરિગ્રહ રહિત જ નિર્ગ્રંથ સાધુ હોઈ શકે છે, કેવળી અનંત બળધારક પરમૌદારિક સાત ધાતુરહિત શરીરવાળા હોય છે, મોહકર્મનો ક્ષય કરી ચૂક્યા છે, તેમને ભૂખની પીડા થવી-ભોજનની ઇચ્છા થવી, ભિક્ષા માટે ભ્રમણ કરવું અને ભોજન કરવું એ તેમને સંભવતું નથી. તેઓ પરમાત્મપદમાં નિરંતર આત્માનંદરૂપી અમૃતનો સ્વાદ લે છે, ઈંદ્રિયો દ્વારા સ્વાદ લેતા નથી. તેમને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન નથી.

કર્મભૂમિની સ્ત્રીનું શરીર વજ્ર વૃષભનારાચ સંહનન સિવાયના હીન સંહનનનું હોય છે તેથી તે ન તો ભારે પાપ કરી શકે છે ન મોક્ષને લાયક ઊંચું ધ્યાન કરી શકે છે. તેથી તે મરીને સોળ સ્વર્ગ ઉપર ઊર્ધ્વ લોકમાં અને છઠ્ઠી નરકથી નીચે અધોલોકમાં જતી નથી. હિંસા કે પરપીડાથી પાપબંધ થાય છે કદી પુણ્યબંધ થઇ શકતો નથી.

ઉલટી પ્રતીતિને જ વિપરીત મિથ્યાદર્શન કહે છે.

''**सम्यग्दर्शन ज्ञानचारित्राणि किं मोक्षमार्गः स्याद्वा न वेत्यन्यतरपक्षापेक्षा परिग्रहः संशयः।**'' સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર-રત્નત્રય ધર્મ મોક્ષમાર્ગ છે કે નહિ એમ વિકલ્પ કરીને કોઇ એક પક્ષનું ગ્રહણ ન કરવું તે સંશય મિથ્યાદર્શન છે.

''**सर्वदेवतानां सर्व समयानां च समदर्शन वैनयिकम्**''

બધા જ દેવો અને બધા જ દર્શનો અથવા આગમોને તેમના સ્વરૂપનો વિચાર કર્યા વિના એક સરખા માનવા, તે વૈનયિક મિથ્યાદર્શન છે.

''**हिताहित परीक्षाविरहोऽज्ञानिकत्व**'' હિતાહિતની પરીક્ષા ન કરવી,દેખાદેખીથી ધર્મ માનવો તે અજ્ઞાન મિથ્યાદર્શન છે. સમ્યગ્દર્શન વાસ્તવમાં પોતાના શુદ્ધાત્માના સ્વરૂપની પ્રતીતિ છે,તેનું ન હોવું તે જ મિથ્યાદર્શન છે. જીવ, અજીવ,આસ્રવ,બંધ,સંવર,નિર્જરા અને મોક્ષ આ સાત તત્વોમાં શ્રદ્ધા ન હોવી તથા વીતરાગ સર્વજ્ઞ દેવમાં,સત્યાર્થ આગમમાં અને સાચા ગુરુમાં શ્રદ્ધા ન હોવી તે વ્યવહાર મિથ્યાદર્શન છે. આ બધું ગૃહીત,અધિગમજ અથવા પરોપદેશપૂર્વકનું મિથ્યાદર્શન છે.

પોતાને બીજાનો અને શરીરરૂપ માનવો તે અગૃહીત અથવા નૈસર્ગિક મિથ્યાદર્શન છે. મિથ્યાદર્શનના કારણે આ જીવને સાચા આત્મિક સુખની તથા સાચા શુદ્ધ આત્માના સ્વભાવની પ્રતીતિ થતી નથી. એ વિષયભોગના સુખને જ સુખ સમજીને પ્રતિદિન તેના પ્રયત્નમાં મંડ્યો રહે છે. પરને પીડા પહોંચાડીને પણ સ્વાર્થ સાધન કરે છે,પાપ બાંધે છે, ભવોભવ દુઃખ ભોગવ્યા કરે છે.મિથ્યાદર્શન સમાન જીવનો કોઇ વેરી નથી. મિથ્યાદર્શનથી ચડિયાતું કોઇ પાપ નથી. શરીરને પોતાનું માનવું તે જ શરીર ધારણ કરવાનું બીજ છે.

સમાધિશતકમાં શ્રી પૂજ્યપાદ સ્વામીએ કહ્યું છે -

**न तदस्तीन्द्रियार्थेषु यत् क्षेमङ्करमात्मनः ।**
**तथापि रमते बालस्तत्रैवाज्ञान भावनात् ॥५५॥**

**ભાવાર્થ :** ઈન્દ્રિયોના ભોગમાં આત્માનું હિત નથી તો પણ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનની ભાવનાથી તેમાં જ રમ્યા કરે છે.

चिरं सुषुप्तास्तमसि मूढात्मानः कुयोनिषु ।
अनात्मीयात्म भूतेषु ममाहमिति जाग्रति ॥५६॥

**ભાવાર્થ** : અનાદિકાળથી મૂઢ આત્માઓ પોતાના સ્વરૂપમાં સૂઈ રહ્યા છે અને કુયોનિઓમાં ભ્રમણ કરતા થકા સ્ત્રી,પુત્રાદિ પર પદાર્થોને અને પોતાના શરીર તથા રાગાદિ વિભાવોને પોતાના માનીને આ જ વિભાવોમાં જાગી રહ્યા છે.

देहान्तरगतेर्बीजं देहेऽस्मिन्नात्मभावना ।
बीजं विदेह निष्पत्तेरात्मत्येवात्मभावना ॥७४॥

**ભાવાર્થ** : આ શરીરમાં પોતાપણું માનવું તે જ ફરી ફરી દેહ ધારણ કરવાનું બીજ છે અને પોતાના આત્મામાં જ પોતાપણું માનવું, તે દેહથી છુટી જવાનું બીજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય સારસમુચ્ચયમાં કહે છે-

मिथ्यात्वं परमं बीजं संसारस्य दुरात्मनः ।
तस्मात्तदेव मोत्तव्यं मोक्षसौख्यं जिघृक्षुणा ॥५२॥

**ભાવાર્થ** : આ દુષ્ટ સંસારનું પરમ બીજ એક મિથ્યાદર્શન છે. તેથી મોક્ષના સુખની પ્રાપ્તિ કરવા ઈચ્છનારાઓએ મિથ્યાદર્શનનો ત્યાગ કરવો ઉચિત છે.

सम्यक्त्वेन हि युक्तस्य ध्रुवं निर्वाणसंगमः ।
मिथ्यादशोऽस्य जीवस्य संसारे भ्रमणं सदा ॥४१॥

**ભાવાર્થ** : સમ્યગ્દષ્ટિ જીવને અવશ્ય નિર્વાણનો લાભ થાય છે પરંતુ મિથ્યાદષ્ટિ જીવને સદાય સંસારમાં ભ્રમણ રહે છે.

અનાદિકાલીન સંસારમાં આ સંસારી જીવ અનાદિથી જ મિથ્યાદર્શનથી અંધ બનીને ભટકી રહ્યો છે તેથી આ મિથ્યાત્વનો ત્યાગ કરવો જરૂરી છે.

## મોક્ષસુખનું કારણ આત્મધ્યાન છે.

जई वीहउ चउगइगमणु तउ परभाव चपवि ।
अप्पा झायहि णिम्मलउ जिम सिवसुक्ख लहेवि ॥५॥

ચાર ગતિ દુઃખથી ડરે, તો તજ સૌ પરભાવઃ
શુદ્ધાતમ ચિંતન કરી, લે શિવસુખનો લાભ. ૫.

**અન્વયાર્થ** : (जइ) જો (**चउगइगमणु वीहउ**) તું ચારે ગતિના ભ્રમણથી ભયભીત (થયો) હો (**तउ**) તો (**परभाव चहवि**) પરભાવોને છોડી દે, (**णिम्मलउ अप्पा ज्ञायहि**) નિર્મળ આત્માનું ધ્યાન કર (**जिम**) જેથી (**सिवसुक्ख लहेहि**) મોક્ષનું સુખ તું પામી શકે.

**ભાવાર્થ** : પહેલાં જેમ બતાવ્યું છે કે ચારે ગતિઓમાં શારીરિક અને માનસિક દુ:ખ છે. સુખદાયક અને સ્વાભાવિક ગતિ એક મોક્ષગતિ છે કે જ્યાં આત્મા નિશ્ચલ રહીને પરમાનંદનો ભોગ નિરંતર કરતો રહે છે, જ્યાં આત્મા બિલકુલ શુદ્ધ નિરાળો શોભી ઊઠે છે. મનવાળા પ્રાણીએ પોતાનું હિત અને અહિત જ વિચારવું જોઇએ, જો આત્મા ઉપર દયાભાવ હોય તો એને દુ:ખોની વચમાં ન નાખવો જોઇએ, એનું ભવભ્રમણથી રક્ષણ કરવું જોઇએ. એણે જેટલી ઝડપે બની શકે એટલી ઝડપે મોક્ષના નિરાકુળ ભાવમાં પહોંચી જવું જોઇએ. એનો ઉપાય શ્રી ગુરુએ બતાવ્યો છે કે પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન કરવું.

ભેદવિજ્ઞાનના બળથી પોતાના આત્મા સાથે જેનો જેનો સંયોગ છે તે બધાને આત્માથી અનિત્ય (જુદા) વિચારીને તેમનો મોહ છોડી દેવો જોઇએ. મોક્ષ પેતાના જ આત્માનો શુદ્ધ સ્વભાવ છે તેથી તેનો ઉપાય પણ કેવળ એક પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે. જેવું ધ્યાન કરવામાં આવે તેવા થઇ જાય. જો આપણે એક મનુષ્યના આત્માનું ભેદવિજ્ઞાન કરીએ તો એમ માલૂમ પડશે કે એ ત્રણ પ્રકારના શરીર સહિત છે. તે ત્રણે શરીર પુદગલ દ્રવ્યના બનેલાં છે, (તે) આત્માના સ્વભાવથી બિલકુલ વિપરીત છે.

સ્થુળ દેખાય છે તે ઔદારિક શરીર છે જે માતા, પિતાના રજ અને વીર્યથી બન્યું છે. બે અનાદિકાળથી પ્રવાહરૂપે ચાલ્યા આવતા તૈજસ શરીર અને કાર્માણ શરીર છે.આઠ કર્મમય કાર્માણ શરીરના વિપાકથી જે જે ફળ, અવસ્થાઓ, વિકાર આત્માની પરિણતિમાં થાય છે તે બધું આત્માના સ્વભાવથી ભિન્ન છે. જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મોના કારણે અજ્ઞાન, મોહ અને રાગદ્વેષ આદિ ભાવકર્મ થાય છે અને અઘાતી કર્મોના કારણે શરીર અને ચેતન અચેતન પદાર્થોનો સંબંધ થાય છે તે બધું જ ભિન્ન છે. જીવોને ઉન્નતિ કરવા માટે ચૌદ પગથિયાં છે, જેને ગુણસ્થાન કહે છે, તે બધા પણ શુદ્ધ આત્માથી ભિન્ન છે.

ગતિ ,ઇંદ્રિય, કાય,યોગ, વેદ, કષાય, જ્ઞાન, સંયમ, દર્શન, લેશ્યા, ભવ્યત્વ, સમ્યકત્વ, સંજ્ઞીત્વ અને આહાર આ ચૌદ માર્ગણાઓ છે, તે પણ શુદ્ધ જીવનો સ્વભાવ નથી. શુદ્ધ જીવ અખંડ અને અભેદ છે. સહજ જ્ઞાન,સહજદર્શન, સહજ વીર્ય અને સહજ સુખનો અમિટ અને અભેદ સમૂહ છે. સર્વ સાંસારિક અવસ્થાઓ શુધ્ધ આત્માથી ભિન્ન છે. ઇંદ્રપદ, ચક્રવર્ત્તીપદ, તીર્થંકરપદ એ બધી કર્મકૃત ઉપાધિઓ છે. આત્મા એ બધાથી ભિન્ન નિરંજન પ્રભુ-દેવ છે.

તત્વાર્થસૂત્રમાં જીવોના પાંચ ભાવ અને તેમના ભેદરૂપ ત્રેપન ભાવ બતાવ્યા છે. તેમાંથી શુધ્ધ આત્માને ફકત ક્ષાયિકભાવ અને પારિણામિક ભાવ છે-ઔપશમિક, ક્ષાયોપશમિક અને ઔદયિક-આ ત્રણ ભાવ નથી. ત્રેપનમાંથી નવ ક્ષાયિક ભાવ અર્થાત્ નવ લબ્ધિ અને એક જીવત્વ પારિણામિક ભાવ, આ રીતે જીવને કેવળ દસભાવ છે બાકીના તેંતાળીસ નથી.

સિદ્ધ સમાન આત્માનું ધ્યાન કરવું જોઇએ. ભેદવિજ્ઞાનના પ્રતાપે ધ્યાન કરનાર પોતે જ પોતાને પરમાત્મા રૂપે દેખે છે જેમ દૂધ અને પાણી મળેલા હોય તો દૂધ પાણીથી જુદું દેખાય છે, ગરમ પાણીમાં જળ અને અગ્નિનો સ્વભાવ અલગ દેખાય છે, શાકમાં મીઠાનો અને શાકનો સ્વાદ જુદો જુદો દેખાય છે, લાલ પાણીમાં પાણી અને લાલરંગનો સ્વભાવ અલગ દેખાય છે, તલમાં ફોતરાં અને તેલ જુદા દેખાય છે, અનાજમાં ફોતરાં અને અનાજના દાણા જુદા દેખાય છે. દાળમાં ફોતરાં અને દાળના દાણા જુદા દેખાય છે તેવી જ રીતે જ્ઞાનીને પોતાનો આત્મા રાગાદિ ભાવકર્મથી, જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મથી અને શરીરાદિ નોકર્મથી ભિન્ન દેખાય છે. જેવી રીતે જ્ઞાનીને પોતાનો આત્મા સર્વ પરભાવોથી જુદો દેખાય છે. તેવી જ રીતે અન્ય સંસારી પ્રત્યેક આત્મા સર્વ પરભાવોથી ભિન્ન દેખાય છે.

બધા જ સિદ્ધ અને સંસારી આત્માઓ એક સમાન પરમ નિર્મળ, વીતરાગ, જ્ઞાનાનંદમય દેખાય છે. આ દૃષ્ટિને સમ્યક્, યથાર્થ, નિર્મળ અને નિશ્ચયદૃષ્ટિ કહે છે. આ દૃષ્ટિથી જોવાનો અભ્યાસ કરનારના ભાવોમાં સમભાવનું સામ્રાજ્ય આવી જાય છે. રાગદ્વેષ મોહનો વિકાર નાશ પામી જાય છે.

આ જ સમભાવમાં એકાગ્ર થવું તે જ ધ્યાન છે. આ જ ધ્યાનાગ્નિ છે જેનાથી કર્મનાં બંધન કપાઈ જાય છે અને આ આત્મા શીઘ્ર જ મુક્ત થઈ જાય છે અને ત્યારે પરમસુખનો ભોગી બની જાય છે.

શ્રી કુન્દકુન્દાચાર્ય સમયપાહુડમાં કહે છે.

**जीवस्स णत्थि वण्णो णविगंधो णविरसो णवि य फासो ।**<br>
**णवि रूवं ण सरीरं णवि संढाणं ण संहणणं ॥५५॥**

**जीवस्स णत्थि रागो णवि दोसो णेव विज्जदे मोहो ।**<br>
**णो पच्चया ण कम्मं णोकम्मं चाविसे णत्थि ॥५६॥**

**जीवस्स णत्थि वग्गो ण वग्गणा णेय कड्ढया केई ।**<br>
**णो अज्झप्पट्ठाणा ण वयअणुमायठाणाणि ॥५७॥**

**जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बन्धठाणा वा ।**<br>
**णो वयउदयट्ठाणा ण मग्गणट्ठाणया केई ॥ ५८॥**

**णो सिदि बन्धट्ठाणा जीवस्स ण संकिलेश ढाणा वा ।**<br>
**णेव विसोहिट्ठाणा णो संगमलद्धिठाणा वा ॥५९॥**

**णे वय जीवट्ठाणा ण गुणट्ठाणा य आत्म जीवस्स ।**<br>
**जेणदु एदे सव्वे पुग्गलदव्वस्स परिणामा ॥६०॥**

**ભાવાર્થ** : નિશ્ચયનયથી આ જીવમાં ન કોઈ વર્ણ છે, ન કોઈ ગંધ છે, ન રસ છે, ન સ્પર્શ છે, ન કોઈ દેખાય એવું રૂપ છે, ન કોઈ શરીર છે, છ સંસ્થાનોમાંથી કોઈ સંસ્થાન નથી, છ સંહનનોમાંથી કોઈ સંહનન નથી. ન જીવને રાગ છે, ન દ્વેષ છે, ન મોહ છે, ન સત્તાવન (૫ મિથ્યાત્વ + ૧૨ અવિરતિ + ૨૫ કષાય + ૧૫ યોગ) આસ્રવ છે, ન આઠ કર્મ છે, ન આહારક, તૈજસ, ભાષા, મનોવર્ગણા આદિ નોકર્મ છે. જીવને કોઈ અવિભાગ પ્રતિચ્છેદ શક્તિના સમૂહરૂપ વર્ણ નથી, વર્ગસમૂહરૂપ વર્ગણા નથી, વર્ગણાના સમૂહરૂપ સ્પર્ધકો નથી, શુભાશુભ વિકલ્પરૂપ અધ્યાત્મસ્થાન નથી, સુખદુઃખના ફળરૂપ અનુભાગ સ્થાન નથી, જીવને કોઈ આત્મપ્રદેશના હલનચલનરૂપ અને યોગશક્તિના અશુદ્ધ પરિણનરૂપ યોગસ્થાન નથી, પ્રકૃતિ આદિ ચાર બંધના સ્થાન નથી, કર્મોના ઉદયસ્થાન નથી, ચૌદ ગતિ આદિ માર્ગણાઓના સ્થાન નથી, કર્મોની સ્થિતિબંધના સ્થાનો નથી, અશુભ ભાવરૂપ સંકલેશ સ્થાન નથી. શુભભાવરૂપ વિશુદ્ધિના સ્થાન નથી, સંયમની વૃદ્ધિરૂપ સંયમના સ્થાન નથી, એકેન્દ્રિયાદિ ચૌદ જીવસમાસ નથી, મિથ્યાદર્શનાદિ ચૌદ ગુણસ્થાન નથી; કેમ કે એ બધા પુદ્ગલ સંયોગના નિમિત્તે થનારા પરિણામ છે.

શ્રી અમૃતચન્દ્રાચાર્ય સમયસાર કળશમાં કહે છે -

**ज्ञानादेव ज्वलनपयसोरौष्ण्यशैत्यव्यवस्था**
**ज्ञानादेवोल्लसति लवणस्वादभेदव्युदासः ।**
**ज्ञानादेव स्वरसविकसन्नित्यचैतन्यधातोः**
**क्रोधादेश्च प्रभवति भिदा भिन्दती कर्तृभावम् ॥१५-३॥**

**ભાવાર્થ** : ભેદવિજ્ઞાનના બળથી જ્ઞાનીને ગરમ પાણીમાં અગ્નિની ઉષ્ણતા અને પાણીની શીતળતા ભિન્ન ભિન્ન દેખાય છે. ભેદવિજ્ઞાનથી જ રંધાયેલા શાકમાં લવણનો અને શાકનો સ્વાદ અલગ અલગ સ્વાદમાં આવે છે. ભેદવિજ્ઞાનથી જ દેખાય છે કે આ આત્મા આત્મક રસથી ભરેલો નિત્ય ચૈતન્યધાતુની મૂર્તિ વીતરાગ છે તથા આ ક્રોધાદિ વિકારોનો કર્તા નથી. ક્રોધાદિ અલગ છે, આત્મા અલગ છે.

સમયસારકળશમાં બીજું પણ કહ્યું છે -

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः ।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ॥४६-१०॥**
**एको मोक्षपंथो य एष नियतो दृग्ज्ञप्तिवृत्त्यात्मक-**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेच्च तं चेतति ।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति ॥४७-१०॥**

**ભાવાર્થ** : સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રમય **આત્માનું તત્ત્વ** છે, તે જ એક મોક્ષમાર્ગ છે. મોક્ષાર્થીને માટે યોગ્ય છે કે તે આ એકનું જ સેવન કરે. દર્શનજ્ઞાન ચારિત્રમય આત્મા જ નિશ્ચયથી એક મોક્ષનો માર્ગ છે. જે કોઈ આ પોતાના આત્મામાં પોતાની સ્થિતિ કરે છે, રાતદિવસ તેનું જ ધ્યાન કરે છે, એનો જ અનુભવ કરે છે, એમાં જ નિરંતર વિહાર કરે છે, પોતાના આત્મા સિવાય અન્ય આત્માઓને, સર્વ પુદ્ગલોને, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, એ ચાર અમૂર્તિક દ્રવ્યોને અને સર્વ પરભાવોને સ્પર્શ પણ કરતો નથી; તે જ અવશ્ય નિત્ય, ચિદ્રૂપ સમયસાર અથવા પરમાત્માનો અનુભવ કરે છે. વાસ્તવમાં આ આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે. યોગીએ એ જ નિરંતર કરવું જોઈએ.

## આત્માના ત્રણ પ્રકાર છે.

**तिपयारो अप्पा मुणहि परु अंतरु बहिरप्पु ।**
**पर झायहि अंतर सहिउ बाहिरु चयहि णिभंतु ॥६॥**

**ત્રિવિધ આત્મા જાણીને, તજ બહિરાતમ રૂપ;**
**થઈ તું અંતર આતમા, ધ્યા પરમાત્મસ્વ રૂપ. ૬.**

**અન્વયાર્થ** : (**अप्पा तिपयारो मुणहि**) આત્માને ત્રણ પ્રકારે જાણો (**परु**) પરમાત્મા, (**अंतरु**) અંતરાત્મા, (**बहिरप्पु**) બહિરાત્મા (**णिभंतु**) ભ્રાંતિ અથવા શંકારહિત થઈને (**बाहिरु चयहि**) બહિરાત્માપણું છોડી દ્યો; (**अंतर सहिउ**) અંતરાત્મા થઈને (**पर झायहि**) પરમાત્માનું ધ્યાન કરો.

**ભાવાર્થ** : દ્રવ્યદષ્ટિ અથવા શુદ્ધ નિશ્ચયનયથી બધા જ આત્મા એક સરખા, શુદ્ધ-બુદ્ધ પરમાત્મા જ્ઞાનાનંદમય છે, કોઈ ભેદ નથી. દ્રવ્યનો સ્વભાવ સત્ છે, સદા રહેનારો છે. સત્ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે. દરેક દ્રવ્ય પોતાના સર્વસામાન્ય અને વિશેષ ગુણોને પોતામાં સદા ટકાવી રાખે છે. તેમાં એક પણ ગુણ ઓછો કે વત્તો થતો નથી તેથી દ્રવ્ય ધ્રુવ હોય છે. દરેક ગુણ પરિણમનશીલ છે કૂટસ્થ, નિત્ય નથી. જો તે કૂટસ્થ નિત્ય હોય તો કાર્ય ન કરી શકે. ગુણોના પરિણમનથી જે સમયે સમયે દરેક ગુણની અવસ્થા થાય છે તે તે ગુણની પર્યાય છે.

એક ગુણમાં સમયે સમયે થતી એવી અનંત પર્યાયો હોય છે. પર્યાયો બધી નાશવંત છે. જ્યારે એક પર્યાય ઉત્પન્ન થાય છે ત્યારે પહેલાની પર્યાયનો નાશ કરીને ઉત્પન્ન થાય છે. પર્યાયની અપેક્ષાએ દરેક સમયે દ્રવ્ય ઉત્પાદ વ્યય સ્વરૂપ છે અર્થાત્ જૂની પર્યાયનો વ્યય કરીને નવીન પર્યાયને ઉત્પન્ન કરતું થકું દ્રવ્ય પોતાના સર્વ ગુણો સહિત ટકી રહે છે. તેથી દ્રવ્યનું લક્ષણ **'गुण पर्यायवत् द्रव्यम्'** 'ગુણપર્યાયવાળું દ્રવ્ય હોય છે'- એવું કહ્યું છે.

દરેક દ્રવ્યમાં જેટલી પર્યાયો સંભવી શકે છે તે બધાની શક્તિ રહેલી છે, પ્રગટતા એક સમયમાં એકની હોય છે. જેમ માટીના ઢેફામાં જેટલી જાતનાં વાસણો, રમકડાં, મકાન આદિ બનવાની શક્તિ છે, તે બધી પર્યાયો શક્તિથી છે, પ્રગટતા એક સમયમાં એક પર્યાયની જ હોય છે. જેમ કે માટીમાંથી પ્યાલો બનાવ્યો, પ્યાલો તોડીને માટલી બનાવી, માટલી તોડીને એક પુરુષ બનાવ્યો, પુરુષ તોડીને સ્ત્રી બનાવી વગેરે. આ બધી પર્યાયોમાં માટી તે જ છે. સ્પર્શ, રસ, ગંધ, વર્ણમય માટી સદા મળશે.

જગતમાં દ્રવ્ય છ છે - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાલાણુ, આ ચારે દ્રવ્યોમાં એક સમાન સદૃશ સ્વભાવ પર્યાયો જ થયા કરે છે, તેમને પરના નિમિત્તે વિભાવ પર્યાયો થઈ શકતી નથી. તે સદા ઉદાસીન પડ્યા રહે છે.

સિદ્ધાત્માઓમાં પણ સ્વભાવ સદૃશ પર્યાયો થાય છે કેમ કે તેમના ઉપર કોઈ પર દ્રવ્યનો પ્રભાવ પડી શકતો નથી. તે પૂર્ણ મુક્ત છે. પરંતુ સંસારી આત્મામાં કર્મોનો સંયોગ અને ઉદય હોવાના કારણે વિભાવ પર્યાયો અને અશુદ્ધ પર્યાયો થાય છે. જે પરમાણુ જઘન્ય અંશ સ્નિગ્ધ કે રુક્ષ ગુણવાળો હોય છે, તે કોઈ સાથે બંધાતો નથી. તે પરમાણુમાં પણ સ્વભાવ પર્યાયો થાય છે. જ્યારે એ જ સ્નિગ્ધ કે રુક્ષ ગુણોનો અંશ વધવાથી બીજા પરમાણુ સાથે બંધ યોગ્ય થઈ જાય છે ત્યારે તેમાં વિભાવ પયાર્યો થાય છે.

પર્યાયો બે પ્રકારની છે - અર્થપર્યાય અને વ્યંજનપર્યાય. પ્રદેશ ગુણ અથવા આકારના પલટવાને વ્યંજનપર્યાય અને અન્ય સર્વ ગુણોના પરિણમનને અર્થપર્યાય કહે છે. શુદ્ધ દ્રવ્યોમાં વ્યંજન અને અર્થપર્યાય સમાનરૂપે શુદ્ધ જ હોય છે. અશુદ્ધ દ્રવ્યમાં અશુદ્ધ અર્થપર્યાય એને આકારના પલટવારૂપ અશુદ્ધ અથવા વિભાવ વ્યંજન પર્યાય હોય છે. સંસારી આત્માઓ અશુદ્ધ છે તો પણ દરેક આત્મામાં પોતાના બધા જ ગુણોના શુદ્ધ અથવા અશુદ્ધ પરિણમનની શક્તિઓ છે. જ્યાં સુધી તે અશુદ્ધ છે ત્યાં સુધી અશુદ્ધ પર્યાયો પ્રગટ થાય છે, શુદ્ધ થતાં શુદ્ધ પર્યાયો જ પ્રગટ થાય છે. શુદ્ધ આત્માઓમાં પણ શુદ્ધ અને અશુદ્ધ પર્યાયો હોવાની શક્તિ છે પરંતુ શુદ્ધ પર્યાયો જ પ્રગટ થાય છે કેમ કે અશુદ્ધ પર્યાયો થવા માટે પુદ્‌ગલનું કોઈ નિમિત્ત નથી. એક પરમાણુમાં સર્વ સંભવિત પર્યાયો થવાની શક્તિ છે, તેવી જ રીતે આત્મામાં નિગોદથી માંડીને સિદ્ધ પર્યાય સુધીની સર્વ પર્યાયો થવાની શક્તિ છે. આ વસ્તુ ભાવ છે.

સિદ્ધ ભગવાનોમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ત્રણેની પર્યાયો થવાની શક્તિ છે. તેમાંથી પરમાત્મપણાની શક્તિ વ્યક્ત અથવા પ્રગટ છે બાકીની બે શક્તિઓ અપ્રગટ છે. એવી જ રીતે સંસારી આત્માઓમાં જે બહિરાત્મા છે તેમાં બહિરાત્માની પર્યાયો તો પ્રગટ છે પરંતુ તે જ વખતે અંતરાત્મા અને પરમાત્માની પર્યાય શક્તિરૂપે અપ્રગટ છે. જો કે ત્રણેની શક્તિઓ એક જ સાથે છે.

અંતરાત્મામાં અંતરાત્માની પર્યાયો જે પ્રગટ છે તે જ વખતે બહિરાત્મા અને પરમાત્માની પર્યાયો શક્તિરૂપે અપ્રગટ છે. વાસ્તવમાં દ્રવ્યને શક્તિની અપેક્ષાએ જોવામાં આવે તો દરેક આત્મામાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા ત્રણેય શક્તિઓ છે. તેમાંથી કોઈ એકની પ્રગટતા રહેશે અને બેની અપ્રગટતા રહેશે, પાણીમાં ગરમ થવાની, લાલ, લીલા, પીળા કે સફેદ થવાની તેમ જ ઠંડા રહેવાની વગેરે શક્તિઓ છે. જ્યારે પરનું નિમિત્ત નહિ હોય ત્યારે તે પાણી નિર્મળ અને ઠંડુ જ પ્રગટ થશે. તે જ પાણીને અગ્નિનું નિમિત્ત મળે ત્યારે ગરમ થઈ જશે, તે વખતે ગરમપણાની દશા પ્રગટ થશે અને ઠંડાપણાની અપ્રગટ રહેશે. -

મળનું નિમિત્ત મળવાથી મેલું, લાલ રંગનું નિમિત્ત મળવાથી લાલ, લીલા રંગનું નિમિત્ત મળવાથી લીલું થઈ જશે, ત્યારે નિર્મળપણું શક્તિરૂપે રહેશે.

કોઈ પાણીને પરનું નિમિત્ત ન મળે તો તે સદાય નિર્મળ અને ઠંડુ જ રહેશે પરંતુ ગરમ, મલિન કે રંગીન થવાની શક્તિઓનો તે પાણીમાંથી અભાવ નહિ થઈ જાય. સિદ્ધ પરમાત્માઓમાં કર્મોદયનું નિમિત્ત ન હોઈ તે કદી પણ અંતરાત્મા કે બહિરાત્મા નહિ થાય પરંતુ એની શક્તિઓનો તેમનામાં અભાવ નહિ થાય. અભવ્ય જીવ કદી પણ અંતરાત્મા કે પરમાત્મા નહિ હોય - બહિરાત્મારૂપે જ રહેશે તો પણ તેમનામાં અંતરાત્મા અને પરમાત્માની શક્તિઓનો અભાવ નહિ થાય. તેથી શ્રી પૂજ્યપાદસ્વામીએ સમાધિશતકમાં કહ્યું છે -

**बहिरन्तः परश्चेति त्रिधात्मा सर्वदेहिषु ।**
**उपेयात्तत्र परमं मध्योपयाद्बहिस्त्यजेत् ॥४॥**

**ભાવાર્થ** : દરેક પ્રાણીમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા - એ ત્રણ પ્રકારપણું છે; તેમાંથી બહિરાત્મપણું છોડવું અને અંતરાત્માના ઉપાયથી પરમાત્મપણાની સિદ્ધિ કરવી. એ જ યોગેન્દ્રાચાર્ય પરમાત્મપ્રકાશમાં કહે છે -

**अप्पा तिविहु मुणेवि बहु मूढउ मेल्लहि भाउ ।**
**मुणि सण्णाणे णाणमउ जो परमप्प सहाउ ॥१२॥**

**ભાવાર્થ** : આત્માને ત્રણ પ્રકારના જાણીને બહિરાત્મસ્વરૂપ ભાવને શીઘ્ર છોડો અને જે પરમાત્માનો સ્વભાવ છે તેને સ્વસંવેદન જ્ઞાનથી અંતરાત્મા થઈને જાણો. તે સ્વભાવ કેવળજ્ઞાનથી પરિપૂર્ણ છે.

મિથ્યાદર્શન આદિ ચૌદ ગુણસ્થાન હોય છે. એની શક્તિ સર્વ આત્મામાં છે. પ્રગટતા એક સમયે એક ગુણસ્થાનની સંસારી આત્મામાં રહે છે. જો કે આ બધા ચૌદેય ગુણસ્થાન સંસારી આત્માઓમાં હોય છે, સિદ્ધોમાં કોઈ ગુણસ્થાન નથી તો પણ સંસારી જીવોનો બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ અવસ્થાઓમાં વિભાગ થઈ શકે છે. જે પોતાના આત્માને

યથાર્થ ન જાણે, ન માને, ન અનુભવે તે બહિરાત્મા છે. મિથ્યાત્વ, સાસાદન અને મિશ્ર ગુણસ્થાનવાળા બધા બહિરાત્મા છે. જે પોતાના આત્માને સમ્યક્-જેમ છે તેમ શ્રદ્ધે, જાણે અને અનુભવે તે અંતરાત્મા છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી ચોથા અવિરત સમ્યકત્વથી માંડીને ૫ દેશવિરત, ૬ પ્રમત્ત વિરત, ૭ અપ્રમત વિરત, ૮ અપૂર્વ કરણ, ૯ અનિવૃત્તિકરણ, ૧૦ સૂક્ષ્મ લોભ, ૧૧ ઉપશાંત મોહ અને ૧૨ ક્ષીણ મોહ સુધી નવ ગુણસ્થાનવાળા બધા આત્માઓ અંતરાત્મા સમ્યગ્દષ્ટિ છે. સયોગી કેવળી જિન તેરમા અને અયોગકેવળી જિન ચૌદમા ગુણસ્થાનવાળા અરિહંત પરમાત્મા છે. આ બન્ને ગુણસ્થાનવાળાઓને સંસારી એટલા માટે કહ્યા છે કે તેમને આયુ, નામ, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કર્મોનો ઉદય છે - ક્ષય થયો નથી. યથાર્થમાં સિદ્ધ જ શરીર રહિત પરમાત્મા છે. અરિહંત શરીર સહિત પરમાત્મા છે એટલું જ અંતર છે. કહેવાનું પ્રયોજન એ છે કે બહિરાત્માપણું ત્યાગવા યોગ્ય છે કેમ કે આ દશામાં પોતાના આત્માના સ્વરૂપનાં શ્રદ્ધાન, જ્ઞાન, ચારિત્ર થતા નથી. ઉપયોગ સંસારમાં આસક્ત મલિન રહે છે તથા આત્મજ્ઞાની થઈને અંતરાત્મદશામાં પરમાત્માનું ધ્યાન કરીને અર્થાત્ પોતાના જ આત્માને પરમાત્મારૂપ અનુભવીને કર્મોનો ક્ષય કરીને પરમાત્મા થઈ જવું યોગ્ય છે. ધર્મના સાધનમાં પ્રમાદ ન કરવો જોઈએ. સાર સમુચ્ચયમાં કુલભદ્રાચાર્ય કહે છે.

**धर्मामृतं सदा पेयं दुःखातङ्क विनाशनम् ।**
**यस्मिन् पीते परं सौख्यं जीवाना जायते सदा ॥३३॥**

**ભાવાર્થ :** દુઃખરૂપી રોગનું વિનાશક, ધર્મરૂપી અમૃત સદા પીવું જોઈએ, જેના પાનથી જીવોને સદાય પરમાનંદ પ્રાપ્ત થાય છે.

## બહિરાત્માનું સ્વરૂપ

**मिच्छादंसणमोहियउ परु अप्पा ण मुणेइ ।**
**सो बहिरप्पा जिणभणिउ पुण संसारु भमेइ ॥ ७ ॥**

**મિથ્યા મતિથી મોહીજન, જાણે નહિ પરમાત્મ;**
**તે બહિરાતમ જિન કહે, તે ભમતો સંસાર. ૭.**

**અન્વયાર્થ** : (**मिच्छादंसण मोहियउ**) મિથ્યાદર્શનથી મોહી જીવ (**परु अप्पा ण मुणेइ**) પરમાત્માને જાણતો નથી (**सो बहिरप्पा**) એ જ બહિરાત્મા છે (**पुण संसारु भमेइ**) તે વારંવાર સંસારમાં ભ્રમણ કરે છે; (**जिणभणिउ**) એમ શ્રી જિનેન્દ્રદેવે કહ્યું છે.

**ભાવાર્થ** : જેમ મદિરા પીને કોઈ ઉન્મત્ત થઈ જાય તો તે બેશુદ્ધ થઈને પોતાને પણ ભૂલી જાય છે, પોતાનું ઘર પણ ભૂલી જાય છે તેમ આ જીવ મિથ્યાદર્શન કર્મના ઉદયથી મોહી થઈને પોતાના આત્માનું સ્વરૂપ ભૂલી ગયો છે. તે પોતાને શરીરરૂપ જ માની લે છે અને કર્મોના ઉદયથી જે જે અવસ્થાઓ થાય છે તેમને પોતાનો સ્વભાવ માની લે છે.

આત્માનો વાસ્તવિક સ્વભાવ સિદ્ધ પરમાત્મા સમાન પરમ શુદ્ધ, નિર્વિકાર, નિરંજન, કૃતકૃત્ય, ઈચ્છા રહિત, શરીર રહિત, વચન રહિત, મનના સંકલ્પ-વિકલ્પ રહિત, અમૂર્તિક અને અવિનાશી છે. જે આ વાત સમજતો નથી અને જે કાંઈ આત્માનો સ્વભાવ નથી તેને પોતાનો સ્વભાવ માની લે છે, તે આત્માથી ભિન્ન બાહ્ય વસ્તુઓને આત્માની માને છે તેથી તેને બહિરાત્મા કહે છે. પોતાના આત્માની સત્તા સર્વ આત્માઓથી જુદી છે; સર્વ પુદ્‌ગલોથી જુદી છે; ધર્મ, અધર્મ, આકાશ, કાળથી જુદી છે. આ વાત બહિરાત્મા સમજતો નથી. તે ઈંદ્રિયસુખને જ સાચું સુખ માને છે. તેના જીવનનું ધ્યેય વિષયભોગ અને માનપુષ્ટિ રહે છે. તે ધર્મનું પણ આ જ હેતુથી પાલન કરે છે. જો કાંઈ શુભ કામ કરે છે તો હું દાનનો, પૂજાનો, પરોપકારનો, શ્રાવકના વ્રતોનો, મુનિના વ્રતોનો કર્તા છું. જો કાંઈ અશુભ કામ કરે છે તો હું હિંસાનો કર્તા, જૂઠ બોલવાની ચતુરાઈનો કર્તા, કપટનો કર્તા, વ્યભિચારનો કર્તા અને હાનિનો કર્તા, પ્રવીણ પુરુષ છું, આ પ્રકારના અહંકારથી મૂર્ચ્છિત રહે છે, આત્માનો સ્વભાવ ન તો શુભ કામ કરવાનો છે, ન અશુભ કામ કરવાનો. આત્મા સ્વભાવથી પરનો કર્તા નથી. આમ બહિરાત્મા પોતાને પરનો કર્તા માની લે છે.

તેવી જ રીતે પુણ્યના ઉદયથી સુખ મળતાં હું સુખનો અને પાપના ઉદયથી દુઃખ આવતાં હું દુઃખનો ભોગવનાર છું (એમ માને છે.) મેં સંપદા ભોગવી, રાજ્ય ભોગવ્યું, પંચેન્દ્રિયના ભોગ ભોગવ્યા; આ રીતે પરનો ભોક્તા માની બેસે છે. આત્મા સ્વભાવથી પોતાના જ્ઞાનાનંદનો ભોક્તા છે, પરનો ભોક્તા નથી, આ વાત બહિરાત્મા સમજતો નથી.

મન, વચન, કાયા, પુદ્‌ગલકૃત વિકાર અને કર્મોના ઉદયથી તેમની ક્રિયાઓ થાય છે. આ બહિરાત્મા આ ત્રણેને અને એમની ક્રિયાઓને પોતાની ક્રિયા માની લે છે. અનેક શાસ્ત્રો વાંચીને હું પંડિત થયો છું એવા અભિમાનમાં ચૂર્ણ થઈને, પરનો તિરસ્કાર કરીને પ્રસન્ન થનાર બહિરાત્મા હોય છે. તે એવો ગર્વ કરે છે કે હું અમુક વંશનો છું, હું ઊંચો છું, હું ખૂબ રૂપાળો છું, હું ખૂબ ધનવાન છું, હું ખૂબ બળવાન છું, હું મોટો વિદ્વાન છું, હું મોટો તપસ્વી છું, હું મોટી સત્તા ધરાવું છું, હું ઈચ્છું તેનું નુકશાન કરી શકું છું, મારી મહેરબાનીથી સેંકડો પ્રાણીઓનું પોષણ થાય છે, આવા અહંકારથી બહિરાત્મા ચૂર રહે છે.

બહિરાત્માની દૃષ્ટિ આંધળી હોય છે. એ જિનેન્દ્રદેવની મૂર્તિમાં સ્વાનુભવરૂપ જિનેન્દ્રના આત્માને ઓળખી શકતો નથી, છત્ર, ચામરાદિ વિભૂતિ સહિત શરીરની રચનાને જ અરિહંત માની લે છે. ગુરુની પૂજા, ભક્તિ થાય છે, ગુરુ મહાન ચતુર વક્તા છે, ગુરુનું શરીર પ્રભાવશાળી છે, ગુરુ મહાન વિદ્વાન છે, અનેક શાસ્ત્રોના જ્ઞાતા છે, આ રીતે ગુરુમહિમા તરફ ધ્યાન દે છે પણ ગુરુ આત્મજ્ઞાની છે કે નહિ, આ અંતરંગ તત્ત્વ તરફ બહિરાત્મા ધ્યાન દેતો નથી.

શાસ્ત્રમાં રચના સરસ છે, કથન મનોહર છે, ન્યાયની યુક્તિ સહિત છે, અનેક રસોથી પૂર્ણ છે એમ સમજે છે. તે શાસ્ત્રના કથનમાં અધ્યાત્મરસની ખોજ કરતો નથી કે તેનું (અધ્યાત્મરસનું) પાન કરતો નથી. બહિરાત્માનું જીવન વિષય તથા કષાયનું પોષણ કરવામાં વ્યતીત થાય છે. તે મરીને પણ વિષયસુખની સામગ્રીને જ ઈચ્છે છે. આ જ ભાવનાથી ભારે તપનું સાધન કરે છે.

હું શુદ્ધ થઈને સદા આત્મિક સુખ ભોગવી શકું એવી ભાવનાથી શૂન્ય હોય છે. બહિરાત્માને મિથ્યાત્વ કર્મના ઉદયવશ સાચું તત્ત્વ દેખાતું નથી. તે ભિન્ન ભિન્ન દર્શનોના શાસ્ત્રો સમજીને યથાર્થ જિનભાષિત તત્ત્વો ઉપર શ્રદ્ધા લાવતો નથી. લોકમાં છ દ્રવ્યોની સત્તા હોવા છતાં પણ કેવળ એક બ્રહ્મમય જગત છે, એક પરમાત્મા ઈશ્વર સિવાય કાંઈ નથી, આ બધી એની જ રચના છે, એનું જ રૂપાન્તર છે, એની જ માયા છે અને ઈશ્વર જ જગતનો કર્તા છે, જીવોને સુખદુઃખનું ફળ આપે છે એમ માને છે.

દ્રવ્યનો સ્વભાવ ધ્રુવ હોવા છતાં તે પરિણમનશીલ છે. જો એમ ન હોય તો જગતમાં કોઈ કામ જ ન થાય, આમ ન માનતાં કાં તો વસ્તુને સર્વથા નિત્ય અથવા પરિણમનશીલ માને છે અથવા તો સર્વથા અનિત્ય કે પરિણમનશીલ માની લે છે. કોઈ વાર બહિરાત્મા હિંસાનાં કાર્યોમાં ધર્મ માનીને, પશુબલિ આપીને, રાત્રિભોજન કરીને અથવા નદીઓમાં સ્નાન કરીને ધર્મ માની લે છે. વીતરાગતાની પૂજા ન કરતાં શૃંગાર સહિતના દેવોની અને શસ્ત્રાદિસહિતના દેવોની તથા સંસારાસક્ત દેવોની પૂજા કરવાથી પુણ્યબંધ માની લે છે અને મોક્ષ થવો પણ માની લે છે. કોઈ બહિરાત્માને આત્માની પૃથક્ સત્તા ઉપર જ વિશ્વાસ હોતો નથી. તે પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુથી જ આત્માની ઉત્પત્તિ માની લે છે.

કોઈ બહિરાત્મા આત્માને સદાય રાગી, દ્વેષી કે અલ્પજ્ઞ રહેવાનું જ માની લે છે. તે કદી વીતરાગ સર્વજ્ઞ થઈ શકે એમ માનતો નથી. આ બહિરાત્મા મૂઢ થયો થકો મિથ્યાશ્રદ્ધાન, મિથ્યાજ્ઞાન અને મિથ્યા ચારિત્રથી મિથ્યામાર્ગી થયો થકો સંસારમાં અનાદિ કાળથી ભટકતો આવ્યો છે અને ભટકતો રહેશે. જે મનુષ્યને સાગર પાર કરાવનારી નૌકા ન મળે તે સાગરમાં જ ગોથાં ખાતો ખાતો ડૂબવાનો છે. બહિરાત્મા સમાન કોઈ અજ્ઞાની અને પાપી નથી. જેને સીધો રસ્તો ન મળે, જે ઉલટા રસ્તે ચાલે તે સાચા ધ્યેયને કેવી રીતે પામી શકે ?

શ્રી નેમીચન્દ્ર સિદ્ધાંતચક્રવર્તી ગોમ્મટસાર જીવકાંડમાં કહે છે –

**मिच्छत्तं वेदंतो जीवो विवरीयदंसणो होदि ।**
**णय धम्मं रोचेदि हु महुरं खु रसं जहा जरिदो ॥१७॥**

**मिच्छाइट्ठी जीवो उवइट्ठं पवयणं ण सद्दहदि ।**
**सद्दहदि असब्भावं उवइट्ठं वा अणुवइट्ठं ॥१८॥**

**ભાવાર્થ** : મિથ્યાત્વ કર્મનું ફળ ભોગવનાર જીવ વિપરીત શ્રદ્ધાની હોય છે. જેમ જ્વરપીડિત મનુષ્યને મધુર રસ રુચતો નથી તેમ મિથ્યાદષ્ટિને ધર્મ રુચતો નથી. આવો મિથ્યાદષ્ટિ જીવ જિનેન્દ્રકથિત તત્ત્વોની શ્રદ્ધા કરતો નથી, પરના ઉપદેશથી અથવા પરના ઉપદેશ વિના અયથાર્થ તત્ત્વોની શ્રદ્ધા કર્યા કરે છે.

શ્રી કુંદકુંદાચાર્યદેવ દર્શન પાહુડમાં કહે છે -

**दंसणभट्ठा भट्ठा दंसणभट्ठस्स णत्थि णिव्वाणं ।**
**सिज्झंति चरियभट्ठा दंसणभट्ठा च सिज्झंति ॥३॥**

**सम्मत्तरयणभट्ठा जाणंता बहुविहाइं सत्थाइं ।**
**आराहणा विरहिया भमंति तत्थेव तत्थेव ॥४॥**

**सम्मत्तविरहिया णं सुट्ठु वि उग्गं तवं चरंता णं ।**
**ण लहंति वोहिलाहं अवि वाससहस्स कोडी हिं ॥५॥**

**ભાવાર્થ** : જેનું શ્રદ્ધાન ભ્રષ્ટ છે તે જ ભ્રષ્ટ છે કેમ કે દર્શનભ્રષ્ટ બહિરાત્માને કદી નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. જો કોઈ ચારિત્રથી ભ્રષ્ટ હોય પરંતુ બહિરાત્મા ન હોય; તો તે સિદ્ધ થઈ શકશે. પરંતુ જે સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ છે, તે કદી મોક્ષ નહિ પામી શકે. જેમને સમ્યક્દર્શન રૂપી રત્નની પ્રાપ્તિ નથી, તે જુદાં જુદાં શાસ્ત્રો જાણતો હોય તો પણ રત્નત્રયની આરાધના વિના વારંવાર સંસારમાં ભ્રમણ જ કરશે. જે કોઈ સમ્યગ્દર્શનથી શૂન્ય બહિરાત્મા છે તે કરોડો વર્ષો સુધી ભયંકર કઠણ તપનું આચરણ કરવા છતાં પણ રત્નત્રયની પ્રાપ્તિ અથવા આત્માનુભવ પામી શકતા નથી.

શ્રી નાગસેન મુનિ તત્ત્વાનુશાસનમાં કહે છે -

**शश्वदनात्मीयेषु स्वतनुप्रमुखेसु कर्मजनितेषु ।**
**आत्मीयाभिनिवेशो ममकारो मम यथा देहः ॥१४॥**

**ये कर्मकृता भावाः परमार्थनयेन चात्मनो भिन्नाः ।**
**तत्रात्माभिनिवेशोऽहंकारोऽहं यथा नृपतिः ॥१५॥**

**तदर्थानिन्द्रियै गृंह्यन् मुह्यति द्वेष्टि रज्यते ।**
**ततो बंधो भ्रमत्येवं मोहव्यूहगतः पुमान् ॥१६॥**

**ભાવાર્થ :** બહિરાત્મા મિથ્યાદષ્ટિ જીવ મમકાર અને અહંકારના દોષોથી લિપ્ત રહે છે. શરીર, ધન, પરિવાર, દેશ-ગ્રામાદિ પદાર્થ જે સદાય પોતાના આત્માથી જુદા છે અને જેમનો સંયોગ કર્મના ઉદયથી થયો છે તેમને પોતાના માનવા તે મમકાર છે. જેમ કે આ શરીર મારું છે. જે કર્મના ઉદયથી થનારા રાગાદિ ભાવ નિશ્ચય નયથી આત્માથી ભિન્ન છે, તે રૂપે પોતાને રાગી, દ્વેષી આદિ માનવો તે અહંકાર છે. જેમ કે હું રાજા છું. આ જીવ ઈન્દ્રિયોથી પદાર્થોને જાણીને તેમાં મોહ કરે છે, રાગ કરે છે, દ્વેષ કરે છે ત્યારે કર્મો બાંધે છે. આ રીતે આ બહિરાત્મા મોહની સેનામાં જોડાઈને સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

## અન્તરાત્માનું સ્વરૂપ

**जो परियाणइ अप्प परु जो परभाव चएइ ।**
**सो पंडिउ अप्पा मुणहिं सो संसार मुएइ ॥८॥**

પરમાત્માને જાણીને, ત્યાગ કરે પરભાવ;
તે આત્મા પંડિત ખરો, પ્રગટ લહે ભવપાર. ૮.

**અન્વયાર્થ :** ( **जो अप्प परु परियाणइ** ) જેકોઈ આત્માને અને પરને અર્થાત્ પોતાનાથી ભિન્ન પદાર્થોને સારી રીતે ઓળખે છે ( **जो परभाव चएइ** ) તથા જે પોતાના આત્માના સ્વભાવ સિવાય અન્ય સર્વ ભાવોનો ત્યાગ કરી દે છે ( **सो पंडिउ** ) તે જ પંડિત, ભેદવિજ્ઞાની અંતરાત્મા છે. તે ( **अप्पा मुणहिं** ) પોતે પોતાનો અનુભવ કરે છે ( **सो संसार मुएइ** ), તે જ સંસારથી છૂટી જાય છે.

**ભાવાર્થ :** સમ્યગદષ્ટિને અંતરાત્મા કહેવાય છે. મિથ્યાદષ્ટિ અજ્ઞાની પહેલા ગુણસ્થાનેથી ચડીને જ્યારે ચોથા અથવા પાંચમામાં કે સાતમા ગુણસ્થાનમાં આવે છે ત્યારે સમ્યગ્દષ્ટિ અંતરાત્મા થઈ જાય છે. મિથ્યાત્વની ભૂમિ ઓળંગીને સમ્યકત્વની ભૂમિમાં આવવાનો ઉપાય એ છે કે સંજ્ઞી પંચેન્દ્રિય જીવ પાંચ લબ્ધિઓની પ્રાપ્તિ કરે.

૧. ક્ષયોપશમ - આ લબ્ધિમાં એવી યોગ્યતા મેળવે છે જેથી બુદ્ધિ તત્ત્વ સમજવાને યોગ્ય હોય, પોતાના પાપકર્મના ઉદયને સમયે સમયે અનંતગુણા ઘટાડતા રહે અર્થાત્ પોતાનાં દુ:ખોની પરંપરાને ઘટાડતા જાય, શાતા પ્રાપ્ત કરતા જાય. આકુળ ચિત્તવાળો જીવ તત્ત્વ તરફ ઉપયોગ જોડી શકતો નથી.

૨. વિશુદ્ધિલબ્ધિ - સત્ ઉપદેશ અને સત્સંગના પ્રતાપે ભાવોમાં કષાયની એવી મંદતા હોય કે જેથી શુભ અને નીતિમય કાર્યો તરફ ચાલવાનો પ્રેમ અને ઉત્સાહ હોય તથા અશુભ

અને અનીતિમય કાર્યો તરફથી પરિણામ દૂર રહેતાં હોય. આ યોગ્યતાની પ્રાપ્તિને વિશુદ્ધિલબ્ધિ કહે છે.

૩. દેશનાલબ્ધિ - પોતાના હિતની ખોજમાં આસક્ત થઈને શ્રી ગુરુ પાસેથી અને શાસ્ત્રોમાંથી ધર્મોપદેશનું ગ્રહણ કરે, મનન કરે, ધારણામાં રાખે. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ; આ સાત તત્ત્વોનું સ્વરૂપ વ્યવહારનયથી અને નિશ્ચયનયથી બરાબર જાણે. વ્યવહારનયથી જાણે કે અજીવ, આસ્રવ, બંધ તો ત્યાગવા યોગ્ય છે અને જીવ, સંવર, નિર્જરા, મોક્ષ, એ ચાર તત્ત્વ ગ્રહણ કરવા યોગ્ય છે. નિશ્ચયનયથી જાણે કે આ સાત તત્ત્વોમાં બે જ દ્રવ્ય છે. જીવ અને કર્મપુદ્‌ગલ. કર્મપુદ્‌ગલ ત્યાગવા યોગ્ય છે અને પોતાના જ શુદ્ધ જીવ દ્રવ્યનું ગ્રહણ કરવા યોગ્ય છે. સાચા દેવ શાસ્ત્ર-ગુરુનું લક્ષણ જાણીને તેમના ઉપર વિશ્વાસ લાવે. આ રીતે આત્માને અને પરપદાર્થોને બરાબર સમજે. શુદ્ધ નિશ્ચયનયથી એ સારી રીતે જાણી લે કે હું એક આત્મ દ્રવ્ય છું, સિદ્ધ સમાન છું, પોતાના જ સ્વભાવમાં પરિણમનાર છું. હું રાગાદિ ભાવોનો કર્તા નથી અને સાંસરિક સુખ કે દુઃખનો ભોગવનાર નથી. હું કેવળ પોતાના જ શુદ્ધ ભાવનો કર્તા અને શુદ્ધ આત્મિક આનંદનો ભોક્તા છું. હું આઠ કર્મોથી, શરીરાદિથી અને અન્ય સર્વ આત્માદિ દ્રવ્યોથી નિરાળો છું, પોતાના ગુણોથી અભેદ છું. તે પોતાના આત્માને એવો સમજે, જેવો શ્રી કુન્દકુન્દાચાર્યે સમયસારમાં કહ્યો છે.

**जो पस्सदि अप्पाणं अबुद्धपुट्ठं अणण्णयं णियदं ।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि ॥१६॥**

**ભાવાર્થ** : જે કોઈ પોતાના આત્માને પાંચ પ્રકારે એક અખંડ શુદ્ધ દ્રવ્ય સમજે.

(૧) એ અબદ્ધસ્પૃષ્ટ છે. ન તો એ કર્મોથી બંધાયો છે કે ન એ કર્મોથી સ્પર્શાયો છે.

(૨) એ અનન્ય છે. જેમ કમળ પાણીથી નિર્લેપ છે તેમ તે સદા એક આત્મા જ છે, કદી નર, નારક, દેવ, તિર્યંચ નથી. જેમ માટી પોતાના બનેલા વાસણોમાં માટી જ રહે છે.

(૩) એ નિયત છે. નિશ્ચળ છે. જેમ પવનના તરંગ વિના સમુદ્ર નિશ્ચળ રહે છે તેમ આ આત્મા કર્મના ઉદય વિના નિશ્ચળ છે.

(૪) એ અવિશેષ અથવા સામાન્ય છે. જેમ સુવર્ણ પોતાના પીળા, ભારે ચીકણા વગેરે ગુણોથી અભેદ અને સામાન્ય છે તેમ આ આત્મા જ્ઞાન, દર્શન, સુખ વીર્યાદિ પોતાના જ ગુણોથી અભેદ અથવા સામાન્ય છે,એકરૂપ છે.

(૫) એ અસંયુક્ત છે.જેમ પાણી સ્વભાવથી ગરમ નથી, ઠંડું છે, તેમ આ આત્મા સ્વભાવથી પરમ વીતરાગ છે. રાગી, દ્વેષી, મોહી નથી.

શુદ્ધ નિશ્ચય નયની દૃષ્ટિ પરથી ભિન્ન આત્માને જોવાની હોય છે. જેમ ખરેખર તો મેલા પાણીમાં મેલથી પાણી જુદું છે, પાણી નિર્મળ છે, તેવી જ રીતે આ પોતાનો આત્મા શરીરથી, આઠ કર્મોથી અને રાગાદિ સર્વ પરભાવોથી જુદો છે. આ રીતે આત્મા અને અનાત્માને બરાબર જાણીને આત્માના પ્રેમી થઈ જાવ અને સર્વ ઈન્દ્ર, ચક્રવર્તી, નારાયણ આદિ લૌકિક પદ અને સંસાર દેહ ભોગોથી ઉદાસ થઈને તેમનો મોહ છોડી દો અને પોતાના આત્માનું મનન કરો. આત્માના મનન માટે નિત્ય ચાર કામ કરો.

(૧) અરિહંત, સિદ્ધ પરમાત્માની ભકિત-પૂજા કરવી.

(૨) આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ, એ ત્રણ પ્રકારના ગુરુઓની સેવા કરીને તત્વજ્ઞાનનું ગ્રહણ કરવું.

(૩) તત્વને દેખાડનારા ગ્રંથોનો અભ્યાસ કરવો.

(૪) એકાંતમાં બેસીને સાંજ સવારે થોડો સમય સામાયિક કરવી અને ભેદવિજ્ઞાનથી પોતાના તથા પરના આત્માને એક સમાન શુદ્ધ વિચારવા. રાગદ્વેષની વિષમતા મટાડવી.

આ રીતે મનન કરતાં કરતાં, કર્મોની સ્થિતિ ઘટતાં ઘટતાં અંતઃક્રોડાક્રોડી સાગર માત્ર રહી જાય ત્યારે ચોથી પ્રાયોગ્યલબ્ધિ એક અંતર્મુહૂર્ત માટે થાય છે, ત્યારે ચોત્રીસ બંધાપસરણ થાય છે. દરેક બંધાપસરણમાં સાતસો આઠસો-સાગર કર્મોની સ્થિતિ ઘટે છે. પછી જ્યારે સમ્યકત્વની પ્રાપ્તિને એક અંતર્મુહૂર્ત સમય બાકી રહે છે ત્યારે (પાંચમી) કરણલબ્ધિ પ્રાપ્ત કરે છે. તે વખતે પરિણામ સમયે સમયે અનંતગુણા અધિક શુધ્ધ થયા કરે છે. જે પરિણામોના પ્રતાપે સમ્યગ્દર્શનને રોકનાર અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ કર્મનો અવશ્ય ઉપશમ થઈ જાય છે તે પરિણામોની પ્રાપ્તિને કરણલબ્ધિ કહે છે. એક અંતર્મુહૂર્તમાં એ બહિરાત્મા ચોથા ગુણસ્થાનમાં આવીને સમ્યગ્દષ્ટિ અંતરાત્મા થઈ જાય છે.

અંતરાત્માને પંડિત કહે છે કેમ કે તેને ભેદવિજ્ઞાનની પ્રજ્ઞા અથવા બુદ્ધિ પ્રાપ્ત થઈ જાય છે. એને એવી શકિત પ્રગટ થઈ જાય છે કે તે જ્યારે ઈચ્છે ત્યારે પોતાના આત્માના શુધ્ધ સ્વભાવનું ધ્યાન કરીને તેનો અનુભવ કરી શકે. એ નિઃશંક થઈને તત્ત્વજ્ઞાનનું મનન કર્યા કરે છે. ચારિત્રમોહનીયના ઉદયથી ગૃહસ્થ યોગ્ય કાર્યો સારી રીતે કરે છે તો પણ તેમ લિપ્ત થતાં નથી. તે બધાને નાટક સમજીને કરે છે. અંદરથી જ્ઞાતાદૃષ્ટા રહે છે. ભાવના એવી રહે છે કે ક્યારે કર્મનો ઉદય મટે અને હું કેવળ એક વીતરાગ ભાવમાં જ રમણ કર્યા કરું. આવો અંતરાત્મા ચાર લક્ષણોથી યુકત હોય છે.

(૧) પ્રશમ- શાંતભાવ તે વિચારશીલ થઈને દરેક વાત ઉપર કારણકાર્યનું મનન કરે છે, એકાએક ગુસ્સે થઈ જતો નથી.

(૨) સંવેગ- તે ધર્મનો પ્રેમી હોય છે અને સંસાર,દેહ, ભોગોથી વિરકત હોય છે.

(૩) અનુકંપા- તે પ્રાણીમાત્ર પ્રત્યે દયાળુ હોય છે.

(૪) આસ્તિકય- તેને આલોક અને પરલોકમાં શ્રધ્ધા હોય છે.

પરમાત્મ પ્રકાશમાં કહ્યું છે -

**देह-विभिण्णउ णाणमउ, जो परमप्पु णिएइ ।**
**परमसमाहि-परिट्ठियउ, पंडिउ सो जि हवेइ ॥१४॥**

**ભાવાર્થ:** જે કોઈ પોતાના દેહથી ભિન્ન પોતાના આત્માને જ્ઞાનમય પરમાત્મારૂપ દેખે છે અને પરમ સમાધિમાં સ્થિર થઈને ધ્યાન કરે છે, તે જ પંડિત અંતરાત્મા છે.

દર્શન પાહુડમાં કહ્યું છે -

**छह दव्व णव पयत्था पंचत्थी सत्त तच्च णिद्दिट्ठा ।**
**सद्दहइ ताण रूवं सो सद्दिट्ठी मूणेयव्वो ॥१९॥**
**जींवादी सद्दहणं सम्मत्तं जिणवरेहिं पण्णत्तं ।**
**ववहारा णिच्छयदो अप्पाणं हवइ सम्मत्तं ॥२०॥**

**ભાવાર્થ:** જીવ,પુદ્‌ગલ,ધર્માસ્તિકાય,અધર્માસ્તિકાય,આકાશ,કાળ,આ છ દ્રવ્ય છે. કાળ સિવાયના પાંચ અસ્તિકાય છે. જીવાદિ સાત તત્વ છે.પુણ્ય-પાપ તેમાં ઉમેરીને નવ પદાર્થ કહેવાય છે. તે બધાનું જે શ્રધ્ધાન કરે છે તેને સમ્યગ્દષ્ટિ જાણવો.

જિનેન્દ્રદેવે કહ્યું છે કે જીવાદિનું શ્રધ્ધાન વ્યવહાર સમ્યકત્વ છે અને પોતાના જ આત્માનું યથાર્થ શ્રધ્ધાન નિશ્ચય સમ્યકત્વ છે.

સમયસાર કળશમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે -

**वर्णाद्या वा रागमोहादयो वा भिन्ना भावाः सर्व एवास्य पुंसः ।**
**तेनैवान्तस्तत्त्वतः पश्यतोऽमी नो द्रष्टाः स्युर्दृष्टमेकं परं स्यात् ॥५२॥**

**ભાવાર્થ** - વર્ણાદિ અને રાગાદિ સર્વભાવ આ આત્માના સ્વભાવથી ભિન્ન છે.તેથી જે કોઈ નિશ્ચય તત્વની દષ્ટિથી પોતાની અંદર જુએ છે તેને આ બધા રાગાદિ ભાવ દેખાતા નથી, કેવળ એક પરમાત્મા જ દેખાય છે.

સારસમુચ્ચયમાં કહ્યું છે-

**पण्डितोऽसौ विनीतोऽसौ धर्मज्ञः प्रियदर्शनः ।**
**यः सदाचारसम्पन्नः सम्यक्त्व द्रढमानसः ॥४२॥**

**ભાવાર્થ:** જે કોઇ સમ્યગ્દર્શનમાં દૃઢ છે અને સદાચારી છે, તે જ પંડિત છે, તે જ વિનયવાન છે. તે જ ધર્માત્મા છે, એનું જ દર્શન પ્રિય છે.

## પરમાત્માનું સ્વરૂપ

**णिम्मलु णिक्कलु सुद्ध जिणु विण्हु बुध्धु सिव संतु ।**
**सो परमप्पा जिणभणिउ एहउ जाणि णिभंतु ॥९॥**

**નિર્મળ, નિકલ, જિનેન્દ્ર, શિવ, સિધ્ધ, વિષ્ણુ, બુદ્ધ શાંત,**
**તે પરમાત્મા જિન કહે, જાણો થઈ નિર્ભ્રાન્ત. ૯.**

**અન્વયાર્થ :** (**णिम्मलु**) જે કર્મ મળ અને રાગાદિ મળરહિત છે, (**णिक्कलु**) જે નિષ્કલ અર્થાત્ શરીરરહિત છે, (**सुद्ध**) જે શુધ્ધ અભેદ એક છે, (**जिणु**) જેણે આત્માના સર્વ શત્રુઓને જીતી લીધા છે, (**विण्हु**) જે વિષ્ણુ છે અર્થાત્ જ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોક વ્યાપી છે-- સર્વના જ્ઞાતા છે (**बुध्धु**) જે બુદ્ધ છે અર્થાત્ સ્વ-પર તત્વને સમજનાર છે (**सिव**) જે શિવ છે-પરમ કલ્યાણકારી છે, (**संतु**) જે પરમ શાંત અને વીતરાગ છે (**सो परमप्पा**) તે જ પરમાત્મા છે (**जिणभणिउ**) એમ જિનેન્દ્રદેવે કહ્યું (**पहड णिभंतु जाणि**) આ વાત તું નિઃશંકપણે જાણ.

**ભાવાર્થ :** પરમાત્મા ઉત્કૃષ્ટ અને પરમ પવિત્ર આત્માને કહે છે જે કેવળ એક આત્મા જ છે તેની સાથે કોઇ પણ પાપપુણ્યરૂપી કર્મનો સંયોગ નથી, કે ન તે કોઇ જાતનો કષાયભાવ,રાગ,દ્રેષ,મોહ રાખે છે. તેમનામાં સાંસારિક પ્રાણીઓમાં પ્રાપ્ત થતા દોષ નથી. સંસારી પ્રાણી ઇચ્છા અને તૃષ્ણાને વશીભૂત થઈને મનથી અમુક કામ કરવાનો સંકલ્પ કે વિચાર કરે છે, વચનો વડે આજ્ઞા દે છે, શરીરથી ઉધમ અથવા આરંભ કરે છે. કામ સિધ્ધ થાય તો સંતોષ અને (કાર્ય) સિધ્ધ ન થાય તો વિષાદ કરે છે, કોઇના ઉપર રાજી થાય છે તો કોઇ ઉપર નારાજ થાય છે. પરમાત્મામાં મોહનો લેશ માત્ર પણ સંબંધ નથી. વળી ન મન, વચન, કાયા છે તેથી તેમને કોઇ પ્રકારની ઇચ્છા, કોઇ પ્રકારનો પ્રયત્ન કે કોઇ રાગ, દ્રેષ, મોહ અથવા વિકાર,સંતોષ, અસંતોષ કાંઇ પણ સંભવતું નથી. તેથી પરમાત્મામાં ન તો જગતને કરવાનો, સુધારવાનો કે બગાડવાનો કોઇ આરોપ કરી શકાય છે. તે સંસારની પ્રપંચજાળમાં પડી શકતા નથી. તે પરમ કૃતકૃત્ય છે.

જગત અનાદિ છે-કર્મની જરૂર નથી. આ જગતમાં કાર્યો તો સ્વભાવથી થઇ જાય છે. જેમ કે પાણીની વરાળ થવી, વાદળ થવાં, વરસાદ વરસવો, નદીનું વહેવું, માટીને ઘસડી જવી, માટીનું ઠરીને જમીન બની જવું વગેરે વગેરે. કેટલાક કાર્યો કરવામાં ઇચ્છાવાળા સંસારી જીવ નિમિત્ત છે. ખેતી, કપડાં, વાસણ વગેરે મનુષ્ય અને માળા વગેરે પક્ષીઓ ઇચ્છાથી બનાવે છે. આ રીતે જગતનું કામ ચાલી રહ્યું છે.

પાપપુણ્યના ફળ પણ સ્વંય મળી જાય છે. કાર્મણ શરીરમાં બંધાયેલું કર્મ જ્યારે પાકે છે ત્યારે તેનું ફળ પ્રગટ થાય છે. જેમ કે ક્રોધ, માન, માયા, લોભ કે કામ ભાવનું થવું અથવા નિત્ય ગ્રહણ કરવામાં આવતા ભોજન, પાણી, હવાનું સ્વયંરસ, રુધિર, અસ્થિ, ચરબી, માંસ,આદિરૂપ થઇ જવું, રોગોનું થવું, શરીરમાં બળ આવવું, વિષ ખાવાથી મરણ થવું વગેરે.

જો પરમાત્મા આ હિસાબ રાખે તો તેને ઘણી ચિંતા કરવી પડે તથા જો તેને જગતના પ્રાણીઓ ઉપર કરુણા હોય તો તે સર્વ શકિતમાન હોવાથી પ્રાણીઓના ભાવ જ બદલી નાંખે કે જેથી તેઓ પાપકર્મ ન કરે. જે ફળ આપી શકે. દંડ આપી શકે, તે પોતાને આધીન હોય તેમને ખરાબ કામોમાંથી રોકી પણ શકે. પરમાત્મા સદા સ્વરૂપમાં મગ્ન, પરમાનંદનું અમૃત પાન કર્યા કરે છે, તેમનામાં કોઇ ફળ આપવાનો વિકાર કે પ્રયત્ન હોવો સંભવતો નથી. જો પરમાત્મા કોઇના ઉપર પ્રસન્ન થઇને સુખ આપતા ન હોય તો પરમાત્માની સ્તુતિ, ભકિત અને પૂજા કરવાનું શું પ્રયોજન છે ?

એનું સમાધાન એ છે કે તે પવિત્ર છે, શુધ્ધ ગુણોના ધારક છે, તેમના નામસ્મરણથી, ગુણસ્મરણથી, તેમની પૂજા-ભકિત કરવાથી ભકતજનોના પરિણામ નિર્મળ થઇ જાય છે, રાગદ્વેષના મેલથી રહિત થઇ જાય છે, ભાવોની શુધ્ધિથી પાપ સ્વયં કપાઇ જાય છે. શુભોપયોગથી પુણ્ય સ્વયં બંધાઇ જાય છે. જેમ જડ શાસ્ત્રો વાંચવા સાંભળવાથી પરિણામોમાં જ્ઞાન અને વૈરાગ્ય આવી જાય છે. તેવી જ રીતે પરમાત્માની પૂજા ભક્તિથી પરિણામોમાં શુદ્ધ આત્માનું જ્ઞાન અને સંસારપ્રત્યે વૈરાગ્ય આવી જાય છે. પરમાત્મા ઉદાસીન નિમિત્ત છે, પ્રેરક નિમિત્ત નથી. આપણે બધા તેમના આલંબનથી પોતાનું ભલું કરી લઇએ છીએ. પરમાત્મા કોઇને મુકિત પણ આપતા નથી. આપણે તો પરમાત્માની ભકિત દ્વારા જ્યારે અદ્વૈત એક નિશ્ચય પોતાના જ આત્મામાં સ્થિર થઇને પરમ સમાધિનો અભ્યાસ કરીશું ત્યારે જ કર્મરહિત પરમાત્મા થઇશું. આ કારણે પરમાત્મા નિર્મળ છે.

પરમાત્માને તૈજસ, કાર્મણ, આહારક, વૈક્રિયિક કે ઔદારિક કોઈ શરીરનો સંબંધ નથી હોતો તો પણ તે અમૂર્તિક જ્ઞાનમય આકાર ધારણ કરે છે. જે શરીર છોડીને પરમાત્મા થાય છે તે શરીરમાં જેવા ધ્યાનાકાર હતા તેવો જ (તેમનો) આકાર મોક્ષ જતાં બની રહે છે. આકાર વિનાની કોઇ વસ્તુ હોઇ શકતી નથી. અમૂર્તિક દ્રવ્યોનો અમૂર્તિક અને મૂર્તિક પુદ્ગલ રચિત દ્રવ્યોનો મૂર્તિક આકાર હોય છે.

પરમાત્મા શુદ્ધ છે, તેમાં કર્તા,કર્મ આદિના કારક નથી તથા તે પોતાના અનંત ગુણ પર્યાયોનો અખંડ, અમિટ, એક સમુદાય છે, જેમાંથી કોઈ ગુણ છૂટો પડી જતો નથી કે ન કોઈ નવો ગુણ પ્રવેશી શકે છે. તે જ પરમાત્માને જિનેન્દ્ર કહે છે. કેમ કે જગતમાં એવી કોઇ શક્તિ નથી કે જે તેને જીતી શકે અને તેને ફરીથી સંસારી કે વિકારી બનાવી શકે. તે સદા વિનયશીલ રહે છે. કારણ ન હોવાથી રાગદ્વેષમાં ફસાતા નથી કે પુણ્ય પાપ બાંધતા નથી. પરમાત્માનું પદ કોઇ કર્મનું ફળ નથી પણ સ્વાભાવિક આત્માનું પદ છે. તેથી તે કદી વિભાવરૂપ થઇ શકતું નથી. તે જ પરમાત્મા સાચા વિષ્ણુ છે કેમ કે તે સર્વજ્ઞ હોવાથી તેમના જ્ઞાનમાં સર્વ દ્રવ્યોના ગુણપર્યાય એક સાથે બિરાજમાન છે. માટે તે સર્વવ્યાપી વિષ્ણુ છે તે જ સાચા બુધ્ધ છે કેમ કે તે જ્ઞાતાદ્રષ્ટા છે અને સર્વ અજ્ઞાનથી રહિત છે. તે જ સાચા શિવ છે, મંગળરૂપ છે. તેના ભજનથી આપણું કલ્યાણ થાય છે. તે પરમાત્મા પરમ શાંત છે, પરમ વીતરાગ છે.

નિશ્ચયથી સિદ્ધ પરમાત્મા જ સાચા પરમાત્મા છે. અરિહંતના આત્મામાં પણ પરમાત્માના ગુણ પ્રગટ છે. પરંતુ તે ચાર અધાતી કર્મ સહિત છે, શરીર સહિત છે. તે શીઘ્ર જ સિધ્ધ થશે તેથી તેમને પણ પરમાત્મા કહે છે. સર્વજ્ઞ અને વીતરાગ બન્નેય અરિહંત અને સિધ્ધ પરમાત્મા છે.

પરમાત્મા આપણા આદર્શ છે, આપણે તેમને ઓળખીને તેમના સમાન પોતાને બનાવવાનો પ્રયત્ન કરવો જોઇએ.

પરમાત્મા પ્રકાશમાં કહ્યું છે -

**अप्पा लद्धउ णाणमउ, कम्मविमुक्कें जेण ।**
**मेल्लिवि सयलु वि दव्वु परू, सो परू मुणहि मणेण** ॥१५॥

**णिच्चु णिरंजणु णाणमउ, परमाणंद सहाउ ।**
**जो एहउ सो संतु सिउ, तासु मुणिज्जहि भाउ** ॥१७॥

**वेयहिं सत्थहिं इंदियहिं, जो जिय मुणहु ण जाइ ।**
**णिम्मल-झाणहं जो विसउ, सो परमप्पु अणाइ** ॥२३॥

**ભાવાર્થ** - જેણે સર્વ કર્મ દૂર કરીને અને સર્વ દેહાદિ પર દ્રવ્યોનો સંયોગ ટાળીને પોતાના જ્ઞાનમય આત્માની પ્રાપ્તિ કરી છે, તે જ પરમાત્મા છે, તેને શુધ્ધ મનથી જાણ. તે પરમાત્મા નિત્ય છે, નિરંજન-વીતરાગ છે, જ્ઞાનમય છે, પરમાનંદ સ્વભાવના ધારક છે. તે જ શિવ છે, શાંત છે, તેના શુધ્ધ ભાવને ઓળખો. જે વેદો દ્વારા, શાસ્ત્રો દ્વારા કે ઇંદ્રિયો દ્વારા જાણી શકાતો નથી, માત્ર નિર્મળ ધ્યાનમાં તે ઝળકે છે, તે જ અનાદિ, અનંત, અવિનાશી, શુધ્ધ આત્મા પરમાત્મા છે. સમાધિશતકમાં કહ્યું છે -

**निर्मलः केवलः शुद्धो विविक्तः प्रभुरव्ययः ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ॥६॥**

**ભાવાર્થ** - પરમાત્મા કર્મમળ રહિત છે, કેવળ સ્વાધીન છે, સાધ્યને સિધ્ધ કરીને સિધ્ધ (થયા) છે, સર્વ દ્રવ્યોની સત્તાથી નિરાળી સત્તાના ધારક છે, તે જ અનંતવીર્ય ધારક પ્રભુ છે, તે જ અવિનાશી છે, પરમપદમાં રહેનાર પરમેષ્ઠી છે, તે જ શ્રેષ્ઠ આત્મા છે, તે જ શુધ્ધ ગુણરૂપી ઐશ્વર્યના ધારક ઈશ્વર છે, તે જ પરમ વિજયી જિતેન્દ્ર છે.

શ્રી સમન્તભદ્રાચાર્ય સ્વયંભૂસ્તોત્રમાં કહે છે -

**न पूजयार्थस्त्वयि वीतरागे न निन्दया नाथ विवान्तवैरे ।**
**तथापि ते पुण्यगुणस्मृतिर्नः पुनातु चित्तं दुरिताञ्जनेभ्यः ॥५७॥**

**दुरितमलकलङ्क मष्टकं निरुपमयोगबलेन निर्दहन् ।**
**अभवदभवसौख्यवान् भवान् भवतु ममापि भवोपशान्तये ॥११५॥**

**ભાવાર્થ** - પરમાત્મા વીતરાગ છે, આપણી પૂજાથી પ્રસન્ન થતા નથી. પરમાત્મા વેરરહિત છે, આપણી નિન્દાથી અપ્રસન્ન નથી થતા. તો પણ તેમના પવિત્ર ગુણોનું સ્મરણ મનને પાપરૂપી મેલથી (રહિત કરી) સ્વચ્છ કરે છે.અનુપમ યોગાભ્યાસથી જેણે આઠ કર્મના કઠિન કલંકને બાળી નાખ્યું છે અને જે મોક્ષના અતીન્દ્રિય સુખના ભોક્તા છે, તે જ પરમાત્મા છે. મારો સંસાર શાંત કરવા માટે તે ઉદાસીન સહાયક છે.તેમના ધ્યાનથી હું સંસારનો ક્ષય કરી શકીશ.

## બહિરાત્મા પરને પોતાનો માને છે.

**देहादिउ जे पर कहिया ते अप्पाणु मुणेइ ।**
**सो बहिरप्पा जिणभणिउ पुणु संसार भमेइ ॥१०॥**

**દેહાદિક જે પર કહ્યાં, તે માને નિજરૂપ,**
**તે બહિરાતમ જિન કહે, ભમતો બહુ ભવકૂપ. ૧૦**

**અન્વયાર્થ** - (**देहादिउ जे पर कहिया**) શરીર આદિ જેને આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે (**ते अप्पाणु मुणेइ**) તે રૂપ જ પોતાને માને છે (**सो बहिरप्पा**) તે બહિરાત્મા છે. (**जिणभणिउ**) એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. (**पुणु संसार भमेइ**) તે વારંવાર સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

**ભાવાર્થ** : આત્મા વાસ્તવમાં એક અખંડ અમૂર્તિક જ્ઞાનસ્વરૂપી દ્રવ્ય છે. એનો સ્વભાવ પરમ શુદ્ધ છે. નિર્મળ જળ સમાન એ પરમ વીતરાગ, શાંત અને પરમાનંદમય છે,જેવા સિધ્ધ

પરમાત્મા સિદ્ધક્ષેત્રમાં એકાકી, નિરંજન, શુદ્ધ દ્રવ્ય છે,તેવો જ આ આપણો આત્મા શરીરની અંદર છે. આપણા આત્મામાં અને પરમાત્મામાં સત્તાની અપેક્ષાએ અર્થાત્ પ્રદેશોની કે આકારની અપેક્ષાએ બિલકુલ ભિન્નતા છે પરંતુ ગુણોની અપેક્ષાએ બિલ્કુલ એકતા છે.જેટલા ગુણ એક આત્મામાં છે, એટલા ગુણ બીજા આત્મામાં છે. પ્રદેશોની સંખ્યા પણ સરખી છે. દરેક આત્મા અસંખ્યાત પ્રદેશવાળો છે.

આ જાતનું આ આત્મદ્રવ્ય છે. જે કોઇ આમ માનતું નથી પણ આત્મા સાથે આઠ કર્મોનો સંયોગ સંબંધ હોવામાં તે કર્મોના ઉદય અથવા ફળથી જે જે અશુદ્ર અવસ્થાઓ આત્માની ઝળકે છે, તેમને આત્માનો સ્વભાવ જે માની લે છે તે બહિરાત્મા છે.

જેમ પાણીમાં જુદા જુદા પ્રકારના રંગ મેળવવાથી પાણી લાલ, લીલું,પીળું, કાળું, વાદળી દેખાય છે. આ રંગીન પાણીને કોઇ અસલી પાણી માની લે તો તેને મૂઢ અને અજ્ઞાની કહેવાય તથા તે સ્વચ્છ પાણીના બદલે રંગીન પાણી પીને પાણીનો સાચો સ્વાદ નહિ મેળવી શકે, તેવી જ રીતે જે કર્મોના ઉદયથી થતી વિકારી અવસ્થાને આત્મા માની લે અને તે આત્માનું ગ્રહણ કરીને તેનું ધ્યાન કરે તો તે અજ્ઞાનીને અસલી આત્માના જ્ઞાનાનંદ સ્વભાવનો સ્વાદ નહિ મળે, તે વિપરીત સ્વાદને જ આત્માનો સ્વાદ માની લેશે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયના ક્ષયોપશમથી જે અલ્પ અને અશુદ્ધ જ્ઞાન,દર્શન,વીર્ય સંસારી જીવોમાં પ્રગટ થાય છે તે આ જ ત્રણ પ્રકારનાં કર્મોના ઉદયથી મલિન છે.

જ્યાં સર્વઘાતી કર્મસ્પર્દ્ધકોનો ઉદયાભાવ લક્ષણ ક્ષય હોય અર્થાત્ ફળ આપ્યા વિના કર્મ ખરી જતાં હોય તથા આગામી ઉદયમાં આવનારાં કર્મોનો સત્તારૂપ ઉપશમ હોય તથા દેશઘાતી સ્પર્દ્ધકોનો ઉદય હોય તેને ક્ષયોપશમ કહે છે. આ મલિન અલ્પ જ્ઞાન, દર્શન, વીર્યને પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય માનવા મિથ્યા છે.એવી જ રીતે મોહનીય કર્મના ઉદયથી ક્રોધ, માન, માયા, લોભના ભાવ અથવા હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય જુગુપ્સા અને સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદરૂપ ભાવ થાય છે. કોઇ વાર લોભનો તીવ્ર ઉદય થાય છે ત્યારે તેને અશુભ રાગ કહે છે, કોઇ વાર લોભનો મંદ ઉદય થાય છે ત્યારે તેને શુભ રાગ કહે છે.

માન, માયા, ક્રોધના તીવ્ર ઉદયને પણ અશુભભાવ અને મંદ ઉદયને જે શુભ રાગનો સહકારી હોય તેને શુભ ભાવ કહે છે. પૂજા, ભક્તિ, દાન, પરોપકાર, સેવા, ક્ષમા, નમ્રતા, સરળતા, સત્ય, સંતોષ, સંયમ, ઉપવાસાદિ તપ, આહારદાન, ઔષધદાન, અભયદાન અને વિદ્યાદાન, અલ્પમમત્વ અને બ્રહ્મચર્યપાલન આદિ ભાવોને શુભ ભાવ અથવા શુભોપયોગ કહે છે.આવા ભાવોથી પુણ્યકર્મનો બંધ થાય છે.

હિંસા અસત્ય, ચોરી, કુશીલ, મૂર્ચ્છા, જુગાર રમવો, માંસાહાર, મદિરાપાન, શિકાર, વેશ્યાસેવન, પરસ્ત્રીસેવન, પરનો અપકાર, દુષ્ટ વ્યવહાર, ઇંદ્રિયોની લોલુપતા, તીવ્ર અહંકાર, કપટથી કોઇને છેતરવું, તીવ્ર ક્રોધ, તીવ્ર લોભ, તીવ્ર કામભાવ આદિ ભાવોને અશુભભાવ

અથવા અશુભોપયોગ કહે છે. આ અશુભ ભાવોથી પાપકર્મનો બંધ થાય છે. આ મોહનીય કર્મજનિત મલિન અને અશુચિ, આકુળતા કરનારા, દુઃખપ્રદ,શાંતિ વિઘાતક ભાવોને આત્માના ભાવ માની લેવા તે મિથ્યા છે.

અઘાતી કર્મોમાં આયુષ્યકર્મના ઉદયથી નરક,તિર્યંચ,મનુષ્ય અને દેવ એ ચાર પ્રકારે આત્મા શરીરોમાં બંદીવાન બની રહે છે.આ કેદખાનાને આત્માનું ઘર માનવું તે મિથ્યા છે.નામકર્મના ઉદયથી શરીરની સુંદર,અસુંદર,નીરોગી,સરોગી, બળવાન,નિર્બળ આદિ અનેક અવસ્થાઓ થાય છે,તેમને આત્મા માનવો તે મિથ્યા છે.ગોત્રકર્મના ઉદયથી નીચ અને ઊંચ કુળવાળો કહેવાય છે. તે કુળોને આત્મા માનવો તે મિથ્યા છે.વેદનીય કર્મના ઉદયથી શાતાકારી અને અશાતાકારી શરીરની અવસ્થા થાય છે અથવા ધન, કુટુંબ, રાજ્ય, ભૂમિ, વાહન, ઘર આદિ બહારના સારા નરસા, ચેતન કે અચેતન પદાર્થોનો સંબંધ થાય છે, તેમને પોતાના માનવા મિથ્યા છે.

બહિરાત્મા અજ્ઞાનથી કર્મજનિત દશાઓમાં પોતાપણું માનીને,પોતાના આત્માના સાચા સ્વભાવને ભૂલીને કદી પણ નિર્વાણનો લાભ પામી શકતો નથી. નિરંતર શુભ અશુભ કર્મ બાંધીને એક ગતિમાંથી બીજીમાં,બીજીમાંથી ત્રીજીમાં એ રીતે અનાદિકાળથી ભ્રમણ કરતો રહ્યો છે.

જો કોઈ સાધુ કે ગૃહસ્થનું ચારિત્ર પાળે અને એને પણ આત્માનો સ્વભાવ જાણી લે તથા હું સાધુ, હું શ્રાવક એમ અહંકાર કરે તો તે પણ બહિરાત્મા છે.

જો કે જ્ઞાની (ધર્માત્મા) શ્રાવક અને સાધુનું આચરણ પાળે છે તો પણ તે તેને વિભાવ જાણે છે, આત્માનો સ્વભાવ જાણતા નથી. પરમ શુધ્ધોપયોગ ભાવરૂપ જ આત્મા છે. શુકલધ્યાન કે જે સાધુને હોય છે તે પરમ શુધ્ધોપયોગ નથી કેમ કે દશમા ગુણસ્થાન સુધી તો મોહનો ઉદય મળેલો હોય છે. અગિયારમા,બારમામાં અજ્ઞાન છે. પૂર્ણ જ્ઞાન નથી તેથી આ અપરમ શુધ્ધોપયોગને પણ આત્માનો સ્વભાવ માનવો મિથ્યા છે. શ્રી સમયસારમાં કહ્યું છે -

**परमाणुमित्तियं विहु रागादीणं तु विज्जदे जस्स ।**
**णवि सो जाणदि अप्पा णयं तु सव्वागमधरो वि ॥२१४॥**

**ભાવાર્થ** : જેનામાં પરમાણુ માત્ર થોડોક પણ અજ્ઞાન સંબંધી રાગભાવ છે કે પરદ્રવ્ય અથવા પરભાવ આત્મા છે તે શ્રુતકેવળી સમાન ઘણા શાસ્ત્રોનો જ્ઞાતા હોય તો પણ તે આત્માને નથી ઓળખતો, તેથી બહિરાત્મા છે. પુરુષાર્થ સિધ્ધઉપાયમાં શ્રી અમૃતચન્દ્રાચાર્ય કહે છે -

परिणममाणो नित्यं ज्ञानविवर्तैरनादिसन्तत्या ।
परिणामानां स्वेषां स भवति कर्ता च भोक्ता च ॥१०॥

जीवकृतं परिणामं निमित्तमात्रं प्रपद्य पुनरन्ये ।
स्वयमेव परिणमन्तेऽत्र पुद्गलाः कर्मभावेन ॥१२॥

परिणममाणस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः ।
भवति हि निमित्तमात्रं पौद्गलिकं कर्म तस्यापि ॥१३॥

एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव ।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम् ॥१४॥

ભાવાર્થ : આ જીવ અનાદિકાળની પરિપાટીથી જ્ઞાનાવરણાદિ કર્મોના ઉદય સાથે પરિણમન કે વ્યવહાર કરતો થકો જે પોતાના શુધ્ધ પરિણામ કરે છે તેમનો જ તે અજ્ઞાની જીવ પોતાને કર્તા અને ભોકતા માની લે છે કે મેં સારું કર્યું, ખરાબ કર્યું ,હું સુખી છું, હું દુઃખી છું વગેરે. આ અજ્ઞાનમય જીવના પરિણામોનું નિમિત્ત પામીને બીજી પૌદ્ગલિક કર્મ-વર્ગણાઓ સ્વયં કર્મરૂપ થઈને બંધાઈને જાય છે. જ્યારે આ જીવ સ્વયં પોતાના અશુદ્ધ ભાવોમાં પરિણમે છે ત્યારે પૂર્વે બાંધેલું પૌદ્ગલિક કર્મ ઉદયમાં આવીને તે અશુધ્ધ ભાવનું નિમિત્ત થાય છે.આ રીતે કર્મફળ ભાવોને,કર્મના બંધને અને કર્મના ઉદયને બહિરાત્મા પોતાના માની લે છે.નિશ્ચયથી આત્મા આ સર્વ કર્મકૃત ભાવોથી જુદો છે.તો પણ અજ્ઞાની બહિરાત્માઓને એવો જ પ્રતિભાસ કે ભ્રમ રહે છે કે તે બધા ભાવ, વિકાર, દશા મારાં જ છે. કર્મકૃત પરિણામોને અથવા રચનાને જે નિશ્ચયથી પર છે - પોતાની સ્વભાવિક પરિણતિ અથવા દશા માની લેવી તે સંસારભ્રમણનું બીજ છે.આ બીજ સંસારરૂપી વૃક્ષને વધારે છે.

બહિરાત્મા અંધ,મોહી બનીને સંસાર-વનમાં ભટક્યા કરે છે.

## જ્ઞાનીએ પરને આત્મા ન માનવો જોઇએ.

देहादिउ जे पर कहिया ते अप्पाणु ण होहिं ।
इउ जाणेविणु जीव तुहुं अप्पा अप्प मुणेहिं ॥११॥

દેહાદિક જે પર કહ્યાં,તે નિજરૂપ ન થાય,
એમ જાણીને જીવ તું,નિજરૂપને નિજ જાણ. ૧૧.

અન્વયાર્થ : ( **देहादिउ जे पर कहिया** ) શરીર આદિને પોતાના આત્માથી ભિન્ન કહેવામાં આવ્યા છે ( **ते अप्पाणु ण होहिं** ) તે પદાર્થ આત્મા થઈ શકતા નથી અને તે રૂપે આત્મા થઈ

શકતો નથી. ( **इउ जाणेविणु** ) એમ સમજીને ( **जीव** ) હે જીવ! ( **तुहुं अप्पा अप्प मुणेहिं** ) તું પોતાને આત્મા જાણ,યથાર્થ આત્માનું જ્ઞાન કર.

**ભાવાર્થ** : બહિરાત્મા જ્યારે પર વસ્તુઓ અને પરભાવોને પોતાનો આત્મા માને છે ત્યારે અંતરાત્મા એમ માનતો નથી.તે માને છે કે આત્મા આત્મારૂપ જ છે.આત્માનો સ્વભાવ સર્વ અન્ય આત્માઓથી, પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોથી,આઠ કર્મોથી,આઠ કર્મોના ફળથી અને સર્વ રાગાદિ ભાવોથી નિરાળો પરમ શુધ્ધ છે. ભેદ વિજ્ઞાનની કળાથી તે આત્માને પરથી બિલ્કુલ ભિન્ન શ્રદ્ધે છે.ભેદવિજ્ઞાનની શકિતથી જ ભ્રમભાવનો નાશ થાય છે.હંસ દૂધને પાણીથી જુદું (પાડીને) ગ્રહે છે, ખેડૂત અનાજમાં ચોખાને ફોતરાથી જુદા જાણે છે, સોનાની માળામાં શરાફ સુવર્ણને દોરા આદિથી ભિન્ન સમજે છે,રાંધેલી શાકભાજીમાં લવણ (મીઠા) નો સ્વાદ શાકથી ભિન્ન સમજદાર મનુષ્યને આવે છે,ચતુર વૈધ એક ગોળીમાંની સર્વ ઔષધિઓને અલગ અલગ સમજે છે.એવી જ રીતે જ્ઞાની અંતરાત્મા આત્માને સર્વ દેહાદિ પર દ્રવ્યોથી ભિન્ન જાણે છે.

આત્મા વાસ્તવમાં અનુભવગમ્ય છે.મનથી એનું યથાર્થ ચિંત્વન થઇ શકતું નથી, વચનોથી એનું વર્ણન થઇ શકતું નથી,શરીરથી એનો સ્પર્શ થઇ શકતો નથી.કેમ કે મનનું કામ ક્રમપૂર્વક કોઇ સ્વરૂપના વિચાર કરવાનું છે,વચનોથી એક જ ગુણ કે સ્વભાવ એકી સાથે કહી શકાય છે.શરીર મૂર્તિક, સ્થૂળ દ્રવ્યને જ સ્પર્શી શકે છે,જ્યારે આત્મા તો અનંત ગુણ અને પર્યાયોનો અખંડ પિંડ છે.કેવળ અનુભવમાં જ એનું સ્વરૂપ આવી શકે છે, વચનોથી માત્ર સંકેત રૂપે કહી શકાય છે, મન દ્વારા ક્રમપૂર્વક જ વિચારી શકાય છે તેથી એવો ઉપદેશ છે કે પહેલાં શાસ્ત્રો દ્વારા અથવા યથાર્થ ગુરુના ઉપદેશથી આત્મા દ્રવ્યના ગુણ અને પર્યાયોને સમજી લે, તેના શુદ્ધ સ્વભાવને પણ જાણે તથા પરના સંયોગજનિત અશુદ્ધ સ્વભાવને પણ જાણે અર્થાત્ દ્રવ્યાર્થિકનયથી તથા પર્યાયાર્થિકનયથી અથવા નિશ્ચયનયથી અને વ્યવહારનયથી આત્માને સારી રીતે જાણવો.

આ આત્માનો સંબંધ કોઇ પણ પર વસ્તુ સાથે નથી.આ આત્મા પોતાના જ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય આદિ ગુણોનો સ્વામી છે.એનું ધન એના ગુણોરૂપી સંપદા છે, એનો નિવાસ અથવા ઘર એનો જ સ્વભાવ છે. આ આત્માના ભોજનપાન આદિ આનંદ અમૃત છે.આત્મામાં જ સમ્યગ્દર્શન છે, આત્મામાં જ સમ્યગ્જ્ઞાન છે, આત્મામાં જ સમ્યક્ચારિત્ર છે, આત્મામાં જ સમ્યક્ તપ છે, આત્મામાં જ સંયમ છે, આત્મામાં જ ત્યાગ છે, આત્મામાં જ સંવર તત્વ છે, આત્મામાં જ નિર્જરા છે, આત્મામાં જ મોક્ષ છે. જેણે પોતાનો ઉપયોગ આત્મામાં જોડયો, તેણે મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો.

આત્મા પોતા વડે જ પોતામાં ક્રીડા કરતો થકો ધીમે ધીમે શુદ્ધ થતાં થતાં પરમાત્મા થઇ જાય છે. જેટલી મન, વચન, કાયાની શુભ અને અશુભ ક્રિયાઓ છે તે બધી પર છે, આત્મા

નથી. ચૌદ ગુણસ્થાનના પગથિયા પણ આત્માનો નિજ સ્વભાવ નથી.આત્મા પરમ પારિણામિક એક જીવત્વભાવનો સ્વામી છે. જેનો પ્રકાશ કર્મરહિત સિદ્ધ ગતિમાં થાય છે. જ્યાં સિદ્ધત્વભાવ છે ત્યાં જીવત્વભાવ છે. અંતરાત્મા પોતાના આત્માને પરભાવોનો અકર્તા અને અભોક્તા દેખે છે. તે જાણે છે કે આત્મા જ્ઞાન ચેતનામય છે અર્થાત્ એ માત્ર શુદ્ધ જ્ઞાનનો સ્વાદ લેનાર છે. એમાં રાગદ્વેષરૂપ કાર્ય કરવાના અનુભવરૂપ કર્મચેતના તથા સુખદુઃખ ભોગવવા રૂપ કર્મફળ ચેતના નથી.

આત્માને ઓળખનાર અંતરાત્મા આત્મરસિક થઈ જાય છે, આત્માનંદનો પ્રેમી થઈ જાય છે, તેનામાં વિષયભોગજનિત સુખની શ્રદ્ધા નાશ પામે છે, તે એક આત્માનુભવને જ પોતાનું કાર્ય સમજે છે, તે સિવાય જે વ્યવહારમાં ગૃહસ્થ કે મુનિ અંતરાત્માને કર્તવ્ય કરવું પડે છે તે બધું મોહનીય કર્મના ઉદયની પ્રેરણાથી થાય છે. તેથી જ્ઞાની અંતરાત્મા ધર્મ, અર્થ, કામના પુરુષાર્થના બધા જ પ્રયત્નને આત્માનો સ્વાભાવિક ધર્મ માનતા નથી. આત્મા તો સ્વભાવથી સર્વ ચેષ્ટારહિત નિશ્ચળ પરમ કૃતકૃત્ય છે.

આ રીતે આત્માને કેવળ આત્મારૂપ જ ટંકોત્કીર્ણ જ્ઞાતા દૃષ્ટા, પરમાનંદમય સમજીને તેમાં જ રમણ કરવાના અત્યંત પ્રેમી થઈ જવું તે અંતરાત્માનો સ્વભાવ બની જાય છે. ત્રણ લોકની સંપત્તિને તે આદરથી જોતા નથી, તેમની પ્રતિષ્ઠાનું સ્થાન કેવળ પોતાનો જ શુદ્ધ સ્વભાવ છે. આ જ કારણે સમ્યગ્દૃષ્ટિ અંતરાત્માને જીવનમુક્ત કહેવામાં આવે છે. એ યથાર્થ જ્ઞાનથી અને પરમ વૈરાગ્યથી પૂર્ણ હોય છે, પરમતત્ત્વનો એક માત્ર રુચિવાન હોય છે. તેની દૃષ્ટિ એક શુદ્ધ આત્મતત્ત્વ ઉપર સ્થિર થાય છે. સમયસારમાં કહ્યું છે.

**पुग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो ।**
**ण हु एस मज्झ भावो जाणगभावो दु अहमिक्को ॥२०७॥**
**उदय विवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं ।**
**णदुते मज्झ सहावा जाणगभावो दु अहमिक्को ॥२१०॥**
**उप्पण्णोदय भोगे विओगबुद्धीय तस्स सो णिच्चं ।**
**कंखामणागदस्सय उदयस्स ण कुव्वदे णाणी ॥२२८॥**

**ભાવાર્થ** : રાગ એક પુદ્‌ગલકર્મ છે, તેના ફળથી આત્મામાં રાગભાવ થાય છે. એ કર્મકૃત વિકાર છે, મારો સ્વભાવ નથી; હું તો એક જ્ઞાયકભાવધારક આત્મા છું. જિનેન્દ્રોએ કહ્યું છે કે કર્મોના ઉદયથી જે જુદા જુદા પ્રકારનું ફળ થાય છે તે સર્વ મારા આત્માનો સ્વભાવ નથી, હું તો એક જ્ઞાયકભાવનો ધારક આત્મા છું. કર્મોદયથી પ્રાપ્ત વર્તમાન ભોગોમાં પણ જ્ઞાનીને આદર નથી, વિયોગ બુદ્ધિ જ છે. તો પછી જ્ઞાની આગામી ભોગોની ઈચ્છા કેવી રીતે કરી શકે ?

સમયસાર કળશમાં કહ્યું છે.

**इति वस्तु स्वभावं स्वं ज्ञानी जानाति तेन सः ।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः ॥१४॥**

**ભાવાર્થ** : જ્ઞાની પોતાની આત્મવસ્તુનો સ્વભાવ બરાબર જાણે છે તેથી રાગાદિભાવોને કદી આત્માનું ધન માનતા નથી, પોતે તેમના કર્તા થતા નથી. તે કર્મોદયથી થાય છે, આ (તો) તેમનો જાણનાર છે, બૃહત્ સામાયિક પાઠમાં શ્રી અમિતગતિ આચાર્ય કહે છે.

**नाहं कस्यचिदस्मि कश्चन न मे भावः परो विद्यते**
**मुक्त्वात्मानमपास्तकर्म्मसमितिं ज्ञानेक्षणालंकृतिं ।**

**यस्यैषा मतिरस्ति चेतसि सदा ज्ञातात्मतत्त्वस्थिते-**
**र्बंधस्तस्य न मंत्रितस्त्रिभुवनं सांसरिकैर्बंधनैः ॥११॥**

**ભાવાર્થ** : અંતરાત્મા જ્ઞાની વિચારે છે કે હું તો જ્ઞાનનેત્રોથી અલંકૃત અને સર્વ કર્મસમૂહથી રહિત એક આત્મદ્રવ્ય છું. તે સિવાય કોઈ પરદ્રવ્ય કે પરભાવ મારો નથી, ન હું કોઈનો સંબંધી છું. જે આત્મતત્ત્વના જ્ઞાતામાં આવી નિર્મળ બુદ્ધિ સદા રહે છે, તેને સાંસારિક બંધનોથી બંધન ત્રણ લોકમાં ક્યાંય પણ થઈ શકતું નથી.

નાગસેન મુનિ તત્ત્વાનુશાસનમાં કહે છે -

**सद्द्रव्यमस्मि चिदहं ज्ञाता द्रष्टा सदाप्युदासीनः ।**
**स्वोपात्त देहमात्रस्ततः पृथग्गगनवदमूर्त्तः ॥१५३॥**

**ભાવાર્થ** : હું સત્‌ભાવ દ્રવ્ય છું, ચૈતન્યમય છું, જ્ઞાતા દૃષ્ટા છું, સદાય વૈરાગ્યવાન છું. જો કે શરીરમાં શરીર પ્રમાણ છું તો પણ શરીરથી જુદો છું, આકાશ સમાન અમૂર્તિક છું.

## આત્મજ્ઞાની જ નિર્વાણ પામે છે.

अप्पा अप्पउ जइ मुणहि तउ णिव्वाण लहेहि ।
पर अप्पा जउ मुणिहि तुहुं तहु संसार भमेहि ॥१२॥

નિજને જાણે નિજરૂપ, તો પોતે શિવ થાય;
પરરૂપ માને આત્મને, તો ભવભ્રમણ ન જાય. ૧૨.

**અન્વયાર્થ** : (**जइ**) જો (**अप्पा अप्पउ मुणहि**) આત્મા આત્માને સમજશે (**तो णिव्वाण लहेहि**) તો નિર્વાણ પામશે. (**जउ**) જો (**पर अप्पा मुणहि**) પર પદાર્થોને આત્મા માનશે (**तहु तुहुं संसार भमेहि**) તો તું સંસારમાં ભ્રમણ કરીશ.

**ભાવાર્થ** : નિર્વાણ તેને કહે છે કે જ્યાં આત્મા સર્વ રાગદ્વેષ મોહાદિ દોષોથી મુક્ત થઈને અને સર્વ કર્મકલંકથી છૂટીને શુદ્ધ સુવર્ણસમાન પૂર્ણ શુદ્ધ થઈ જાય અને પછી સદાય શુદ્ધ ભાવોમાં જ કલ્લોલ કરે અને નિરંતર આનંદામૃતનો સ્વાદ લે. તે આત્માનું સ્વાભાવિક પદ છે. આ નિર્વાણનું સાધન પણ પોતાના જ આત્માને આત્મારૂપ સમજીને, તેનું જ તેવું જ ધ્યાન કરવું તે છે.

દરેક કાર્યમાં ઉપાદાન અને નિમિત્ત એ બે કારણોની જરૂર છે. મૂળ કારણને ઉપાદાન કારણ કહે છે કે જે સ્વયં કાર્યરૂપ પરિણમતું હોય. સહાયક કારણોને નિમિત્ત કારણ કહે છે. ઘડો બનાવવામાં માટી ઉપાદાન કારણ છે, કુંભાર, ચાકડો, વગેરે નિમિત્ત કારણ છે. કપડાં બનાવવામાં કપાસ ઉપાદાન કારણ છે, ચરખો, શાળ આદિ નિમિત્ત કારણ છે. સોનાની વીંટી બનાવવામાં સુવર્ણ ઉપાદાન કારણ છે, સોની, તેનાં સાધનો, અગ્નિ વગેરે નિમિત્ત કારણ છે.

એવી જ રીતે આત્માને શુદ્ધ થવામાં ઉપાદાન કારણ આત્મા જ છે, નિમિત્ત કારણ વ્યવહાર રત્નત્રય છે, મુનિ અને શ્રાવકનું ચારિત્ર છે; બાર તપ છે, મન, વચન, કાયાની ક્રિયાનો નિરોધ છે, નિમિત્ત હોવા છતાં ઉપાદાન કામ કરે છે, જેમ અગ્નિનું નિમિત્ત હોવા છતાં ચોખા જ ભાત રૂપ થાય છે, બન્ને કારણોની જરૂર છે. સાધક અથવા મુમુક્ષુએ સૌથી પહેલાં વ્યવહાર સમ્યગ્દર્શન દ્વારા અર્થાત્ પરમાર્થદેવ, શાસ્ત્ર, ગુરુના શ્રદ્ધાન તથા જીવાદિ સાત તત્ત્વોના શ્રદ્ધાન દ્વારા મનન કરીને ભેદજ્ઞાનની દૃઢતાથી પોતાના આત્માની પ્રતીતિરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ. ત્યારે જ આત્મજ્ઞાનનો યથાર્થ ઉદય થશે, વીતરાગતાનો અંશ ઝળકશે, સંવર અને નિર્જરાનું કાર્ય શરૂ થશે અને મોક્ષમાર્ગનો ઉદય થશે. કર્મોનો બંધ રાગદ્વેષમોહથી થાય છે તો કર્મોનો ક્ષય વીતરાગ ભાવથી થાય છે. વીતરાગભાવ પોતાના જ આત્માના રાગદ્વેષમોહરહિત પરિણામ અથવા વર્તન છે. મુમુક્ષુ જીવ બુદ્ધિપૂર્વક પરિણામોને વીતરાગભાવમાં લાવવાનો પુરુષાર્થ કરે એ તેનું કર્તવ્ય છે. ત્યારે કર્મ સ્વયં ખરશે અને નવીન કર્મના આસ્રવનો સંવર થશે.

રાગ, દ્વેષ, મોહ ઉત્પન્ન થવામાં અંતરંગ નિમિત્ત મોહકર્મનો ઉદય છે, બાહ્ય નિમિત્ત બીજા ચેતન અને અચેતન પદાર્થોનો સંયોગ તથા તેમની સાથેનો વ્યવહાર છે. તેથી બાહ્ય નિમિત્તો દૂર કરવા માટે શ્રાવકના બાર વ્રતોની પ્રતિજ્ઞા લઈને અગિયારમી પ્રતિમાની પૂર્તિ સુધી બાહ્ય પદાર્થો ઘટાડતા ઘટાડતા એક લંગોટ માત્ર ઉપર આવવાનું હોય છે. પછી નિર્ગ્રંથ દશા ધારણ કરીને બાળકની જેમ નગ્ન થઈ જવું પડે છે, સાધુનું ચારિત્ર પાળવું પડે છે, એકાંતમાં નિવાસ કરવો પડે છે, નિર્જન સ્થાનોમાં આસન જમાવીને આત્માનું ધ્યાન કરવું પડે છે, અનશન, ઊણોદર, રસત્યાગ આદિ તપ વડે ઈચ્છાનો નિરોધ કરવો પડે છે. શ્રાવક કે સાધુનું સર્વ વ્યવહારચારિત્ર પાળતાં, બાહ્ય નિમિત્ત મેળવતાં સાધકની દૃષ્ટિ ઉપાદાન કારણને ઉચ્ચ બનાવવા

તરફ રહેવી જોઈએ, અર્થાત્ પોતાના જ શુદ્ધાત્માના સ્વભાવમાં રમવાની અને સ્થિર થવાની પરમ ચેષ્ટા રહેવી જોઈએ.

સાધકે બાહ્ય ચારિત્રમાં નિમિત્ત માત્રથી સંતોષ ન કરવો જોઈએ. જ્યારે આત્મા આત્મસમાધિમાં અને આત્માનુભવમાં વર્તન કરે ત્યારે જ કાંઈક ફળ થયું, ત્યારે જ મોક્ષમાર્ગ સધાયો એવો ભાવ રાખવો જોઈએ. કેમ કે જ્યાં સુધી શુદ્ધાત્મધ્યાન થઈને શુદ્ધોપયોગનો અંશ પ્રગટશે નહિ ત્યાં સુધી સંવર અને નિર્જરાના તત્ત્વ પ્રગટશે નહિ. ત્યાં સુધી આત્માની એકદેશ શુદ્ધિ નહિ થાય. નિશ્ચયથી એમ સમજવું જોઈએ કે નિર્વાણનો માર્ગ એક આત્મધ્યાનના અગ્નિનું જલવું છે, એક આત્માનુભવ છે; આત્માનું આત્મરૂપ જ્ઞાન છે, પોતે જ પોતાને શુદ્ધ કરે છે, ઉપાદાન કારણ પોતે જ છે. જો પરિણામોમાં આત્માનુભવ ન પ્રગટે તો બાહ્ય ચારિત્રથી શુભ ભાવોના કારણે બંધ થશે, સંસાર વધશે, મોક્ષનું સાધન નહિ થાય.

એનાથી ઉલટું જ્યાં સુધી આત્માનું યથાર્થ જ્ઞાન નહિ થાય, જ્યાં સુધી આત્માને અન્યરૂપ માનતો રહેશે, જેવું જિનેન્દ્રભગવાને એનું સ્વરૂપ કહ્યું છે તેવું નહિ માને, આત્માને સાંસરિક વિકારનો કર્તા અને ભોક્તા માનશે અને જ્યાં સુધી તેને પોતાના આત્મા સિવાય પર પદાર્થોમાં પરમાણુમાત્ર પણ મોહ રહેશે ત્યાં સુધી તેને મિથ્યાત્વની કાલિમા મટી નથી એમ સમજવું પડશે.

મિથ્યાત્વની કાલિમાં રહેતાં બાહ્ય સાધુનું કે ગૃહસ્થનું ચારિત્ર પાળવા છતાં પણ સંસાર જ વધશે. વિશેષ પુણ્ય બાંધીને, શુભ ગતિમાં જઈને પછી અશુભ ગતિમાં ચાલ્યો જશે. જ્યાં સુધી આત્માનું આત્મારૂપ શ્રદ્ધાન નહિ થાય ત્યાં સુધી મિથ્યાદર્શનનો અનાદિ રોગ દૂર નહિ થાય, પર્યાય બુદ્ધિનો અહંકાર નહિ મટે, મિથ્યાભાવ દૂર નહિ થાય. વિષયભોગોનું સુખ ત્યાગવા યોગ્ય છે, એ શ્રદ્ધાન જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી મિથ્યાત્વ નહિ ખસે.

મિથ્યાદષ્ટિ રુચિપૂર્વક આસક્તિથી વિષયભોગ કરે છે. સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ અનાસક્તિથી અને કર્મોના ઉદયમાં લાચાર થઈને વિષયભોગ કરે છે અને ભાવના ભાવે છે કે આ કર્મનો વિકાર શીઘ્ર દૂર થાય તો ઠીક છે. જ્ઞાનીને ભોગો પ્રત્યે પૂર્ણ વૈરાગ્યભાવ હોય છે. અજ્ઞાની મિથ્યાદષ્ટિને તપ કરવા છતાં પણ ભોગ પ્રત્યે રાગભાવ રહે છે, તેથી જ તેનો સંસાર વધે છે. તે સંસારથી પાર થવાનો માર્ગ પામતા નથી.

સમયસારજીમાં કહ્યું છે -

**रत्तो बंधहि कम्मं मुंचदि जीवो विरागसंपण्णो ।**
**एसो जिणोवदेसो तम्हा कम्मेसु मा रज्ज ॥१६०॥**

**परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी ।**
**तम्हि ठिदा सब्भावे मुणिणो पावंति णिव्वाणं ॥१६१॥**

**परमट्ठम्मिय अठिदो जो कुणदि तवं वदं च धारयदि ।**
**तं सव्वं बालतवं बालवदं विंति सव्वण्हु ॥१६२॥**

**ભાવાર્થ** : શ્રી જિનેન્દ્રનો એવો ઉપદેશ છે કે રાગી જીવ કર્મોથી બંધાય છે, વૈરાગ્યથી પૂર્ણ જીવ કર્મોથી છૂટે છે; તેથી બંધ કરનારા એવા શુભાશુભ કાર્યોમાં રાગ ન કરો. નિશ્ચયથી પરમ પદાર્થ એક આત્મા છે. તે જ પોતાના સ્વભાવમાં એક જ કાળમાં પરિણમન કરવાથી અને જાણવાથી સમય છે, તે જ એક જ્ઞાનમય નિર્વિકાર હોવાથી શુદ્ધ છે, તે જ સ્વતંત્ર ચૈતન્યમય હોવાથી કેવળી છે, તે જ મનનમાત્ર હોવાથી મુનિ છે, તે જ જ્ઞાનમય હોવાથી જ્ઞાની છે. જે મુનિઓ આવા પોતાના જ આત્માના સ્વભાવમાં સ્થિર થાય છે, તેઓ જ નિર્વાણ પામે છે. જે કોઈ જીવ પરમપદાર્થરૂપ પોતાના આત્મામાં સ્થિતિ કર્યા વિના તપ કરે છે, તે સર્વ તપ અને વ્રતને, કે જે આત્મજ્ઞાન કે આત્માનુભવના પ્રયત્નથી શૂન્ય છે - સર્વજ્ઞ ભગવાને અજ્ઞાન તપ અને અજ્ઞાન વ્રત કહ્યા છે.

સમયસાર કળશમાં કહ્યું છે.

**पदमिदं ननु कर्मदुरासदं सहजबोधकला सुलभं किल ।**
**तत इदं निजबोधकलाबलात्कलयितुं यततां सततं जगत् ॥११-७॥**

**ભાવાર્થ** : નિવાર્ણનું પદ શુભ ક્રિયાઓ કરવાથી કદી પ્રાપ્ત થઈ શકતું નથી. તે તો સહજ આત્મજ્ઞાનની કળાથી સહજમાં મળે છે. તેથી જગતના મુમુક્ષુઓનું કર્તવ્ય છે કે તેઓ આત્મજ્ઞાનની કળાના બળથી સદાય તેનો જ પ્રયત્ન કરે.

તત્ત્વાનું શાસનમાં કહ્યું છે-

**पश्यन्नात्मानमैकाग्र्यात्क्षपयत्यर्जितान्मलान्**
**निरस्ताहंममिभावः संवृणोत्यप्यनागतान् ॥१७८॥**

**ભાવાર્થ** : જે કોઈ પરપદાર્થોમાં અહંકાર-મમકારનો ત્યાગ કરીને એકાગ્રભાવથી પોતાના આત્માનો અનુભવ કરે છે તે પૂર્વસંચિત કર્મમળોનો નાશ કરે છે અને નવીન કર્મોનો સંવર પણ કરે છે.

## ઈચ્છા રહિત તપ જ નિર્વાણનું કારણ છે.

इच्छा रहियउ तव करहि अप्पा अप्प मुणेहि ।
तउ लहु पावइ परम गई पुण संसार ण एहि ॥१३॥

વિણ ઈચ્છા શુચિ તપ કરે, જાણે નિજરૂપ આપ;
સત્વર પામે પરમપદ, તપે ન ફરી ભવતાપ. ૧૩.

**અન્વયાર્થ** : (**अप्पा**) હે આત્મા ! (**इच्छा रहियउ तव करहि**) જો તું ઈચ્છારહિત થઈને તપ કરીશ (**अप्प मुणेहि**) અને આત્માનો અનુભવ કરીશ (**तउ लहु परमगई पा वइ**) તો તું શીઘ્ર જ પરમ ગતિ પામીશ. (**पुण संसार ण एहि**) પછી નિશ્ચયથી કદી સંસારમાં નહિ આવીશ.

**ભાવાર્થ** : જેમ મલિન સુવર્ણ અગ્નિમાં ઉદ્દીપક નાખવાથી શુદ્ધ થાય છે, તેનો મેલ કપાય છે, તેવી જ રીતે તપના અગ્નિમાં જ્ઞાનવૈરાગ્યનું ઉદ્દીપક નાખવાથી એ અશુદ્ધ આત્મા કર્મમળ બાળીને શુદ્ધ થાય છે. શુદ્ધ સુવર્ણ જે કુંદન છે તે ફરી કદી મલિન થતું નથી અર્થાત્ મલિન એવા કિટ્ટ, કાલિમા સાથે તે મળી જતું નથી તેવી જ રીતે શુદ્ધ અને મુક્ત આત્મા ફરી કર્મના બંધનમાં પડતા નથી, ફરી સંસારમાં જન્મ-મરણ કરતા નથી.

તેથી મુમુક્ષુઓએ તપનો અભ્યાસ કરવો જોઈએ. તપ કરતાં કોઈ પ્રકારની ઈચ્છા ન રાખવી જોઈએ કે તપના ફળમાં નારાયણ, પ્રતિનારાયણ, બળદેવ, ચક્રવર્તી, ઈંદ્ર, અહમિન્દ્રપદ અથવા કોઈ સાંસારિક વિભૂતિ અથવા સાંસારિક સુખ પ્રાપ્ત થાય, કે માન, મોટાઈ, યશ મળે અથવા શત્રુનો નાશ થાય. તપસ્વીએ આ લોકની કે પરલોકની કોઈ વાંછા ન રાખવી જોઈએ. કેવળ એવી ભાવના કરવી કે મારો આત્મા શુદ્ધ થઈને નિર્વાણની પ્રાપ્તિ કરે. આ શુદ્ધ નિર્વિકાર ભાવનાથી કરેલું તપ જ યથાર્થ તપ છે. તપ બે પ્રકારના છે - નિશ્ચય તપ, વ્યવહાર તપ. પોતાના જ શુદ્ધ આત્માના શ્રદ્ધાન અને જ્ઞાનમાં તપવું, લીન થવું તે નિશ્ચય તપ છે. તેના નિમિત્તરૂપ બાર પ્રકારનું તપ કરવું તે વ્યવહાર તપ છે. નિમિત્તનો સંયોગ મેળવવાથી ઉપાદાનની પ્રગટતા થાય છે. બાર તપ દ્વારા નિશ્ચય તપ જે આત્માનુભવ છે તે વધે છે. બાહ્ય તપ છ પ્રકારના છે. જે તપ બાહ્ય શરીરની અપેક્ષાએ હોય અને બીજાને પ્રત્યક્ષ દેખાય, તે બાહ્ય તપ છે. તેના છ ભેદ આ રીતે છે -

(૧) અનશન-ખાદ્ય (પેટ ભરવાયોગ્ય), સ્વાદ્ય (એલચી, લવિંગ, સોપારી), લેહ્ય (ચાટવાયોગ્ય ચટણી આદિ), પેય (પીવાયોગ્ય પાણી આદિ) આ ચાર પ્રકારના આહારનો ત્યાગ એક દિવસ બે દિવસ આદિ કાળના નિયમથી અથવા સમાધિ મરણના સમયે જીવન

પર્યંત કરવો તે ઉપવાસ તપ છે. એનાથી ઈંદ્રિયો ઉપર વિજય, રાગનો નાશ, ધ્યાનની સિદ્ધિ અને કર્મનો ક્ષય થાય છે. ઉપવાસ કરીને નિશ્ચયતપનું સાધન કરવું.

(૨) અવમોદર્ય - ઓછું ભોજન કરવું. એનાથી રાગનું શમન, આળસ ઉપર વિજય, નિદ્રા ઉપર વિજય, સ્વાધ્યાય-ધ્યાનની સિદ્ધિ થાય છે.

(૩) વૃત્તિ પરિસંખ્યાન-ભિક્ષા માટે જતી વખતે એક આદિ ઘર અથવા કોઈ વસ્તુની પ્રાપ્તિનો નિયમ કરવો. ભોજનની પ્રાપ્તિ ન થાય તો પણ સંતોષ રાખવો - આશાને જીતવી.

(૪) રસ પરિત્યાગ - ઘી, દૂધ, દહીં, સાકર, મીઠું અને તેલ આ છ રસોમાંથી એક, બે, ચાર કે બધા રસોનો ત્યાગ કરવો. એનાથી ઈંદ્રિયવિજય, બ્રહ્મચર્યરક્ષા, નિદ્રાવિજય થઈને સ્વાધ્યાય અને ધ્યાનની સિદ્ધિ થાય છે.

(૫) વિવિક્ત શય્યાસન - સ્ત્રી, પુરુષ, નપુંસક રહિત અને જંતુપીડારહિત નિર્જન સ્થાનોમાં શયન, બેસવું, જેથી બાધા રહિત બ્રહ્મચર્ય, સ્વાધ્યાય અને ધ્યાનની સિદ્ધિ થઈ શકે.

(૬) કાયકલેશ - તડકામાં, વૃક્ષના મૂળમાં, મેદાનમાં, પર્વત ઉપર કે ગુફામાં જુદા જુદા પ્રકારનાં આસનો દ્વારા એવું તપ કરવું કે જે બીજાને કાયકલેશની ખબર પડે. એનાથી દેહનું મમત્વ ઘટે છે અને શાતાશીળિયો સ્વભાવ મટે છે તથા ધ્યાનની સિદ્ધિ થાય છે. આમાં ધ્યાનના અભ્યાસી શરીરની શક્તિ જોઈને કઠણ તપ કરે છે, પરિણામોમાં આર્તધ્યાન થઈ જાય એવો કલેશ સહન કરતા નથી.

છ અભ્યંતર તપ છે. એમને અભ્યંતર એટલા માટે કહે છે કે એમાં મનનો નિગ્રહ કરવાની અને પરિણામોની નિર્મળતાની મુખ્યતા છે. તે છ આ પ્રમાણે છે :-

(૧) પ્રાયશ્ચિત - પ્રમાદથી લાગેલા દોષોની શુદ્ધિ સ્વયં અથવા ગુરુ દ્વારા દંડ લઈને કરતા રહેવું. જેમ કપડા ઉપર કીચડના છાંટા પડવાથી તેને તરત ધોઈ નાખવાથી વસ્ત્ર સાફ રહે છે, તેવી જ રીતે મન, વચન, કાયા દ્વારા દોષ થતાં તેને આલોચના, પ્રતિક્રમણ અને પ્રાયશ્ચિત્ત લઈને દૂર કરી દેવો જોઈએ, તો જ પરિણામ નિર્મળ રહી શકે.

(૨) વિનય - ખૂબ આદરપૂર્વક જ્ઞાનની વૃદ્ધિ કરવી, શ્રદ્ધા દૃઢ રાખવી, ચારિત્ર પાળવું અને પૂજ્ય પુરુષો પ્રત્યે વિનયથી આચરણ કરવું, તેમના ગુણોનું સ્મરણ કરવું તે વિનય તપ છે.

(૩) વૈયાવૃત્ય - સાધુ, આર્જિકા, શ્રાવક શ્રાવિકા આદિની સેવા કરવી. રોગ, અન્ય પરીષહ, પરિણામોની શિથિલતા આદિ થતાં શરીરથી, ઉપદેશથી અથવા અન્ય ઉપાયથી

આકુળતા મટાડવી, તે વૈયાવૃત્ય અથવા સેવા તપ છે. એનાથી ગ્લાનિનો અભાવ, વાત્સલ્ય ગુણ, ધર્મની રક્ષા આદિ તપ થાય છે. મહાન પુરુષોની સેવાથી ધ્યાન અને સ્વાધ્યાયની સિદ્ધિ થાય છે.

(૪) સ્વાધ્યાય - જ્ઞાનભાવના અને આળસના ત્યાગ માટે પાંચ પ્રકારે સ્વાધ્યાય કરવો યોગ્ય છે -

(૧) નિર્દોષ ગ્રંથો વાંચવા, શીખવવા, સાંભળવા, સંભળાવવા.

(૨) શંકા દૂર કરવી અને જ્ઞાનની દૃઢતા માટે પ્રશ્ન પૂછવા.

(૩) જાણેલા ભાવો ઉપર વારંવાર વિચાર કરવો.

(૪) શુદ્ધ શબ્દ અને અર્થ ગોખીને કંઠસ્થ કરવા.

(૫) ધર્મનો ઉપદેશ દેવો-વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, આમ્નાય, ધર્મોપદેશ; એ પાંચ નામ છે. એનાથી જ્ઞાનનો ભંડાર અતિશય વધે છે, પરમ વૈરાગ્ય થાય છે અને દોષોની શુદ્ધિનું ધ્યાન રહે છે.

(૫) વ્યુત્સર્ગ - બાહ્ય શરીર, ધન, ગૃહાદિથી અને અંતરંગ રાગાદિ ભાવોથી વિશેષપણે મમતાનો ત્યાગ કરવો, નિર્લેપ થઈ જવું, અસંગ ભાવને પ્રાપ્ત કરવો તે વ્યુત્સર્ગ તપ છે.

(૬) ધ્યાન - કોઈ એક ધ્યેયમાં મનને રોકવું તે ધ્યાન છે. ધર્મધ્યાન અને શુકલ ધ્યાન મોક્ષના કારણ છે. તેમનો અભ્યાસ કરવો યોગ્ય છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી બચવું યોગ્ય છે.

તપ કરવું અને તપનું આરાધના કરવું તે નિર્વાણ માટે બહુ જરૂરી છે. નિશ્ચય તપની મુખ્યતાથી તપ કર્યા વિના કર્મોની નિર્જરા થતી નથી, તપથી સંવર અને નિર્જરા બન્ને થાય છે. સમયસારમાં કહ્યું છે.

**अप्पाणमप्पणे संभिद्रण दोसु पुण्णपावजोगेसु ।**
**दंसणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णह्मि ॥१८०॥**

**जो सव्वसंग मुक्को झायदि आप्पाणमप्पणो अप्पा ।**
**णवि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं ॥१८१॥**

**अप्पाणं झायंतो दंसणणाण मइओ अणण्णमण्णो ।**
**लहदि अचिरेण अप्पाणमेव सो कम्मणिम्मुक्कं॥१८२॥**

**ભાવાર્થ** : પુણ્ય અને પાપબંધના કારક શુભ અને અશુભ યોગોથી પોતાના આત્માને આત્મા દ્વારા રોકીને જે આત્મા અન્ય પરદ્રવ્યોની ઈચ્છાથી વિરક્ત થઈ, સર્વ પરિગ્રહની ઈચ્છાથી રહિત થઈને દર્શનજ્ઞાનમય આત્મામાં સ્થિર બેસીને પોતા વડે પોતાને જ ધ્યાવે છે, ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મને રંચમાત્ર સ્પર્શતો નથી, કેવળ એક શુદ્ધ ભાવનો જ અનુભવ કરે છે, તે એકાગ્રચિત્ત થઈને સ્વયં દર્શન, જ્ઞાનમય થઈને આત્માને ધ્યાતાં ધ્યાતાં થોડા જ સમયમાં સર્વ કર્મરહિત આત્માને અથવા મોક્ષને પ્રાપ્ત કરી લે છે.

શ્રી ગુણભદ્રાચાર્ય આત્માનુશાસનમાં કહે છે -

**ज्ञानस्वभावः स्यादात्मा स्वभावावाप्तिरच्युतिः ।**
**तस्मादच्युतिमाकांक्षन् भावयेज्ज्ञानभावनाम् ॥१७४॥**

**मोहबीजाद्रति द्वेषौ बीजान् मूलांकुराविव ।**
**तस्माज्ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधिक्षुणा ॥१८२॥**

**अधीत्य सकलं श्रुतं चिरमुपास्य घोरं तपो ।**
**यदीच्छसि फलं तयोरिह हि लाभपूजादिकम् ॥१८३॥**

**छिनत्सि सुतपस्तरोः प्रसवमेव शून्याशयः ।**
**कथं समुपलप्स्यसे सुरसमस्य पक्वं फलम् ॥१८९॥**

**ભાવાર્થ** : આત્માનો સ્વભાવ જ્ઞાનમય છે. તે સ્વભાવની પ્રાપ્તિને જ મોક્ષ કહે છે તેથી મોક્ષના ઈચ્છુક જીવે જ્ઞાનની ભાવના ભાવવી જોઈએ. જેમ બીજમાંથી મૂળ અને અંકુર થાય છે તેવી જ રીતે મોહના બીજથી રાગદ્વેષ પેદા થાય છે તેથી જે આ રાગદ્વેષોને બાળવા ઈચ્છે તેણે જ્ઞાનરૂપી અગ્નિ જલાવીને તેમને ભસ્મ કરી નાખવા જોઈએ. હે ભવ્ય! તું સર્વ શાસ્ત્રો ભણીને અને ચિરકાળ સુધી ઘોર તપ કરીને જો આ બન્નેનું ફળ સાંસારિક લાભ અથવા પૂજા, પ્રતિષ્ઠા આદિ ચાહે છે તો તું જડબુદ્ધિ થઈને સુંદર તપરૂપી વૃક્ષની જડ જ કાપી રહ્યો છે; તો તું કેવી રીતે રસમય પાકું ફળ પામી શકીશ ?

શ્રી કુન્દકુન્દાચાર્ય ભાવપાહુડમાં કહે છે -

**बाहिरसंगच्चाओ गिरिसरिदरिकंदराइ आवासो ।**
**सकलो झाणज्झयणो णिरत्थओ भावरहियाणं ॥८९॥**

**ભાવાર્થ** : જેનો ભાવ શુદ્ધ આત્મામાં સ્થિર નથી તેમનો બાહ્ય પરિગ્રહનો ત્યાગ, પહાડ, નદી, તટ, ગુફા, કંદરા આદિમાં રહેવું, ધ્યાન અને પઠન-પાઠન બધું જ નિરર્થક છે.

## પરિણામોથી જ બંધ અને મોક્ષ થાય છે.

परिणामें बंधुजि कहिउ मोक्ख वि तह जि वियाणि ।
इउ जाणेविणु जीव तुहुं तह भावहु परियाणि ॥१४॥

બંધ-મોક્ષ પરિણામથી, કર જિનવચન પ્રમાણ;
નિયમ ખરો એ જાણીને, યથાર્થ ભાવો જાણ. ૧૪

**અન્વયાર્થ** : (**परिणामें बंधुजि कहिउ**) પરિણામોથી જ કર્મનો બંધ કહેવામાં આવ્યો છે (**तह जि मोक्ख वि वियाणि**) તેવી જ રીતે પરિણામોથી જ મોક્ષ જાણ. (**जीव**) હે આત્માન્ ! (**इउ जाणे विणु**) આમ સમજીને (**तुहुं तह भावहु परियाणि**) તું તે ભાવોને ઓળખ.

**ભાવાર્થ** : આત્મા પોતે જ પોતાના ભાવોનો કર્તા છે. સ્વભાવથી એ શુદ્ધ ભાવનો જ કર્તા છે. આ આત્મદ્રવ્ય પરિણમનશીલ છે. એ સ્ફટિકમણિ સમાન છે. સ્ફટિકમણિની નીચે રંગનો સંયોગ હોય તો તે, તે રંગરૂપ લાલ, પીળું, કાળું ઝળકે છે. જો પર વસ્તુનો સંયોગ ન હોય તો તે સ્ફટિક નિર્મળ સ્વરૂપે ઝળકે છે, એવી જ રીતે આ આત્મામાં કર્મોના ઉદયના નિમિત્તે વિભાવોમાં અથવા ઔપાધિક અશુદ્ધ ભાવોમાં પરિણમવાની શક્તિ છે. જો કર્મના ઉદયનું નિમિત્ત હોય તો એ પોતાના નિર્મળ શુદ્ધ ભાવમાં જ પરિણમે છે. મોહનીય કર્મના ઉદયથી વિભાવભાવ થાય છે, તે ઔદયિક ભાવોથી જ બંધ થાય છે.

અશુદ્ધ ભાવોનું નિમિત્ત પામીને સ્વયમેવ કર્મવર્ગણાઓ આઠ કર્મરૂપ અથવા સાત કર્મરૂપ બંધાઈ જાય છે. બંધ કરનાર ભાવ બે પ્રકારના હોય છે. શુભભાવ અથવ શુભોપયોગ અને અશુભ ભાવ અથવા અશુભોપયોગ. મંદકષાયરૂપ ભાવોને શુભોપયોગ કહે છે, તીવ્રકષાયરૂપ ભાવોને અશુભોપયોગ કહે છે. બન્નેય પ્રકારના ભાવ અશુદ્ધ છે, બંધના જ કારણ છે. જ્યાં સુધી કષાયનો રંચમાત્ર પણ ઉદય છે ત્યાં સુધી કર્મનો બંધ છે. દસમા સૂક્ષ્મલોભ ગુણસ્થાન સુધી બંધ છે.

રાગ, દ્વેષ, મોહભાવ બંધના જ કારણ છે. જ્ઞાનીએ આ બરાબર જાણવું જોઈએ. મુનિવ્રત અથવા શ્રાવકના વ્રતનો રાગ, તપનો રાગ, ભક્તિનો રાગ, પઠન પાઠનનો રાગ, મંત્ર જપવાનો રાગ, આ બધા રાગ બંધના જ કારણ છે. જીવ સાધુનું કઠણમાં કઠણ ચારિત્ર રાગસહિત પાળવા છતાં પણ બંધ જ કરે છે. મોક્ષનું કારણ એક વીતરાગભાવ જ છે, શુદ્ધોપયોગ છે કે નિશ્ચયરત્નત્રય છે. શુદ્ધાત્માનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે, શુદ્ધાત્માનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે, શુદ્ધાત્માનું ધ્યાન સમ્યક્ચારિત્ર છે. આ રત્નત્રય ધર્મ એકદેશ હોય તો પણ બંધનું કારણ નથી.

જ્ઞાનીએ એ વિશ્વાસ રાખવો જોઈએ કે મારો ઉપયોગ જ્યારે સર્વ ચિંતાઓનો ત્યાગ કરીને પોતાના જ આત્માના સ્વભાવમાં એકાગ્ર થશે, એવો તન્મય થઈ જશે કે જ્યાં ધ્યાતા, ધ્યાન, ધ્યેયનો પણ ભેદ નહિ રહે, ગુણ ગુણીના ભેદનો વિચાર નહિ રહે, બિલ્કુલ સ્વરૂપમાં ઉપયોગ એવો એકાકાર થઈ જાય જેવી રીતે મીઠાની ગાંગડી પાણીમાં એક રસ થઈ જાય છે, સમાધિ પ્રાપ્ત થઈ જાય અને સ્વાનુભવ થઈ જાય એને જ ધ્યાનાગ્નિ કહે છે. આ એકાગ્ર શુદ્ધભાવ મોક્ષનું કારણ છે, સંવર અને નિર્જરાનું કારણ છે. તે ભાવની પ્રાપ્તિની કળા અવિરત સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનથી પ્રાપ્ત થઈ જાય છે.

ચોથા, પાંચમા દેશવિરત અને છઠા પ્રમત્ત વિરત ગુણસ્થાનમાં પ્રવૃત્તિમાર્ગ પણ છે, નિવૃત્તિ માર્ગ પણ છે. જ્યારે આ ગૃહસ્થ તથા સાધુ ધ્યાનસ્થ થાય છે ત્યારે નિવૃત્તિ માર્ગમાં ચડી જાય છે. જ્યારે ગૃહસ્થ ધર્મ, અર્થ, કામનો પુરુષાર્થ સાધે છે અથવા સાધુ વ્યવહાર ચારિત્ર, આહારવિહાર, સ્વાધ્યાય, ધર્મોપદેશ આદિ પાળે છે ત્યારે પ્રવૃત્તિમાર્ગ છે. નિવૃત્તિમાર્ગમાં ઉપયોગ એક શુદ્ધાત્માની સન્મુખ રહે છે. સાતમાંથી લઈને દસમા ગુણસ્થાન સુધી સાધુને નિવૃત્તિમાર્ગ જ છે. પ્રવૃત્તિ નથી, ધ્યાન અવસ્થા જ છે.

આ રીતે ચોથાથી દશમા ગુણસ્થાન સુધી બંને નિવૃત્તિ અને પ્રવૃત્તિમાર્ગ યથાસંભવ હોવા છતાં પણ અપ્રત્યાખ્યાનાદિ કષાયનો ઉદય ચોથામાં, પ્રત્યાખ્યાનાદિ કષાયનો ઉદય પાંચમામાં, સંજ્વલન કષાયનો તીવ્ર ઉદય છઠ્ઠામાં, સંજવલનો મંદ ઉદય સાતમાથી દશમા સુધી રહે છે. ધ્યાનના સમયમાં આ કષાયોનો ઉદય બહુ જ મંદ હોય છે. પ્રવૃત્તિના સમયમાં તીવ્ર હોય છે. તો પણ જેટલો કષાયનો ઉદય હોય છે તે તો કર્મને જ બાંધે છે, જેટલો રત્નત્રયનો ભાવ હોય છે તે સંવર અને નિર્જરા કરે છે. બંધ અને નિર્જરા બંનેય ધારાઓ સાથે સાથે ચાલ્યા કરે છે.

દરેક જીવ ગુણસ્થાન અનુસાર બંધયોગ્ય પ્રકૃતિઓનો બંધ અવશ્ય કરે છે. નિવૃત્તિમાર્ગમાં આરૂઢ થતાં ઘાતી કર્મોની સ્થિતિ અને તેમનો અનુભાગ બહુ ઓછો પડે છે. અને અઘાતીમાં કેવળ શુભ પ્રકૃતિઓનો જ બંધ થાય છે. તેમાં સ્થિતિ ઓછી અને અનુભાગ વધારે પડે છે. પ્રવૃત્તિ માર્ગમાં શુભોપયોગની દશામાં તો આમ જ થાય છે, પણ તીવ્ર કષાયના ઉદયથી અશુભોપયોગ થતાં ઘાતી કર્મોમાં સ્થિતિ અને અનુભાગ અધિક પડે છે અને અઘાતીમાં પાપકર્મોની અધિક સ્થિતિ અને અનુભાગ બંધાય છે.

તાત્પર્ય એ છે કે શુભ અને અશુભ બંનેય ભાવ અશુદ્ધ છે, બંધના જ કારણ છે. મોક્ષનું કારણ એક શુદ્ધ ભાવ છે, વીતરાગભાવ છે, શુદ્ધાત્માભિમુખ ભાવ છે એવું શ્રદ્ધાન જ્ઞાનીએ રાખવું જોઈએ.

સમયસારમાં કહ્યું છે -

अज्झवसिदेण बन्धो सत्ते मारे हि भाव मारे हिं ।
एसो बन्धसमांसो जीवाणं णिच्छयणयस्स ॥२७४॥

वत्थुं पडुच्च तं पुण अज्झवसाणं तु होदि जीवाणं ।
ण हि वत्थुयो दु बंधो अज्झवसाणेण बंधोत्ति ॥२७७॥

एदाणि णत्थि जेसिं अज्झवसाणाणि एवमादीणि ।
ते असुहेण सुहेण य कम्मेण मुणी ण लिप्पंति ॥२८७॥

ભાવાર્થ : હિંસક પરિણામમાં બંધ અવશ્ય થશે, ચાહે પ્રાણી મરે કે ન મરે. વાસ્તવમાં જીવોને કર્મનો બંધ પોતાના વિકારી ભાવોથી થાય છે, એ જ બંધનું તત્ત્વ છે. જો કે બાહ્ય પદાર્થોના નિમિત્તે અશુદ્ધ પરિણામ થાય છે તો પણ બાહ્ય વસ્તુઓના કારણે બંધ થતો નથી. બંધ તો પરિણામોથી જ થાય છે. જેમને શુભ કે અશુભ બન્નેય પ્રકારના પરિણામ નથી તે મુનિ પુણ્ય તથા પાપકર્મોથી બંધાતા નથી. સમયસાર કળશમાં કહ્યું છે -

यावत्पाकमुपैति कर्मविरतिर्ज्ञानस्य सम्यङ् न सा
कर्मज्ञान समुच्चयोऽपि विहितस्तावन्न काचित्क्षतिः ।

किं त्वत्रापि समुल्लसत्ववशतो यत्कर्म बंधाय त-
न्मोक्षाय स्थितमेकमेव परमं ज्ञानं विमुक्तं स्वतः ॥११-४॥

ભાવાર્થ : જ્યાં સુધી મોહનીય કર્મનો ઉદય છે ત્યાં સુધી જ્ઞાનમાં પૂર્ણ વીતરાગતા થતી નથી ત્યાં સુધી મોહનો ઉદય અને સમ્યગ્જ્ઞાન બન્નેય સાથે સાથે રહે છે, એમાં કાંઈ હાનિ નથી, પરંતુ અહીં જેટલા અંશે કર્મના ઉદયથી પોતાને અવશપણે રાગ છે તેટલે અંશે બંધ થશે તથા પરથી મુક્ત જે પરમ આત્મજ્ઞાન છે તે સ્વયં મોક્ષનું જ કારણ છે. રત્નત્રયનો અંશ બંધકારક નથી, રાગાંશ બંધકારક છે.

શ્રી કુંદકુંદાચાર્ય ભાવપાહુડમાં કહે છે -

भावं तिविहपयारं सुहासुहं सुद्धमेव णायव्वं ।
असुहं च अट्टरुद्दं सुह धम्मं जिणवरिंदेहि ॥७६॥

सुद्धं सुद्धसहावं अप्पा अप्पम्मि तं चा णायव्वं ।
इदि जिणवरेहिं भणियं जं सेयं तं समायरह ॥७७॥

**ભાવાર્થ** : જીવોમાં ત્રણ પ્રકારના ભાવ જાણવા જોઈએ. અશુભ, શુભ, શુદ્ધ, આર્ત અને રૌદ્રધ્યાન અશુભભાવ છે, ધર્મધ્યાન શુભભાવ છે.

શુદ્ધભાવ આત્માનો શુદ્ધ સ્વભાવ છે, જ્યારે આત્મા આત્મામાં રમણ કરે છે ત્યારે તે હોય છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે. જેનાથી કલ્યાણ થાય તેનું આચરણ કરો. અહીં તાત્પર્ય એ છે કે જ્યારે અંતરંગ ભાવમાં ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, પીડા, ચિંત્વન અને ભોગાકાંક્ષાનો નિદાન ભાવ છે અથવા હિંસાનંદ, મૃષાનંદ, ચૌર્યાનંદ, પરિગ્રહાનંદ, આ રીતે ચાર પ્રકારના આર્ત અથવા ચાર પ્રકારના રૌદ્ર ધ્યાનોમાંથી કોઇ ભાવ હોય છે તો તે અશુભભાવ છે. ધર્મ રત્નત્રય છે. તેમાં પ્રેમભાવ તે શુભભાવ છે. નિર્વિકલ્પ આત્મિકભાવ શુદ્ધભાવ છે.

આથી એમ પણ જણાવ્યું છે કે સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાનીને જ શુદ્ધભાવ હોય છે. મિથ્યાદષ્ટિના મંદકષાયને વ્યવહારમાં શુભભાવ કહે છે પરંતુ તેનો આશય અશુભ હોવાથી તેમાં કોઇને કોઇ આર્ત અને રૌદ્રધ્યાન હોય છે, તેથી તેને અશુભભાવમાં જ ગણવામાં આવેલ છે. મોક્ષનું કારણ એક શુદ્ધ ભાવ જ છે, તે આત્માનુભવરૂપ છે.

## પુણ્યકર્મ મોક્ષસુખ આપી શકતું નથી.

**अह पुणु अप्पा ण वि मुणहि पुण्णु वि करई असेसु ।**
**तउ वि णु पावइ सिद्धसुहु पुणु संसार भमेसु ॥१५॥**

**નિજરૂપ જો નથી જાણતો, કરે પુણ્ય બસ પુણ્ય;**
**ભમે તો ય સંસારમાં, શિવસુખ કદી ન થાય. ૧૫**

**અન્વયાર્થ** : (**अह पुणु अप्पा ण वि मुणहि**) જો તું આત્માને નહિ જાણ (**असेसु पुण्णु वि करइ**) અને સર્વ પુણ્ય કર્મ કરતો રહીશ (**तउ वि सिद्धि सुहु ण पावइ**) તો પણ તું સિદ્ધનું સુખ પામીશ નહિ(**पुणु संसार भमेसु**), ફરી ફરીને સંસારમાં જ ભ્રમણ કરીશ.

**ભાવાર્થ** - મોક્ષનું સુખ અથવા સિદ્ધ ભગવાનનું સુખ તે આત્માનો સ્વાભાવિક અને અતીન્દ્રિય ગુણ છે. આ એકલો પરમાનંદ દરેક આત્માનો સ્વભાવ છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ,મોહનીય અને અંતરાય એ ચારેય ઘાતી કર્મોએ તેનું આવરણ કર્યું છે. જ્યારે એનો નાશ થઇ જાય છે ત્યારે અનંત અતીન્દ્રિય સુખ અરિહંત કેવળીને પ્રગટ થઇ જાય છે,તે જ સિદ્ધ ભગવાનમાં અથવા મોક્ષમાં રહે છે. આ સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય પણ પોતાના આત્માના શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ છે. સમ્યગ્દષ્ટિને પોતાના આત્માના સાચા સ્વભાવનો પૂર્ણ વિશ્વાસ રહે છે. તેથી તે જ્યારે ઉપયોગને પોતાના આત્મામાં જ પોતાના આત્મા દ્વારા તલ્લીન કરે છે

ત્યારે આનંદામૃતનું પાન કરે છે. આ જ વખતે વીતરાગ પરિણતિથી પૂર્વબદ્ધ કર્મોની નિર્જરા થાય છે અને નવીન કર્મોનો સંવર થાય છે. આત્મા પોતે જ સાધક છે, પોતે જ સાધ્ય છે. તે તત્ત્વનું જેમને શ્રદ્ધાન નથી તે પુણ્યબંધના કરનાર શુભ મન, વચન, કાયા દ્વારા અનેક કાર્ય કરે છે અને ઇચ્છે છે કે મોક્ષ સુખ મળે પણ તેમ કદી ન મળે. જ્યાં મન, વચન, કાયાની ક્રિયા ઉપર મોહ છે ત્યાં પર ઉપર અનુરાગ હોય છે. આત્માથી દૂરવર્તીપણું છે, ત્યાં બંધ થશે, નિર્જરા નહિ થાય.

કોઇ મનુષ્ય કઠિનમાં કઠિન તપસ્યા અને વ્રતાદિ પાળે, પોતે પણ પુણ્યબંધના અનેક કાર્ય કરે, તે સંસારમાર્ગનો જ પથિક છે, નિર્વાણનો પથિક નથી. તે બહિરાત્મા મિથ્યાદષ્ટિ છે. તે દ્રવ્યલિંગી સાધુનું ચારિત્ર પાળે છે. શાસ્ત્રોક્ત વ્રત, સમિતિ, ગુપ્તિ પાળે છે, તપ કરે છે. આત્મજ્ઞાન રહિત તપથી તે મહાન પુણ્ય બાંધીને નવમી ગ્રૈવેયકમાં જઇને અહમિંદ્ર થઇ જાય છે. આત્મજ્ઞાન વિના ત્યાંથી ચ્યવીને સંસાર-ભ્રમણમાં જ ફર્યા કરે છે.

શુદ્ધોપયોગ જ વાસ્તવમાં મોક્ષનું કારણ છે. આ તત્ત્વનું બરાબર શ્રદ્ધાન રાખીને અંતરાત્મા મોક્ષમાર્ગી થાય છે ત્યારે એની દષ્ટિ પ્રતિ સમય પોતાના આત્મામાં રમ્યા કરે છે. આ આત્માની શાંત ગંગામાં સ્નાન કરવું તેને જ ધર્મ સમજે છે. એ સિવાયની મન, વચન, કાયાની સર્વ પ્રવૃત્તિને પોતાનો ધર્મ ન સમજતાં બંધનો કરનાર અધર્મ સમજે છે. વ્યવહારમાં શુભક્રિયાને ધર્મ કહે છે, પરંતુ નિશ્ચયથી જે બંધ કરે તે ધર્મ હોઇ શકે નહિ.

જે સમયે સમ્યગ્દર્શનનો લાભ થાય છે તે જ સમયે તે સર્વ શુભ પ્રવૃત્તિઓથી અશુભ પ્રવૃત્તિઓની જેમ જ ઉદાસ થાય છે. તે ન મુનિના વ્રત પાળવા ઇચ્છે છે ન શ્રાવકના. પરંતુ આત્મબળની કમીથી જ્યારે ઉપયોગ પોતાના આત્મામાં અધિક કાળ સ્થિર રહેતો નથી ત્યારે અશુભથી બચવા માટે તે શુભ કાર્ય કરે છે અને તેને બંધ કરનાર જ ગણે છે. અંતરમાં તો એ જ ભાવના રહે છે કે ક્યારે હું ફરીથી આત્મામાં જ રમણ કરું. હું મારા ઘરમાંથી બહાર નીકળીને બીજાના ઘરમાં આવી ગયો, અપરાધી થઇ ગયો. સમ્યગ્દષ્ટિ બંધકારક શુભ કાર્યોથી કદી મોક્ષનું સાધન માનતા નથી.

જે સાધનથી વીતરાગ પરિણતિ ઝળકે તેને જ મોક્ષમાર્ગ જાણે છે. તેથી તે અવશપણે શુભ કાર્ય કરવા છતાં પણ મોક્ષમાર્ગી છે. નિશ્ચય રત્નત્રય જ ધર્મ છે, વ્યવહાર રત્નત્રય જો કે નિશ્ચય રત્નત્રયનું નિમિત્ત છે, તો પણ બંધનું કારણ હોવાથી તે નિશ્ચયની અપેક્ષાએ અધર્મ છે.જ્ઞાની આત્માના કાર્ય સિવાય અન્ય કાર્યમાં જવું તેને પોતાનો અપરાધ સમજે છે. જ્ઞાનમાં જ્ઞાનની રમણતાને જ પોતાનું સાચું હિત જાણે છે. જ્ઞાની સમ્યગ્દષ્ટિ ચોથા અવિરત ગુણસ્થાનમાં છે તો પણ તે નિરંતર આત્માનુભવનો જ શોધક બની રહે છે.તે વ્યવહારધર્મ-પૂજા પાઠ, જપ-

તપ, સ્વાધ્યાય-વ્રત આદિ જે કાંઇ પણ પાળે છે તેમાં તે પુણ્યની ખોજ નથી કરતો, ન તો તે પુણ્ય ચાહે છે. તે તો વ્યવહાર-ધર્મના નિમિત્તે નિશ્ચયધર્મને જ શોધે છે. જ્યાં સુધી તે પ્રાપ્ત કરતા નથી, ત્યાં સુધી પોતાના વ્યવહારધર્મનું સાધન કેવળ પુણ્યબંધ કરશે એમ સમજે છે.

જેમ ચતુર વેપારી કેવળ ધન કમાવાનો પ્રેમી હોય છે, તે દુકાને જાય છે, માલ ખરીદે છે, હેરવે ફેરવે છે,જોખે તોળે છે અને વેચે છે, પણ જ્યારે ધન પ્રાપ્તિ કરે છે ત્યારે જ પોતાનો સર્વ પ્રયાસ સફળ માને છે. જો અનેક પ્રકારે પરિશ્રમ કરવા છતાં પણ ધનની પ્રાપ્તિ ન થાય તો તે પોતાને વ્યાપારી માનતો નથી.

કમાવા માટેના સર્વ ઉધમ કરવા છતાં પણ તે ઉધમને ધનપ્રાપ્તિ માનતો નથી. ધનની પ્રાપ્તિ એ જ તેનું ધ્યેય છે, તે ધ્યેયની સિદ્ધિમાં ઉધમ નિમિત્ત છે તેથી તે ઉધમ કરે છે, પરંતુ રાત દિવસ વાંછા તો એક ધન પ્રાપ્તિની છે. ધનની વૃદ્ધિને જ પોતાની સફળતા માને છે. તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જ્ઞાની આત્માનુભવની પ્રાપ્તિને જ પોતાનો લાભ માને છે, તે રાત દિવસ આત્માનુભવની જ ખોજમાં રહે છે, એ જ હેતુએ બાહ્ય વ્યવહારધર્મનો પ્રયત્ન કરે છે, જેથી તેના સહારે પરિણામ પાછા શીઘ્ર જ આત્મામાં જઈને આત્મસ્થ થઈ જાય. ઉદાહરણ તરીકે એક સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ ભગવાનની પૂજા કરે છે, ગુણાનુવાદ ગાય છે, અરહિંત અને સિદ્ધના આત્મિક ગુણોનું વર્ણન કરતાં પોતાના આત્મિક ગુણોનું વર્ણન માને છે. લક્ષ્ય પોતાના આત્મા ઉપર રાખીને તે પૂજા કરતાં કોઈ કોઇ વાર અત્યંત અલ્પ કાળ માટે પણ આત્મામાં રમણ કરીને આત્માનુભવ કરી લે છે, આત્માનંદનો ભોકતા થઈ જાય છે.

એવી જ રીતે સામાયિક કરતાં, પાઠ ભણતાં, જપ કરતાં, મનન કરતાં આત્મામાં સ્થિરતા પામવાની ખોજ કરે છે. જ્યારે તેને થોડા સમય માટે પણ આત્માનો અનુભવ થઈ જાય છે ત્યારે તે યાત્રા આદિ કાર્યને સફળ માને છે. વેપારી ધનનો ખોજક છે, સમ્યગ્દષ્ટિ આત્માનુભવનો ખોજક છે. આત્માનુભવની પ્રાપ્તિની ભાવના વિના શુભ કાર્ય કેવળ બંધના જ કારણ છે. આત્માનુભવની પ્રાપ્તિ જ મોક્ષના કારણની પ્રાપ્તિ છે; કેમ કે ત્યાં નિશ્ચય સમ્યક્ત્વ, નિશ્ચય સમ્યગ્જ્ઞાન અને નિશ્ચય સમ્યક્ચારિત્ર એ ત્રણે ગર્ભિત છે. મોક્ષની દૃષ્ટિ રાખનાર મોક્ષમાર્ગી છે. સંસારની દૃષ્ટિ રાખનાર સંસારમાર્ગી છે.

જે સંસારની દૃષ્ટિ રાખીને ભૂલથી તેને મોક્ષની દૃષ્ટિ માની લે તે મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દષ્ટિ મોક્ષની દૃષ્ટિ રાખતો થકો શુભભાવોને બંધ કરનાર અને શુદ્ધ આત્મિક ભાવને મોક્ષ કરનાર માને છે. આ જ વાત આ દોહરામાં યોગીન્દ્રાચાર્યે પ્રગટ કરી છે કે વ્યવહાર ધર્મમાં ફસાઈને નિશ્ચયધર્મની પ્રાપ્તિને ભૂલાવી ન દ્યો. જો આત્માનુભવનું સ્વરૂપ ચાલ્યું ગયું તો ભવોભવ અનંતવાર સાધુનું ચારિત્ર પાળવા છતાં પણ સંસાર જ બની રહે છે.તે એક ડગલું પણ મોક્ષમાર્ગ

ઉપર ચાલી શકતો નથી. તેથી પુણ્યબંધના કરનાર ભાવોને મોક્ષમાર્ગ કદી ન માનવો જોઈએ. સમયસારમાં કહ્યું છે-

वदणियमाणि धरन्ता सीलाणि तहा तवं च कुव्वंता ।
परमट्ठबाहिरा जेण तेण ते होंति अण्णाणी ॥१६०॥

परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति ।
संसारगमणहेदुं विम्मोक्खहेदुं अयाणंता ॥१६१॥

**ભાવાર્થ** : જે વ્રત, નિયમ ધારણ કરે, શીલ પાળે, તપ કરે, પરંતુ નિશ્ચય આત્મસ્વભાવના ધર્મથી બહાર હોય તો એ બધા અજ્ઞાની બહિરાત્મા છે. પરમાર્થ આત્મતત્વમાં જે સમજતા નથી તે અજ્ઞાનથી સંસાર ભ્રમણના કારણ એવા પુણ્યની જ વાંછા કરે છે કેમ કે તેમને મોક્ષના કારણનું જ્ઞાન જ નથી.

શ્રી કુંદકુદાચાર્ય મોક્ષપાહુડમાં કહે છે-

किं काहिदि बहिकम्मं किं काहिदि बहुविहं च खवणं तु ।
किं काहिदि आदावं आदसहावस्स विवरी दो ॥९९॥

**ભાવાર્થ** : જે આત્માના સ્વભાવથી પર છે તેને બાહ્ય ક્રિયાકાંડ શું ફળ આપી શકે ? ભિન્ન ભિન્ન પ્રકારના ઉપવાસાદિ તપ શું કરી શકે ? આતાપન યોગ આદિ કાયકલેશ શું કરી શકે ? અર્થાત્ મોક્ષના સાધક થઇ શકતા નથી. મોક્ષનું સાધન એક આત્મજ્ઞાન છે. સમાધિશતકમાં કહ્યું છે -

यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।
लभते न स निर्वाणं तप्तवापि परमं तपः ॥३३०॥

**ભાવાર્થ** : જે કોઇ શરીરાદિથી ભિન્ન આ પ્રકારના જ્ઞાતા દૃષ્ટા અવિનાશી આત્માને જાણતા નથી તે ઉત્કૃષ્ટ તપ કરવા છતાં પણ નિર્વાણને પામતા નથી.

## આત્મદર્શન જ મોક્ષનું કારણ છે.

अप्पा दंसण इक्क परु अण्णु ण किं पि वियाणि ।
मोक्खह कारण जोईया णिच्छह एहउ जाणि ॥१६॥

નિજ દર્શન બસ શ્રેષ્ઠ છે, અન્ય ન કિંચિત્ માન;
હે યોગી ! શિવ હેતુ એ, નિશ્ચયથી તું જાણ. (૧૬)

**અન્વયાર્થ** : **( जोईया )** હે યોગી ! **( इक्क अप्पादंसण मोक्खह कारण )** એક આત્માનું દર્શન જ મોક્ષનો માર્ગ છે **( अण्णु परु ण किं पि वियाणि )** અન્ય કાંઇ પણ મોક્ષમાર્ગ નથી, એમ જાણ. **( णिच्छह एहउ जाणि )** નિશ્ચિયથી તું આમ જ જાણ.

**ભાવાર્થ** : નિશ્ચયનયનું કથન યથાર્થ હોય છે. આ નયમાં ઉપાદાન કારણનું વર્ણન હોય છે. નિશ્ચયનયથી મોક્ષનો માર્ગ એક પોતાના આત્માનું જ દર્શન છે, એ સિવાય બીજો કોઇ રસ્તો નથી. જો કોઇ પરના આશ્રયે વર્તન કરે અને તેનાથી જ મોક્ષ થવાનું માને તો તે મિથ્યાત્વ છે. મન, વચન, કાયા એ ત્રણેય આત્માથી અથવા આત્માના મૂળ સ્વભાવથી ભિન્ન છે. આત્માનો ભિન્ન સ્વભાવ સિદ્ધ સમાન છે, જ્યાં મનના સંકલ્પ-વિકલ્પ નથી, વચનનો વ્યાપાર નથી, કાયાની ચેષ્ટા નથી, વ્યવહાર ધર્મનું સર્વ આચરણ મન, વચન, કાયાને આધીન છે. તેથી પરાશ્રય છે. તે નિમિત્ત કારણ તો થઈ શકે છે, પરંતુ ઉપાદાનનું કારણ થઇ શકતું નથી.

જે કાંઈ સ્વાશ્રયે હોય, આત્માને જ આધીન હોય તે જ ઉપાદાન કારણ છે. જ્યારે ઉપયોગ માત્ર એક ઉપયોગના સ્વામી એવા આત્મા તરફ હોય, અભેદ અને સામાન્ય એક આત્મા જ દેખવા યોગ્ય હોય અને પોતે જ દેખનાર હોય, કહેવા માત્ર દ્રષ્ટા અને દૃશ્ય એ બે હોય, નિશ્ચયથી તો એક આત્મા જ હોય. આ નિર્વિકલ્પ સમાધિભાવને અથવા સ્વાનુભવને આત્મદર્શન કહે છે. આ આત્મદર્શન એક ગુપ્ત તત્વ છે, વચનથી અગોચર છે, મનથી ચિંતવન યોગ્ય નથી, કેવળ પોતાથી જ પોતાને અનુભવવા યોગ્ય છે.

આત્મા ગુણ પર્યાયવાળું એક અખંડ દ્રવ્ય છે. મન દ્વારા અને વચન દ્વારા ખંડરૂપ થઈ જાય છે, આત્માનું પૂર્ણ સ્વરૂપ લક્ષમાં આવી શકતું નથી. તેથી જ મનના બધા ય વિચારો છોડવાની જરૂર છે. જે કોઇ મૌનપણે સ્વરૂપ ગુપ્ત થશે તે જ આત્મામાં રમી જશે. ગુણગુણીના ભેદ કરવાથી પણ આત્માનું સ્વરૂપ હાથમાં નહિ આવે. મન, વચન, કાયાનો જે કાંઇ વ્યાપાર છે તેનાથી વિમુખ થઇને જ્યારે આત્મા આત્મામાં જ વિશ્રામ કરે છે ત્યારે આત્મદર્શન થાય છે. ત્યાં એક સહજજ્ઞાન છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ એ જ્ઞાનના ભેદોનો કોઇ વિકલ્પ નથી.

સાધકને માટે પહેલાં યોગ્ય છે કે તે આત્માના સ્વભાવનો અને વિભાવનો નિશ્ચય શાસ્ત્રો દ્વારા કરી લે. આત્મા કઇ રીતે કર્મો બાંધે છે, કર્મના ઉદયથી કેવી કેવી અવસ્થા થાય છે, કર્મોને કેવી રીતે રોકવા, કર્મોનો ક્ષય કેવી રીતે થાય, મોક્ષ શું વસ્તુ છે; આ રીતે જીવાદિ સાત તત્ત્વોનું જ્ઞાન સારી રીતે પ્રાપ્ત કરવું જોઇએ. સંશયરહિત પોતાના આત્માની કર્મરોગની અવસ્થા જાણી લેવી જોઇએ. સર્વાર્થસિદ્ધિ, ગોમ્મટસાર જીવકાંડ-કર્મ-કાંડનું જ્ઞાન આવશ્યક છે. વ્યવહાર ચારિત્ર પણ જાણવું જોઇએ. સાધુ અને શ્રાવકના આચરણનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ.

પછી નિશ્ચયથી આત્માના સ્વભાવનુ જ્ઞાન કરવા માટે શ્રી કુંદકુંદાચાર્ય રચિત પંચાસ્તિકાય, પ્રવચનસાર, સમયસાર, નિયમસાર અને અષ્ટપાહુડ આદિ ગ્રંથોને સમજી નિશ્ચય આત્મતત્ત્વ જાણવું જોઈએ કે એ માત્ર પોતાની જ શુદ્ધ પરિણતિનો કર્તા છે અને પોતાની જ શુદ્ધ પરિણતિનો ભોકતા છે. એ પરમ વીતરાગ અને પરમાનંદ સ્વભાવનો ધારક છે.

વ્યવહાર રત્નત્રયનું જ્ઞાન માત્ર નિમિત્ત કારણ હોવાને લીધે સહાયકારી છે, નિશ્ચય તત્ત્વનું જ્ઞાન સ્વાનુભવ માટે હિતકારી છે. સાધક માટે યોગ્ય છે કે તે વ્યવહાર ચારિત્રના આધારે જૈનધર્મનો આચાર પાળે. જેથી મન, વચન, કાયાનું વર્તન હાનિકારક ન થાય, તેમને વશ કરી શકાય અને પછી ધ્યાનનો અભ્યાસ કરવામાં આવે. એકાંતમાં બેસીને આસન સ્થિર કરીને પહેલાં તો આત્માનો દ્રવ્યાર્થિક નયથી અભેદરૂપ વિચાર કરવો.

સ્વરૂપનું મનન શાસ્ત્રની પદ્ધતિથી કરવું. પછી પ્રયત્નપૂર્વક મનન બંધ કરી, મૌનપણે રહીને ઉપયોગને સ્વભાવના જ્ઞાન શ્રદ્ધાનમાં એકાગ્ર કરવો. નિજ આત્માનું દર્શન કરવું. અભ્યાસ કરનારને પ્રથમ બહુ થોડા સમય માટે સ્થિરતા થશે. અભ્યાસ કરતાં કરતાં સ્થિરતા વધતી જશે. આત્મપ્રભુનું દર્શન અધિક સમય સુધી થયા કરશે. જે ભાવથી નવીન કર્મોનો સંવર થાય અને પુરાણા સંચિત કર્મોની નિર્જરા થાય તે જ ભાવ એક મોક્ષમાર્ગ હોઈ શકે છે. આત્માના દર્શનમાં અને આત્માના અનુભવમાં જ વીતરાગભાવની ધારા વહે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા રહે છે. ત્યાં જ સંવર અને નિર્જરા તત્વ પ્રકાશે છે. ગૃહસ્થ હોય કે ત્યાગી હોય, તેને જો નિર્વાણના પદની ભાવના હોય તો તેણે આત્માનું દર્શન પ્રાપ્ત કરવાનો અભ્યાસ કરવો જોઈએ.

જેણે આત્માનું દર્શન કરી લીધું તેણે જ સાચા વીતરાગ ભગવાનના દર્શન કર્યા છે, તેણે જ શ્રી અરિહંતદેવ અને સિદ્ધ પરમાત્માની સાચી આરાધના કરી છે. તેણે જ શ્રાવક અથવા સાધુના વ્રત પાળ્યા છે, તે જ સાચો નિર્વાણનો પથિક છે, એ જ આત્મદર્શન મોક્ષમાર્ગ છે. જ્યાં સુધી આવું શ્રદ્ધાન નથી ત્યાં સુધી સમ્યગ્દર્શનનો પ્રકાશ નથી, મિથ્યાદર્શન છે. આત્મદર્શન જ વાસ્તવમાં સમ્યગ્દર્શન છે. સમયસારમાં કહ્યું છે -

**पण्णाए धित्तव्वो जो दट्ठा सो अहं तु णिच्छयदो ।**
**अवसेसा जे भावा ते मज्झ परेत्ति णादव्वा ॥३२०॥**

**ભાવાર્થ** : ભેદ વિજ્ઞાનથી જે કાંઈ ગ્રહણ કરવા યોગ્ય છે તે હું જ ચેતનારો છું, એ જ નિશ્ચયતત્ત્વ છે. બાકીના જેટલા ભાવ છે તે મારા સ્વભાવથી ભિન્ન છે એમ જાણીને તેમનો ત્યાગ કરવો જોઈએ. પોતા વડે પોતામાં જ રમણ કરવું જોઈએ.

મોક્ષપાહુડમાં શ્રી કુંદકુંદાચાર્ય કહે છે -

जो देहे णिरवेक्खो णिद्दंदो णिम्ममो णिरारंभो ।
आदसहावे सुरओ जोई सो लहइ णिव्वाणं ॥१२॥

सद्व्वरओ सवणो सम्माइट्ठी हवेइ सो साहू ।
सम्मत्तपरिणदो उण खवेइ दुट्ठट्ठ कम्माई ॥१४॥

आदसहावादण्णं सच्चित्ताचित्तमिस्सियं हवइ ।
तं परदव्वं भणियं अवितत्थं सव्वदरसीहिं ॥१७॥

दुट्ठट्ठकम्मरहियं अणोवमं णाण विग्गहं णिच्चं ।
सुद्धं जिणेहिं कहियं अप्पाणं हवइ सदव्वं ॥१८॥

जे झायंति सदव्वं परदव्वपरम्मुहा हु सुचरित्ता ।
ते जिणवराण मग्गे अणुलग्गा लहदि णिव्वाणं ॥१९॥

**ભાવાર્થ** : જે કોઈ શરીરથી ઉદાસ થઈ, દ્વંદ્વ એટલે રાગદ્વેષ રહિત થઈ, મમકારથી ભિન્ન થઈ, સર્વ લૌકિક અને ધાર્મિક આરંભથી રહિત થઈ, કેવળ એક પોતાના આત્માના સ્વભાવમાં સારી રીતે લીન થાય, તે જ યોગી નિર્વાણ પામે છે. જે પોતાના જ આત્મદ્રવ્યમાં લીન છે, તે જ સાધુ કે શ્રાવક સમ્યગ્દષ્ટિ છે, સમ્યકત્વ રૂપે પરિણમેલો તે જ દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરે છે. પોતાના આત્માના સ્વભાવથી ભિન્ન સર્વ ચેતન, અચેતન કે મિશ્ર દ્રવ્ય પર દ્રવ્ય છે, એવું યથાર્થ કથન સર્વદર્શી ભગવાને બતાવ્યું છે. દુષ્ટ આઠ કર્મથી રહિત, અનુપમ, જ્ઞાન શરીરી, નિત્ય, શુદ્ધ પોતાનો આત્મા જ સ્વદ્રવ્ય છે એમ જિનેન્દ્રે કહ્યું છે.જે પોતાના આત્મદ્રવ્યનું ધ્યાન કરે છે, પરદ્રવ્યોથી ઉપયોગને ખસેડે છે તથા સુંદર ચારિત્રનું પાલન કરે છે અને જિનેન્દ્રના માર્ગમાં સારી રીતે ચાલે છે, તેઓ જ નિર્વાણને પામે છે. સમાધિશતકમાં કહ્યું છે -

तथैव भावयेद्देहाद्व्या वृत्त्यात्मानमात्मनि ।
यथा न पुनरात्मानं देहे स्वप्नेऽपि योजयेत् ॥८२॥

**ભાવાર્થ** : શરીરાદિથી ખસીને પોતાના આત્માની અંદર પોતાના આત્માને એવી રીતે ધ્યાવવો કે સ્વપ્નમાં પણ કદી શરીરાદિમાં પોતાનું મન ન જોડે.સદા પોતાના આત્માને શુદ્ધ, પરદ્રવ્યના સંગથી રહિત ધ્યાવવો.

## માર્ગણા અને ગુણસ્થાન આત્મા નથી

मग्गण गुणठाणइ कहिया ववहारेण वि दिट्ठि ।
णिच्छइणइ अप्पा मुणहु जिय पावहु परमेट्ठि ॥१७॥

ગુણસ્થાનક ને માર્ગણા, કહે દૃષ્ટિ વ્યવહાર;
નિશ્ચય આતમજ્ઞાન તે, પરમેષ્ઠીપદકાર. ૧૭.

**અન્વયાર્થ** : (**ववहारेण वि दिट्ठि**) કેવળ વ્યવહારનયની દૃષ્ટિથી જ (**मग्गण गुणढाणई कहिया**) જીવને માર્ગણા અને ગુણસ્થાન રૂપ કહેલ છે. (**णिच्छइणइ**) નિશ્ચયનયથી (**अप्पा मुणहु**) પોતાના આત્માને આત્મારૂપ જ સમજ. (**जिय परमेट्ठि पावहु**) જેથી તું સિદ્ધ પરમેષ્ઠી અથવા અરિહંત પરમેષ્ઠીનું પદ પામી શકે.

**ભાવાર્થ** : વ્યવહરનય પરાશ્રિત છે, બીજા દ્રવ્યની અપેક્ષાથી આત્માને કાંઇનું કાંઇ કહે છે. નિશ્ચયનય સ્વાશ્રિત છે. આત્માને યથાર્થ જેમનો તેમ કહે છે. નિશ્ચયનયથી આત્મા સ્વયં અરિહંત અથવા સિદ્ધ પરમાત્મા છે. આત્મા અભેદ એક શુદ્ધ જ્ઞાયક છે જેવા સિદ્ધ ભગવાન છે. પોતાને શદ્ધ નિશ્ચયનયથી શુદ્ધ રૂપ ધ્યાવવો તે જ સાક્ષાત્ પરમાત્મા થવાનો ઉપાય છે, એ મોક્ષમાર્ગ છે કેમ કે જેવું ધ્યાન કરે તેવો જ થઈ જાય છે. સમયસારમાં કહ્યું છે-

सुद्धं तु वियाणंतो सुद्धमेवप्पयं लहदि जीवो ।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि ॥१७६॥

**ભાવાર્થ** : શુદ્ધ આત્માનો અનુભવ કરવાથી આ જીવ શુદ્ધ આત્માને પ્રાપ્ત કરી લે છે અર્થાત્ શુદ્ધ થઈ જાય છે. જે કોઇ પોતાના આત્માને અશુધ્ધ રૂપે ધ્યાવે છે તેને અશુદ્ધ આત્માની જ પ્રાપ્તિ થાય છે, તે કદી શુધ્ધ થઈ શકતો નથી. તેથી શુદ્ધ આત્મા છે એમ બતાવનાર નિશ્ચયનય છે તે ગ્રહણ કરવા યોગ્ય છે અને વ્યવહારનય ગ્રહણ કરવા યોગ્ય નથી, કેવળ જાણવા યોગ્ય છે. આત્માનો કર્મ સાથે સંયોગ અનાદિથી ચાલ્યો આવે છે. આ સંયોગથી આત્માની કેવી રીતે અવસ્થા થઈ શકે છે તે જાણવું એટલા માટે જરૂરી છે કે તેમના પ્રત્યે વૈરાગ્ય થઈ જાય. તેમને પોતાના આત્માની સ્વાભાવિક અવસ્થા ન માની લેવામાં આવે. વ્યવહારનયથી જ એમ કહેવામાં આવે છે કે આ આત્મા માર્ગણા અને ગુણસ્થાનરૂપ છે.

સાંસારિક સર્વ પ્રકારની અવસ્થાઓનું ઘણું ખરું જ્ઞાન ચૌદ માર્ગણાઓથી અને ચૌદ ગુણસ્થાનોથી થાય છે.

શ્રી ગોમ્મટસાર જીવકાંડ અનુસાર તેમનું સ્વરૂપ પાઠકોના જ્ઞાન માટે અહીં આપવામાં આવે છે -

**जाहि व जासु व जीवा मग्गिज्जंते जहा तहा दिट्ठा ।**
**ताओ चोद्दस जाणे सुयणाणे मग्गणा होंति ॥१४१॥**

**गइइंदियेसु काये जोगे वेदे कसायणाणे य ।**
**संजमदंसण लेस्साभवियासम्मत्त सण्णि आहारे ॥१४२॥**

**ભાવાર્થ** : જે અવસ્થાઓ દ્વારા અને જે રીતે જીવ જોવામાં આવે છે તેવી જ રીતે શોધી લેવામાં આવે, જાણી લેવામાં આવે તે અવસ્થાઓને માર્ગણા કહે છે. એ માર્ગણાઓ ચૌદ છે-

૧ ગતિ, ૨ ઇન્દ્રિય, ૩ કાય, ૪ યોગ, ૫ વેદ, ૬ કષાય, ૭ જ્ઞાન, ૮ સંયમ, ૯ દર્શન, ૧૦ લેશ્યા, ૧૧ ભવ્ય, ૧૨ સમ્યકત્વ, ૧૩ સંજ્ઞી, ૧૪ આહાર,

પ્રાય : સંસારી જીવોમાં આ ચૌદ દશાઓ દરેક સમયે પ્રાપ્ત થાય છે અથવા આ (દશાઓ) માં શોધવાથી દરેક સંસારી જીવ મળી જશે. એમનું સ્વરૂપ અને ભેદ આ પ્રમાણે છે.

૧ - ગતિમાર્ગણા ચાર પ્રકાર -

**गइ उदयज पज्जाया चउगइगमणस्स हेउ वा हु गई ।**
**णारय तिरिक्ख माणुसदेवगइत्ति य हवे चदुधा ॥१४६॥**

**ભાવાર્થ** : ગતિકર્મના ઉદયથી જે પર્યાય થાય છે અથવા ચાર ગતિઓમાં જવાનું જે કારણ છે તેને ગતિ કહે છે. તે ચાર છે-નરક ગતિ, તિર્યંચગતિ, મનુષ્યગતિ, દેવગતિ. દરેક સંસારી જીવ કોઇને કોઇ ગતિમાં મળશે. જ્યારે એક શરીર છોડીને જીવ બીજા શરીરમાં જાય છે ત્યારે વચ્ચે વિગ્રહગતિમાં જે ગતિમાં તે જવાનો હોય તે જ ગતિનો ઉદય માનવામાં આવે છે.

૨ - ઇન્દ્રિય માર્ગણા પાંચ પ્રકાર -

**अहमिंदा जह देवा अविसेसं अहमहंत्ति मण्णंता ।**
**ईसंति एक्कमेक्कं इदा इव इन्दिये जाण ॥१६४॥**

**ભાવાર્થ** : અહમિન્દ્રોની જેમ જે કોઇ વિશેષ વિના પોતાને ભિન્ન અહંકારરૂપ માને અને જે ઇન્દ્રોની જેમ એક એક પોતાનું ભિન્ન ભિન્ન સ્વામીપણું રાખે, એક બીજાના સાથી ન હોય,

જે ભિન્ન ભિન્ન કામ કરે; તેમને ઇન્દ્રિય કહે છે. તે પાંચ છે-સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર. તેથી સંસારી જીવ એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરીન્દ્રિય અને પંચેન્દ્રિય જીવ કહેવાય છે. જેમને આગળની ઇન્દ્રિય હોય તેમને પહેલાંની ઇંદ્રિય અવશ્ય હોય. દા. ત. જેમને કાન હોય તેમને પહેલાની ચાર ઇંદ્રિય (આંખ, નાક, જીભ, સ્પર્શ) અવશ્ય હોય.

૩ - કાય માર્ગણા છ પ્રકાર -

**जाई अविणाभावीतस्थावर उदयजो हवे काओ ।**
**सो जिणमदहिम भणिओ पुढवी कायादिछब्भेयो ॥१८१॥**

**ભાવાર્થ** : જાતિકર્મની સાથે અવશ્યમેવ રહેનારા સ્થાવર અને ત્રસ કર્મના ઉદયથી જે શરીર હોય તેને કાય કહે છે. તેના છ ભેદ જિનમતમાં કહેવામાં આવ્યા છે - પૃથ્વીકાય, જળકાય, અગ્નિ અથવા તેજકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય. એ છ એની શરીરની રચનામાં ભેદ છે તેથી છ કાયધારી જીવ ભિન્ન ભિન્ન હોય છે. માંસાદિ ત્રસ કાયમાં જ હોય છે, શેષ પાંચ સ્થાવરમાં નહિ. વનસ્પતિકાય અને ત્રસકાયની રચનામાં પૃથ્વી આદિ ચાર કાય સહાયક છે.

૪ - યોગ માર્ગણા પંદર પ્રકાર-

**पुग्गल विवाइ देहोदयेण मणवयणकाय जुत्तस्स ।**
**जीवस्स जा हु सत्ती कम्मागम कारणं जोगो ॥२१६॥**

ભાવાર્થ : મન, વચન અને કાયા એ ત્રણ સહિત અથવા વચન અને કાયા એ બે સહિત અથવા માત્ર કાયા સહિત જીવમાં પુદ્‌ગલ વિપાકી શરીર કર્મના ઉદયથી જે કર્મ અને નોકર્મ વર્ગણાઓને ગ્રહણ કરવાની શકિત છે તે શકિતને યોગ કહે છે.આ શકિત જીવમાં હોય છે પરંતુ એનું કામ શરીર નામકર્મના ઉદયથી થાય છે. પંદર યોગોમાંથી કોઇ એક યોગની પ્રવૃતિ થતાં યોગશકિત દરેક સમયે જ્યાં સુધી અયોગ કેવળી જિન ન થાય ત્યાં સુધી કામ કર્યા કરે છે. વિગ્રહ ગતિમાં કર્મવર્ગણાઓને અને તેજસ વર્ગણાઓને અને બાકીના સમયમાં આ બન્નેની સાથે સાથે આહારક વર્ગણાઓને, ભાષા વર્ગણાઓને (બે ઇંદ્રિયવાળા વગેરે ને), મનો વર્ગણાઓને (સંજ્ઞી જીવોને) ગ્રહણ કરતી રહે છે. ૪ (ચાર) મનના-સત્ય, અસત્ય, ઉભય, અનુભય (જેને સત્ય કે અસત્ય કાંઈ કહી શકાતું નથી).

૪ (ચાર) વચનના-સત્ય, અસત્ય, ઉભય, અનુભય. ૭(સાત) કાયના- ઔદારિક, ઔદારિક મિશ્ર (અપર્યાપ્તકના), વૈક્રિયિક, વૈક્રિયિક મિશ્ર (અપર્યાપ્તકના), આહારક, આહારક

મિશ્ર કાર્મણ-મનુષ્ય અને તિર્યંચોને ઔદારિક બન્ને, દેવ નારકીઓને વૈક્રિયિક બંને, છઠા ગુણસ્થાનવર્તી મુનિને આહારક બન્ને, વિગ્રહગતિમાં કાર્મણ યોગ હોય છે તથા કેવળી સમુદ્‌ઘાતમાં પણ ત્રણ સમય કાર્મણ યોગ હોય છે.

૫ - વેદમાર્ગણા ૩ પ્રકાર -

**पुरुसिच्छि संढ वेदोदयेण पुरुसिच्छि संढओ भावे ।**
**णामोदयेण दव्वे पाएण सभा कहिं विसमा ॥२७०॥**

**वेदस्सुदीरणाए परिणामस्स य हवेज्ज संमोहो ।**
**संमोहेण ण जाणदि जीवो हु गुणं व दोसं वा ॥२७१॥**

**ભાવાર્થ** : પુરુષ વેદ, સ્ત્રી વેદ, નપુંસક વેદ, નોકષાયના ઉદયથી જે ક્રમે પુરુષ, સ્ત્રી અને નપુંસક જેવા પરિણામ થાય છે તેને ભાવવેદ કહે છે તથા નામકર્મના ઉદયથી જે ત્રણ પ્રકારની શરીરરચના થાય છે તેને દ્રવ્ય વેદ કહે છે. ઘણું કરીને ભાવવેદ અને દ્રવ્ય વેદ સમાન હોય છે. ક્યાંક ક્યાંક વિષમ પણ છે. દેવ, નારક અને ભોગ ભૂમિના જીવોમાં જેવો દ્રવ્યવેદ હોય છે તેવો જ ભાવવેદ હોય છે પરંતુ કર્મભૂમિના મનુષ્ય અને પશુઓમાં એક દ્રવ્યવેદની સાથે ત્રણેય પ્રકારના ભાવવેદ હોઈ શકે છે. માર્ગણામાં ભાવવેદની મુખ્યતા છે. પુરુષ વેદ,સ્ત્રી વેદ,નપુંસક વેદ, નોકષાયની ઉદીરણાથી જીવના પરિણામ મોહિત કે મૂર્છિત થઈ જાય છે ત્યારે આ મોહી જીવ ગુણ કે દોષનો વિવેક રાખતો નથી. આવો ભાવ અનર્થનું કારણ છે.

(૬) કષાય માર્ગણા પચ્ચીસ પ્રકાર -

**सुहदुक्ख सुबहुसस्सं कम्मक्खेतं कसेदि जीवस्स ।**
**संसार दूरमेरं तेण कसाओत्ति णं वेंति ॥२८१॥**

**सम्मत्त देस सयल चरित जहक्खादचरण परिणामे ।**
**घादंति वा कसाया चउसोलअसंखलोगमिदा ॥२८२॥**

**ભાવાર્થ** : જીવના કર્મરૂપી ખેતરને-જે અમર્યાદિતપણે સંસાર ભ્રમણરૂપ છે અને જેમાં સુખદુઃખરૂપી ઘણું ધાન્ય પેદા થાય છે તેને જે-કસે છે અથવા હળ ચલાવીને બીજ વાવવા યોગ્ય બનાવે છે તેને કષાય કહે છે. અથવા સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણનો ઘાત કરનાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાય છે અને દેશ સંયમના ઘાતક અપ્રત્યાખ્યાન ક્રોધ આદિ ચાર કષાય છે, સકળ સંયમના ઘાતક પ્રત્યાખ્યાન ક્રોધાદિ ચાર કષાય છે અને યથાખ્યાત ચારિત્રના પરિણામોનો ઘાત કરનાર સંજ્વલન ક્રોધાદિ ચાર અને નવ નોકષાય (હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રી વેદ, પુરુષ વેદ, નપુંસકવેદ) છે, તેથી તેમને કષાય કહે છે. એના મૂળ ચાર, સોળ કે પચીસ આદિ અસંખ્યાત લોકપ્રમાણ ભેદ છે.

૭ - જ્ઞાનમાર્ગણા આઠ પ્રકાર -

जाणइ तिकालविसए दव्वगुणे पज्जए य बहुभेदे ।
पचक्खं च परोक्खं अणेण णाणेत्ति णं वेंत्ति ॥२९८॥

**ભાવાર્થ** : જે ભૂત, ભવિષ્ય, વર્તમાન ત્રણ કાળ સંબંધી સર્વ દ્રવ્યોના ગુણો અને તેમની અનંત પર્યાયોને એક સમયમાં જાણે છે તેને જ્ઞાન કહે છે. મન અને ઇંદ્રિયો દ્વારા જે જાણે તે પરોક્ષજ્ઞાન છે. મતિ, શ્રુત, કુમતિ, કુશ્રુત એ પરોક્ષ જ્ઞાન છે. આત્મા સ્વયં જાણે તે પ્રત્યક્ષ જ્ઞાન છે. અવધિ, કુઅવધિ, મનઃપર્યય તથા કેવળજ્ઞાન એ પ્રત્યક્ષ જ્ઞાન છે. સમ્યગ્દર્શન સહિતનું જ્ઞાન સમ્યક્‌જ્ઞાન છે, મિથ્યાદર્શન સહિત ત્રણ કુજ્ઞાન છે.

૮ - સંયમ માર્ગણા સાત પ્રકાર -

वदसमिदि कसायाणं दण्डाण तहिंदियाण पंचण्हं ।
धारणपालणणिमाहचागजओ संजमो भणियो ॥४६४॥

**ભાવાર્થ** : પાંચ વ્રત ધારણા કરવા, પાંચ સમિતિ પાળવી, પચીસ કષાયોને રોકવા, મન, વચન, કાય એ ત્રણ દંડોનો ત્યાગ કરવો, પાંચ ઇંદ્રિયોનું જીતવું. તેને સંયમ કહેવામાં આવે છે. અસંયમ, દેશસંયમ, સામાયિક, છેદોપસ્થાપના, પરિહાર વિશુદ્ધિ, સૂક્ષ્મ સાંપરાય, યથાખ્યાત એ સાત ભેદ છે.

૯-દર્શન માર્ગણા ચાર પ્રકાર -

जं सामण्णं गहणं भावाणं णेव कट्टुमायारं ।
अविसेसिदूण अट्ठे दंसणमिदि भण्णदे समये ॥४७१॥

**ભાવાર્થ** : પદાર્થોના સામાન્યનું ગ્રહણ, તેમનો આકાર ન જાણવો, પદાર્થોના વિશેષને ન જાણવું તેને આગમમાં દર્શન કહેવામાં આવ્યું છે.

ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવળ એ ચાર ભેદ છે.-

૧૦ - લેશ્યા માર્ગણા છ પ્રકાર -

लिंपइ अप्पी कीरइ एदीए णियअपुण्ण पुण्णं च ।
जीवोत्ति होदि लेस्सा लेस्सा गुण जाणयक्खादा ॥४८८॥

जोगपउत्ती लेस्सा कसाय उदयाणु रञ्जिया होइ ।
तत्तो दोण्णं कज्जं बन्ध चउक्कं समुद्दिट्ठं ॥४८९॥

**ભાવાર્થ** : જે પરિણામો દ્વારા જીવ પોતામાં પુણ્ય અને પાપકર્મનો લેપ કરે છે તેને લેશ્યા ગુણના જ્ઞાયકોએ લેશ્યા કહી છે. કષાયના ઉદયથી અનુરંજિત યોગોની પ્રવૃતિને લેશ્યા કહે છે. તેનાથી પુણ્ય અને પાપની પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અનુભાગ અને એમ ચાર પ્રકારનો બંધ થાય છે.

કૃષ્ણ, નીલ, કાપોત, એ ત્રણ અશુભ અને પીત, પદ્મ તથા શુકલ એ ત્રણ શુભ લેશ્યાઓ છે.

૧૧ - ભવ્ય માર્ગણા બે પ્રકાર -

**भविया सिद्धी जेसिं जीवांण ते हवंति भवसिद्धा ।**
**तव्वि वरीया भव्वा संसारादो ण सिज्झंति ॥५५६॥**

**ભાવાર્થ** : જે જીવોમાં સિદ્ધ થવાની યોગ્યતા છે તે ભવ્ય છે, જેમનામાં એ યાોગ્યતા નથી તે અભવ્ય છે.

૧૨ - સમ્યકત્વ માર્ગણા છ પ્રકાર -

**छप्पञ्चणव विहाणं अत्थाणं जिणवरोवइट्ठाणं ।**
**आणाए अहिगमेण य सद्दहणं होइ सम्मतं ॥५६०॥**

**ભાવાર્થ** : છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, નવ પદાર્થોનો જેવો જિનેન્દ્રદેવે ઉપદેશ કર્યો છે તેવું શ્રદ્ધાન આજ્ઞાથી અથવા પ્રમાણનય દ્વારા થાય તે સમ્યકત્વ છે. મિથ્યાત્વ, સાસાદન, મિશ્ર, ઉપશમ, વેદક અને ક્ષાયિક એ છ ભેદ છે.

૧૩ - સંજ્ઞી માર્ગણા બે પ્રકાર-

**णो इन्दियआवरणखओपसमं तज्जवोहणं सण्णा ।**
**सा जस्स सो दु सण्णी इदरो सेसिंदिअवबोहो ॥६५९॥**

**सिक्खा किरियुवदेसालावग्गाही मणो वलंबेण ।**
**जो जीवो सो सण्णी तव्विवरीयो असण्णी दु ॥६६०॥**

**ભાવાર્થ** : નો ઈંદ્રિય જે મન તેને રોકનાર જ્ઞાનાવરણના ક્ષયોપશમથી જે બોધ થાય છે તેને સજ્ઞા કહે છે. આ સંજ્ઞા જેને હોય તે સંજ્ઞી છે. જે કેવળ ઈંદ્રિયોથી જ જાણે તે અસંજ્ઞી છે. શિક્ષા, ક્રિયાનો ઉપદેશ, વાર્તાલાપ, સંકેત અથવા જે મનના અવલંબનથી કરી શકે તે જીવ સંજ્ઞી છે. જે એમનું ગ્રહણ કરી ન શકે તે અસંજ્ઞી છે.

૧૪. આહાર માર્ગણા બે પ્રકાર -

**उदयावण्ण सरीरोदयेण तद्दे हवयणचित्ताणं ।**
**णोकम्मवग्गणाणं गहणं अहारयं णाम ॥६६३॥**

**ભાવાર્થ** : ઉદય પ્રાપ્ત શરીર કર્મના ઉદયથી તે શરીર સંબંધી અથવા ભાષા કે મન સંબંધી નોકર્મ વર્ગણાઓને જે ગ્રહણ કરે તે આહારક છે, જે ગ્રહણ ન કરે તે અનાહારક છે.

**जेहिं दु लक्खिज्जंते उदयादिसु संभवेहिं भावेहि ।**
**जीवा ते गुणसण्णा णिद्दिट्ठा सव्वदरसीहिं ॥८॥**

**ભાવાર્થ** : મોહનીય કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થતાં ઉત્પન્ન થનારા જે ભાવો વડે જીવ ઓળખાય તે ભાવોને સર્વજ્ઞે ગુણસ્થાન કહ્યા છે. એ મોક્ષમાર્ગના ચૌદ પગથિયા છે. તે મોહ અને યોગના સંબંધથી થાય છે. તેમને પાર કરીને જીવ સિદ્ધ થાય છે. એક સમયમાં એક જીવને એક ગુણસ્થાન હોય છે.

**मिच्छो सासण मिस्सो अविरदसम्मो य देसविरदो य ।**
**विरदा पमत्त इदरो अपुव्व अणियट्ठ सुहुमो य ॥९॥**

**उवसंतरवीणमोहो सजोग केवलिजिणो अजोगी य ।**
**चउदस जीवसमासा कमेण सिद्धा य णादव्वा ॥१०॥**

**ભાવાર્થ** : ૧-મિથ્યાત્વ, ૨-સાસાદન, ૩-મિશ્ર, ૪-અવિરત સમ્યકત્વ, ૫-દેશ વિરત, ૬-પ્રમત્ત વિરત, ૭-અપ્રમત્ત વિરત, ૮-અપૂર્વકરણ, ૯-અનિવૃત્તિકરણ, ૧૦-સૂક્ષ્મ લોભ, ૧૧-ઉપશાંત મોહ, ૧૨-ક્ષીણ મોહ, ૧૩-સયોગ કેવળી જિન, ૧૪-અયોગ કેવળી જિન. આ ચૌદ ગુણસ્થાન પાર કરીને સિદ્ધ થાય છે.

ચૌદ ગુણસ્થાનનું સ્વરૂપ-

(૧) મિથ્યાત્વ ગુણસ્થાન-

**मिच्छोदयेण मिच्छत्तमसद्दहणं तु तच्च अत्थाणं ।**
**एयंतं विवरीयं विणयं संसयिदमण्णाणं ॥१५॥**

**ભાવાર્થ** : મિથ્યાદર્શન કર્મના ઉદયથી મિથ્યાત્વ ભાવ થાય છે ત્યારે તત્ત્વોનું અને પદાર્થોનું શ્રદ્ધાન હોતું નથી. તેના પાંચ ભેદ છે. એકાંત (અનેક સ્વભાવોમાંથી એકને જ માનવો.) વિપરીત, વિનય, સંશય, અજ્ઞાન.

(૨) સાસાદન ગુણ સ્થાન -

**आदिमसमत्तद्धा समयादो छावलित्ति वा सेसे ।**
**अण अण्णदरुदयादोणा सियसम्मोत्ति सासणक्खो सो ॥१९॥**

**ભાવાર્થ** : ઉપશમ સમ્યકત્વના અંતર્મુહૂર્ત કાળમાં જ્યારે એક સમયથી માંડીને છ આવલી કાળ બાકી રહે ત્યારે અનંતાનુબંધી ચાર કષાયોમાંથી કોઈ એકના ઉદયથી સમ્યકત્વથી છુટીને મિથ્યાત્વ તરફ પડે છે ત્યારે વચમાં સાસાદન ભાવ હોય છે.

(૩) મિશ્ર ગુણ સ્થાન -

**सम्मामिच्छुदयेण य जत्तंतरसव्वधादि कज्जेण ।**
**ण य सम्मं मिच्छंपि य सम्मिस्सो होदि परिणामो ॥२१॥**

**ભાવાર્થ** : જાત્યંતર સર્વ ઘાતિ સમ્યક્ મિથ્યાત્વ પ્રકૃતિના ઉદયથી ન તો સમ્યકત્વના ભાવ હોય છે ન મિથ્યાત્વના, પરંતુ બન્નેના મળેલા પરિણામ હોય છે.

(૪) અવિરત સમ્યકત્વ ગુણ સ્થાન -

**सत्तण्हं उवसमदो उवससमम्मो खयादु खइयो य ।**
**विदिय कसायुदयादो असंजदो होदि सम्मो य ॥२६॥**

**ભાવાર્થ** : અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ, મિશ્ર, સમ્યકત્વ પ્રકૃતિ, આ સાત કર્મોના ઉપશમથી ઉપશમ સમ્યકત્વ, તેમના ક્ષયથી ક્ષાયિક સમ્યકત્વ અને છનો ઉદય ન હોવાથી કેવળ સમ્યકત્વના ઉદયથી વેદક સમ્યકત્વ આ ગુણસ્થાનમાં હોય છે. અપ્રત્યાખ્યાન કષાયના ઉદયથી અસંયમ પણ હોય છે.

(૫) દેશ વિરત -

**पच्चक्खणुदयादो संजमभावो ण होदि णवरिं दु ।**
**थोववदो होदि तदो देसवदो होदि पञ्चमओ ॥३०॥**

**ભાવાર્થ** : પ્રત્યાખ્ય કષાયના ઉદયથી અહીં સંયમ નથી હોતો પણ એકદેશવ્રત હોય છે તેથી દેશવ્રત નામનું પાંચમું ગુણસ્થાન છે.

(૬) પ્રમત્ત વિરત ગુણસ્થાન-

**संजलणोकसायाणुदयादो संजमो हवे जह्मा ।**
**मलजणण पमादोविय तह्मा हु पमत्तविरदो सो ॥३२॥**

**ભાવાર્થ** : સંજવલન કષાય ચાર અને નવ નોકષાયના ઉદયથી સંયમ હોય છે પરંતુ અતિચાર ઉત્પન્ન કરનાર પ્રમાદ પણ હોય છે તેથી તેને પ્રમત્તવિરત કહે છે.

(૭) અપ્રમત્ત વિરત ગુણસ્થાન-

**णट्ठासेसपमादो वयगुणसीलोलि मंडिओ णाणी ।**
**अणुवसमओ अखवओ झाणणिलीणो हु अपमत्तो ॥४६॥**

**ભાવાર્થ** : સર્વ પ્રમાદોથી રહિત વ્રત, ગુણ, શીલથી મંડિત, જ્ઞાની, ઉપશમ અને ક્ષપકશ્રેણીની નીચે ધ્યાનલીન સાધુ અપ્રમત્ત વિરત છે.

(૮) અપૂર્વકરણ ગુણસ્થાન-

**अन्तो मुहुत्तकालं गमिऊण अधा पवत्तकरणं तं ।**
**पडिसमयं सुज्झंतो अपुव्व करणं समल्लियइ ॥५०॥**

**ભાવાર્થ** : સાતમા ગુણસ્થાનમાં એક અંતર્મુહૂર્ત સુધી અધઃપ્રવૃત્તકરણ સમાપ્ત કરીને જ્યારે પ્રતિ સમય શુદ્ધિ વધારતા અપૂર્વ પરિણામોને પામે છે ત્યારે અપૂર્વકરણ ગુણસ્થાન નામ પામે છે.

(૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાન -

**एकह्यि कालसमये संढाणादीहिं जइ णिवट्टंति ।**
**ण णिवट्टंति तहावि य परिणामे हिं मिहो जे हु ॥५६॥**

**होंति अणियट्टिणो ते पडिसमयं जेस्सिमेक्क परिणामो ।**
**विमलयरझाणहुय वह सिंहाहिं णिद्दड्ढ कम्मवणा ॥५७॥**

**ભાવાર્થ** : શરીરના આકારાદિથી ભિન્નતા હોવા છતાં પણ જ્યાં એક સમયના પરિણામોમાં પરસ્પર સાધુઓને ભિન્નતા ન હોય અને જેમના પરિણામ દરેક સમયે એક સરખા નિર્મળ વધતા હોય, તે અનિવૃત્તિકરણ ગુણસ્થાન ધારક સાધુ છે. જે અતિ શુદ્ધ ધ્યાનની અગ્નિની શિખાઓથી કર્મવનને બાળીં નાખે છે,

(૧૦) સૂક્ષ્મલોભ ગુણસ્થાન -

**अणुलोहं वेदंतो जीवो उवसामगो व खवगो वा ।**
**सो सुहुमसंपराओ समरवादेदूणओ किंचि ॥६०॥**

**ભાવાર્થ** : જે સૂક્ષ્મ લોભના ઉદયને ભોગવનાર જીવ ઉપશમ કે ક્ષપક શ્રેણીમાં હોય તે સૂક્ષ્મસાંપરાય ગુણસ્થાનધારી છે. તે યથાખ્યાત સંયમીથી થોડો જ ઉતરતો છે.

(૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાન -

**कदकफल जुदजलं वा सरए सरवाणियं व णिम्मलयं ।**
**सयलोवसन्तमोहो उवसन्त कसायओ होदि ॥६१॥**

**ભાવાર્થ :** ફટકડી નાખેલા જળની સમાન અથવા શરદ ઋતુમાં નિર્મળ સરોવરના પાણીની સમાન જ્યારે સર્વ મોહકર્મ ઉપશમ થાય ત્યારે તે સાધુ ઉપશાંત કષાય નામના ગુણસ્થાનકના ધારક થાય છે.

(૧૨) ક્ષીણમોહ ગુણસ્થાન -

**णिस्सेस खीण मोहो फलिहामलभावणुदय समचित्तो ।**
**खीण कसाओ भण्णदि णिग्गंथो वियरायेहिं ॥६२॥**

**ભાવાર્થ** : સર્વ મોહનો નાશ કરીને જેનો ભાવ સ્ફટિકમણિના વાસણમાં રાખેલા જળ સમાન નિર્મળ થાય તે નિર્ગ્રંથ સાધુ ક્ષીણકષાય છે એમ વીતરાગ ભગવાને કહ્યું છે.

(૧૩) સયોગ કેવળી જિન ગુણસ્થાન-

**केवलणाणदिवायर किरणकलावप्पणासियण्णाणो ।**
**णव केवललध्धुग्गमसुजणिय परमप्प ववएसो ॥६३॥**

**असहाय णाणदंसणसहिणो इदि केवली हु जोगेण ।**
**जुत्तोति सजोगि जिणो अणाइणिहणारिसे उत्तो ॥६४॥**

**ભાવાર્થ** : જેણે કેવળજ્ઞાન રૂપી સૂર્યના કિરણો વડે અજ્ઞાનનો નાશ કરી નાખ્યો છે અને નવ કેવળલબ્ધિના પ્રકાશથી પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે, જે (બીજાની) સહાય રહિત કેવળજ્ઞાન, કેવળદર્શન સહિત કેવળી છે અને યોગસહિત છે તેમને અનાદિનિધન આગમમાં સયોગ કેવળી જિન કહ્યા છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંત ઉપભોગ, અનંતવીર્ય, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર, આ નવ કેવળ લબ્ધિ છે.

(૧૪) અયોગ કેવળી જિન ગુણસ્થાન-

**सीलेसिं संपत्तो णिरूद्धणिस्सेसआसवो जीवो ।**
**कम्मरय विप्पमुक्को गय जोगो केवली होदि ॥६५॥**

**ભાવાર્થ** : ચારિત્રના ઐશ્વર્યને પ્રાપ્ત અને સર્વ આસ્રવોથી મુક્ત તથા ઘાતીકર્મ રજથી રહિત જીવ અયોગ કેવલિજિન હોય છે.

પહેલા પાંચ ગુણસ્થાન ગૃહસ્થાનો, છ થી બાર સુધી સાધુઓના અને તેર, ચૌદ એ બે ગુણસ્થાન અરિહંત પરમાત્માના હોય છે.

અનાદિ મિથ્યાદષ્ટિ જીવ ચાર અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વ કર્મનો ઉપશમ કરીને પહેલેથી એકદમ ચોથામાં આવીને અથવા કોઇ પણ અપ્રત્યાખ્યાન કષાયનો પણ ઉપશમ કરીને એકદમ પાંચમામાં આવીને અથવા કોઇ પ્રત્યાખ્યાન કષાયનો પણ ઉપશમ કરીને એકદમ સાતમામાં આવીને ઉપશમ સમ્યક્દષ્ટિ એક અંતર્મુહૂર્ત માટે થાય છે. તે મિથ્યાત્વ કર્મના ત્રણ ખંડ કરી નાખે છે-મિથ્યાત્વ, મિશ્ર, સમ્યકત્વ પ્રકૃતિરૂપ.

આ જ સમયે છ આવળી સુધી શેષ રહેતાં જો અનંતાનુબંધી કોઇ કષાયનો ઉદય થઇ જાય તો બીજા સાસાદન નામના ગુણસ્થાનમાં પડે છે; પછી નિયમથી પહેલામાં આવી જાય છે. આગુણસ્થાન ઉપશમમાંથી પડીને જ થાય છે. જો ઉપશમ સમ્યગ્દષ્ટિને મિશ્રનો ઉદય આવી જાય તો ત્રીજા મિશ્ર ગુણસ્થાનમાં પડે છે. એક વખત મિથ્યાત્વમાં પડેલો પછી ત્યાંથી ત્રીજામાં જઇ શકે છે. જો સમ્યકત્વ મોહનીયનો ઉદય થઇ જાય તો ઉપશમમાંથી વેદક સમ્યગ્દષ્ટિ થઇ જાય છે. વેદકમાંથી ક્ષાયિક સમ્યગ્યદષ્ટિ ચોથાથી સાતમા સુધી કોઇમાં પણ થઇ શકે છે.

ચોથેથી પાંચમામાં અથવા સાતમામાં જઇ શકે છે. પાંચમામાંથી સાતમામાં ચાલ્યો જાય છે, છઠામાં નહિ. સાતમામાંથી છઠામાં પડે છે. સાધુને છઠું સાતમું વારંવાર થયા કરે છે. આ પંચમકાળમાં સાત ગુણસ્થાન જ હોઇ શકે છે. આગળના ગુણસ્થાન ઉત્તમ સંહનનવાળાઓને હોય છે. પંચમકાળમાં ત્રણ નીચેના સંહનન જ હોય છે.

ધર્મધ્યાન સાતમા સુધી હોય છે, શુકલધ્યાન આઠમાથી હોય છે. સાતમાની આગળ બે શ્રેણી છે-ઉપશમ શ્રેણી જ્યાં મોહનો ઉપશમ કરવામાં આવે છે, તેના ગુણસ્થાન ચાર છે-આઠમું, નવમું, દશમું અને અગિયારમું. પછી નિયમથી ક્રમપૂર્વક પતન થાય છે. ક્ષપક ક્ષેણી જ્યાં મોહનો ક્ષય કરવામા આવે છે તે શ્રેણી ઉપર વજ્રવૃષભનારાચ, સંહનનના ધારક જ ચડી શકે છે. તેના ચાર ગુણસ્થાન છે-આઠમું, નવમું, દસમું અને બારમું.

પછી બારમા ગુણસ્થાનવાળો જીવ ત્રણ દોષ અથવા ત્રણ કર્મ ક્ષય કરીને તેરમામાં જઈને અરિહંત પરમાત્મા જિનેન્દ્ર થઈ જાય છે. તે જ ગુણસ્થાનમાં વિહાર અને ઉપદેશ હોય છે. આયુષ્યમાં જ્યારે અ, ઈ, ઉ, ૠ અને લૃ એ પાંચ લઘુ અક્ષરના ઉચ્ચારણ માત્ર કાળ બાકી રહે છે ત્યારે ચૌદમું ગુણસ્થાન થાય છે, પછી જીવ સિદ્ધ થઈ જાય છે.

છઠા, પાંચમા કે ચોથાથી પડીને એકદમ કોઈ પણ નીચેના ગુણસ્થાનમાં આવી શકે છે. ત્રીજા અને બીજામાં આવીને પહેલામાં જ જશે. ત્રીજા ગુણસ્થાનમાં ક્ષપક શ્રેણીમાં કે કેવળીના

તેરમા ગુણસ્થાનમાં મરણ થતું નથી. પહેલા, ચોથા, પાંચમાં અને તેરમા ગુણસ્થાનનો સમય ઘણો વધારે છે. બાકીના બધા ગુણસ્થાનોનો સમય એક અંતર્મુહૂર્તથી વધારે નથી.

એક જીવને એક સાથે ચૌદ માર્ગણાઓ પ્રાપ્ત હોય છે પણ ગુણસ્થાન એક જ હોય છે. એક પ્રમત્તવિરત સાધુને ઉપદેશ દેતી વખતે આ રીતે માર્ગણાઓ હશે-૧ મનુષ્યગતિ, ૨ પંચેન્દ્રિય, ૩ ત્રસકાય, ૪ વચનયોગ, ૫ પુરુષવેદ, ૬ લોભકષાય, ૭ શ્રુતજ્ઞાન, ૮ સામાયિક સંયમ, ૯ ચક્ષુ અચક્ષુ દર્શન, ૧૦ શુભ લેશ્યા, ૧૧ ભવ્યત્વ, ૧૨ વેદક સમ્યકત્વ, ૧૩ સંજ્ઞી, ૧૪ આહારક.

કર્મોની અપેક્ષાએ જ આ ગુણસ્થાન અને માર્ગણાઓ છે. તેથી વ્યવહારનયથી કહી છે, નિશ્ચયનયથી જીવ એનાથી રહિત છે.

સમયસારમાં કહ્યું છે-

**ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया ।**
**गुणठाणन्ताभावा णदुकेई णिच्छयणयस्स ॥६१॥**

**ભાવાર્થ** : વર્ણાદિ માર્ગણા, ગુણસ્થાનાદિ સર્વ ભાવ વ્યવહારનયથી જીવના કહેવામાં આવ્યા છે. નિશ્ચયનયથી એ કોઇ જીવના નથી. એ તો પરમ શુદ્ધ છે.

## ગૃહસ્થ પણ નિર્વાણ માર્ગ ઉપર ચાલી શકે છે.

**गिहिवावार परट्ठिआ हेयाहेउ मुणंति ।**
**अणुदिणु झायहि देउ जिणु लहु णिव्वाणु लहंति ॥१८॥**

ગૃહકામ કરતાં છતાં, હેયાહેયનું જ્ઞાન;
ધ્યાવે સદા જિનેશપદ, શીઘ્ર લહે નિર્વાણ. ૧૮.

**અન્વયાર્થ** : ( **गिहिवावार परट्ठिया** ) જે ગૃહસ્થના વ્યાપારમાં લાગેલા છે ( **हेयाहेउ मुणंति** ) તથા હેય ઉપાદેયને જાણે છે ( **अणुदिणु जिणु देउ झायहि** ) અને રાત દિવસ જિનેન્દ્ર દેવનું ધ્યાન કરે છે ( **लहु णिव्वाणु लहंति** ) તે પણ શીઘ્ર નિર્વાણ પામે છે.

**ભાવાર્થ** : નિર્વાણનો ઉપાય દરેક ભવ્ય જીવ કરી શકે છે. અહીં એમ કહ્યું છે કે ગૃહસ્થના વ્યાપાર ધંધામાં ફસાયેલો મનુષ્ય પણ નિર્વાણનું સાધન કરી શકે છે. એ વાત સમજવી જોઇએ કે નિર્વાણ આત્માનો શુદ્ધ સ્વભાવ છે. તે તો એ પોતે છે જ પણ તેના ઉપર જે કર્મનું આવરણ છે તેને દૂર કરવાનું છે. તેનું સાધન પણ એક માત્ર પોતાના જ શુદ્ધ આત્મિક સ્વભાવનું દર્શન અથવા મનન છે. નિર્વાણનો માર્ગ પણ પોતાની પાસે જ છે.

સમ્યગ્દષ્ટિ અંતરાત્મામાં ભેદવિજ્ઞાનની કળા પ્રગટ થઇ જાય છે જેના પ્રભાવથી તે સદાય પોતાના આત્માને સર્વ કર્મજાળથી નિરાળો, વીતરાગ વિજ્ઞાનમય શુદ્ધ સિદ્ધ સમાન માને છે, જાણે છે અને તેનું આચરણ પણ કરી શકે છે. જેની રુચિ થઇ જાય છે તે તરફ ચિત્ત સ્વયમેવ સ્થિર થઇ જાય છે. આત્મસ્થિરતા કરવાની યોગ્યતા પણ અવિરત સમ્યગ્દષ્ટિ ગૃહસ્થને થઇ જાય છે. તે જ્યારે ઇચ્છે ત્યારે સિદ્ધ સમાન પોતાના આત્માનું દર્શન કરી શકે છે.

આત્મદર્શન ગૃહસ્થ અને સાધુ બન્નેય કરી શકે છે. ગૃહસ્થ અન્ય કાર્યોની ચિંતાને કારણે બહુ થોડો સમય આત્મદર્શનના કાર્યમાં આપી શકે છે જ્યારે સાધુ ઘરના કાર્યોથી નિવૃત છે. સાધુને ગૃહ સંબંધી અનેક કાર્યોની કાંઇ ચિંતા હોતી નથી તેથી તે નિરંતર આત્મદર્શન કરી શકે છે. નિર્વાણનું સાક્ષાત્ સાધન સાધુપદમાં જ થઇ શકે છે. ગૃહસ્થ પદમાં એકદેશ સાધન થઇ શકે છે.

દરેક તત્ત્વજ્ઞાની અંતરાત્મા ગૃહસ્થને ચાર પુરુષાર્થોનું સાધન આવશ્યક છે. મોક્ષ કે નિર્વાણના પુરુષાર્થને ધ્યેય રૂપ રાખીને-નિર્વાણ પ્રાપ્તિનું લક્ષ્ય રાખીને અન્ય ત્રણ પુરુષાર્થ ધર્મ, અર્થ, કામનું સાધન ગૃહસ્થ કરે છે, ત્રણેમાં વિરોધ ન પહોંચે એ રીતે ત્રણેની એકતાપૂર્વક કાર્ય કરે છે. એટલું ધર્મનું પણ સાધન નથી કરતા કે જેથી દ્રવ્ય પેદા ન કરી શકે અને શરીરથી ઈંદ્રિય ભોગ ન કરી શકે, તેમ જ દ્રવ્ય કમાવામાં પણ એટલો વ્યસ્ત રહેતો નથી કે જેથી ધર્મનું સાધન ન કરી શકે અને શરીરને રોગી બનાવી દે જેથી કામનો પુરુષાર્થ ન કરી શકે. એટલો ઈંદ્રિય ભોગ પણ નથી કરતો કે જેથી ધર્મસાધનમાં હાનિ પહોંચે અને દ્રવ્યની પ્રાપ્તિ કરી ન શકે.

અર્થના પુરુષાર્થ માટે તે પોતાની યોગ્યતા અનુસાર નીચે જણાવેલા છ કર્મ કરે છે અને એમાં સહાયક થાય છે -

(૧) અસિકર્મ- રક્ષાનો ઉપાય શસ્ત્ર ધારણ કરીને કરવો.

(૨) મસિકર્મ- હિસાબ કિતાબ, જમાખર્ચ અને પત્રાદિ લખવાનું કામ.

(૩) કૃષિ કર્મ- ખેતી કરવી, કરાવવી અને ગોઠવણ કરવાનું કામ.

(૪) વાણિજ્ય કર્મ- દેશ- પરદેશમાં માલની ખરીદી અને વેચાણ કરવું.

(૫) શિલ્પ કર્મ- જુદા જુદા પ્રકારના ઉધોગો વડે આવશ્યક વસ્તુઓ બનાવવી.

(૬) વિદ્યાકર્મ- ગાવું, વગાડવું, નૃત્ય, ચિત્રકામ વગેરે હુન્નર કામ પુરુષાર્થમાં તે ન્યાયપૂર્વક અને ધર્મનું ખંડન ન થાય એવી રીતે પાંચે ઈંદ્રિયોના ભોગ ભોગવે છે. સ્પર્શન

ઈંદ્રિયના ભોગમાં પોતાની વિવાહિતા સ્ત્રીમાં સંતોષ રાખે છે. રસના ઈંદ્રિયના ભોગમાં શુદ્ધ અને સ્વાસ્થ્યવર્ધક ભોજન પાન ગ્રહણ કરે છે, ઘ્રાણ ઈંદ્રિયના ભોગમાં શરીર રક્ષક સુગંધ લે છે. ચક્ષુ ઈંદ્રિયના ભોગમાં ઉપયોગી ગ્રંથોનું અને વસ્તુઓનું અવલોકન કરે છે, કર્ણ ઈંદ્રિયના ભોગમાં ઉપયોગી ગાનાદિ સાંભળે છે.

ધર્મના પુરુષાર્થમાં તે ગૃહસ્થ નિત્ય છ કર્મોનું સાધન કરે છે.

**देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।**
**दानं चेति गृहस्थाणां षट्कर्माणि दिने दिने ।**

(૧) દેવપૂજા-અરિહંત અને સિદ્ધ પરમાત્મા, જિનેન્દ્રની ભક્તિ કરવી. તેના છ પ્રકાર છે-૧-નામ લઈને ગુણ સ્મરણ કરવું તે નામભક્તિ છે. ૨-સ્થાપના કે મૂર્તિ દ્વારા પૂજા, દર્શન અને જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેધ, દીપ, ધૂપ, ફળ આ આઠ દ્રવ્યોથી પૂજન તે સ્થાપનાભક્તિ છે. ૩- અરિહંત અને સિદ્ધના સ્વરૂપનો વિચાર તે દ્રવ્ય ભક્તિ છે. ૪- અરિહંત અને સિદ્ધના ભાવોનું મનન તે ભાવ ભક્તિ છે. ૫- જે સ્થળોએથી મહાપુરુષોએ જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ પ્રાપ્ત કર્યા તે બધા દ્વારા ગુણ સ્મરણ તે ક્ષેત્રભક્તિ છે. ૬- જે સમયમાં જન્મ, તપ, જ્ઞાન અને નિર્વાણ પામ્યા તે કાળને ધ્યાનમાં લઈને ગુણસ્મરણ કરવું તે કાળભક્તિ છે. આમ છ પ્રકારે દેવપૂજા થાય છે. યથાસંભવ નિત્ય કરવી.

(૨) ગુરુભક્તિ- આચાર્ય, ઉપાધ્યાય, સાધુના વિનય, સેવા, તેમની પાસેથી ઉપદેશ ગ્રહણ કરવો, જો તે પ્રત્યક્ષ ન હોય તો પરોક્ષપણે તેમની શિક્ષા માન્ય રાખવી તે ગુરુ સેવા છે.

(૩) સ્વાધ્યાય- તત્ત્વજ્ઞાનપૂર્ણ આધ્યાત્મિક શાસ્ત્રો વાંચવા, સાંભળવા, વિચારવા.

(૪) સંયમ- નિયમિત આહારાદિ કરવા, સ્વચ્છંદ વર્તન ન કરવું.

(૫) તપ- પ્રાતઃકાળે અને સંધ્યાકાળે થોડા સમય સુધી આત્મધ્યાનનો અભ્યાસ કરવો, સામાયિક પાઠનું પઠન કરવું, આત્માનું સ્વરૂપ વિચારવું.

(૬) દાન- ભક્તિ પૂર્વક ધર્માત્મા મુનિ, આર્યિકા, શ્રાવક, શ્રાવિકાને અને દયાભાવથી પ્રાણીમાત્રને આહાર, ઔષધ, અભય અને જ્ઞાનદાન દેવું. આઠ મૂળ ગુણોનું પાલન કરવું, તે મૂળ ગુણ ભિન્ન ભિન્ન આચાર્યોના મતે નીચે પ્રમાણે છે :

**मद्यमांसमधु त्यागैः सहाणु व्रतपंचकम् ।**
**अष्टौ मूल गुणा नाहुः गृहिणां श्रमणोत्तमाः ॥६६॥ (रत्न.श्रा.)**

**ભાવાર્થ** : ૧- મદિરા પાન ન કરવું, ૨- માંસ ન ખાવું, ૩- મધ ન ખાવું, કારણ કે પ્રાણીઓનો તેમાં ઘાત થાય છે અને હિંસાકારક છે. આ ત્રણ પ્રકારનું સેવન ન કરવું અને પાંચ અણુવ્રતોનું પાલન કરવું.

(૧) અહિંસા અણુવ્રત- સંકલ્પી હિંસા ન કરવી. જેમ કે માંસાહાર માટે શિકાર, ધર્મના અર્થે પશુવધ, વૃથા મોજશોખમાં પ્રાણીઓને પીડા કરવી વગેરે, આરંભી હિંસા જે અર્થ અને કામ પુરુષાર્થના સાધનમાં આવશ્યક છે, તેનો આ સાધારણ ગૃહસ્થ ત્યાગ કરી શકતો નથી, વૃથા આરંભી હિંસા પણ તે કરે નહિ.

(૨) સત્ય અણુવ્રત- સત્ય બોલે છે,પરને પીડા કરે એવું વચન બોલતો નથી. કઠોર, નિન્દનીય ભાષા બોલતો નથી. આરંભ સાધક વચનોનો ત્યાગ કરી શકતા નથી.

(૩) અચૌર્ય અણુવ્રત- પડી ગયેલી, ભુલાઇ ગયેલી કોઇની વસ્તુ તે લેતો નથી. ચોરી લૂંટફાટ અને વિશ્વાસઘાતથી તે બચે છે.

(૪) બ્રહ્મચર્ય અણુવ્રત- સ્વસ્ત્રીમાં સંતોષ રાખીને વીર્યનું રક્ષણ કરે છે.

(૫) પરિગ્રહ ત્યાગ અણુવ્રત- તૃષ્ણા ઘટાડવા માટે સંપત્તિનું પ્રમાણ (મર્યાદા) કરે છે. પોતે કરેલી મર્યાદા પૂરી થતાં પરોપકાર અને ધર્મ અર્થે જીવન વીતાવે છે.

આ ગૃહસ્થ આ વચનનું ધ્યાન રાખે છે-

**सर्वमेव हि जैनानां प्रमाणं लोकिको विधिः ।**
**यत्र सम्यक्त्वहानिर्न यत्र न व्रतदूषणं ॥**

**ભાવાર્થ** : જૈન ગૃહસ્થ તે સર્વ લૌકિક નિયમોનું પાલન કરે જેનાથી પોતાની શ્રદ્ધામાં અને પાંચ અણુવ્રતોના પાલનમાં બાધા ન આવે.

સામાજિક નિયમોનું પરિવર્તન તે આધારે કરી શકે છે.

શ્રી જિનસેનાચાર્ય મહાપુરાણમાં કહે-

**हिंसाऽसत्यस्तेयाऽब्रह्मपरिग्रहाच्च बादरभेदात् ।**
**द्यूतान्मांसान्मद्याद्विरतिर्गृ हिणोऽष्टमूलगुणाः ॥**

**ભાવાર્થ** : સ્થૂળ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહનો ત્યાગ, તથા જુગાર ન રમવો, માંસ ન ખાવું, મદિરા ન પીવી, આ ગૃહસ્થના આઠ મૂળ ગુણ છે.

પંડિત આશાધર સાગારધર્મામૃતમાં કહે છે -

**मद्यपलमधुनिशाशनपञ्चफली विरति पञ्चकाप्तनुती ।**
**जीवदया जलगालनमिति च क्वचिदष्टमूलगुणाः ॥१८२॥**

**ભાવાર્થ** : આ પણ આઠ મૂળગુણ છે-(૧) મદિરા ત્યાગ, (૨) માંસ ત્યાગ (૩) મધ ત્યાગ, (૪) રાત્રિભોજન ત્યાગ, (૫) પાંચ ફળનો (ગૂલર, પાકર, વડ, પીપર, કઠૂમર, અંજીરનો) ત્યાગ, (૬) પંચ પરમેષ્ઠીની ભક્તિ, (૭) જીવદયા, (૮) પાણી ગાળીને પીવું.

**मद्यं मांसं क्षोद्रं पीचोदुम्बर फलानि यत्नेन ।**
**हिंसा व्युपरतकामैमेक्तिव्यानि प्रथममेव ॥६१॥**

**ભાવાર્થ** : હિંસાથી બચવા ઇચ્છનારાએ પ્રથમ જ મદિરા માંસ, મધ અને પાંચ ઉદુમ્બરનો ફળોનો ત્યાગ કરવો જોઇએ.

આત્મજ્ઞાની ગૃહસ્થ જિનેન્દ્રનો અને પોતાના આત્માનો સ્વભાવ એક સરખો જાણે છે તેથી નિરંતર જિનેન્દ્રના ધ્યાન દ્વારા તે પોતાનું જ ધ્યાન કરે છે. ગૃહસ્થ સમ્યગ્દષ્ટિ આત્માનું ચિંત્વન પરમ રુચિથી કરે છે. શેષ કાર્ય-કર્મોના ઉદયવશ લાચાર થઇને કરે છે. તે ગૃહસ્થને જ્ઞાનચેતનાની મુખ્યતા છે. ગૃહસ્થને રાગદ્વેષપૂર્વક કાર્યોમાં અને કર્મફળભોગમાં અંદરથી સમભાવ છે. ભાવના એવી રાખે છે કે ક્યારે કર્મનો ઉદય ટળે અને હું ગૃહ પ્રપંચથી છૂટું. સમાધિશતકમાં કહ્યું છે.

**आत्मज्ञानात्परं कार्यं न बुद्धौ धारयेच्चिरम् ।**
**कुर्यादर्थवशात् किंचिद्वाक्कायाभ्यामतत्परः ॥५०॥**

**ભાવાર્થ** : જ્ઞાની સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞાન સિવાય અન્ય કાર્યને બુદ્ધિમાં લાંબો સમય સુધી ધારણ કરતા નથી. પ્રયોજનવશ કાંઈ કામ કરવાનું હોય તો તેમાં આસક્ત ન થતાં વચન અને કાયાથી કરી લે છે.

સમયસાર કલશમાં કહ્યું છે-

**नाश्नुते विषयसेवनेऽपि यत् स्वं फलं विषयसेवनस्य ना ।**
**ज्ञानवैभवविरागताबलात्सेवकोऽपि तदसावसेवकः ॥३-०॥**

**ભાવાર્થ** : જ્ઞાની વિષયોનું સેવન કરવા છતાં પણ વિષય સેવનનું ફળ ભોગવતા નથી. તે તત્ત્વજ્ઞાનના વૈભવ અને વૈરાગ્યના બળથી સેવવા છતાં પણ સેવક નથી. સમભાવથી કર્મનું ફળ ભોગવવાથી કર્મની નિર્જરા ઘણી થાય છે, બંધ અલ્પ થાય છે, તેથી સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ

નિર્વાણનો પથિક થઈને સંસાર ઘટાડે છે. તેની દૃષ્ટિ સ્વતંત્રતા ઉપર રહે છે. તે સંસારથી ઉદાસીન છે. તે પ્રયોજનને અનુકૂળ એવા અર્થ અને કામ પુરુષાર્થનું સાધન કરે છે અને વ્યવહારધર્મ પાળે છે પરંતુ તે બધાથી વિરક્ત છે. પ્રેમી માત્ર એક પોતાના આત્માનુભવનો છે, તેથી તે શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરવાની યોગ્યતા વધારી લે છે.

## જિનેન્દ્રનું સ્મરણ પરમ પદનું કારણ છે.

**जिण सुमिरहु जिण चिंतवहु जिण झायहु सुमणेण ।**
**सो झाहंतह परमपउ लब्भइ एक्कखणेण ॥१९॥**

**જિન સમરો, જિન ચિંતવો, જિન ધ્યાવો મન શુદ્ધ;**
**તે ધ્યાતાં ક્ષણ એકમાં, લહો પરમપદ શુદ્ધ ૧૯.**

**અન્વાર્થ** : (**सुमणेण**) શુદ્ધ ભાવથી (**जिण सुमिरहु**) જિનેન્દ્રનું સ્મરણ કરો, (**जिण चिंतवहु**) જિનેન્દ્રનું ચિંતવન કરો, (**जिण झायहु**) જિનેન્દ્રનું ધ્યાન કરો (**सो झाहंतह**) એવું ધ્યાન કરવાથી (**एक्कखणेण**) એક ક્ષણમાં (**परमपउ लब्भइ**) પરમપદ પ્રાપ્ત થઈ જાય છે.

**ભાવાર્થ** : જિનેન્દ્રના સ્વભાવમાં અને પોતાના આત્માના મૂળ સ્વભાવમાં કોઈ જાતનું અંતર નથી. સમ્યગ્દૃષ્ટિ અંતરાત્મા આત્માના ઉત્કૃષ્ટ પદનો પરમ પ્રેમી થઈ જાય છે. તેનામાં એવી અનુકંપા ઉત્પન્ન થઈ જાય છે કે પોતે જિન સમાન હોવા છતાં એને ભવોભવ જન્મમરણના કષ્ટ સહેવા પડે એ વાત બરાબર નથી. એને તો જિનસમાન સ્વતંત્ર અને પૂર્ણ પવિત્ર બનાવી દેવો જોઈએ. એ પર્યાયની અપેક્ષાએ પોતાના આત્માને અશુદ્ધ રાગી, દ્વેષી, અજ્ઞાની, કર્મબદ્ધ શરીરમાં કેદી માને છે અને શ્રી જિનેન્દ્રભગવાનને શુદ્ધ વીતરાગી, જ્ઞાની, કર્મમુક્ત અને શરીર રહિત દેખે છે અને ગાઢ પ્રેમાળ તથા ઉત્સાહી બની જાય છે કે શુદ્ધપદમાં પોતાના આત્માને શીઘ્ર પહોંચાડી દેવો જોઈએ. તે જિનપદને આદર્શ અથવા શુદ્ધતાનો નમૂનો માનીને હર સમય તેને ધારણામાં રાખે છે.

તે ગૃહસ્થનાં કામ કરવા છતાં, આહારવિહારાદિ કરવા છતાં પણ વારંવાર જિનદેવનું સ્મરણ કરે છે. કોઈ વાર દેવપૂજા વગેરે અને સામાયિકના સમયે જિનપદના સ્વરૂપનું-જિનની ગુણાવલીનું ચિંતન કરે છે, ચિંતવન કરતાં કરતાં ક્ષણમાત્ર માટે સ્થિર થાય છે, પોતાને જિન ભગવાનના સ્વરૂપમાં જોડી દે છે, બન્નેને એક ભાવમાં જોડી દે છે. અદ્વૈતના શુદ્ધ ભાવમાં એકતાન થઈ જાય છે, ત્યારે વાસ્તવમાં તે જ ક્ષણે આત્માનો સાક્ષાત્કાર પામીને નિર્વાણ જેવો આનંદ અનુભવે છે. ધ્યાનમાં સ્થિરતા ઓછી થાય એટલે ધ્યાનમાંથી છૂટીને ફરી ચિંતવન કરવા

માંડે છે. ફરીથી પાછું ધ્યાન પ્રાપ્ત કરી લે છે. પછી આનંદનું અમૃત પીવા માંડે છે. આ રીતે જિન સમાન પોતાના આત્માનું ધ્યાન જ પરમપદની નિકટ લઈ જવાનું વાહન થઈ જાય છે. જો કોઈ સાધુ વજર્ષભનારાચ સંહનનના ધારક સતત એક મુહૂર્ત એટલે ૪૮ મિનિટથી થોડા ઓછા સમય માટે ધ્યાનમાં એકતાર થઈ જાય તો ચારે ઘાતીકર્મનો ક્ષય કરીને અરિહંત પરમાત્મા થઈ જાય. પછી તે શરીર છોડીને શરીર રહિત સિદ્ધ થઈ જાય.

જેમ કોઈ સ્ત્રી તેનો પતિ પરદેશ ગયા પછી પોતાના ઘરનું કામ કરવા છતાં પણ વારંવાર પતિનું સ્મરણ કરે છે, કોઈ વાર સ્થિર બેસીને પતિના ગુણો અને પ્રેમનો વિચાર કરે છે. વિચારતાં વિચારતાં કોઈ વાર પ્રેમમાં આસક્ત થઈને પતિને મળવા જેવું સુખ અનુભવે છે. એવી જ રીતે જિનેન્દ્ર પદનો પ્રેમી અંતરાત્મા જ્ઞાની ગૃહસ્થ હોય કે સાધુ આત્માના કાર્ય સિવાય બીજા કાર્યો કરવા છતાં જિનેન્દ્રનું વારંવાર સ્મરણ કરે છે. કોઈ વાર એકાંતમાં સ્થિર બેસીને ગુણોનો વિચાર કરે છે, કોઈ વાર ધ્યાનમાં લીન થઈ જાય છે. તેને જેટલો પ્રેમ જિન ભગવાનના સ્વરૂપ પ્રત્યે છે એટલો કોઈ વસ્તુ પ્રત્યે નથી. જ્ઞાની અંતરાત્મા શુદ્ધ વીતરાગભાવથી જિન ભગવાનનું સ્મરણ, ચિંતવન અને તેમનું ધ્યાન કરે છે. કોઈ પ્રકારની વાંછા અને ફળની ઈચ્છા રાખતા નથી, તેનામાં સંસારના સર્વ ક્ષણિક પદો પ્રત્યે પૂર્ણ વૈરાગ્ય છે. તે ઈંદ્ર, ચક્રવર્તી આદિ પદોને પણ ચાહતા નથી, ન તે ઈંદ્રિયોના તૃષ્ણાવર્ધક ભોગો ચાહે છે કે ન તે પોતાની પૂજા અથવા પ્રસિદ્ધિ ચાહે છે. તે કષાય કાલિમાને બિલકુલ મટાડવા ઈચ્છે છે તે વીતરાગ થવા ચાહે છે. સ્વાનુભવ પ્રાપ્ત કરવા ચાહે છે. નિજાનંદ રસનું પાન કરવા ઈચ્છે છે. તેથી તે મુમુક્ષુ શુદ્ધ નિર્લેપભાવથી જિનેન્દ્ર ભગવાનનું સ્મરણ, ચિંતવન અને ધ્યાન કરે છે. તેને એ ખબર છે કે ભક્તિ કરવાથી, સવિકલ્પ ચિંતવન કરવાથી કે નિર્વિકલ્પ ધ્યાન કરવાથી પણ જેટલા અંશે રાગ ભાગ રહેશે તે કર્મબંધ કરશે, પુણ્ય પણ બાંધશે અને પુણ્યનું ફળ પણ આવશે. પરંતુ તે જ્ઞાની પુણ્ય અને પુણ્યના ફળને બિલકુલ ચાહતા નથી. તે તો કર્મરહિત પદને જ ચાહે છે.

આ જ્ઞાનીમાં સમ્યગ્દર્શનના આઠ અંગ સારી રીતે અંકિત રહે છે. તે જ્ઞાની આ આઠ અંગોનું મનન એવી રીતે રાખે છે કે મને મારા આત્માના શુદ્ધ સ્વભાવમાં અને જિન પરમાત્મામાં કોઈ સંશય નથી તેમ જ મને મરણ, રોગાદિ કે કોઈ અકસ્માતનો ભય નથી. મારો આત્મા અમૂર્તિક, અભેદ્ય, અછેદ્ય, અવિનાશી છે. એને કોઈ બગાડી શકતું નથી. આ રીતે સ્વરૂપમાં નિઃશંક અને નિર્ભય થઈને નિઃશંક્તિ અંગનું પાલન કરે છે. આ જ્ઞાનીને કર્મોને આધીન ક્ષણિક, તૃષ્ણાવર્ધક, પાપબંધ કરનાર, ઈંદ્રિયજન્ય સુખોની રંચમાત્ર લાલસા કે આસક્તિ હોતી નથી. એ પૂર્ણપણે વૈરાગી છે. કેવળ પોતાના અતીન્દ્રિય આનંદનો પિપાસુ છે. તે પરમાનંદ સિવાય કોઈ જાતનાં બીજા સુખની, સ્વાનુભવ સિવાય અન્ય કોઈ વ્યવહાર ધર્મની કે મોક્ષપદ રૂપ નિજ પદ સિવાય અન્ય કોઈ પદની વાંછા રાખતા નથી. તે શુદ્ધભાવની ચાહ રાખતા થકા

નિઃશંકિત અંગનું પાલન કરે છે. જ્ઞાની છ દ્રવ્યો, તેમના ગુણો અને તેમની સ્વાભાવિક તેમ જ વૈભાવિક પર્યાયોને ઓળખે છે. આખા જગતની વ્યવસ્થાને નાટક સમાન દેખે છે. કોઈને બૂરી કે ભલી ચીજ માનવાનો વિચાર ન કરતાં ઘૃણાભાવની કાલિમાથી દૂર રહીને અને સમભાવની ભૂમિમાં સ્થિર થઈને નિર્વિચિકિત્સિત અંગનું પાલન કરે છે.

વસ્તુ સ્વરૂપને બરાબર જાણનાર જ્ઞાની જેવી રીતે પોતાના આત્માને દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયથી એક અને અનેકરૂપે દેખે છે તેવી રીતે જગતના અન્ય આત્માઓને દેખે છે, તે કોઈ બાબતમાં મૂઢતા બતાવતા નથી. તે ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ ચાર દ્રવ્યોને સદા સ્વભાવમાં પરિણમતાં જુએ છે. પુદ્‌ગલની સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયોને પુદ્‌ગલની માને છે, જીવની સ્વાભાવિક અને વૈભાવિક પર્યાયોને જીવની જાણે છે. તે ઉપાદેય એક પોતાના શુદ્ધ દ્રવ્યને જ જાણે છે. આ રીતે જ્ઞાની વસ્તુ સ્વભાવના જ્ઞાતા થઈને અમૂઢદષ્ટિ અંગ પાળે છે જ્ઞાની સર્વ રાગાદિ દોષોથી જુદા રહીને અને કષાયના મેલને મેલ સમજીને તેનાથી રહિત પોતાના વીતરાગ સ્વભાવના અનુભવમાં લીન થઈને પોતાની અંદર અનંત શુદ્ધ ગુણોનો પ્રકાશ કરે છે, દોષો તરફથી ઉપયોગ ખસેડીને આત્મિક ગુણોમાં પોતાને પ્રગટ કરતા થકા ઉપગૂહન અથવા ઉપબૃંહણ અંગનું પાલન કરે છે.

જ્ઞાની જાણે છે કે રાગદ્વેષનો પવન લાગવાથી મારો આત્મિક સમુદ્ર ચંચળ થશે, તેથી વીતરાગ ભાવમાં સ્થિર થઈને અને જ્ઞાન ચેતનામય થઈને આત્માનંદના સ્વાદમાં તન્મય થઈ સ્થિતિકરણ અંગનું પાલન કરે છે. પોતાના ઉપયોગને આત્માની ભૂમિમાં રમણતા કરાવે છે, બહાર જવા દેતા નથી. જ્ઞાની જીવ જગતના સર્વ આત્માઓને એક સમાન શુદ્ધ અને પરમાનંદમય દેખીને પરમ શુદ્ધ પ્રેમથી ભરપૂર થઈને એવા પ્રેમમય બની જાય કે સર્વ વિશ્વને એક શાંતિમય સમુદ્ર બનાવીને તે સમુદ્રમાં ગોથા ખાય છે. શુદ્ધ વિશ્વપ્રેમ ધારણ કરીને વાત્સલ્યઅંગ પાળે છે. તે જ્ઞાની પોતાના નિર્મળ ઉપયોગરૂપી રથમાં પરમાત્માને બિરાજમાન કરીને, ધ્યાનના માર્ગે રથ ચલાવીને, પોતાના આત્માના પરમ શાંત મહિમાનો વિસ્તાર કરીને પ્રભાવના અંગ પાળે છે આ રીતે આઠ અંગોથી વિભૂષિત જ્ઞાની શુદ્ધ શ્રી જિનેન્દ્રનું સ્મરણ, ચિંતવન અને ધ્યાન કરતો થકો નિર્વાણના અચળ નગર તરફ પ્રયાણ કરે છે. સમાધિશતકમાં કહ્યું છે -

**भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशाः ।**
**वर्तिर्दीपं यक्षोपास्य भिन्ना भवति तादृशी ॥९७॥**

**ભાવાર્થ** : જેમ બત્તી (દીવેટ) દીપકથી ભિન્ન છે તો પણ દીપકનું સેવન કરીને સ્વયં દીપક બની જાય છે તેમ આ (જ્ઞાની) ભિન્ન પરમાત્માની ઉપાસના કરીને સ્વયં પરમાત્મા થઈ જાય છે.

ભાવપાહુડમાં શ્રી કુંદકુંદાચાર્ય કહે છે -

**णाणम्मविमलसीयलसलिलं पाऊण भविय भावेण ।**
**बाहि जरामरणवेयणदाह विमुक्का सिवा होंति ॥१२५॥**

**ભાવાર્થ** : ભવ્ય જીવ શુદ્ધ ભાવથી જ્ઞાનમય, નિર્મળ, શીતળ જળ પીને વ્યાધિ, જરા, મરણની વેદનાના દાહથી છૂટીને શિવરૂપ મુક્ત થઈ જાય છે.

આપ્ત સ્વરૂપમાં કહ્યું છે કે-

**रागद्वेषादयो येन जिताः कर्ममहाभटाः ।**
**कालचक्रविनिर्मुक्तः स जिनः परिकीर्तितः ॥२१॥**

**ભાવાર્થ** : જેણે રાગદ્વેષાદિને અને કર્મરૂપી મહાન યોદ્ધાઓને જીત્યા છે અને જે મરણના ચક્રથી રહિત છે તે જ જિન કહેવાય છે.

## પોતાના આત્મામાં અને જિનેન્દ્રમાં ભેદ નથી.

**सुद्धप्पा अरु जिणवरहं भेउ म किमपि वियाणि ।**
**मोक्खह कारण जोईया णिच्छइ एउ वियाणि ॥२०॥**

**જિનવર ને શુદ્ધાત્મમાં, કિંચિત્ ભેદ ન જાણ;**
**મોક્ષાર્થે હે યોગિજન ! નિશ્ચયથી એ માન. ૨૦.**

**અન્વયાર્થ** : (**जोईया**) હે યોગી ! (**सुद्धप्पा अरु जिणवरहं किमपि भेउ म वियाणि**) પોતાના શુદ્ધાત્મામાં અને જિનેન્દ્રમાં કોઈ પણ ભેદ ન સમજો, (**मोक्खह कारण णिच्छइ एऊ वियाणि**) મોક્ષનું સાધન નિશ્ચયનયથી એને જ માનો.

**ભાવાર્થ** : મોક્ષ કેવળ એક પોતાના જ આત્માની પર સંયોગરહિત શુદ્ધ અવસ્થાનું નામ છે. તેથી તેનો ઉપાય પણ નિશ્ચયનયથી અથવા પર્યાયમાં એ જ છે કે પોતાના આત્માને શુદ્ધ અનુભવવો અને શ્રી જિનેન્દ્ર અરિહંત અથવા સિદ્ધ પરમાત્મા સમાન જ પોતાને માનવો. જ્યારે આવી માન્યતા થશે ત્યારે અનાદિની મિથ્યા વાસનાનો અભાવ થશે. અનાદિથી એ જ મિથ્યા બુદ્ધિ હતી કે હું મનુષ્ય છું, નારકી છું, તિર્યંચ છું કે દેવ છું. હું રાગી છું, દ્વેષી છું, ક્રોધી છું, માની છું, માયાવી છું, લોભી છું, કામી છું, રૂપાળો છું, બળવાન છું, રોગી છું, નીરોગી છું, બાળક છું, યુવાન છું, વૃદ્ધ છું. હું જન્મ્યો, હું વૃદ્ધ થયો, હું મર્યો, આઠ કર્મોના ઉદયના વિપાકથી જે વિભાવ દશા આત્માની થતી હતી તેને જ આ અજ્ઞાની પોતાની જ મૂળ દશા માની લેતો હતો.

કર્મકૃત રચનામાં અહંબુદ્ધિ ધારણ કરતો હતો. શરીરના સુખે સુખી અને શરીરના દુઃખે દુઃખી માનતો હતો. જેમ કોઇ સિંહનું બાળક સિંહ હોવા છતાં પણ દીન પશુ બની રહે તેવી જ રીતે અજ્ઞાનથી તે પોતાને દીન હીન સંસારી માની રહ્યો હતો. શ્રી ગુરુના પ્રસાદથી, શાસ્ત્રના જ્ઞાનથી કે સ્વયં જ જ્યારે તેની જ્ઞાનની આંખ ખૂલી, તેને એવી પ્રતીતિ થઇ કે હું તો સ્વયં ભગવાન પ્રભુ પરમાત્મા છું. મારો સ્વભાવ સિદ્ધ પરમાત્માથી રંચ માત્ર ઓછો નથી. હું તો સંસારના પ્રપંચોથી રહિત છું, હું કર્મોથી અલિપ્ત છું, પરમ વીતરાગી છું, પરમાનંદમય છું, જેટલા અનંતગુણ સિદ્ધપરમાત્મામાં છે તે બધા મારા આત્મામાં છે. હું અમૂર્તિક અખંડ જ્ઞાનમૂર્તિ છું, કેવળ પોતાથી, પોતામાં, પોતાને જ માટે પોતામાંથી, પોતાને, પોતે જ પરિણમાવું છું.

હું જ મારી શુદ્ધ પરિણતિનો કર્તા છું, શુદ્ધ પરિણામ જ મારું કર્મ છે. શુદ્ધ પરિણામે જ કરણ (કારણ) છે, એ જ સંપ્રદાન છે, અપાદાન છે, એ જ અધિકરણ છે. પ્રથમ જ હું આ છ કારકોના વિચારથી રહિત એક અભેદ સ્વરૂપ છું, હું સ્વયં રાગાદિ ભાવોનો કે પુણ્ય પાપ કર્મનો કર્તા નથી, હું કેવળ પોતાના જ શુદ્ધ અને અતીન્દ્રિય સહજ આનંદનો ભોકતા છું. હું સાંસારિક સુખદુઃખનો ભોકતા નથી.

હું સિદ્ધ સમાન પરમ નિશ્ચળ છું, ભોગની ચંચળતા રહિત છું, મન વચન કાયાના પંદર યોગોથી શૂન્ય છું, હું કર્મ તથા નોકર્મનું આકર્ષણ કરનાર નથી, ન મારામાં અજીવ તત્ત્વ છે, ન આસ્રવ તત્ત્વ છે, ન બંધ તત્ત્વ છે, ન સંવર તત્ત્વ છે, ન નિર્જરા તત્ત્વ છે, ન મોક્ષ તત્ત્વ છે. હું તો સદાય શુદ્ધ જીવત્વનો ધારક એક જીવ છું. સુખ, સત્તા, ચૈતન્ય (સ્વાનુભૂતિ). અને બોધ; આ ચાર જ મારા નિજ પ્રાણ છે જેમનાથી હું સદા જીવતો છું.

જેવા સિદ્ધ ભગવાન કૃતકૃત્ય છે તેવો જ હું કૃતકૃત્ય છું. ન તો તે (સિદ્ધભગવાન) જગતના રચનાર છે ન હું જગતનો રચનાર છું, ન તેઓ કોઇને સુખદુઃખ આપે છે, ન હું કોઇને સુખ કે દુઃખ આપું છું. તેઓ જગતના પ્રપંચથી નિરાળા છે, હું પણ જગતના પ્રપંચથી નિરાળો છું. તેઓ અસંખ્ય પ્રદેશી અખંડ છે, હું પણ અસંખ્યાત પ્રદેશી અખંડ છું. તેઓ અંતિમ શરીર પ્રમાણ આકાર ધારણ કરે છે, હું મારા શરીર પ્રમાણ આકાર ધારું છે. પરંતુ પ્રદેશોની સંખ્યામાં ઓછો નથી. તે સિદ્ધ ભગવાન સર્વ ગુણસ્થાનની શ્રેણીઓથી પર છે. હું પણ ગુણસ્થાનોથી દૂરવર્તી છું. સિદ્ધ ભગવાન ચૌદ માર્ગણાઓથી પર છે, હું પણ ચૌદ માર્ગણાઓથી જુદો છું.

સિદ્ધ ભગવાન તૃષ્ણાની બળતરાથી રહિત છે, હું પણ તૃષ્ણાની બળતરાથી રહિત છું. સિદ્ધ ભગવાન કામ વાસના રહિત છે, હું પણ કામવિકાર રહિત છું. સિદ્ધ ભગવાન ન સ્ત્રી છે, ન પુરુષ છે, ન નપુંસક છે. હું પણ ન સ્ત્રી છું, ન પુરુષ છું, ન નપુંસક છું. સિદ્ધ ભગવાન ક્રોધની કાલિમાથી રહિત પરમ ક્ષમાવાન છે, નિંદક ઉપર રોષ નથી કરતા. હું પણ ક્રોધના

વિકારથી રહિત પરમ ક્ષમાવાન છું, નિંદક પર સમભાવ રાખું છું. સિદ્ધ ભગવાન કુળ, જાતિ, રૂપ, બળ, ધન, અધિકાર, તપ, વિદ્યા આઠ મદથી રહિત પરમ કોમળ. પરમ માર્દવ ગુણના ધારક છે, હું પણ આઠ મદ રહિત, પૂર્ણ નિરભિમાની અને પરમ કોમળ માર્દવ ભાવનો સ્વામી છું. સિદ્ધ ભગવાન માયાચારની વક્રતાથી રહિત પરમ સરળ, સહજ આર્જવ ગુણના ધારક છે, હું પણ કપટજાળ શૂન્ય, પરમ નિષ્કપટ, સરળ આર્જવ સ્વભાવનો ધારક છું.

સિદ્ધ ભગવાન અસત્યની વક્તા રહિત, પરમ સત્ય, અમિટ એક સ્વભાવ ધારક છે. હું પણ સર્વ અસત્ય કલ્પનાઓ રહિત પરમ પવિત્ર સત્ય શુદ્ધ ધર્મનો સ્વામી છું. સિદ્ધ ભગવાન લોભ મળ રહિત,પરમ પવિત્ર શૌચ ગુણના ધારક છે, હું પણ સર્વ લાલસાથી શૂન્ય પરમ સંતોષી અને પરમ શુદ્ધ શૌચ સ્વભાવનો સ્વામી છું. સિદ્ધ ભગવાન મન અને ઇંદ્રિયોના પ્રપંચ અને અદયાભાવ રહિત પૂર્ણ સંયમધર્મના ધારક છે, હું પણ મન અને ઇંદ્રિયોની ચંચળતા રહિત અને પરમ સ્વદયાથી પૂર્ણ પરમ સંયમ ગુણનો ધારક છું. સિદ્ધ ભગવાન પોતા વડે જ પોતાની સ્વાનુભૂતિની તપશ્ચર્યા નિરંતર તપતાં થકાં પરમ તપધર્મના ધારક છે. હું પણ સ્વાત્માભિમુખ થઈને પોતાની જ સ્વાત્મરમણતાની અગ્નિમાં નિરંતર પોતાને તપાવતો પરમ ઇચ્છારહિત તપ ગુણનો સ્વામી છું. સિદ્ધ ભગવાન પરમ શાંતભાવથી પૂર્ણ થયા થકા પરમ નિર્ભયતા ધારણ કરતા થકા વિશ્વમાં પરમ શાંતિ અને અભયદાનનો વિસ્તાર કરતાં પરમ ત્યાગધર્મના ધારક છે. હું પણ સર્વ વિશ્વમાં ચંદ્રમા સમાન પરમ શાંત અમૃત વરસાવતો અને સર્વ જીવમાત્રને અભય કરતો થકો પરમ ત્યાગ ગુણનો સ્વામી છું.

સિદ્ધ ભગવાન એકાકી નિઃસ્પૃહ, નિરંજન રહેતાં પરમ આકિંચન્ય ધર્મના ધારક છે, હું પણ પરમ એકાંત સ્વભાવમાં રહેતો પરના સંયોગ રહિત પરમ આકિંચન્ય ગુણનો સ્વામી છું. સિદ્ધ ભગવાન પરમ શીલ સ્વભાવમાં અને પોતાના જ બ્રહ્મભાવમાં રમણ કરતા પરમ બ્રહ્મચર્ય ધર્મના ધારક છે. હું પણ પોતાના જ શુદ્ધ શીલ સ્વભાવમાં નિર્વિકારપણે સ્થિર થતો થકો અને બ્રહ્મભાવનો ભોગ કરતો થકો પરમ બ્રહ્મચર્ય ગુણનો સ્વામી છું. સત્તાધારી હોવા છતાં પણ સ્વભાવની અને ગુણોની અપેક્ષાએ મારા આત્માની અને સિદ્ધ પરમાત્માની પૂર્ણ એકતા છે. જે તે, તે હું, જે હું, તે તે,આમ જે યોગી નિરંતર અનુભવ કરે છે તે જ મોક્ષનો સાધક થાય છે.

પરમાત્મ પ્રકાશમાં કહ્યું છે -

**जेहउ णिम्मलु णाणमउ, सिद्धिहिं णिवसइ देउ ।**
**तेहउ णिवसइ बंभुपरु, देहहं मंकरि भेउ ॥२६॥**

**ભાવાર્થ** : જેવા નિર્મળ જ્ઞાનમય પરમાત્માદેવ સિદ્ધ ગતિમાં નિવાસ કરે છે તેવા જ પરમબ્રહ્મ પરમાત્મા આ પોતાના શરીરમાં નિવાસ કરે છે, કાંઇ તફાવત ન જાણો.

બૃહદ્ સામાયિકપાઠમાં કહે છે -

**गौरो रूपधरो दृढः परिदृढः स्थूलः कृशः कर्कशो ।**
**गीर्वाणो मनुजः पशुर्नरकभूः षंढः पुमानंगना ॥**

**मिथ्यात्वं विदधासि कल्पनमिदं मूढोऽविबध्यात्मनो ।**
**नित्यं ज्ञानमय स्वभावममलं सर्वव्यपायच्युतं ॥७०॥**

**ભાવાર્થ** : હે મૂઢ પ્રાણી ! તું તારા આત્માને નિત્ય, જ્ઞાનમય સ્વભાવવાળો, નિર્મળ, સર્વ આપત્તિઓ અને નાશ રહિત ન જાણતાં એવી મિથ્યા કલ્પના કર્યા કરે છે કે હું ગોરો છું, રૂપાળો છું, બળવાન છું, નિર્બળ છું, જાડો છું, પાતળો છું, કઠોર છું, હું દેવ છું, મનુષ્ય છું, પશુ છું, નારકી છું, નપુંસક છું, પુરુષ છું અને સ્ત્રી છું.

મોક્ષ પાહુડમાં કહ્યું છે-

**जो इच्छइ णिस्सरिदुं संसारमहण्णवाउ रुद्दाओ ।**
**कम्मिंधणाण डहणं सो झायइ अप्पयं सुद्धं ॥२६॥**

**ભાવાર્થ** : જે જીવ ભયાનક સંસાર સમુદ્રમાંથી નીકળવા ઈચ્છે છે તેણે શુદ્ધાત્માનું ધ્યાન કરવું. તેનાથી જ કર્મરૂપી ઇંધન ભસ્મ થાય છે.

## આત્મા જ જિન છે, એ જ સિદ્ધાંતનો સાર છે.

**जो जिणु सो अप्पा मुणहु इह सिद्धतंहु सारु ।**
**इउ जाणेविण जोयइहु छंडहु मायापारु ॥२१॥**

**જિનવર તે આતમ લખો, એ સિદ્ધાન્તિક સાર;**
**એમ જાણી યોગીજનો, ત્યાગો માયાચાર. ૨૧.**

**અન્વયાર્થ** : (**जो जिणु सो अप्पा मुणहु**) જે જિનેન્દ્ર છે તે જ આ આત્મા છે એમ મનન કરો. (**इह सिद्धंतहु. सारु**) આ જ સિદ્ધાંતનો સાર છે (**ईउ जाणेविण**) આમ જાણીને (**जोयइहु**) હે યોગીજનો ! (**मायावारु छंडहु**) માયાચાર છોડો.

**ભાવાર્થ** : તીર્થંકરો દ્વારા જે દિવ્ય ધ્વનિ પ્રગટ થાય છે, તે જ સિદ્ધાંતનું મૂળ સ્ત્રોત છે. તે જિનવાણીને ગણધરાદિ મુનિઓ ધારણામાં લઈને બાર અંગની રચના કરે છે પછી તેને

અનુસારે અન્ય આચાર્ય ગ્રંથ રચે છે. તે ગ્રંથોનો વિભાગ ચાર અનુયોગોમાં કરવામાં આવ્યા છે. પ્રથમાનુયોગ, કરણાનુયોગ, ચરણાનુયોગ, દ્રવ્યાનુયોગ આ ચારેના અભ્યાસનો સાર એટલો જ છે કે પોતાના આત્માને પરમાત્મા સમાન સમજવો.

શ્રી રત્નકરંડ શ્રાવકાચારમાં સ્વામી સમન્તભદ્ર કહે છે -

**प्रथमानुयोगमर्थाख्यानं चरितं पुराणमपि पुण्यम् ।**
**बोधिसमाधिनिधानं बोधति बोधः समीचीनः ॥४३॥**

**ભાવાર્થ** : જેમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચારે પુરુષાર્થોનું કથન હોય, મહાપુરુષોના જીવનચરિત્ર હોય, ચોવીસ તીર્થંકર, બાર ચક્રવર્તી, નવ નારાયણ, નવ પ્રતિનારાયણ નવ બળભદ્ર એવા ત્રેસઠ શલાકા પુરુષોના ચરિત્ર હોય, જે વાંચવાથી પુણ્યબંધ થાય, જે રત્નત્રયની પ્રાપ્તિ અને સમાધિનો ભંડાર હોય અનેં જે સમ્યક્‌જ્ઞાનને બતાવનાર હોય તેને પ્રથમાનુયોગ કહે છે. નિશ્ચય રત્નત્રય અને સમાધિ પોતાના જ શુદ્ધાત્માને પરમાત્મારૂપ માનવાથી થાય છે. પ્રથમાનુયોગમાં દૃષ્ટાંતો દ્વારા બતાવ્યું છે કે જેમણે પોતાને શુદ્ધ સમજીને પૂર્ણ વૈરાગી થઈને આત્મધ્યાન કર્યું તેઓ જ નિર્વાણ પામ્યા છે તેથી આ અનુયોગ પણ આત્મતત્ત્વને પ્રકાશનાર છે.

**लोकालोक विभक्तेर्युगपरिवृत्तेश्चतुर्गतीनां च ।**
**आदर्शामिव तथामतिरवैति करणानुयोगं च ॥४४॥**

**ભાવાર્થ** : કરણાનુયોગમાં લોકાલોકના વિભાગનું, કાળના ગુણોના પરિવર્તનનું, ચારે ગતિઓના ભિન્ન ભિન્ન જીવોની અવસ્થાઓનું, માર્ગણા અને ગુણસ્થાનોનું દર્પણ સમાન બરાબર વર્ણન હોય છે, જેનાથી સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ થાય છે. કર્મોના સંયોગથી સાંસારિક અવસ્થા અને વિભાવ પરિણતિ કઇ રીતે થાય છે તે બધાનું સૂક્ષ્મ કથન કરીને એ બતાવ્યું છે કે જ્યાં સુધી કર્મોનો સંયોગ છૂટશે નહિ, ત્યાં સુધી ભવભ્રમણ ખસશે નહિ. આત્મા તો સ્વભાવથી કર્મરહિત શુદ્ધ છે.

**गृहमेध्यनगाराणां चारित्रोत्पत्तिवृद्धिरक्षाङ्गम् ।**
**चरणानुयोगसमयं सम्यग्ज्ञानं विजानाति ॥४५॥**

**ભાવાર્થ** : જેમાં ગૃહસ્થ અને સાધુઓની ચારિત્રની પ્રાપ્તિ, વૃદ્ધિ અને રક્ષણનો ઉપાય બતાવ્યો હોય અને જે સમ્યગ્જ્ઞાન પ્રગટ કરે તે ચરણાનુયોગ છે. એમાં પણ નિશ્ચય ચારિત્ર સ્વાત્માનુભવને બતાવતાં તેના માટે નિમિત્ત સાધનરૂપ શ્રાવક અને મુનિના વ્યવહાર ચારિત્રના પાલનનો ઉપાય બતાવ્યો છે અને એમ સમજાવ્યું છે કે નિશ્ચય આત્મતત્ત્વમાં ચર્યા (લીનતા)

વિના વ્યવહાર ચારિત્ર કેવળ મોક્ષમાર્ગ નથી. આત્માને પરમાત્મારૂપ અનુભવશે ત્યારે જ સમ્યક્ ચારિત્ર થશે.

**जीवाजीवसुतत्त्वे पुण्यापुण्ये च बन्धमोक्षौ च ।**
**द्रव्यानुयोगदीपः श्रुतविद्यालोकमातनुते ॥४६॥**

**ભાવાર્થ** : જે દીપકની જેમ જીવ અજીવ, પુણ્ય પાપ, બંધ અને મોક્ષ તત્ત્વને તથા ભાવશ્રુતજ્ઞાનનો પ્રકાશ પ્રગટ કરે તે દ્રવ્યાનુયોગ છે. એમાં વ્યવહારનયથી સાત તત્ત્વોનું સ્વરૂપ બતાવીને પછી નિશ્ચયનયથી બતાવીને એમ પ્રગટ કર્યું છે કે આ પોતાનો આત્મા જ પરમાત્મા છે, તે જ ગ્રહણ કરવા યોગ્ય છે. મોક્ષનો ઉપાય એક શુદ્ધ આત્માનું જ્ઞાન છે.

જે આત્માને બરાબર સમજવા ઈચ્છે છે અને આત્માને નિર્વાણના પંથે લઈ જવા ઈચ્છે છે તેનું કર્તવ્ય છે કે તે ચારેય અનુયોગોના ગ્રંથોનો મર્મ જાણે અને ચારેયમાં પોતાના આત્માના શુદ્ધ તત્ત્વની ઝાંખી કરે. તે વખતે તેને પૂર્ણ નિશ્ચય થઈ જશે કે મોક્ષમાર્ગ અને દ્વાદશાંગ વાણીનો સાર એક પોતાના જ આત્માને શુદ્ધ પરમાત્મા સમાન અનુભવવો તે છે.

સમયસારમાં કહ્યું છે -

**जो हि सुदेणामिगच्छदि अप्पाणयिणं तु केवलं सुद्धं ।**
**तं सुदकेवलिमिसिणो भणंति लोगप्पदीवयरा ॥९॥**

**ભાવાર્થ** : દ્વાદ્વશાંગ વાણી દ્વારા પોતાના આત્માને પરના સંયોગ રહિત કેવળ શુદ્ધ અનુભવે છે તેને જ લોકના જ્ઞાતા મહાઋષિઓએ નિશ્ચયથી શ્રુતકેવળી કહ્યા છે. સર્વ ગ્રંથોનો સાર એ જ છે કે કપટ છોડીને યથાર્થ એ જાણી લે કે હું જ પરમાત્મા દેવ છું, પોતાના જ ધ્યાનથી શુદ્ધતા પ્રાપ્ત થાય છે.

## હું જ પરમાત્મા છું

**जो परमप्पा सो जि हउं जो हउं सो परमप्पु ।**
**इउ जाणेविणु जोइआ अण्णु म करहु वियप्पु. २२.**

**જે પરમાત્મ તે જ હું, જે હું તે પરમાત્મ;**
**એમ જાણી હે યોગિજન ! કરો ન કાંઈ વિકલ્પ. ૨૨.**

**અન્વયાર્થ** : ( **जोइआ** ) હે યોગી ! ( **जो परमणा सो जि हउं** ) જે પરમાત્મા છે તે જ હું છું ( **जो हउं सो परमप्पु** ) તથા જે હું છું તે જ પરમાત્મા છે ( **इउ जाणेविणु** ) એમ જાણીને ( **अण्णु वियप्प म करहु** ) બીજો કાંઇ પણ વિકલ્પ ન કર.

**ભાવાર્થ** : અહીં વિશેષ દઢ કર્યું છે કે વ્યવહારની કલ્પનાઓ છોડીને કેવળ એક શુદ્ધ નિશ્ચયનયથી પોતાના આત્માને ઓળખ. ત્યારે પોતે જ પરમાત્મારૂપ દેખાશે. પોતાના શરીરરૂપી મંદિરમાં પરમાત્મા દેવ સાક્ષાત્ દેખાશે. શાસ્ત્રોનું જ્ઞાન સંકેત માત્ર છે. શાસ્ત્રના જ્ઞાનમાં જ જે અટવાયા કરશે તેને પોતાના આત્માનું દર્શન નહિ થાય.

આ આત્મા શબ્દોથી તો સમજવામાં આવતો નથી, મનથી વિચારમાં પકડાતો નથી. શબ્દ તો ક્રમે ક્રમે એક એક ગુણ અને પર્યાયનું કથન કરે છે. મન પણ ક્રમપૂર્વક એક એક ગુણ અને પર્યાયનો વિચાર કરે છે. આત્મા તો અનંત ગુણ અને પર્યાયોનો એક અખંડ પિંડ છે. એનો સાચો બોધ ત્યારે જ થાય જ્યારે શાસ્ત્રીય ચર્ચાઓ છોડીને, સર્વ ગુણસ્થાન, માર્ગણાસ્થાનના વિચારો બંધ કરીને, સર્વ કર્મબંધ અને મોક્ષના ઉપાયોના પ્રપંચનો (વિસ્તારનો) ત્યાગ કરીને, સર્વ કામનાઓ દૂર કરીને, સર્વે પાંચેય ઈંદ્રિયોના વિષયોથી પર થઈને અને સર્વ મન દ્વારા ઊઠતા વિચારો રોકીને, બિલ્કુલ અસંગ થઈને પોતાના જ આત્માને પોતાના જ આત્મા દ્વારા ગ્રહવામાં આવશે ત્યારે પોતાના આત્માનો સાક્ષાત્કાર થશે. તે આત્મતત્ત્વ નિર્વિકલ્પ છે, અભેદ છે.

તેથી નિર્વિકલ્પ થવાથી જ તે હાથમાં આવે છે. જ્યાં સુધી રંચ માત્ર પણ માયા, મિથ્યાત્વ કે નિદાનનું શલ્ય અંદર રહેશે, કોઇ પણ પ્રકારની કામના રહેશે, મિથ્યાત્વની કાંઇક પણ ગંધ રહેશે, ત્યાં સુધી આત્માનું દર્શન નહિ થાય. અગિયાર અંગ અને નવ પૂર્વના ધારક દ્રવ્યલિંગી મુનિ શાસ્ત્રોનું જ્ઞાન રાખવા છતાં અને ઘોર તપશ્ચરણ કરવા છતાં પણ અજ્ઞાની મિથ્યાદષ્ટિ જ રહે છે, તેનું કારણ એ જ છે. તેઓ શુદ્ધાત્માની શ્રદ્ધા પર અનુભવથી પૂર્ણ થાય ત્યાં જ પહોંચે છે. તેમનામાં કોઇ મિથ્યાત્વનું અને નિદાનનું શલ્ય એવું સૂક્ષ્મ રહી જાય છે કે જેને કેવળજ્ઞાની જ જાણે છે. શાસ્ત્રોનું જ્ઞાન આત્માનું સ્વરૂપ સમજવા માટે જરૂરી છે. જાણ્યા પછી વ્યવહારનયનું વર્ણન છોડી દઇને, શુદ્ધ નિશ્ચયનય દ્વારા પોતાના આત્માનું મનન કરવું. મનન કરતી વખતે પણ મનનું આલંબન છે. મનન કરતાં કરતાં જ્યારે મનન બંધ થાય અને ઉપયોગ સ્વયં સ્થિર થાય ત્યારે સ્વાનુભવ થાય, ત્યારે જ આત્માનું પરમાત્મારૂપે દર્શન થાય અને પરમાનંદનો સ્વાદ આવે. હું જ પરમાત્મા છું એવો વિકલ્પ ન કરવા છતાં પણ પરમાત્માપણાનો અનુભવ થશે, પરદેશમાંથી કોઇ ફળ એવું આવ્યું હોય કે જેનો સ્વાદ આપણે જાણતા નથી, આપણે એનો સ્વાદ લીધો નથી, ત્યારે આપણું પહેલું કર્તવ્ય એ છે કે આપણે ફળના ગુણદોષ જેણે પોતે તેનો સ્વાદ લીધો હોય એવા જાણકાર પાસેથી તેને પૂછીને બરાબર સમજી લઇએ કે આ ફળ ગુણકારી છે, સ્વાસ્થ્યવર્ધક છે, મિષ્ટ છે ઈત્યાદિ, જાણ્યા પછી આપણે તે ફળસંબંધી ચર્ચાવિચારણા છોડીને, ફળને જીભ પાસે લઇ જઇને અને બીજી બાજુએથી ઉપયોગને (જતો)

રોકીને, તે ઉપયોગને ફળનો સ્વાદ લેવામાં જોડવો પડશે, ત્યારે આપણને એકાગ્ર થતાં જ તે ફળના સ્વાદનું યથાર્થ જ્ઞાન થશે. જો આપણે તે ફળ ખાઈએ નહિ તો આપણે કદી પણ તે ફળનો સ્વાદ ઓળખી શકીશું નહિ. લાખો મનુષ્યો પાસેથી ફળના ગુણ સાંભળવા છતાં પણ અને પુસ્તકોમાંથી ફળના ગુણ જાણવા છતાં પણ આપણે કદી ફળને બરાબર જાણી શકતા નથી. જેમ ફળનો સ્વાદ અનુભવગમ્ય છે તેવી જ રીતે પરમાત્મા પોતે અનુભવગમ્ય છે.

સમયસારકળશમાં કહ્યું છે -

**भूतं भान्तमभूतमेव रभसा निर्भिध बन्धं सुधी-**
**र्यद्यन्तः किल कोऽप्यहो कलयति व्याहत्य मोहं हठात् ।**

**आत्मात्मानुभवैकगम्य महिमा व्यक्तोऽयमास्ते ध्रुवं**
**नित्यं कर्मकलङ्कपङ्कविकलो देवः स्वयं शाश्वतः ॥१२-१॥**

**ભાવાર્થ** : જે કોઈ બુદ્ધિમાન વિવેકી ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણે કાળના કર્મબંધને પોતાથી એકદમ દૂર કરીને અને સર્વ મોહને બળપૂર્વક છોડીને, પોતાની જ અંદર નિશ્ચયથી પોતાને દેખે છે તો તેને સાક્ષાત્ એ જોવામાં આવે છે કે હું જ સર્વકર્મકલંકના કાદવથી રહિત અવિનાશી અને પરમાત્મા દેવ છું, તેનો મહિમા તેને જ માલૂમ પડે છે કે જે પોતે પોતાના આત્માનો અનુભવ કરે છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે-

**कर्मजेभ्यः समस्तेभ्यो भावेभ्यो भिन्नमन्वहं ।**
**ज्ञस्वभावमुदासीनं पश्येदात्मानमात्माना ॥१६४॥**

**ભાવાર્થ** : હું સદાય કર્મોના નિમિત્તે થનારા સર્વ ભાવોથી જુદો છું, એમ જાણીને પોતાના જ આત્મા દ્વારા પોતાના આત્માને જુએ કે એ પરમ ઉદાસીન એક જ્ઞાયક સ્વભાવ છે.

## આત્મા અસંખ્યાત પ્રદેશી લોકપ્રમાણ છે.

**सुद्धपएसह पूरियउ लोयायास पमाणु ।**
**सो अप्पा अणुदिण मुणहु पावहु लहु णिव्वाणु ॥२३॥**

**શુદ્ધ પ્રદેશી પૂર્ણ છે, લોકાકાશ પ્રમાણ ;**
**તે આતમ જાણો સદા, શીઘ્ર લહો નિર્વાણ. ૨૩**

**અન્વયાર્થ** - (**लोयायासपमाणु सुद्धपएसह पूरियउ**) જે લોકાકાશપ્રમાણ અસંખ્યાત શુદ્ધ પ્રદેશોથી પૂર્ણ છે (**सो अप्पा**) તે જ આ પોતાનો આત્મા છે. (**अणुदिण मुणहु**) રાતદિવસ એવું જ મનન કરો, અનુભવ કરો (**जिव्वाणु लहु पावहु**) અને શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરો.

**ભાવાર્થ** : પહેલાં વારંવાર કહ્યું છે કે આત્માનું દર્શન તે નિર્વાણનો માર્ગ છે, અહીં બતાવ્યું છે કે આત્માનો આકાર લોકાકાશ પ્રમાણ અસંખ્યાત પ્રદેશી છે. કોઇ પણ વસ્તુ જે પોતાની સત્તા (હયાતી) રાખતી હોય, તેનો કોઇને કોઇ આકાર અવશ્ય હોય છે. આકાર વિના વસ્તુ અવસ્તુ છે. દરેક દ્રવ્યમાં છ સામાન્ય ગુણ પ્રાપ્ત થાય છે.

(૧) અસ્તિત્વ- વસ્તુનું સદા ટકી રહેવું. દરેક વસ્તુ કાયમથી છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ સત્‌પણા સહિત છે. તે પર્યાયના ઉપજવા, વિણસવાની અપેક્ષાએ ઉત્પાદ, વ્યયરૂપ અને ટકી રહેવાની અપેક્ષાએ ધ્રૌવ્ય છે.

(૨) વસ્તુત્વ-સામાન્ય વિશેષ સ્વભાવવાળી દરેક વસ્તુ કાર્યકારી (પ્રયોજનભૂત ક્રિયાવાળી) છે, વ્યર્થ નથી.

(૩) દ્રવ્યત્વ-સ્વભાવ કે વિભાવ પર્યાયોમાં દરેક વસ્તુ પરિણમનશીલ છે, તો પણ અખંડ બની રહે છે.

(૪) પ્રમેયત્વ-વસ્તુ કોઇ દ્વારા જણાવા યોગ્ય છે. જો તે જણાય નહિ તો તેનું અસ્તિત્વ કોણ બતાવે ?

(૫) અગુરુલઘુત્વ-વસ્તુ કદી પોતાની અંદર પ્રાપ્ત થતા ગુણોને ઓછા કે વધારે કરતી નથી. પોતાની મર્યાદાથી કમ કે અધિક થતી નથી.

(૬) પ્રદેશત્વ-દરેક વસ્તુને કોઇ ને કોઇ આકાર હોય છે, પ્રદેશો હોય છે, ક્ષેત્રની મર્યાદા હોય છે. જેટલા આકાશના ભાગને એક અવિભાગી પુદ્‌ગલ પરમાણુ રોકે છે તેટલા સૂક્ષ્મ આકાશને એક પ્રદેશ કહે છે. આ એક માપ છે. આ માપથી લોકવ્યાપી છ દ્રવ્યોને માપવામાં આવે તો એક જીવદ્રવ્ય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને લોકાકાશ એ ચારેય સમાન અસંખ્યાત પ્રદેશધારી છે. આકાશ અનંત પ્રદેશધારી છે. કાલાણુ એક પ્રદેશધારી છે.

અનંત આકાશના મધ્યમાં લોકાકાશ છે. એમાં છયે દ્રવ્ય સર્વત્ર છે, ધર્મ, અધર્મ એક એક લોકવ્યાપી છે, કાલાણુ અસંખ્યાત અલગ અલગ છે, સર્વ લોકમાં ભરેલા છે. પુદ્‌ગલો પરમાણુ અને સ્કંધરૂપે સર્વત્ર છે. જીવ સૂક્ષ્મ શરીરધારી એકેન્દ્રિય સર્વત્ર છે, બાદર ક્યાંક ક્યાંક છે.કોઇ સ્થાન આ છ વિના નથી. જીવદ્રવ્ય અખંડ હોવા છતાં પણ માપમાં લોકાકાશ પ્રમાણ અસંખ્યાતપ્રદેશી છે. જૈન સિદ્ધાંતમાં અલ્પ કે બહુત્વનું જ્ઞાન કરાવવા માટે ગણતરીના ૨૧ ભેદ બતાવ્યા છે. સંખ્યાતના ત્રણ પ્રકાર-જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ, અસંખ્યાતના ત્રણ પ્રકાર-પરીતાસંખ્યાત, યુક્તાસંખ્યાત, અસંખ્યાતા સંખ્યાત દરેકના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એ રીતે નવ પ્રકાર. અનંતના નવ પ્રકાર-પરીતાનંત, યુક્તાનંત અને અનંતાનંત એ દરેકના જઘન્ય,

મધ્યમ અને ઉત્કૃષ્ટ, એ રીતે નવ પ્રકાર છે. મનુષ્યની બુદ્ધિ અલ્પ છે તેનાથી ઓછી કે વત્તીનું અનુમાન થવા માટે ૨૧ ભેદ ગણતરીના બતાવ્યા છે.

દરેક આત્મા અખંડ અસંખ્યાતપ્રદેશી છે તથા તે પરમ શુદ્ધ છે. બધાય પ્રદેશ શુદ્ધ છે, સ્વભાવે સ્ફટિક સમાન નિર્મળ છે. કર્મમળ, નોકર્મમળ, રાગાદિ ભાવ કર્મમળથી રહિત છે, રત્ન સમાન પરમ પ્રકાશમાન છે, જ્ઞાનમય છે, પાણી સમાન સર્વ જ્ઞેયોને પ્રકાશિત કરનાર છે, આકાશ સમાન નિર્લેપ છે. પોતાના આત્માને શુદ્ધ અસંખ્યાત પ્રદેશી ધ્યાનમાં લઈને પોતાના શરીરની અંદર જ જોવો જોઇએ. જો કે આ આત્મા શરીરમાં વ્યાપ્ત છે, શરીર પ્રમાણ આકારવાળો છે તો પણ પ્રદેશોમાં અસંખ્યાત જ છે.

આ આત્મામાં સંકોચ વિસ્તાર શકિત છે. નામકર્મના ઉદયથી શરીર પ્રમાણ આકારને પ્રાપ્ત થઇ જાય છે. જેમ દીવાનો પ્રકાશ નાના કે મોટા વાસણમાં રાખવામાં આવે ત્યારે વાસણના જેવડા આકારનો થઇ જાય છે. સાધકે પોતાની અંદર આવા આત્માનો આકાર શુદ્ધ જોવો જોઇએ. પોતાની જ મૂર્તિ સમાન આત્માની મૂર્તિને તદાકાર જોવી જોઇએ. જે આસનમાં ધ્યાન કરે તે જ આસનરૂપ પદ્માસન, પર્યંકાસન કે કાયોત્સર્ગરૂપ પોતાના આત્માને શુદ્ધ જોવો જોઇએ. સિદ્ધનો આકાર પણ અંતિમ શરીરપ્રમાણે પદ્માસન આદિ કંઈ પણ આકારરૂપ હોય છે. અમૂર્તિક દ્રવ્યોના પ્રદેશ અમૂર્તિક અને મૂર્તિક પુદ્‌ગલના મૂર્તિક હોય છે. જીવ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહિત અમૂર્તિક છે. તેના સર્વ પ્રદેશો પણ અમૂર્તિક છે.

ગોમ્મટસાર જીવકાંડમાં કહ્યું છે-

**आगासं वज्जिता सव्वे लोगम्मि चेव णत्थि बहिं ।**
**वावी धम्माधम्मा अवट्ठिदा अचलिदा णिच्चा ॥५८२॥**

**लोगस्स असंखेज्जदिमागप्पहुदिं तु सव्वलोगोत्ति ।**
**अप्पपदेस विसप्पण संहारे वावड़ो जीवो ॥५८३॥**

**पोग्गल दव्वाणं पुण एय पदेसादि हौंति भजणिज्जा ।**
**एक्केक्को दु पदेसो कालाणूणं धुवो होंदि ॥५८४॥**

**संखेज्जासंखेज्जाणंता वा होंति पोग्गलपदेसा ।**
**लोगागासेव ठिदी एगपदेसो अणुस्स हवे ॥५८५॥**

**लोगागास पदेसा छद्दव्वेहिं फुडा सदा होंति ।**
**सव्वमलोगागासं अण्णेहिं विवज्जियं होदि ॥५८५॥**

**ભાવાર્થ** : ધર્મ, અધર્મ દ્રવ્ય સ્થિર, ચંચળતા રહિત લોકવ્યાપી છે, લોકની બહાર નથી. જીવ પોતાના પ્રદેશોના સંકોચ વિસ્તારને કારણે લોકના અસંખ્યાતમા ભાગથી લઇને સર્વ લોકમાં ભરેલા છે. પુદ્ગલ દ્રવ્ય એક પ્રદેશથી લઇને સર્વત્ર છે, સ્કંધની અપેક્ષાએ તેના પ્રદેશ પરમાણુની ગણતરીથી સંખ્યાત, અસંખ્યાત અને અનંત હોય છે. કાલાણુ એકેક પ્રદેશવાળા ધ્રુવ અસંખ્યાત છે. લોકાકાશના પ્રદેશ છ દ્રવ્યથી ભરેલા સદાય રહે છે. અલોકાકાશમાં અન્ય પાંચ દ્રવ્ય નથી. આ રીતે નિત્ય ટકી રહેલ લોકમાં પોતાના આત્માને શુદ્ધ આકારમાં જોવો જોઇએ.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે-

**तथा हि चेतनोऽसंख्यप्रदेशो मूर्तिवर्जितः ।**
**शुद्धात्मा सिद्धरूपोऽस्मि ज्ञानदर्शनलक्षणः ॥१४७॥**

**ભાવાર્થ** : પોતાના આત્માનું આ પ્રમાણે ધ્યાન કરવું કે એ ચેતન છે; અસંખ્યાત પ્રદેશી છે, વર્ણાદિ મૂર્તિ રહિત છે, શુદ્ધ સ્વરૂપી છે, સિદ્ધ સમાન છે અને જ્ઞાન દર્શન લક્ષણવાળો છે.

## વ્યવહારથી આત્મા શરીરપ્રમાણ છે.

**णिच्छइ लोयपमाण मुणि ववहारइ सुसरीरु ।**
**एहउ अप्पसहाउ मुणि लहु पावहु भवतीरु ॥२४॥**

**નિશ્ચય લોકપ્રમાણ છે, તનુપ્રમાણ વ્યવહાર ;**
**એવો આતમ અનુભવો, શીઘ્ર લહો ભવપાર. ૨૪.**

**અન્વયાર્થ** : ( **णिच्छइ लोयपमाण ववहार सुसरीरु मुणि** ) આત્માને લોક પ્રમાણ અને વ્યવહારનયથી પોતાના શરીર પ્રમાણે જાણો. ( **एहउ अप्पसहाउ मुणि** ) આવા પોતાના આત્માના સ્વભાવનું મનન કરતાં ( **भव तीरु लहु पावहु** ) આ જીવ સંસારનો કિનારો શીઘ્ર પ્રાપ્ત કરી લે છે. શીઘ્ર જ સંસારસાગર તરી જાય છે.

**ભાવાર્થ** : આ આત્મદેવ દરેક સંસારી જીવમાં તેના શરીર આખામાં વ્યાપીને રહે છે, તેના અસંખ્યાત પ્રદેશ સંકોચાઈને શરીરપ્રમાણ થઇ જાય છે. આત્મામાં સંકોચ વિસ્તારની શકિત છે જે નામકર્મના ઉદયથી કામ કરે છે. એક નાનું બાળક જન્મસમયે પોતાના નાના શરીરમાં એટલા જ પ્રમાણમાં પોતાનો આત્મા સમાવી દે છે. જેમ જેમ તેનું શરીર મોટું બનતું જાય છે તેમ તેમ આત્માનો પણ ફેલાવો થતો જાય છે. લોકમાં સૌથી નાનું શરીર લબ્ધિ અપર્યાપ્તક સૂક્ષ્મ નિગોદના જીવનું હોય છે જે ઘનાંગુલના અસંખ્યાતમા ભાગ બરાબર છે અને સૌથી મોટું મહામત્સ્યનું હોય છે, જે મત્સ્ય અંતિમ સમુદ્ર સ્વયંભૂરમણમાં હોય છે. મધ્યલોકમાં અસંખ્યાત

દ્વીપ અને સમુદ્ર છે. તે એકબીજાથી બમણા બમણા પહોળા છે. પહેલો મધ્યમાં જંબુદ્વીપ છે જે એક લાખ યોજન પહોળો છે.

આ મચ્છ એક હજાર યોજન લાંબો હોય છે. વચ્ચેની અવગાહનાના અનેક શરીર હોય છે. એક સૂક્ષ્મ નિગોદ શરીરધારી જીવ સંસારમાં ભ્રમણ કરતાં કોઇ વાર મહામત્સ્ય થઇ શકે છે અને મહામત્સ્ય ભ્રમણ કરતાં કરતાં કોઇ વાર સૂક્ષ્મ નિગોદ થઇ શકે છે. તો પણ આત્માના પ્રદેશ અસંખ્યાતથી ઓછા થતા નથી. જેમ એક કપડાની ચાદર પચાસ ગજની હોય, તેની ગડી વાળી રાખે તો એક ગજના વિસ્તારમાં પણ સમાઇ શકે છે,(છતાં) માપમાં ૫૦ ગજથી ઓછી થતી નથી. એવી જ રીતે આત્માના પ્રદેશો સંકોચાઇને ઓછા પ્રદેશવાળા શરીરમાં આવી જાય છે. માટે નિશ્ચયનયથી તો આ જીવ અસંખ્યાત પ્રદેશ જ રાખે છે, વ્યવહારમાં શરીર પ્રમાણ કહેવાય છે, શરીરમાં રહેવા છતાં પણ સાત પ્રકારના સમુદ્રઘાતના સમયે જીવ શરીરના પ્રદેશો ફેલાવીને શરીરની બહાર નીકળે છે, પછી શરીર પ્રમાણ થઈ જાય છે.

ગોમ્મટસાર જીવકાંડમાં કહ્યું છે-

**मूल सरीरमछंडिय उत्तर देहस्स जीवपिण्डस्स ।**
**णिग्गमणं देहादो होदि समुग्धादणामं तु ॥६६६॥**

**वेयणकसायवेगुव्वियो य मरणंतियो समुग्धादो ।**
**तेजाहारो छट्ठो सत्तमओ केवलीणं तु ॥६६७॥**

**आहारमारणंतियदुगंपि णियमेण एगदिसिगं तु ।**
**दसदिसि गदा हु सेसा पंच समुग्धादया होंति ॥६६८॥**

**ભાવાર્થ** : મૂળ શરીરને છોડયા વિના ઉત્તરદેહ અર્થાત્ કાર્મણ, તૈજસ દેહસહિત આત્માના પ્રદેશોનું શરીરમાંથી બહાર નીકળવું તેને સમુદ્‌ઘાત કહે છે. તેના સાત ભેદ છે :

(૧) વેદના-તીવ્ર રોગાદિના કષ્ટથી શરીરને છોડયા વિના આત્મપ્રદેશોનું બહાર નીકળવું તે.

(૨) કષાય-તીવ્ર કષાયના ઉદયથી પરનો ઘાત કરવા માટે આત્મપ્રદેશોનું બહાર નીકળવું તે.

(૩) વિક્રિયા-પોતાના શરીરને નાનું કે મોટું કરતાં અથવા એક શરીરના ભિન્ન ભિન્ન અનેક શરીર કરતાં આત્માના પ્રદેશોનું ફેલાવું તે. જેમ કે દેવ, નારકી, ભોગભૂમિનો જીવ ચક્રવર્તી કે ઋદ્ધિધારી સાધુને હોય છે.

(૪) મારણાંતિક-મરણના અંતિમ અંતર્મુહૂર્તમાં જ્યાં મર્યા પછી જન્મ લેવાનો હોય તે ક્ષેત્રનો સ્પર્શ કરવા માટે આત્માના પ્રદેશોનું બહાર નીકળવું અને પછી પાછા આવવું અને પછી મરવું તે.

(૫) તૈજસ-એના બે ભેદ છે-અશુભ તૈજસ, શુભ તૈજસ. કોઇ અનિષ્ટ કારણ જોઇને ક્રોધથી સંતપ્ત સંયમી મહામુનિના મૂળ શરીરને છોડયા વિના સિંદુરના વર્ણનું બાર યોજન લાંબું, નવ યોજન પહોળું, સૂચ્યંગુલના સંખ્યાતમા ભાગપ્રમાણ મોટું (જાડુ) અશુભ આકૃતિવાળું ડાબા ખભામાંથી એક સિંહાકાર પૂતળું નીકળીને વિરુદ્ધ વસ્તુને ભસ્મ કરી નાખી પછી તે મુનિને પણ ભસ્મ કરી દે અને તેમને દુર્ગતિમાં લઈ જાય તે અશુભ તૈજસ છે. જગતના લોકોને રોગ અને દુર્ભિક્ષ આદિથી પીડિત જોઈને જે સંયમી મુનિને કરુણા ઉત્પન્ન થાય તેના જમણા ખભામાંથી પૂર્વોક્ત પ્રમાણધારી શુભ આકારવાળું પુરુષાકાર પૂતળું નીકળીને રોગાદિ મટાડીને પાછું શરીરમાં પ્રવેશી જાય તે શુભ તૈજસ છે.

(૬) આહાર-ઋદ્ધિધારી મુનિને કોઈ તત્ત્વમાં શંકા થતા અને તે દૂર ન થતાં તેમના મસ્તકમાંથી શુદ્ધ સ્ફટિકના રંગનું એક હાથ પ્રમાણ પુરુષાકાર પૂતળું નીકળીને જ્યાં કેવળી હોય ત્યાં જઈ તેમના દર્શનથી સંશય મટાડીને અંતર્મુહૂર્તમાં પાછું આવતું રહે છે.

(૭) કેવળી-આયુકર્મની સ્થિતિ ઓછી રહી હોય અને શેષ કર્મોની સ્થિતિ અધિક હોય ત્યારે કેવળજ્ઞાનીના આત્મપ્રદેશ લોકમાં વ્યાપીને પાછા શરીરપ્રમાણ થઈ જાય છે. આહાર અને મારણાંતિક સમુદ્ઘાતોમાં એક દિશા તરફ પ્રદેશોનો વિસ્તાર થઈને ગમન થાય છે, અને બાકીના પાંચેયમાં દશે દિશાઓમાં ગમન થાય છે.

આ ઉપરના સાત કારણો સિવાય જીવ શરીરપ્રમાણ રહે છે અને સિદ્ધ ભગવાનનો આત્મા પણ અંતિમ શરીરપ્રમાણ રહે છે. નામકર્મનો નાશ થઈ ગયા પછી તેના ઉદય વિના પ્રદેશોનો સંકોચ કે વિસ્તાર થતો નથી.

ઈષ્ટોપદેશમાં પૂજ્યપાદ મહારાજ કહે છે-

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः ।**
**अत्यंत सौख्यवानात्मा लोकालोकविलोकनः ॥२१॥**

**ભાવાર્થ** : આ આત્મા લોકાલોકને દેખનાર, અત્યંત સુખી નિત્ય દ્રવ્ય છે, સ્વાનુભવથી જ તેનું દર્શન થાય છે અને તે પોતાના શરીર પ્રમાણ છે. તેથી પરમાનંદપદ પોતાના શુદ્ધ આત્મદેવને શરીર પ્રમાણ આકારધારી માનવો અને તેનું ધ્યાન કરે તો શીઘ્ર જ નિર્વાણ પામે.

## જીવ સમ્યકત્વ વિના ૮૪ લાખ યોનિઓમાં ભ્રમણ કરે છે.

**चउरासीलक्खह फिरिउ काल अणाइ अणंतु ।**
**पर सम्मत्त ण लध्धु जिउ एहउ जाणि णिभंतु ॥२५॥**

**લક્ષ ચોરાશી યોનિમાં, ભમિયો કાળ અનંત ;**
**પણ સમકિત તેં નવ લહ્યું, એ જાણો નિર્ભ્રાન્ત. ૨૫.**

**અન્વયાર્થ :** (**अणाइ काल**) અનાદિકાળથી (**चउरासी लक्खह फिरिउ**) આ જીવ ૮૪ લાખ યોનિઓમાં ભટકતો ફરતો રહ્યો છે. (**अणंतु**) અને અનંતકાળ સુધી પણ સમ્યકત્વ વિના ફરી શકે છે. (**पर सम्मत्त ण लध्धु**) પરંતુ હજી સુધી એણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું નથી. (**जिउ**) હે જીવ ! (**णिभंतु एहउ जाणि**) નિ:સંદેહપણે આ વાત જાણ.

**ભાવાર્થ :** સત્ પદાર્થોનો સમુહ હોવાથી આ લોક તથા સંસાર અનાદિ અનંત છે. સંસારી જીવ અનાદિથી જ કર્મબંધથી ગ્રસિત છે અને નવા કર્મ બાંધે છે, જૂના કર્મો છોડે છે. મોહનીય કર્મના ઉદયથી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની, અસંયમી થઇ રહ્યો છે. તેને શરીરનો, ઇંદ્રિયના સુખોનો તથા ઇંદ્રિયસુખના સહકારી પદાર્થોનો તીવ્ર મોહ રહે છે. તેથી જ તે સંસારમાં જુદા જુદા શરીરો ધારણ કરીને ભ્રમણ કર્યા કરે છે. સમ્યગ્દર્શન આત્માનો સ્વભાવ પ્રગટ કરે છે, ઇંદ્રિયસુખથી શ્રદ્ધા હટાવી દે છે, સંસાર શરીર ભોગો પ્રત્યે વૈરાગ્ય ભાવ ઉત્પન્ન કરે છે, સ્વાધીનતા કે મોક્ષનો ઉત્સાહી બનાવી દે છે. અતીન્દ્રિય આનંદના ભોકતા બનાવી દે છે. સમ્યકત્વના પ્રકાશથી સંસારના ભ્રમણની અરુચિ થઇ જાય છે. એક વાર સમ્યકત્વ થઇ ગયા પછી આ જીવ સંસાર દશામાં અર્ધ પુદ્ગલ પરાવર્તન કાળથી અધિક સમય રહેતો નથી. જો કે ત્યાં પણ અનંતકાળ છે તો પણ સીમિત છે. સમ્યગ્દષ્ટિ શીઘ્ર જ નિર્વાણનો ભાગી થઇ જાય છે.

સમ્યકત્વ વિના આ જીવ નરકના ભવોમાં દશ હજાર વર્ષના આયુષ્યથી માંડીને તેત્રીસ સાગર સુધી, તિર્યંચ ગતિના ભવોમાં એક અંતર્મુહૂર્તથી માંડીને ત્રણ પલ્યના આયુષ્ય સુધી, મનુષ્ય ગતિના ભવોમાં એક અંતર્મુહૂર્તથી માંડીને ત્રણ પલ્યના આયુષ્ય સુધી, દેવગતિના ભવોમાં દશ હજાર વર્ષના આયુષ્યથી લઇને નવમી ગ્રૈવેયિકના એકત્રીસ સાગરના આયુષ્ય સુધીના સર્વ જન્મ વારંવાર ધારણ કરી ચૂકયો છે. નવ ગ્રૈવેયિકથી ઉપર નવ અનુદિશ અને પાંચ અનુત્તર વિમાનોમાં તથા મોક્ષમાં સમ્યગ્દષ્ટિ જ જાય છે. સંસાર ભ્રમણની યોનિઓ ચોરાસી લાખ છે, જ્યાં સંસારી જીવ ઉત્પન્ન થાય છે તેને યોનિ કહે છે, તે મૂળમાં નવ છે.

શ્રી ગોમટ્ટસાર જીવકાંડમાં કહ્યું છે-

सामण्णेण य एवं णव जोणीओ हवंति वित्थारे ।
लक्खाण चदुरसीदो जोणीओ होंति णियमेण ॥८८।

णिच्चिदरधादुसत्त य तस्दस वियलिंदियेसु छच्चेव ।
सुरणिरय तिरियचउरो चोद्दस मणुए सदसहस्सा ॥८९॥

**ભાવાર્થ** : મૂળ ભેદ યોનિઓના ગુણોના સામાન્યપણે નવ હોય છે. સચિત્ત, અચિત્ત, મિશ્ર એ ત્રણ; શીત, ઉષ્ણ, મિશ્ર એ ત્રણ; સંવૃત્ત (ઢંકાયેલી), વિવૃત (ખુલ્લી) અને મિશ્ર એ ત્રણ, દરેક યોનિમાં ત્રણેમાંથી એક એક ગુણ હોય છે. જેમ કે સચિત્ત, શીત અને સંવૃત હોય અથવા અચિત્ત, શીત અને સંવૃત હોય ઈત્યાદિ. એના ૮૪ લાખ ભેદ ગુણોના તારતમ્યની અપેક્ષાએ છે. તે આ રીતે છે :

| | | |
|---|---|---|
| (૧) | નિત્ય નિગોદ સાધારણ વનસ્પતિ જીવોની | ૭ લાખ યોનિ |
| (૨) | ચાર ગતિ અને ઈતર નિગોદ સાધારણ વનસ્પતિ જીવોની | ૭ લાખ યોનિ |
| (૩) | પૃથ્વીકાયિક જીવોની | ૭ લાખ યોનિ |
| (૪) | જલકાયિક જીવોની | ૭ લાખ યોનિ |
| (૫) | અગ્નિકાયિક જીવોની | ૭ લાખ યોનિ |
| (૬) | વાયુકાયિક જીવોની | ૭ લાખ યોનિ |
| (૭) | પ્રત્યેક વનસ્પતિ જીવોની | ૧૦ લાખ યોનિ |
| (૮) | દ્વિન્દ્રિય જીવોની | ૨ લાખ યોનિ |
| (૯) | ત્રેન્દ્રિય જીવોની | ૨ લાખ યોનિ |
| (૧૦) | ચૌન્દ્રિય જીવોની | ૨ લાખ યોનિ |
| (૧૧) | દેવોની | ૪ લાખ યોનિ |
| (૧૨) | નારકીઓની | ૪ લાખ યોનિ |
| (૧૩) | પંચેન્દ્રિય તિર્યંચોની | ૪ લાખ યોનિ |
| (૧૪) | મનુષ્યોની | ૧૪ લાખ યોનિ |
| | કુલ | ૮૪ લાખ યોનિઓ. |

શ્રી રત્ન કરંડ શ્રાવકાચારમાં સમ્યકત્વનો મહિમા બતાવ્યો છે.

न सम्यक्त्वसमं किंचित् त्रैकाल्ये त्रिजगत्यपि ।
श्रेयोऽश्रेयश्च मिथ्यात्वसमं नान्यत्तनूभृताम् ॥३४॥

सम्यग्दर्शनशुद्धानारकतिर्यङ्नपुंसकस्त्रीत्वानि ।
दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः ॥३५॥

**ભાવાર્થ** - ત્રણ લોકમાં અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન સમાન જીવનું કોઈ પણ હિતકારી નથી અને મિથ્યાદર્શન સમાન જીવનું કોઈ પણ અહિત કરનાર નથી. સમ્યગ્દર્શનનું શુદ્ધ પાલન કરનાર જીવ પાંચ અહિંસાદિ વ્રતોથી રહિત હોવા છતાં પણ મરીને નારકી, પશુ, નપુંસક, સ્ત્રી, નીચ કુળના, અંગરહિત, અલ્પ આયુષ્યવાળા કે દરિદ્રી થતા નથી, જો સમ્યકત્વ થયા પહેલાં નરક, તિર્યંચ કે અલ્પ આયુષ્ય બાંધ્યું હોય તો પહેલા નરકમાં, અને ભોગભૂમિમાં જ જાય.

સાધારણ નિયમ છે કે દેવ અને નારકી સમ્યગ્દષ્ટિ મરીને મનુષ્ય થાય અને મનુષ્ય કે પશુ સમ્યગ્દષ્ટિ મરીને સ્વર્ગવાસી દેવ થાય, મનુષ્ય સ્ત્રી કે દેવી ન થાય. સમ્યગ્દષ્ટિને આત્મદર્શન થઈ જાય છે અને એ જ નિર્વાણ પહોંચાડી દે છે.

## શુદ્ધ આત્માનું મનન જ મોક્ષમાર્ગ છે.

**सुद्धु सच्चेयणु बुद्धु जिणु केवलणाण सहाउ ।**
**सो अप्पा अणुदिणु मुणहु जइ पाहउ सिवलाहु ॥२६॥**

**શુદ્ધ, સચેતન; બુદ્ધ, જિન, કેવળજ્ઞાનસ્વભાવ;**
**એ આતમ જાણો સદા, જો ચાહો શિવલાભ. ૨૬.**

અન્વયાર્થ - (**जइ सिवलाहु चहद**) જો મોક્ષની પ્રાપ્તિની ઈચ્છા થાય તો (**अणुदिणु सो अप्पा मुणहु**) રાત દિવસ તે આત્માનું મનન કરો જે (**सुद्धु**) શુદ્ધ વીતરાગ નિરંજન કર્મ રહિત છે (**सच्चेयणु**) ચેતના ગુણધારક છે અથવા જ્ઞાન ચેતનામય છે (**बुद्धु**) જે સ્વયં બુદ્ધ છે (**जिणु**) જે સંસાર વિજયી જિનેન્દ્ર છે (**केवलणाण सहाउ**) અને જે કેવળ જ્ઞાન-પૂર્ણ નિરાવણ જ્ઞાન સ્વભાવનો ધારક છે.

**ભાવાર્થ** - અહીં નિર્વાણને શિવ કહેલ છે કેમ કે નિર્વાણપદ પરમ કલ્યાણરૂપ અને પરમાનંદમય છે. એક વાર આત્મા શુદ્ધ થઈ જાય પછી તે અશુદ્ધ થતો નથી. જેમ કે ચણાને ભૂંજવામાં આવે પછી તે ઊગતો નથી. આવા શિવપદની પ્રાપ્તિનો ઉપાય રાત દિવસ પોતાના આત્માના સ્વભાવનું મનન કરવું તે છે. આત્મા સ્વયં મોક્ષરૂપ છે. આત્મા સ્વયં પરમાત્મા છે. પોતાના શરીરરૂપી મંદિરમાં પોતાના આત્મદેવને જોવો જ જોઈએ કે એ શરીરપ્રમાણ છે અને એ શુદ્ધ છે. એમાં કાર્મણ, તૈજસ, ઔદારિક, વૈક્રિયિક, આહારક એ પાંચેય પુદ્‌ગલરચિત શરીરોનો સંબંધ નથી. ન કોઈ સંકલ્પ વિકલ્પરૂપ મન છે. ન પુદ્‌ગલ રચિત વચન છે. એમાં કોઈ કર્મના ઉદયજનિત ભાવ રાગ, દ્વેષ, મોહ આદિ નથી. એ પરમ વીતરાગ છે. એમાં

કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એ છ કારકના વિકલ્પ નથી, કે ન એમાં ગુણગુણીના ભેદ છે. એ એક અખંડ, અભેદ, સામાન્ય પદાર્થ છે. એ જ્ઞાન સ્વભાવી છે, સહજ સામાયિક જ્ઞાનનો ભંડાર છે. એમાં કોઈ અજ્ઞાન નથી. એનો સ્વભાવ નિર્મળ દર્પણ સમાન સ્વપર પ્રકાશક છે. સર્વ જ્ઞેયોને પ્રકાશિત કરનાર, એક સમયમાં ખંડરહિત સર્વનો વિષય કરનાર એ અદ્‌ભૂત જ્ઞાન છે. પ્રયાસ વિના જ જ્ઞાનમાં જ્ઞેય ઝળકે છે.

આ આત્મા નિરંતર જ્ઞાન ચેતનામય છે. પોતાના શુદ્ધ જ્ઞાન સ્વભાવનો જ સ્વાદ લેનારો છે, નિરંતર સ્વાનુભવરૂપ છે. એ પુણ્ય-પાપ કર્મ કરવાના પ્રપંચથી અને સાંસરિક સુખદુ:ખ ભોગવવાના વિકલ્પથી દૂર છે. કર્મચેતના અને કર્મફળચેતના બન્ને ચેતના અજ્ઞાન અચેતના છે. આત્મા જ્ઞાનચેતનામય છે. એ જ સત્ય બુદ્ધદેવ છે. પોતાથી જ પોતાને જાણનાર સ્વયં બુદ્ધ છે, બીજા કોઈ બૌદ્ધોના ભગવાન બુદ્ધ નથી. સાચા બુદ્ધ ભગવાન આ આત્મા જ છે. એ સાચા જિન છે. આત્માના સર્વરાગાદિ અને કર્માદિ શત્રુઓને જીતનાર છે. બીજા કોઈ સમવસરણ આદિ લક્ષ્મી સહિત જિન છે તે વ્યવહાર જિન છે. ત્યાં પણ નિશ્ચય જિન જિનરાજનો આત્મા જ છે.

આ રીતે નિજ આત્માને પરમ શુદ્ધ એકાકી ચિંતવવો જોઈએ અને કોઈ લૌકિક ઈચ્છા ન રાખવી જોઈએ કે કોઈ ચમત્કાર સિદ્ધ થાય, કોઈ ૠદ્ધિ સિદ્ધિ પ્રગટ થાય, લોકમાં માન મળે અને પ્રસિદ્ધિ મળે. કેવળ એક પોતાના આત્માના વિકાસની ભાવના રાખીને આત્માનું ધ્યાન કરવું જોઈએ. ધ્યાનથી શક્તિ વધવાથી સ્વયં કર્મોની નિર્જરા થઈ જાય છે. નવીન કર્મોનો સંવર થતો જાય છે અને આત્મા સ્વયં શુદ્ધ થતો થકો શિવરૂપ થઈ જાય છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**चिच्छक्तिव्याप्तसर्वस्वसारो जीव इयानयं ।**
**अतोऽतिरिक्ताः सर्वेऽपि भावाः पौद्‌गलिका अमी ॥३-२॥**

**सकलमपि विहायाह्राय चिच्छक्तिरिक्तं**
**स्फुटतरमवगाह्य स्वं च चिच्छक्तिमात्रं ।**

**इममुपरि चरन्तं चारु विश्वस्य साक्षात्**
**कलयतु परमात्मात्मानमात्मन्यनन्तं ॥४-२॥**

**ભાવાર્થ** - આ જીવ ચૈતન્ય શક્તિથી સર્વાંગપૂર્ણ છે. એના સિવાય સર્વ રાગાદિ ભાવ પુદ્‌ગલની રચના છે. વર્તમાનમાં ચૈતન્ય શક્તિ સિવાય સર્વ પાપો છોડીને અને ચૈતન્ય શક્તિ માત્ર ભાવની અંદર સારી રીતે પ્રવેશીને આખાય જગત ઉપર સમ્યક્ પ્રકારે સાક્ષાત્ પ્રકાશમાન

પોતાના જ આત્માને જે અનંત છે, અનંત ગુણોનો ભંડાર છે, પોતાની જ અંદર આત્મરૂપ થઈને અનુભવવો યોગ્ય છે. પોતા વડે જ પોતાનું ધ્યાન કરવું જોઈએ.

મોક્ષપાહુડમાં કહ્યું છે-

**अप्पा चरितवंतो दंसण णाणेण संजुदो अप्पा ।**
**सो झायव्वो णिच्चं णाऊण गुरुप्पसाएण ॥६४॥**

**ભાવાર્થ** - આ આત્મા દર્શનજ્ઞાન સહિત છે, વીતરાગ ચારિત્રવાળો છે, તેને ગુરુના પ્રસાદથી જાણીને સદા ધ્યાવવો જોઈએ.

## નિર્મળ આત્માની ભાવના કરીને જ મોક્ષ થાય છે

**जाम ण भावहु जीव तुहुं णिम्मलअप्प सहाउ ।**
**ताम ण लब्भइ सिवगमणु जहिं भावहु तहिं जाउ ॥२७॥**

**જ્યાંલગી શુધ્ધસ્વરુપનો, અનુભવ કરે ન જીવ;**
**ત્યાંલગી મોક્ષ ન પામતો, જ્યાં રુચે ત્યાં જાવ. ૨૭.**

**અન્વયાર્થ** : **( जीव )** હે જીવ ! **( जाग तुहुं णिम्मल अप्प सहाउ ण भावहु )** જ્યાં સુધી તું નિર્મળ આત્માના સ્વભાવની ભાવના કરતો નથી, **( ताम सिवगमणु ण लब्भई )** ત્યાં સુધી તું મોક્ષ પામી શકતો નથી **( जहिं भावहु तहि जाउ )** જ્યાં ચાહે ત્યાં તું જા.

**ભાવાર્થ** : અહીં ફરીથી દૃઢ કર્યું છે કે શુદ્ધ આત્માના સ્વભાવની ભાવના જ એક સંસારસાગરથી પાર ઉતારનારી નૌકા છે. તે નિશ્ચય રત્નત્રય સ્વરૂપ છે, શુદ્ધ આત્માનુભવ સ્વરૂપ છે. એ જ ભાવ સંવર અને નિર્જરા તત્ત્વ છે. આ ભાવની પ્રાપ્તિ માટે જે જે સાધન કરવામાં આવે છે તેને વ્યવહાર ધર્મ અથવા નિમિત્ત કારણ કહે છે. કોઈ અજ્ઞાની વ્યવહાર ધર્મમાં જ ફસાઈ રહે, નિશ્ચય ધર્મનું લક્ષ છોડી દે તો તે એક ડગલુંય મોક્ષના માર્ગે ચાલી શકતો નથી.

નિશ્ચયધર્મ તો પોતાની જ અંદર છે, બહાર નથી, પરંતુ તેને જાગ્રત કરવા માટે ગૃહસ્થોને આ ઉપદેશ છે કે શ્રી જિનમંદિરમાં જઈને દેવના દર્શન-પૂજન કરો, ગુરુ મહારાજની સેવામાં રહી તેમની વૈયાવૃત્ય કરો, શાસ્ત્રભવનમાં જઈ સ્વાધ્યાય કરો. સમ્મેદશિખર, ગિરનાર, પાવાપુર, બાહુબલી, માંગીતુંગી, મુક્તાગિરિ આદિ તીર્થસ્થાનોની યાત્રા કરો. સામાયિક કરવા માટે એકાંત સ્થાન ઉપવન, નદી, તટ પર્વત આદિમાં બેસો. પ્રોષધશાળામાં બેસીને ઉપવાસ કરો. આ બધા કાર્ય નિમિત્તમાત્ર છે. કોઈ અજ્ઞાની કેવળ નિમિત્ત મેળવવાને જ મોક્ષમાર્ગ સમજી લે તો એ

તેની ભૂલ છે. મંદિરાદિ અને તીર્થાદિ તથા પ્રતિમાદિના આલંબનથી પોતાની અંદર આત્માનું દર્શન અને પૂજન અથવા આત્મારૂપી તીર્થની યાત્રા કરવામાં આવે ત્યારે જ નિમિત્તોનું મેળવવું સફળ થાય.

એવી જ રીતે સાધુઓને ઉપદેશ છે કે એકાંત વન, પર્વત, ગુફા, નદી, તટ, ઉજ્જડ મકાન, પર્વતનું શિખર અને અત્યંત શૂન્ય સ્થળમાં બેસીને, આસન લગાવીને ધ્યાનનો અભ્યાસ કરો, કામની (વાસનાની) પુષ્ટિ ન કરો, ઈંદ્રિયદમન કરો, ચાતુર્માસ સિવાય નગરની બહાર પાંચ દિવસ અને ગામની બહાર એક દિવસથી વધારે વાર ન રોકાવ, ગૃહસ્થને ત્યાગી ભિક્ષા લઈને તરત વનમાં પાછા ફરી જાવ, નગ્ન રહીને શીત, ઉષ્ણ, ડાંસ મચ્છર, નગ્નતા, સ્ત્રી આદિના બાવીસ પરિષહ સહન કરો, મૌન રહો, મન-વચન-કાયાની ગુપ્તિનું પાલન કરો, માર્ગ પર જોઈને ચાલો. મુનિઓની સોબતમાં રહો, શાસ્ત્રપાઠ કરો, તત્ત્વોનું મનન કરો, તીર્થયાત્રા કરો.

આ બધા નિમિત્તો છે. એને મેળવીને સાધુએ શુદ્ધાત્માનો અનુભવ કરવો જોઈએ. કોઈ અજ્ઞાની સાધુ આ બાહ્ય ક્રિયાઓને જ મોક્ષમાર્ગ માનીને સંતોષી થઈ જાય અને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવના દર્શન, મનન, અનુભવ ન કરે તો તે મોક્ષમાર્ગી નથી, તે સંસારવર્ધક છે. તે પુણ્ય બાંધીને ભવમાં ભ્રમણ કરશે.

વાસ્તવમાં પોતાના આત્માની નિર્મળ ભૂમિમાં ચાલવું તે જ ચારિત્ર છે, એ જ મોક્ષમાર્ગ છે, એવો દૃઢ નિશ્ચય રાખીને સાધકે આ જ તત્ત્વની પ્રાપ્તિનો ઉપાય કરવો યોગ્ય છે. સમાધિશતકમાં કહ્યું છે -

**ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम् ।**
**दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः ॥७३॥**

**ભાવાર્થ** : જે આત્માને નહિ દેખનાર બહિરાત્મા છે તેમને આ બે પ્રકારના વિકલ્પ થાય છે કે ગામમાં ન રહો, વનમાં જ રહો, વનમાં રહેવાથી જ હિત થશે. તે વનનિવાસથી જ સંતુષ્ટ થઈ જાય છે પરંતુ આત્માને દેખનારાઓનો નિવાસ પરભાવોથી ભિન્ન નિશ્ચળ એક પોતાનો શુદ્ધાત્મા જ છે, તેઓ નિમિત્ત કારણમાત્રથી સંતુષ્ટ થતા નથી. આત્મામાં નિવાસ કરવો તેને જ પોતાનું આસન જાણે છે.

મોક્ષપાહુડમાં કહ્યું છે -

**जो इच्छइ णिस्सरिदुं संसार महण्णवाउ रुद्दाओ ।**
**कम्मिंधणाण डहणं सो झायइ अप्पयं सुद्धं ॥२६॥**

**ભાવાર્થ** : જે કોઈ આ ભયાનક સંસારસાગરથી પાર થવા અને કર્મરૂપી ઈંધનને બાળવા ઈચ્છે છે તેણે પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન કરવું જોઈએ. આત્માનું ધ્યાન તે જ મોક્ષમાર્ગ છે. જે આત્મરસિક છે તે જ મોક્ષમાર્ગી છે.

## ત્રિલોકપૂજ્ય જિન આત્મા જ છે.

**जो तइलोयहं झेउ जिणु सो अप्पा णिरु वुत्तु ।**
**णिच्छयणइ एमइ भणिउ एहउ जाणि णिभंतु ॥२८॥**

**ધ્યાનયોગ્ય ત્રિલોકના, જિન તે આતમ જાણ;**
**નિશ્ચયથી એમ જ કહ્યું, તેમાં ભ્રાન્તિ ન આણ. ૨૮.**

**અન્વયાર્થ** : (**जो तइलोयहं झेउ जिणु**) જે ત્રણ લોકના પ્રાણીઓ દ્વારા ધ્યાન કરવા યોગ્ય જિન છે (**सो अप्पा णिरु वुत्तु**) તે આ આત્મા જ નિશ્ચયથી કહેવાય છે (**णिच्छयणइ एमइ भणिउ**) નિશ્ચયનય આમ જ કહે છે (**एहउ णिभंतु जाणि**) આ વાત સંદેહરહિત જાણ.

**ભાવાર્થ** : અહીં એમ બતાવ્યું છે કે આ આત્મા જ વાસ્તવમાં શ્રી જિનેન્દ્ર પરમાત્મા છે જેને ત્રણલોકના ભક્તજનો ધ્યાવે છે, પૂજે છે, માને છે તે ઈંદ્ર પ્રસિદ્ધ છે જેવું આ ગાથામાં કહ્યું છે. એ બધા અરિહંત પરમાત્માને નમસ્કાર કરે છે.

**भावणालय चालीसा विंतर देवाण होंति बत्तीसा ।**
**कप्पामर चौवीसा चन्दो सूरो णरो तिरिओ ॥**

**ભાવાર્થ** : ભવનવાસી દેવ અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર એ પ્રમાણે દશ જાતિના હોય છે. દરેકમાં બબ્બે ઈંદ્ર અને બબ્બે પ્રતીંદ્ર હોય છે. આ રીતે ચાળીશ ઈંદ્ર થયા. વ્યંતર દેવ આઠ પ્રકારના હોય છે. કિંન્નંર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ. એમાં પણ બબ્બે ઈંદ્ર અને પ્રતીંદ્ર એ રીતે બત્રીસ ઈંદ્રો થયા. સોળ સ્વર્ગમાં પ્રથમ ચારમાં ચાર, મધ્ય આઠમાં ચાર અને અંતના ચારમાં ચાર એવી રીતે બાર ઈંદ્ર અને બાર પ્રતીંદ્ર એમ ચોવીસ થયા. જ્યોતિષી દેવોમાં ચન્દ્રમા ઈન્દ્ર અને સૂર્ય પ્રતીંદ્ર, મનુષ્યોમાં ઈન્દ્ર ચક્રવર્તી, પશુઓમાં ઈંદ્ર અષ્ટાપદ, એ રીતે મળીને કુલ સો ઈંદ્રો નમસ્કાર કરે છે.

નમસ્કાર બે પ્રકારના હોય છે. વ્યવહાર નમસ્કાર, નિશ્ચય નમસ્કાર. જ્યાં શરીરાદિ બાહ્ય પદાર્થોની પ્રશસા દ્વારા સ્તુતિ થાય તે વ્યવહાર નમસ્કાર છે. જ્યાં આત્માના ગુણોની સ્તુતિ હોય તે નિશ્ચય નમસ્કાર છે. જેમ કે અરિહંતના શરીરની શોભાનું કથન કરવું કે તે

પરમ દેદીપ્યમાન છે, ૧૦૦૮ લક્ષણોના ધારક છે. નિરક્ષરી વાણી પ્રગટ કરે છે, સમવસરણ સહિત છે, બાર સભામાં બેઠેલા પ્રાણીઓને ઉપદેશ આપે છે. આ બધી વ્યવહાર સ્તુતિ છે.

ભગવાન અરહંત અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત વીર્યના ધારક છે, પરમ વીતરાગ છે, પરમાનંદમય છે, અસંખ્યાત પ્રદેશી છે, અમૂર્તિક છે ઈત્યાદિ. આત્માશ્રિત સ્તુતિ તે નિશ્ચય સ્તુતિ અથવા નમસ્કાર છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય સાધુ એ પંચ પરમેષ્ઠીના આત્માની સ્તુતિ તે દરેક આત્માની સ્તુતિ છે. કેમ કે નિશ્ચયનયથી દરેક આત્મા આત્મિક ગુણોનો ભંડાર છે જગતના સર્વ આત્માઓ નિશ્ચયનયથી સમાન શુદ્ધ છે, તેથી ત્રણ લોકના પ્રાણી જેનું ધ્યાન ધરે છે તે જ હું છું. હું જ ત્રૈલોક્ય પૂજ્ય પરમાત્મા જિનેન્દ્ર છું એમ ભ્રાન્તિરહિત નિશ્ચયથી જાણવું જોઈએ. પછી બીજા કોઈ અન્ય પરમાત્મા તરફ દૃષ્ટિ ન દેતાં બે ભિન્ન ભિન્ન વ્યક્તિઓમાં ધ્યાતા અને ધ્યેયની કલ્પના ન કરતાં પોતાને જ ધ્યાતા અને ધ્યેય માનીને અદ્વૈત એક જ ભાવમાં તલ્લીન થાય એ જ મોક્ષમાર્ગ છે.

સમયસારમાં કહ્યું છે -

**ववहारणओ भासदि जीवो देहो य हवदि खलु इक्को ।**
**णदु णिच्छयस्स जीवो देहो य कदापि एकट्ठो ॥३२॥**

**इणमण्णं जीवादो देहं पुग्गलमयं थुणित्तु मुणी ।**
**मण्णादि हु संथुदो वंदिदो मए केवली भय वं ॥३३॥**

**तं णिच्छयेण जुज्जदि ण सरीरगुणा हि होंति केवलिणो ।**
**केवलिगुणो थुणदि जो सो वच्चं केवलिं थुणदि ॥३४॥**

**जो मोहं तु जिणित्ता, णाण सहावाधियं मुणदि आदं ।**
**तं जिद मोहं साहुं, परमट्ठवियाणया वेंति ॥३७॥**

**ભાવાર્થ** : વ્યવહારનયથી એમ કહે છે કે શરીર અને આત્મા એક છે પરંતુ નિશ્ચયનયથી આત્મા અને શરીર એક પદાર્થ નથી. મુનિઓ કેવળી ભગવાનના પુદ્‌ગલમય શરીરની સ્તુતિ વ્યવહારનયથી કરીને એમ જ માને છે અમે કેવળી ભગવાનની જ સ્તુતિ અથવા વંદન, કરી, પરંતુ નિશ્ચયનયથી આ સ્તુતિ બરાબર નથી. કેમ કે શરીરના ગુણ કેવળી ભગવાનના આત્માના ગુણ નથી. નિશ્ચયથી જે કેવળી ભગવાનના આત્માની સ્તુતિ છે તે જ કેવળીની યથાર્થ સ્તુતિ છે. જેમ કે એમ કહેવું કે જે મોહને જીતીને જ્ઞાનસ્વભાવથી પૂર્ણ આત્માનો અનુભવ કરે છે તે જિતમોહ છે એમ પરમાર્થના જ્ઞાતા કહે છે. નિશ્ચય સ્તુતિ આત્મા ઉપર લક્ષ અપાવે છે તેથી યથાર્થ છે.

## મિથ્યાદ્રષ્ટિના વ્રતાદિ મોક્ષમાર્ગ નથી.

**वयतवसंजममूलगुण मूढह मोक्ख णिवुत्तु ।**
**जाम ण जाणइ इक्क परु सुद्धउभाउ पवित्तु ॥२९॥**

**જ્યાંલગી એક ન જાણિયો, પરમ, પુનીત શુદ્ધ ભાવ;**
**મૂઢ તણા વ્રત-તપ સહુ, શિવહેતુ ન કહાય. ૨૯.**

**અન્વયાર્થ** : ( **जाम इक्क परु सुद्धउ पवित्तु भाउण जाणइ** ) જ્યાં સુધી એક પરમ શુદ્ધ અને પવિત્ર ભાવનો અનુભવ થતો નથી. ( **मूढह वयतवसंयम मूलगुण मोक्ख णिवुत्तु** ) ત્યાં સુધી મિથ્યા દૃષ્ટિ અજ્ઞાની જીવો દ્વારા કરવામાં આવેલા વ્રત, તપ, સંયમ અને મૂળગુણોના પાલનને મોક્ષનો ઉપાય કહી શકાતો નથી.

**ભાવાર્થ** : નિશ્ચયથી શુદ્ધ આત્માનો ભાવ જ મોક્ષનો માર્ગ છે. શુદ્ધોપયોગની ભાવના ન ભાવતાં અને શુદ્ધ તત્ત્વનો અનુભવ ન કરતાં જે કાંઈ વ્યવહારચારિત્ર છે તે મોક્ષમાર્ગ નથી, સંસારમાર્ગ છે, પુણ્યબંધ કરનાર છે. મિથ્યા દૃષ્ટિ આત્મજ્ઞાન શૂન્ય બહિરાત્મા બહારમાં મુનિવેશ ધારણ કરીને જો પાંચ મહાવ્રત પાળે, બાર તપ તપે, ઈંદ્રિય અને પ્રાણીસંયમને સાધે, નીચે લખ્યા પ્રમાણે ૨૮ મૂળગુણ પાળે તો પણ તે સંવર અને નિર્જરા તત્ત્વ ન પામતાં કર્મોથી મુક્તિ પામી શકતો નથી. આવા દ્રવ્યલિંગી સાધુ પુણ્ય બાંધીને નવમી ગ્રૈવેયિક સુધી જઈને અહમિન્દ્ર થઈ શકે છે પરંતુ સંસારથી પાર ઉતરનાર સમ્યગ્દર્શન વિના અનંત સંસારમાં જ ભ્રમણ કરે છે. વ્યવહારચારિત્રને નિમિત્તમાત્ર અને બાહ્ય આલંબન માત્ર માનીને અને નિશ્ચય ચારિત્રને ઉપાદાન કારણ માનીને જે સ્વાનુભવનો અભ્યાસ કરશે તે નિર્વાણનો માર્ગ પામી શકશે.

પ્રવચનસારમાં શ્રી કુંદકુંદાચાર્ય અઠ્ઠાવીસ મૂળગુણ કહે છે -

**वदसमिदिंदियरोधो लोचावस्सयमचेलमण्हाणं ।**
**खिदिसयणमदंतवणं ठिदिभोयण मे गभत्तं च ॥८॥**

**एदे खलु मूलगुणा समणाणं जिणवरेहिं पण्णत्ता ।**
**तेसु पमत्तो समणो छेदो वट्ठावगो होदि ॥९॥**

**ભાવાર્થ** : પાંચ મહાવ્રત-અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, પરિગ્રહ ત્યાગ.

પાંચ સમિતિ-ઈર્યા (જોઈને ચાલવું), ભાષા, એષણા (શુદ્ધ આહાર), આદાનનિક્ષેપણ, વ્યુત્સર્ગ (મળમૂત્રનો સ્થાન જોઈને ત્યાગ કરવો.)

પાંચ ઈંદ્રિય વિષય નિરોધ - છ આવશ્યક નિત્યકર્મ-સામાયિક, પ્રતિક્રમણ, (પાછલા દોષનું નિરાકરણ), પ્રત્યાખ્યાન (ત્યાગની ભાવના), સ્તુતિ, વંદના, કાયોત્સર્ગ, સાત અન્ય- ૧ કેશલોચ, ૨ નગ્નપણું, ૩ સ્નાન ન કરવું, ૪ ભૂમિ ઉપર શયન, ૫ દાંત સાફ ન કરવા, ૬ ઊભા રહીને હાથમાં ભોજન લેવું, ૭ દિવસ રાતમાં એક વખત દિવસે આહાર લેવો. આ ૨૮ મૂળ ગુણ સાધુઓના છે એમ જિનેન્દ્રદેવે કહ્યું છે તેમાં પ્રમાદ થઈ જતાં છેદોપસ્થાપન અથવા પ્રાયશ્ચિત લઈને શુદ્ધ થવું જોઈએ.

સમયસારમાં કહ્યું છે-

**वदसमिदी गुत्तीओ सीलतवं जिणवरेहिं पण्णत्तं ।**
**कुव्वंतोवि अभविओ अण्णाणी मिच्छदिट्ठय ॥२९१॥**

**मोक्खं असद्दहन्तो अभवियसत्तो दुजो अधीएज्ज ।**
**पाठो ण करेदि गुणं असद्दहन्तस्य णाणं तु ॥२९२॥**

**ભાવાર્થ** : જિનેન્દ્રોએ કહ્યું છે કે અભવ્ય જીવ વ્રત, સમિતિ, ગુપ્તિ, શીલ, તપ પાળવા છતાં પણ આત્મજ્ઞાન વિના અજ્ઞાની અને મિથ્યદષ્ટિ જ રહે છે. મોક્ષના સ્વરૂપની શ્રદ્ધા ન રાખતો અભવ્ય જીવ ગમે તેટલા શાસ્ત્ર વાંચે પણ તેનું પઠન તેને ગુણકારી થતું નથી, કેમ કે તેને આત્માના સમ્યગ્જ્ઞાનનો વિશ્વાસ આવતો નથી.

ભાવપાહુડમાં કહ્યું છે કે ભાવમાં આત્મજ્ઞાની જ સાચો સાધુ છે -

**देहादिसंग रहिओ माणकसाएहिं सयल परिचत्तो ।**
**अप्पा अप्पम्मि रओ स भावलिंगी हवे साहूं ॥५६॥**

**ભાવાર્થ** : જે શરીરાદિની મમતા રહિત હોય અને માનકષાયથી તદ્દન ભિન્ન હોય તેમ જ આત્માને આત્મામાં લીન રાખે તે જ ભાવલિંગી સાધુ હોય છે.

## વ્રતીએ નિર્મળ આત્માનો અનુભવ કરવો યોગ્ય છે.

**जो णिम्मल अप्पा मुणइ वयसंजमु संजुत्तु ।**
**तो लहु पावइ सिद्ध सुहु इउ जिणणाहह वुत्तु ॥३०॥**

જે શુદ્ધાતમ અનુભવે, વ્રત-સંયમ સંયુક્ત;
જિનવર ભાખે જીવ તે, શીઘ્ર લહે શિવસુખ. ૩૦.

**અન્વયાર્થ** - (**जो वयसंजमु संजुत्तु णिम्मल मुणइ**) જે વ્રત, સંયમ સહિત નિર્મળ આત્માનો અનુભવ કરે (**तो सिद्ध सुहु लहु पावइ इक जिणणाहह वुत्तु**) તે સિધ્ધ કે મુક્તિનું સુખ તુરત જ પ્રાપ્ત કરે એમ જિનેન્દ્રનું કથન છે.

**ભાવાર્થ** : દરેક કાર્યની સિદ્ધિ ઉપાદાન નિમિત્ત કારણથી થાય છે. ઉપાદાન કારણ તો અવસ્થા પલટીને બીજી અવસ્થારૂપ થઈ જાય છે, મૂળ દ્રવ્ય ટકી રહે છે. નિમિત્ત કારણ દૂર જ રહી જાય છે, માટીનો ઘડો બન્યો છે. ઘડારૂપી કાર્યનું ઉપાદાન કારણ માટી છે. માટીનો પિંડ જ ઘડાની દશામાં બદલાયો છે. નિમિત્ત કારણ ચાકડો, કુંભાર વગેરે ઘડો બને ત્યાં સુધી સહાયક છે. ઘડો થઈ ગયા પછી તે બધા દૂર રહી જાય છે.

એવી જ રીતે નિર્વાણરૂપી કાર્ય માટે ઉપાદાન કારણ પોતાના જ શુદ્ધ આત્માનું ધ્યાન છે. નિમિત્ત કારણ વ્યવહાર વ્રત, સંયમ, તપ આદિ છે. વ્રત, સંયમ, તપ આદિના નિમિત્તે અને આલંબને જ્યારે આત્માનું ધ્યાન થાય અને ભાવોમાં શુદ્ધતા વધે ત્યારે જ સંવર, નિર્જરાતત્ત્વ પ્રગટે. તેથી અહીં કહ્યું છે કે વ્રત, સંયમ સહિત થઈને નિર્મળ આત્માનું ધ્યાન સિદ્ધ સુખનું સાધન છે. વ્યવહાર ચારિત્રની એટલા માટે જરૂર છે કે મન, વચન, કાયાને વશ રાખવાની જરૂર છે. જ્યાં સુધી આ ત્રણે ચંચળ રહે ત્યાં સુધી આત્માનું ધ્યાન થઈ શકતું નથી.

આત્માના ધ્યાન માટે એકાંત સ્થાનમાં સ્થિર થઈને શરીરને નિશ્ચળ રાખવું પડે, વચનોનો ત્યાગ કરવો પડે, જગતના પ્રાણીઓ સાથેનો વાર્તાલાપ છોડવો પડે, પાઠ ભણવાનું છોડવું પડે, જપ કરવાનું છોડવું પડે, બિલકુલ મૌન રહેવું પડે, મનનું ચિંત્વન છોડવું પડે ત્યાં સુધી કે આત્માના ગુણોનો વિચાર પણ છોડવો પડે. જ્યારે ઉપયોગ મન, વચન, કાયાથી ખસીને કેવળ પોતાના જ શુદ્ધાત્મામાં શ્રુતજ્ઞાનના બળથી અથવા શુદ્ધ નિશ્ચયનયના પ્રતાપે જામે ત્યારે જ મોક્ષનું સાધન બને, ત્યારે જ સ્વાનુભવ થાય, ત્યારે જ વીતરાગતા થાય, ત્યારે જ આત્મા કર્મમળથી રહિત થાય. ધ્યાનના સમયે મનની અંદર ઘણા વિચારો આવી જાય છે.

તેમાં જે ગૃહસ્થ સંબંધી વાતોના વિચારો છે તે મહાન બાધક છે. હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહની ચિંતા ધ્યાનમાં હાનિકારક છે. તેથી સાધુપુરુષો પાંચેય પાપોનો પૂર્ણપણે ત્યાગ કરે છે, ગૃહસ્થના વ્યાપારાદિ કાંઈ કરતા નથી. સાધુ કેવળ ધાર્મિક વ્યવહાર કરે છે. જેમ કે શાસ્ત્રપઠન, ઉપદેશ, વિહાર, શિષ્યોને ઉપદેશ, સંતોષપૂર્વક આહાર. ધ્યાનના સમયે આ શુભ કાર્યોના વિચાર આવી શકે છે. આ વિચારધ્યાન જમાવવા માટે કોઈ કોઈ વાર નિમિત્ત સાધક બની જાય છે પરંતુ આ વિચારોય બંધ થયા વિના ધ્યાન થતું નથી.

જો કોઈ વ્યવહાર ચારિત્ર ન પાળે, લૌકિક વ્યવહારમાં ચોંટયો રહે તો તેનો ઉપયોગ આત્મામાં સ્થિર થશે નહિ. એ જ કારણે પરિગ્રહ ત્યાગી નિર્ગ્રંથ મુનિ જ ઉત્તમ ધર્મ ધ્યાન તથા શુકલ ધ્યાન કરી શકે છે. ગૃહસ્થને પણ મન, વચન, કાયાની ક્રિયા સ્થિર કરવા માટે બાર વ્રતોનો સંયમ જરૂરી છે. પરિગ્રહ જેટલો ઓછો હશે એટલી જ ચિંતા મનમાં ઓછી થશે. કેવળ વ્યવહાર ચારિત્રથી, મુનિ અને શ્રાવકના વેશથી, મોક્ષનું કાંઈ પણ સાધન નહિ થાય.

મોક્ષ તો આત્માનો પૂર્ણ સ્વભાવ છે તેથી તેનું સાધન તે જ સ્વભાવની ભાવના છે, આત્મદર્શન છે, નિશ્ચય રત્નત્રય છે, સ્વાનુભવ છે. સ્વાનુભવની પ્રાપ્તિ માટે નિમિત્ત વ્યવહાર ચારિત્ર છે.

સમયસારમાં કહ્યું છે-

**णवि एस मोक्खमग्गो पाखंडी गिहमयाणि लिंगाणि ।**
**दंसण णाण चरित्ताणि मोक्खमग्गं जिणा विंति ॥४१२॥**

**जह्मा जहित्तु लिंगे सागारणगारि एहि वा गहिदे ।**
**दंसण णाण चरित्ते अप्पाणं जुंज मोक्खपहे ॥४१३॥**

**ભાવાર્થ** : સાધુના અને ગૃહસ્થના વેશ અને વ્યવહાર ચારિત્ર મોક્ષમાર્ગ નથી, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે એમ જિનેન્દ્ર કહે છે. તેથી ગૃહસ્થના અને સાધુના વેશમાં કે વ્યવહાર ચારિત્રમાં મમતા ત્યાગીને પોતાને નિશ્ચય રત્નત્રયમય મોક્ષમાર્ગમાં જોડો.

સમયસાર કળશમાં કહ્યું છે-

**व्यवहाविमूढदृष्टयः परमार्थ कलयन्ति नो जनाः ।**
**तुषबोधविमुग्धबुद्धयः कलयन्तीह तुषं न तन्दुलम् ॥४८-१०॥**

**ભાવાર્થ** : જે મનુષ્ય વ્યવહાર ચારિત્રમાં જ મૂઢ છે, તેનાથી જ મોક્ષ માને છે અને પરમાર્થ નિશ્ચય રત્નત્રય કે સ્વાનુભવને મોક્ષમાર્ગ સમજતા નથી તે મનુષ્ય એવા મૂઢ છે જેવા ફોતરાને ચોખા સમજીને ચોખા મેળવવા માટે તેના ફોતરાં ખાંડનારા મૂઢ છે. તેઓ કદી ચોખા નહિ મેળવી શકે. વ્યવહાર ચારિત્ર ફોતરા છે, નિશ્ચય ચારિત્ર ચોખા છે. ચોખા વિનાના ફોતરાં નકામાં છે તેમ નિશ્ચય ચારિત્ર વિનાનું વ્યવહાર ચારિત્ર નકામું છે.

## એકલું વ્યવહાર ચારિત્ર નકામું છે.

**वयतवसंजमु सीलु जिय ए सव्वे अकइच्छु ।**
**जाणइ ण जाणइ इक्क परु सुद्धउ भाडण पवित्तु ॥३१॥**

**જ્યાંલગી એક ન જાણિયો, પરમ,પુનીત, શુદ્ધ ભાવ;**
**વ્રત-તપ-સંયમ શીલ સહુ, ફોગટ જાણો સાવ. ૩૧.**

**અન્વયાર્થ** : (**जिय**) હે જીવ ! (**जाम इक्क परु सुद्धउ पवितु भाउ जाणइ**) જ્યાં સુધી એક ઉત્કૃષ્ટ શુદ્ધ વીતરાગ ભાવનો અનુભવ ન કરે (**वय तव संजमु सीलु ए सव्वे अकइच्छु**) ત્યાં સુધી વ્રત, તપ સંયમ, શીલ એ સર્વનું પાલન નિષ્ફળ છે, મોક્ષને માટે નથી. પુણ્ય બાંધીને સંસાર વધારનાર છે.

**ભાવાર્થ** : વ્યવહાર ચારિત્ર નિશ્ચયચારિત્ર વિના નિર્વાણ માટે વ્યર્થ છે. નિર્વાણ કર્મોના ક્ષયથી થાય છે. તેનો ઉપાય વીતરાગભાવ છે જે શુદ્ધાત્માનુભવમાં પ્રાપ્ત થાય છે. નિશ્ચયચારિત્ર સ્વસમયરૂપ છે, આત્માનો જ એક નિર્મળ ભાવ છે. જ્યાં આ ભાવ ઉપર લક્ષ નથી તે મોક્ષમાર્ગ નથી.

વ્યવહાર વ્રતાદિ પાલનમાં મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ હોય છે, શુભોપયોગ તે મંદકષાય છે. સમ્યગ્દર્શન વિના મંદ કષાયને પણ વાસ્તવમાં શુભોપયોગ કહી શકાતો નથી. તો પણ જ્યાં મંદ કષાયથી શુભપ્રવૃત્તિ છે, દયાભાવથી આચરણ છે, પરોપકાર ભાવ છે, શાસ્ત્રોનો વિચાર છે, જીવાદિ તત્ત્વોનું મનન છે, ત્યાં અશુભ ભાવ ન થતાં શુભ ભાવ છે જે પુણ્ય બંધનો કારક છે.

દ્રવ્યસંગ્રહમાં કહ્યું છે-

**असुहादो विणिवित्ती सुहे पवित्ती य जाण चारित्तं ।**
**वदसमिदिगुत्तिरूवं ववहारणया दु जिण भणियं** ॥૪૫॥

**ભાવાર્થ** : અશુભથી છૂટીને શુભમાં પ્રવૃત્તિ કરવી તેને વ્યવહારનયથી જિનેન્દ્રે ચારિત્ર કહ્યું છે. તે પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિરૂપ છે. વ્યવહાર પરાશ્રિત છે. મન, વચન. કાયાને આશ્રિત છે તેથી ત્યાં ઉપયોગ પરમુખાકાર છે, પોતાના આત્માથી દૂર છે તેથી બંધ કરનાર છે. નિશ્ચય સ્વાશ્રય છે. આત્મા જ સ્વઉપયોગ સન્મુખ છે ત્યાં શુદ્ધ ભાવના છે. કે જે નિર્વાણનું કારણ છે. જો કોઇ સમ્યગ્દૃષ્ટિ ન હોય અને તે કેવળ વ્યવહાર ચારિત્રથી મોક્ષમાર્ગ માની લે તો એ તેની ભૂલ છે, એ સંસારનો જ માર્ગ છે.

બાહ્ય આલંબન કે નિમિત્તને ઉપાદાન માનવું તે મિથ્યાત્વ છે. જો કોઇ કરોડો જન્મો સુધી વ્યવહાર ચારિત્ર પાળે તો પણ તે મોક્ષના માર્ગે નથી. શુદ્ધાત્માનુભવના પ્રતાપે અનાદિનો મિથ્યાદૃષ્ટિ અને સંયમી થઇને તે જ ભવે નિર્વાણનો ભાગી થઇ શકે છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**वृत्तं ज्ञानस्वभावेन ज्ञानस्य भवनं सदा ।**
**एकद्रव्यस्वभावत्वान्मोक्षहेतुस्तदेव तत्** ॥૭॥

**वृत्तं कर्मस्वभावेन ज्ञानस्य भवनं न हि ।**
**द्रव्यान्तर स्वभावत्वान्मोक्षहेतुर्न कर्म तत्** ॥૮-૪॥

**ભાવાર્થ** : આત્માનું જ્ઞાનસ્વભાવમાં વર્તવું, સદા આત્મિક જ્ઞાનમાં રહેવું એ જ મોક્ષનું સાધન છે કેમ કે અહીં ઉપયોગ એક જ આત્મદ્રવ્યના સ્વભાવમાં તન્મય છે. શુભ ક્રિયાકાંડમાં વર્તવું તે આત્માના જ્ઞાનમાં પરિણમન નથી, એ મોક્ષનું કારણ નથી. કેમ કે અહીં અન્ય દ્રવ્યના સ્વભાવ ઉપર લક્ષ છે, આત્મા ઉપર ધ્યાન નથી.

મોક્ષપાહુડમાં કહ્યું છે -

**जो पुण परदव्वरओ मिच्छादिट्ठी हवेइ सो साहू ।**
**मिच्छत्त परिणदो उण वज्झदि दुट्ठट्ठकम्मेहिं** ॥१५॥

**ભાવાર્થ** : જે કોઇ આત્માને છોડીને પરદ્રવ્યમાં રતિ કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે. મિથ્યા શ્રદ્ધાનપણે પરિણમતો થકો તે દુષ્ટ આઠ કર્મોને બાંધે છે.

## પુણ્ય અને પાપ બંને સંસાર છે.

**पुण्णि पावइ सग्ग जिउ पावइ णरयणिवासु ।**
**वे छंडिवि अप्पा मुणइ तउ लब्भइ सिववासु** ॥३२॥

**પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરક નિવાસ;**
**બે તજી જાણે આત્મને, તે પામે શિવવાસ.** ૩૨.

**અન્વયાર્થ** : ( **जिउ पुण्णि सग्ग पावइ** ) આ જીવ પુણ્યથી સ્વર્ગ પામે છે ( **पावइ णरयणिवासु** ) પાપથી નરકમાં જાય છે ( **वे छंडिवि अप्पा मुणइ** ) પુણ્ય પાપ બન્નેની મમતા છોડીને જે પોતાના આત્માનું મનન કરે (तउ सिववासु लब्भइ) તો મોક્ષના મહેલમાં નિવાસ પામે.

**ભાવાર્થ** : પુણ્ય અને પાપ બંનેય કર્મ સંસારભ્રમણના કારણ છે. બંનેય પ્રકારનાં કર્મોના બંધનું કારણ કષાયભાવ છે મંદકષાયથી પુણ્યકર્મોનો બંધ થાય છે, તીવ્ર કષાયથી પાપનો બંધ થાય છે. પુણ્યકર્મ શાતા વેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને ઉચ્ચ ગોત્ર છે, એનો બંધ પ્રાણીમાત્ર ઉપર દયાભાવ, આહાર, ઔષધ અભય અને વિદ્યા એ ચાર પ્રકારના દાન, શ્રાવક અને મુનિનું વ્યવહાર ચારિત્ર, ક્ષમાભાવ, સંતોષ, સંતોષપૂર્વકનો આરંભ, અલ્પ મમત્વ , કોમળતા, સમભાવે કષ્ટસહન, મન વચન કાયાનું સરળ, કપટરહિત વર્તન, પરગુણપ્રશંસા, આત્મદોષોની નિન્દા, નિરભિમાનતા, આદિ શુભ ભાવોથી થાય છે.અશાતા વેદનીય અશુભ,આયુષ્ય, અશુભ નામ, નીચ ગોત્ર અને જ્ઞાનાવરણાદિ ચાર ઘાતિકર્મો પાપકર્મ છે. તેમનો બંધ જ્ઞાનના સાધનમાં વિઘ્ન કરવાથી, દુખિત અને શોકાકુળ થવાથી, રુદન કરવાથી

બીજાને કષ્ટ પહોંચાડવાથી, પરનો ઘાત કરવાથી, સાચા દેવ-ગુરુ-ધર્મની નિંદા કરવાથી, તીવ્ર કષાય કરવાથી, અન્યાયપૂર્વક આરંભ કરવાથી, ઘણી મૂર્ચ્છા (મમતા) રાખવાથી, કપટપૂર્વક આચરણ કરવાથી, મન-વચન-કાયાને વક્ર રાખવાથી, ઝઘડા કરવાથી, પરનિંદા અને આત્મપ્રશંસાથી, અભિમાન કરવાથી, દાનાદિમાં વિઘ્ન નાખવાથી, બીજાનું બૂરું ચિંતવવાથી, કઠોર અને અસત્ય વચનથી અને પાંચ પાપોમાં વર્તન કરવાથી થાય છે.

બન્નેના ફળમાં, દેવ, મનુષ્ય, તિર્યંચ કે નરક ગતિમાં જઇને સાંસારિક સુખ અને દુ:ખનો ભોગ કરવો પડે છે. વ્રત, તપ, શીલ, સંયમના પાલનમાં શુભ રાગ થાય છે, પુણ્યનો બંધ થાય છે, તેનાથી કર્મનો ક્ષય થઇ શકતો નથી. તેથી અહીં કહ્યું છે કે પુણ્ય અને પાપ બંનેય પ્રકારના કર્મોને બેડી સમજીને બન્નેના કારણ ભાવો પ્રત્યે રાગ છોડીને એક શુદ્ધ આત્મિક ભાવનો અનુભવ કરવો યોગ્ય છે.

મોક્ષનું કારણ એક શુદ્ધોપયોગ છે. પાપ અને પુણ્ય બંનેના બંધનું કારણ એક કષાયભાવ છે. બન્નેનો સ્વભાવ પુદ્ગલ કર્મ છે, બંનેનું ફળ સુખ દુ:ખ છે જે આત્મિક સુખનું વિરોધી છે. બન્નેય બંધ માર્ગ છે. એમ સમજીને જ્ઞાનીએ સર્વ પુણ્યપાપથી પૂર્ણ વૈરાગ્ય રાખવો જોઇએ. કેવળ એક પોતાના શુદ્ધ આત્માનું જ દર્શન કરવું જોઇએ. પરિણામોની સ્થિરતા ન હોવાથી જો કદાચિત્ વ્યવહાર ચારિત્ર પાળવું પડે તો તેનાથી મોક્ષ થશે એમ માનવું ન જોઇએ.

વ્યવહાર ચારિત્રને બંધનું કારણ જાણીને તેને ત્યાગવા યોગ્ય સમજવું જોઇએ. જેમ કોઇ દાદરો ચડે છે તે તેને ત્યાગવા યોગ્ય સમજીને તેને છોડતો જ જાય છે. નિશ્ચય ચારિત્રમાં આવ્યા પછી વ્યવહારનું સ્મરણ પણ રહેતું નથી. જેમ મેડી ઉપર પહોંચ્યા પછી પગથિયાને કોણ યાદ કરે છે ? પગથિયાં તો ઉપર આવવા માટે નિમિત્ત હતાં. તેવી જ રીતે વ્યવહાર ચારિત્રનું નિમિત્ત નિશ્ચયનું સાધક છે. નિશ્ચય પ્રાપ્ત થતાં તે સ્વયં ભાવોથી છુટી જાય છે, વ્યવહાર ચારિત્રનો રાગ રહેતો નથી.

સમયસારમાં કહ્યું છે -

कम्ममसुहं कुसीलं सुहकम्मं चावि जा ण सुहसीलं ।
कह तं होदि सुसीलं जं संसारं पवेसेदि ॥१५२॥

सोवण्णियह्मि णियलं बंधदि कालायस च जह पुरिसं ।
बंधदि एवं जीवं सुहमसुहं वा कदं कम्मं ॥१५३॥

तह्मादु कुसीलेहिय रायं माकाहि माव संसग्गं ।
साहीणो हि विणासो कुसीलसंसग्गरायेहिं ॥१५४॥

**ભાવાર્થ** : અશુભ કર્મ કુશીલ છે, શુભકર્મ સુશીલ છે એમ વ્યવહારી લોકો કહે છે. આચાર્ય કહે છે કે અમે શુભકર્મને સુશીલ કહી શકતા નથી કારણ કે તે જીવને સંસારમાં ભ્રમણ કરાવે છે. જેમ લોઢાની બેડી પુરુષને બાંધે છે તેવી જ રીતે સોનાની બેડી પણ બાંધે છે તેમ શુભ અને અશુભ બન્નેય કરેલા કર્મ જીવને બાંધે જ છે.

તેથી પુણ્ય પાપ-બન્નેયને કુશીલ અને બૂરાં સમજીને તેમના પ્રત્યે રાગ અને તેમનો સંગ કરવા યોગ્ય નથી. કેમ કે કુશીલના સંસર્ગ અને રાગથી આત્માની સ્વાધીનતાનો નાશ થાય છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**हेतुस्वभावानुभवाश्रयाणां सदाप्यभेदान्न हि कर्मभेदः ।**
**तद्बन्धमार्गाश्रितमेकमिष्टं स्वयं समस्तं खलु बन्धहेतुः ॥३-४॥**

**ભાવાર્થ** : પુણ્ય અને પાપ બન્નેના હેતુ, સ્વભાવ, ફળ અને આશ્રય એકરૂપ જ છે, કાંઇ ભેદ નથી, બન્નેય બંધના માર્ગ છે, બન્નેયને બંધનું કારણ જાણવું જોઇએ.

## નિશ્ચય ચારિત્ર જ મોક્ષનું કારણ છે.

**वउतउ संजमुसील जिय इय सव्वइ ववहारु ।**
**मोक्खह कारण एक्क मुणि जो तइलोयहु सारु ॥३३॥**

**વ્રત-તપ-સંયમ-શીલ જે, તે સઘળાં વ્યવહાર;**
**શિવકારણ જીવ એક છે, જે ત્રિલોકનો સાર.** ૩૩.

અન્વયાર્થ : (**जिय**) હે જીવ ! (**वउतउ संजमुसील इय सव्वई ववहारु**) વ્રત, તપ, સંયમ, શીલ એ બધું વ્યવહાર ચારિત્ર છે (**मोक्खह कारण एक्कु मुणि**) મોક્ષનું કારણ એક નિશ્ચય ચારિત્રને જાણો. (**जो तइलोयहु सारु**) તે જ ત્રણ લોકમાં સાર વસ્તુ છે.

**ભાવાર્થ** : ત્રણ લોકમાં સાર વસ્તુ મોક્ષ છે જ્યાં આત્મા પોતાનો સ્વભાવ પૂર્ણપણે પ્રગટ કરી લે છે, કર્મબંધથી મુક્ત થઇ જાય છે. પરમાનંદનો નિત્ય ભોગ કરે છે. શું મોક્ષનો ઉપાય પણ ત્રણ લોકમાં સાર છે ? તે ઉપાય પણ પોતાના જ શુદ્ધાત્માનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને તેમાં જ આચરણ છે. નિશ્ચય રત્નત્રયરૂપ સ્વસમય, સ્વરૂપ સંવેદન અથવા આત્માનુભવ છે. આ જ એક એવો નિયમ રૂપ ઉપાય છે, જેવું કાર્ય કે સાધ્ય હોય છે તેવું જ તેનું કારણ અથવા સાધન હોય છે. આ આત્માનુભવ માટે જે બાહ્ય સાધન વ્રત, તપ આદિ વ્યવહાર ચારિત્ર કરવામાં આવે છે તે માત્ર વ્યવહાર છે, નિમિત્ત છે. જો કોઇ વ્યવહાર ચારિત્ર જ પાળે તો ભ્રમ છે. તે નિર્વાણનું સાધન કરતો નથી.

આચાર્ય વારંવાર આ જ વાતની પ્રેરણા કરે છે કે હે યોગી ! તું મન,વચન, કાયાની ક્રિયાને મોક્ષનો ઉપાય ન જાણ. જ્યાં થોડો પણ વિકલ્પ છે અથવા અલ્પ પણ પર પદાર્થ ઉપર દૃષ્ટિ છે ત્યાં શુભરાગ છે, તે બંધનું કારણ છે,કર્મની નિર્જરાનું કારણ નથી. તેથી તું સર્વ પ્રપંચજાળ અને ચિંતા છોડીને, નિશ્ચિંત થઈને એક પોતાના જ આત્માની લગની લગાડ, તેનું જ ધ્યાન કર, તેનું જ મનન કર, તેમાં જ સંતોષ માન, એક શુદ્ધ આત્માના અનુભવથી ઉત્પન્ન આનંદામૃતનું પાન કર.

વ્યવહાર ચારિત્રને વ્યવહાર માત્ર સમજ. નિશ્ચય ચારિત્ર વિના તેનાથી મોક્ષમાર્ગમાં કોઈ લાભ નથી. મુનિનો કે શ્રાવકનો વ્યવહાર સંયમ બરાબર રીતે શાસ્ત્રાનુસાર પાળીને પણ એવો અહંકાર ન કર કે હું મુનિ છું, હું ક્ષુલ્લક શ્રાવક છું, હું બ્રહ્મચારી છું, હું ધર્માત્મા ગૃહસ્થ છું. એમ કરવાથી તેના વેશ અને વ્યવહારમાં જ મુનિપણું અથવા ગૃહસ્થપણું માની લીધું તે ઠીક નથી. શુદ્ધાત્માનુભવ જ મુનિપણું છે, તે જ શ્રાવકપણું છે,તે જ નિજધર્મ છે એમ સમજીને જ્ઞાનીએ શરીરાશ્રિત ક્રિયામાં અહંકાર ન કરવો જોઈએ. જે નિશ્ચયનયની પ્રધાનતાથી પોતાને સિદ્ધ ભગવાન સમાન શુદ્ધ, ત્રણકાળના સર્વ કર્મરહિત, વિભાવરહિત, વિકલ્પરહિત, મતિજ્ઞાનાદિ ભેદરહિત એક સહજ જ્ઞાન કે આનંદનો સમૂહ માનીને અન્ય સર્વ ભાવોથી, ઉદાસ થઈ જશે, તે નિર્વાણના માર્ગે આરૂઢ થયો એમ સમજાશે.

ભાવપાહુડમાં કહ્યું છે -

**जीवविमुक्को सबओ दंसणमुक्को य होइ चलसवओ ।**
**सवओ लोयअपुज्जो लोउत्तरयम्मि चलसवओ ॥१४३॥**

**जह तारयण चंदो मयराओ मयउलाण सव्वाणं ।**
**अहिओ तह सम्मत्तो रिसिसावय दुविहधम्माणं ॥१४४।**

**ભાવાર્થ** : જીવ રહિત શરીર મડદું છે. આત્મદર્શનરૂપ સમ્યકત્વ વિના પ્રાણી ચાલતું મડદું છે. મડદું લોકમાં માનનીય ગણાતું નથી, તેને બાળી નાખવામાં આવે છે, લોકોત્તર માર્ગમાં વ્યવહાર ચારિત્રવાળા ચાલતા પ્રાણી મડદા સમાન અપૂજ્ય છે. જેમ નક્ષત્રોમાં ચંદ્ર શોભે છે, પશુઓમાં સિંહ શોભે છે. તેમ મુનિ અને શ્રાવક બન્નેના ધર્મમાં સમ્યગ્દર્શન શોભે છે. આ આત્માનુભવ વિના સર્વ વ્યવહાર મલિન જ છે.

સાર સમુચ્ચયમાં કહ્યું છે -

**ज्ञानभावनया जीवो लभते हितमात्मनः ।**
**विनयाचारसम्पन्नो विषयेषु पराङ्मुखः ॥४॥**

**ભાવાર્થ** : જે જીવ પાંચે ઈંદ્રિયના વિષયોથી ઉદાસ થઈને, ધર્મના વિનય અને ધર્મના આચારથી યુક્ત થઈને આત્મજ્ઞાનની ભાવના કરે છે તે જ પોતાના આત્માનું હિત કરી શકે છે.

## પોતા વડે પોતાનું ધ્યાન કરો.

**अप्पा अप्पइ जो मुणइ जो परभाव चएइ ।**
**सो पावइ सिवपुरिगमणु जिणवर एउ भणेइ** ॥३४॥

**આત્મસ્વભાવથી આત્મને, જાણે તજી પરભાવ;**
**જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય.** ૩૪

**અન્વયાર્થ** - (**जो परभाव चएइ**) જે પરભાવને છોડી દે છે. (**जो अप्पइ अप्पा मुणइ**) અને જે પોતા વડે જ પોતાના આત્માનો અનુભવ કરે છે, (**सो सिवपुरि गमणु पावइ**) તે જ મોક્ષ નગરમાં પહોંચી જાય છે. (**जिणधर पउ भणेइ**) શ્રી જિનેન્દ્રદેવે આ કહ્યું છે.

**ભાવાર્થ** : આત્માને આત્મા દ્વારા ગ્રહણ કરી જે નિશ્ચલ થઈને આત્માનો અનુભવ કરે તે જ આત્માનું દર્શન કરતો થકો કર્મની નિર્જરા કરે છે અને મોક્ષનગરમાં શીઘ્ર જ પહોંચી જાય છે. જ્યારે આત્મા પોતાના મૂળ સ્વભાવને લક્ષમાં લઈને ગ્રહે છે, ત્યારે બધાય પરભાવોનો પૂરેપૂરો ત્યાગ થઈ જાય છે. જેમ કોઈ સ્ત્રી બીજાના ઘેર જતી હતી, જ્યારે તે પોતાના જ ઘરમાં બેસી રહી ત્યારે બીજાના ઘેર જવાનું સ્વયં બંધ થઈ ગયું.

જે કાંઈ પ્રપંચ અથવા વિકલ્પ પરદ્રવ્યોના સંબંધથી થાય છે એ બધો પરભાવ છે. કર્મોના ઉદયથી જે ભાવકર્મ રાગાદિ શુભ કે અશુભ હોય છે અને નોકર્મ શરીરાદિ હોય છે તે બધા પરભાવ છે. ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણાઓના ભેદ ત્યારે જ સંભવે છે, જ્યારે આત્માને કર્મસહિત જોવામાં આવે, એકલા કર્મરહિત આત્મામાં આ બધાનું દર્શન થતું નથી. પોતાના આત્મા સિવાય અન્ય આત્માઓ સંસારી અને સિદ્ધ તથા સર્વ પુદ્‌ગલ પરમાણુ કે સ્કંધ, તથા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલાણુ અને આકાશ એ બધા પરભાવ છે. મનની અંદર થતા માનસિક વિકલ્પ પણ પરભાવ છે. આત્મા નિર્વિકલ્પ છે, અભેદ છે. અસંગ છે, નિર્લેપ છે, નિર્વિકલ્પ ભાવમાં જ આત્માનું ગ્રહણ થાય છે.

ભૂત, ભવિષ્ય, વર્તમાન એ ત્રણે કાળસંબંધી સર્વ કર્મોથી અને વિકલ્પોથી આત્માને જુદો દેખવો જોઈએ. જો કે આત્મા અનંત ગુણ અને પર્યાયોનો સમુદાય છે તો પણ ધ્યાનના સમયે તેણે

ગુણગુણી ભેદોનો વિચાર પણ બંધ કરી દેવો જોઇએ, આત્માનો સ્વાદ લેવામાં એકાગ્ર થઇ જવું જોઈએ. બાહ્ય નિમિત્ત એટલા માટે મેળવવામાં આવે છે કે મનની ચંચળતા મટે, મન ક્ષુબ્ધ ન બને, મનમાં ચિંતાઓ ઘર ન કરે. નિર્ગ્રંથ સાધુને જ શુદ્ધોપયોગની સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થાયછે કેમ કે તેમનું મન પરિગ્રહની ચિંતાથી અને આરંભની ઝંઝટથી ભિન્ન છે.બિલકુલ એકાંતસેવન, નીરોગ શરીર, શીતઉષ્ણ કે ડાંસ મચ્છરોની બાધા સહેવી, આ બધા નિમિત્તકારણ ધ્યાનમાં ઉપયોગી છે. અભ્યાસની શરૂઆત કરનારાઓને પરિષહ ન આવે એવી સંભાળ સાથે ધ્યાન કરવાનું હોય છે જ્યારે અભ્યાસ વધી જાય ત્યારે પરિષહ આવવા છતાં નિશ્ચળ રહી શકાય છે, સાધકે પૂર્ણપણે પોતાની અંદર જ રમણતા કરવી જોઇએ. એ જ નિર્વાણનો માર્ગ છે.

સમાધિશતકમાં કહ્યું છે -

**यदग्राह्यं न गृहणाति गृहीतं नापि मुञ्चति ।**
**जानाति सर्वथा सर्वं तत्स्वसंवेद्यमस्म्यहम् ॥२०॥**

**येनात्मनाऽनुभूयेऽहमात्मनैवात्मनात्मनि ।**
**सोऽहं न तन्न सा नासौ नैको न द्वौ न वा बहुः ॥२३॥**

**यदभावे सुषुप्तोऽहं यद्भावे व्युत्थितः पुन ।**
**अतीन्द्रियमनिर्देश्यं तत्स्यसंवेद्यमस्म्यहम् ॥२४॥**

**क्षीयन्तेऽत्रैव रागाद्यास्तत्त्वतो मां प्रपश्यतः ।**
**बोधात्मानं ततः कश्चिन्न मे शत्रुर्न च प्रियः ॥२५॥**

**ભાવાર્થ** : જે નહિ ગ્રહવા યોગ્ય પરભાવ કે પરદ્રવ્ય છે તેમને ગ્રહતો નથી અને જે પોતાના ગુણનો સ્વભાવ છે, જેનું સદા ગ્રહણ કરેલું છે, તેમનો કદી ત્યાગ નથી કરતો પણ જે સર્વ પ્રકારે સર્વને જાણે છે તે જ હું મારાથી મારો અનુભવ કરવા યોગ્ય છું. જે આત્મ સ્વરૂપે હું મારા આત્માને, આત્માની અંદર આત્મા દ્વારા આત્મા રૂપ જ અનુભવું છું; તે જ હું છું. ન હું પુરુષ છું, ન સ્ત્રી છું, ન નપુંસક છું, ન એક છું, ન બે છું, ન બહુ છું.

જે સ્વરૂપને જાણ્યા વિના હું અનાદિથી સૂઇ રહ્યો હતો અને જેને જાણીને હવે હું જાગી ગયો, તે હું અતીન્દ્રિય, નામરહિત, કેવળ સ્વસંવેદન યોગ્ય છું. જ્યારે હું યથાર્થ તત્ત્વદૃષ્ટિથી પોતાને જ્ઞાનસ્વરૂપ જોઉં છું. ત્યારે ત્યાં જ સર્વ રાગાદિ ક્ષય પામી જાય.છે, ત્યારે મારો કોઇ શત્રુ કે મિત્ર નથી હોતો, સમભાવ ફેલાઇ જાય છે.

## વ્યવહારમાં નવ પદાર્થોનું જ્ઞાન આવશ્યક છે.

छहदव्वह जे जिण कहिआ णव पयत्थ जे तत्त ।
ववहारे जिणऊत्तिया ते जाणियहि पयत्त ॥३५॥

ષટ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;
ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫.

**અન્વયાર્થ** : (**जिण जे छह दव्वह णव पयत्थ जे तत्त कहिआ**) જિનેન્દ્ર દેવે જે છ દ્રવ્ય, નવ પદાર્થ અને સાત તત્ત્વ કહ્યા છે (**ववहारे जिण उत्तिया**) તે બધા વ્યવહારનયથી કહ્યા છે. (**पयत्त ते जाणियसि**) તેમને પ્રયત્ન કરીને જાણવા યોગ્ય છે.

**ભાવાર્થ** : નિર્વાણનો ઉપાય નિશ્ચયથી એક આત્માના દર્શન અથવા આત્માના અનુભવને કહ્યો છે. ઉપાય ત્યારે જ કરવામાં આવે જ્યારે એ નિશ્ચય થઇ જાય કે ઉપાય કરવાની શી આવશ્યકતા છે? તેથી સાધકે એ સારી રીતે જાણવું જોઇએ કે તે નિશ્ચયનયથી શુદ્ધ છે તો પણ તે અનાદિથી કર્મ બંધના કારણે અશુદ્ધ થઇ રહ્યો છે.

એ અશુદ્ધતા કેવી રીતે થાય છે અને કેવી રીતે મટી શકે છે એ વાતનું વિસ્તારથી કથન વ્યવહારનયથી જિનેન્દ્રદેવે કર્યું છે. કેમ કે પરનો આશ્રય લઇને આત્માનું કથન વ્યવહારનયથી જ કરવામાં આવે છે. માટે છ દ્રવ્ય, સાત તત્ત્વ અને નવ પદાર્થો સારી રીતે જાણવા જોઇએ. તેથી સાધકે અધ્યાત્મશાસ્ત્રમાં પ્રવેશ કરતા પહેલાં શ્રી તત્ત્વાર્થસૂત્ર અને તેની ટીકાઓ સર્વાર્થસિદ્ધિ રાજવાર્તિક, શ્લોકવાર્તિક, ગોમ્મટસાર આદિ વ્યવહારપ્રધાન ગ્રંથો જાણવા જરૂરી છે. એના શ્રદ્ધાનને જે વ્યવહાર સમ્યકત્વ કહેવામાં આવ્યું છે, જે આત્મપ્રતીતિરૂપ નિશ્ચય સમ્યકત્વ માટે નિમિત્ત કારણ છે.

ગોમ્મટસાર જીવકાંડમાં કહ્યું છે -

छप्पंचणवविहाणं अत्थाणं जिणवरोवइट्ठाणं ।
आणाए अहिगमेण य सद्दहणं होइ सम्मत्तं ॥५६०॥

**ભાવાર્થ** : જિનેન્દ્ર ભગવાન ઉપદેશ અનુસાર છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, નવ પદાર્થોનું શ્રદ્ધાન આજ્ઞામાત્રથી અથવા શાસ્ત્રોના પઠન પાઠનને ન્યાયની યુક્તિથી સમજીને કરવું તે વ્યવહારનયથી સમ્યકત્વ છે.

उवजोगो वण्णचउ लक्खणमिह जीवपोग्गलाणंतु ।
गदिठाणोग्गहवत्तण किरियुवयारो दु धम्मचउ ॥५६४॥

**ભાવાર્થ** : જ્ઞાન દર્શનરૂપ ઉપયોગ લક્ષણનું ધારક જીવ દ્રવ્ય છે. સ્પર્શ, રસ, ગંધ વર્ણ લક્ષણ ધારક પુદ્ગલ દ્રવ્ય છે. જીવ પુદ્ગલના ગમનમાં ઉદાસીન રૂપે સહકારી ધર્મદ્રવ્ય છે. જીવ દ્રવ્યને અને પુદ્ગલ દ્રવ્યને ગતિપૂર્વક સ્થિર થવામાં સહકરી અધર્મદ્રવ્ય છે. સર્વ દ્રવ્યોનેસ્થાન આપનાર આકાશ દ્રવ્ય છે દ્રવ્યોના પરિણમનમાં નિમિત્તકારણ કાળદ્રવ્ય છે. આ રીતે છ દ્રવ્યોથી ભરેલો આ લોક છે. જે સત્ હોય, સદાય રહે તેને દ્રવ્ય કહે છે. જીવદ્રવ્ય ઉપયોગ સહિત છે, જ્ઞાતા દૃષ્ટા છે, એ વાત પ્રગટ છે.

શરીરાદિ પુદ્ગલ રચિત છે તેમની સત્તા પણ પ્રત્યક્ષ પ્રગટ છે, બાકીના ચાર દ્રવ્ય અમૂર્તિક છે, એમની સત્તા અનુમાનથી પ્રગટ છે, જીવ પુદ્ગલ ચાર કાર્ય કરે છે તેમાં ઉપાદાન કારણ તે પોતે છે, નિમિત્ત કારણ બાકીના ચાર દ્રવ્ય છે. ગમનમાં સહકારી લોકાકાશવ્યાપી ધર્મદ્રવ્ય છે. સ્થિર થવામાં સહકારી લોકાકાશવ્યાપી અધર્મ દ્રવ્ય છે. અવકાશ દેનાર આકાશ છે. પરિવર્તન કરાવનાર કાળ દ્રવ્ય છે જે અસંખ્યાત અણુરૂપ છે. એક એક લોકાકાશના પ્રદેશ ઉપર એક એક કાલાણુ છે. જીવ અનંત છે, પુદ્ગલ અનંતાનંત છે,અનંત આકાશની મધ્યમાં લોક છે. લોકમાં સર્વત્ર શેષ પાંચ દ્રવ્ય છે. સૂક્ષ્મ પૃથ્વી. જળ, અગ્નિ, વાયુ, વનસ્પતિ સર્વત્ર છે. બાદર એકેન્દ્રિયાદિ કયાંક કયાંક છે. પરમાણુ અને સ્કંધરૂપ પુદ્ગલ સર્વત્ર છે.

આ છ દ્રવ્યોનું અસ્તિત્વ કદી મટી શકતું નથી. તેમાં સંસારી જીવ કર્મબંધ સહિત અશુદ્ધ છે. તેમને પણ જો શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી જોવામાં આવે તો તે શુદ્ધ જ જણાય છે. આ દૃષ્ટિએ પુદ્ગલ દ્રવ્ય પણ પરમાણુરૂપ શુદ્ધ દેખાય છે. સમતાભાવ લાવવા માટે આ છયે દ્રવ્યોને મૂળ સ્વભાવથી શુદ્ધ અલગ અલગ જોવા જોઈએ તો રાગદ્વેષ રહે નહિ. સમાધિ શતકમાં કહ્યું છે -

**यस्य सस्पन्दमाभाति निःस्पन्देन समं जगत् ।**
**अत्रज्ञमक्रियाभोगं स शमं याति नेतरः ॥६७॥**

**ભાવાર્થ** : આ હાલતું ચાલતું જગત પણ તેની દૃષ્ટિમાં શુદ્ધ નિશ્ચયનયના બળથી ચલન રહિત સ્થિર, વિકલ્પરહિત નિર્વિકલ્પ, ક્રિયા અને ભોગરહિત દેખાય છે તે સમભાવને પ્રાપ્ત કરે છે. મોક્ષના માર્ગે ચાલનારને છ દ્રવ્યોની સત્તાનો દૃઢ નિશ્ચય હોવો જોઈએ, તો જ ભ્રમરહિત જ્ઞાન થાય અને તો જ પરદ્રવ્ય, પરભાવો પ્રત્યે ઉદાસ થઈને સ્વદ્રવ્યમાં પ્રવૃત્તિ થઈ શકે.

સાત તત્ત્વ છે-જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. જીવ તત્ત્વમાં સર્વ અનંત જીવ આવી ગયા.અજીવ તત્ત્વમાં બાકીના પાંચ દ્રવ્ય આવી ગયાં. કાલાણુ એક એક પ્રદેશ ઉપર હોવાથી કાર્યરહિત છે. બાકીના પાંચ દ્રવ્ય બહુ પ્રદેશી છે. પરમાણુમાં મળવાની શકિત છે તેથી કાળ સિવાયના બાકીના પાંચ દ્રવ્યોને અસ્તિકાય કહે છે.

કર્મવર્ગણાઓના આવવાને આસ્રવ અને કાર્મણ શરીરની સાથે બંધાવાને બંધ કહે છે. આ બન્ને આસ્રવ અને બંધ એક સાથે, એક સમયે હોય છે, તેથી બન્નેના કારણ રૂપ ભાવ એક જ છે. મિથ્યાદર્શનના પાંચ પ્રકાર, અવિરતિ હિંસાદિના પાંચ પ્રકાર અથવા પાંચ ઈંદ્રિય, મનને વશ ન રાખવા તથા છકાયની દયા ન પાળવી, એ રીતે બાર પ્રકાર, કષાયના પચીસ પ્રકાર, યોગના પંદર પ્રકાર એ રીતે બધા મળીને સત્તાવન આસ્રવ અને બંધના કારણ ભાવ છે.

સંક્ષેપમાં કહીએ તો યોગ અને કષાયથી આસ્રવ અને બંધ થાય છે. મન, વચન, કાયાની પ્રવૃતિથી જ્યારે આત્માના પ્રદેશ સકંપ થાય છે ત્યારે યોગશકિતથી કર્મવર્ગણાઓ ખેંચાઇને આવે છે અને બંધાઇ જાય છે. જ્ઞાનાવરણાદિ પ્રકૃતિરૂપ બંધન પ્રકૃતિબંધ છે. કેટલી સંખ્યા બંધાઇ તે પ્રદેશબંધ છે. આ બે પ્રકારનાં બંધનો હેતુ યોગ છે. કર્મોમાં સ્થિતિ પડવી તે સ્થિતિબંધ છે. કર્મોમાં ફળદાન શકિત પડવી તે અનુભાગ બંધ છે. આ બન્ને બંધ કષાયથી થાય છે.

કર્મોના આસ્રવને રોકવો તેને સંવર કહે છે તેનો ઉપાય આસ્રવવિરોધી ભાવોની પ્રાપ્તિ છે, સમ્યગ્દર્શન, અહિંસાદિ પાંચ વ્રત, કષાયરહિત વીતરાગભાવ અને યોગોનું સ્થિર થવું તે સંવર ભાવ છે.

પૂર્વે બાંધેલા કર્મોનું એકદેશ ખરવું તે નિર્જરા છે. કર્મોનું ફળ આપીને ખરી જવું તે સવિપાક નિર્જરા છે અને ફળ આપ્યા વિના સમય પહેલાં ખરી જવું તે અવિપાક નિર્જરા છે. તેનો ઉપાય તપ અથવા ધ્યાન છે, સંવર અને નિર્જરા દ્વારા સર્વ કર્મોથી રહિત થઇ જવું તે મોક્ષ છે. આ સાત તત્ત્વોમાં પુણ્ય પાપ મેળવવાથી નવ પદાર્થ થઇ જાય છે. પુણ્ય પાપ આસ્રવ અને બંધ તત્ત્વમાં ગર્ભિત છે. વ્યવહારનયથી આ નવ પદાર્થોમાં જીવ, સંવર, નિર્જરા, મોક્ષ આ ચાર જ ગ્રહણ કરવા યોગ્ય છે, શેષ પાંચ ત્યાગવા યોગ્ય છે. નિશ્ચયનયથી એક પોતાનો શુદ્ધ જીવ જ ગ્રહણ કરવા યોગ્ય છે.

સમયસારમાં કહ્યું છે --

**भूदत्थेणाभिगदा जीवाजीवा य पुण्यंपावं च ।**
**आसवसंवरणिज्जरबन्धो मोक्खो य सम्मत्तं ॥१५॥**

**ભાવાર્થ** : નિશ્ચયનયથી જાણેલ આ નવ પદાર્થ સમ્યકત્વ છે અર્થાત્ આ નવ પદાર્થ જીવ અજીવના સંયોગથી છે. આસ્રવાદિ સાત પદાર્થ જીવ અને કર્મવર્ગણાંના સંયોગથી થાય છે. આમાં એક જીવ કર્મરહિત ગ્રહણ કરવા યોગ્ય છે. આવું શ્રદ્ધાન કરવું તે નિશ્ચયથી સમ્યકત્વ છે.

## સર્વ પદાર્થોમાં ચેતનાર એક જીવ જ છે.

**सव्व अचेयण जाणि जिय एक्क सचेयण सारु।**
**जो जाणेविण पमममुणि लहु पावइ भववारु ॥३६॥**

**શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર.**
**જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬.**

**અન્વયાર્થ** : (**सव्व अचेयण जाणि**) પુદ્ગલાદિ સર્વ પાંચેય દ્રવ્યોને અને તેમનાથી બનેલા પદાર્થોને અચેતન અથવા જડ જાણો (**एक्क जिय सचेयण सारु**) એકલો જીવ જ સચેતન અને સારભૂત પરમ પદાર્થ છે (**परम मुणि जो जाणेविण लहु भवपारु पावई**) પરમ મુનિ આ જીવ તત્ત્વનો અનુભવ કરીને શીઘ્ર જ સંસારથી પાર ઉતરી જાય છે.

**ભાવાર્થ** : છ દ્રવ્યોમાં એક આત્મા જ સચેતન છે જે પોતાને પણ જાણે છે અને સર્વ જાણવા યોગ્ય જ્ઞેય પદાર્થોને પણ જાણે છે. પાંચ પુદ્ગલાદિ દ્રવ્ય ચેતનારહિત જડ છે. નવ પદાર્થોમાં પણ જો શુદ્ધ નિશ્ચયનયથી જોવામાં આવે તો એક આત્મા ભિન્ન જ દેખાય છે. જેમ સાકર અને અનાજ ભેગા કરીને નવ (પ્રકારની) મીઠાઈ બનાવવામાં આવે તો પણ તેમાં સાકરને જોનાર પુરુષ સાકરને જુદી જુએ છે.

જ્ઞાનીને માટે ઉચિત છે કે તે પોતાના આત્માને સર્વ પરદ્રવ્યોથી ભિન્ન દેખે. આઠ કર્મ પણ જડ છે, શરીર પણ જડ છે, કર્મના નિમિત્તે થનારા ઔપાધિક વિકારી ભાવ પણ આત્માનો સ્વભાવ નથી. મતિજ્ઞાનાદિ ખંડ અને ક્રમવર્તી જ્ઞાન પણ કર્મના સંયોગથી થાય છે. એ પણ આત્માનો સ્વભાવ નથી. આત્મ દ્રવ્ય માત્ર દ્રવ્યરૂપ અખંડ સિદ્ધ ભગવાન સમાન શુદ્ધ દેખવું જોઈએ અને એવો જ અનુભવ કરવો જોઈએ. પરમ મુનિ જ શુદ્ધાત્માના ધ્યાનથી શીઘ્ર ભવસાગરથી પાર થઈ જાય છે.

મોક્ષના કારણ કલાપમાં (કારણોમાં) વજ્રવૃષભ નારાચ સંહનનનું હોવું જરૂરી છે. એના વિના ક્ષપક શ્રેણી એ ચઢી, ઘાતીકર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાની થઈ શકે એવું વીર્ય પ્રગટ થતું નથી. પરિગ્રહ ત્યાગી નિર્ગ્રંથ મુનિ જ મોક્ષને યોગ્ય ધ્યાન કરી શકે છે. તેથી ૨૪ પ્રકારના પરિગ્રહોનું હોવું નિષેધ્ય છે. ક્ષેત્ર, ઘર, ધન, ધાન્ય, ચાંદી, સોનું, દાસી, દાસ, કપડાં અને વાસણ આ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહ છે. એ બિલકુલ પર છે. એનો ત્યાગ થઈ શકે છે. પછી બાહ્ય પરિગ્રહની ચિંતા મનને નહિ સતાવે. અંતરંગ પરિગ્રહ ચૌદ પ્રકારના છે. મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ, એની મમતા બુદ્ધિપૂર્વક છોડવામાં આવે છે.

કર્મોદયથી જો કોઇ વિકાર થાય છે તો તેને ગ્રહણ યોગ્ય માનીને જ્ઞાની સાધુ સ્વાગત કરતા નથી, એ જ પરિગ્રહનો ત્યાગ છે. બાળકની જેમ નગ્ન રહીને જે સાધુ અપ્રમત્ત ગુણસ્થાનના સાતિશય ભાવને પ્રાપ્ત થઈને, ક્ષાયિક સમ્યકત્વથી ભૂષિત થઈને ક્ષપક શ્રેણી ચઢીને શુકલધ્યાનને ધ્યાવે છે તે જ તે ભવમાં નિર્વાણની પ્રાપ્તિ કરી લે છે. બાહ્ય ચારિત્ર નિમિત્ત છે, શુધ્ધ અનુભવરૂપ પરમ સામાયિક અથવા યથાખ્યાત ચારિત્ર ઉપાદાન કારણ છે. નિમિત્ત હોતાં ઉપાદાન ઉન્નતિ કરે છે. પરંતુ સાધકની દૃષ્ટિ પોતાના છ ઉપાદાન રૂપ આત્મિક ભાવ ઉપર રહે છે. તાત્પર્ય એ છે કે વ્યવહાર સમ્યકત્વના કારણોમાં પણ એક સારભૂત પોતાના જ શુદ્ધાત્માનું ગ્રહણ કાર્યકારી છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**चिरमिति नवतत्त्वच्छन्नमुन्नीयमानं ।**
**कनकमिव निमग्नं वर्णमालाकलापे ॥**

**अथ सततविविक्तं दृश्यतामेकरूपं ।**
**प्रतिपदमिदमात्मज्योतिरुद्योतमानम् ॥८-१॥**

**ભાવાર્થ** : જેમ સોનાની માળામાં સોનું ભિન્ન ઝળકે છે તેમ જ જીવોને માટે ઉચિત છે કે તે અનાદિકાળથી પદાર્થોની અંદર છૂપાયેલી પોતાની આત્મજ્યોતિને અલગ કરીને સદાય પરથી ભિન્ન અને એકરૂપ પ્રકાશમાન દરેક પદમાં દેખે-શુદ્ધાત્માનું જ પોતાની અંદર દર્શન કરો.

મોક્ષપાહુડમાં કહ્યું છે -

**होऊण दिढचरित्तो दिढसम्मत्तेण भावियमईओ ।**
**झायंतो अप्पाणं परमपयं पावए जोई ॥४९॥**

**चरणं हवइ सधम्मो धम्मो सो हवइ अप्पसमभावो ।**
**सो रागरोषरहिओ जीवस्स अणण्ण परिणामो ॥५०॥**

**ભાવાર્થ** : યોગી ચારિત્રમાં પાકો થઈને દૃઢ નિર્મળ સમ્યગ્દર્શનની ભાવના કરતો જ્યારે પોતાના આત્માનું ધ્યાન કરે છે તો પરમપદ મોક્ષ પામે છે. આત્માનો ધર્મ અથવા સ્વભાવ જ ચારિત્ર છે. આત્માનો ધર્મ આત્માનો સમભાવ છે. તે સમભાવ રાગદ્વેષ રહિત જીવનો પોતાનો જ ભાવ છે. આ ભાવથી જ મોક્ષ થાય છે.

## વ્યવહારનો મોહ ત્યાગવો જરૂરી છે.

जइ णिम्मलु अप्पा मुणहि छंडिवि सहु ववहारु ।
जिण सामिउ एमइ भणइ लहु पावहु भवपारु ॥३७॥

જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;
જિનપ્રભુજી એમ જે ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭.

અન્વયાર્થ : (**जिणसामी एमइ भणई**) જિનેન્દ્ર ભગવાન એમ કહે છે (**जइ सहुववहारु छंडवि णिम्मलु अप्पामुणहि**) જો તું સર્વ વ્યવહાર છોડીને નિર્મળ આત્માનો અનુભવ કરીશ તો (**लहु भवपारु पावहु**) શીઘ્ર ભવથી પાર થઈશ.

**ભાવાર્થ** : અહીં જિનેન્દ્ર ભગવાનની એ જ આજ્ઞા છે અને એ જ ઉપદેશ આપ્યો છે કે નિર્મળ આત્માનો અનુભવ કરો. આ અનુભવ ત્યારે જ થાય જ્યારે સર્વ પરના આશ્રયરૂપ વ્યવહારનો મોહ ત્યાગવામાં આવે. પર પદાર્થનો પરમાણુ માત્ર પણ હિતકારી નથી. વ્યવહાર ધર્મ, વ્યવહાર સમ્યગ્દર્શન જ્ઞાન ચરિત્રનો જેટલો વિષય છે તે બધો છોડવા યોગ્ય છે. સમ્યગ્દષ્ટિ ચાહે ગૃહસ્થ હોય કે સાધુ હોય, કેવળ પોતાના શુદ્ધાત્માને જ પોતાના હિતકારી જાણે છે. શેષ સર્વને ત્યાગવા યોગ્ય પરિગ્રહ જાણે છે.

જો કે તે મન સ્થિર કરવા માટે અને જ્ઞાનની નિર્બળતા માટે સાત તત્ત્વોનો વિચાર કરે છે, જિનવાણીનું પઠન પાઠન, મનન, ઉપદેશ કરે છે, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ એ પાંચ વ્રતોનું એક દેશ કે સર્વદેશ પાલન કરે છે, મંત્રજાપ કરે છે, ઉપવાસ કરે છે, રસત્યાગ કરે છે તો પણ આ સર્વ કાર્યોને વ્યવહાર ધર્મ જાણીને છોડવા યોગ્ય સમજે છે કેમ કે વ્યવહારની સાથે રાગ કરવો તે કર્મબંધનું કારણ છે. કેવળ પોતાની આત્માની વિભૂતિ-જ્ઞાનાનંદ સંપદાને પોતાની માનીને ગ્રહણ કરતો રહે છે. સર્વ ચેતન અચેતન અને મિશ્ર પરિગ્રહને ત્યાગવા યોગ્ય સમજે છે. સિદ્ધોનું ધ્યાન ધરે છે તો પણ સિદ્ધોને પર માનીને તેમનું ધ્યાન પણ છોડવા જેવું છે એમ જાણે છે, કેમ કે ત્યાં પણ શુભ રાગનો અંશ છે. બીજું તો શું ગુણ ગુણી ભેદનો વિચાર પણ પરિગ્રહ છે, વ્યવહાર છે, ત્યાગવા યોગ્ય છે કેમકે આ વિચારમા વિકલ્પ છે, વિકલ્પ છે ત્યાં શુદ્ધ ભાવ નથી. જો કે આ વિચારનું આલંબન બીજા શુકલધ્યાન સુધી છે તો પણ સમ્યગ્દષ્ટિ આ આલંબનને પણ ત્યાગવા યોગ્ય જાણે છે.

સમ્યગ્દષ્ટિના દેવ, ગુરુ,શાસ્ત્ર, ઘર, ઉપવન બધું જ એક પોતાનો જ શુદ્ધાત્મા છે, તે જ આસન છે. તે જ શિલા છે, તે જ પર્વતની ગુફા છે, તે જ સિંહાસન છે, તે જ શય્યા છે. આવો અસંગભાવ અને શુદ્ધ શ્રદ્ધાન જેને હોય છે તે જ સમ્યગ્દષ્ટિ જ્ઞાની છે, તે જ સંસારસાગરને

પાર કરનારી નૌકા ઉપર આરૂઢ થયેલ છે. વ્યવહારના મોહથી કર્મનો ક્ષય નહિ થાય. જે અહંકાર કરે કે હું મુનિ, હું તપસ્વી તે વ્યવહારનો મોહી મોક્ષમાર્ગી નથી, જો કે મુનિનો નગ્ન વેશ અને શ્રાવકને વસ્ત્રસહિતનો વેશ નિમિત્ત કારણ છે તો પણ મોક્ષનો માર્ગ તો એક રત્નત્રય ધર્મ જ છે.

સમયસારમાં કહ્યું છે -

**मोत्तूण णिच्छयट्ठं ववहारे ण विदुसा पवट्टन्ति ।**
**परमट्ठस्सिदाणं दु जदीण कम्मक्खओ होदि ॥१६३॥**

**ભાવાર્થ** : જ્ઞાનીજનો નિશ્ચય પદાર્થોનેછોડીને વ્યવહાર પ્રત્યે મોહ રાખતા નથી. કેમ કે જે સાધુ પરમાર્થનો એટલે પોતાના શુદ્ધાત્માનો આશ્રય કરેછે તેમને જ કર્મોનો ક્ષય થાયછે.

**पाखंडिय लिंगेसु व गिहलिंगेसु व बहुप्पयारेसु ।**
**कुव्वंति जे ममत्तिं तेहिं ण णादं समयसारं ॥४३५॥**

**ભાવાર્થ** : જે કોઇ સાધુના વેશમાં કે વ્યવહાર ચારિત્રમાં અથવા વિવિધ પ્રકારના શ્રાવકના વેશમાં કે વ્યવહાર ચારિત્રમાં મમતાભાવ કરે છે તેમણે સમયસાર જે શુદ્ધાત્મા છે તેને જાણ્યો નથી.

મોક્ષપાહુડમાં કહ્યું છે -

**बाहिरलिंगेण जुदो अब्भंतरलिंगरहिय परियम्मो ।**
**सो सगचरित्तभट्ठो मोक्खपहविणासगो साहू ॥६१॥**

**ભાવાર્થ** : જે બાહ્ય વેશ અને ચારિત્ર સહિત છે, પરંતુ અંતરના આત્માનુભવરૂપ ચારિત્રથી રહિત છે તે સ્વચારિત્રથી ભ્રષ્ટ થતો થકો મોક્ષમાર્ગનો વિનાશક છે.

## જીવ અજીવના ભેદ જાણો

**जीवाजीवहँ भेउ जो जाणइ तिं जाणियउ ।**
**मोक्खहँ कारण एउ भणइ जोइ जोइहिं भणिउ ॥३८॥**

**જીવ-અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;**
**કહે યોગીજન યોગી હે ! મોક્ષ હેતુ એ જાણ. ૩૮.**

**અન્વયાર્થ** : ( **जोई** ) હે યોગી ! ( **जोइहिं भणिउ** ) યોગીઓએ કહ્યું છે **जीवाजीवहँ भेउ जो जाणइ** ) કે જે કોઇ જીવ તથા અજીવનો ભેદ જાણે છે ( **तिं मोक्खहँ हे कारण जाणियउ** ) તેણે જ મોક્ષનો માર્ગ જાણ્યો છે ( **एउ भणई** ) એમ કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ** : બંધ અને મોક્ષનો વ્યવહાર ત્યારે જ સંભવે છે જ્યારે બે ભિન્ન ભિન્ન વસ્તુઓ હોય અને તે બંધાતી તથા છૂટતી હોય. ગાય દોરડાથી બંધાયેલી છે. દોરડું છૂટી જાય એટલે ગાય છૂટી જાય છે. જો એકલી ગાય હોય કે એકલું દોરડું હોય તો ગાયનું બંધાવું અને છૂટવું બની શકતું નથી તેવી જ રીતે જો લોકમાં જીવ જ એકલો હોત, અજીવ ન હોત તો જીવ કદી બંધાત કે છૂટત નહિ.

સંસારદશામાં જીવ અજીવનો બંધ છે તો મોક્ષદશામાં જીવનું અજીવથી છૂટવું બને છે. બે પ્રકારના જુદા જુદા દ્રવ્ય જો લોકમાં ન હોત તો સંસાર અને મોક્ષનું હોવું સંભવત નહિ. આ લોક છ દ્રવ્યોનો સમુદાય છે, તેમાં જીવ સચેતન છે, બાકીના પાંચ અચેતન અથવા અજીવ છે. આમાં ચાર દ્રવ્ય તો બંધરહિત શુદ્ધ દશામાં સદા મળે છે.

ધર્મદ્રવ્ય, અધર્મ દ્રવ્ય, કાળ અને આકાશ એમનું સદા સ્વાભાવિક પરિણમન થાય છે. જીવ અને પુદ્‌ગલમાં જ વિભાવ પરિણમનની શક્તિ છે. જીવ પુદ્‌ગલના બંધમાં જીવમાં વિભાવ થાય છે. જીવના વિભાવના નિમિત્તથી પુદ્‌ગલમાં વિભાવ પરિણમન થાય છે. પુદ્‌ગલ સ્વયં પણ સ્કંધ બનીને વિભાવ પરિણમન કરે છે. દરેક સંસારી જીવ પુદ્‌ગલ સાથે ગાઢ બંધનરૂપ થઈ રહ્યો છે. તૈજસ અને કાર્માણનું સૂક્ષ્મ શરીર અનાદિથી સદાય સાથે રહે છે. એ સિવાય ઔદારિક શરીર, વૈક્રિયિક શરીર, આહારક શરીર તથા ભાષા, મનના પુદ્‌ગલોનો સંયોગ થયા કરે છે.

આ જીવ પુદ્‌ગલની સંગતિમાં એવો એકમેક થઈ રહ્યો છે કે એ પોતાને ભૂલી જ ગયો છે. કર્મોના ઉદયના નિમિત્તે જે રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મ થાય છે તે રૂપ જ પોતાને માન્યા કરે છે. પુદ્‌ગલના મોહમાં ઉન્મત્ત થઈ રહ્યો છે તેથી જ કર્મનો બંધ કરીને બંધન વધારે છે અને કર્મોના ઉદયથી ભિન્ન ભિન્ન પ્રકારે ફળ ભોગવે છે. સુખ તો રંચ માત્ર છે, દુઃખ ઘણું જ છે.

જન્મ, જરા, મરણ, ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનું અપાર કષ્ટ છે, તૃષ્ણાની બળતરાનું અપાર દુઃખ છે. જ્યારે શ્રીગુરુની કૃપાથી કે શાસ્ત્રના પ્રવચનથી આને એવું ભેદવિજ્ઞાન થાય કે હું દ્રવ્ય છું, મારો સ્વભાવ પરમ શુદ્ધ, નિરંજન, નિર્વિકાર, અમૂર્તિક, પૂર્ણ જ્ઞાનદર્શનમય અને આનંદમય છે, મારી સાથે જે પુદ્‌ગલનો સંયોગ છે તે મારું રૂપ નથી, હું નિશ્ચયથી પુદ્‌ગલથી અને પુદ્‌ગલકૃત સર્વ રાગાદિ વિકારોથી ભિન્ન છું, પુદ્‌ગલનો સંબંધ દૂર કરવા યોગ્ય છે, મોક્ષ પ્રાપ્ત કરવા યોગ્ય છે, આ રીતે જ્યારે ભેદવિજ્ઞાન થાય અને પુદ્‌ગલ પ્રત્યે દૃઢ નિશ્ચય થાય કે કર્મોના આસ્રવ, બંધ દુઃખનાં મૂળ છે. એનો ત્યાગ કરવો જોઈએ અને મોક્ષના કારણ સંવર,

નિર્જરા છે એનો ઉપાય કરવો જોઈએ. એવી પ્રતીતિ થયા પછી જ મોક્ષનો ઉપાય થઈ શકે. જે એમ ચોક્કસપણે જાણે કે હું રોગી છું, રોગનું કારણ આ છે તે જ રોગના કારણોથી બચશે અને વર્તમાન રોગને ટાળવા માટે ઔષધનું સેવન કરશે. તેથી મૂળ સૂત્રમાં કહ્યું છે કે જીવ અને અજીવના ભેદનું જ્ઞાન મોક્ષનું કારણ છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે.

**तापत्रयोपतप्तेभ्यो भव्येभ्यः शिवशर्मणे ।**
**तत्त्वं हेयमुपादेयमिति द्वेधाभ्यधादसौ ॥३॥**

**बंधो निबंधनं चास्य हेयुमित्युपदर्शितं ।**
**हेयं स्याद्दुःखसुखयोर्यस्माद्बीजमिदंद्वयं ॥४॥**

**मोक्षस्तकारणं चैतदुपादेयमुदाहृतं ।**
**उपादेयं सुखं यस्मादस्मादाविर्भेष्यति ॥५॥**

**ભાવાર્થ** : જન્મ, જરા, મરણ એ ત્રણ પ્રકારના સંતાપથી દુઃખી થયેલા ભવ્ય જીવોને પરમાનંદમય મોક્ષ સુખની પ્રાપ્તિ થાય તેથી સર્વજ્ઞ દેવે હેય અને ઉપાદેય બે પ્રકારે તત્ત્વ કહ્યું છે. બંધ અને તેના કારણ મિથ્યાત્વાદિ આસ્રવભાવ ત્યાગવા યોગ્ય છે કેમ કે એ જ છોડવા યોગ્ય સાંસરિક દુઃખસુખના બીજ છે. મોક્ષ અને તેનાં કારણ સંવર તથા નિર્જરાભાવ ગ્રહણ કરવા યોગ્ય છે કેમ કે એના દ્વારા સાચું સુખ જે ગ્રહવા યોગ્ય છે તે પ્રગટ થાય છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**जीवादजीवमिति लक्षणतो विभिन्नं,**
**ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तं ।**

**अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं,**
**मोहस्तु तत्कथमहो बत नानटीति ॥११-२॥**

**ભાવાર્થ** : જીવ અને અજીવ લક્ષણથી જ ભિન્ન છે તેથી જ્ઞાનીજન પોતાને સર્વ રાગાદિ અને શરીરાદિથી જ ભિન્ન જ્ઞાનમય પ્રકાશમાન એકરૂપ અનુભવે છે. આશ્ચર્ય અને ખેદ છે કે અજ્ઞાની જીવમાં અનાદિકાળથી આ મોહભાવ કેમ નાચી રહ્યો છે કે જેથી એ અજીવને પોતાનું તત્ત્વ માની રહ્યો છે. બે દ્રવ્યોને જુદા જુદા દેખતો નથી તેથી જ સંસાર છે.

## આત્મા કેવળજ્ઞાન સ્વભાવનો ધારક છે

केवल-णाण-सहाउ सो अप्पा मुणि जीव तुहुँ ।
जइ चाहहिं सिव-लाहु भणइ जोइ जोइहिं भणिऊँ ॥३९॥

યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;
કેવળજ્ઞાનીસ્વભાવી આ, આત્મતત્ત્વને જાણ. ૩૯.

**અન્વયાર્થ** : ( **जोइ** ) હે યોગી ! ( **जोइहिं भणिउँ** ) યોગીઓએ કહ્યું છે. ( **तुहुँ केवल-णाण सहाउ सो अप्पा जीव मुणि** ) કે તું કેવળજ્ઞાન સ્વભાવી જે આત્મા છે તેને જ જીવ જાણ. ( **जइ सिव लाहु चाहहिं** ) જો તું મોક્ષનો લાભ ચાહતો હો તો. ( **भणइ** ) આમ કહેવામાં આવ્યું છે.

**ભાવાર્થ** : દરેક આત્માને જ્યારે નિશ્ચયનયથી જોવામાં આવે ત્યારે જોનારની સામે એકલો એક આત્મા સર્વ પરના સંયોગ રહિત ખડો થઈ જશે. તે વખતે ત્યાં ન તો આઠ કર્મ દેખાશે ન શરીરાદિ નોકર્મ દેખાશે કે ન રાગદ્વેષાદિ ભાવકર્મ દેખાશે. સિદ્ધ પરમાત્મા સમાન દરેક આત્મા દેખાશે. આ વાસ્તવમાં અનુભવથી પર છે. તો પણ સમજવા માટે કેટલાક વિશેષ ગુણદ્વારા અચેતન દ્રવ્યોથી તેને જુદો પાડીને બતાવવામાં આવ્યો છે. છ વિશેષ ગુણો તરફ ધ્યાન આપવા યોગ્ય છે.

(૧) જ્ઞાન-જે ગુણદ્વારા એ આત્મા દીપકની પેઠે પોતાને અને સર્વ જાણવા યોગ્ય દ્રવ્યોની ગુણપર્યાયોને એકી સાથે ક્રમરહિત જાણે છે, તેને જ કેવળજ્ઞાન સ્વભાવ કહે છે. ઈંદ્રિયો અને મનની સહાય વિનાનું સકળ પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. આ જ્ઞાન આવરણરહિત સૂર્યની પેઠે પ્રકાશે છે. તેના દ્વારા અન્ય ગુણોનો પ્રતિભાસ થાય છે. એને જ સર્વજ્ઞપણું કહે છે. દરેક આત્મા સ્વભાવે સર્વજ્ઞ છે.

(૨) દર્શન જે ગુણદ્વારા સર્વ પદાર્થોના સામાન્ય સ્વભાવને એકી સાથે દેખી શકાય તે કેવળદર્શન સ્વભાવ છે. વસ્તુ સામાન્ય વિશેષરૂપ છે. સામાન્ય અંશનું ગ્રહણ કરનાર દર્શન છે, વિશેષનું ગ્રહણ કરનાર જ્ઞાન છે.

(૩) સુખ-જે ગુણ દ્વારા પરમ નિરાકુળ, અદ્વિતીય, આનંદામૃતનો નિરંતર સ્વાદ લેવામાં આવે છે. દરેક આત્મા અનંત સુખનો સાગર છે. ત્યાં કોઈ સાંસારિક, નાશવંત, પર દ્વારા થતું સુખ અને જ્ઞાન નથી. જેમ મીઠાનો ગાંગડો ખારા રસથી અને સાકરની કણી મધુરસથી પૂર્ણ છે તેવી જ રીતે દરેક આત્મા પરમાનંદથી પૂર્ણ છે.

(૪) વીર્ય-જે શક્તિથી પોતાના ગુણોનો અનંત કાળ સુધી ભોગ કે ઉપભોગ કરતાં ખેદ અને થાક ન લાગે, નિરંતર સહજ શાંતરસમાં પરિણમન થાય અને પોતાની અંદર કોઈ બાધકનો પ્રવેશ ન થાય તે વીર્ય ગુણ છે. દરેક આત્મા અનંત વીર્યનો સ્વામી છે. પુદ્ગલમાં પણ વીર્ય છે. તે અશુદ્ધ આત્માનો ઘાત કરે છે તો પણ આત્માનું વીર્ય તેનાથી અનંતગણું છે કેમ કે કર્મોનો ક્ષય કરીને પરમાત્મા પદ આત્મવીર્યથી જ થાય છે.

(૫) ચેતનત્વ-ચેતનપણું, અનુભવપણું, "**चैतन्यं अनुभवन**" (આલાપ પદ્ધતિ) પોતાના જ્ઞાનસ્વભાવનો નિરંતર અનુભવ કરવો, કર્મનો અને કર્મફળનો અનુભવ ન કરવો તે ચેતનત્વ છે. સંસારી આત્મા રાગીદ્વેષી હોય છે તેથી રાગદ્વેષ પૂર્વક શુભ અને અશુભ કામ કરવામાં તન્મય રહે છે અથવા કર્મના ફળને ભોગવતા થકા સુખ દુઃખમાં તન્મય થઈ જાય છે. કર્મરહિત શુદ્ધ આત્મામાં માત્ર એક જ્ઞાનચેતના છે, જ્ઞાનાનંદનો જ અનુભવ છે.

(૬) અમૂર્તત્વ-આ આત્મા જો કે અસંખ્યાત પ્રદેશી એક અખંડ દ્રવ્ય છે તો પણ એ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ રહિત અમૂર્તિક છે. ઈંદ્રિયો દ્વારા દેખી શકતો નથી. આકાશની જેમ નિર્મળ આકારવાળો જ્ઞાનાકાર છે. આ છ વિશેષ ગુણોથી આ આત્મા પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલાણુ અને આકાશ આ પાંચ અચેતન દ્રવ્યોથી ભિન્ન ઝળકે છે. દરેક આત્મા સ્વભાવે પરમ વીતરાગ, શાંત, નિર્વિકાર છે, પોતાની જ પરિણતિનો કર્તા અને ભોક્તા છે, પરનો કર્તા-ભોક્તા નથી. દરેક આત્મા પરમ શુદ્ધ પરમાત્મા, પરમ સમદર્શી છે.

આ રીતે જે પોતાના આત્માને અને પરના આત્માઓને દેખે છે ત્યાં પૂર્ણ સ્વાભાવિક સમભાવ પ્રગટે છે. આ સમભાવ જ ચારિત્ર છે, ધ્યાન છે, ભાવસંવર છે, ભાવનિર્જરા છે. એ જ કર્મનો ક્ષય કરનાર ભાવ છે, એ જ નિર્જરાનો ઉપાય છે. યોગીઓએ, પરમ ઋષિઓએ અને અરિહંતોએ સ્વયં અનુભવીને આ જ બતાવ્યું છે. મુમુક્ષુએ સદાય પોતાના આત્માનું આવું શુદ્ધ જ્ઞાન રાખવું જોઈએ.

સમયસાર કળશમાં કહ્યું છે -

**अनाद्यनन्तमचलं स्वसंवेद्यमवाधितम् ।**
**जीवः स्वयं तु चैतन्यमुच्चैश्चकचकायते** ॥९-२॥

**ભાવાર્થ** : આ જીવ અનાદિથી અનંતકાળ સુધી રહેવાનો છે, ચંચળતારહિત છે, સ્વયં ચેતનામય છે, સ્વાનુભવ ગોચર છે, સદાય ચમકતો છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે.

स्वरूपं सर्व जीवानां स्वपरस्य प्रकाशनं ।
भानुमंडलवत्तेषां परस्माद प्रकाशनं ॥२३५॥

न मुह्यति संशेते न स्वार्थानध्यवस्यति ।
न रज्यते न च द्वेष्टि किंतु स्वस्थः प्रतिक्षणं ॥२३०॥

**ભાવાર્થ** : સર્વ જીવોનો સ્વભાવ આત્માનો અને પરપદાર્થોનો સૂર્યમંડળની જેમ બીજાની સહાય વિના પ્રકાશ કરે એવો છે. દરેક આત્મા સ્વભાવે સંશયવાળો નથી, અનધ્યવસાય કે જ્ઞાનનો આળસભાવ રાખતો નથી, મોહ કે વિપરીત ભાવ રાખતો નથી, તે સંશય, વિમોહ, અધ્યવસાય રહિત છે, તે ન રાગ કરે છે, ન દ્વેષ કરે છે પરંતુ પ્રતિ સમય પોતાની અંદર જ મગ્ન છે..

## જ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ દેખાય છે.

**को सुसमाहि करउ को अंचउ, छोपु-अछोपु करिविको वंचउ ।**
**हल सहि कलहु केण समाणउ, जहिं कहिं जोवउ तहिं अप्पाणउ ॥४०॥**

**કોણ કોની સમતા કરે, સેવે, પૂજે કોણ;**
**કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ ?**
**કોણ કોની મૈત્રી કરે, કોની સાથે કલેશ;**
**જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦.**

**અન્વાયાર્થ** : (**को सुसमाहिं करउ**) કોણ સમાધિ કરે (**को अंचउ**) કોણ અર્ચા કે પૂજન કરે (**छोपु अछोपु करिवि**) કોણ સ્પર્શ અસ્પર્શ કરીને (**को वंचउ**) કોણ વંચના કે માયાચાર કરે ? (**केण सहि हल कलहु समाणहु**) કોણ કોની સાથે મૈત્રી અને કલહ કરે ! (**जहिं कहिं जोवउ तहिं अप्पाणउ**) જ્યાં ક્યાંય જોશો ત્યાં આત્મા દષ્ટિગોચર થાય છે.

**ભાવાર્થ** : આ પદમાં બતાવ્યું છે કે નિશ્ચયનયથી જ્ઞાની જ્યારે જુએ છે ત્યારે તેને પોતાનો આત્મા પરમ શુદ્ધ દેખાય છે, તેવી જ રીતે વિશ્વભરમાં ભરેલા સૂક્ષ્મ અને બાદર શરીરધારી આત્માઓ પણ પરમ શુદ્ધ દેખાય છે. આ દષ્ટિમાં નર, નારક, દેવ અને પશુના વિવિધ પ્રકારના ભેદ દેખાતા નથી, એક આત્મા જ આત્મા દેખાય છે. આવો તે જ્ઞાનીના ભાવોમાં સમભાવ પ્રગટ થઈ ગયો છે. એક અદ્વૈત આત્માનો જ અનુભવ આવી રહ્યો છે. અનુભવના સમયે તો પોતાનામાં જ લીન થાય છે.

અનુભવની માતા ભાવના છે. ભાવનાના સમયે તેને શુદ્ધ દૃષ્ટિથી શુદ્ધાત્મા જ દેખાય છે. એનો અર્થ એવો ન લેવો કે પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનો અભાવ થઈ જાય છે. જગત છ દ્રવ્યોનો સમૂહ છે. તે દ્રવ્યો સત્ પદાર્થ છે, તેમનો કદી લોપ થઈ શકતો નથી. તો પણ આત્માને દેખનારનું લક્ષબિંદુ એક આત્મા જ આત્મા છે. તેથી તેને આત્મા જ આત્મા દેખાય છે. જેમ કોઈ ખેતરમાં જાય અને દૃષ્ટિ તેની ચણાના દાણા તરફ હોય તો તે ચણાના ખેતરમાં ચણા જ દેખે છે. તે છોડ, પાદડાં, મૂળને દેખતો નથી અને કહે છે કે આ ખેતરમાંથી પાંચ મણ ચણા નીકળશે.

ઘણા સોનાના ઘરેણા મણિજડેલા હોય છે. તેને જ્યારે ઝવેરી પાસે વેચવા લઈ જાવ છો ત્યારે તે કેવળ મણિને જ દેખે છે, સોનાને ધ્યાનમાં લેતો નથી, મણિની જ કિંમત કરે છે, તે જ ઘરેણાને શરાફ પાસે લઈ જાવ તો તે માત્ર સોનું જ જોઈને સોનાની કિંમત મૂકે છે. એવી જ રીતે આત્મજ્ઞાનીને દરેક જગ્યાએ આત્મા જ આત્મા દેખાય છે. એ જ ભાવ સામાયિક ચારિત્ર છે, એ જ શ્રાવકનું સામયિક શિક્ષાવ્રત છે.

જ્યારે તમે પરમ શાંત સમભાવી થઈ ગયા ત્યારે સાક્ષાત્ કર્મના ક્ષયનો ઉપાય બની ગયો. પછી ત્યાં બીજી કલ્પનાઓનું સ્થાન ન રહ્યું, ન એ ચિંતા રહી કે સમાધિભાવ પ્રાપ્ત કરવો છે, ન એ ચિંતા રહી કે પૂજાપાઠ કરવા છે, ન એ વિચાર રહ્યો કે શુદ્ધ ભોજન કરવું છે. અશુદ્ધ ભોજન કરવું નથી. અમુકને અડવું છે અમુકને અડવું નથી. રાગ દ્વેષરૂપ ભાવ વ્યવહારથી કરવો પડે છે એ વ્યવહારનિશ્ચયની અપેક્ષાએ અસત્ય છે, માયારૂપ છે, મિથ્યાભિમાન છે.

જ્યાં સર્વ જીવોને સમાન જોઈ લીધા ત્યાં કોની સાથે મૈત્રી કરવી અને કોની સાથે કજિયો કરવો. રાગદ્વેષ તો ભિન્ન ભિન્ન ભેદરૂપ દૃષ્ટિમાં જ હોઈ શકે છે. સર્વને શુદ્ધ એકાકાર જોયા ત્યાં શત્રુ અને મિત્રની કલ્પના જ ન રહી. સર્વ વ્યવહાર ધર્મકર્મથી દૂર થઈ ગયો. વ્યવહાર નિમિત્ત સાધન દ્વારા જે ભાવ પ્રાપ્ત કરવાનો હતો તે પ્રાપ્ત કરી લીધો. સમભાવ જ ચારિત્ર છે. સમભાવ જ ધર્મ છે. સમભાવ જ પરમ તત્ત્વ છે તે મળી ગયું. તે ભવ્ય જીવ કૃતાર્થ થઈ ગયો, બંધની પરિપાટીથી છૂટી ગયો, નિર્જરાના માર્ગે આરૂઢ થઈ ગયો.

સર્વાર્થસિધ્ધિમાં કહ્યું છે -

**एकत्वेन प्रथमं गमनं समयः, समय एव सामयिकं,**
**समय प्रवर्तानमस्येति वापिगृह्य सामायिकं,** ॥अ. ७ सू. २१॥

**ભાવાર્થ** : આત્માની સાથે એકમેક થઈ જવું, આત્મામય થઈ જવું તે સામાયિક છે. સારસમુચ્ચયમાં કહ્યું છે -

**समता सर्वभूतेषु यः करोति सुमानसः ।**
**ममत्वभावनिर्मुक्तो यात्यसौ पदमव्ययम् ॥२१३॥**

**ભાવાર્થ** : જે સુબુદ્ધિ સર્વ પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ રાખે છે અને મમતાથી છૂટી જાય છે તે જ અવિનાશી પદને પામે છે.

સમાધિશતકમાં કહ્યું છે -

**दृश्यमानमिदं मूढस्त्रिलिंगमवबुध्यते ।**
**इदमित्यबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम ॥४४॥**

**ભાવાર્થ** : મૂર્ખ અજ્ઞાની આ દેખાતા જગતને સ્ત્રી, પુરુષ અને નપુંસક રૂપ ત્રણ લિંગમય દેખે છે. જ્ઞાની આ જગતને શબ્દરહિત પરમ શાંત દેખે છે.

## આત્માને ન જાણનાર કુતીર્થોમાં ભટકે છે.

**ताम कुतिथ्थिइ परिभमइ धुत्तिम ताम करेइ ।**
**गुरुहु पसाए जाम णवि अप्पा देउ मुणेइ ॥४१॥**

**સદગુરૂ વચન પ્રસાદથી, જાણે ન આતમદેવ;**
**ભમે કુતીર્થે ત્યાં સુધી; કરે કપટના ખેલ. ૪૧**

**અન્વયાર્થ** : (**गुरुहु पसाएं जाम अप्पादेउ णवि मुणेइ**) ગુરુ મહારાજની કૃપાથી જ્યાં સુધી એક પોતાના આત્મારૂપી દેવને ઓળખતો નથી (**ताम कुतित्थिइ परिभमइ**) ત્યાં સુધી મિથ્યા તીર્થોમાં ભટકે છે (**नाम धुत्तिम करेइ**) અને ત્યાં સુધી જ ધૂર્તપણું કરે છે.

**ભાવાર્થ** : જ્યાં સુધી આ જીવ અજ્ઞાની છે, મિથ્યાદષ્ટિ છે, સંસારમાં આસક્ત છે ત્યાં સુધી તેને ઈંદ્રિયોના ઈષ્ટ વિષયોની પ્રાપ્તિની કામના રહે છે. અને તેના બાધક કારણો મટાડવાની લાલસા રહે છે. મિથ્યા માર્ગના ઉપદેશકો દ્વારા જે કોઈની ભક્તિપૂજાથી અને જ્યાં ક્યાંય જવાથી વિષયોની પ્રાપ્તિમાં મદદ થવાનું જાણે છે તેની ભક્તિપૂજા કરે છે અને તે સ્થાનોમાં જાય છે. મિથ્યા દેવોની, મિથ્યા ગુરુઓની, મિથ્યા ધર્મોની અને મિથ્યા તીર્થોની ખૂબ ભક્તિ કરે છે. નદી કે સાગરમાં સ્નાન કરવાથી પાપનો નાશ થાય અને ઈષ્ટની પ્રાપ્તિ થાય એમ માની લે છે. ખેલ તમાશામાં વિષયને પોષતાં ધર્મ માની લે છે. તીવ્ર પ્રકારની મૂઢતામાં ફસાઈ રહે છે.

શ્રી રત્નકરંડક શ્રાવકાચારમાં કહ્યું છે -

**आपगासागर स्नानमुच्चयः सिकताश्मनाम् ।**
**गिरिपातोऽग्निपातश्च लोकमूढं निगद्यते ॥२२॥**

**ભાવાર્થ** : નદી અને સાગરમાં સ્નાન કરવાથી, રેતી અને પથ્થરના ઢગલા કરવાથી, પર્વત ઉપરથી પડવાથી, અગ્નિમાં બળીને મરવાથી ભલું થશે એમ માનવું તે લોકમૂઢતા છે.

**वरोपलिप्सयाशावान् रागद्वेषमलीमसाः ।**
**देवता यदुपासीत देवतामूढमुच्यते ॥२३॥**

**ભાવાર્થ** : લૌકિક ફળની ઈચ્છાથી આશાવાન થઈને જે રાગદ્વેષથી મલિન દેવોને પૂજવા તે દેવમૂઢતા છે.

**सग्रन्थारम्भ हिंसाननां संसारावर्तवर्तिनाम्**
**पाखण्डिनां पुरस्कारो ज्ञेयं पाखण्डिमोहनम् ॥२४॥**

**ભાવાર્થ** : પરિગ્રહધારક, આરંભ અને હિંસા કરનાર, સંસારરૂપી ચક્રમાં ભ્રમણ કરનાર અને ભ્રમણ કરાવનાર સાધુઓનો આદરસત્કાર કરવો તે પાખંડમૂઢતા છે.

લૌકિક જનો આ ત્રણ પ્રકારની મૂઢતાઓથી ઠગાઈને સંસારમાં આસક્ત રહ્યા કરે છે. એમને માટે તન, મન, ધન અર્પણ કરીને ખૂબ ભકિત કરે છે. ધન, સ્ત્રી, નીરોગતા; આદિ મેળવવાના લોભથી દેવ દેવીના નામે પશુઓના બલિદાન પણ આપે છે. જ્યાં સુધી આ અજ્ઞાની જીવને સમ્યગ્દર્શનનો પ્રકાશ મળતો નથી ત્યાં સુધી તે ધૂર્તતા અને ખોટા, પાપનો બંધ કરાવનારાં નદી, સાગર આદિ તીર્થોમાં ભ્રમણ કર્યા કરે છે.

પોતાના જ આત્માને પરમાત્મા-દેવ માનવો, પરમાનંદના પ્રેમી થવું, સંસારના વિષયોથી વિરકત થવું, ઈંદ્ર, ચક્રવર્તી આદિ લૌકિક પદોને અપદ સમજીને એના પ્રત્યે ઉદાસ થવું, આત્માનુભવને જ નિશ્ચય ધર્મ માનવો તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દષ્ટિ મુખ્યપણે પોતાના આત્મદેવની આરાધના કરે છે. જ્યારે રાગના ઉદયથી આત્મશકિત જાગ્રત થતી નથી ત્યારે વીતરાગતાના જ ઉદ્દેશથી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ પાંચ પરમેષ્ઠીની ભકિત કરે છે, શાસ્ત્રોનું મનન કરે છે, વૈરાગ્યદાયક અને આત્મજ્ઞાન જાગ્રત કરનાર ઉત્તમ તીર્થોની યાત્રા કરે છે.

સંસારથી પાર ઉતારનાર માર્ગને તીર્થ અને તે માર્ગ બતાવનારને તીર્થંકર કહે છે. આ તીર્થંકર અથવા તેમના જ જેવા અન્ય મોક્ષગામી મહાત્મા જ્યાં જન્મે છે. તપ કરે છે,કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે અને નિર્વાણ પામે છે તે સર્વ પવિત્ર સ્થાનો આત્મધર્મ રૂપી તીર્થનું સ્મરણ કરાવવાના નિમિત્ત હોવાથી તીર્થ કહેવાય છે. જેમ કે અયોધ્યા, હસ્તિનાપુર, બનારસ , સમ્મેદ શિખર, ગિરનાર, રાજગૃહી, પાવાપુર ઇત્યાદિ. જ્યાં વિશેષ ધ્યાનાકાર પ્રાચીન પ્રતિમા હોય છે તે પણ વૈરાગ્યના નિમિત્ત હોવાથી તીર્થ મનાય છે. જેમ કે શ્રવણ બેલગોલાના શ્રી ગોમ્મટસ્વામી, ચાંદખેડીના મહાવીરજી, સજોતના શ્રી શીતલનાથજી વગેરે.

આત્મજ્ઞાની આવા તીર્થોનું નિમિત્ત મેળવીને આત્માનુભવની શકિત વધારે છે. નિશ્ચય તીર્થ પોતાનો આત્મા જ છે, વ્યવહાર તીર્થ પવિત્ર ક્ષેત્ર છે.

## પોતાનું શરીર જ નિશ્ચયથી તીર્થ અને મંદિર છે.

तित्थहिं देवलि देउ णवि इम सुइकेवलि वुत्तु ।
देहादेवलि देउ जिणु एहउ जाणि णिरुत्तु ॥४२॥

તીર્થ-મંદિરે દેવ નહિ-એ શ્રુતકેવળી વાણ;
તન-મંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨.

**અન્વયાર્થ** : (**सुइकेवलि इम वुत्तु**) શ્રુત કેવળીએ એમ કહ્યું છે કે (**तित्थहिं देवलि देउ णवि**) તીર્થક્ષેત્રોમાં અને દેવમંદિરમાં પરમાત્મા દેવ નથી (**णिरुत्तु एहउ जाणि**) નિશ્ચયથી આમ જાણ કે (**देहादेवलि जिणु देउ**) શરીર રૂપી દેવાલયમાં જિનદેવ છે.

**ભાવાર્થ** : નિશ્ચયથી અથવા વાસ્તવમાં જો કોઇ પરમાત્મા શ્રી જિનેન્દ્રદેવનું દર્શન કે સાક્ષાત્કાર કરવા ઇચ્છે તો તેણે પોતાના શરીરમાં જ પોતાના જ આત્માને શુદ્ધ જ્ઞાન દષ્ટિથી શુદ્ધ સ્વભાવી સર્વ ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત જોવો પડશે. કોઇ પણ આ જગતમાં પરમાત્માને પોતાના ચર્મચક્ષુથી કયાંય પણ દેખી શકતું નથી. ન મંદિરમાં, ન તીર્થક્ષેત્રમાં, ન ગુફામાં, ન પર્વત પર, ન નદીના તટ પર, ન કોઇ ગુરુ પાસે કે ન કોઇ શાસ્ત્રના વચનોમાં. અત્યાર સુધીમાં જેણે પરમાત્માને જોયા છે તેણે પોતાની અંદર જ જોયા છે. વર્તમાનમાં પરમાત્માનું દર્શન કરનાર પણ પોતાના શરીરની અંદર જ દેખે છે, ભવિષ્યમાં પણ જે કોઇ પરમાત્માને જોશે તે પોતાના શરીરરૂપી મંદિરમાં જ જોશે.

જો આવો નિશ્ચય સિદ્ધાંત હોય તો પછી મંદિરમાં જઈને પ્રતિમાજીના દર્શન શા માટે કરોછો અને તીર્થક્ષેત્રોમાં જઈને પવિત્ર સ્થાન ઉપર શા માટે જાઓછો અને તીર્થક્ષેત્રોમાં જઈને પવિત્ર સ્થાન ઉપર શા માટે મસ્તક નમાવોછો ? એનું સમાધાન આછે કે એ બધા નિમિત્ત કારણછે. તેમની ભકિત કરીને પોતાની જ અંદર આત્મદેવનું સ્મરણ કરવામાં આવેછે. જે ઊંચી સ્થિતિએ પહોંચી ગયા હોય, જેમને હર સમય આત્માનો સાક્ષાત્કાર થતો હોય તેઓ તો સાતમા ગુંણસ્થાનથી આગળ વધીને આઠમા, નવમાં, દશમાં આદિ ગુણસ્થાનોમાં અંતર્મુહૂર્તમાં ચડીને કેવળજ્ઞાની થઈ જાયછે, જે નીચેની સવિકલ્પ અવસ્થામાં છે, જેમનામાં પ્રમાદજનક કષાયનો તીવ્ર ઉદય સંભવિત છે એવા દેશસંયમ ગુણસ્થાન સુધી શ્રાવકો તથા પ્રમત્તવિરત ગુણસ્થાન ધારક સાધુ આ બધાનું મન ચંચળ થઈ જાય છે, ત્યારે તેમને બહારનું નિમિત્ત મળતાં ફરી સ્વરૂપની ભાવનાઓ દઢ થઈ જાય છે. એમને શ્રી જિનમંદિરમાં પ્રતિમાજીના દર્શન અને તીર્થક્ષેત્રોની વંદના આત્માનુભવ અથવા આત્મિક ભાવના માટે નિમિત્ત થઈ જાય છે.

અહીં એમ બતાવ્યું છે કે કોઇ મૂઢ એમ સમજી લે કે પ્રતિમામાં જ પરમાત્મા છે અથવા તીર્થક્ષેત્રમાં પરમાત્મા બિરાજમાન છે તેમને માટે અહીં સ્પષ્ટતા કરી છે કે પ્રતિમામાં પરમાત્માની સ્થાપના છે અથવા ક્ષેત્રોમાં નિર્વાણાદિ પદોની સ્થાપના છે. સ્થાપના સાક્ષાત્ પદાર્થને બતાવતી નથી પરંતુ તેનું સ્મરણ કરાવે છે અને જેની તે મૂર્તિ છે, તેમના ગુણોનો ભાવ ચિત્રની પેઠે પ્રગટ કરે છે. કોઇ બુદ્ધિમાન એમ નથી માનતો કે ઋષભદેવની પ્રતિમામાં ઋષભદેવ અથવા મહાવીરની પ્રતિમામાં મહાવીર છે. તે એમ જ માને છે કે તે પ્રતિમાઓ ઋષભદેવ અથવા મહાવીરના ધ્યાનમય સ્વરૂપને પ્રગટ કરે છે, તેમના વૈરાગ્યની મૂર્તિ છે.

આ મૂર્તિઓ દ્વારા તેમનું જ સ્મરણ થાય છે અને મૂર્તિના વંદન-પૂજન કરવાથી જેમની તે મૂર્તિ છે તેમના જ વંદન-પૂજન થયા એમ સમજવામાં આવે છે, કેમ કે ભકિતનું લક્ષ તેમની ઉપર રહે છે, તે મૂર્તિ છે. લૌકિકમાં પણ મહાન પુરુષોની તસવીરનો આદર તેમનો જ આદર અને તે તસવીરોનો અનાદર તેમનું જ અપમાન ગણવામાં આવે છે કે જેમની તે તસવીર હોય. દર્શન કરનારના પરિણામ પણ મૂર્તિના નિમિત્તે બદલાઇ જાય છે. વીતરાગ, તપદર્શક મૂર્તિ વૈરાગ્ય અને રાગવર્ધક મૂર્તિ રાગભાવને ઉત્પન્ન કરે છે. છઠા ગુણસ્થાન સુધીના ભવ્ય જીવો પ્રતિમાઓની અને તીર્થક્ષેત્રની ભકિત કરે છે. તેમની ભકિતના બહાને તેઓ પોતાના જ આત્માની ભકિતમાં પહોંચી જાય છે.

જે સમ્યગ્દષ્ટિ છે-આત્મજ્ઞાની છે, જે પોતાના શરીરમાં પોતાના જ આત્માને પરમાત્મારૂપ દેખી શકે છે, તેમના માટે મંદિર, પ્રતિમા, તીર્થક્ષેત્ર આત્મારાધનમાં પ્રેરક બની જાય છે. જેમ જ્ઞાનની વૃદ્ધિમાં શાસ્ત્રનાં વચનો પ્રેરક બને છે. તેમ આ બધા નિમિત્તો બુદ્ધિપૂર્વક પ્રેરક નથી પરંતુ ઉદાસીન પ્રેરક છે.

તત્ત્વાર્થસારમાં સ્થાપનાનું સ્વરૂપ આપ્યું છે -

**सोऽयमित्यक्षकाष्ठादेः सम्बन्धेनान्यवस्तुनि ।**
**यद्व्यवस्थापनामात्रं स्थापना साभिधीयते ॥११-१॥**

**ભાવાર્થ** : લાકડાના ટુકડામાં અથવા અન્ય વસ્તુમાં કોઈને માની લેવા કે આ અમુક છે તે સ્થાપના નિક્ષેપ છે. જેની સ્થાપના કરવી હોય તેના તે ભાવને તેવી જ બતાવનાર મૂર્તિ બનાવવી તે તદાકાર સ્થાપના છે. કોઇપણ ચિહ્નમાં કોઈની માન્યતા કરી લેવી તે અતદાકાર સ્થાપના છે. જેમ કે નકશામાં કોઇ લીટીને નદી, કોઇ બિંદુને પર્વત, કોઇ ટપકાને નગર આદિ માની લેવામાં આવે છે. સ્થાપના કેવળ સંકેત કરે છે. કોઈ મૂઢ સ્થાપનાને સાક્ષાત્ માનીને નદીની સ્થાપનારૂપ લીટીમાંથી પાણી મેળવવા ઈચ્છે તો તેને પાણી નહિ મળે. કેમ કે લીટીમાં સાક્ષાત્ નદી નથી.

કોઈ સાધુની મૂર્તિ જોઈને પ્રશ્ન કરવા ઇચ્છે તો તેને ઉત્તર નહિ મળી શકે. કેમ કે ત્યાં સાક્ષાત્ સાધુ નથી. તે સાધુના આકારને બતાવનાર ચિત્ર માત્ર છે. તાત્પર્ય એ છે કે મંદિર અને તીર્થમાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન નહિ થાય. પરમાત્મા જિનદેવનાં દર્શન તો તે પોતાના જ આત્માને આત્મારૂપ યથાર્થ દેખવાથી થશે.

પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે-

**देहा देउलि जो बसइ, देव अणाइ अणंतु ।**
**केवलणाण फुरंत तणु सो परमप्पु भणंतु ॥३३॥**

**ભાવાર્થ** : દેહરૂપી દેવાલયમાં જે અનાદિથી અનંતકાળ સુધી રહેનાર કેવળજ્ઞાનમય પ્રકાશમાન શરીરધારી પોતાનો આત્મા છે તે જ નિઃસંદેહ પરમાત્મા છે.

**अण्णु जि तित्थ म जाहि जिय, अण्णुजि गुरउ म सेवि ।**
**अण्णु जि देव म चिंत तुहुं अप्पा विमल मुएवि ॥९५॥**

**ભાવાર્થ** : બીજા તીર્થમાં ન જા અને અન્ય ગુરુની સેવા ન કર, અન્ય દેવની ચિંતા ન કર, એક પોતાના નિર્મળ આત્માનો જ અનુભવ કર. એ જ તીર્થ છે, એ જ ગુરુ છે, એ જ દેવ છે, અન્ય તીર્થ, ગુરુ અને દેવ કેવળ વ્યવહાર નિમિત્ત છે.

## દેવાલયમાં સાક્ષાત્ દેવ નથી.

**देहा-देवलि देउ जिणु जणु देवलिहिं णिएइ ।**
**हासउ महु पडिहाइ इहु सिद्धे भिक्ख भमेइ ॥४३॥**

**તન-મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;**
**હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩.**

**અન્વયાર્થ** : (**जिणु देउ देहा देवलि**) શ્રી જિનેન્દ્રદેવ દેહરૂપી દેવાલયમાં છે (**जणु देवलिहि जिएइ**) અજ્ઞાની જીવ મંદિરોમાં જોયા કરે છે (**महु हासउ पडिहाइ**) મને હસવું આવે છે (**इहु सिद्धे भिक्ख भमेइ**) જેમ કોઈ ને આ લોકમાં ધનાદિની સિદ્ધિ હોવા છતાં પણ તે ભીખ માગતો ફરે તેમ.

**ભાવાર્થ** : અહીં એ વાત ઉપર લક્ષ દોર્યું છે કે જે લોકો ફક્ત જિનમંદિરોની બાહ્ય ભક્તિથી જ સંતુષ્ટ થાય છે અને પોતાને ધર્માત્મા સમજે છે તથા એ બાબતનો બિલકુલ વિચાર નથી કરતા કે આ મૂર્તિ શું શીખવે છે અને આપણા દર્શન, પૂજન કરવાનો શો હેતુ છે, તેઓ ફક્ત

કાંઇક શુભભાવથી, પુણ્ય બાંધી લે છે પરંતુ તેમને નિર્વાણનો માર્ગ દેખાતો નથી. અંતરંગ ચારિત્ર વિનાનું બાહ્ય ચારિત્ર તે રેતીમાંથી તેલ કાઢવા જેવો પ્રયોગ છે. સમ્યગ્દર્શન વિના બધાય શાસ્ત્રનું જ્ઞાન અને બધું જ ચારિત્ર મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે.

પોતાના આત્માના સાચા સ્વભાવનો વિશ્વાસ જ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શનના પ્રકાશથી પોતાના આત્માને કર્મકૃત વિકારવશ રાગી, દ્વેષી, સંસારી માનવાનો અજ્ઞાનરૂપી અંધકાર મટી જાય છે ત્યારે જ્ઞાની સમ્યગ્દષ્ટિને પોતાના શરીરમાં વ્યાપક આત્માનું પરમાત્માનું શ્રદ્ધાન જ દઢ થઇ જાય છે. તે સદાય પોતાના શરીરરૂપી મંદિરમાં પોતાના આત્મારૂપી દેવનો નિવાસ માને છે તથા પોતાના આત્મા દ્વારા પ્રગટતા ધર્મને જ સાચો ધર્મ માને છે. તે સમ્યગ્દષ્ટિ કદી ભ્રમમાં પડતા નથી. વસ્તુઓનું યથાર્થ સ્વરૂપ જાણે છે. તે જિન મંદિરમાં જિનપ્રતિમાના દર્શન, પૂજન પોતાના આત્મિક ગુણો ઉપર લક્ષ જવા માટે અને પોતાના અંદર આત્મદર્શન કરવા માટે જ કરે છે કે મૂર્તિ જડ છે, કેવળ સ્થાપનરૂપ છે. તે ધ્યાનનું ચિત્ર છે તેમાં સાક્ષાત્ જિનેન્દ્ર નથી. જે ભૂતકાળમાં તીર્થંકર કે અન્ય અરિહંત થઈ ગયા છે તે અત્યારે સિદ્ધ ક્ષેત્રમાં છે. વર્તમાનમાં આ ભરતક્ષેત્રમાં આ પંચમકાળમાં નથી. જો કદાચ હોત અને સમવસરણ કે ગંધકુટીમાં તેમના દર્શન થાત તો પણ આંખોથી કેવળ તેમનું શરીર જ દેખાત. તેમનો આત્મા કેવો છે એ વાત જાણવા માટે ત્યારે પણ પોતાના શરીરમાં જ વિરાજિત પોતાના આત્મદેવનું ધ્યાન કરવું પડત. વાસ્તવમાં જે પોતાના આત્માના સ્વભાવને ઓળખે છે તે જ જિનેશ્વરના આત્માને ઓળખે છે.

પોતાના આત્માનું આરાધન જ તેમનું સાચું આરાધન છે. જે પોતાના આત્માને નથી સમજતા અને બહાર આત્મદેવને શોધે છે તેમના પ્રત્યે હાસ્યભાવ ગ્રંથકર્તાએ બતાવ્યો છે અને તેની મૂર્ખતા પ્રગટ કરી છે કે તે ધનનો સ્વામી હોવા છતાં પણ ભીખ માગતો ફરે છે.

એક માણસ ઘણો લોભી હતો, ધન દાટી રાખતો હતો, બહારમાં ગરીબ દેખાતો હતો. તેણે પોતાના પુત્રને પણ ધનનો પતો બતાવ્યો નહોતો. ફક્ત તેનો એક જૂનો મિત્ર જ આ ભેદ જાણતો હતો કે આણે પ્રચુર ધન અમુક જગ્યાએ મૂક્યું છે. થોડા વખત પછી તે મરી ગયો. તેનો પુત્ર પોતાને નિર્ધન સમજીને દીનહીન વૃત્તિથી પેટ ભરવા લાગ્યો. એક દિવસ પેલા પુરાણા મિત્રે તેને બતાવ્યું કે તું દુઃખી શા માટે થાય છે ? તારી પાસે અખૂટ ધન છે. તે અમુક જગ્યાએ દાટેલું છે. આ સાંભળીને પુત્ર પ્રસન્ન થયો. તે જગ્યાએ ખોદીને તે ધનનો સ્વામી થઈ ગયો. ત્યાર પછી પણ જો તે દીનહીન વૃતિ રાખે તો તે હાસ્યનું જ સ્થાન બને. એવી જ રીતે જેણે આત્મદેવને શરીરની અંદર જોઇ લીધો તેને પછી બહારની ક્રિયામાં મોહ થઇ શકતો નથી. કારણવશ અશુભથી બચવા માટે તે બાહ્ય ક્રિયા કરે છે તો પણ તેને નિર્વાણનો માર્ગ માનતો નથી. નિર્વાણનો માર્ગ તો આત્માના દર્શનને જ માને છે.

સમયસારમાં કહ્યું છે -

**परमट्ठबाहिरा जे ते अण्णाणेण पुण्णमिच्छंति ।**
**संसार गमण हेदुं विमोक्खहेदुं अयाणंता ॥१६१॥**

**ભાવાર્થ** : જે પરમાર્થથી બાહ્ય છે તે નિશ્ચયધર્મને જાણતા નથી. તે મોક્ષના માર્ગને નહિ જાણતા થકા અજ્ઞાનથી સંસારભ્રમણના કારણરૂપ પુણ્યને જ ઇચ્છે છે, પુણ્યકર્મનો બંધ કરનાર ક્રિયાને નિર્વાણનું કારણ માની લે છે.

સમયસારમાં કળશમાં કહ્યું છે -

**क्लिश्यन्तं स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्म्मभिः**
**क्लिश्यन्तां च परे महावृततपो भारेण भग्नाश्चिरं ।**

**साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं**
**ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि ॥१०-७॥**

**ભાવાર્થ** : કોઇ ઘણી કષ્ટથી મોક્ષમાર્ગથી વિરુદ્ધ અસત્ય વ્યવહારરૂપ ક્રિયાઓ કરીને કષ્ટ ભોગવે તો ભોગવો અથવા કોઇ ચિરકાળ સુધી જૈનોના મહાવ્રત અને તપના ભારથી પીડિત થતા થકા કષ્ટ ભોગવે તો ભોગવો, પરંતુ તેમનો મોક્ષ નહિ થાય. કેમ કે મોક્ષ એક નિરાકુળ પદ છે, જ્ઞાનમય છે, સ્વયં અનુભવગોચર છે, આવો મોક્ષ આત્મજ્ઞાન વિના બીજી કોઇ પણ રીતે પ્રાપ્ત કરી શકાતો નથી.

## સમભાવ રૂપ ચિત્તથી પોતાના દેહમાં જિનદેવને દેખો

**मूढा देवलि देउ णवि णवि सिलि लिप्पइ चित्ति ।**
**देहा-देवलि देउ जिणु सो बुज्झहि समिचिति ॥४४॥**

**નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ, ચિત્ર;**
**તન-મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪.**

**અન્વયાર્થ** : (**मूढा**) હે મૂર્ખ ! (**देउ देवलि णवि**) દેવ કોઇ મંદિરમાં નથી (**सिलि लिप्पइ चित्ति णवि**) ન દેવ કોઇ પાષાણ લેપ કે ચિત્રમાં છે (**जिणु देउ देहा-देवलि**) જિનેન્દ્ર પરમાત્મા શરીરરૂપી દેવાલયમાં છે. (**समचित्ति सो बुज्झहि**) તે દેવને સમભાવથી ઓળખો અથવા તેનો સાક્ષાત્કાર કરો.

**ભાવાર્થ** : અહીં ફરીથી દૃઢ કર્યું છે કે પરમાત્મા દેવ ઈંટ અને પાષાણના બનેલા મંદિરમાં નહિ મળે, નહિ પરમાત્માના દર્શન કોઈ પાષાણ કે ધાતુ કે માટીની મૂર્તિમાં થાય, કે નહિ કોઈ ચિત્રમાં થાય. પોતાનો આત્મા જ સ્વભાવે પરમાત્મા જિનદેવ છે. તેના દર્શન આ જ્ઞાની ઘણું કરીને પોતાની અંદર કરી શકે છે. જો એ રાગદ્વેષને છોડી દે, શુભાશુભ રાગનો ત્યાગ કરે, વીતરાગી થઈને પોતાને આઠ કર્મરહિત, શરીર રહિત, રાગાદિ વિકાર રહિત દેખે.

મંદિરોનું નિર્માણ નિરાકુળ સ્થાનમાં. એટલા માટે કરવામાં આવે છે કે ગૃહસ્થ અથવા અભ્યાસી સાધુ ત્યાં બેસીને સાંસારિક નિમિત્તોથી બચે, ચિત્તને ખરાબ વાસનાઓથી રોકી શકે, મંદિરમાં નિરાકુળ થઈ આત્માનું જ દર્શન સામાયિક દ્વારા, અધ્યાત્મિક શાસ્ત્ર પઠન કે મનન દ્વારા, ધ્યાનમય મૂર્તિના દર્શન દ્વારા કરી શકે. એવી જ રીતે પાષાણ કે ધાતુની પ્રતિમાનું નિર્માણ ધ્યાનમય અને વૈરાગ્યપૂર્ણ ભાવનું સ્મરણ કરાવવા માટે કરાવવામાં આવે છે.

શરીરમાં આત્મદેવ બિરાજમાન છે જેને આ બાબતની પાકી શ્રદ્ધા છે કે તેની ધારણાને જાગ્રત કરવા માટે ધ્યાનમય મૂર્તિનું દર્શન અને તેની સામે ગુણાનુવાદ રૂપ પૂજન નિમિત્ત કારણ છે, નિમિત્ત ઉપાદાનને જાગ્રત કરવામાં પ્રબળ કારણ હોય છે. રાગ કરાવનાર નિમિત્ત રાગભાવ અને વીતરાગી નિમિત્ત વીતરાગભાવ જાગ્રત કરી દે છે. અભ્યાસી સાધકને સદાય ભાવોની નિર્મળતા માટે નિર્મળ નિમિત્ત મળવું જોઈએ, બાધક નિમિત્તથી બચવું જોઈએ.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**संगत्यागः कषायाणां निग्रहो व्रतधारणं ।**
**मनोऽक्षाणां जयश्चेति सामग्री ध्यानजन्मने ॥७५॥**

**ભાવાર્થ** : પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિરોધ, અહિંસાદિ વ્રતોનું ધારણ, મન અને ઈંદ્રિયોનો વિજય આ ચાર વાત ધ્યાનની ઉત્પત્તિ માટે સામગ્રી છે.

**स्वाध्यायद्ध्यानमध्यास्तां ध्यानात्स्वाध्यायमामनेत् ।**
**ध्यान स्वाध्याय सम्पत्त्या परमात्मा प्रकाशते ॥८१॥**

**ભાવાર્થ** : શાસ્ત્રનું મનન કરતાં કરતાં ધ્યાનમાં ચડી જાવ. ધ્યાનમાં મન ન જામે તો સ્વાધ્યાયમાં આવી જાવ. ધ્યાન અને સ્વાધ્યાયની પ્રાપ્તિ દ્વારા પરમાત્માનો પ્રકાશ થાય છે.

**शून्यागारे गुहायां वा दिवा वा यदि वा निशि ।**
**स्त्री पशु क्लीवजीवानां क्षुद्राणामप्यगोचरे ॥९०॥**

**अन्यत्र वा क्वचिद्देशे प्रशस्ते प्रासुके समे ।**
**चेतनाचेतनाशेषध्यानविघ्नविवर्जिते ॥९१॥**

भूतले वा शिलापट्टे सुखासीनः स्थितोऽथवा ।
समभृज्वायतं गात्रं निःकंपावयवं दधत् ॥९२॥

नासाग्रन्यस्तनिष्पंद लोचनो मंदमुच्छ्वसन् ।
द्वात्रिंशद्दोषनिर्मुक्त कायोत्सर्ग व्यवस्थितः ॥९३॥

प्रत्याहृत्याक्षलुंटाकास्तदर्थेभ्यः प्रयत्नतः ।
चिंता चाकृष्य सर्वेभ्यो निरुध्य ध्येयवस्तुनि ॥९४॥

निरस्तनिद्रो निर्भीतिर्निरालस्यो निरन्तरं ।
स्वरूपं पररूपं वा ध्याये दंतर्विशुद्धये ॥९५॥

**ભાવાર્થ** : દિવસ હોય કે રાત્રિ, સૂના સ્થાનમાં, ગુફામાં, સ્ત્રી, પશુ, નપુંસક જીવોના કે ક્ષુદ્ર જંતુઓના અગોચર સ્થાનમાં અથવા કોઈ શુભ જીવરહિત, સમતલ સ્થાનમાં જ્યાં ચેતન અને અચેતન સર્વ પ્રકારના વિઘ્નોનો નાશ હોય, ભૂમિ ઉપર કે શિલા ઉપર સુખાસનમાં કે ઊભા રહીને ટટ્ટાર નિષ્કંપ સમતોલ શરીર ધારણ કરીને નિશ્ચળ બનવું. નાસાગ્ર દૃષ્ટિ કરીને, મંદ મંદ શ્વાસ લેતાં કાયોત્સર્ગના બત્રીસ દોષ રહિત થઈ, પ્રયત્નપૂર્વક ઈંદ્રિયરૂપી લૂંટારાઓથી વિષયોને રોકીને, ચિત્તને સર્વ ભાવોથી રોકીને, ધ્યેય વસ્તુમાં મન જોડીને; નિદ્રાને જીતી, હોય અને આળસરહિત થઈ, નિરંતર પોતાનાં જ આત્માના શુદ્ધ સ્વરૂપનું અથવા સિદ્ધોના સ્વરૂપનું અંતરંગની શુદ્ધિ માટે ધ્યાન કરવું.

સમાધિશતકમાં કહ્યું છે -

रागद्वेषादि कल्लोलैरलोलं यन्मनोजलम ।
स पश्यत्यात्मनस्तत्त्वं स तत्त्वं नेतरो जनः ॥३५॥

**ભાવાર્થ** : જે ધ્યાનીનું મન રાગદ્વેષાદિની લહેરોથી ચંચળ થતું નથી તે જ આત્માના સ્વભાવનો અનુભવ કરે છે. રાગીદ્વેષી (જીવ) અનુભવ કરી શકતા નથી.

## જ્ઞાની જ શરીરરૂપી મંદિરમાં પરમાત્માને દેખે છે.

तित्थइ देउलि जिणु सव्वु वि कोइ भणेइ ।
देहा-देउलि जो मुणइ सो वुहु को वि हवेइ ॥४५॥

તીર્થ-મંદિરે દેવ જિન,લોક કથે સહુ એમ;
વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ. ૪૫.

**અન્વયાર્થ** : **( सव्वु वि कोइ भणेइ )** સર્વ કોઇ કહે છે કે **( तित्थइ देउलि देउ जिणु )** તીર્થમાં અથવા મંદિરમાં જિનદેવ છે **( जो देहा देउलि मुणइ )** જે કોઇ દેહરૂપી મંદિરમાં જિનદેવને દેખે છે, માને છે **( सो को वि बुहु हवेइ )** તે કોઇ જ્ઞાની જ હોય છે.

**ભાવાર્થ** : જગતમાં વ્યવહારને જ સત્ય માનનારા ઘણા છે. બધા જ એમ કહે છે કે ઘડો કુંભારે બનાવ્યો. ઘડો માટીથી બન્યો છે એમ કોઇ નથી કહેતું. વાસ્તવમાં ઘડાની અંદર માટી જ વ્યાપી છે, માટીનો ઢગલો જ ઘડારૂપે થયો છે. કુંભારના યોગ અને ઉપયોગ માત્ર નિમિત્ત છે, એવી જ રીતે તીર્થસ્વરૂપ જિનપ્રતિમાઓ કેવળ નિમિત્ત છે. તેમના દ્વારા પોતાના શુદ્ધ આત્મા જેવા પરમાત્મા અરિહંત અને સિદ્ધનું સ્મરણ થઈ જાય છે. વાસ્તવમાં તે ક્ષેત્ર, પ્રતિમા, મંદિર એ બધું અચેતન જડ છે. તો પણ ચેતનનું સ્મરણ કરાવવા માટે પ્રબળ નિમિત્ત છે તેથી તેમની ભક્તિ દ્વારા પરમાત્માની ભક્તિ કરવામાં આવે છે. મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની જીવ વિચાર નથી કરતો કે ખરી વાત શું છે ? તે મંદિર અને મૂર્તિને જ દેવ માનીને પૂજે છે. એથી આગળ વિચાર નથી કરતો કે પ્રતિમા તો અરિહંત અને સિદ્ધપદના ધ્યાનમય ભાવનું ચિત્ર છે. તે ભાવની સ્થાપના છે. તે સાક્ષાત્ દેવ નથી.

તથા ભક્તિ કરતાં પણ તે ભક્ત જેમની તે મૂર્તિ છે તેમનો જ ગુણાનુવાદ કરે છે. તે કદી પણ પાષાણની કે ધાતુની પ્રશંસા કરતો નથી તો પણ અંતરમાં એ જ વિચાર કરે છે કે હું જેની સ્તુતિ કરી રહ્યો છું તે દેવ ક્યાં છે. તે આ રહસ્યને પામી શકતો નથી કે તેનો આત્મા જ સ્વભાવે પરમાત્મા છે. ત્રણ શરીરની અંદર એ જ સાક્ષાત્દેવ બિરાજમાન છે. હું જ પરમાત્મા છું. આ જ્ઞાન, આ શ્રદ્ધાન અને આવું જ પરિણમન બિચારા મિથ્યાદૃષ્ટિ જીવને થતું નથી.

સમ્યગ્દૃષ્ટિ સદાય જાણે છે અને સદાય અનુભવ કરે છે કે જ્યારે હું મારી અંદર શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી દેખું છું તો મને મારો આત્મા જ પરમાત્મા જિનદેવ દેખાય છે. મારે મારી અંદર મને મારા વડે જ દેખવો જોઇએ. આ જ આત્મદર્શન નિર્વાણનો ઉપાય છે. કોઇ સિંહની મૂર્તિને સાક્ષાત્ સિંહ માનીને પૂજા કરે કે આ સિંહ મને ખાઇ જશે તો તેને અજ્ઞાની જ કહેવાય. જ્ઞાની જાણે છે કે સિંહની મૂર્તિ સિંહનો આકાર તેની ક્રૂરતા અને ભયંકરતા બતાવવા માટે એકમાત્ર સાધન છે, તે સાક્ષાત્ સિંહ નથી. એનાથી બીવાની જરૂર નથી. જ્યાં સાક્ષાત્ સિંહ જોવામાં આવતો નથી ત્યાં સિંહનું સ્વરૂપ બતાવવા માટે સિંહની મૂર્તિ પરમ સહાયક છે. જે શિષ્ય સિંહના આકાર અને તેની ભયંકરતાથી અજાણ છે તેમને સિંહનું જ્ઞાન કરાવવા માટે સિંહની મૂર્તિ પ્રયોજવાન છે.

એવી જ રીતે જ્યાં સુધી પોતાની અંદર પરમાત્માનું દર્શન ન થાય ત્યાં સુધી આ જિનમૂર્તિ

પરમાત્માનું દર્શન કરાવવા માટે નિમિત્ત કારણ છે મૂર્તિને મૂર્તિ માનવી, પરમાત્મા ન માનવા તે જ યથાર્થ જ્ઞાન છે વ્યવહારમાં જે મગ્ન રહે છે તે મૂળ તત્ત્વને ઓળખતા નથી. અહીં આચાર્યે મૂળ તત્ત્વ ઉપર ધ્યાન આપ્યું છે કે હે યોગી ! અંદર જો, નિશ્ચિંત થઈને અંદર ધ્યાન કર. તને રાગદ્વેષનો અભાવ થતાં અને સમભાવની સ્થિતિ પ્રાપ્ત થતાં પરમાત્માની પ્રાપ્તિ થશે. વ્યવહાર વાસ્તવમાં અભૂતાર્થ અને અસત્યાર્થ છે. જેવો મૂળ પદાર્થ છે, તેવો એને કહેતા નથી.

વ્યવહારમાં જીવ નારકી, પશુ, મનુષ્ય, દેવ કહેવાય છે. નિશ્ચયથી આમ કહેવું અસત્ય છે. આત્મા ન તો નારકી છે, ન પશુ છે, ન મનુષ્ય છે, ન દેવ છે. શરીરના સંયોગથી વ્યવહારનયે આત્માના ભેદ વ્યવહાર ચલાવવા માટે કરવામાં આવ્યા છે. જેમ તલવાર લોઢાની હોય છે પણ જો તે સોનાના મ્યાનમાં હોય તો તેને સોનાની તલવાર, ચાંદીના મ્યાનમાં હોય તો ચાંદીની તલવાર અને પિત્તળના મ્યાનમાં હોય તો તેને પિત્તળની તલવાર કહેવામાં આવે છે. આમ કહેવું સાચું નથી. બધી તલવારો એક જ છે. તેમાં ભેદ કરવા માટે સોનાની, ચાંદીની અને પિત્તળની તલવાર એમ કહેવું પડે છે. જે ભેદ રૂપ કથન સાંભળવા છતાં પણ તલવારને એકરૂપ જ દેખે છે, સોનું, ચાંદી, પિત્તળ જોતા નથી, સોના, ચાંદી પિત્તળનું મ્યાન જુએ છે, તે જ્ઞાની છે. એવી જ રીતે જે પોતાના દેવરૂપી મંદિરમાં વિરાજિત પરમાત્મદેવને જ પોતે દેખે છે, પોતાને મનુષ્યરૂપ નથી દેખતા, તે જ જ્ઞાની છે. મનુષ્ય તો શરીર છે, આત્મા નથી.

પુરુષાર્થસિદ્ધયુપાયમાં કહ્યું છે -

**निश्चयमिह भूतार्थं व्यवहारं वर्णयन्त्यभूतार्थम् ।**
**भूतार्थबोधविमुखः प्रायः सर्वेऽपि संसारः ॥५॥**

**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।**
**व्यवहार एव हि तथा निश्चयतां यान्त्यनिश्चयज्ञस्य ॥७॥**

**ભાવાર્થ** : નિશ્ચયનય વસ્તુને યથાર્થ બતાવે છે, વ્યવહારનય વસ્તુને યથાર્થ બતાવતો નથી. તેથી સર્વજ્ઞદેવ નિશ્ચયને ભૂતાર્થ અને વ્યવહારને અભૂતાર્થ કહે છે. ઘણું કરીને બધા જ સંસારી જીવ આ ભૂતાર્થ નિશ્ચયના જ્ઞાનથી દૂર છે. જે બાળકે સિંહ જોયો નથી તે બિલાડીને જ સિંહ માની લે છે કારણ કે બિલાડો બતાવીને તેને આ સિંહ છે એમ કહેવામાં આવ્યું હતું, તેવી જ રીતે જે નિશ્ચયતત્ત્વને નથી જાણતા તે વ્યવહારને જ નિશ્ચય માની લે છે તે કદી પણ સત્યને પામતા નથી.

## ધર્મ રસાયણ પીવાથી અમર થવાય છે.

जइ जर-मरण-करालियउ तो जिय धम्म करेहि ।
धम्म-रसायणु पियहि तुहूँ जिम अजरामर होहि ॥४६॥

જરા-મરણ ભયભીત જો,ધર્મ તું કર ગુણવાન;
અજરામર પદ પામવા, કર ધર્મૌષધિ પાન. ૪૬.

**અન્વયાર્થ** (**जिय**) હે જીવ ! (**जइ जरमरण करालियउ**) જો તું જરા અને મરણના દુઃખોથી ભયભીત છો તો (**तो धम्म करोहि**) ધર્મ કર. (**तुहुं धम्मरसायणु पियहि**) તું ધર્મ રસાયણનું પાન કર. (**जिम अजरामर होहि**) જેથી તું અજર અમર થઈ જઈશ.

**ભાવાર્થ** : મનુષ્ય ગતિને લક્ષમાં લઇને કહ્યું છે કે અહીં જરા અને મરણનાં ભયાનક દુઃખો છે. જ્યારે વૃદ્ધાવસ્થા આવે છે, શરીર શિથિલ થઈ જાય છે, પોતાના શરીરની સેવા સ્વયં કરવાને અસમર્થ બની જાય છે, ઇંદ્રિયોની શકિત ઘટી જાય છે, આંખનું તેજ ક્ષીણ થઇ જાય છે. કાનની સાંભળવાની શકિત ઓછી થઈ જાય છે, દાંત પડી જાય છે. કેડ વાંકી થઇ જાય છે. હાથપગ ધ્રુજવા માંડે છે, ખાવાપીવામાં તકલીફ પડે છે, ઊઠવા બેસવામાં પીડા થાય છે, ઈચ્છાનુસાર સમયસર ભોજનપાન મળતા નથી, પોતાના કુટુંબના માણસો પણ આજ્ઞાનું ઉલ્લંઘન કરવા લાગે છે, શરીરમાં વિષયભોગ કરવાની શકિત ઘટી જાય છે પણ ભોગની તૃષ્ણા વધી જાય છે. ત્યારે ઇચ્છાની બળતરાથી જળે છે, ચાલી શકતો નથી, રાતદિન મરણની ભાવના ભાવે છે. જરા મહા દુઃખદાયક મરણની દૂતી છે. શરીરની દશા ક્ષણભંગુર છે. યુવાન અવસ્થા થોડો સમય રહે છે, પછી એકાએક ઘડપણ આવીને ઘેરી લે છે ત્યારે એક એક દિવસ વર્ષ જેવડો લાગે છે.

મરણનું દુઃખ પણ ભયંકર હોય છે. મરણ પહેલાં ખૂબ કષ્ટ આપનાર રોગ આવી પહોંચે છે ત્યારે મહાન વેદના ભોગવે છે. અસમર્થ બનીને કાંઇ પણ કહી કે સાંભળી શકતો નથી. જ્યાં સુધી શરીરનું ગ્રહણ છે ત્યાં સુધી જન્મ, જરા, મરણનાં ભયંકર દુઃખો સહેવાં પડશે, મનુષ્યગતિનાં દુઃખો કરતાં પશુગતિનાં દુઃખ ઘણાં વધારે છે. ત્યાં બળવાન પશુ નિર્બળ પશુઓનો વધ કરે છે. પરવશપણે એકેન્દ્રિયાદિ જંતુઓને મહાન શારીરિક પીડા સહન કરવી પડે છે.

આગમદ્વારા નરક-ગતિના અસહ્ય કષ્ટ તો વિદિત જ છે. દેવગતિમાં કષ્ટ મહાન છે, ઈર્ષાભાવ ઘણો છે, દેવીઓનું આયુષ્ય બહુ ઓછું હોય છે ત્યારે દેવોને વિયોગનું ઘોર કષ્ટ સહન કરવું પડે છે. વિષયભોગ કરતાં તૃષ્ણાની બળતરા વધારીને રાતદિવસ વ્યાકુળ રહે છે,

ચારેય ગતિઓમાં કર્મનો ઉદય છે. આ ગતિઓના ભ્રમણથી રહિત થવા માટે કર્મનો ક્ષય કરવાની જરૂર છે. વિવેકી મનુષ્યે સારી રીતે નિશ્ચય કરી લેવો જોઈએ કે સંસારસાગર ભયાનક દુઃખરૂપી ખારા પાણીથી ભરેલો છે, તેને પાર ઊતરી જવું એ જ ઉચિત છે, કર્મનો ક્ષય કરવો તે જ ઉચિત છે આત્માનું ભ્રમણ રોકવું તે જ ઉચિત છે. પંચમગતિ મોક્ષ પ્રાપ્ત કરવો તે જ ઉચિત છે. અજર અમર થવું તે જ ઉચિત છે. આવું શ્રદ્ધાન થતા જ મુમુક્ષુ જીવ સંસારનો ક્ષય કરવા માટે ધર્મનું સાધન કરે છે.

ધર્મ તેને જ કહે છે જે સંસારમાં દુઃખોથી ઉગારીને મોક્ષના પરમપદમાં ટકાવી રાખે. તે ધર્મ રત્નત્રય સ્વરૂપ છે. રત્નત્રયના ભાવથી જ નવા કર્મોનો સંવર થાય છે અને પુરાણા કર્મોની અવિપાક નિર્જરા થાય છે. આ રત્નત્રય, નિશ્ચયથી એક આત્મિક શુદ્ધભાવ છે, આત્મતલ્લીનતા છે, સ્વસંવેદન છે, સ્વાનુભવ છે,જ્યાં પોતાના જ આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન છે જ્ઞાન છે અને તેમાં જ સ્થિરતા છે. એને જ આત્મદર્શન કહે છે. એ જ એક ધર્મરસાયણ છે, અમૃતરસનું પાન છે, જેનું પાન કરવાથી સ્વાધીનપણે પરમાનંદની પ્રાપ્તિ થાય છે, કર્મ કપાય છે, અને શીઘ્ર જ કર્મથી મુક્તિ પામી, શુદ્ધ પવિત્ર નિર્મળ, પૂર્ણ નિજસ્વભાવમય થઈને સદાય વીતરાગભાવમાં મગ્ન રહે છે, પછી રાગ, દ્વેષ, મોહ ન થવાથી પુણ્ય પાપનો બંધ થતો નથી, એનાથી પછી ચાર ગતિમાંથી કોઇ ગતિમાં જતો નથી, સદાને માટે અજર અમર થઈ જાય છે,

શુદ્ધોપયોગ ધર્મ છે. કષાયના ઉદય સહિત શુભોપયોગ ધર્મ નથી. અશુભથી બચવા માટે શુભપયોગ કરવો પડે છે તો પણ તેને બંધનું કારણ માનવું જોઈએ. મોક્ષનો ઉપાય એક માત્ર સ્વાનુભવરૂપ શુદ્ધોપયોગ છે.કષાયનો કણ પણ બંધ કરે છે.

બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે -

**पापाऽनोकुहसंकुले भववने दुःखादिभिर्दुर्गमे**
**यैरज्ञानवशः कषायविषयैस्त्वं पीडितोऽनेकधा ।**

**रे तान् ज्ञानमुपेत्त्य पूतमधुना विध्वंसयाऽशेषतो**
**विद्वांसो न परित्यजन्ति समये शत्रूनऽहत्वा स्फुटं ॥६५॥**

**ભાવાર્થ :** આ સંસારવન દુઃખોથી ભરેલું છે, તેનો પાર પામવો કઠણ છે, પાપના વૃક્ષોથી ભરેલું છે, અહીં વિષય કષાયોથી તું અજ્ઞાની અનેક પ્રકારે પીડિત થઈ રહ્યો છે. હવે તું શુદ્ધ આત્મજ્ઞાન પામીને તે વિષયકષાયોનો પૂર્ણપણે નાશ કરી નાખ. વિદ્વાનો અવસર મળતાં શત્રુઓને માર્યા વિના છોડતા નથી.

શ્રી પદ્મનંદિ ધમ્મરસાયણમાં કહે છે -

**बुहजनमणोहिरामं जाइजरामरण दुक्खणासयरं ।**
**इह पर लोयहिज ( द ) त्थं तं धम्मरसायणं वोच्छं ॥२॥**

**ભાવાર્થ** : હું તે ધર્મરસાયણ બતાવીશ જેનું પાન કરવાથી જ્ઞાની જીવોના મનમાં આનંદ થશે અને જન્મ , જરા, મરણના દુઃખોનો ક્ષય થશે. આ લોક અને પરલોક બન્નેમાં હિત થશે. એ જ્યાં સુધી જીવશે ત્યાં સુધી પરમાનંદ ભોગવશે, પરલોકમાં શીઘ્ર જ સિદ્ધ થઈને સદા સુખી રહેશે.

## બાહ્ય ક્રિયામાં ધર્મ નથી

**धम्मु ण पढियइँ होइ धम्मु ण पोत्था-पिच्छियइँ ।**
**धम्मु ण मढिय-पएसि होइ धम्मु ण मत्था-लुचियइँ ॥४७॥**

**શાસ્ત્ર ભણે મઠમાં રહે, શિરના લુંચે કેશ;**
**રાખે વેશ મુનિ તણો, ધર્મ ન થાયે લેશ. ૪૭.**

**અન્વયાર્થ** : **( पढिय इँ धम्मु ण होइ )** શાસ્ત્રો વાંચવા માત્રથી ધર્મ થઈ જતો નથી **( पोत्था-पिच्छिय हो धम्मु ण )** પુસ્તક અને પીછીં રાખવા માત્રથી ધર્મ થતો નથી. **( मढिय-पएसि धम्मु ण )** કોઈ મઠમાં રહેવાથી ધર્મ થતો નથી **( मत्था-लुचियइँ धम्मु ण )** કેશ લોચ કરવાથી પણ ધર્મ થતો નથી.

**ભાવાર્થ** : જે ધર્મથી જન્મ-જરા-મરણના દુઃખ મટે, કર્મોનો ક્ષય થાય, આ જીવ સ્વાભાવિક દશાને પામી અજર અમર થઈ જાય તે ધર્મ આત્માનો નિજ સ્વભાવ છે. જે સર્વ પર પદાર્થોથી વિરક્ત થઈને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા અને તેનું જ્ઞાન રાખીને તેના જ ધ્યાનમાં એકાગ્ર થશે તે જ નિશ્ચય રત્નત્રયમય ધર્મ, સ્વાનુભવ કે શુદ્ધોપયોગી ભૂમિકાને પ્રાપ્ત કરશે.

જે કોઈ તે તત્ત્વને બરાબર ન સમજે , બાહ્ય ક્રિયા માત્ર વ્યવહાર જ કરે અને માને કે હું ધર્મનું સાધન કરી રહ્યો છું તેને સમજાવવા માટે અહીં કહ્યું છે કે ગ્રંથ વાંચવાથી જ ધર્મ નહિ થાય. ગ્રંથોનું પઠનપાઠન એટલા માટે ઉપયોગી છે કે જગતના પદાર્થોનું, જીવ અને અજીવ તત્ત્વનું બરાબર જ્ઞાન થઇ જાય અને ભેદવિજ્ઞાનની પ્રાપ્તિથી પોતાની અંદર શુદ્ધ તત્ત્વની ઓળખાણ થઇ જાય.

આ કાર્ય માટે શબ્દોનું મનન આવશ્યક છે. જો શુદ્ધાત્માની પ્રાપ્તિ ન કરે, કેવળ શાસ્ત્રોના અભ્યાસી મહાન વિદ્વાન અને વક્તા થઈને ધર્માત્મા હોવાનું અભિમાન કરે તો એ બધું મિથ્યા

છે. એવી જ રીતે કોઈ ઘણા શાસ્ત્રોનો સંગ્રહ કરે, પીંછી રાખીને સાધુ કે ક્ષુલ્લક શ્રાવક થઈ જાય, કેશ લોચ કરે, એકાંત મઠમાં કે ગુફામાં બેસે પરંતુ શુદ્ધાત્માની ભાવના ન કરે, બાહ્ય મુનિ કે શ્રાવકના વેષને જ ધર્મ માની લે તો એમ માનવું મિથ્યા છે. શરીરના આશ્રયે જે વેષ હોય તે કેવળ નિમિત્ત છે, વ્યવહાર છે ધર્મ નથી.

વ્યવહાર ક્રિયાકાંડથી કે ચારિત્રથી રાગભાવ શુભ થવાથી પુણ્યબંધનો હેતુ છે પરંતુ કર્મની નિર્જરા અને સંવરનો હેતુ નથી. જ્યાં સુધી ભાવોમાં શુદ્ધ પરિણમન થતું નથી. ત્યાં સુધી ધર્મની પ્રાપ્તિ નથી. મુમુક્ષુ જીવે આ વાતની દૃઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે ભાવની શુદ્ધિ જ મુનિ અથવા શ્રાવક ધર્મ છે, બાહ્ય ત્યાગ અથવા આચરણ અશુભ ભાવોથી, હિંસાદિ પાંચ પાપોથી બચવા માટે છે અને મનને ચિંતારહિત નિરાકુળ કરવા માટે છે. તેથી કોઈ જીવ ગમે તેટલું ઊંચું બાહ્ય ચારિત્ર પામે અને કોઈને ગમે એટલા શાસ્ત્રોનું જ્ઞાન હોય તો પણ તે નિશ્ચય ધર્મ વિના સારરહિત છે, ચાવલ વિનાના ફોતરા બરાબર છે. તે પુણ્યબંધ કરાવીને સંસારનું ભ્રમણ વધારનાર છે. જેટલા અંશે વીતરાગ વિજ્ઞાનમય ભાવની પ્રાપ્તિ થઈ હોય એટલો જ ધર્મ થયો એમ યથાર્થ સમજવું જોઈએ. બહારની મન, વચન, કાયાની ક્રિયાથી સંતોષ માનીને ધર્માત્માપણાનો અહંકાર ન કરવો જોઈએ.

સમયસાર કળશમાં કહ્યું છે -

**एवं ज्ञानस्य शुद्धस्य देह एव न विद्यते ।**
**ततो देहमयं ज्ञातुर्न लिङ्गं मोक्षकारणम् ॥४५-१०॥**

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः ।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ॥४६-१०॥**

**ભાવાર્થ** : શુદ્ધ જ્ઞાન આત્માનું છે, તેને આ પુદ્‌ગલમય દેહ નથી તેથી જ્ઞાતા પુરુષને દેહના આશ્રયવાળો વેશ કે વ્યવહાર ચારિત્ર મોક્ષનું કારણ નથી. તેથી મોક્ષાર્થીએ સદાય એક સ્વરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું જોઈએ જે મોક્ષમાર્ગ નિશ્ચય રત્નત્રયમય આત્માનું તત્ત્વ છે.

બૃહત્ સામાયિક પાઠમાં કહે છે -

**शूरोऽहं शुभधीरहं पटुरहं सर्वाऽधिकश्रीरहं**
**मान्योऽहं गुणवानहं विभुरहं पुंसामहमग्रणीः ।**

**इत्यात्मन्नपहाय दुष्कृतकरीं त्वं सर्वथा कल्पनां**
**शश्वद्ध्याय तदात्मतत्त्वममलं नैःश्रेयसी श्रीर्यतः ॥६२॥**

**ભાવાર્થ** : હે આત્મા ! તું આ પાપનો બંધ કરનારી કલ્પનાને છોડ, એમ અહંકાર ન કર કે હું શૂરવીર છું, બુધ્ધિમાન છું, ચતુર છું, સૌથી વધારે લક્ષ્મીવાળો છું, માનનીય છું, ગુણવાન છું સમર્થ છું અથવા સર્વ મનુષ્યોમાં અગ્ર છું, મુનિરાજ છું. નિરંતર નિર્મળ આત્મતત્ત્વનું જ ધ્યાન કર. એનાથી જ અનુપમ મોક્ષલક્ષ્મીની પ્રાપ્તિ થશે.

## રાગદ્વેષનો ત્યાગ કરીને આત્મામાં સ્થિતિ કરવી તે ધર્મ છે.

**राय-रोस बे परिहरिवि जो अप्पाणि वसेइ ।**
**सो धम्मु वि जिण-उत्तियउ जो पंचम-गइ णेइ ।।४८।।**

**રાગ-દ્વેષ બે ત્યાગીને, નિજમાં કરે નિવાસ;**
**જિનવરભાષિત ધર્મ તે, પંચમ ગતિ લઈ જાય. ૪૮.**

**અન્વયાર્થ** : (**राय रोस बे परिहरिवि**) રાગદ્વેષ બંનેનો ત્યાગ કરીને, વીતરાગ થઈને (**जो अप्पाणि वसेइ**) જે પોતાની અંદર (આત્મામાં) વાસ કરે છે, આત્મામાં વિશ્રામ કરે છે (**सो धम्मु जिण वि उत्तियउ**) તેને જ જિનેન્દ્રદેવે ધર્મ કહ્યો છે. (**जो पंचम गइ णेइ**) એ જ ધર્મ પંચમગતિ-મોક્ષમાં લઈ જાય છે.

**ભાવાર્થ** : ધર્મ આત્માનો નિજ સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, સુખ, વીર્યમય આત્માના યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન તથા તેમાં જ સ્થિરતા અર્થાત્ એક સ્વાનુભવ તે ધર્મ છે. રાગદ્વેષ તરંગોથી જ્યારે ઉપયોગ ચંચળ થાય છે ત્યારે સ્વભાવ વિકારી થઈ જાય છે. તેથી અહીં એ ઉપદેશ છે કે રાગદ્વેષનો ત્યાગ કરીને પોતાના જ આત્મામાં વિશ્વાસ કરો, આત્મામાં જ મગ્ન રહો આત્માના જ ઉપવનમાં રમણતા કરો એટલે તમને બંધનો નાશ કરનાર, પરમાનંદને આપનાર, મોક્ષ કરનાર ધર્મ સ્વયં મળી જશે. ધર્મ પોતાની જ પાસે છે, કયાંય બહાર નથી કે જ્યાંથી એને ગ્રહણ કરવામાં આવે. માટે પરથી ઉદાસીન થઈને, વીતરાગ થઈને સમભાવી થઈને પોતાના આત્મામાં જ એને જોવો જોઈએ.

રાગદ્વેષ મટાડવોનો એક ઉપાય તો એ છે કે જગત ને વ્યવહારદષ્ટિથી જોવાનું બંધ કરીને નિશ્ચયદષ્ટિએ જગતને જોવું જોઈએ. ત્યારે જીવાદિ છએ દ્રવ્ય બધા પોતપોતાના સ્વભાવમાં દેખાશે, નિશ્ચળ દેખાશે, સર્વ જીવ એક સરખા શુદ્ધ દેખાશે ત્યારે કોઈ જીવ પ્રત્યે રાગ કે કોઈ પ્રત્યે દ્વેષ કરવાનું કારણ જ મટી જશે. વ્યવહારદષ્ટિમાં શરીર સહિત અશુદ્ધ આત્માઓ વિચિત્ર પ્રકારે દેખાય છે એટલે મોહિ જીવ જેમનાથી પોતાના વિષય કષાયના પોષણમાં બાધા આવે છે તેમને દ્વેષભાવથી દેખે છે. પરંતુ જ્યારે પોતે પણ વીતરાગી અને સર્વ આત્માઓ વીતરાગી દેખાય ત્યારે સમભાવ સ્વયં આવી જાય છે.

પુદ્‌ગલની રચના જ્યારે વ્યવહારથી જોવામાં આવે ત્યારે નગર, ગામ, મકાન,વસ્ત્ર,આભૂષણ આદિ નાના પ્રકારની દેખાય છે પરંતુ જ્યારે નિશ્ચયનયથી પુદ્‌ગલને જોવામાં આવે ત્યારે તે બધું પરમાણુરૂપ એકાકાર દેખાશે. ત્યારે વીતરાગી જોનારાઓને રાગદ્વેષના હેતુ થઇ શકતા નથી. શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિ રાગદ્વેષના વિકાર મટાડવા માટે પરમ સહાયક છે. માટે રાગદ્વેષ મટાડવાનો આ ઉપાય છે કે વ્યવહાર વિચિત્ર જગતને સાક્ષીભૂત થઇને જ્ઞાતા દૃષ્ટા થઇને જોવું.

સર્વ દ્રવ્યો પોતપોતાના સ્વભાવમાં પરિણમન કરે છે. અશુદ્ધ આત્મા આઠ કર્મના ઉદયને ભોગવતા થકા વિવિધ પ્રકારના સુખદુ:ખમય અથવા વિવિધ પ્રકારના રાગદ્વેષમય પરિણામ કરે છે, કર્મચેતના અને કર્મફળ ચેતનામાં ફસાયેલા દેખાય છે તેથી તેમને કર્મના ઉદયને આધીન જોઈને રાગદ્વેષ ન કરવા જોઇએ. કર્મોના સંયોગથી પોતાની પણ વિભાવ દશા જોઈને વિપાક વિચય ધર્મધ્યાન કરવું જોઈએ અને અન્ય સંસારી જીવોની દશા જોઇને તેવું જ કર્મનું નાટક વિચારવું જોઇએ. સુખદુ:ખ પોતામાં અને બીજાઓમાં જોઇને હર્ષ -વિષાદ ન કરવો જોઇએ. સમભાવથી કર્મના વિચિત્ર નાટકરૂપ જગતને જોવાનો અભ્યાસ કરવો જોઇએ.

ત્રીજો ઉપાય એ છે કે સમ્યગ્દર્શનના પ્રતાપે વિષયભોગની કાંક્ષા અથવા તેમાં ઉપાદેય. બુદ્ધિ મટાડી દેવી જોઇએ. આત્માનંદના પ્રેમી થઇને તેને માટે જ પોતાના સ્વરૂપની ભાવનામાં લાગ્યા રહેવું જોઇએ. કર્મના ઉદયથી સુખદુ:ખ આવતા સમભાવથી અથવા હેય બુદ્ધિથી અનાસકિતથી ભોગવી લેવા જોઇએ. સમ્યગ્જ્ઞાન જ રાગદ્વેષના વિકાર મટાડવાનો ઉપાય છે.

રાગદ્વેષ કષાયના ઉદયથી થાય છે તેથી સત્તામાં રહેલા બંધ પ્રાપ્ત કષાયની વર્ગણાઓનો અનુરાગ સૂકવવા માટે નિરંતર આત્માનુભવ અને વૈરાગ્યભાવનું મનન કરતા રહેવું જોઇએ. તેથી ઉદય મંદ થતો જશે,રાગદ્વેષની કાલીમા ઘટી જ જશે. આ રીતે જ્ઞાનીએ જેમ બને તેમ વીતરાગ થવાનો અને સમભાવ પામવાનો ઉપાય કરવો જોઇએ, એ જ તેમના માટે ઉચિત છે,

તત્ત્વસારમાં દેવસેનાચાર્ય કહે છે -

**रायादिया विभावा बहिरंतरदुहवियप्प मुत्तूणं ।**
**एयग्गमणो झाय हि णिरञ्जणं णिय अप्पाणं ॥१८॥**

**ભાવાર્થ** : રાગાદિક વિભાવોને અને બાહ્ય તથા અંદરના બન્ને પ્રકારના વિકલ્પોને ત્યાગી, એકાગ્રમાન થઇ, સર્વ કર્મમળરહિત નિરંજન પોતાના જ આત્માનું ધ્યાન કરો.

આત્માનુશાસનમાં કહે છે -

मुहुः प्रसार्य्य सज्ज्ञानं पश्यन् भावान् यथास्थितान् ।
प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ॥१७७।

मोहबीजाद्रतिद्वेषौ बीजान् मूलाङ्कराविव ।
तस्माज् ज्ञानाग्निना दाह्यं तदेतौ निर्दिधिक्षुणा ॥१८२॥

**ભાવાર્થ** : સમ્યગ્જ્ઞાનનો વારંવાર વિચાર કરી, પદાર્થોને જેવા છે તેવા જ તેમને જોઈને પ્રીતિ અને અપ્રીતિ મટાડીને આત્મજ્ઞાની મુનિ આત્માનું ધ્યાન કરે, જેમ બીજમાંથી મૂળ અને અંકુર થાય છે તેમ મોહના બીજથી રાગદ્વેષ થાય છે. તેથી જે રાગદ્વેષને બાળવા ઈચ્છે છે તેણે જ્ઞાનના અગ્નિથી આ મોહને બાળવો જોઈએ.

## આશા તૃષ્ણા જ સંસાર-ભ્રમણનુ કારણ છે.

आउ गलइ णवि मणु गलइ णवि आसा हु गलेइ ।
मोहु फुरइ णवि अप्प-हिउ इम संसार भमेइ ॥४९॥

મન ન ઘટે આયુ ઘટે, ઘટે ન ઈચ્છા-મોહ;
આત્મહિત સ્ફુરે નહિ, એમ ભમે સંસાર ૪૯.

**અન્વયાર્થ** : **( आउ गलइ )** આયુષ્ય ગળી જાય છે. **( मणु णवि गलइ )** પરંતુ મન ગળતું નથી. **( आसा णवि गलेइ )** ન આશા તૃષ્ણા ગળે છે. **( मोहु फुरइ )** મોહ ભાવ ફેલાતો રહે છે **( अप्पाहिउ णवि )** પરંતુ પોતાના આત્માનું હિત કરવાનો ભાવ થતો નથી. **( इम संसार भमेइ )** આ રીતે આ જીવ સંસારમાં ભ્રમણ કર્યા કરે છે.

**ભાવાર્થ** : અહીં આચાર્યે સંસાર ભ્રમણનું કારણ બતાવ્યું છે. આ માનવશરીર આયુષ્ય કર્મને આધીન રહે છે. જ્યારથી આ જીવ આ મનુષ્યગતિમાં આવે છે ત્યારથી પૂર્વે બાંધેલું મનુષ્યનું આયુષ્યકર્મ સમયે સમયે ખરતું રહે છે અને જ્યારે પૂરેપૂરું ખરી જાય છે ત્યારે જીવે મનુષ્ય દેહ છોડવો પડે છે.

ચારે ગતિઓમાં મનુષ્યગતિ બહુ ઉપયોગી છે કેમ કે નિર્વાણને યોગ્ય સંયમ, તપ, ધ્યાનાદિ આ જ મનુષ્ય ભવથી જ થઈ શકે છે તો પણ અજ્ઞાની મોહી જીવ આત્માનું ભલું કરતો નથી. આ પ્રાણી રાતદિવસ શરીરના મોહમાં ફસાઈ રહે છે. સાંસારિક સુખની ચિંતામાં મન વિચાર કર્યા કરે છે. મેં આવા આવા ભોગ ભોગવ્યા હતા, આવા ભોગ ભોગવી રહ્યો છું, આવા ભોગ ભોગવવા ઈંદ્રિયોના વિષયો એકઠા કરવાની, તેમનું રક્ષણ કરવાની ચિંતા

મનમાં સદા રહ્યા કરે છે. ઈષ્ટ વિષયોના વિયોગથી શોક થાય છે. જે સ્ત્રી, પુત્ર, મિત્ર સંબંધી વિષયોના ભોગ છે, તેમના સહાયક હોય તેમને ટકાવી રાખવાની અને પોતાની આજ્ઞામાં ચલાવવાની ભાવના ભાવે છે.. જે કોઈ વિષયોના ભોગના બાધક છે. તેમને નષ્ટ કરવાની મનમાં ચિંતા રહે છે, રાતદિવસ મન ઈષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, પીડા, નિદાનજનિત આર્તધ્યાનમાં અથવા હિંસાનંદી, મૃષાનંદી, ચૌર્યાનદી, પરિગ્રહાનંદી રૌદ્રધ્યાનમાં મગ્ન રહે છે.

મન સ્થિર કરીને મોહી જીવ વિચાર નથી કરતો કે મારું સાચું હિત શું છે. આશા તૃષ્ણાનો રોગ વિષયોનો ભોગ કરતા રહેવા છતાં પણ દિવસે દિવસે વધતો જાય છે, ઘણા જીવોને પાપના ઉદયથી ઈચ્છિત ભોગોની પ્રાપ્તિ થતી નથી. તેથી તૃષ્ણા કદી મટતી નથી. જેમને પુણ્યના ઉદયથી ઈચ્છિત ભોગોનો લાભ અને ભોગ થઈ જાય છે તેમની અંદર થોડો સમય સંતોષ દેખાય છે પણ પછી તરત જ તૃષ્ણાની માત્રા વિશેષ વધી જાય છે.

ચક્રવર્તી સમાન સંપદાધારક મનુષ્ય પણ નિત્ય ઈચ્છિત ભોગ ભોગવવા છતાં પણ કદી સંતુષ્ટ કે તૃપ્ત નથી થતો. જેમ જેમ શરીર જીર્ણ થતું જાય છે તેમ તેમ તૃષ્ણા વધતી જાય છે. સંસારનો મોહ સદા રહ્યા કરે છે. પરલોકમાં સુંદર ભોગ મળે, સ્વર્ગમાં જાઉં, મનોજ્ઞ દેવીઓની સાથે કલ્લોલ કરુ, આવી તૃષ્ણા રાખીને મોહી મનુષ્ય દાન, પૂજા, જપ, તપ, સાધુ કે શ્રાવકનું ચારિત્ર પામે છે. મિથ્યાત્વના વિષનો ત્યાગ કર્યા વિના સંસારનો પ્રેમી જીવ મરીને પુણ્યના ઉદયથી દેવ કે મનુષ્ય અને પાપના ઉદયથી તિર્યંચ કે નારકી થઈ જાય છે. ત્યાં ફરીથી તૃષ્ણાથી પ્રેરાયેલો તે રાગ, દ્વેષ અને મોહ કરે છે. આયુષ્ય પૂરું કરીને નવું આયુષ્ય બાંધ્યું હતું તે પ્રમાણે ફરી બીજી ગતિમાં ચાલ્યો જાય છે.

આ રીતે અજ્ઞાન અને તૃષ્ણાને કારણે એ અનાદિથી ચાર ગતિરૂપ સંસારમાં ભ્રમણ કરતો આવ્યો છે. જ્યાં સુધી તે આત્મહિતને નહિ ઓળખે, સમ્યગ્દર્શન નહિ પામે, ત્યાં સુધી ભ્રમણ કર્યા જ કરશે. તેથી બુદ્ધિમાન મનુષ્યે પોતાના આત્મા ઉપર કરુણાભાવ લાવીને તેને જન્મ, જરા, મરણાદિ દુઃખોથી બચાવવા માટે ધર્મનું શરણ ધારણ કરવું જોઈએ. ધર્મ જ ઉદ્ધાર કરનાર છે, પરમ સુખ આપનાર છે.

સ્વયંભૂસ્તોત્રમાં કહ્યું છે-

**तृष्णार्चिषः परिदहन्ति न शान्तिरासा-**
**मिष्टेन्द्रियार्थविभवैः परिवृद्धिरेव ।**

**स्थित्यैव काय परितापहरं निमित्त-**
**मित्यात्मवान्विषय सौख्यपराङ्मुखोऽभूत्** ॥८२॥

**ભાવાર્થ** : તૃષ્ણાની જ્વાળાઓ જળ્યા કરે છે, ઈચ્છિત ઈન્દ્રિયોના ભોગ ભોગવવા છતાં પણ તેમને શાંતિ થતી નથી, પરંતુ જ્વાળાઓ વધ્યા જ કરે છે. ભોગ સમયે શરીરનો કાંઈક તાપ મટે છે પરંતુ તરત જ પાછો વધી જાય છે. આમ સમજીને આત્મજ્ઞાની સ્વામી કુન્થુનાથ ભગવાન ઈંદ્રિયોના વિષય સુખથી વિરક્ત થઈ ગયા.

આત્માનુશાસનમાં કહ્યું છે-

**शरीरमपि पुष्णन्ति सेवन्ते विषयानपि ।**
**नास्त्यहो दुष्करं नृणां विषाद्वाञ्छन्ति जीवतम् ॥१९६॥**

**ભાવાર્થ** : મનુષ્ય સદાય શરીરને પોષે છે અને વિષય ભોગ ભોગવતો રહે છે. આથી વધારે ખરાબ કામ બીજું શું હોય ? તે વિષ પીને જીવન ચાહે છે. તે ભવોભવ કષ્ટ પામશે.

## આત્મપ્રેમી જ નિર્વાણના પાત્ર છે.

**जेहउ मणु विसयहँ रमइ तिसु जइ अप्प मुणेइ ।**
**जोइउ भणइ हो जोइयहु लहु णिव्वाणु लहेइ ॥५०॥**

**જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;**
**શીઘ્ર મળે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન. ૫૦.**

**અન્વયાર્થ : (जोइउ भणइ)** યોગી મહાત્મા કહે છે **(हो जोइयहु)** હે યોગી જનો ! **(मणु जेहउ विसयहं रमइ)** જેમ મન વિષયોમાં રમણ કરે છે **(जई तिसु अप्प मुणेई)** જો તેવી જ રીતે આ મન આત્માના જ્ઞાનમાં રમે તો **(लहु णिव्वाणु लहेहि)** શીઘ્ર જ નિર્વાણ પ્રાપ્ત કરી લે.

**ભાવાર્થ** : યોગેન્દ્રાચાર્ય યોગીઓને કહે છે કે મનને દૃઢતાથી પોતાના આત્મામાં રમાડવું જોઈએ. તો જ વીતરાગતાના પ્રકાશથી શીઘ્ર જ નિર્વાણની પ્રાપ્તિ થશે. આત્મવીર્યના પ્રયોગથી જ દરેક કામનો પુરુષાર્થ થાય છે. અજ્ઞાની જીવ પાંચેય ઈંદ્રિયોના વિષયોમાં જેટલી આસક્તિથી રમે છે તેવી જ આસક્તિ જ્ઞાની જીવ પોતાના આત્માની રમણતામાં કરે છે. વિષયો તરફની આસક્તિથી મનને બિલકુલ ખસેડી લે છે.

સ્પર્શેન્દ્રિયને વશીભૂત થઈ હાથી ઉન્મત્ત થતો જાય છે, પકડાઈ જાય છે તો પણ વિષયની આસક્તિને છોડતો નથી. રસના ઈંદ્રિયને વશ થઈને એક માછલું જાળમાં પકડી લેવામાં આવે છે. ઘ્રાણેન્દ્રિયને વશ થઈને એક ભમરો કમળમાં બંધાઈને પ્રાણ આપી દે છે. ચક્ષુ ઈંદ્રિયને

વશ થઈને પતંગિયું દીવાની જ્યોતમાં ભસ્મ થઈ જાય છે. કર્ણ ઈન્દ્રિયને વશ થઈને હરણ જંગલમાં પકડાઈ જાય છે. આ જીવોને ઈંદ્રિયોના ભોગોમાં જેવી આસક્તિ હોય છે તેવી જ આસક્તિ જ્ઞાનીએ આત્માની રમણતામાં રાખવી જોઈએ. દિવસ રાત આત્માનું જ સ્મરણ કરવું જોઈએ. આત્માનો જ સ્વાદ લેવો જોઈએ. વિષય કષાયનો સ્વાદ ન લેવો જોઈએ.

આત્માના રસમાં એવા રસિક થઈ જવું જોઈએ કે માન, અપમાન, લાભ, અલાભ, સોનું કે કથીર, સ્ત્રી, પુરુષ, જીવનમરણ, દુઃખસુખમાં સમભાવ રાખવો જોઈએ. જેમ ધતૂરો ખાનાર દરેક જગ્યાએ પીળો રંગ દેખે છે તેવી જ રીતે આત્મપ્રેમી દરેક જગ્યાએ આત્માને જ દેખે છે. શુદ્ધ નિશ્ચયનયથી તેને જેવી રીતે પોતાનો આત્મા પરમાત્મારૂપ શુદ્ધ દેખાય છે તેવી જ રીતે દરેક આત્મા પરમાત્મારૂપ શુદ્ધ દેખાય છે. તેની તીક્ષ્ણદષ્ટિથી ભેદજ્ઞાનના પ્રયત્નથી પુદ્ગલાદિ પાંચ દ્રવ્યોનું દર્શન છૂપાઈ જાય છે. કેવળ આત્મા જ આત્મા લોકભરમાં દેખાય છે. પછી તો આ લોક એક શુદ્ધ આત્મિક સાગર બની જાય છે. તે જ આત્મસાગરમાં તે આત્મજ્ઞાની એક મહામત્સ્ય થઈ જાય છે. તે જ આત્મસાગરમાં વાસ કરે છે, તેમાં જ કલ્લોલ કરે છે, તે જ આત્મજળનું પાન કરે છે, તેના જ આનંદમાં મગ્ન રહે છે.

જ્ઞાની જીવ એવા આત્મરસિક થઈ જાય છે કે ત્રણ લોકની વિષય સંપદા તેને જીર્ણ તૃણ સમાન દેખાય છે. એ જ કારણે મોટા મોટા સમ્રાટો રાજ્ય વૈભવ, સ્ત્રીપુત્રાદિ સર્વ પરિવારનો ત્યાગ કરી, પરિગ્રહના સંયોગથી રહિત થઈ, એકાકી વનમાં નિવાસ કરે છે અને નિર્મોહી બની, ખૂબ પ્રેમ અને ઉત્સાહથી આત્મિક રસના સ્વાદમાં તન્મય થઈ જાય છે, વિષયો તરફથી પરમ ઉદાસીન થઈ જાય છે. મનને સર્વ તરફથી રોકીને આત્માના રસમા એવું તરબોળ કરી દે છે કે મન પાણીમાં ડૂબેલી મીઠાની કણીની જેમ આત્મરસમાં ઓગળી જાય છે. મન મરી જાય છે, કેવળ આત્મા જ આત્મા રહી જાય છે. આવા આત્મસ્થિત યોગી પરિષહો આવવા છતાં પણ વિચલિત થતા નથી, શીઘ્ર જ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ થઈને ક્ષપક શ્રેણીએ ચડીને ઘાતીકર્મોનો એક અંતર્મુહૂર્તમાં ક્ષય કરીને કેવળજ્ઞાની થઈ જાય છે. તે જ શરીરથી શરીરરહિત થઈને સિદ્ધપદની પ્રાપ્તિ કરી લે છે.

ઈષ્ટોપદેશમાં પૂજ્યપાદ મહારાજ કહે છે-

**अविधामिदुरं ज्योतिः परं ज्ञानमय महत्**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्रष्टव्यं मुमुक्षुभिः ॥४९॥**

**संयम्य करणग्राममेकाग्रत्वेन चेतसः ।**
**आत्मनमात्मवान्ध्यायेदात्मनैवात्मनि स्थितं ॥२२॥**

परीषहाद्यविज्ञानादास्त्रवस्य निरोधिनी ।
जायतेऽध्यात्मयोगेन कर्मणामाशु निर्जरा ॥२४॥

ભાવાર્થ : અજ્ઞાન રહિત શ્રેષ્ઠ જ્ઞાનમય જ્યોતિ અંતરમાં પ્રકાશમાન છે. મોક્ષાર્થીને માટે ઉચિત છે કે તેણે તે જ આત્મજ્યોતિના વિષયમાં પ્રશ્ન પૂછવા તેની જ ઈચ્છા કરવી એને તેના જ દર્શન કરવા. પાંચ ઈંદ્રિયોના સમૂહને સંયમમાં લાવીને, ચિત્તને એકાગ્ર કરીને આત્મજ્ઞાનીએ આત્મામાં જ સ્થિત થઈને, આત્માદ્વારા પોતાના આત્માનું ધ્યાન કરવું ઉચિત છે. જ્યારે અભ્યાસ કરતા કરતા આત્મિક યોગ એટલો વધી જાય કે ક્ષુધા, તૃષા, ડાંસ મચ્છર આદિ પરીષહો તરફ લક્ષ જ ન રહે ત્યારે આસ્રવનો નિરોધ થઈને શીઘ્ર જ કર્મોની નિર્જરા થવા માંડે છે અને તે યોગી કર્મરહિત પરમ પુરુષ થઈ જાય છે.

## શરીરને નરકનું ઘર જાણો.

जेहउ जज्जरु णरय-घरु तेहउ बुज्झि सरीरु ।
अप्पा भावहि णिम्मलउ लहु पावहि भव तीरु ॥५१॥

નર્કવાસ સમ જર્જરિત, જાણો મલિન શરીર,
કરી શુદ્ધાત્મ ભાવના, શીઘ્ર લહો ભવતીર. ૫૧.

અન્વયાર્થ - ( जेहउ णरय घरु जज्जरु) જેવો નરકનો વાસ આપત્તિઓથી ભરેલો છે ( तेहउ सरीस बुज्झि ) તેવું જ શરીરના નિવાસને સમજો. ( णिम्मलउ अप्पा भावहि ) નિર્મળ આત્માની ભાવના કરો ( लहु भवतीरु पावहि ) શીઘ્ર જ સંસારથી પાર થશો.

ભાવાર્થ : શરીરને નરકની ઉપમા આપી છે. નરકમાં સર્વ અવસ્થા ખરાબ અને ગ્લાનિ ઉપજાવે તેવી હોય છે જેમ કે, દુર્ગંધવાળું મૂત્ર, ખારું પાણી, અંગ છેદી નાખે તેવી હવા, તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાનવાળાં વૃક્ષ, વિકરાળ વન અને પરસ્પર દુઃખ આપતા નારકીઓ. નરકવાસમાં ક્ષણમાત્ર પણ શાતા નથી. ભૂખ તરસની પીડા મટતી નથી, આકુળતાનો પ્રવાહ સદા વહ્યા કરે છે. નરકનો વાસ કોઈપણ પ્રકારે સુખદાયક નથી. નારકીના જીવો હર સમય નરકમાંથી બહાર નીકળવા ઈચ્છે છે પરંતુ તે અસમર્થ છે. કર્મને આધીન થઈને નરકમાં આયુષ્ય હોય ત્યાં સુધી રહેવું પડે છે અને છેદન, ભેદન, મારણ, પીડન સહેવા પડે છે.

મનુષ્યનું આ શરીર પણ નરક જેવું છે. અંદર માંસ, ચરબી, લોહી, હાડકાં, વીર્ય અને મળમૂત્રથી ભરેલું છે, અંદર અનેક જંતુઓ ખદબદે છે, શરીર ઉપરની ચામડી ખસેડી લેવામાં આવે તો પોતાને જ આ શરીર પ્રત્યે ઘૃણા થઈ જાય, માખીઓ અને માંસાહારી જંતુઓથી એ

ઘેરાઈ જાય. આ શરીરની અંદરથી નવદ્વારોમાંથી મળ જ નીકળ્યા કરે છે. કરોડો રોમના છિદ્રોમાંથી પણ મળ જ નીકળે છે. તે કરોડો રોગોનું સ્થાન છે. નિરંતર ભૂખતરસથી પીડાયા કરે છે, ભોજન-પાણી મળવા છતાં પણ ભૂખતરસનો રોગ શાંત થતો નથી. શરીર એવું ગંદું જ અશુચિ છે કે સુંદર અને પવિત્ર પુષ્પમાળા, વસ્ત્રાભૂષણ જળ આદિ શરીરનો સંગ પામતાં જ અશુચિ થઈ જાય છે. શરીરમાં પાંચ ઈંદ્રિયો હોય છે. તેમને પોતપોતાના વિષય ભોગવવાની ખૂબ તૃષ્ણા હોય છે.

ઈચ્છા પ્રમાણે ભોગ મળતા નથી. જો મળે છે તો બરાબર ટકી રહેતા નથી. તેમનો વિયોગ થતાં કષ્ટ થાય છે અને નવા નવા વિષયોની તૃષ્ણા ઉત્પન્ન થયા કરે છે. તૃષ્ણાની જ્વાળા વધતી જ જાય છે. તેની બળતરાથી આ જીવ નિરંતર કષ્ટ પામે છે. કુટુંબીજનો અને સ્વાર્થી મિત્રો સૌ પોતપોતાનો જ સ્વાર્થ સાધવા ઈચ્છે છે. મતલબ વિના માતાપિતા, ભાઈ, પુત્ર, પુત્રી, બહેન, ભાણેજ વગેરે કુટુંબજનો સ્નેહ રાખતાં નથી. સૌ એકબીજા પાસેથી સુખ મેળવવાની આશા રાખે છે. વિષયોના ભોગમાં પરસ્પર સહાય ઈચ્છે છે. જો તેમનો સ્વાર્થ સિદ્ધ થતો નથી તો તેઓ જ સાધક અને ઘાતક બની જાય છે.

શરીરમાં બાળપણ પરવશપણે ઘણા જ કષ્ટથી વીતે છે. યુવાનીમાં ઘોર તૃષ્ણા શાંત કરવા માટે ધર્મની પણ દરકાર ન કરતાં ઉદ્યમ કર્યા કરે છે. વૃદ્ધાવસ્થામાં અશક્ત થઈને ઘોર શારીરિક અને માનસિક વેદના સહે છે. ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનાં ઘોર કષ્ટ સહેવાં પડે છે. રાતદિવસ ચિંતાઓની ચિતામાં જળ્યા કરે છે. નારકીની જેમ આ મનુષ્ય આ શરીરમાં સદા ક્ષુબ્ધ અને દુ:ખી રહે છે.

નરકમાં વિષયભોગની સામગ્રી નથી. મનુષ્યગતિમાં વિષયોની સામગ્રી મળી જાયછે. તેમના ભોગના ક્ષણિક સુખના લોભમાં એ અજ્ઞાની મનુષ્ય નરકસમાન આ શરીરમાં રહેવું પસંદ કરેછે અને એવો ઉદ્યમ કરતો નથી કે ફરીથી આ શરીર જ પ્રાપ્ત ન થાય. પરોપકારી આચાર્ય શિખામણ આપેછે કે આ નરકવાસ જેવા શરીરના નિવાસમાં મોહ કરવો તે મૂર્ખાઈ છે.

આ મનુષ્ય શરીરથી એવું સાધન થઈ શકે છે કે ફરી ક્યાંય પણ શરીર ધારણ કરવું ન પડે. નિર્વાણરૂપી પદનો લાભ જે સંયમ અને ધ્યાનથી થાય છે તે સંયમ અને ધ્યાન મનુષ્યદેહમાં જ થઈ શકે છે. નારકી જીવ સંયમનું પાલન કરી શકતા નથી તેથી આ શરીરનો મોહ ત્યાગવો તે જ ઉચિત છે.

આ શરીરને ચાકરની જેમ યોગ્ય ભોજન-પાન આપીને પોતાના કામમાં સહાયક થવા યોગ્ય બનાવવું જોઈએ અને એના દ્વારા ધર્મનું સાધન કરવું જોઈએ. નિજ આત્માને ઓળખવો જોઈએ. તેના મૂળ સ્વભાવનું શ્રદ્ધાન કરીને તેનું જ નિરંતર મનન કરવું જોઈએ તો એ થોડા

જ સમયમાં તે જ ભવમાં અથવા થોડાક ભવોમાં મુક્ત થઈ જશે, શરીર રહિત શુદ્ધ થશે. પછી કદી શરીરનો સંયોગ નહિ થાય.

સ્વયંભૂ સ્તોત્રમાં કહ્યું છે -

**अजङ्गमं जंगमनेययन्त्रं यथा तथा जीवधृतं शरीरम् ।**
**बीभत्सु पूति क्षयि तापकं च स्नेहो वृथात्रेति हितं त्वमाख्यः ॥३२॥**

**ભાવાર્થ** : હે સુપાર્શ્વનાથ સ્વામી ! આપે આ હિતકારી શિખામણ આપી છે કે આ શરીર જીવનું ચલાવ્યું ચાલે છે, જેમ એક સ્થિર યંત્ર કોઈ મનુષ્ય દ્વારા ચલાવવાથી ચાલે છે. આ ઘૃણાનું સ્થાન ભયપ્રદ છે, અશુચિ છે, નાશવંત છે, દુઃખોનો સંતાપ આપનાર છે. આ શરીરમાં સ્નેહ કરવો નિરર્થક છે, સ્વયં આપત્તિઓનો સામનો કરવા બરાબર છે.

આત્માનુશાસનમાં કહ્યું છે-

**अस्थिस्थूलतुलाकलापघटितं नद्धं शिरा स्नायुभि-**
**श्चर्माच्छादितमस्त्रसान्द्रपिशितैर्लिप्तं सुगुप्तं खलैः ।**
**कर्मारातिभिरायुरुच्चनिगलालग्नं शरीरालयं**
**कारागारमवेहि ते हतमते प्रीतिं वृथा मा कृथाः ॥५९॥**

**ભાવાર્થ** : હે મૂર્ખ, આ તારું શરીરરૂપી ઘર દુષ્ટ કર્મશત્રુઓએ બનાવેલું એક કેદખાનું છે, ઈંદ્રિયોના મોટા પાંજરાથી બનાવેલું છે, નસોની જાળથી વીંટાળાયેલું છે, લોહી અને માંસથી લેપાયેલું છે, ચામડાથી ઢાંકેલું ગુપ્ત છે, આયુષ્ય કર્મની બેડીથી બંધાયેલ છે. આવા શરીરને કેદખાનું જાણ. નકામો પ્રેમ કરીને પરાધીનતાના કષ્ટ ન ઉઠાવ એમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર.

## જગતના કાર્યોમાં ફસાયેલ જીવ આત્માને ઓળખતો નથી.

**धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति ।**
**तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति ॥५२॥**

વ્યવહારિક ધંધે ફસ્યા, કરે ન આતમજ્ઞાન;
તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૨.

અન્વયાર્થ (**सयल जगि धंधइ पडियउ**) જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે, તલ્લીન છે, (**अप्पा हु णवि मुणंति**) તેથી નિશ્ચયથી આત્માને નથી માનતા. (**तहिं कारणि ए जीव णिव्वाणु ण हु लहंति फुडु**) આજ કારણ છે જેથી જીવ નિર્વાણ પામતા નથી એ વાત સ્પષ્ટ છે.

**ભાવાર્થ :** સકળ સંસાર શરીરમાં પ્રાપ્ત ઈંદ્રિયોના વિષયોને તથા ભૂખ તરસના રોગ શમનને આધીન થઈને દિવસરાત વર્ત્યા કરે છે. પોતપોતાના શરીરનું રક્ષણ કરવાના કાર્યમાં સૌ મગ્ન થઈ ગયા છે. એકેન્દ્રિયથી ચાર ઈંદ્રિય પ્રાણી સુધી મન રહિત હોય છે તો પણ દિવસરાત આહારની ખોજમાં રહે છે, બીજાથી ભયભીત રહે છે, મૈથુનભાવમાં વર્તે છે, પોતાના શરીર ઉપર મૂર્ચ્છા રહે છે. આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ એ ચાર સંજ્ઞા સર્વ પ્રાણીઓમાં જોવામાં આવે છે.

મનરહિત પંચેન્દ્રિયને હિત અહિતના વિચાર કરવાની શક્તિ નથી. ઈંદ્રિયોની તૃષ્ણાથી પ્રેરાયેલા તે નિરંતર આચરણ કરે છે. મન સહિત પંચેન્દ્રિયોમાં આત્મા અને અનાત્માનો વિવેક થવાની શક્તિ છે પરંતુ આ સંજ્ઞી પ્રાણી પણ સાંસારિક વ્યવસાયોમાં એટલા ફસાયેલા રહે છે કે હું કોણ છું, મારું શું કર્તવ્ય છે એ પ્રશ્ન ઉપર ધ્યાન જ દેતા નથી.

નારકી જીવોનું એ જ કાર્ય છે કે બીજાઓનો માર ખાવો અને બીજાઓને મારવા છે તે પીડા ઉપજાવવામાં જ રત રહે છે. દેવગતિના જીવો રાગભાવમાં એવા ફસાયેલા રહે છે કે તેમને નાચ, ગાન, બજાવવું, દેવીઓ સાથે રતિક્રીડા વગેરે રાગવર્ધક કાર્યોમાં ફસાયેલા રહેવાના કારણે વિચારવાનો અવકાશ મળતો નથી. પંચેન્દ્રિય સંજ્ઞી તિર્યંચો પણ અસંજ્ઞીની જેમ ચાર સંજ્ઞાઓમાં લાગ્યા રહે છે. પેટની જ્વાળા શાંત કરવાનો ઉદ્યમ કર્યા કરે છે. મનુષ્યોની દશા પ્રત્યક્ષ પ્રગટ છે. તેઓ અસિ, મસિ (લેખનકાર્ય), કૃષિ, વાણિજ્ય, શિલ્પ કે વિદ્યાકર્મ, સેવાકર્મ, પશુપાલન આદિ અનેક વ્યવસાયોમાં રોકાઈને પોતાના અને પોતાના કુટુંબ માટે પૈસા કમાય છે, ભોજનપાનની વ્યવસ્થા કરે છે. સ્ત્રી સાથે સમાગમ કરીને સંતાનોની ઉત્પત્તિ કરે છે, પછી તેમના પાલનપોષણમાં, તેમને ભણાવવામાં, તેમના વિવાહાદિ કાર્યોમાં, તેમના રોગાદિ દૂર કરવામાં લાગી રહે છે.

માન કષાયની તીવ્રતાથી મનુષ્યોને પોતાની પ્રસિદ્ધિ કરવાની તીવ્ર ઈચ્છા રહે છે. તેથી ધનાદિનો સંગ્રહ કરીને ભિન્ન ભિન્ન પ્રકારનાં કાર્યો વડે પોતાનો યશ ફેલાવવા ઈચ્છે છે. મનુષ્યોમાં પાંચ ઈંદ્રિયોના ભોગની તૃષ્ણા ઘણી પ્રબળ હોય છે. તેમની તૃપ્તિ માટે નિત્ય નવા નવા ભોગોની ઈચ્છા કરે છે. તે માટે અનેક છળ કરીને પણ ધનનો સંગ્રહ કરે છે. ધન અને પરિગ્રહની રક્ષામાં ચિંતિત રહે છે. સ્ત્રીનો સંબંધ થવાથી કુટુંબના સંબંધો ઘણા વધી જાય છે. સંબંધીઓના જીવન મરણમાં, વિવાહાદિ કાર્યોમાં લાગ્યા રહે છે. મનુષ્યોને એટલા બધા કામોની ચિંતા રહે છે કે એક દિવસના ચોવીસ કલાક પૂરા થતા નથી. દિવસ અને રાત મોહની જાળમાં ફસાઈને વ્યાકુળ રહે છે. કદિ પણ મનને શાંત કરીને હું કોણ છું, એ બાબત ઉપર ગંભીરતાથી વિચાર કરતા નથી.

કોઈ પરોપકારી ગુરુ આત્મહિતની વાત સંભળાવવા ઈચ્છે છે તો તેના તરફ ધ્યાન દેતા નથી. ત્યાગ અને વૈરાગ્યની વાત તેમને કડવી લાગે છે, અર્થ અને કામના પુરુષાર્થમાં અને તેમને સફળ કરવા પુણ્યના લોભથી વ્યવહાર ધર્મનું આચરણ કરવામાં એટલા તન્મય રહે છે કે નિશ્ચયધર્મ વિષે વિચારવાનો એક મિનિટનોય અવકાશ લેતા નથી. આ રીતે ઘણું કરીને આખુંય જગત ભ્રમિત થઈને કર્મો બાંધીને ચારે ગતિઓમાં ભ્રમણ કર્યા કરે છે. સંસારથી પાર ઊતરવાનો ઉપાય જે આત્મદર્શન છે તેની પ્રાપ્તિ કદી કરી શકતા નથી.

આત્માનુશાસનમાં કહ્યું છે-

**बाल्ये वेत्सि न किञ्चिदप्यपरिपूर्णाङ्गो हितं वाहितं**
**कामान्धः खलु कामिनीद्रुमधने भ्राम्यन्वने यौवने ।**
**मध्ये वृद्धतृषार्ज्जितुं वसुपशुः क्लिश्नासि कृष्यादिभि-**
**र्वृद्धो वार्द्धमृतः क्व जन्मफलिते धर्मो भवेन्निर्मलः ॥८९॥**

**ભાવાર્થ** : બાળવયમાં અંગ પરિપૂર્ણ હોતાં નથી તેથી અજ્ઞાની રહીને પોતાના હિત-અહિતનો વિચાર કરી શકતો નથી. યુવાનીમાં કામથી અંધ બનીને સ્ત્રીરૂપી વૃક્ષોથી ભરેલા વનમાં ભટકતો રહે છે. આધેડ ઉંમરે તૃષ્ણા વધારીને અજ્ઞાની પ્રાણી ખેતી આદિ કાર્યો દ્વારા ધન મેળવવાનું કષ્ટ પામ્યા કરે છે. એટલામાં ઘડપણ આવી જાય છે એટલે અધમરો થઈ જાય છે. ભલા ભાઈ ! આપણે મનુષ્યજન્મ સફળ કરવા માટે નિર્મળ ધર્મ ક્યારે કરીએ છીએ ? મનુષ્ય પોતાનું અમૂલ્ય જીવન વિષયો પાછળ ગુમાવી દે છે. તે આત્મહિત કરતો નથી અને ભવભ્રમણમાં જ દુઃખ ભોગવે છે.

## આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રપઠન પણ નિષ્ફળ છે.

**सत्थ पढं तह ते वि जड अप्पा जेण मुणंति ।**
**तहिं कारणि ए जीव फडु ण हु णिव्वाणु लहंति ॥५३॥**

**શાસ્ત્રપાઠી પણ મૂર્ખ છે, જે નિજતત્ત્વ અજાણ;**
**તે કારણ જગજીવ તે, પામે નહિ નિર્વાણ. ૫૩.**

**અન્વયાર્થ** - (**सत्य पढंतह ते अप्पा ण मुणंति जे वि जड**) શાસ્ત્રો ભણવા છતાં જે આત્માને નથી ઓળખતા તે પણ અજ્ઞાની છે (**तहिं कारण ए जीव फडु ण हु णिव्वाणु लहंति**) તે જ કારણે આવા શાસ્ત્રપાઠી જીવો પણ નિર્વાણને પામતા નથી, એ વાત સ્પષ્ટ છે.

**ભાવાર્થ** : કેટલાય વિદ્વાન અથવા સ્વાધ્યાય કરનારા વ્યાકરણ, ન્યાય, કાવ્ય, વૈદક, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર આદિ અનેક વિષયના શાસ્ત્ર જાણે છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયના વિષય ઉપર

લક્ષ આપતા નથી. અધ્યાત્મ જ્ઞાનથી વંચિત રહે છે. આત્મા જ નિશ્ચયથી પરમાત્મા દેવ છે. એવો અનુભવ તેમને થતો નથી તેથી તેઓ પણ જડ જેવા જ આત્મજ્ઞાન વિનાના છે. તેઓ મોક્ષમાર્ગ ન પામીને નિર્વાણની પ્રાપ્તિ પણ કરી શકતા નથી. જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે. એટલા જ માટે ચારે અનુયોગોના ગ્રંથો વાંચીને, શાસ્ત્રીય વિષય જાણીને, મુખ્યપણે એ જાણવું જોઈએ કે આ જગત જીવાદિ છ દ્રવ્યોનો સમુદાય છે. દરેક દ્રવ્ય નિત્ય છે તો પણ પર્યાય બદલવાની અપેક્ષાએ અનિત્ય છે.

જગત પણ નિત્ય અનિત્ય સ્વરૂપ અનાદિ અનંત છે. આ છ દ્રવ્યોમાંથી ધર્મ, અધર્મ, આકાશ અને કાળ સદાય શુદ્ધ, ઉદાસીન અને નિશ્ચળ રહે છે. શુદ્ધ આત્માઓ પણ નિશ્ચળ અને ઉદાસીન રહે છે. સંસારી આત્માઓ કર્મ પુદ્‌ગલો સાથે સંયોગવાળા હોવાથી અશુદ્ધ છે. કર્મોના ઉદયથી જ ઔદારિક, વૈક્રિયિક આદિ શરીરો બને છે. આ જીવ સ્વયં જ મન, વચન, કાયાના આચરણ વડે કર્મોનું ગ્રહણ કરીને કષાયો અનુસાર બાંધે છે.

પોતે જ પોતાના રાગ, દ્વેષ, મોહની પરિણતિના નિમિત્તે એક તરફ બંધાયા કરે છે, બીજી તરફ કર્મોનું ફળ ભોગવીને નિર્જરા કરતો રહે છે. આ રીતે પરમ પુણ્યનું ફળ ભોગવતો થકો સંસારમાં જન્મ, જરા, મરણં ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગના ઘોર કષ્ટ પામે છે. આ દુઃખમાંથી મુક્ત થવાનો ઉપાય રત્નત્રયરૂપ ધર્મની પ્રાપ્તિ છે કે જેથી સંવર થઈ નવીન કર્મોનું આગમન અટકે અને જૂના બંધાયેલાં કર્મોની અવિપાક નિર્જરા થાય. સમય પહેલાં જ ફળ આપ્યા વિના કર્મ ખરી જાય જેથી આ આત્મા કર્મના સંયોગથી બિલ્કુલ છૂટીને મુક્ત થઈ જાય. આ રીતે વ્યવહારનયથી વિસ્તારરૂપ જીવાદિ સાત તત્ત્વોનો બુદ્ધિમાં સારી રીતે નિર્ણય કરીને તેમનું સ્વરૂપ શ્રદ્ધામાં લાવવું અને એમ માનીને દૃઢ કરવું કે મારે શુદ્ધ થવું છે. પછી એમ સમજવું કે નિશ્ચયથી એટલે કે દ્રવ્ય દૃષ્ટિથી આ મારો આત્મા શુદ્ધ છે, પાણી અને દૂધની પેઠે કર્મો સાથે એકમેક થઈ રહ્યો છે તો પણ જેમ પાણી અને દૂધ બન્ને ભિન્ન ભિન્ન છે તેમ આત્મા સર્વ કર્મોથી શરીરોથી અને રાગાદિ વિભાવોથી ભિન્ન છે.

ભેદજ્ઞાનની કળા પ્રાપ્ત કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પામવા માટે નિત્ય ભેદવિજ્ઞાનનું મનન કરવું. એકાંતમાં બેસીને જગતને અને પોતાને દ્રવ્યદૃષ્ટિથી જોઈને છયે દ્રવ્યોને જુદા જુદા શુદ્ધ દેખવા, વીતરાગતા વધારવાનો ઉદ્યમ કરવો, સમભાવ લાવવાનો ઉપાય કરવો, નિરંતર અધ્યાત્મનું જ મનન કરવું. ઘણા અભ્યાસ પછી આ જીવ કરણલબ્ધિ પામીને અનંતાનુબંધી ચાર કષાય અને મિથ્યાત્વ આદિ ત્રણ દર્શન મોહનીય પ્રકૃતિઓનો ઉપશમ કરીને સમ્યગ્દૃષ્ટિ થાય છે. ત્યારે અંદર આત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે. આત્માનંદનો અનુભવ થાય છે ત્યારે જ મોક્ષમાર્ગનો પત્તો મળે છે. સર્વ શાસ્ત્રોના ભણતરનો હેતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે. જો એ ન પ્રાપ્ત થાય તો શાસ્ત્રોનું ભણતર કાર્યકારી થયું ન કહેવાય.

અનેક જીવો વ્યવહાર શાસ્ત્રમાં કુશળ થઈને વિદ્યાનો મદ કરીને ઉન્મત્ત થઈ જાય છે, કષાયની મલિનતા વધારી દે છે. તેઓ ખ્યાતિ, પૂજા, લાભના પ્રેમી થઈને સાંસારિક વિષયકષાયની પુષ્ટિ માટે જ જ્ઞાનનો ઉપયોગ કરે છે, તેઓ કદી આધ્યાત્મિક ગ્રંથો વાંચતા નથી કદી આત્માના શુદ્ધ સ્વરૂપનું મનન કરતા નથી. તેમની અંદર સંસારનો મોહ ઘટવાને બદલે વધતો જાય છે. તેઓ આત્મજ્ઞાનનો પ્રકાશ પામ્યા વિના અજ્ઞાન અંધકારમાં જ જીવન વીતાવીને મનુષ્ય જન્મનું ફળ પામતા નથી. શાસ્ત્રોનું જ્ઞાન તેમને માટે સંસાર વધારનાર બની જાય છે, નિર્વાણના માર્ગથી તેમને દૂર લઈ જાય છે.

તેથી શ્રી યોગેન્દ્રાચાર્ય ઉપદેશ આપે છે કે શાસ્ત્રોના પઠનપાઠન દ્વારા પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપની રુચિ પ્રાપ્ત કરો. શુદ્ધાત્માનુભવ મોક્ષમાર્ગ છે તેને પ્રાપ્ત કરો જેથી આ જીવનમાં પણ સાચું સુખ મળે અને આગામી મોક્ષનો માર્ગ નિશ્ચિત થતો જાય અને નિર્વાણની પ્રાપ્તિ થઈ શકે.

સારસમુચ્ચયમાં કહ્યું છે -

**एतज्ज्ञानफलं नाम यच्चारित्रोद्यमः सदा ।**
**क्रियते पापनिर्मुक्तैः साधुसेवा परायणैः ॥११॥**

**सर्वद्वन्द्वं परित्यज्य निभृतेनान्तरात्मना ।**
**ज्ञानामृतं सदा पेयं चित्ताहलादनमुत्तमम् ॥१२॥**

**ભાવાર્થ** : શાસ્ત્રજ્ઞાનનું એ જ ફળ છે કે જે પાપોથી બચીને અને સાધુઓની સેવા કરીને ચારિત્ર પાળવાનો સદા ઉદ્યમ કરે. અંતરાત્મા, સમ્યગ્દષ્ટિ આત્મજ્ઞાની થઈને, સર્વ રાગાદિ વિકલ્પોને છોડી, નિશ્ચિત થઈ, પરમાનંદકારી આત્મજ્ઞાનરૂપી અમૃતનું પાન સદા કરવામાં આવે.

## ઈંદ્રિય અને મનના નિરોધથી સહજપણે આત્માનુભવ થાય છે.

**मणु-इंदिहि वि छोडियइ बहु पुच्छियइ ण कोइ ।**
**रायहँ पसरु णिवारियइ सहज उपज्जइ सोइ ॥५४॥**

**મન-ઈંદ્રિયથી દૂર થા,** શી બહુ પૂછે વાત ?
રાગ **પ્રસાર નિવારતાં,** સહજ સ્વરૂપ ઉત્પાદ. ૫૪.

અન્વયાર્થ : (**मणु बहु इंदिहि वि छोडियइ**) જે બુદ્ધિમાન મન અને ઈંદ્રિયોથી છૂટકારો પામે (**कोइ ण पुच्छियइ**) તો કોઈનેય કાંઈ પૂછવાની જરૂર રહે નહિ. (**राय हं पसरु णिवारियइ**) જ્યારે રાગનો પ્રસાર દૂર કરવામાં આવે છે. (**सहज सोइ उपज्जइ**) ત્યારે આ આત્મજ્ઞાન સહજ જ ઉત્પન્ન થઈ જાય છે.

**ભાવાર્થ** : શાસ્ત્રોના રહસ્યને જાણનારાએ, જે વ્યવહાર નિશ્ચયનયથી અથવા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનયથી છ દ્રવ્યોનું સ્વરૂપ સારી રીતે જાણતા હોય, જેમને પોતાના આત્મામાં રમણતા કરવાની ગાઢ રુચિ ઉત્પન્ન થઈ હોય, જે કર્મમળથી આત્માને છોડાવવા ઈચ્છતા હોય, આત્માધીન નિશ્ચય ચારિત્રના લાભ માટે ઉપયોગને (તેમણે) મન અને ઈંદ્રિયો તરફ જતો રોકવો જોઈએ.

ઈંદ્રિયોના વિષયોની તૃષ્ણા મટાડવી જોઈએ તથા ઈંદ્રિયો દ્વારા સ્પર્શ કરવાની, રસ લેવાની, સૂંઘવાની, જોવા, સાંભળવાની ક્રિયા બુદ્ધિપૂર્વક બંધ કરવી જોઈએ. વિષયભોગ ક્ષણિક તૃપ્તિ આપે છે, આગામી તૃષ્ણા વધારે છે એમ જાણીને સર્વ ઈંદ્રિયોના ભોગોથી પૂર્ણ વિરક્ત રહેવું જોઈએ. જો અબુદ્ધિપૂર્વક વસ્તુ સ્વભાવથી ઈંદ્રિયો દ્વારા જ્ઞાનમાં પદાર્થ આવી જાય તો વીતરાગભાવે જાણીને તેમને છોડી દેવા જોઈએ, તેમનું સ્વાગત ન કરવું જોઈએ ધ્યાનના સમયે તો ઉપયોગને ઈંદ્રિયોના વિષયો તરફથી દૃઢપણે હટાવી લેવો જોઈએ.

મનને પણ સ્થિર કરવાની જરૂર છે. મન દ્વારા પહેલાના (ભૂતકાળના) ભોગોનું સ્મરણ અને કાંક્ષા થાય છે. વૈરાગ્ય દ્વારા તેના આ સંકલ્પ-વિકલ્પ અથવા ચિંતવનને રોકવું. આત્મજ્ઞાનમાં રમણતા કરવાનો ઉપાય એ છે કે પહેલાં વ્યવહારનયથી બાર ભાવનાઓનું ચિંતવન કરીને મનને શાંત કરવું પછી નિશ્ચયનય દ્વારા જગતના દ્રવ્યોને મૂળ સ્વભાવમાં જુદા જુદા જોવા. સમભાવ લાવવાનો પ્રયાસ કરવો, પછી પોતાના જ આત્માના સ્વરૂપની શુધ્ધ ભાવના ભાવવી. ભાવના કરતા કરતા એક ક્ષણે મનનો ઉપયોગ આત્મરૂપ થઈ જશે અને આત્મામાં લીનતા થઈ જશે. અલ્પજ્ઞાની છદ્મસ્થનો ઉપયોગ અંતર્મુહૂર્તમાં થોડો જ સમય સ્થિર રહેશે પછી નિશ્ચયનય દ્વારા આત્માની ભાવનામાં આવી જવું જોઈએ. પોતાના આત્મજ્ઞાનમાં રમણતા કરવા માટે બીજાને પૂછગાછ કરવાની જરૂર નથી, સ્વયં પુરુષાર્થ કરીને રાગનો ફેલાવ મટાડવાની જરૂર છે. તત્ત્વજ્ઞાની છ દ્રવ્યોને મૂળ સ્વભાવમાં જોઈને વૈરાગી થઈ જાય છે. વાસ્તવમાં જેને અનુભવ કરવાનો તે પોતે જ છે. જેણે પોતાના આત્માના સ્વરૂપનું સારી રીતે નિર્ણયપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે તેને આત્માનું દર્શન અથવા અનુભવ રાગદ્વેષ મટતાં જ સહજમાં થઈ જાય છે.

આત્માના આનંદની ગાઢ શ્રદ્ધા સર્વ આત્મા અથવા પરપદાર્થના આશ્રિત સુખ પ્રત્યે વૈરાગ્ય ઉત્પન્ન કરી દે છે. ઈંદ્રિયોનું સુખ પરાધીન છે, વ્યવહારી જનો ઈંદ્રિય સુખની પ્રાપ્તિ માટે મનોજ્ઞ પદાર્થોની ખોજ કરીને તેમના પ્રત્યે રાગ કરે છે. આત્મજ્ઞાનીને ઈંદ્રિયસુખ તરફ ગાઢ વૈરાગ્ય હોય છે તેથી તે શીઘ્ર જ પોતાના ઉપયોગને મનોજ્ઞ કે અમનોજ્ઞ પદાર્થો પ્રત્યેથી ખસેડી લે છે. વસ્તુ સ્વરૂપનો વિચાર કરીને સમભાવમાં આવી જાય છે. રાગની જાળ મટતાં જ પોતાનું સ્વરૂપ્ર સ્વયં પ્રત્યક્ષ થઈ જાય છે.

જેમ સરોવરનું નિર્મળ પાણી જ્યારે પવનથી ડામાડોળ થાય છે ત્યારે તેમાં પોતાનું મુખ દેખાતું નથી પરંતુ જ્યારે તે તરંગરહિત નિશ્ચલ થઈ જાય છે ત્યારે પોતાનું મુખ દેખાય છે. એવી જ રીતે રાગદ્વેષની ચંચળતા મટતાં જ પોતાનો આત્મા પોતાને સ્વયં દેખાય છે, આત્માનો અનુભવ થઈ જાય છે. ઉપયોગની ચંચળતા બાધક છે. જ્યારે ઉપયોગને વૈરાગ્યની દોરીથી બાંધીને સ્થિર કરવામાં આવે છે ત્યારે સહજમાં આત્માનો પ્રકાશ થઈ જાય છે.

સમાધિશતકમાં કહ્યું છે -

**यदा मोहात्प्रजायेते रागद्वेषौ तपस्विनः ।**
**तदैव भावयेत्स्वस्थमात्मानं शाम्यतः क्षणात् ॥३९॥**

**यत्र काये मुनिः प्रेम ततः प्रच्याव्य देहिनम् ।**
**बुद्ध्या तदुत्तमे काये योजयेत्प्रेम नश्यति ॥४०॥**

**ભાવાર્થ** : જ્યારે તપસ્વીના મનમાં રાગદ્વેષ ઉત્પન્ન થાય ત્યારે તેણે શાંતભાવે ક્ષણ વાર માટે પોતાના આત્મામાં સ્થિર થઈને આત્માના શુદ્ધ સ્વભાવની જ ભાવના કરવી. જે શરીરમાં મુનિને રાગ થઈ જાય તે શરીર તરફથી પોતાના આત્માનો ભાવ ખસેડી લઈને પોતાના આત્માના ઉત્તમ જ્ઞાનમય શરીરમાં તે ભાવને જોડી દેવો જેથી રાગનો ક્ષય થઈ જશે.

## પુદ્ગલ અને જગતના વ્યવહારથી આત્માને ભિન્ન જાણો.

**पुग्गलु अण्णु जि अण्ण जिउ अण्णु जि सहु ववहारु ।**
**चयहि वि पुग्गलु गहहि जिउ लहु पावहि भवपारु ॥५५॥**

**જીવ-પુદ્ગલ બે ભિન્ન છે, ભિન્ન સકળ વ્યવહાર;**
**તજ પુદ્ગલ ગ્રહ જીવ તો, શીઘ્ર લહે ભવપાર. ૫૫.**

**અન્વયાર્થ** : (**पुग्गलु अण्णु जि**) મૂર્તિક પુદ્ગલનો સ્વભાવ જીવથી જુદો છે (**जिउ अण्णु**) જીવનો સ્વભાવ પુદ્ગલ આદિથી ન્યારો છે. (**सहु ववहारु अण्णु जि**) અને જગતના બધા વ્યવહાર પ્રપંચ પણ પોતાના આત્માથી જુદા છે. (**पुग्गलु चयहि वि जिउ गहहि**) પુદ્ગલ આદિને છોડીને જો પોતાના આત્માનું ગ્રહણ કરવામાં આવે (**लहु भवपारु पावहि**) તો શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય.

**ભાવાર્થ** : સંસારથી પાર થવાનો ઉપાય એક પોતાના જ આત્માનું સર્વ પર દ્રવ્યો અને પરભાવોથી ભિન્ન ગ્રહણ કરીને તેનો જ અનુભવ કરવો તે છે. જ્ઞાની એમ વિચારે છે કે દરેક દ્રવ્યની સત્તા જુદી જુદી રહે છે. મૂળમાં એક દ્રવ્ય બીજા સાથે મળીને એકરૂપ થતું નથી કે ન એક દ્રવ્યના ટુકડા થઈને બે કે અનેક દ્રવ્ય બને છે. બધાં જ દ્રવ્યો પોતાના અનંત ગુણો અને

પર્યાયો સહિત ટકી રહે છે. માટે મારું આત્મદ્રવ્ય પ્રગટપણે અન્ય સર્વ સંસારી અને સિદ્ધ આત્માઓથી ભિન્ન છે.

અન્ય આત્માઓના જ્ઞાન, સુખ, વીર્ય, ચારિત્ર ભિન્ન છે. મારા આત્માના જ્ઞાન, સુખ, વીર્ય, ચારિત્ર ભિન્ન છે. નિશ્ચયથી સર્વ આત્માઓ સરખા છે, ગુણોમાં સમાન છે તો પણ દરેકની સત્તા જુદી જુદી છે. અનુભવ સૌને પોતપોતાનો છે તથા આ મારો આત્મા સર્વ જગતના અણુમાં, સ્કંધ રૂપ પદ્‌ગલોમાં નિરાળો છે - પુદ્‌ગલ મૂર્તિક અચેતન છે, હું અમૂર્તિક ચેતન છું. એવી જ રીતે આ મારો આત્મા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્યાત કાળાણુઓથી ભિન્ન છે કેમ કે એ ચારેય દ્રવ્ય અમૂર્તિક અચેતન છે.

મારી સાથે જેનો અનાદિથી સંબંધ ચાલ્યો આવે છે એવા તૈજસ અને કાર્મણ શરીર મારાથી ભિન્ન છે કેમ કે તે પુદ્‌ગલમય તૈજસ અને કાર્મણ વર્ગણાઓથી બનેલાં છે. તેમનું સ્વરૂપ અચેતન છે, મારું સ્વરૂપ ચેતન છે. મેં ઔદારિક અને વૈક્રિયિક શરીર ચારે ગતિઓમાં વારંવાર ધારણ કર્યા છે અને છોડ્યા છે. એ પણ પુદ્‌ગલમય આહારક વર્ગણાઓથી બનેલાં અચેતન છે. મારામાંથી ભાષાનું નીકળવું ભાષાવર્ગણાઓના ઉપાદાન કારણથી થાય છે અને મનની રચના મનોવર્ગણાના ઉપાદાન કારણથી થાય છે. એ બધું પુદ્‌ગલમય અચેતન છે. કર્મના ઉદયથી જે મારામાં ક્રોધ, માન, માયા, લોભના ભાવ થાય છે તે અજ્ઞાન ભાવ છે અથવા પુરુષાર્થની કમજોરી છે. એ બધો આવરણનો દોષ છે.

જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય, અંતરાય આ ચાર ઘાતીકર્મોના ઉદયથી મારામાં વિકાર પ્રગટેછે જેમ કાદવના સંયોગથી પાણીમાં વિકાર (મેલાપણું) દેખાયછે તેમ. નિશ્ચયથી જેમ કાદવથી જળ જુદુંછે તેમ હું આત્મા સર્વ રાગાદિ વિકારોથી જુદો પરમ જ્ઞાની અને પરમ વીતરાગીછું. મારો એક સ્વાભાવિક ભાવ જીવત્વછે અથવા શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ ચારિત્ર, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ દર્શન, શુદ્ધ દાન, શુદ્ધ લાભ, શુદ્ધ ભોગ, શુદ્ધ ઉપભોગ અને શુદ્ધ વીર્ય છે. ઉપશમ સમ્યકત્વ અને ઉપશમ ચારિત્ર, મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ચક્ષુ આદિ ત્રણ દર્શન, ક્ષયોપશમ દાનાદિ પાંચ લબ્ધિ, ક્ષયોપશમ સમ્યકત્વ, ક્ષયોપશમ ચારિત્ર, દેશ સંયમ આ બધા વીસ પ્રકારના ઔપશમિક અને ક્ષાયોપશમિક ભાવ મારા શુદ્ધ સ્વભાવથી જુદાછે. હું તો એક અખંડ અને અભેદ શુદ્ધ ગુણોનો ધારક આત્મા દ્રવ્યછું. કર્મબંધની રચનાને લઈને મારામાં આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ તત્ત્વોનો તથા પુણ્ય પાપનો વ્યવહાર છે.

મારો શુદ્ધ સ્વભાવ આ પાંચ તત્ત્વ અને સાત પદાર્થોના વ્યવહારથી જુદો છે. મનુષ્ય નારક, દેવ અને તિર્યંચ ગતિમાં કર્મોના ઉદયવશે ભિન્ન ભિન્ન પ્રકારના થતા વેશ અને તેમાં વિવિધ પ્રકારની અશુદ્ધ કાયાની, વચનની કે મનની સંકલ્પ વિકલ્પરૂપ ક્રિયાઓ; એ બધું મારા શુદ્ધ આત્મિક પરિણમનથી ભિન્ન છે. જગતનો સર્વ વ્યવહાર મન, વચન, કાયાના યોગથી અથવા શુભ કે અશુભ ઉપયોગથી ચાલે છે. મારા શુદ્ધ ઉપયોગમાં અને નિશ્ચય આત્મિક પ્રદેશોમાં

એમનો કોઈ સંયોગ નથી તેથી હું આ બધાથી જુદો છું. ન મારો કોઈ મિત્ર છે, ન કોઈ શત્રુ છે, ન મારો કોઈ સ્વામી છે, ન હું કોઈનો સ્વામી છું, ન હું કોઈનો સેવક છું, ન કોઈ મારો સેવક છે, ન હું કોઈનું ધ્યાન કરું છું, ન કોઈની પૂજા કરું છું, ન કોઈને દાન આપું છું. હું ધ્યાન, પૂજા, દાનાદિ કાર્યથી નિરાળો છું.

અશુદ્ધ નિશ્ચયનયથી કહેવામાં આવતા રાગાદિ ભાવોથી અનુપચરિત, અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવતા કાર્મણાદિ શરીરોના સંબંધથી, ઉપચરિત અસદ્ભુત વ્યવહારનયથી કહેવામાં આવતા સ્ત્રીપુત્રાદિ ચેતન અને ધન, ગૃહાદિ અચેતન પદાર્થોથી હું ભિન્ન છું. સદ્ભૂત વ્યવહારનયથી કહેવામાં આવતા ગુણગુણીના ભેદોથી પણ હું દૂર છું.

હું સર્વ વ્યવહારની રચનાથી નિરાળો એક પરમ શુદ્ધ આત્મા છું. જ્ઞાયક એક પ્રકાશમાન પરમ નિરાકુળ, પરમ વીતરાગી અખંડ દ્રવ્ય છું. મારામાં બંધ અને મોક્ષની પણ કલ્પના નથી. સદાય ત્રણે કાળે એક અબાધિત નિત્ય પરમ નિર્મળ ચેતન દ્રવ્ય છું. આ રીતે મનન કરીને જે પોતાના આત્મા રૂપી રત્નનું ગ્રહણ કરીને તેના જ સ્વામી પણામાં સંતુષ્ટ થઈ જાય છે, તે જ આત્માનું દર્શન કરતો થકો નિર્વાણનો સ્વામી થઈ જાય છે.

સમયસારકળશમાં કહ્યું છે -

**नीत्वा सम्यक् प्रलयमखिलान्कर्तृ भोक्तादिभावान् ।**
**दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः ॥**

**शुद्धः शुद्धस्वरसविसरापूर्णपुण्याचलार्चि-**
**ष्टङ्कोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः ॥१-१०॥**

**ભાવાર્થ** : જ્ઞાનનો સમૂહ આ આત્મા પોતાના સ્થિર પ્રકાશમાન મહિમાને ધારણ કરતો સદા પ્રગટ થઈ રહ્યો છે. એ પરમ શુદ્ધ છે, શુદ્ધ આત્મિક રસથી પૂર્ણ, પવિત્ર અને નિશ્ચળ તેજનો ધારક છે, જેણે કર્તા ભોક્તા આદિ ભાવોને પૂર્ણપણે પોતામાંથી દૂર કર્યા છે. એ પોતાની દરેક પરિણતિમાં એકાકાર છે, બંધ અને મોક્ષની કલ્પનાથી દૂર છે.

સમયસારમાં કહ્યું છે -

**सुद्धं तु वियाणंतो सुद्धमेवप्पयं लहदि जीवो ।**
**जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि ॥१७६॥**

**ભાવાર્થ** : જે જીવ શુદ્ધ આત્માનો અનુભવ કરે છે તે સ્વયં શુદ્ધાત્મા થઈ જાય છે અને જે પોતાને અશુદ્ધ જાણે છે તે અશુદ્ધ આત્મારૂપ જ રહે છે.

## આત્માનુભવી જ સંસારથી મુક્ત થાય છે.

**जे णवि-मण्णहिं जीव फुडु जे णवि जीउ मुणंति ।**
**ते जिण-णाहहँ उत्तिया णउ संसार मुचंति ॥५६॥**

**સ્પષ્ટ ન માને જીવને, જે નહિ જાણે જીવ;**
**છૂટે નહિ સંસારથી, ભાખે છે પ્રભુ જિન. ૫૬.**

**અન્વયાર્થ** : (**जे फुडु जीव णवि-मण्णाहिं**) જે સ્પષ્ટપણે પોતાના આત્માને જાણતા નથી (**जे जीउ णवि मुणंति**) અને જે પોતાના આત્માનો અનુભવ કરતા નથી (**ते संसार णउ मुचंति**) તે સંસારથી મુક્ત થતા નથી (**जिण णाहहं उत्तिया**) એમ જિનેન્દ્રદેવે કહ્યું છે.

**ભાવાર્થ** : શ્રી જિનેન્દ્ર ભગવાને દિવ્ય વાણીથી એ જ ઉપદેશ આપ્યો છે કે પોતાના આત્માના શ્રદ્ધાન, જ્ઞાન, ધ્યાન અર્થાત્નિશ્ચય રત્નત્રય સ્વરૂપ સ્વાત્માનુભવ જ એવો મસાલો છે કે જેના પ્રયોગથી વીતરાગતાની અગ્નિ ઉત્પન્ન થાય છે અને તે કર્મરૂપ ઈંધનને બાળી નાખે છે

આત્મધ્યાન વિના કોઈ કદી કર્મોથી મુક્ત થઈ શકતું નથી. પરપદાર્થનો મોહ બંધનો માર્ગ છે અને પરથી વૈરાગ્ય તેમ જ ભિન્ન આત્મતત્ત્વમાં સંલગ્નતા એ મોક્ષનો માર્ગ છે. તેથી તત્ત્વજ્ઞાનીએ સર્વ વિષય-કષાયોથી પૂર્ણ વિરક્ત થવું જોઈએ. ઈંદ્રિયો દ્વારા પદાર્થોને જાણીને સમભાવ રાખવો જોઈએ, રાગદ્વેષ ન કરવા જોઈએ. તેમનામાં રાગભાવથી રંજિત થવું કે દ્વેષભાવથી તેમની હાનિ કરવી ઉચિત નથી. વિષય ભોગ વિષ સમાન હાનિકારક અને અંધકારવર્ધક છે એવો દૃઢ વિશ્વાસ સમ્યગ્દષ્ટિને પણ હોય છે. જો કે તે અપ્રત્યાખ્યાન આદિ કષાયોના ઉદયથી અને પોતાના આત્મવીર્યની કમીથી પાંચે ઈંદ્રિયોના ભોગ ભોગવે છે તો પણ ભાવના એ જ રહે છે કે ક્યારે એવો સમય આવે કે જ્યારે હું કેવળ આત્મિક રસનું જ વેદન કરું, જ્ઞાન ચેતનારૂપ જ વર્તું, કર્મચેતના અને કર્મફળ ચેતનારૂપ ન વર્તું.

ત્યાગવાયોગ્ય બુદ્ધિથી તે તેમનામાં આસક્ત થતો નથી. જેટલી જેટલી કષાયની મંદતા થતી જાય છે, એટલી એટલી વિષય વિકારની કલુષતા મટતી જાય છે. દેશ સંયમી શ્રાવક થઈને તે વિષયભોગથી ઘણો નિર્લેપ થઈ જાય છે. જ્યારે પ્રત્યાખ્યાન કષાયનો ઉદય રહેતો નથી ત્યારે સંયમી થઈને પૂર્ણ વિરક્ત થઈ જાય છે. પરિગ્રહના પ્રપંચથી ખસીને નિજ આત્માના સ્વાદનો એટલો પ્રેમી થઈ જાય છે કે એક અંતર્મુહૂર્તથી વધારે વખત આત્માની લીનતાથી વિમુખ રહેતા નથી. નિરંતર આત્મિક મનનમાં લાગ્યા રહે છે.

વાસ્તવમાં આત્માનુભવ જ મોક્ષમાર્ગ છે. સમ્યગ્દૃષ્ટિ બાહ્ય ચારિત્રને, વેશને, આચરણને મોક્ષમાર્ગ જાણતા નથી, એક જ નિશ્ચય આત્માના અનુભવને મોક્ષમાર્ગ જાણે છે. અનુભવના સમયે વૃત્તિ આત્મામય થઈ જાય છે ત્યારે ઘણા કર્મોની નિર્જરા થાય છે. મોહનીય કર્મની શક્તિ ઘટે છે, બળ અધિક વધે છે. આત્માનુભવ જ ધર્મધ્યાન છે. આત્માનુભવ જ શુકલધ્યાન છે. એના જ પ્રતાપે ચારેય ઘાતીકર્મોનો ક્ષય થઈ જાય છે અને આત્મા પરમાત્મા બની જાય છે. પોતાના આત્માને દ્રવ્યરૂપ, પરના સંયોગ રહિત, પરમ વીતરાગ, પરમાનંદમય, પરમજ્ઞાની, પરમદર્શી, અમૂર્તિક, અવિનાશી, નિર્વિકાર, નિરંજન, અનંતબલી, પરમ નિશ્ચળ, એકાકી, પરમશુદ્ધ, પરમાત્મા રૂપ નિરંતર દેખવા જોઈએ. જગતના આત્માઓને પણ દ્રવ્યદૃષ્ટિથી એવા જ દેખવા જોઈએ. ત્યારે જ સમભાવનો પ્રકાશ થાય છે.

ભાવનાના સમયે શુદ્ધ નિશ્ચયનયથી પોતાને અને બીજા આત્માઓને સૌને પરમશુદ્ધરૂપ ચિંતવવા જોઈએ, પછી પોતાનામાં જ એકાગ્ર થઈને આત્મિક રસનું પાન કરવું જોઈએ. રાતદિવસ આત્મિક રસના રસિયા બની જવું જોઈએ. નિજ આત્મામાં જ રહેવું એ જ્ઞાનીનું ઘર છે. આત્માની શિલા તે જ જ્ઞાનીનું આસન છે, નિજ આત્મિક તત્ત્વ જ જ્ઞાનીનું વસ્ત્ર છે, નિજ આત્મિક રસ જ જ્ઞાનીનાં ખાનપાન છે, નિજ આત્મિક શય્યા જ જ્ઞાનીની શય્યા છે. જે જ્ઞાનીને સર્વ કર્મ જનિત પદ અપદ ભાસે છે તે જ જ્ઞાની નિજપદનો પ્રેમી થઈને નિજ સ્વભાવમાં રમણતા કરતો થકો મોક્ષમાર્ગને નિશ્ચિત કરે છે. અને એક દિવસ પરમાત્મા બની જાય છે. વાસ્તવમાં આ અનુભવ છે કે હું બંધ અને મોક્ષની રચનાથી રહિત સ્વયં પદમાં વીર્યવાન, પરમ નિર્મળ છું, સ્વયં આત્માને આત્મામય દર્શાવું છું. બંધથી વૈરાગ્ય જ બંધના ક્ષયનું કારણ છે.

આત્મશાસનમાં કહ્યું છે -

**समधिगतसमस्ताः सर्वसावद्यदूराः ।**
**स्वहितनिहितचित्ताः शान्त सर्वप्रचाराः ॥**

**स्वपरसफलजल्पाः सर्व संकल्पमुक्ताः ।**
**कथमिह न विमुक्तेर्भाजनं विमुक्ताः ॥२२६॥**

**ભાવાર્થ** : જે સર્વ દ્રવ્યોને જાણે છે, સર્વ પાપોથી દૂર છે, આત્માના હિતમાં ચિત્ત લગાડયું છે, પવિત્ર શાંત ભાવના પ્રચારક છે, સ્વપરને હિતકારી વાણીના કહેનાર છે, સર્વ સંકલ્પ રહિત છે, એવા મહાત્મા, વિરક્ત આત્મા મોક્ષના પાત્ર કેમ ન થાય ?

## આત્માના જ્ઞાન માટે નવ દૃષ્ટાંત છે.

रयण दीउ दिणयर देहिउ दुद्ध धीव पाहाणु ।
सुण्णउ रूउ फलिहउ अगिणि णव दिट्ठंता जाणु ॥५७॥

રત્ન દીપ રવિ દૂધ દહીં, ઘી પત્થર ને હેમ;
**સ્ફટિક રજત તે અગ્નિ નવ, જીવ જાણવો તેમ. ૫૭.**

**અર્થ :** રત્ન, દીપ, સૂર્ય, દહીં, દૂધ, ઘી, પાષાણ, સુવર્ણ, ચાંદી, સ્ફટિકમણિ અને અગ્નિ આ નવ દૃષ્ટાંતોથી જીવને જાણવો જોઈએ.

**ભાવાર્થ** : આનો વિસ્તાર જેવો સમજાયો તે પ્રમાણે કરવામાં આવે છે. આત્મતત્ત્વ પોતાના શરીરમાં વ્યાપક છે, પોતે જ છે, પ્રગટ જ છે, તો પણ સમજવા માટે નવ દૃષ્ટાંતોનું અહીં કથન છે-

(૧) રત્ન-આત્મા રત્ન સમાન જગતમાં એક અમૂલ્ય દ્રવ્ય છે, પરમ ધન છે, આત્મજ્ઞાની રત્નનો સ્વામી સમ્યગ્દષ્ટિ ઝવેરી છે જે જાણે છે કે આત્મા પરમ શુદ્ધ છે, અભેદ છે, સદાય જ્ઞાનજ્યોતિથી પ્રકાશમાન છે, અવિનાશી છે, સ્વયં સમ્યગ્દર્શન રત્નમય, સમ્યગ્જ્ઞાન રત્નમય અને સમ્યક્ચારિત્ર રત્નમય, રત્નત્રય સ્વરૂપ છે, એક અનુપમ રત્ન છે.

(૨) દીપ-આત્મા દીપક સમાન સ્વપર પ્રકાશમાન છે. એક જ કાળે આ આત્માપોતાને પણ જાણે છે અને સર્વ દ્રવ્યોને, તેમના ગુણ પર્યાયોને પણ જાણે છે, છતાં પણ પર જ્ઞેયોથી ભિન્ન છે. આ આત્મા કદી ન બુઝાય એવો અનુપમ દીપક છે. આ આત્મ દીપકને કોઈ તેલની જરૂર નથી, ન કોઈ પવન એને ઓલવી શકે છે. આ દીપક સર્વ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોને એકી સાથે પ્રકાશિત કરે છે.

(૩) સૂર્ય-આત્મા સૂર્ય સમાન પ્રકાશમાન અને પ્રતાપવાન છે. સર્વ લોકાલોકના જ્ઞાતાદૃષ્ટા છે, પરમ વીર્યવાન છે, પરમ શાંત છે તેથી એ એક અનુપમ સૂર્ય છે. તે કદી અસ્ત પામતો નથી. કોઈ મેઘ કે રાહુ તેને ગ્રસી શકતો નથી. સ્વયં પરમાનંદમય છે. જે આ આત્મસૂર્યના દર્શન કરે છે તેને પણ તે આનંદ આપે છે. એ સદા નિરાવરણ છે. એક નિયમિત સ્વક્ષેત્રમાં એટલે કે અસંખ્યાત પ્રદેશી થઈને કોઈ શરીરમાં શરીરના આકારે રહેવા છતાં પણ લોકાલોક પ્રકાશક છે.

(૪) દુધ-દહીં-ઘી-આ આત્મા દૂધ, દહી, ઘી સમાન છે. આત્માના દૂધ જેવા શુદ્ધ સ્વભાવનું મનન કરવાથી આત્માની ભાવના દૃઢ થાય છે. આત્માની ભાવનાની જાગૃતિ જ

દહીંરૂપ થવું છે, પછી જેમ દહીંને વલોવવાથી ઘી સહિત માખણ નીકળે તેવી જ રીતે આત્માની ભાવના કરતાં કરતાં આત્માનુભવ થાય છે, જે પરમાનંદ આપીને આત્માને ઘી સમાન બતાવે છે. પોતે જ દુધ છે; પોતે જ દહીં છે, પોતે જ ઘી છે. મુમુક્ષુએ નિજ આત્મારૂપી ગોરસનું જ નિરંતર પાન કરવું જોઈએ. તેણે પરમ વીર્યવાન અને સંતોષી રહેવું જોઈએ.

(૫) પાષાણ-આત્મા પત્થર સમાન દઢ અને અમિટ છે. પોતાની અંદર અનંત ગુણો રાખે છે. તેમને કદી ઓછા થવા દેતા નથી, ન કદી અન્ય ગુણને સ્થાન આપે છે. અગુરુલઘુ સામાન્ય ગુણ દ્વારા એ પોતાની મર્યાદામાં ટકી રહે છે. આઠ કર્મોના સંયોગથી સંસાર પર્યાયમાં રહે છે તો પણ કદી પોતાનો સ્વભાવ છોડીને આત્મામાંથી અનાત્મા થઈ જતા નથી નિશ્ચળ પરમ દઢ સદા રહે છે.

(૬) સુવર્ણ-આત્મા શુદ્ધ સુવર્ણ સમાન પરમ પ્રકાશમાન જ્ઞાન ધાતુથી નિર્મિત અમૂર્તિક એક અદ્‌ભુત મૂર્તિ છે. સંસારી આત્મા ખાણમાંથી નીકળેલાં ધાતુ, પાષાણ, સુવર્ણની જેમ અનાદિથી કર્મરૂપી કાલિમાંથી મલિન છે. અગ્નિ આદિના પ્રયોગથી જેમ સોનાની વસ્તુ પાષાણથી જાુદી કરીને શુધ્ધ કુંદન કરવામાં આવે છે તેવી જ રીતે આત્મધ્યાનરૂપી અગ્નિ વડે આત્માને કર્મોની કાલિમાંથી શુદ્ધ સિદ્ધ સમાન કરી લેવામાં આવે છે.

(૭) ચાંદી-આત્મા શુદ્ધ ચાંદી સમાન પરમ નિર્મળ છે. કર્મો સાથે એક ક્ષેત્રાવગાહરૂપ સંયોગ હોવા છતાં પણ કદી પોતાના શુદ્ધ સ્વભાવને છોડતો નથી. આ આત્મામાં જ્ઞાનનો પરમ પ્રકાશ છે. વીતરાગતાની સફેદી અથવા સ્વચ્છતા છે. જે જ્ઞાની આત્મારૂપી ચાંદીનો સદા વ્યવહાર કરે છે, આત્માની અંદર જ રમણતા કરે છે તે કદી પરમાનંદરૂપી ધનથી શૂન્ય હોતા નથી.

(૮) સ્ફટિકમણિ - આ આત્મા સ્ફટિકમણિ સમાન નિર્મળ અને પરિણમનશીલ છે. કર્મોના ઉદયનું નિમિત્ત ન હોતાં તે સદા પોતાના શુદ્ધ આત્મિક ગુણોમાં જ પરિણમન કરે છે. સંસાર અવસ્થામાં કર્મોના ઉદયનું નિમિત્ત હોતાં તે સ્વયં રાગદ્વેષ, મોહરૂપ અને વિવિધ પ્રકારના વિભાવરૂપ પરિણમન કરે છે. જેમ સ્ફટિકમણિ લાલ, પીળી, નીલી વસ્તુના સંપર્કથી લાલ, પીળા, નીલા રંગરૂપ પરિણમન કરે છે તો પણ પોતાની નિર્મળતા ખોઈ બેસતો નથી, કેવળ ઢાંકી દે છે. એવી જ રીતે આત્મા સરાગ દશામાં રાગદ્વેષ પરિણમવા છતાં પણ વીતરાગતાનો લોપ કરી દેતો નથી, કેવળ ઢાંકી દે છે, નિમિત્ત ન હોતાં એ સદા સ્ફટિક સમાન શુદ્ધ વીતરાગભાવમાં જ પ્રકાશે છે.

(૯) અગ્નિ-આ આત્મા અગ્નિ સમાન સદા જલતો રહે છે. કોઈ પણ વિષયો કે પરનું આક્રમણ થવા દેતો નથી. જ્યારે એ સંસાર પર્યાયમાં હોય છે ત્યારે એ પોતે જ પોતાના આત્મિક

ધ્યાનની અગ્નિ જલાવીને પોતાના કર્મમળને ભસ્મ કરીને શુદ્ધ થઈ જાય છે. આ આત્મા અનુપમ અગ્નિ છે જે કર્મઈંધનની દાહક છે, આત્મિક બળની પોષક છે અને સદા જ્ઞાન દ્વારા સ્વપર પ્રકાશક છે. આ નવ દૃષ્ટાંતોથી આત્માને સમજીને પૂર્ણ વિશ્વાસ પ્રાપ્ત કરવો જોઈએ.

સમયસારમાં કહ્યું છે -

**जह फलियमणि विसुद्धो ण सयं परिणमदि रागमादीहिं ।**
**राइज्जदि अण्णेहिं दु सो रत्तादियेहिं दव्वेहिं ॥३००॥**

**एवं णाणि सुद्धो ण सयं परिणमदि रागमादीहिं ।**
**राइज्जदि अण्णेहिं दु सो रागदीहिं दोसेहिं ॥३०१॥**

**ભાવાર્થ** : જેમ સ્ફટિકમણિ શુદ્ધ છે, સ્વયં લાલ, પીળા આદિ દ્રવ્યોનો રંગરૂપે થતો નથી પરંતુ જ્યારે લાલ, પીળા આદિ દ્રવ્યોનો સંયોગ થાય છે ત્યારે તે લાલ, પીળો થઈ જાય છે. તેવી જ રીતે જ્ઞાનસ્વરૂપી આત્મા સ્વયં કદિ રાગાદિ ભાવોમાં પરિણમતો નથી. જો મોહનીય કર્મની રાગાદિ પ્રકૃતિઓનો ઉદય થાય છે તો જ રાગાદિરૂપ પરિણમે છે. એ સ્ફટિકમણિ સમાન સ્વચ્છ પરિણમનશીલ છે.

## હુ દેહાદિરૂપ નથી, એવું જ્ઞાન જ મોક્ષનું બીજ છે.

**देहादिउ जो परु मुणइ जेहउ सुण्णु अयासु ।**
**सो लहु पावइ ( ? ) बंभु परु केवलु करइ पयासु ॥५८॥**

**દેહાદિકને પર ગણે, જેમ શૂન્ય આકાશ;**
**તો પામે પરબ્રહ્મ ઝટ, કેવળ કરે પ્રકાશ. ૫૮**

**અન્વયાર્થ** : **( जेहउ अयासु सुण्णु )** જેમ આકાશ પર પદાર્થોના સંબંધ રહિત છે, અસંગ **( देहादिउ जो परु मुणइ )** તેવી જ રીતે શરીરાદિને જે પોતાના આત્માથી પર જાણે છે **( सो परु बंभु लहु पावइ )** તે જ પરબ્રહ્મ સ્વરૂપનો અનુભવ કરે છે, **( केवलु पयासु करइ )** અને કેવળજ્ઞાનનો પ્રકાશ કરે છે.

**ભાવાર્થ** : જેમ આકાશમાં એક જ ક્ષેત્રે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અસંખ્યાત કાલાણુ, અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યો રહે છે તો પણ તેમના પરિણામથી આકાશમાં કોઈ વિકાર કે દોષ થતો નથી-આકાશ તેનાથી બિલકુલ શૂન્ય, નિર્લેપ, નિર્વિકાર ટકી રહે છે, કદી પણ તેમની સાથે તન્મય થતું નથી.

આકાશની સત્તા અને આકાશમાં રહેલા ચેતન અચેતન પદાર્થોની સત્તા અલગ અલગ રહે તેવી જ રીતે જ્ઞાનીએ સમજવું જોઈએ કે આત્મા આકાશ સમાન અમૂર્તિક છે, આત્માના સર્વ અસંખ્યાત પ્રદેશો અમૂર્તિક છે. મારા આત્માના સંયોગે રહેનારા તૈજસ શરીર, કાર્મણ શરીર, ઔદારિક શરીર અને શરીરાશ્રિત ઈંદ્રિયો, મન, વચન તથા તેમના પરિણમન, એ બધું મારા આત્માથી ભિન્ન છે.

બંધ પ્રાપ્ત કર્મોના ઉદયથી થવાવાળા તીવ્ર કષાય કે મંદકષાયના બધા જ અશુભ અને શુભભાવ મારા આત્માના શુદ્ધ સ્વભાવથી ભિન્ન છે. મારો કોઈ સંબંધ મન, વચન, કાયાની ક્રિયાઓ સાથે નથી. હું બિલ્કુલ પરના મોહથી શૂન્ય છું. હું પરમ વીતરાગી અને નિર્મળ છું. જગતમાં મારા આત્માને ન કોઈ માતા-પિતા છે, ન કોઈ પુત્ર છે, ન મિત્ર છે, ન કોઈ સ્ત્રી છે, ન બેન છે, ન પુત્રી છે, ન કોઈ મારા આત્માનો સ્વામી છે, ન કોઈ સેવક છે, ન કોઈ મારું ગામ છે, ન ધામ છે, ન કોઈ વસ્ત્ર છે, ન આભૂષણ છે.

મારે પર વસ્તુ સાથે કોઈ પણ પ્રકારનો રંચમાત્ર પણ સંબંધ નથી. મારામાં બધા પરનો અભાવ છે, બધા પરમાં મારો અભાવ છે. વિશ્વના અનંત સંસારી અને સિદ્ધાત્માઓ પોતાના મૂળ સ્વભાવથી મારા આત્માના સ્વભાવ જેવા જ છે તો પણ મારી સત્તા જુદી છે અને તેમની સત્તા પણ જુદી છે. મારા જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યકત્વ ચારિત્ર, ચૈતના આદિ ગુણ જુદા છે, મારું પરિણમન જૂદું છે અને આ સર્વ આત્માઓનું પરિણમન જુદું છે. હું અનાદિકાળથી એકલો જ રહ્યો છું અને અનંતકાળ સુધી એકલો જ રહેવાનો છું.

અનાદિ સંસાર-ભ્રમણમાં મારી સાથે અનંત પુદ્ગલોનો સંયોગ થયો પરંતુ તે બધા મારાથી દૂર જ રહ્યા છે. તે કર્મ નોકર્મ પુદ્ગલ મારા કોઈ પણ ગુણ કે સ્વભાવનો સર્વથા અભાવ કરી શકયા નથી. મને કર્મોનું આવરણ હોવા છતાં પણ જેમ સૂર્ય ઉપર વાદળાં આવવા છતાં પણ સૂર્ય પોતાના તેજમાં પ્રકાશમાન રહે છે તેમ હું પણ નિરાવરણ રહ્યો છું. સંસાર અવસ્થામાં મેં અનેક માતા, પિતા, ભાઈ, પુત્ર સાથે સંબંધ પ્રાપ્ત કર્યો પરંતુ તે બધા મારાથી જુદા જ રહ્યા અને હું તેમનાથી જુદો જ રહ્યો. ચારે ગતિઓમાં મેં ઘણા શરીર ધારણ કર્યા અને ઘણા પર પદાર્થોનો સંગ પામ્યો પરંતુ તે મારા ન થયા, હું તેમનો ન થયો. તેથી મારે એવી જ દઢ શ્રદ્ધા રાખવી જોઈએ કે હું સદાય રાગાદિ વિકારોથી શૂન્ય રહ્યો હતો, અત્યારે પણ છું અને ભવિષ્યમાં પણ રહીશ.

મારે મનના સર્વ વિકારો રોકીને અને જગતના સર્વ પદાર્થોથી વિરક્ત થઈને પોતાનો ઉપયોગ પોતાની જ અંદર સૂક્ષ્મપણે લઈ જવો જોઈએ ત્યારે મને એ જ દેખાશે કે હું જ પરબ્રહ્મ પરમાત્મા છું. આ જ આત્મદર્શન, આ જ આત્માનુભવ કેવળજ્ઞાનનો પ્રકાશક છે.

પરમાત્મ પ્રકાશકમાં કહ્યું છે -

**मुत्तिविहूणाउ णाणमउ, परमाणंद सहाउ ।**
**णियमे जोइय अप्पु मुणि णिच्चु णिरंजण भाउ ॥२४२॥**

**ભાવાર્થ** : હે યોગી ! નિશ્ચયથી તું આત્માને અમૂર્તિક, જ્ઞાનમય, પરમાનંદ સ્વભાવનો ધારક, નિત્ય, નિરંજન પદાર્થ જાણ.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**सद्रव्यमस्मि चिदहं ज्ञाता द्रष्टा सदाप्युदासीनः ।**
**स्वोपात्तदेहमात्रस्ततः पृथग्गगनवदमूर्तः ॥१५३॥**

**ભાવાર્થ** : હું મારી સત્તા રાખનાર એક નિરાળું દ્રવ્ય છું, સ્વાનુભવરૂપ છું, જ્ઞાતા છું; દૃષ્ટા છું, સદાય વીતરાગ છું, મારા શરીરમાં વ્યાપક છું તો પણ શરીરથી ભિન્ન, આકાશ સમાન અમૂર્તિક છું.

## આકાશ સમાન હોવા છતાં પણ હું સચેતન છું.

**जेहउ सुद्ध अयासु जिय तेहउ अप्पा वुत्तु ।**
**आयासु वि जडु जाणि जिय अप्पा चेयणु वंतु ॥५९॥**

**જેમ શુદ્ધ આકાશ છે, તેમ શુદ્ધ છે જીવ;**
**જડરૂપ જાણો વ્યોમને, ચૈતન્યેલક્ષણ જીવ. ૫૯**

**અન્વયાર્થ** : (**जिय**) હે જીવ ! (**जेहउ अयासु सुद्ध तेहउ अप्पा वुत्तु**) જેવું આકાશ શુદ્ધ છે તેવો જ આત્મા શુદ્ધ છે એમ કહ્યું છે. (**जिय आयासु वि जडु जाणि**) હે જીવ ! આકાશને અચેતન જાણ. (**अप्पा चेयणु वंतु**) આત્માને સચેતન જાણ.

**ભાવાર્થ** : આકાશ પણ દ્રવ્ય છે, આત્મા પણ દ્રવ્ય છે તથા પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાળ; એ પણ દ્રવ્ય છે. છયે દ્રવ્યો દ્રવ્યપણાની અપેક્ષાએ સમાન છે. બધા દ્રવ્યોમાં છ સામાન્ય ગુણો પ્રાપ્ત થાય છે.

(૧) અસ્તિત્વ-હોવાપણું. બધાય દ્રવ્યો સદાય છે અને સદા ટકી રહેશે.

(૨) વસ્તુત્વ-કાર્યકારીપણું. બધા જ દ્રવ્યો પોતપોતાનું કાર્ય સ્વતંત્રપણે કરે છે.

(૩) દ્રવ્યત્વ-પરિણમનશીલપણું. બધા જ દ્રવ્યો અખંડ રહેવા છતાં પણ પોતપોતાની પર્યાયોમાં પરિણમન કરે છે. સ્વભાવ અથવા વિભાવ દશા તેનાથી થયા કરે છે.

(૪) પ્રમેયત્વ-જણાવા યોગ્યપણું. બધા જ દ્રવ્યો સર્વજ્ઞો દ્વારા જણાવા યોગ્ય છે.

(૫) અગુરુલઘુત્વ-પોતાની મર્યાદામાં રહેવું. બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણ પર્યાયોને જ પોતાનામાં રાખે છે. પર દ્રવ્યોના ગુણ પર્યાયોનું ગ્રહણ કરતા નથી.

(૬) પ્રદેશત્વ-આકારનું હોવું. સર્વ દ્રવ્યો આકાશમાં રહે છે અને જગ્યા રોકે છે. સર્વ દ્રવ્યોમાં કેટલાય સ્વભાવો સામાન્ય (સૌમાં હોય તેવા) પણે પ્રાપ્ત થાય છે.

જેમ કે -

(૧) અસ્તિ સ્વભાવ-પોતાનો સ્વભાવ રાખતા થકા સર્વ દ્રવ્ય ભાવપણું રાખે છે.

(૨) નાસ્તિ સ્વભાવ-પર દ્રવ્યોના સ્વભાવોનો પરસ્પરમાં અભાવ છે. બીજાની સત્તા બીજામાં નથી.

(૩) નિત્ય સ્વભાવ-પોતપોતાનો દ્રવ્ય સ્વભાવ કાયમ રાખે છે. દ્રવ્યનો કદી નાશ થતો નથી.

(૪) અનિત્ય સ્વભાવ-પોતપોતાની પર્યાયો બદલવાની અપેક્ષાએ સર્વ દ્રવ્ય ક્ષણિક છે.

(૫) એકસ્થ ભાવ-સર્વ દ્રવ્ય અનેક ગુણ પર્યાયોમાં એક અખંડ આધારરૂપ છે.

(૬) અનેક સ્વભાવ-સર્વ દ્રવ્ય અનેક સ્વભાવોવાળા હોવાથી અનેક રૂપ છે.

(૭) ભેદ સ્વભાવ-ગુણગુણીમાં સંજ્ઞા લક્ષણાદિના ભેદ હોવાથી દ્રવ્ય ભેદસ્વભાવથી છે.

(૮) અભેદભાવ-સર્વ દ્રવ્યોમાં ગુણ સ્વભાવ સર્વાંગ, અખંડ રહે છે. એકેક પ્રદેશમાં સર્વ ગુણો હોય છે તેથી અભેદ સ્વભાવવાન છે.

(૯) ભવ્ય સ્વભાવ-સર્વ દ્રવ્યો પોતાના સ્વભાવમાં જ પરિણમવાની યોગ્યતા રાખે છે.

(૧૦) અભવ્ય સ્વભાવ-સર્વ દ્રવ્યો પર દ્રવ્યના સ્વભાવરૂપે કદી થઈ શકતા નથી. છતાં પોતાના સ્વભાવમાં જ પરિણમવણી યોગ્યતા ન રાખે.

(૧૧) પરમ સ્વભાવ-બધા જ દ્રવ્યો શુદ્ધ પારિણામિક ભાવના ધારક છે.

તે સામાન્ય ગુણો અને સ્વભાવોની અપેક્ષાએ જીવાદિ છયે દ્રવ્યો સમાન છે. પરંતુ વિશેષ ગુણોની અપેક્ષાએ તેમનામાં અંતર છે. અમૂર્તિક ગુણની અપેક્ષાએ પુદ્‌ગલ સિવાયના પાંચેય દ્રવ્ય સમાન છે. પુદ્‌ગલમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આ વિશેષ અસાધારણ ગુણ છે. ધર્મદ્રવ્યમાં જીવ પુદ્‌ગલને ગતિ કરવામાં કારણ થવાનો, અધર્મ દ્રવ્યમાં જીવ પુદ્‌ગલને ગતિપૂર્વક સ્થિતિ થવામાં કારણ થવાનો વિશેષ ગુણ છે. આકાશમાં સર્વને અવકાશ દેવાનો વિશેષ ગુણ છે. કાળમાં સર્વને પરિણમનમાં સહાયક થવાનો વિશેષ ગુણ છે. જીવદ્રવ્યમાં જ્ઞાન, દર્શન, સુખ,

વીર્ય, ચેતના, સમ્યકત્વ, ચારિત્ર આ મુખ્ય વિશેષ ગુણો છે જે આકાશાદિ પાંચે દ્રવ્યોમાં હોતા નથી. તે બધા આકાશાદિ પાંચે દ્રવ્ય અચેતન-જડ છે. આત્મા સચેતન દ્રવ્ય છે. મૂળ સ્વભાવથી બધા જ દ્રવ્યો શુદ્ધ છે. આકાશ જેમ નિર્મળ છે તેમ આ આત્મા નિર્મળ છે, જ્ઞાની પોતાના આત્માને પરમ શુદ્ધ, નિર્વિકાર પરમાનંદમય, એકરૂપ અવિનાશી જાણીને તેમાં જ આચરણ કરે, સ્વાનુભવ પ્રાપ્ત કરે, એ જ નિર્વાણનો ઉપાય છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**त्यजतु जगदिदानीं मोहमा जन्मलीढं ।**
**रसयतु रसिकानां रोचनं ज्ञानमुद्यत् ॥**

**इह कथमपि नात्माऽनात्मा साकमेकः ।**
**किंल कलयति काले क्वापि तादात्म्यवृत्तिम् ॥२२-॥**

**ભાવાર્થ :** હેજગતનાં પ્રાણીઓ ! હવે તો અનાદિકાળથી ચાલ્યા આવતા મોહભાવને છોડો અને આત્મરસિકોને પ્રિય એવા પ્રકાશમાન શુદ્ધ જ્ઞાનનો સ્વાદ લ્યો. આ લોકમાં કદી પણ કોઈપણ રીતે આત્મા અનાત્મા સાથે મળીને એકમેક થતો નથી. સદાય આત્મા પોતાના સ્વભાવથી જ પરથી જુદો રહે છે.

## પોતાની અંદર જ મોક્ષમાર્ગ છે

**णासग्गिं अब्भिंतरहँ जे जीवहि असरीरु ।**
**बाहुडि जम्मि ण संभवहिं पिवहिं ण जणणी-खीरू ॥६०॥**

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૦.

**અન્વયાર્થ** (**जे णासग्गिं अभिंतरहं असरीरु जिवहिं**) જે જ્ઞાની નાસિકા ઉપર દૃષ્ટિ રાખીને અંદર શરીર રહિત શુદ્ધ આત્માને દેખે છે (**बाहुडि जम्मि ण संभवहिं**) તે ફરી વારંવાર જન્મ નહિ પામે. (**जणणीं खीरु ण पिवहिं**) તે ફરી માતાનું દૂધ નહિ પીએ.

**ભાવાર્થ :** આત્મા શરીર રહિત અમૂર્તિક છે. તે ઈંદ્રિયો દ્વારા જણાતો નથી. મન પણ કેવળ વિચાર કરી શકે છે, ગ્રહણ કરી શકતું નથી. આત્માનું ગ્રહણ આત્મા દ્વારા જ થાય છે. એના ગ્રહણનું બાહ્ય સાધન ધ્યાનનો અભ્યાસ છે.

સાધકને માટે એ ઉચિત છે કે તે એકાંત સ્થાનમાં જાય કે જ્યાં ક્ષોભ ને આકુળતા ન હોય, મનુષ્યના શબ્દ આવતા ન હોય. આ માટે ઉપવન, પર્વત. વન, જિનમંદિર, શૂન્ય ગૃહ,

નદી તટ આદિ સ્થાનો પસંદ કરવા જોઇએ. ધ્યાનની સિદ્ધિનો સમય સૂર્યોદય પહેલાંનો પ્રાત કાળ છે. પછી મધ્યાહ્નકાળ, સાયંકાળ અને રાત્રિનો સમય છે. ધ્યાન કરનાર નિશ્ચિંત થઇને બેસે, શરીર ઉપર વસ્ત્ર ન હોય અથવા જેટલા ઓછા સંભવિત હોય એટલા જ રાખે. શરીરમાં રોગાદિની પીડા ન હોવી જોઇએ. બહુ ભૂખ ન હોય, માત્રાથી વધારે ભોજન કરેલું ન હોવું જોઇએ, શરીરને કોઇ ચટાઇ, પાટ, શિલા કે ભૂમિ ઉપર આસન આપવું, પદ્માસન, અર્ધપદ્માસન, કે કાર્યોત્સર્ગ આસનથી સ્થિર સીધા નાસાગ્રદૃષ્ટિ કરીને રહેવું, સર્વ ચિંતાઓથી રહિત થઇને અને સર્વ ઇંદ્રિયોથી દર્શન, શ્રવણ, આદિ બંધ કરીને કેવળ આવી ભાવના લઈને બેસવું કે મારે અંતરમા બિરાજિત આત્મારૂપી નિરંજન દેવના દર્શન કરવા છે.

જગતના પ્રાણીઓ સાથે વાર્તાલાપ છોડવો, મનને ચિંતવનમાં લગાવવું. પહેલાં તો વ્યવહારનયથી અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ આ બાર ભાવનાઓનો શ્રદ્ધા અને ભાવપૂર્વક વિચાર કરી જવો. પછી સાત તત્ત્વોનું સ્વરૂપ વિચારી જવું. તેના વિચારમાં એ જોવું કે જીવ તો હું સ્વભાવથી શુદ્ધ છું પરંતુ અનાદિકાળથી કર્મબંધ હોવાને કારણે અશુદ્ધ છું. કર્મ જડ પુદ્ગલના સૂક્ષ્મ સ્કંધોથી બન્યા છે. તે કર્મ વર્ગણાઓને હું જ મારી મન, વચન, કાયની ક્રિયાથી ખેંચું છું અને રાગ, દ્વેષ, મોહવશે બાંધું છું જો વીતરાગી થઇને આત્મતત્ત્વની ભાવના કરૂં તો નવા કર્મોને આવતા રોકી શકું અને જૂના કર્મોને સમય પહેલાં તપ દ્વારા દૂર કરી શકું. આ રીતે સર્વકર્મરહિત થતા હું મુક્ત થઇ શકું છું. પછી વ્યવહારનયથી જોવાનું બંધ કરીને નિશ્ચયનયથી દેખું કે હું તો એક શુદ્ધ ચેતન સ્વભાવી આત્મા છું, કર્માદિ સર્વ પર છે. જગતના પદાર્થોને પણ નિશ્ચયરૂપે દેખું કે આ જગત છ દ્રવ્યોથી પૂર્ણ છે. તે બધા જ દ્રવ્યો ભિન્ન ભિન્ન પોતપોતાની સત્તામાં છે, સર્વ પરમાણુ નિરાળા છે, સર્વ કાલાણુ નિરાળા છે, ધર્મ, અધર્મ, અને આકાશ દ્રવ્ય નિરાળા છે, સર્વ આત્માઓ જુદા જુદા પરમ શુદ્ધ છે. વ્યવહારના નર, નારક, તિર્યંચ, દેવ અને એકેન્દ્રિયાદિ ભેદો તથા મન, વચન, કાયાથી થનારી અનેક ક્રિયાઓ ન જોવી. બધાય દ્રવ્યોને ક્રિયા રહિત નિશ્ચળ સ્વભાવમાં જોવા જેથી રાગ દ્વેષનું કારણ મટી જાય અને એક સમભાવ અથવા વીતરાગભાવનો પ્રવાહ વહેવા લાગે.

વીતરાગભાવની શાંતરસથી ભરેલી ગંગા નદી વહેવા લાગે પછી કેવળ એક પોતાના જ શુદ્ધ અશરીરી આત્માને શરીર પ્રમાણે વિરાજિત અંતરમાં સૂક્ષ્મ ભેદ વિજ્ઞાનની દૃષ્ટિથી જોવાનો ઉધમ કરવો. એકાકી પોતાના આત્માના ગુણોનું ચિંત્વન કરવું. એને જ આત્માની ભાવના કહે છે. ભાવના કરતાં કરતાં જ્યારે એકાએક મન સ્થિર થશે. આત્માનો અનુભવ જાગ્રત થઈ જશે, ત્યારે આત્માનું દર્શન થઇ જશે. આ જ આત્મિક અનુભૂતિ ધ્યાનાગ્નિ છે જે

કર્મબંધનને બાળી નાખશે અને આત્માને શુદ્ધ સુવર્ણ સમાન શુદ્ધ બનાવશે. જો મોક્ષપ્રાપ્તિને અનુકૂળ શરીરાદિ સામગ્રી હશે તો એ સાધક તે જ ભવે અને નહીં તો થોડા ભવોમાં મુક્ત થઈ જશે, સિદ્ધગતિ પ્રાપ્ત કરી લેશે. પછી કદી જન્મ નહિ થાય, પછી કદી માતાનું દુધ નહિ પીવે.

સમાધિશતકમાં કહ્યું છે -

**जनेभ्यो वाक् ततः स्पन्दो मनसश्चित्तविभ्रमाः ।**
**भवन्ति तस्मात्संसर्गं जनैर्योगी ततस्त्यजेत् ॥७२॥**

**यस्य सस्पन्दमाभाति निःस्पन्देन समं जगत् ।**
**अप्रज्ञमक्रियायोगं स शमं याति नेतरः ॥६७॥**

**ભાવાર્થ** : મનુષ્યો સાથે વાત કરવાથી મનની ચંચળતા થાય છે, પછી મનમાં ભ્રમ થાય છે માટે યોગીએ મનુષ્યોનો સંગ છોડવો જોઇએ, એકાંત સેવી થવું જોઇએ. જેની દષ્ટિમાં આ હાલતું ચાલતું જગત હલનચલન રહિત. બુદ્ધિના વિકલ્પ રહિત, કાર્યરહિત, કેવળ, નિજસ્વભાવથી સ્થિર દેખે છે તે જ સમભાવ પામે છે.

## નિર્મોહી થઇને પોતાના અમૂર્તિક આત્માને જુઓ.

**असरीरु वि सुसरीरु मुणि इहु सरीरु जडु जाणि ।**
**मिच्छा-मोहु परिच्चयहि मुत्ति णियं वि ण माणि ॥६१॥**

**તનવિરહિત ચૈતન્યતત્ત, પુદ્‌ગલ તન જડ જાણ;**
**મિથ્યા મોહ દૂરે કરી, તન પણ મારું ન માન. ૬૧.**

**અન્વયાર્થ (असरीरु वि सुसरीरु मुणि)** પોતાના શરીર રહિત આત્માને જ ઉત્તમ જ્ઞાન શરીરી સમજો. **(इहु सरीरु जडु जाणि)** આ પુદ્‌ગલ રચિત શરીરને જડ અને જ્ઞાનરહિત જાણો. **(मिच्छा मोहु परिच्चयहि)** મિથ્યા મોહનો ત્યાગ કરવો. **(मुत्ति णियं वि ण मणि)** મૂર્તિક એવા આ શરીરને પણ પોતાનું ન માનો.

**ભાવાર્થ** : આત્મધ્યાનના સાધકને માટે ઉચિત છે કે તે પોતાનો કેવળ જડ શરીર રહિત એક જ્ઞાન શરીરી શુદ્ધ આત્મા સમજે. પુદ્‌ગલના પરમાણુઓથી રચિત શરીરને એક પાંજરૂં અથવા કારાગાર સમજે. તૈજસ, કાર્મણ અને ઔદારિક એ ત્રણે શરીરોથી રહિત પોતાને સિદ્ધ ભગવાન સમાન, પુરુષાકાર અમૂર્તિક સમજે. પોતાનું સર્વસ્વ શ્રેય પોતાના જ આત્મામાં જોડે. અને સર્વ પર તરફથી પ્રેમ દૂર કરે. જગતના પદાર્થોનો મિથ્યા મોહ છોડી દે. જે પર્યાયો નાશવંત

છે તેમના પ્રત્યે મોહ કરવો તે મિથ્યા અને સંતાપકારક છે. આ જીવે અનાદિ સંસારના ભ્રમણમાં અનંત પર્યાયો ધારણ કરી છે. જે પર્યાયમાં ગયો ત્યાં જ તેણે શરીર પ્રત્યે, ઈંદ્રિયો પ્રત્યે અને ઈંદ્રિયો દ્વારા જાણવા યોગ્ય તથા ભોગવવા યોગ્ય પદાર્થો પ્રત્યે મોહ કર્યો છે. મૃત્યુ વખતે શરીરની સાથે તે બધાનો વિયોગ થઈ ગયો ત્યારે તેમનો સંયોગ જાણે કે એક સ્વપ્નું જોયું હોય એમ બન્યું. તેમના પ્રત્યે કરેલો મોહ વૃથા જ ગયો.

સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થતાં સર્વ મિથ્યાત્વનો વિકાર મટી જાય છે. જ્યાં સુધી સમ્યક્ત્વ થતું નથી ત્યાં સુધી તે આ દેહનું અને દેહના સુખનું અભિનંદન કરે છે, ઈંદ્રિય વિષય ભોગનો જ લોલુપી રહે છે. ત્યારે પાંચે ઈંદ્રિયોના વિષયોની તીવ્ર લાલસા રાખે છે. તે મળે ત્યારે હર્ષ અને ન મળે ત્યારે વિષાદ કરે છે, વિયોગ થતાં શોક કરે છે. જેમ જેમ તે મળે છે તેમ તેમ અધિક તૃષ્ણાની બળતરા વધારી શકે છે. મિથ્યાદૃષ્ટિનો મોહ સંસારના સુખો માટે હોય છે, તે ભોગ વિલાસને જ જીવનનું ધ્યેય માને છે. મનુષ્ય ગતિમાં આવે ત્યારે સ્ત્રી, પુત્ર, પુત્રી આદિ કુટુંબના મોહમાં એટલો ડૂબી જાય છે કે રાત દિવસ તેમને જ રાજી રાખવાનો અને પોતાના વિષય પોષવાનો ઉધમ કરે છે, પરલોકની ચિંતા ભૂલી જાય છે.

આત્મા શરીરથી ભિન્ન છે એવો વિચાર શાંતમનથી કરી શકતો નથી. વર્તમાન જીવનની ચિંતામાં જ ફસાઇ જાય છે. જો કદાચિત્ દાન, ધર્મ, તપ, જપ કરે છે તો પણ તેના ફળમાં વર્તમાનમાં યશ, ધન, સંતાન અને ઈચ્છિત વિષયનો લાભ ચાહે છે. કદાચિત્ પર લોકનો વિશ્વાસ થયો તો દેવગતિના મનોજ્ઞ ભોગોની તૃષ્ણા રાખે છે. તેના મન, વચન, કાયાનું બધું વર્તન સાંસારિક આત્માના મોહ ઉપર આધાર રાખે છે.

જ્યારે યોગ્ય નિમિત્ત મળે ત્યારે આ જીવને તત્ત્વજ્ઞાન થાય છે. એની મિથ્યાત્વની ગ્રંથિ ઢીલી પડે છે ત્યારે તે સમજે છે કે સંસારની દશા અસાર છે, સંસારનો વાસ ત્યાગવા યોગ્ય છે, બંધન કાપવા યોગ્ય છે, આત્મા જ સચ્ચિદાનંદમય એક પોતાનો નિજ દેવ અનુભવવા યોગ્ય છે, ધ્યાન કરવા યોગ્ય છે.

અતીન્દ્રિય સુખ જ ગ્રહણ કરવા યોગ્ય છે, ઈંદ્રિય સુખ ત્યાગવા યોગ્ય છે, પરમાણુ માત્ર પણ આત્માનું નથી એવું ભેદવિજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે તેનું જ વારંવાર મનન કરે છે. ત્યારે સમ્યગ્દર્શનને રોકનાર મિથ્યાત્વ કર્મ અને અનંતાનુબંધી ચાર કષાયનો ઉદય બંધ થાય છે. એ ઉપશમ સમ્યગ્દૃષ્ટિ કે ઉપશમ સંવેદક સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. સંસારનો અંત અતિ નિકટ રહે ત્યારે વેદકમાંથી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઈ જાય છે. સમ્યકત્વનો ઉદય થતાં જ એનો સર્વ મોહ ગળી જાય છે.

અંદરનો પ્રેમ એક આત્માનંદ પ્રત્યે જ રહી જાય છે. આ જ સમ્યગ્દષ્ટિ જીવ નિશ્ચિંત થઈને જ્યારે ઇચ્છે ત્યારે સરળતાથી આત્માની અંદર સર્વ શરીરોથી ભિન્ન જ્ઞાનાકાર જોઇ શકે છે. તેને પોતાપણું પોતાના જ આત્મામાં રહે છે, તે અન્ય સર્વ પર દ્રવ્યોથી પૂર્ણ વિરકત થઇ જાય છે. ચારિત્ર મોહના ઉદયથી રોગી સમાન કડવી દવા પીતો હોય તેમ લાચાર થઇને વિષય ભોગ કરે છે પણ ભાવના તેના ત્યાગની જ રહે છે. દષ્ટિમાં ગ્રહણ યોગ્ય એક નિજ સ્વરૂપ જ રહે છે. સમ્યગ્દર્શનના ધારક જ આત્માના દર્શન અંદર કરી શકે છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**इन्द्रजालमिदमेवमुच्छलत्पुष्कलोच्चलविकल्पवीचिभिः ।**
**यस्य विस्फुरणमेव तत्क्षणं कृत्स्नमयति तदस्मि चिन्महः ॥४६-३॥**

**ભાવાર્થ** : જ્ઞાની એમ જાણે છે કે હું એક ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ પદાર્થ છું. જે સમયે મારામાં આ આત્મ જ્યોતિનો પ્રકાશ થાય છે અર્થાત્ હું જ્યારે આત્માનો અનુભવ કરું છું ત્યારે વિવિધ પ્રકારના વિકલ્પ જાળનો સમૂહ જે મનમાં ઈંદ્રજાળ જેવો લાગતો હતો તે સર્વ દૂર થઈ જાય છે. હું નિર્વિકલ્પ સ્થિર સ્વરૂપમાં રમણતા કરવા લાગું છું.

## આત્માનુભવનું ફળ કેવળજ્ઞાન અને અવિનાશી સુખ છે.

**अप्पइँ अप्पु मुणंतयहँ कि णेहा फलु होइ ।**
**केवल-णाणु वि परिणवइ सासय-सुक्खु लहेइ ॥६२॥**

નિજને નિજથી જાણતાં, શું ફળ પ્રાપ્ત ન થાય.
પ્રગટે કેવળજ્ઞાન ને, શાશ્વત સુખ પમાય. ૬૨.

**અન્વયાર્થ** : (**अप्पइँ अप्पु मुणंतयहं**) આત્માને આત્મા દ્વારા અનુભવતા (**किंणेहा फलु होइ**) કયું ફળ નથી મળતું ? બીજું તો શું (**केवलणाणु वि परिणवइ**) કેવળજ્ઞાનનો પ્રકાશ (પણ) થઈ જાય છે (**सासय-सुक्खु लहेइ**) અને અવિનાશી સુખ પ્રાપ્ત કરી લે છે.

**ભાવાર્થ** : આત્મા દ્વારા આત્માનો અનુભવ કરવો એ મોક્ષમાર્ગ છે. જે કોઇ આ આત્માનુભવનો અભ્યાસ કરવાનું શરૂ કરે છે તેને મહાન ફળની પ્રાપ્તિ થાય છે. જ્યાં સુધી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી આ આત્મજ્ઞાની ધ્યાનના સમયે ચાર ફળ પામે છે. આત્મિક સુખનુ વેદન થાય છે. આ અતીન્દ્રિય સુખ અરિહંત અને સિદ્ધ પરમાત્માના સુખની જાતિનું છે. બીજું ફળ એ છે કે અંતરાયકર્મનો ક્ષયોપશમ વધવાથી આત્મબળ વધે છે જેથી દરેક કાર્ય કરવા માટે અંતરંગમાં ઉત્સાહ અને પુરુષાર્થ વધી જાય છે. ત્રીજું ફળ એ છે કે પાપકર્મનો અનુભાગ ઘટાડે

છે, પુણ્યકર્મોનો અનુભાગ વધારે છે. ચોથું ફળ એ છે કે આયુષ્યકર્મ સિવાયનાં સર્વ કર્મોની સ્થિતિ ઘટાડે છે. જો કેવળજ્ઞાન ઉત્પન્ન કરવા જેવું ધ્યાન ન થઇ શકયું તો મર્યા પછી મનુષ્ય દેવગતિમાં જઇને ઉત્તમ દેવ થાય છે. જો દેવ હોય તો મરીને ઉત્તમ મનુષ્ય થાય છે. જો સમ્યગ્દર્શનનો પ્રકાશ ટકી રહ્યો હોય તો તે પછી દરેક જન્મમાં આત્માનુભવ કરીને પોતાની યોગ્યતા વધાર્યા કરે છે. શીઘ્ર જ કોઇ મનુષ્યભવમાં પરમ વૈરાગી થઇને પરિગ્રહ ત્યાગી થઇ જાય છે. સાધુપદમાં ધર્મધ્યાનનું આરાધન કરીને ક્ષપક શ્રેણી પર આરૂઢ થઇને મોહનીય કર્મનો ક્ષય કરીને પછી અંતર્મુહૂર્તમાં દ્વિતીય શુકલ ધ્યાનના બળથી બાકીના ત્રણ ઘાતી કર્મોનો પણ ક્ષય કરીને અરિહંત પરમાત્મા થઇ જાય છે.ત્યારે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્યથી વિભૂષિત થઇ જાય છે, અવિનાશી જ્ઞાન અને અવિનાશી સુખ પ્રગટાવે છે.

આયુષ્યમાં કર્મના અંતે શેષ ચાર કર્મોનો ક્ષય કરીને સિદ્ધ પરમાત્મા થઇ જાય છે. આત્માનુભવનું અંતિમ ફળ નિર્વાણ છે. જ્યાં સુધી નિર્વાણની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી શાતાકારી પદાર્થોનો સંયોગ મળે છે. આત્માનુભવના પ્રેમી કદી નરકમાં જતા નથી, ન પશુગતિ બાંધે છે. જો સમ્યગ્દર્શન પહેલાં નરકનું આયુષ્ય બાંધ્યું હોય તો સમ્યકત્વની સાથે પહેલી નરકમાં જ જાય છે અને તિર્યંચઆયુ બાધ્યું હોય તો ભોગભૂમિમાં જ પશુ થાય છે. અનેક ઋદ્ધિ, ચમત્કાર આત્મધ્યાનીને સિદ્ધ થઇ જાય છે. એના જ પ્રતાપે શ્રુતકેવળી થાય છે. અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન પામે છે. સર્વ ઉત્તમ સંયોગોનું ફળ આપનાર આત્માનો અનુભવ છે. આત્માનુભવીનો ઉદ્દેશ્ય કેવળ શુદ્ધાત્માની પ્રાપ્તિ જ રહે છે. પરંતુ પુણ્યકર્મ વધવાથી ઋદ્ધિ સંપદાઓ સ્વયં પ્રાપ્ત થઇ જાય છે. જેમ કેરી માટે જ માળી આંબાના વૃક્ષ વાવે છે, ફળ આવવા પહેલાં તે માળી વૃક્ષના પાંદડા, ડાળી, અને ફૂલનો અનુભવ કરે છે. જેમ રાજમહેલ તરફ જનાર મનુષ્ય સુંદર માર્ગ પર ચાલે છે. રાજમહેલ દૂર હોય અને જો વિસામો લેવો પડે તો મનોહર ઉપવનોમાં રોકાય છે, શીતળ જળ પીએ છે, પૌષ્ટિક ફળો ખાય છે અને સુખપૂર્વક રાજમહેલમાં પહોંચે છે તેવી જ રીતે મોક્ષનો અર્થી જીવ નિર્વાણ પહોંચવા માટે આત્માના અનુભવની સુખદાયક સડક પર ચાલે છે. ત્યાં પહોંચવા પહેલાં મનુષ્ય અને દેવના શરીરમાં સુખપૂર્વક વિશ્રામ કરે છે. આત્મધ્યાનનું અચિંત્ય ફળ છે.

તત્ત્વનુશાસનમાં કહ્યું છે -

**ध्यानाभ्यासप्रकर्षेण तुद्यन्मोहस्य योगिनः ।**
**चरमांगस्य मुक्तिः स्थात्तदा अन्यस्य चक्रमात् ॥२२४॥**

**तथा ह्यचरमांगस्य ध्यानमभ्यस्यतः सदा ।**
**निर्जरासंवरश्च स्यात्सकलाशुभकर्मणां ॥२२५॥**

आस्रवन्ति च पुण्यानि प्रचुराणि प्रतिक्षणं ।
यैर्महद्धिर्भवत्येष त्रिदृशः कल्पवासिषु ॥२२६॥

ततोऽवतीर्य मर्त्येपि चक्रवर्त्यादिसंपदः ।
चिरं भुक्त्वा स्वयं भुक्त्वा दीक्षां दैगंबरीं श्रितः ॥२२८॥

वज्रकायः स हि ध्यात्वा शुक्लध्यानं चतुर्विधं ।
विधूयाष्टापि कर्म्माणि श्रयते मोक्षमक्षयं ॥२२९॥

**ભાવાર્થ** : ધ્યાનના અભ્યાસની ઉત્તમતાથી ચરમ શરીરી યોગીનો મોહ તૂટી જાય છે. એ તે જ ભવે મુક્ત થઈ જાય છે. જે ચરમ શરીરી નથી હોતા, તે ક્રમે ક્રમે મોક્ષ પામે છે. જે યોગી ચરમ શરીરી નથી તેને ધ્યાનના અભ્યાસથી સદાય સર્વ અશુભ કર્મ પ્રકૃતિઓનો સંવર અને તેમની નિર્જરા થતી જાય છે તથા પ્રતિ સમય મહાન પુણ્યકર્મનો આસ્રવ થાય છે જેના ફળમાં સ્વર્ગમાં જઈને તે મહાન ઋદ્ધિધારી દેવ થાય છે. અહીંથી મધ્યલોકમાં આવીને ચક્રવર્તી આદિની સંપદા ઘણા સમય સુધી ભોગવીને પછી સ્વયં તેમનો ત્યાગ કરી દિગંબર સાધુની દીક્ષા લે છે. વજ્રવૃષભના રાચ સંહનનધારી સાધુ ચાર પ્રકારના શુકલ ધ્યાનદ્વારા આઠેય કર્મોનો નાશ કરીને અક્ષય અમર મોક્ષપદ પ્રાપ્ત કરી લે છે.

## પરભાવનો ત્યાગ સંસારત્યાગનું કારણ છે.

जे परभाव चएवि मुणि अप्पा अप्प मुणंति ।
केवल-णाण-सरुव लइ ( लहि? ) ते संसारु मुचंति ॥६३॥

**જો પરભાવ તજી મુનિ, જાણે આપથી આપ;**
**કેવળજ્ઞાનસ્વરૂપ લહી, નાશ કરે ભવતાપ. ૬૩.**

**અન્વયાર્થ**- ( **जे मुणि परभाव चएवि अप्पा अप्प मुणंति** ) જે મુનિરાજ પરભાવોનો ત્યાગ કરીને આત્મા દ્વારા આત્માનો અનુભવ કરે છે ( **ते केवल णाण-सरूव** ) **लइ** ( **लहि** ) **संसारु मुचंति** ) તે કેવળજ્ઞાન સહિત પોતાના સ્વભાવને પ્રગટાવીને સંસારથી છૂટી જાય છે.

**ભાવાર્થ** : ત્યાગધર્મની આવશ્યકતા બતાવીછે. રાગ, દ્વેષ, મોહભાવ બંધના કારણછે. એનો ત્યાગ કરીને વીતરાગ ભાવમાં રમણતા કરવાથી સંવર અને નિર્જરાની પ્રાપ્તિ થાય છે. રાગ, દ્વેષ, મોહ ઉત્પન્ન થવામાં અંતરંગ કારણ મોહનીય કર્મનો ઉદય છે. અને બાહ્ય કારણ ચેતન, અચેતન પદાર્થછે. બાહ્ય ત્યાગ થતાં અંતરંગ ત્યાગ થઇ જાયછે, જેમ બાહ્ય ફોતરું દૂર થતાં અનાજનું અંદરનું પાતળું ફોતરું પણ નીકળી જાયછે. સાધકે પહેલાં તો મિથ્યાત્વભાવનો ત્યાગ કરવો જોઈએ. તે માટે

બાહ્ય કારણ એવા રાગીદ્વેષી દેવો, પરિગ્રહધારી, આત્મજ્ઞાન રહિત સાધુઓ અને એકાંત કથન કરનાર શાસ્ત્રોની ભકિતછોડવી અને તીવ્ર પાપથી બચવું. જુગાર, મદિરાપાન, માંસાહાર, ચોરી, શિકાર, વેશ્યા અને પરસ્ત્રી સેવનની રુચિ મનમાંથી દૂર કરવી, નિયમપૂર્વક ત્યાગ ન કરી શકવા છતાં પણ એમના પ્રત્યે અરુચિ કરવી, અન્યાય સેવનની ગ્લાનિ કરવી અને વીતરાગ સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ આત્મજ્ઞાની સાધુ, અનેકાંતનું કથન કરનાર શાસ્ત્રોની ભકિત કરવી. સાત તત્ત્વો જાણીને તેનું મનન કરવું જેથી અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્ત્વભાવ દૂર થશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણ ચારિત્રની પ્રાપ્તિ થશે. પછી પણ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને સંજ્વલન કષાય તથા નોકષાયના ઉદયથી થતા રાગદ્વેષ ભાવોને મટાડેછે. પહેલાં શ્રાવકના બાર વ્રતોનું પાલન કરી રાગદ્વેષ ઘટાડે છે. અગિયાર પ્રતિમા દ્વારા જેમ જેમ બહારનો ત્યાગ કરતા જાય છે તેમ તેમ રાગદ્વેષ અધિક અધિક ઘટતા જાયછે. રાગદ્વેષનો પૂર્ણ ત્યાગ કરવા માટે સાધુની દીક્ષા આવશ્યકછે. ત્યાં વસ્ત્રાદિનો પૂર્ણપણે ત્યાગ હોય છે. સાધુ થતાં ક્ષેત્ર, મકાન, ધન, ધાન્ય, ચાંદી, સોનું, દાસી, દાસ, કપડાં, વાસણ આ દશ પ્રકારના બાહ્ય પરિગ્રહનો ત્યાગ કરીને બાળક સમાન સમદર્શી, કામવિકારરહિત, નિર્ગ્રંથ થઈ જાયછે. અંતરંગ ચૌદ પ્રકારના ભાવ પરિગ્રહની મમતા ત્યાગે છે.

મિથ્યાત્વભાવ, ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસકવેદ આ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહથી પૂર્ણ વિરકત થઈ જાય છે. શત્રુ મિત્રમાં, તૃણ કે સુવર્ણમાં જીવનમરણમાં સમભાવ ધારણ કરે છે. એકાંત વન, ઉપવન, પર્વતાદિ સ્થાનોમાં બેસીને આત્મધ્યાન કરે છે ત્યારે એક પોતાના જ શુદ્ધ આત્માને ભાવમાં ગ્રહણ કરે છે અને સર્વ પરભાવો તરફથી ઉપયોગને ખસેડી લે છે.

જેટલા ભાવ કર્મોના નિમિત્ત થાય છે અને જે અનિત્ય છે તે બધા પ્રત્યે રાગ છોડે છે. ઔદયિક, ક્ષાયોપશમિક અને છૂટી જનારા એવા ઔપશમિક ભાવો પ્રત્યે વિરકત થઇને ક્ષાયિક અને પારિણામિક જીવત્ત્વભાવને પોતાનો સ્વભાવ માનીને એક શુદ્ધ આત્માની વારંવાર ભાવના કરે છે. એવા મુનિરાજ રાગદ્વેષને સંપૂર્ણ રીતે જીતી લે છે.

ક્ષપક શ્રેણી ઉપર ચઢીને અંતર્મુહૂર્તમાં ચાર ઘાતી કર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની થઈ જાય છે ચાર અઘાતી કર્મોનો પણ નાશ કરીને સંસારથી મુક્ત થઇ જાય છે. પરભાવોના ત્યાગમાં જ પોતાના નિજ ભાવનું યથાર્થ ગ્રહણ થાય છે ત્યારે શુદ્ધ આત્માનુભવ પ્રગટ થાય છે. એ જ મોક્ષમાર્ગ છે અને સદાય આનંદામૃતનું પાન કરાવે છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**एकश्चितश्चिन्मय एव भावो भावाः परे ये किल ते परेषाम् ।**
**ग्राह्यस्ततश्चिन्मय एव भावो भावाः परे सर्वत एव हेयाः ॥५॥**

सिद्धान्तोऽयमुदात्तचित्तचरितैर्मोक्षार्थिभिः सेव्यतां
शुद्धं चिन्मयमेकमेव परमं ज्योतिः सदैवास्म्यहम् ।
एते ये तु समुल्लसन्ति विबुधा भावाः पृथग्लक्षणा-
स्तेऽहं नाऽस्मि यतोऽत्र ते मम परद्रव्यं समग्रा अपि ॥६-९॥

ચૈતન્યમય એક ભાવ જ આત્માનો નિજ ભાવ છે. શેષ સર્વ રાગાદિભાવ નિશ્ચયથી પર પુદ્ગલોના છે. તેથી ચૈતન્મયભાવને જ ગ્રહવો જોઈએ, બાકીના સર્વ પરભાવોનો ત્યાગ કરવો જોઈએ. શુદ્ધભાવમાં ચાલનાર મોક્ષાર્થી મહાત્માઓએ આ જ સિદ્ધાંતનું સેવન કરવું જોઈએ કે હું સદાય એક શુદ્ધ ચૈતન્યમય પરમ જ્યોતિ સ્વરૂપ છું. એ સિવાય જે વિવિધ પ્રકારના ભાવ પ્રગટ થાય છે તે મારા શુદ્ધ ભાવથી ભિન્ન લક્ષણવાળા છે, તે રૂપ હું નથી, તે બધાં મારાથી ભિન્ન પરદ્રવ્ય જ છે.

## ત્યાગી આત્મધ્યાની મહાત્મા જ ધન્ય છે.

धण्णा ते भयवंत बुह जे परभाव चयंति ।
लोयालोय-पयासयरु अप्पा विमल मुणंति ॥६४॥

ધન્ય અહો ભગવંત બુધ, જે ત્યાગે પરભાવ;
લોકાલોક પ્રકાશકર, જાણે વિમળ સ્વભાવ. ૬૪.

અન્વયાર્થ : (**जे परभाव चयंति**) જે પરભાવોનો ત્યાગ કરે છે અને (**लोयालोय पयासयरु अप्पा मुणंत्ति**) લોકાલોક પ્રકાશક નિર્મળ પોતાના આત્માનો અનુભવ કરે છે (**ते भयवंत बुह्य धण्णा**) તે ભગવાન, જ્ઞાની મહાત્મા ધન્ય છે.

**ભાવાર્થ** : આત્માનું સ્વરૂપ નિશ્ચયથી પરમ શુદ્ધ છે. જ્ઞાન એનું મુખ્ય અસાધારણ લક્ષણ છે. જ્ઞાનમાં એવી શક્તિ છે કે એક જ સમયમાં એ સર્વલોકના છ દ્રવ્યોને તેમના ગુણ પર્યાયો સહિત તથા અલોકને એક સાથે ક્રમરહિત જેમના તેમ જાણી શકે. એવી જ રીતે આત્મામાં એ બધા ગુણ છે જે સિદ્ધ ભગવાનમાં પ્રગટ થઈ જાય છે.

સ્વભાવથી આત્મા સિદ્ધ સમાન છે. તત્ત્વજ્ઞાની, મહાત્મા જે પદ પ્રાપ્ત કરવાની રુચિ ધરાવે છે તે જ પદનું ધ્યાન કરે છે. તે સર્વ પરપદાર્થોથી વિરક્ત થઈ જાય છે. પુણ્યોદયથી પ્રાપ્ત થતા નારાયણ, બળભદ્ર, પ્રતિનારાયણ, ચક્રવર્તી, કામદેવ, ઈન્દ્ર, ધરણેન્દ્ર, અહમિન્દ્ર, આદિ પદોને કર્મજનિત, નાશવંત, આત્માના શુદ્ધ સ્વરૂપથી ભિન્ન જાણીને તે બધાની મમતા છોડે છે તેવી જ રીતે જે શુભ ભાવોથી લૌકિક ઉચ્ચ પદોની પ્રાપ્તિ યોગ્ય પુણ્યનો બંધ થાય છે

તેમને પણ ચાહતા નથી. ધર્માનુરાગ, પંચ પરમેષ્ઠીની ભક્તિ, અનુકંપા, પરોપકાર, શાસ્ત્રપઠન આદિ શુભ ભાવોમાં વર્તે છે કેમ કે શુદ્ધોપયોગકમાં અધિક ઠરી શકતા નથી. આત્મવીર્ય ઓછું છે તેથી અશુભ ભાવોથી બચવા માટે શુભ ભાવોમાં રહેવા છતાં પણ જ્ઞાની તેમનાથી વિરક્ત રહે છે.

પરમાણુ માત્ર પણ રાગભાવ બંધનું કારણ છે, આમ તે જાણે છે. ચૌદ ગુણસ્થાન આત્માની ઉન્નતિનાં પગથિયાં છે તો પણ શુદ્ધાત્માના મૂળ, પર સંયોગ રહિત, એકાકી સ્વભાવથી ભિન્ન છે. તેથી જ્ઞાની તેમને પણ ત્યાગવા યોગ્ય સમજે છે. જેમ સીડી ઉપર ચડનાર મનુષ્ય સીડીને (પગથિયાને) ત્યાગવા યોગ્ય સમજીને છોડતો જાય છે. તે એક શુદ્ધોપયોગને ગ્રહણ કરવાનો ઉત્સુક થઈને ધર્મપ્રચારના વિચારોને પણ છોડે છે. દ્રવ્યાર્થિકનયથી આત્મા નિત્ય છે, પર્યાયર્થિક નયથી અનિત્ય છે, અભેદનયથી એકરૂપ છે, ભેદરૂપ વ્યવહારનયથી અનંતરૂપ છે.

આત્મા ગુણપર્યાયોનો સમૂહ છે. લોક છ દ્રવ્યોનો સમુદાય છે. કર્મોના ૧૪૮ ભેદ છે. કર્મોનો બંધ ચાર પ્રકારનો હોય છે. પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગોથી તથા સ્થિતિ અને અનુભાગબંધ કષાયોથી થાય છે. સાત તત્ત્વ છે, નવ પદાર્થ છે ઈત્યાદિ સર્વ વિકલ્પોને બંધ કરનાર જાણી છોડી દે છે. નિર્વિકલ્પ સમાધિ અને સ્વાનુભવની પ્રાપ્તિ માટે એ એક પોતાના જ આત્મામાં આત્મા દ્વારા પોતાના જ આત્માને બેસાડી દે છે.

આ રીતે જે જ્ઞાની અને વિરક્ત પુરુષ સંસારના સર્વ પ્રપંચોથી પૂર્ણ વિરક્ત થઈને આત્મધ્યાન કરે છે, પરમાનંદના અમૃતનું પાન કરે છે, તે જ મહાવિવેકી પંડિત છે, તે જ પરમ ઐશ્વર્યવાન છે, રત્નત્રયથી અપૂર્વ સંપત્તિના સ્વામી છે, સમ્યગ્દર્શન, જ્ઞાન ચારિત્રની એકતામાં લવલીન છે, તે જ ભાગ્યવાન છે, ભગવાન છે, અતીન્દ્રિય જ્ઞાન અને સુખના સ્વામી છે. તેઓ શીઘ્ર જ મોક્ષની પ્રાપ્તિ કરશે.

આત્માનુશાસનમાં કહ્યું છે -

**येषां भूषणमङ्गसंगतरजः स्थानं शिलायास्तलम्**
**शय्या शर्करिला मही सुविहितं गेहं गुहा द्वीपिनाम् ।**
**आत्मात्मीयविकल्पवीतमतयस्त्रुस्यत्तमोग्रन्थयस्ते नो**
**ज्ञानधना मनांसि पुनतां मुक्तिस्पृहा निस्पृहाः ॥२५९॥**

**ભાવાર્થ :** જે મહાત્માઓના આભૂષણ તેમના શરીર ઉપર ચોંટેલી રજ છે, જેમના બેસવાનું સ્થાન પાષાણની શિલા છે, જેમની પથારી કાંકરીવાળી ભૂમિ છે, જેમનું સુંદર ઘર વાઘની ગુફા છે, જેમણે પોતાની અંદરથી સર્વ વિકલ્પ મટાડી દીધા છે અને જેમણે અજ્ઞાનની ગાંઠો તોડી

નાખી છે, જેમની પાસે સમ્યગ્જ્ઞાનરૂપી ધન છે, જે મુક્તિના પ્રેમી છે, બીજી બધી ઈચ્છાઓથી દૂર છે, એવા યોગીઓ અમારું મન પવિત્ર કરો.

ગૃહસ્થ હોય કે મુનિ બન્નેને માટે આત્મ લીનતા.

## સિદ્ધિના સુખનો ઉપાય છે.

**सागारु वि णागारु कुविं जो अप्पाणि वसेइ ।**
**सो लहु पावइ सिद्धि-सुहु जिणवरु एम भणेइ ॥६५॥**

**મુનિજન કે કોઈ ગૃહી, જે રહે આતમલીન;**
**શીઘ્ર સિદ્ધિસુખ તે લહે, એમ કહે પ્રભુ જિન. ૬૫.**

**અન્વયાર્થ** : (**सागारु वि णागारु कुवि**) ગૃહસ્થ હોય કે મુનિ કોઈ પણ હોય (**जो अप्पाणि वसेइ**) જે પોતાના આત્માની અંદર વાસ કરે છે (**सो सिद्धि-सुहु लहु पावइ**) તે શીઘ્ર જ સિદ્ધિનું સુખ પામે છે. (**जिणवरु एम भणेइ**) જિનેન્દ્રદેવે આમ કહ્યું છે.

**ભાવાર્થ** : આત્મિક અતીન્દ્રિય આનંદને સિદ્ધિ સુખ અથવા સિદ્ધોનું સુખ કહે છે. જેવો શુદ્ધાત્માનો અનુભવ સિદ્ધ ભગવાનોને છે તેવો જ શુદ્ધાત્માનો અનુભવ જ્યારે થાય છે ત્યારે જેવું સુખ સિધ્ધો વેદે છે તેવું જ સુખ શુદ્ધાત્માનું વેદન કરનારાઓને થાય છે.

આત્મિક આનંદનો સ્વાદ જે સાધનથી થાય તે જ મોક્ષનો ઉપાય છે અથવા આત્મિક આનંદ સુખનું સાધન છે. કેમ કે સ્વાનુભવમાં સમ્યકગ્દર્શન, જ્ઞાન ચારિત્ર એ ત્રણેય ગર્ભિત છે. સ્વાનુભવ જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તેનાથી જ નવા કર્મોનો સંવર થાય છે અને પુરાણા કર્મોની નિર્જરા થાય છે. આ જ એક સીધી સડક મોક્ષમહેલ તરફ ગયેલી છે. એ સિવાય કોઈ બીજી સડક નથી. બાહ્ય સાધન મન, વચન, કાયાની શક્તિને નિરાકુળ કરવા માટે છે. મનમાં જેટલી નિરાકુળતા અને નિશ્ચિન્તતા અધિક થાય તેટલું જ મન સ્વાનુભવમાં બાધક ન થાય.

જગતના પ્રપંચો મન, વચન, કાયાને રોકે છે, ફસાવે છે તેથી મોક્ષમાર્ગમાં બાહ્ય નિકટ સાધન સાધુ અથવા અણગારનું ચારિત્ર છે અને ક્રમશઃ બાહ્ય સાધન સાગારનું શ્રાવકનું છે. શ્રાવકનું ચારિત્ર પાળતાં સાધુના ચારિત્રપાલનની યોગ્યતા આવે છે. સાધુનું ચારિત્ર પાળ્યા વિના કર્મનો નાશક સ્વાનુભવ જાગ્રત થતો નથી. શ્રાવકનું વ્યવહાર ચારિત્ર અગિયાર પ્રતિમારૂપ છે - તે ક્રમે ક્રમે વધતું જાય છે. પહેલી પહેલી પ્રતિમાનું આચરણ બીજી આદિમાં ટકી રહે છે અને આગળ વધતું જાય છે. તેનું સંક્ષેપમાં સ્વરૂપ આ પ્રમાણે છે.

(૧) દર્શન પ્રતિમા-સમ્યગ્દર્શનનું દોષરહિત પાલન કરે. ૨૫ દોષોથી પોતાને બચાવે. નિઃશંક્તિતા, નિઃકાંક્ષિતતા, નિર્વિચિકિત્સા, અમૂઢ દષ્ટિ, ઉપગૂહનત્વ, સ્થિતીકરણ, વાત્સલ્ય, પ્રભાવનાઃ, આ આઠ અંગોનું પાલન કરી એના પ્રતિપક્ષી આઠ દોષોથી બચે. જાતિ, કુળ, ધન, અધિકાર, રૂપ, બળ, વિદ્યા, તપ, એ આઠ પ્રકારના મદ ન કરે. દેવ, ગુરુ, લોકમૂઢતાનો ત્યાગ કરે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એના ત્રણ પ્રકારના સેવક આ છ અનાયતોનું સેવન ભક્તિપૂર્વક ન કરે. અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, પરિગ્રહત્યાગ આ પાંચ વ્રતોના એકદેશ (અંશે) સાધનનો અભ્યાસ કરે. દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, તપ, સંયમ અને દાન આ છ કાર્યોનું નિત્ય પાલન કરે. દર્શન પ્રતિમાના ધારક જીવને ઉપર કક્ષા મુજબનું બાહ્ય આચરણ હોય છે.

(૨) વ્રત પ્રતિમા-આ પ્રતિમાનો ધારક શ્રાવક પાંચ અણુવ્રતોનું દોષરહિત પાલન કરે છે. તે ઉપરાંત દિગ્વ્રત, દેશાવગાશિક-દેશવ્રત, અનર્થદંડ ત્યાગ આ ત્રણ ગુણ વ્રત, સામાયિક, પ્રોષધોપવાસ, ભોગોપભોગ પરિમાણ અને અતિથિ સંવિભાગ આ ચાર શિક્ષાવ્રતોનું પાલન કરવાનો અભ્યાસ કરે છે.

(૩) સામાયિક પ્રતિમા- આ પ્રતિમા ધારક જીવ સવાર, બપોર, સાંજ એ ત્રણ સંધ્યાઓમાં સમભાવથી અથવા શાંત ભાવથી સ્વાનુભવનો અભ્યાસ કરે છે અને રાગદ્વેષ છોડે છે.

(૪) પ્રોષધ પ્રતિમા-મહિનામાં ચાર દિવસ બે આઠમ અને બે ચૌદસના દિવસે ઉપવાસ કરવો.

(૫) સચિત્ત ત્યાગ પ્રતિમા-જીવ સહિત સચિત્ત ભોજનપાન ન કરવાં.

(૬) રાત્રિભોજન ત્યાગ પ્રતિમા-રાત્રે પોતે ભોજનપાન ન કરવાં અને બીજાને ન કરાવવાં.

(૭) બ્રહ્મચર્ય પ્રતિમા-મન, વચન, કાયાથી બ્રહ્મચર્ય પાળવું. સ્વસ્ત્રીથી પણ વિરક્ત થઈ જવું.

(૮) આરંભ ત્યાગ પ્રતિમા-ખેતી, વેપાર આદિ આરંભનાં કાર્ય ન કરવાં. આરંભી હિંસા છોડવી.

(૯) પરિગ્રહત્યાગ પ્રતિમા-ભૂમિ, મકાન, ધનાદિ પરિગ્રહનો ત્યાગ કરીને થોડાં વસ્ત્ર પાત્ર રાખવાં. ઘર છોડીને બહાર એકાંતમાં રહેવું, સંતોષપૂર્વક બીજાને ત્યાં, નિમંત્રણ મળ્યું હોય તો ત્યાં ભોજન કરવું. પોતે જાતે ન બનાવવું.

(૧૦) અનુમતિત્યાગ પ્રતિમા-લૌકિક કાર્યોમાં સંમતિ આપવાનું છોડી દેવું ભોજનના સમયે નિમંત્રણ મળે ત્યાં જવું.

(૧૧) ઉદ્દિષ્ટ ત્યાગ પ્રતિમા-પોતાના માટે બનાવેલું ભોજન ન લેવું. ભિક્ષાપૂર્વક ભોજન કરવું. ક્ષુલ્લક થઈને એક લંગોટ, એક ચાદરનો ટુકડો અને પીંછી, કમંડળ રાખવાં. એલક થઈને ફક્ત એક લંગોટી, પીંછી અને કમંડળ રાખવાં.

પછી સાધુ થઈને વસ્ત્રરહિત થઈ જાય. પાંચ મહાવ્રતો અહિંસાદિનું અને પાંચ સમિતિનું પાલન કરવું (૧) ઈર્યા-જોઈને ચાલવું, (૨) ભાષા-શુદ્ધ વાણી બોલવી. (૩) રસ ત્યાગ (એષણા)-શુદ્ધ ભોજન લેવું. (૪) આદાન નિક્ષેપણ-જમીન ઉપર જોઈને કમંડળ પીંછી વગેરે લેવાં, મૂકવાં. (૫) વ્યુત્સર્ગ-મળમૂત્રનો ત્યાગ પ્રાસુક (નિર્દોષ) જમીન ઉપર કરવો. મન, વચન, કાયાને વશ રાખી ત્રણ ગુપ્તિનું પાલન કરવું. આ તેર પ્રકારનું સાધુનું વ્યવહાર ચારિત્ર છે. આવી રીતે શ્રાવક અથવા સાધુના વ્યવહાર ચારિત્રનું પાલન કરીને સ્વાનુભવનો અભ્યાસ વધારવો. પછી તે ધીરે ધીરે આત્માનંદને પ્રાપ્ત કરતો થકો મોક્ષ તરફ આગળ વધતો જાય છે. જે આત્મામાં જ સ્થિત થાય છે તેઓ જ સદા સિદ્ધનું સુખ પામે છે.

પુરુષાર્થ સિદ્ધયુપાયમાં કહ્યું છે -

चारित्रं भवति यतः समस्त सावद्ययोगपरिहरणात् ।
सकल कषाय विमुक्तं विशदमुदासीनमात्मरूपं तत् ॥३९॥

हिंसातोऽनृवचनात्स्तेयादब्रह्मतः परिग्रहतः ।
कात्स्यैकदेशविरतेश्चारित्रं जायते द्विविधम् ॥४०॥

**ભાવાર્થ** : સર્વ પાપબંધનાં કારણરૂપ મન, વચન, કાયાની પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે વ્યવહાર ચારિત્ર છે. સર્વ કષાયના કાલિમારહિત, નિર્મળ, ઉદાસીન, આત્માનુભવરૂપ નિશ્ચયચારિત્ર છે. હિંસા, અસત્ય, ચોરી, કુશીલ, પરિગ્રહ આ પાંચ પાપોથી પૂર્ણ વિરક્ત થવું તે સાધુનું વ્યવહાર ચારિત્ર છે અને ઉપર્યુક્ત પાંચ પાપોથી એકદેશ વિરક્ત થવું તે શ્રાવકનું વ્યવહાર ચારિત્ર છે.

## તત્ત્વજ્ઞાની વિરલા હોય છે.

विरला जाणहिं तत्तु बुह, विरला णिसुणहिं तत्तु ।
विरला झायहिं तत्तु जिय, विरला धारहिं तत्तु ॥६६॥

વિરલા જાણે તત્ત્વને, વળી સાંભળે કોઈ;
વિરલા ધ્યાવે તત્ત્વને, વિરલા ધારે કોઈ. ૬૬.

**અન્વયાર્થ**-( **विरला बुह तत्तु जाणहि** ) વિરલા પંડિતો જ આત્મતત્ત્વને જાણે છે. ( **विरला तत्तु णिसुणहिं** ) વિરલા શ્રોતા જ તત્ત્વને સાંભળે છે ( **विरला जिय तत्तु धारहिं** ) વિરલા જ તત્ત્વને ધારણ કરીને સ્વાનુભવી થાય છે.

**ભાવાર્થ** : આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવી ઘણી કઠણ છે. થોડાક જ પ્રાણીઓ આ અનુપમ તત્ત્વનો લાભ પામી શકે છે. મનરહિત પંચેન્દ્રિય સુધીના જીવો વિચાર કરવાની શક્તિ વિના આત્મા અને અનાત્માનો ભેદ જાણી શકતા નથી. સંજ્ઞી પંચેન્દ્રિયોમાં નારકી જીવ રાતદિવસ કષાયના કાર્યમાં લાગ્યા રહે છે. કોઈક જ પ્રાણીને આત્મજ્ઞાન થાય છે. પશુઓમાં પણ આત્મજ્ઞાન પામવાનું સાધન અલ્પ છે. દેવોમાં વિષયભોગની અતિ તીવ્રતા છે, વૈરાગ્યભાવની દુર્લભતા છે. કોઈકને જ આત્મજ્ઞાન થાય છે. મનુષ્યો માટે સાધન સુગમ છે તો પણ ઘણું દુર્લભ છે.

અનેક મનુષ્યો રાતદિવસ શરીરની ક્રિયામાં એવા તલ્લીન રહે છે કે તેમને આત્માની વાત સાંભળવાનો અવસર જ મળતો નથી. જેમને અવસર મળે છે તેઓ પણ વ્યવહારમાં એટલા ફસાયેલા હોય છે કે વ્યવહારધર્મના ગ્રંથો વાંચે છે, સાંભળે છે, મહાન વિદ્વાન બની જાય છે; ન્યાય, વ્યાકરણ, કાવ્ય, પુરાણ, વૈદક, જ્યોતિષની અને પાપ પુણ્યનો બંધ કરનાર ક્રિયાઓની વિશેષ ચર્ચા કરે છે. અધ્યાત્મગ્રંથોનો સૂક્ષ્મદૃષ્ટિથી અભ્યાસ કે વિચાર કરતા નથી.

નિશ્ચયનયથી પોતાનો જ આત્મા આરાધ્યદેવ છે એવો દૃઢ નિશ્ચય કરી શકતા નથી. અનેક પંડિતો આત્મજ્ઞાન વિના કેવળ વિદ્યાના ઘમંડમાં અને ક્રિયાકાંડના પોષણમાં જ જન્મ ગુમાવી દે છે-જેમને મિથ્યાત્વનું અને અનંતાનુબંધી કષાયોનું બળ ઢીલું પડે છે, તેવા વિદ્વાનોને જ તત્ત્વની રુચિ થાય છે. અધ્યાત્મજ્ઞાનના વિદ્વાનો બહુ થોડા મળે છે. જ્યાં સુધી આવા ઉપદેશકો ન મળે ત્યાં સુધી શ્રોતાઓને આત્મજ્ઞાનનો લાભ થવો કઠણ છે.

જો ક્યાંક આત્મજ્ઞાની પંડિતો જોવામાં પણ આવે છે તો આત્માના હિતની ગાઢ રુચિ રાખનાર શ્રોતાઓની કમી દેખાય છે. જેમના અંતરમાં સંસારની મોહજાળથી કાંઈક ઉદાસીનતા હોય છે તે લોકો જ આત્મિક તત્ત્વની વાત ધ્યાનથી સાંભળે છે, સાંભળીને ધારણ કરે છે, તેનો વિચાર કરે છે. જેમના અંતરમાં ગાઢ રુચિ હોય છે, તેઓ જ નિરંતર આત્મિક તત્ત્વનું ચિંતવન કરે છે. આત્માનું ધ્યાન કરનાર જીવો બહુ ઓછા હોય છે, એમાં પણ નિર્વિકલ્પ સમાધિ પ્રાપ્ત કરનારા, સ્વાનુભવ કરનારા દુર્લભ છે.

આત્મજ્ઞાન અમૂલ્ય પદાર્થ છે. મનુષ્ય જન્મ પામીને એની પ્રાપ્તિનો પ્રયત્ન કરવો જરૂરી છે. જેણે આત્મજ્ઞાનની રુચિ પ્રાપ્ત કરી તેણે જ નિર્વાણ જવાનો માર્ગ પ્રાપ્ત કરી લીધો. એ જ

સમ્યગ્દર્શન છે. જ્યારે સૂક્ષ્મ વિચાર કરવાની બુદ્ધિ પ્રાપ્ત થઈ હોય ત્યારે પ્રમાદ છોડીને પહેલાં વ્યવહારનયથી જીવાજીવ તત્ત્વોનું કથન કરનાર શાસ્ત્રો વાંચવાં. બંધ અને મોક્ષના વ્યવહાર સાધનોને જાણી લેવાં. પછી નિશ્ચયનયની મુખ્યતાથી પ્રતિપાદન કરનાર શાસ્ત્રોનું મનન કરીને પોતાના આત્માને દ્રવ્યરૂપે શુદ્ધ જાણવો. ભેદવિજ્ઞાનનું મનન કરવું. જેમ પાણીથી કાદવ જુદો છે તેમ મારા આત્માથી આઠ કર્મ, રાગાદિ ભાવકર્મ અને શરીરાદિ નોકર્મ ભિન્ન છે.

વારંવારના અભ્યાસના બળથી સમ્યગ્દર્શનનો પ્રકાશ થશે ત્યારે અનાદિનો અજ્ઞાન અંધકાર મટશે, જન્મ કૃતાર્થ થશે, નિર્વાણનો માર્ગ હાથમાં આવી ગયો પછી શું જોઈએ ? આ આત્મજ્ઞાન જનમોજનમનાં સંકટો મટાડનાર છે. જો કે એ દુર્લભ છે તો પણ એના માટે જ પ્રયત્ન કરવો અને તેની પ્રાપ્તિ કરી લેવી એ જ માનવ જન્મનો સાર છે.

સમયસારજીમાં કહ્યું છે -

**सुद परिचिदाणुभूदा, सव्वस्स वि कामभोयबंध कहा ।**
**एयत्तस्सुवलम्भो, णवरि ण सुलमो विभत्तस्स ॥४॥**

**ભાવાર્થ** : સર્વ સંસારી પ્રાણીઓને કામભોગ સંબંધી કથા બહુ સુગમ છે કેમ કે તે અનંતવાર સાંભળી છે, અનંતવાર તેમની ઓળખાણ કરી છે, અનંતવાર વિષયોનો અનુભવ કર્યો છે. જો કાંઈ દુર્લભ હોય તો એક પરભાવરહિત અને એક સ્વરૂપમાં તન્મય એવા શુદ્ધાત્માની વાત છે. એની જ પ્રાપ્તિ થવી અઘરી છે.

સાર સમુચ્ચયમાં કહ્યું છે –

**ज्ञानं नाम महारत्नं यन्न प्राप्तं कदाचन ।**
**संसारे भ्रमता भीमे नानादुःखविधायिनि ॥१३॥**

**अधुना तत्त्वया प्राप्तं सम्यग्दर्शनसंयुतम् ।**
**प्रमादं मा पुनः कार्षीविषयास्वादलालसः ॥१४॥**

**ભાવાર્થ** : આ ભયાનક અને નાના પ્રકારનાં દુઃખોથી ભરેલા સંસારમાં રખડતા જીવે આત્મજ્ઞાનરૂપી મહાન રત્ન ક્યાંય પ્રાપ્ત કર્યું નથી. હવે તેં આ ઉત્તમ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું છે ત્યારે પ્રમાદ ન કર, વિષયોના સ્વાદનો લોભી થઈને આ અપૂર્વ તત્ત્વ ખોઈ ન બેસીશ, સાંભળીને તેનું રક્ષણ કરીને સુખી થજે.

## કુટુંબનો મોહ ત્યાગવા યોગ્ય છે.

इहु परियण ण हु महुतणउ इहु सुहु-दुक्खहँ हेउ ।
इम चिंततहँ किं करइ लहु संसारहँ छेउ ॥६७॥

ધ્યાન વડે અભ્યંતરે, દેખે જે અશરીર;
શરમજનક જન્મો ટળે, પીએ ન જનનીક્ષીર. ૬૭.

**અન્વયાર્થ** : (**इहु परियण महुतणउ ण हु**) આ કુટુંબ પરિવાર મારો નથી. (**इहु सुहु दुक्खहँ हेउ**) આ ભાવ સુખદુઃખનું જ કારણ છે (**इम किं चिंततहं**) આ પ્રમાણે કાંઈક વિચાર કરવાથી (**संसारहं छेउ लहु करइ**) સંસારનો છેદ શીઘ્ર જ કરાય છે.

**ભાવાર્થ** : આ પ્રાણી ઈન્દ્રિય સુખનાં લોલુપ હોય છે. પોતાના સુખની પ્રાપ્તિમાં સહકારી પ્રાણીઓ પ્રત્યે તે મોહ કરે છે. બાલ્યાવસ્થામાં માતાપિતા દ્વારા તેમનું પાલન.પોષણ થાય છે, તેમને લાડપ્યારથી ઉછેરવામાં આવે છે, તેથી તેમના પ્રત્યે જીવ તીવ્ર મોહ રાખે છે. યુવાન વયમાં સ્ત્રીથી અને પુત્રપુત્રીઓથી ઈન્દ્રિયસુખ પામે છે તેથી તેમના પ્રત્યે મોહી બની જાય છે. જે મિત્રો અને નોકર ચાકરો દ્વારા ઈન્દ્રિયના સુખભોગમાં મદદ મળે છે તેમના પ્રત્યે મોહી થઈ જાય છે અને જેમનાથી ઈન્દ્રિયસુખમાં બાધા પહોંચે છે તેમનો શત્રુ બની જાય છે.

કુટુંબના મોહમાં જીવ એવો ફસાઈ જાય છે કે તેને આત્માના સ્વરૂપના વિચાર માટે અવકાશ જ મળતો નથી. રાત દિવસ તે કુટુંબીજનો માટે ધન કમાવામાં અને ધનનું રક્ષણ કરવામાં જ લાગ્યો રહે છે. જો કોઈ કુટુંબીજન પોતાના આયુષ્ય કર્મના ક્ષયથી મૃત્યુ પામે છે તો આ મોહી પ્રાણી તેમના શોકમાં બહાવરો બની જાય છે. તે આ વાત ભૂલી જાય છે કે પરિવારનો સંબંધ વૃક્ષ પર સાંજે રાત્રિ વિતાવવા માટે આવેલા પંખીના મેળા જેવો છે. જેમ સંધ્યા સમયે એક વૃક્ષ ઉપર અનેક પક્ષી ભિન્ન ભિન્ન સ્થળોમાંથી આવીને એકઠાં થઈ જાય છે અને સવાર થતાં સર્વ પક્ષી જુદેજુદા પોતપોતાના સ્થળે ચાલ્યાં જાય છે, તેવી જ રીતે એક પરિવારમાં ભિન્ન ભિન્ન જીવ કોઈ નરકમાંથી, કોઈ પશુગતિમાંથી, કોઈ દેવગતિમાંથી અને કોઈ મનુષ્યગતિમાંથી આવીને એકઠા થઈ જાય છે. સૌ પોતપોતાના આયુષ્ય સુધી રહે છે. આયુષ્યનો ક્ષય થતાં જ પોતાના બાંધેલા પાપપુણ્ય કર્મ અનુસાર કોઈ દેવગતિમાં, કોઈ મનુષ્ય ગતિમાં, કોઈ તિર્યંચ ગતિમાં અને કોઈ નરક ગતિમાં ચાલ્યા જાય છે. કોઈની સાથે કાંઈ સંબંધ રહેતો નથી. સર્વ પ્રાણી પોતાના સુખના સ્વાર્થમાં બીજાઓ ઉપર મોહ કરે છે. સ્વાર્થ ન સધાય તો સ્નેહ છોડી દે છે. પુત્ર વિરૂધ્ધ થઈ જાય છે. વૃધ્ધાવસ્થામાં પોતાનો સ્વાર્થ સધાતો ન જોઈને

કુટુંબીજનો વૃદ્ધોની ઉપેક્ષા કરે છે. જો કુટુંબથી ઈંદ્રિયોના વિષય સધાય છે તો તે સુખના કારણ ભાસે છે. જ્યારે તેમનાથી પોતાના વિષયભોગમાં હાનિ થતી જણાય છે ત્યારે તે દુઃખના કારણ થઈ જાય છે.

જ્ઞાનીએ સમ્યગ્દષ્ટિ જીવે જળમાં કમળની જેમ ઘરમાં રહેવું જોઈએ, મોહ ન કરવો જોઈએ. તેમને પોતાના જીવથી જુદા જાણીને તે જીવોનો બને તેટલો ઉપકાર કરવો જોઈએ. તેમનું રક્ષણ, શિક્ષણ અને સુખપૂર્વક જીવનનિર્વાહ ચલાવવામાં સહાયક થવું જોઈએ. તેમને આત્મજ્ઞાનના માર્ગ પર લગાડવા જોઈએ. જો તેઓ પોતાનું કામ ન કરે અથવા ઓછું કરે તો મનમાં ખેદ ન કરવો જોઈએ. બદલામાં સુખ પામવાના લોભથી (ઈચ્છાથી) તેમનું હિત ન કરવું જોઈએ. તેમનું હિત કરવામાં અન્યાયથી ધન ન કમાવું જોઈએ અને ન પોતાનું આત્મકલ્યાણ ભૂલાવી દેવું જોઈએ. જેઓ કુટુંબ પરિવારનો મોહ છોડી દે છે તે સહજપણે વૈરાગ્યવાન થઈ જાય છે.

અથવા આત્મહિત કરતાં કરતાં જ્યાં સુધી ગૃહસ્થદશામાં રહે છે ત્યાં સુધી તેમની સેવા નિષ્પાપ ભાવથી કરે છે. જ્યારે અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય અતિશય મંદ રહી જાય છે ત્યારે કુટુંબ ત્યાગી શ્રાવક થઈ જાય છે. પર પ્રત્યે મોહ રાખતા નથી, કેવળ એકનિજ આત્માની જ ગાઢ ભક્તિ કરનાર ભવ્ય જીવ શીઘ્ર જ ભવસાગરથી પાર થઈ જાય છે.

બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે –

**कांतासद्मशरीरज प्रभृतयो ये सर्वथाऽप्यात्मनो ।**
**भिन्नाः कर्मभवाः समीरणचला भायावहिर्भाविनः ॥**

**तैः संपत्तिमिहात्मनो गतधियो जानन्ति ये शर्म्मदां ।**
**स्वं संकल्पवसेन ते विदधते नाकीशलक्ष्मीः स्फुटं ॥८५॥**

**ભાવાર્થ** : આ સ્ત્રી, ધન, પુત્રાદિ સર્વથા પોતાના આત્માથી જુદા છે, બહાર રહેનારા છે, કર્મના ઉદયથી પ્રાપ્ત છે, પવનની જેમ તેમનો સંયોગ ચંચળ છે. જે મૂઢબુદ્ધિ જીવ તેમના સંયોગથી સુખદાયક સંપત્તિ મળવી માને છે તે એવા મૂર્ખ છે જે પોતાના મનના સંકલ્પથી જ સ્વર્ગની લક્ષ્મી પ્રાપ્ત કરી લે.

## સંસારમાં કોઈ પોતાનું નથી

**इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति ।**
**असरणु जाणिवि मुणि-धवला अप्पा अप्प मुणंति ॥६८॥**

**ઈન્દ્ર, ફણીન્દ્ર, નરેન્દ્ર પણ, નહીં શરણ દાતાર;**
**શરણ ન જાણી મુનિવરો, નિજરૂપ વેદે આપ. ૬૮.**

**અન્વયાર્થ-( इंद-फणिंद-णरिंदय वि जीवहं सरणु ण होंति )** ઈંદ્ર, ધરણેન્દ્ર, ચક્રવર્તી કોઈ પણ સંસારી પ્રાણીઓના રક્ષક થઈ શકતા નથી **( मुणि-धवला असरणु जाणिवि )** ઉત્તમ મુનિ પોતાને અશરણ જાણીને **( अप्पा अप्प मुणंति )** પોતાના આત્મા દ્વારા આત્માનો અનુભવ કરે છે.

**ભાવાર્થ** : સંસારી પ્રાણી કર્મોના ઉદયને ભોગવે છે ત્યારે કોઈ તે ઉદયને મટાડી શકતું નથી. જ્યારે આયુષ્યકર્મનો ક્ષય થાય છે ત્યારે મરણ થઈ જાય છે. કોઈ ઇંદ્ર, ધરણેન્દ્ર કે નરેન્દ્રમાં, મંત્રજ્ઞાતામાં, વિદ્વાનમાં, તપસ્વીમાં, પરમ મિત્રમાં, માતા-પિતામાં, પુત્ર-પુત્રીમાં, વૈદ્ય અને જ્યોતિષીઓમાં એવી શક્તિ નથી કે મરણથી એક ક્ષણ પણ રોકી શકે. સ્વંય સર્વ પ્રકારે ભોગ ભોગવનાર ચક્રવર્તીએ પણ શરીર ત્યાગવું પડે છે. ઈંદ્ર અને દેવને પણ દેવગતિના ભોગ છોડીને મધ્યલોકમાં જન્મ લેવો પડે છે. એવી જ રીતે જ્યારે પાપકર્મોનો તીવ્ર ઉદય આવી જાય છે ત્યારે દરેકને રોગ, શોક સહેવા પડે છે ત્યારે પણ દુઃખમાં કોઈ ભાગ પડાવી શકતું નથી. જીવને (પોતાએ) એકલાએ જ ભોગવવું પડે છે. માતાને પુત્ર ઉપર ઘણો પ્રેમ હોય છે અને પુત્ર માંદો પડે ત્યારે તે મોહથી ખૂબ દુઃખી થાય છે પરંતુ માતામાં એવી શક્તિ નથી કે તે પુત્રની રોગની વેદના પુત્રને ન ભોગવવા દે અને પોતે ભોગવી લે.

કોઈ કોઈના દુઃખ કે સુખને અથવા શાતા-અશાતા વેદનીય કર્મને લઈ શકાતું નથી. કર્મોનાં ફળ ભોગવવામાં સર્વ જીવોએ પોતે જ આચરવું પડે છે, કોઈ પણ રક્ષણ નથી કરી શકતું. જે કર્મ હજી સત્તામાં છે, ઉદયમાં આવ્યાં નથી તે કર્મોના સ્થિતિ અને અનુભાગ ઘટાડીને તેમનો ક્ષય કરી શકાય છે અથવા પાપકર્મોને નિર્બળ અને પુણ્ય કર્મને સબળ કરી શકાય છે. તેમાં કારણ તે જ જીવના પરિણામ છે. જે કોઈ પોતાના શુદ્ધાત્માની ભાવના ભાવે અને અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ભક્તિ કરે અથવા કરેલા પાપોનું પ્રતિક્રમણ કરે, ગુરુની પાસે આલોચના કરે તો નિર્મળ ભાવોથી કર્મોની અવસ્થા બદલી શકાય છે, તેમનો ક્ષય કરી શકાય છે.

તેથી આ જીવ પોતે જ પોતાનો રક્ષક છે. બીજો જીવ બીજા જીવનો રક્ષક નથી એમ જાણીને જ્ઞાની મુનિરાજ પોતાના શુદ્ધાત્માનો જ અનુભવ કરે છે. જ્યારે આત્મધ્યાનમાં ઉપયોગ લાગતો નથી ત્યારે સ્વાધ્યાય, ભક્તિ, મનનમાં પરોપદેશમાં, વૈયાવૃત્યમાં કે તત્ત્વચર્ચામાં ઉપયોગને જોડે છે.

સમ્યગ્દષ્ટિ જ્ઞાનીએ અશરણ ભાવનાનો વિચાર કરીને કર્મોના ક્ષયનો ઉપાય કરવો યોગ્ય છે જેથી કર્મોના ઉદયકાળે દુઃખ, ખેદ તથા આકુળતા સહેવી ન પડે. જન્મ, જરા, મરણના સંકટોમાં પડવું ન પડે. કર્મોનો સંયોગ એક ક્ષણ માટે પણ આત્માને માટે ગુણકારી નથી. તેથી જ્ઞાની જીવ આ સંસારની સાથે મોહ કરતા નથી. સર્વ જીવોની સત્તા ભિન્ન ભિન્ન માનીને તેમના પ્રત્યે રાગદ્વેષ કરતા નથી, સમભાવથી જગતનું ચારિત્ર જોઈને પૂર્ણ વૈરાગ્યવાન થઈને આત્મહિતમાં પ્રવર્તે છે. કર્મનો ક્ષય કરવા કટિબદ્ધ થઈ જાય છે. આત્મધ્યાનની અગ્નિ જલાવીને કર્મનો હોમ કરે છે. જ્યારે આ આત્મા શુદ્ધ અને કર્મરહિત થઈ જશે ત્યારે તે સ્વાધીન થઈ જશે. પછી તેને કદી કર્મોના ઉદયની પરાધીનતામાં નહિ રહેવું પડે. કર્મભૂમિના મનુષ્યને આયુષ્યના ક્ષયનો નિયમ નથી, અકાળ મરણ થઈ શકે છે એમ જાણીને શીઘ્રાતિશીઘ્ર આત્મહિતમાં લાગી જવું જોઈએ. પોતાથી જ પોતાના આત્માના શરણને પરમ શરણ જાણવું જોઈએ.

સમયસારમાં કહ્યું છે -

**जो अप्पणादु मण्णदि दुःहिदसुहिदे करेमि सत्तेत्ति ।**
**सो मूढो अण्णाणी णाणी एत्तोदु विवरीदो ॥२६५॥**

**ભાવાર્થ** : જે કોઈ એવો અહંકાર કરે કે હું પર જીવોને દુઃખી અને સુખી કરી શકું છું, તે મૂર્ખ અને અજ્ઞાની છે. કેમ કે સર્વ જીવ પોતપોતાનાં પાપ પુણ્ય કર્મના ઉદયથી દુઃખી અથવા સુખી થાય છે. જ્ઞાની જીવ આ અહંકારથી દૂર રહે છે.

બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે.

**न वैद्याः न पुत्रा न विप्रा न शक्रा न कांता न माता न भृत्या न भूपाः ।**
**यमालिंगितं रक्षितुं संति शक्ता विचिंत्येति कार्यं निजं कार्यभार्यैः ॥३३॥**

**ભાવાર્થ** : જ્યારે મરણ આવી પહોંચે છે ત્યારે ન વૈદ્ય, ન પુત્ર, ન બ્રાહ્મણ, ન ઈંદ્ર, ન પોતાની સ્ત્રી, ન માતા, ન નોકર, ન રાજા એમ કોઈ પણ બચાવી શકતું નથી. એવો વિચાર કરીને સજ્જનોએ આત્માનું કામ કરી લેવું યોગ્ય છે, વિલંબ ન કરવો જોઈએ.

# જીવ સદા એકલો છે.

इक्क उपज्जइ मरइ कु वि दुहु सुहु भुंजइ इक्कु ।
णरयहं जाइ वि इक्क जिउ तह णिव्वाणहं इक्कु ॥६९॥

જન્મ-મરણ એક જ કરે, સુખ-દુઃખ વેદે એક;
નર્કગમન પણ એકલો, મોક્ષ જાય જીવ એક. ૬૯.

**અન્વયાર્થ** : (**इक्क उपज्जइ मरइ कु वि**) જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે. (**इक्कु दुहु सुहु भुंजइ**) એકલો જ દુઃખ અથવા સુખ ભોગવે છે (**इक्क जिय णरयहं जाइ वि**) એકલો જ જીવ નરકમાં પણ જાય છે. (**तह इक्कु णिव्वाणहं**) તથા એકલો જીવ પછી નિર્વાણ પામે છે.

**ભાવાર્થ** : અહીં એકત્વ ભાવનાનો વિચાર કરવામાં આવ્યો છે. વ્યવહારનયથી આ સંસારી જીવ શરીર સહિત અશુદ્ધ દશામાં ચારે ગતિઓમાં કર્મોદય અનુસાર ભ્રમણ કર્યા કરે છે. આ ભ્રમણથી આ જીવે એકલા જ જન્મવું અને એકલા જ મરવું પડે છે, દરેક જન્મમાં માતા, પિતા, ભાઈ, બંધુ વગેરે મિત્રો અને અન્ય ચેતન-અચેતન પદાર્થોનો સંયોગ થતો રહ્યો અને છૂટતો રહ્યો છે. આ જીવે એકલા જ બધાને છોડીને બીજી ગતિમાં જવું પડ્યું. એક પાપપુણ્ય કર્મ જ સાથે રહ્યું.

કર્મોનો બંધ આ જીવ પોતાના શુભ અને અશુભ ભાવોથી જેવો કરે છે તેવું જ તેમનું ફળ આ જીવ એકલો જ ભોગવે છે. જો કોઈ મોહી મનુષ્ય કુટુંબના મોહમાં બીજાને ઘોર કષ્ટ પહોંચાડીને ધન મેળવે છે, મહાન હિંસા, જૂઠ, ચોરી, કુશીલાદિ પાપ કરે છે અને તેવાં કાર્યો કરતાં જો તેને નરકાયુનો બંધ પડે છે તો આ જીવે એકલા જ નરકમાં જઈને દુઃખ સહેવું પડે છે. કોઈ કુટુંબીજન તેની સાથે આવી શકતું નથી. એવી જ રીતે જો કોઈ શુભ કામ કરે છે અને પુણ્ય બાંધીને સ્વર્ગે જાય છે તો એકલો જ ત્યાંનું સુખ ભોગવે છે. તે પોતાની સાથે કોઈ મિત્ર, સ્ત્રી, પુત્રને લઈ જઈ શકતો નથી. દરેક જીવની સત્તા જુદી છે.

કર્મોનો બંધ જુદો છે, ભાવોનું પલટવું જુદું છે, શાતા અને અશાતાનું ભોગવવું જુદું છે. ચાર ભાઈ હોય તો તે એક જ સ્થિતિમાં રહી શકતા નથી. એક ધનવાન થઈને સાસંરિક સુખ ભોગવે છે, એક નિર્ધન થઈને કષ્ટપૂર્વક જીવનનિર્વાહ ચલાવે છે, એક વિદ્વાન થઈને દેશપ્રસિદ્ધ થઈ જાય છે, એક મૂર્ખ રહીને બધાનો અનાદર મેળવે છે. જ્યારે રોગ આવે છે ત્યારે આ જીવે તેની વેદના સ્વયં જ સહેવી પડે છે. પાસે બેસનારા કોઈ પણ આ વેદનામાં ભાગ પડાવી શકતા નથી.

સંસારનાં કાર્યોમાં પણ આ જીવે એકલા જ આચરણ કરવું પડે છે. બધા જ સંસારી જીવો પોતપોતાના સ્વાર્થના સાથી છે. સ્વાર્થ ન સધાય ત્યારે સ્ત્રી, પુત્ર, મિત્ર, ચાકર સૌ આપણા પ્રત્યે પ્રેમ છોડી દે છે. તેથી જ્ઞાની જીવે સમજવું જોઈએ કે હું જ મારા, મન, વચન, કાયાથી, ક્રિયાનું ફળ એકલો જ ભોગવીશ. માટે બીજાના અસત્ય મોહમાં પડીને પાપકાર્ય ન કરવું જોઈએ. વિવેકપૂર્વક આત્મહિત જેનાથી સધાય તે રીતે વર્તવું જોઈએ. હોડીમાં બેઠેલા પ્રવાસીઓની જેમ સર્વ સંયોગોને છૂટી જાય એવા અસ્થિર માનવા જોઈએ. તેમાં રાગ દ્વેષ, મોહ ન કરતાં સમભાવમાં રહેવું જોઈએ. અંતરથી નિર્મોહી રહીને તેમનો ઉપકાર કરવો જોઈએ પરંતુ પોતાને જળમાં કમળ સમાન અલિપ્ત રાખવો જોઈએ.

આ જીવ જેવી રીતે પોતે એકલો સંસારની ચાર ગતિઓમાં ભટકે છે તેવી જ રીતે જો એ રત્નત્રયથી ધર્મની સમ્યક્ પ્રકારે આરાધના કરે તો પોતે જ એકલો મોક્ષ પામે છે. તેમના સાથીઓ જો તેના જેવું સમ્યક્ ચારિત્રનું પાલન કરતા નથી તો તેઓ નિર્વાણ પામી શકતા નથી.

નિશ્ચયનયથી પણ આ જીવ બિલકુલ એકલો છે. દરેક જીવના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ બીજા જીવથી જુદા છે. દરેક જીવ પરમ શુદ્ધ છે. ન તેને આઠ કર્મોનો સંયોગ છે, ન શરીરનો સંયોગ છે, ન વિભાવ ભાવોનો સંયોગ છે. પુદ્ગલાદિ પાંચ અચેતન દ્રવ્યોથી તે બિલકુલ ભિન્ન છે. સિદ્ધ સમાન શુદ્ધ, નિરંજન અને નિર્વિકાર છે. આ રીતે પોતાને એકલો જાણીને જીવે પોતાના સ્વભાવમાં મગ્ન રહેવું જોઈએ.

બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે -

**गौरो रूपधरो दृढः परिदृढः स्थूलः कृशः कर्कशो**
**गीर्वाणो मनुजः पशुर्नरकभूः षंढः पुमानंगना ।**
**मिथ्यात्वं विदधासि कल्पनमिदं मूढोऽविबुध्यात्मनो**
**नित्यं ज्ञानमय स्वभावममलं सर्व्वव्यपायच्युतं ॥७०॥**

**ભાવાર્થ** : તું મૂઢ બનીને આવી મિથ્યા કલ્પના કર્યા કરે છે કે હું ગોરો છું, રૂપાળો મજબૂત શરીરવાળો છું, દૂબળો છું, જાડો છું, કઠોર છું, દેવ છું, મનુષ્ય છું, પશુ છું, નારકી છું, નપુંસક છું, પુરુષ છું, સ્ત્રી છું, તું તારા આત્માને જાણતો નથી કે એ એકલો જ્ઞાનસ્વભાવી, નિર્મળ, સર્વ દુઃખરહિત અવિનાશી દ્રવ્ય છે.

## નિર્મોહી થઈને આત્માનું ધ્યાન કર

**एक्कुलउ जइ जाइसिहि, तो परभाव चएहि ।**
**अप्पा झायहि णाणमउ, लहु सिव-मुक्ख लहेहि ॥७०॥**

**જો જીવ તું છે એકલો, તો તજ સૌ પરભાવ;**
**આત્મા ધ્યાવો જ્ઞાનમય, શીઘ્ર મોક્ષસુખ થાય. ૭૦.**

**અન્વયાર્થ** : **(जइ एककुलउ जाइसिहि)** જો તું એકલો જ જવાનો હો **(तो परभाव चपहि)** તો રાગ દ્વેષ મોહાદિ પરભાવોને છોડી દે. **(णाणमउ अप्पा झायहि)** જ્ઞાનમય આત્માનું ધ્યાન કર. **(लहु सिव-सुक्खं लहेहि)** તો તું શીઘ્ર જ મોક્ષનું સુખ પામીશ.

**ભાવાર્થ** : આચાર્ય કહે છે કે હે શિષ્ય ! જો તને એવો નિશ્ચય થઈ ગયો હોય કે તું એક દિવસ મરીશ અને તારે પરલોકમાં એકલા જ જવું પડશે, કોઈ પણ ચેતન કે અચેતન પદાર્થ તારી સાથે નહિ આવે, જેના પ્રત્યે તું રાગ કરે છે તે બધા અહીં જ છૂટી જશે તો તેમના પ્રત્યે રાગ કરવાનું તારા માટે વૃથા છે. આવા ક્ષણભંગુર પદાર્થો તરફ રાગ કરવો તે શોકનું અને દુઃખનું કારણ છે.

માટે તું હવે એવું કામ કર કે જેથી તને સ્થિરતા પ્રાપ્ત થાય, અવિનાશી મોક્ષનું અનુપમ સુખ પ્રાપ્ત થાય, સંસારમાં જન્મમરણ કરવાં ન પડે. ઈષ્ટ વિયોગ અને અનિષ્ટ સંયોગનાં કષ્ટ સહેવાં ન પડે. પરાધીન થઈને પાપકર્મોનાં ફળ ભોગવવાં ન પડે. જેથી તું નિરંતર સુખી રહે. કદી પણ બાધા ન પામે અને પૂર્ણ સ્વાધીન થઈ જાય, પૂર્ણ કૃતાર્થ થઈ જાય, તારી તૃષ્ણાની જવાળા શાંત થઈ જાય, કષાયની અગ્નિ ઓલવાઈ જાય, પરમ શાંતિનો પ્રવાહ નિરંતર વહેવા લાગે, સર્વ લોકાલોકનો તું જ્ઞાતાદૃષ્ટા થઈ જાય. નિરંતર આત્માના જ ઉપવનમાં રમણ કરે, કદી પણ ખેદ ન પામે. મૃત્યુ આવવા પહેલાં જ આવો યત્ન તું કરી લે એ તારા માટે યોગ્ય છે. મનુષ્યશરીરથી જ શિવ પદ મળી શકે છે. દેવ, નારકી, પશુના શરીરમાં રહીને કદી પણ શિવપદ પ્રાપ્ત થઈ શકતું નથી.

આ અવસર ગુમાવવો યોગ્ય નથી. તે ઉપાય આ જ છે કે જે જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પોતાના નથી તેને પર સમજીને તે બધા તરફથી રાગ ઉઠાવી લે. કેવળ પોતાના જ જ્ઞાનસ્વરૂપી આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને પોતાના જાણીને તેમાં જ પરમ રુચિવાન થઈ જા, તેનો જ પ્રેમી થઈ જા. તેમાં જ મગ્ન રહેવાનો, તેના જ ધ્યાનનો અભ્યાસ કર. આત્માનો રસ પીવાનો ઉદ્યમ કર. જગતમાં અનંતાનંત આત્માઓના, અનંતાનંત પુદ્‌ગલોના, અસંખ્યાત કાલાણુઓના, એક ધર્મદ્રવ્યના, એક અધર્મદ્રવ્યના, એક આકાશદ્રવ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ આ આત્માના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી જુદા છે.

મારા આત્માને અખંડ, અભેદ, એક દ્રવ્ય છે, અસંખ્યાત પ્રદેશી ક્ષેત્ર છે, સમય પરિણમન કાળ છે, જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ શુદ્ધ ભાવ છે, એ જ મારું સર્વસ્વ છે. કર્મસંયોગથી થવાવાળા રાગ, દ્વેષ, મોહભાવ, સંકલ્પ-વિકલ્પ, વિભાવ મતિજ્ઞાનાદિ ચાર જ્ઞાન વગેરે બધું પર છે. જે જે ભાવોમાં પુદ્‌ગલનું નિમિત્ત છે તે બધા ભાવ મારા સ્વાભાવિકભાવ નથી, હું તો એકાકાર, પરમ શુદ્ધ, સ્વસંવેદન ગોચર એક અવિનાશી દ્રવ્ય છું.

ભવ્ય પુરુષ પરમ વૈરાગ્યવાન થઈને, પરમાણુ માત્રને પોતાનું ન જાણીને, સંસારના ક્ષણિક સુખને, આકુળતાનું કારણ દુઃખ સમજીને એક પોતાના જ આત્માના ધ્યાનમાં મગ્ન રહે છે. આત્માનુભવ જ એક અમોઘ ઉપાય છે જેનાથી અનંત આત્માઓ શિવસુખ પામી ચૂક્યા છે, તું પણ આજ ઉપાયથી શિવસુખ પામીશ.

સમયસારમાં કહ્યું છે -

**एको मोक्षपथो य एष नियतो दग्ज्ञप्तिवृत्यात्मक**
**स्तत्रैव स्थितिमेति यस्तमनिशं ध्यायेश्च तं चेतति ।**
**तस्मिन्नेव निरन्तरं विहरति द्रव्यान्तराण्यस्पृशन्**
**सोऽवश्यं समयस्य सारमचिरान्नित्योदयं विन्दति ॥४७-१०॥**

**ભાવાર્થ** : સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતારૂપ જ એક નિશ્ચિત મોક્ષમાર્ગ છે, જે કોઈ અન્ય દ્રવ્યોનો સ્પર્શ ન કરતાં એક આ જ આત્મામયી ભાવમાં ઠરે છે, તેનું જ નિરંતર ધ્યાન કરે છે, તેને જ ચેતે છે, તેમાં જ નિરંતર વિહાર કરે છે, તે અવશ્ય શીઘ્ર જ નિત્ય ઉદય સમયસાર અથવા શુદ્ધાત્માની પ્રાપ્તિ કરીને તેનો જ નિરંતર અનુભવ કર્યા કરે છે, પરમ સુખી થઈ જાય છે.

## પુણ્યને (પણ) પાપ જાણે તે જ જ્ઞાની છે

**जो पाउ वि सो पाउ मुणि सव्वु इ को वि मुणेइ ।**
**जो पुण्णु वि पाउ वि भणइ सो बुह को वि हवेइ ॥७१॥**

**પાપરૂપને પાપ તો, જાણે જગ સહુ કોઈ;**
**પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ. ૭૧.**

**અન્વયાર્થ** : (**जो पाउ वि सो पाउ मुणि**) જે પાપ છે તેને પાપ જાણીને (**सव्वु इ को वि मुणेइ**) સૌ કોઈ તેને પાપ જ જાણે છે (**जो पुण्णु वि पाउ वि भणइ**)જે કોઈ પુણ્યને પણ પાપ કહે છે (**सो बुह को वि हवेइ**)તે બુદ્ધિમાન કોઈ વિરલા જ છે.

**ભાવાર્થ** : જગતના સર્વ પ્રાણીઓ સાંસરિક દુઃખોથી ડરે છે તથા ઈંદ્રિયસુખ ચાહે છે. સામાન્ય રીતે એ વાત પ્રસિદ્ધ છે કે પાપથી દુઃખ થાય છે અને પુણ્યથી સુખ થાય છે. જ્યારે ધર્મની ચર્ચા થાય છે ત્યારે એ જ વિચાર કરવામાં આવે છે કે પાપકાર્ય ન કરો, પુણ્યકાર્ય કરો. પુણ્યથી ઊંચા કર્મ બંધાય છે. ધન, કુટુંબ, પુત્ર, પત્ની, રાજ્ય અને અનેક વિષયભોગોની સામગ્રીનો લાભ એક પુણ્યથી જ થાય છે. ઈંદ્રપદ, અહમિન્દ્ર પદ, ચક્રવર્તીપદ, નારાયણ અને પ્રતિનારાયણપદ, કામદેવ કે તીર્થંકરનું પદ આદિ મહાન મહાન પદ પુણ્યથી જ મળે છે. અહીં આચાર્ય કહે છે કે જે સંસારના ભોગોના લોભથી પુણ્યને ગ્રહણયોગ્ય માને છે તે મિથ્યાદષ્ટિ અજ્ઞાની છે. સમ્યગ્દષ્ટિ જ્ઞાની પાપની જેમ પુણ્યને પણ બંધન જાણે છે, તેઓ પુણ્યને પણ પાપ કહે છે. જેનાથી સંસારમાં રહેવું પડે, વિષયભોગોમાં ફસાવું પડે, એ સ્વાધીનતાઘાતક પુણ્ય પણ પાપ જ છે. જ્ઞાનીને એક આત્માનો આનંદ જ વહાલો છે. તેનો પૂર્ણ લાભ અને અનંતકાળ સુધી નિરંતર લાભ ત્યારે જ થાય છે જ્યારે આ જીવ સંસારથી મુક્ત થઈને સિદ્ધ પરમાત્મા થઈ જાય, પુણ્ય પાપથી રહિત થઈ જાય. તેથી જ્ઞાની જીવ પુણ્ય પાપ દોષોને બંધનની અપેક્ષાએ સમાન જાણે છે.

બન્નેના બંધનું કારણ કષાયની મલિનતા છે. મંદ કષાયથી પુણ્ય અને તીવ્ર કષાયથી પાપ બંધાય છે. કષાય આત્માના ચારિત્ર ગુણનો ઘાતક છે. બન્નેનો સ્વભાવ પુદ્‌ગલ છે. શાતા વેદનીય, શુભ આયુ, શુભ નામ, ઉચ્ચ ગોત્ર, પુણ્યકર્મ છે અને અશાતાવેદનીય, અશુભ આયુ, અશુભ નામ, નીચ ગોત્ર તથા ચાર ઘાતી કર્મ પાપકર્મ છે. બન્નેની કર્મવર્ગણાઓથી ઉત્પત્તિ છે, આત્માના ચેતન સ્વભાવથી તે ભિન્ન છે.

પુણ્યનો અનુભવ સુખરૂપ છે, પાપનો અનુભવ દુઃખરૂપ છે. એ બન્નેય અનુભવ આત્માના સ્વાભાવિક અનુભવથી વિરૂદ્ધ છે અને શુદ્ધાત્મામાં રમણતાના ઘાતક છે, બન્નેય અનુભવ કષાયની કલુષતાના સ્વાદ છે. પુણ્ય અને પાપ બન્નેય નવા બંધના કારણ છે. બન્નેમાં તન્મય થવાથી કર્મનો બંધ થાય છે. આ બંધ મોક્ષમાર્ગમાં વિરોધી છે. એમ જાણીને જ્ઞાની જીવ પાપની જેમ પુણ્યને પણ સારું કે ગ્રહણયોગ્ય માનતા નથી. તેઓ શુભ અને અશુભ બન્ને ભાવોથી વિરક્ત રહે છે, કર્મનો ક્ષય કરનાર અને આત્માનો આનંદ આપનાર એવા એક શુદ્ધોપયોગને જ માન્ય કરે છે.

સમ્યગ્દષ્ટિ અવિરતી હોવા છતાં પણ ગૃહસ્થ તરીકે ધર્મ, અર્થ, કામનો પુરુષાર્થ સાધવામાં અનુરક્ત રહેવા છતાં પણ બધાય શુભાશુભ કાર્યો ચારિત્ર મોહનીયના ઉદયને આધીન થઈને કરે છે પરંતુ આ સર્વ કાર્યને પોતાના આત્માના હિતરૂપ નથી માનતા તે તો એમ જ માને છે કે નિરંતર આત્માના બગીચામાં રમું, વીતરાગતાનું જ સેવન કરું અને સિદ્ધ ભગવંતોને જ પ્રેમ કરું.

આત્માનો પુરુષાર્થ ઓછો હોવાથી કષાયનો ઉદય સહન કરી શકતા નથી તે ગૃહસ્થને યોગ્ય બધા જ કામ કરે છે પરંતુ તેમાં આસક્ત કે મગ્ન થતા નથી. પૂજાપાઠ, પરોપકાર, દાનાદિ કાર્ય કરીને તે પુણ્યનો બંધ અને સાંસારિક ઈંદ્રિયસુખ ઈચ્છતા નથી. તે તો કર્મરહિત દશાના જ ઉત્સાહી અને ઉદ્યમી રહે છે. જો કે શુભભાવોનું ફળ પુણ્યનો બંધ છે. તો પણ જ્ઞાની તેને પણ પાપ સમાન બંધ જ જાણે છે. જ્ઞાની નિર્વાણના પથિક છે માત્ર નિશ્ચય રત્નત્રય સ્વભાવમય ધર્મને અથવા સ્વાનુભવને જ ઉપદેશ ગ્રહણયોગ્ય માને છે. પુણ્યને પણ પાપ સમાન જ તે જાણીને છોડાવવા ઈચ્છે છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**संन्यस्तव्यमिदं सरस्तमपि तत्कर्मैव मोक्षार्थिना ।**
**संन्यस्ते सति तत्र का किल कथा पुणयस्य पापस्य वा ॥**

**सम्यक्त्वादि निजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भव-**
**न्नैः कर्म प्रतिबद्धमुद्धतरस ज्ञानं स्वयं धावति ॥१०-४॥**

**ભાવાર્થ** : મોક્ષાર્થીએ બધા જ કર્મનો ત્યાગ કરવો જોઈએ. સર્વ કર્મનો ત્યાગ આવશ્યક છે તો પછી ત્યાં પુણ્ય પાપની શી વાત છે ? એવા જ્ઞાનીમાં સમ્યગ્દર્શન આદિ પોતાના સ્વભાવ સહિત અને કર્મરહિત ભાવમાં તન્મયરૂપ શાંતરસથી પૂર્ણ મોક્ષનું કારણ એવું આત્મજ્ઞાન સ્વયં વિરાજે છે.

## પુણ્યકર્મ સોનાની બેડી છે

**जह लोहम्मिय णियड बुह, तह सुण्णम्मिय जाणि ।**
**जे सुह असुह परिच्चियहि, ते वि हवंति हु णाणि ॥७२॥**

**લોહબેડી બંધન કરે, સોનાની પણ તેમ;**
**જાણી શુભાશુભ દૂર કરે, તે જ જ્ઞાનીનો મર્મ. ૭૨.**

**અન્વયાર્થ** ( **बुह** ) હે પંડિત ! ( **जह लोहम्मिय णियड तह सुण्णम्मिय जाणि** ) જેવી લોઢાની બેડી છે તેવી જ સોનાની બેડી છે એમ જાણીને ( **जे सुह असुह परिच्चियहि** ) જે શુભ અશુભ બન્નેય પ્રકારનો ભાવોનો ત્યાગ કરે છે ( **ते वि हु णाणि हवंति** ) તે જ નિશ્ચયથી જ્ઞાની છે.

**ભાવાર્થ** : પુણ્ય અને પાપકર્મ બન્નેય બંધન છે, પુણ્યને સોનાની તથા પાપને લોઢાની બેડી કહી શકાય છે. બન્નેય કર્મ સંસાર વાસમાં રોકનારા છે. જ્યારે બન્ને બેડીઓનું વિઘટન

થાય છે ત્યારે જ આ જીવ સ્વાધીન મોક્ષસુખ પામે છે. માટે જ્ઞાનીએ પુણ્ય અને પાપ બન્ને પ્રકારનાં બંધનોને હેય સમજવા ઉચિત છે. મંદકષાયના ભાવોને શુભોપયોગ અને તીવ્ર કષાયના ભાવોને અશુભોપયોગ કહે છે. બન્નેયથી બંધ થાય છે. ચાર ઘાતીકર્મ અથવા બંધ બન્નેય ઉપયોગથી થાય છે.

અઘાતીમાં શાતા વેદનીયાદિ પુણ્ય પ્રકૃતિઓનો બંધ શુભ ભાવોથી અને અશાતા વેદનીયાદિ પાપ પ્રકૃતિઓનો બંધ અશુભભાવોથી થાય છે. મંદકષાયથી આયુષ્ય સિવાયના બધા જ કર્મોમાં સ્થિતિ થોડી અને તીવ્ર કષાયથી સ્થિતિ અધિક પડે છે. આયુષ્ય કર્મમાં નરકની સ્થિતિ તીવ્ર કષાયથી અધિક અને મંદકષાયથી ઓછી પડે છે. જ્યારે તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ત્રણ આયુષ્યની સ્થિતિ મંદકષાયથી અધિક અને તીવ્ર કષાયથી ઓછી પડે છે. પરંતુ અનુભાગ પાપકર્મોમાં અર્થાત્ ચાર ઘાતી અને અશાતા વેદનીયાદિ પાપકર્મોમાં તીવ્ર કષાયથી અધિક પડે છે. મંદ કષાયથી ઓછો પડે છે પરંતુ શાંતા વેદનીયાદિ પુણ્યકર્મોમાં તીવ્ર કષાયથી અનુભાગ ઓછો પડે છે અને મંદકષાયથી અધિક પડે છે. પાપકર્મના ફળથી નરક તિર્યંચ અથવા ક્ષુદ્ર માનવભવોમાં દુઃખ ભોગવવું પડે છે, પુણ્યના ફળથી દેવગતિમાં અથવા ઉત્તમ માનવભવમાં પાંચ ઇંદ્રિયોના ભોગની પ્રચુર સામગ્રીનો લાભ મળે છે.

સંસારી પ્રાણીના ભાવ પ્રાયઃ નિમિત્તાધીન હોય છે. વિષયભોગની અધિક સામગ્રી પ્રાપ્ત કરીને તેમને ભોગવવાની તીવ્ર લાલસા થાય છે. અજ્ઞાની પ્રાણી વિષયભોગોમાં લીન થઈ જાય છે. વિષયભોગની તૃષ્ણા વિષયભોગથી અધિક થઈ જાય છે એટલે વિષયભોગોમાં અધિક મગ્ન થઈ જાય છે અને આત્માનું હિત ભૂલી જાય છે. વિષયાસક્ત મનુષ્ય અનેક પ્રકારના અન્યાયથી ધનનો સંચય કરે છે અને ઈચ્છિત ભોગોની પ્રાપ્તિનો યત્ન કરે છે. જ્યારે તે ન મળે ત્યારે દુઃખી થાય છે અને મળે એટલે તેમને ભોગવીને તૃષ્ણા ખૂબ વધારી દે છે. તેમનો વિયોગ થતાં શોક કરે છે.

પુણ્યના ફળથી પ્રાપ્ત વિષયભોગોમાં ફસાઈ જવાથી વિષયી મનુષ્ય નરક, નિગોદાદિમાં ચાલ્યો જાય છે. દેવગતિમાં ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને બીજા સ્વર્ગ સુધીના દેવ મરીને એકેન્દ્રિય પૃથ્વી, જળ, વનસ્પતિ કાયમાં જન્મ લઈ લે છે. બારમા સ્વર્ગ સુધીના દેવો પંચેન્દ્રિય પશુ સુધી જન્મ લઈ શકે છે. નવમી ગ્રૈવેયિક સુધીના દેવો મનુષ્યરૂપે જન્મે છે. વિષયભોગોની આકુળતા તે તૃષ્ણારૂપી રોગ છે. તે રોગથી પીડાયેલ પ્રાણી ગભરાઈને વિષયભોગોમાં તૃષ્ણાની શાન્તિ માટે જાય છે. ભોગ ભોગવીને તે સમયે ક્ષણિક તૃપ્તિ પામીને તૃષ્ણામાં અધિક વધારો કરે છે. દુઃખોના સાધનોમાં જે આકુળતા થાય છે તેવી જ આકુળતા તૃષ્ણારૂપી રોગની વૃદ્ધિમાં થાય છે.

આ જીવે વારંવાર દેવગતિ તથા મનુષ્યગતિના પાંચ ઈંદ્રિયોના વિષયભોગ ભોગવ્યા છે પરંતુ તેની તૃષ્ણાની બળતરા શાંત થઈ શકી નથી. તેથી જ્ઞાનીઓ વિષયસુખને હેય સમજે છે અને વિષયસુખના કારણ એવા પુણ્યકર્મને હેય જાણે છે. તેથી પુણ્યબંધના કારણ રૂપ શુભોપયોગને પણ હેય સમજે છે. માત્ર શુદ્ધોપયોગની ભાવના કરે છે જેથી તિર્યંચમાં પણ અતીન્દ્રિય સુખ થાય છે, કર્મોનો ક્ષય થાય છે અને મોક્ષમાર્ગ પમાય છે. શુદ્ધોપયોગમાં ઠરવાની શક્તિ ન હોવાથી જ્ઞાની જીવ શુભોપયોગમાં વર્તે છે પરંતુ પુણ્યની ઈચ્છા રાખતા નથી. વસ્તુ સ્વભાવથી પુણ્યબંધ થાય છે તેથી બંધ કારણ શુભોપયોગથી વિરક્ત રહીને શીઘ્ર જ શુદ્ધોપયોગ પ્રાપ્ત કરવાનો યત્ન કર્યા કરે છે.

શ્રી પ્રવચનસારમાં કુન્દકુન્દ સ્વામી કહે છે -

**जदि संति हि पुण्णाणि य परिणाम समुखवाणि विविहाणि ।**
**जणयंति विसयतण्हं जीवाणं देवदंताणं ॥७४॥**
**ते पुण उदिण्ण तण्हा दुहिदातण्हाहि विसयसोक्खाणि ।**
**इच्छति अणुहवंति य आमरणं दुःखसंतत्ता ॥७५॥**

**ભાવાર્થ** : શુભોપયોગથી બાંધેલા વિવિધ પ્રકારનાં પુણ્ય કર્મ દેવપર્યંત શરીરોને વિશેષ સામગ્રીનો સંયોગ આપીને વિષયોની તૃષ્ણા ઉત્પન્ન કરી દે. તે દેવાદિ તૃષ્ણાને કારણે દુઃખી થાય છે. તૃષ્ણાના રોગથી પીડાઈને વિષયસુખ ઈચ્છે છે, મરણ સુધી ભોગવે છે તો પણ દુઃખોથી સંતપ્ત રહે છે. તેમની તૃષ્ણા મટતી નથી.

## ભાવ નિર્ગ્રંથ જ મોક્ષમાર્ગી છે.

**जइया मणु, णिग्गंथु जिय, तइया तुहुँ णिग्गंथु ।**
**जइया तुहुँ णिग्गंथु जिय, तो लब्भइ सिवपंथु ॥७३॥**

**જો તુજ મન નિર્ગ્રંથ છે તો તું છે નિર્ગ્રંથ;**
**જ્યાં પામે નિર્ગ્રંથતા, ત્યાં પામે શિવપંથ. ૭૩.**

**અન્વયાર્થ** : ( **जिय जइया मणु णिग्गंथु** ) હે જીવ ! જો તારું મન નિર્ગ્રંથ છે ( **तइया तुहुँ णिग्गंथु** ) તો તું સાચો નિર્ગ્રંથ છો. **जिय जइया तुहु णिग्गंथु** ) હે જીવ ! જો તું નિર્ગ્રંથ છો ( **तो सिवपंथु लब्भई** ) તો તેં મોક્ષમાર્ગ પ્રાપ્ત કરી લીધો.

**ભાવાર્થ** : નિર્ગ્રંથ પદ જ સાધુપદ છે. સંયમનું સાધન સાધુ જ કરી શકે છે કેમ કે તે જ આરંભ પરિગ્રહનો ત્યાગ કરીને અહિંસાદિ પાંચ મહાવ્રતોનુ યથાર્થ પાલન કરી શકે છે. ગૃહસ્થ

અવસ્થામાં આરંભ પરિગ્રહને કારણે હિંસાદિ પાંચ પાપોના વિકલ્પ મટતા નથી. મનમાં નિશ્ચળતાની બાધક પરિગ્રહની ચિંતા છે. ઉત્તમ ધર્મધ્યાન પ્રત્યાખ્યાન કષાયના ઉદયથી અને નિમિત્તપૂર્ણ વૈરાગ્ય ન હોવાથી ગૃહસ્થને થઈ શકતું નથી. તેથી તીર્થંકરાદિ મહાપુરુષોએ પણ ગૃહસ્થપણાનો ત્યાગ કરીને સાધુપદ ધારણ કર્યું છે.

બાહ્ય પરિગ્રહનો ત્યાગ એટલા માટે જરૂરી છે કે પરિગ્રહ મૂર્ચ્છાભાવ ઉત્પન્ન કરવામાં નિમિત્ત છે. આ જ મમતાના ત્યાંગ માટે મહાપુરુષો સ્ત્રી, પુત્ર, ધન, રાજ્ય સંપદાનો ત્યાગ કરીને સહજ જાતરૂપધર (જન્મ્યા સમયના રૂપવાળા) બની જાય છે. વસ્ત્રાભૂષણનો ત્યાગ કરીને બાળકની પેઠે નગ્ન થઈ જાય છે. જ્યાં સુધી વસ્ત્રનું ગ્રહણ છે ત્યાં સુધી પરિગ્રહનો પૂર્ણ ત્યાગ નથી. દિશાઓને જ જ્યાં વસ્ત્ર માનવામાં આવે તે જ દિગંબર અથવા નિર્ગ્રંથ વેષ છે. આ નિર્ગ્રંથનો વેષ છે જેમાં જીવદયા માટે મોરપીછી, શૌચ માટે લાકડાનું કમંડળ અને જ્ઞાન માટે શાસ્ત્ર રાખવામાં આવે છે. તે અંતરંગ નિર્ગ્રંથ થવાના નિમિત્ત સાધન છે. નિમિત્ત વિના ઉપાદાન કામ કરતું નથી. (ઉપાદાનના સ્વયં પરિણમન વખતે નિમિત્તની હાજરી હોય છે.) જ્યારે અગ્નિ અને પાણીનું નિમિત્ત હોય છે (મળે છે) ત્યારે જ રંધાઈને ભાત બને છે.

અંતરમાં મનને ગ્રંથ રહિત કરવું જોઈએ. મનમાંથી સર્વ રાગ, દ્વેષ, મોહ દૂર કરવો જોઈએ. બુદ્ધિપૂર્વક ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહનો ત્યાગ હોવો જોઈએ. મિથ્યાદર્શન ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદના ભાવોનો ત્યાગ કરીને સમ્યગદષ્ટિએ, સમ્યગ્દષ્ટિ ઉત્તમ ક્ષમાવાન રહીને વિદ્યા, તપ, સંયમ હોવા છતાં પણ પરમ કોમળ રહીને, મન, વચન, કાયાનું વર્તન સરળ રાખીને પરમ આર્જવ ગુણયુક્ત, સર્વ પર વસ્તુનો લોભ ત્યાગીને પરમ સંતોષી અને પવિત્ર બનીને, હાસ્યરહિત ગંભીર, રતિઅરતિ રહિત સમભાવી, શોકરહિત પરમ પ્રસન્ન, ભયરહિત નિર્મળ, ઘૃણા રહિત વસ્તુ સ્વભાવના મર્મી ત્રણ પ્રકારના વેદના વિકાર રહિત પરમ બ્રહ્મચારી રહેવું યોગ્ય છે.

મનમાંથી સવ મમતાનો, રાગદ્વેષનો મેલ કાઢી નાખવો જોઈએ. પરમ વીતરાગ, સમદર્શી, સર્વ પ્રાણીમાત્ર ઉપર કરુણાભાવ, પરમ સંતોષી, આત્મરસના પિપાસુ અને વિષયરસમાં વિરક્ત થવું તે જ ભાવ નિર્ગ્રંથ પદ છે. અનાજની ઉપરનું જાડું ફોતરું કાઢી નાખ્યા વિના અંદરનું પાતળું ફોતરું દૂર થઈ શકતું નથી, શુદ્ધ ચોખા મળી શકતા નથી. કોઈ ઉપલું ફોતરું જ કાઢે અને અંદરનું ન કાઢે તો તેને શુદ્ધ ચોખા મળતા નથી એવી જ રીતે બાહ્ય પરિગ્રહના ત્યાગ વિના અંતરંગ રાગભાવ મટી શકતો નથી. બહારમાં નિર્ગ્રંથ થયા વિના અંતરંગમાં નિર્ગ્રંથ થઈ શકાતું નથી. જો કોઈ બહારમાં નિર્ગ્રંથ થઈ જાય પરંતુ અંતરમાં નિર્ગ્રંથ ન હોય, વીતરાગી ન હોય, સમદર્શી ન હોય, આત્માનંદના રસિક ન હોય તો તે સાચો નિર્ગ્રંથ નથી.

ભાવ નિર્ગ્રંથ જ વાસ્તવમાં મોક્ષનો માર્ગ છે, કેવળ વ્યવહાર ચારિત્ર મોક્ષમાર્ગ નથી. રત્નત્રયમય, અંતરંગ સ્વાનુભવ રમણરૂપ નિશ્ચય ચારિત્ર છે, એ જ યથાર્થ શિવપંથ છે, એના ઉપર જ ચાલીને જ્ઞાની મોક્ષનગરમાં પહોંચી જાય છે.

પુરુષાર્થ સિદ્ધયુપાયમાં કહ્યું છે -

**मिथ्यात्ववेदगास्तथैव हास्यादयश्च षड्दोषाः ।**
**चत्वारश्च कषायाश्चतुर्दशाभ्यन्तरा ग्रन्थाः ॥११६॥**

**निजशक्त्या शेषाणां सर्वेषामन्तरङ्ग संगानाम् ।**
**कर्तव्यः परिहारो मार्दवशौचादिभावनया ॥१२६॥**

**बहिरङ्गदपि संगाद्यस्मात्प्रभवत्य संयमोऽनुचितः ।**
**परिवर्जयेदशेषं तमचितं वा सचितं वा ॥१२७॥**

**ભાવાર્થ** : મિથ્યાત્વાદિ ચૌદ પ્રકારના અંતરંગ પરિગ્રહ છે. પોતાની શક્તિથી આ સર્વ અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરવો. માર્દવ, શૌચ આદિ ભાવનાથી ભાવને પવિત્ર રાખો, કેમ કે બાહ્ય પરિગ્રહથી અનુચિત અસંયમ થાય છે. તેથી સચિત્ત અને અચિત્ત બધાય પરિગ્રહનો ત્યાગ કરો. બન્ને પ્રકારે નિર્ગ્રંથ થઈ જાવ.

## દેહમાં ભગવાન છે

**जं वडमज्झहँ बीउ फुडु, बीयहँ वहु वि हु जाणु ।**
**तं देहहँ देउ वि मुणहि, जो तइलोय-पहाणु ॥७४॥**

**જેમ બીજમાં વડ પ્રગટ, વડમાં બીજ જણાય;**
**તેમ દેહમાં દેવ છે, જે ત્રિલોકપ્રધાન, ૭૪.**

**અન્વયાર્થ** : (**जं वडमज्झहँ बीउ फुडु**) જેમ વડના વૃક્ષમાં તેનું બીજ સ્પષ્ટપણે વ્યાપક છે (**बीयहँ वहु वि हु जाणु**) તેમ વડના બીજમાં વડનું વૃક્ષ પણ (વ્યાપક) જાણો. (**तं देहहँ देउ वि मुणहि**) તેમ આ શરીરમાં તે દેવનો પણ અનુભવ કરો (**जो तइलोय-पहाणु**) જે ત્રણ લોકમાં પ્રધાન છે.

**ભાવાર્થ** : પોતાનો આત્મા પોતાના શરીરમાં વ્યાપક છે. શરીર પ્રમાણ છે. જેમ વડમાં તેનું બીજ અને બીજમાં વડ વ્યાપક છે. આ આત્મા સ્વયં ત્રણ લોકમાં મુખ્ય પદાર્થ પરમાત્મા દેવ છે. જ્ઞાનીએ એમ વિચારવું જોઈએ કે મારે આરાધવા યોગ્ય મારો આત્મા જ છે. આસન

જમાવીને બેસી જાવ અને એ જ વિચાર કરો કે જેવો આકાર મારા આ શરીરનો છે તેવો જ આકાર મારા આત્મ ભગવાનનો છે.

આત્મા અસંખ્યાત પ્રદેશી હોવા છતાં પણ શરીર પ્રમાણ રહે છે. આત્મ દેવને તૈજસ, કાર્મણ અને ઔદારિક ત્રણે શરીરથી ભિન્ન દેખો, સર્વ રાગાદિ ભાવોથી ભિન્ન દેખો, કર્મના નિમિત્તથી થતાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક ભાવોથી ભિન્ન, એક શુદ્ધ પારિણામિક સ્વભાવવાળો દેખો. દ્રવ્યદૃષ્ટિથી જીવની સાથે કર્મોનો સંયોગ દેખાતો નથી. અને કર્મની અપેક્ષા રાખનારા ભાવ પણ દેખાતા નથી. ક્ષાયિક ભાવ જો કે પોતાના જ આત્માનો ભાવ છે પરંતુ કર્મોના ક્ષયથી પ્રગટે છે એ દૃષ્ટિએ કર્મસાપેક્ષ થઈ જાય છે. કર્મોની અપેક્ષા ન લેનારા દ્રવ્યાર્થિકનયમાં આ ક્ષાયિક ભાવનો પણ વિચાર આવી શકતો નથી. અનાદિથી અનંતકાળ સુધી સર્વ વસ્તુને પોતાના મૂળ સ્વભાવમાં દેખાડનાર દ્રવ્યાર્થિક નય છે.

આ દૃષ્ટિએ જોતાં આત્માની સાથે કર્મનો સંબંધ ન કદી હતો. ન છે, ન થશે. ત્રણે કાળે એક સ્વરૂપે શુદ્ધ સ્ફટિકમણિ સમાન દેખાતો આ આત્મા છે. જો કે કર્મોના સંયોગથી નર, નારક, પશુ અને દેવ વારંવાર થયો છે એ વિચાર પર્યાયની દૃષ્ટિથી છે તો પણ દ્રવ્યદૃષ્ટિથી આ આત્મા જેવો ને તેવો બની રહ્યો છે. આ આત્માએ પોતાનું સ્વરૂપ જરાય ખોયું નથી. પર્યાયદૃષ્ટિથી એ ચંચળ દેખાય છે. એમાં મન, વચન, કાયાના નિમિત્તથી પ્રદેશોનું કંપન થાય છે અને યોગશક્તિ કર્મ નોકર્મનું ગ્રહણ કરે છે તો પણ દ્રવ્યદૃષ્ટિથી તે મન, વચન, કાયાથી રહિત છે, ચંચળતા રહિત પરમ નિશ્ચય છે, કર્મ નોકર્મને ગ્રહતો નથી. પરના ગ્રહણ અને સ્વગુણના ત્યાગ રહિત છે.

ભેદદૃષ્ટિએ આ આત્મા અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, અગુરુલઘુત્વ, પ્રદેશત્વ આ છ પ્રકારના સામાન્ય ગુણોથી અને જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્‌દર્શન, ચારિત્ર આદિ શુદ્ધ ગુણોનો ધારક છે તો પણ અભેદ દૃષ્ટિએ એ એકરૂપ, અખંડ, સર્વ ગુણોનો પિંડ એક શુદ્ધ દ્રવ્ય જ દેખાય છે. જો કે પર્યાય દૃષ્ટિએ રાગ, દ્વેષ, મોહાદિ વિભાવોથી સંતપ્ત અને અશાંત દેખાય છે તો પણ દ્રવ્ય દૃષ્ટિએ એ બિલકુલ વિભાવો વિનાનો પરમ શાંત દેખાય છે. દ્રવ્યાર્થિક નયથી પોતાના શરીરની અંદર શુદ્ધ સ્વરૂપી પોતાના આત્માને જોવો જોઈએ. તેવી જ રીતે જગતમાં સર્વ આત્માઓને એકાકાર શુદ્ધ દેખવા જોઈએ. છ દ્રવ્યોમાં પુદ્‌ગલાદિ પાંચ અચેતન છે, તેમના પ્રત્યે શત્રુતા કે મિત્રતા થઈ શકતી નથી. માત્ર આત્મા સચેતન છે.

જ્યાં સર્વને એક સમાન શુદ્ધ જોવામાં આવ્યા ત્યાં ન કોઈ મિત્ર રહ્યા, ન કોઈ શત્રુ. પોતાને અને સર્વને સમાન જોતાં રાગદ્વેષનો પત્તો જ લાગતો નથી. બધેય સમભાવ અને શાંતરસ વહે છે. નિર્ગ્રંથ મુમુક્ષુએ આ રીતે સમભાવોમાં રમણતા કરીને સામાયિક ચારિત્રનું પાલન

કરવું ઉચિત છે. સ્વાનુભવમાં લીન થઈને સર્વ નયોના વિચારથી પણ રહિત થઈને આત્માનંદમાં મસ્ત થઈ જાવ. એ જ આત્મસમાધિ છે.

સમાધિશતકમાં કહ્યું છે -

**आत्मानमन्तरे दृष्ट्वा दृष्ट्वा देहादिकं बहिः ।**
**तयोरन्तरविज्ञानादभ्यासादच्युतो भवेत् ॥७९॥**
**अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।**
**क्वरुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवाम्यतः ॥४६॥**

**ભાવાર્થ** : જે પોતાના આત્માને અંદર જોઈને અને શરીરાદિને પોતાનાથી બહાર જોઈને શરીર અને આત્માના ભેદવિજ્ઞાનથી આત્માને શુદ્ધ અભેદ જાણીને તેના જ અનુભવનો અભ્યાસ કરે છે તે મુક્ત થઈ જાય છે. જ્ઞાની વિચારે છે કે જે ઈંદ્રિયોથી જણાય છે તે સર્વ અચેતન છે. જે ચેતન આત્માઓ છે તે ઈંદ્રિયોથી દેખાતા નથી તો પછી હું કોના ઉપર પ્રસન્ન થાઉં અને કોના ઉપર રોષ કરું ? હું તો વીતરાગી અને સમભાવી જ રહું છું.

## પોતે જ જિન છે એ અનુભવ મોક્ષનો ઉપાય છે.

**जो जिण सो हउँ सो जि हउँ एहउ भाउ णिभंतु ।**
**मोक्खहँ कारण जोइया अण्णु ण तंतु ण मंतु ॥७५॥**

**જે જિન તે હું, તે જ હું, કર અનુભવ નિર્ભ્રાન્ત;**
**હે યોગી ! શિવહેતુ એ, અન્ય ન મંત્ર ન તંત્ર. ૭૫.**

**અન્વયાર્થ** - (**जो जिण सो हउँ**) જે જિનેન્દ્ર પરમાત્મા છે તે હું છું (**सो जिहउ**) તે જ હું છું (**एहुउ णिभंतु भाउ**) એવી જ શંકારહિત ભાવના કરો. (**जोइया**) હે યોગી ! (**मोक्खहं कारण अण्णु तंतुण मंतुण**) મોક્ષનો ઉપાય એ જ છે અન્ય કોઈ તંત્ર કે અન્ય કોઈ મંત્ર નથી.

**ભાવાર્થ** : મોક્ષનો ઉપાય સંક્ષેપમાં એ જ છે કે પોતાના આત્માને નિશ્ચયનયથી જેવો છે તેવો સમજો. મૂળ સ્વભાવે આ આત્મા સ્વયં જિનેન્દ્ર પરમાત્મા છે. કર્મરહિત આત્માને જિનેન્દ્ર કહે છે. પોતાનો આત્મા નિશ્ચયથી દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ રહિત છે. વ્યવહારનયથી અથવા પર્યાયની દૃષ્ટિએ મારો આત્મા કર્મસહિત અશુદ્ધ છે પરંતુ તે શુદ્ધ થવાની શક્તિ ધરાવે છે. તે કારણ સમયસાર છે અને શ્રી જિનેન્દ્રનો આત્મા શુદ્ધ અને કાર્ય સમયસાર છે. આવો ભેદ દેખાય છે પરંતુ નિશ્ચનયથી અથવા દ્રવ્યદૃષ્ટિથી આ ભેદ દેખાતો નથી.

આત્મા અને પરમાત્મા સમાન છે. કેવળ સત્તા બન્નેની જુદી જુદી છે. દ્રવ્ય ક્ષેત્ર, કાળ અને ભાવ જે એક આત્માના છે તે જ બીજા આત્માના છે. સર્વ આત્માઓના ચતુષ્ટય સમાન છે, સદૃશ છે પણ એક નથી-એક સમાન છે. જેમ હજાર ઘઉંના દાણા સમાન આકાર અને ગુણોવાળા હોય તે બધા સમાન છે તો પણ બધા દાણા જુદા જુદા છે. દરેક આત્માનું દ્રવ્ય પોતાના અનંત ગુણ અને પર્યાયોનો અભેદ અને અખંડ પિંડ છે.

દરેક આત્મા ક્ષેત્રથી અસંખ્યાત પ્રદેશી છે, દરેક આત્મા સમયે પરિણમનશીલ છે. શુદ્ધ સ્વભાવમાં સદૃશ પરિણમન અગુરુલઘુત્વ ગુણદ્વારા કરી રહ્યો છે. દરેક આત્મા, જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યક્ત્વ, ચારિત્ર આદિ શુદ્ધ ભાવોનો ધારક છે તેથી નિશ્ચયથી પોતાના આત્માને પરમાત્મા રૂપ દેખવો અને અનુભવવો તે જ વીતરાગભાવની પ્રાપ્તિનો ઉપાય છે. જ્યાં જેટલા અંશે વીતરાગતા હોય છે તેટલા અંશે કર્મોનો સંવર અને કર્મોની નિર્જરા હોય છે.

નવા કર્મનું ન આવવું અને જૂના બાંધેલા કર્મોનું ખરી જવું તે જ મોક્ષનો ઉપાય છે. સોહં (તે જ હું છું) મંત્ર દ્વારા પોતાની અંદર એ જ ભાવના ભાવવી કે હું જ પરમાત્મા છું. મારો કોઈ સંબંધ રાગાદિ ભાવો સાથે, પુણ્યપાપ સાથે કે કોઈ પ્રકારના કર્મ અથવા મન, વચન, કાયાની ક્રિયા સાથે નથી. હું પરમ નિર્મળ મારા સ્વભાવમાં રહેનારો છું. વાસ્તવમાં જે કોઈ અરિહંત અને સિદ્ધ પરમાત્માને બરાબર ઓળખે છે તે આત્માના દ્રવ્ય, ગુણ, પર્યાયને બરાબર જાણે છે. પર વસ્તુ તરફથી દૃષ્ટિ સંકોચીને પોતાના જ આત્મા ઉપર દૃષ્ટિ સ્થિર કરી રાખવાથી આત્માનું ધ્યાન થઈ જાય છે. એ કાર્ય ખાસ કરવા યોગ્ય માનવામાં આવ્યું છે. એ જ સ્વાનુભવની કળા છે, એ જ તંત્ર છે, એ જ મંત્ર છે, બીજા કોઈ મંત્ર નથી જેનાથી આત્મા મુક્તિ પ્રાપ્ત કરી શકે. બહારનું આચરણ મનને સંકલ્પવિકલ્પોથી ખસેડવા માટે આવશ્યક છે. પરના કાર્યોની ચિંતાનો અભાવ કરવો જરૂરી છે તેથી પૂર્ણ અને શુદ્ધ આત્મધ્યાન માટે નિર્ગ્રંથ થવું યોગ્ય છે. બાહ્ય અને અંતરંગ પરિગ્રહનો ત્યાગ કરીને નિર્જન સ્થાનોમાં ધ્યાનનો અભ્યાસ કરવો જરૂરી છે.

અનેકાંતના જ્ઞાનથી વિભૂષિત રહેવું કે પર્યાયની અપેક્ષાએ હું કર્મ સહિત છું, અશુદ્ધ છું અને દ્રવ્યની અપેક્ષાએ કર્મરહિત શુદ્ધ છું. બન્ને અપેક્ષાઓનું જ્ઞાન રાખીને પર્યાય દૃષ્ટિથી ઉપયોગ ખસેડી લેવો અને દ્રવ્યદૃષ્ટિમાં ઉપયોગ જોડવો ત્યારે હું જ જિન ભગવાન છું એમ સમજવું અને એવી જ ભાવના કરવી. ભાવના કરતાં કરતાં જ્યારે ઉપયોગ ઉપયોગવાન આત્મામાં એકમેક થઈ જશે, મીઠાની કણી જેમ પાણીમાં ઓગળી જાય છે. તેમ ઉપયોગ આત્મામાં રમી જશે, ધ્યાતા, ધ્યેયનો ભેદ મટી જશે અને સ્વાનુભવ થઈ જશે ત્યારે દ્રવ્યદૃષ્ટિનો વિચાર પણ બંધ થઈ જશે, અર્હંત ભાવમાં ઠરી જશે, એ જ મોક્ષનો ઉપાય છે.

શ્રી પ્રવચનસારમાં કહ્યું છે -

**जो जाणदि अरहंतं दव्वत्त गुणत्त पज्जयत्तेहिं ।**
**सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं ॥૮૦॥**

**जीवो ववगदमोहो उवलद्धो तच्चमप्पणो सम्मं ।**
**जहदि जदि रागदोषे सो अप्पाणं लहदि सुद्धं ॥૮૧॥**

**ભાવાર્થ** : જે કોઈ અરિહંત ભગવાનને દ્રવ્ય, ગુણ, પર્યાયો દ્વારા યથાર્થ જાણે છે તે જ પોતાના આત્માને ઓળખે છે, તેનો જ દર્શનમોહ (મિથ્યાત્વભાવ) દૂર થઈ જાય છે. આવા મોહ રહિત સમ્યગ્દષ્ટિ જીવ સમ્યક્ પ્રકારે પોતાના આત્માનું તત્ત્વ પામીને જો રાગદ્વેષ છોડીને વીતરાગ થઈ જાય તો તે પોતાના આત્માને શુદ્ધ કરી લે છે.

## આત્માના ગુણોની શુદ્ધ ભાવના કરો

**बे ते चउ पंच विणवहँ सत्तहँ छह पंचाहँ ।**
**चउगुण-सहियउ सो मुणह, एयइँ लक्खण जाहँ ॥७६॥**

**બે, ત્રણ, ચાર ને પાંચ, છ, સાત, પાંચ ને ચાર;**
**તવ ગુણયુત પરમાતમા, કર તું એ નિર્ધાર. ૭૬.**

**અન્વયાર્થ** - (**सो**) તે આત્માને (**बे ते चउ पंचवि णवहँ सत्तहँ छह पंचाहँ चउगुण सहियउ मुणह**) બે, ત્રણ, ચાર, પાંચ, નવ, સાત, છ, પાંચ અને ચાર ગુણ સહિત જાણો. (**जाहँ एयहँ लक्खण**) તે પરમાત્માના અથવા આત્માના આ જ લક્ષણ છે.

**ભાવાર્થ** : આત્માના ધ્યાન માટે આત્માના સ્વરૂપની ભાવના કરવી યોગ્ય છે. નિશ્ચયથી આ આત્મા એક સત્ પદાર્થ છે, જ્ઞાયક અખંડ પ્રકાશરૂપ છે. કેવળ અનુભવવા યોગ્ય છે. વ્યવહારનયથી એના પ્રકાર વિચારી શકાય છે, બે પ્રકારે વિચારીએ તો એ ગુણ પર્યાયવાન છે. તે પોતાની અંદર અનેક ગુણ અને પર્યાયો રાખે છે અથવા એ જ્ઞાન દર્શન સ્વરૂપ છે. એ એક જ સમયમાં પોતાને અને સર્વ પર પદાર્થોને દેખનાર જાણનાર છે. ત્રણ પ્રકારે વિચારવામાં આવે તો એ ઉત્પાદ વ્યય ધ્રૌવ્યરૂપ છે. સમયે સમયે પર્યાયો બદલતી હોવાથી ઉત્પાદ વ્યય કરવા છતાં પણ પોતાના સ્વભાવથી અવિનાશી છે, બીજી રીતે તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર રૂપ છે.

ચાર પ્રકારે વિચારતાં એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્ તપ એ ચાર આરાધના સ્વરૂપ છે અથવા એ અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ અને અનંત

વીર્ય એ ચાર અનંત ચતુષ્ટય સ્વરૂપ છે. અથવા એ સુખ, સત્તા, ચૈતન્ય, બોધ એ ચાર ભાવ પ્રાણોનો ધારણ કરનાર છે. આ આત્મા પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો સ્વામી છે એમ પણ લઈ શકાય. પાંચ પ્રકારે વિચાર કરીએ તો એ અનંત દર્શન, અનંત જ્ઞાન, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર અને અનંત વીર્ય સ્વરૂપ છે અથવા એનામાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિક આ પાંચ ભાવોમાં પરિણમવાની શક્તિ છે અથવા આત્મા અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ પાંચ પરમેષ્ઠી પદનો ધારક છે અથવા આ આત્મા નરક, પશુ, દેવ, મનુષ્ય, સિદ્ધ ગતિ આ પાંચ ગતિઓમાં જવાની શક્તિ રાખે છે. છ પ્રકારે વિચારવામાં આવે તો એ અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર સ્વરૂપ છે અથવા પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર, ઉપર, નીચે છ દિશાઓમાં જવાની શક્તિવાળો છે અથવા આ આત્મા અસ્તિત્વ, વસ્તુત્વ, દ્રવ્યત્વ, પ્રમેયત્વ, પ્રદેશત્વ અને અગુરુલઘુત્વ આ છ સામાન્ય ગુણોનો ધારક છે. જો સાત પ્રકારે વિચાર કરીએ તો આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત જ્ઞાનચેતના, અનંત વીર્ય, ક્ષાયિક સમ્યકત્વ અને ક્ષાયિક ચારિત્ર, આ સાત ગુણ સ્વરૂપ છે અથવા સ્યાત્ અસ્તિ, સ્યાત્ નાસ્તિ, સ્યાત્ અસ્તિનાસ્તિ. સ્યાત્ અવક્તવ્ય, સ્યાત્ અસ્તિ, અવકતવ્ય સ્યાત્, નાસ્તિ અવક્તવ્ય, સ્યાત અસ્તિનાસ્તિ અવક્તવ્ય. એ સાત ભંગોથી આત્મા સિદ્ધ થાય છે અથવા આ જીવને કારણે જીવ અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વોની વ્યવસ્થા થાય છે અથવા આ આત્મા નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુ સૂત્ર, શબ્દ, સમભિરૂઢ, એવંભૂત આ સાત નયોથી વિચારવામાં આવે છે. નવ પ્રકારે વિચાર કરીએ તો આ આત્મા નવ કેવળલબ્ધિરૂપ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્રરૂપ છે. અથવા આ આત્મા પુણ્યપાપ સહિત સાત તત્ત્વ એવા નવ પદાર્થોમાં સ્થિત થાય છે. જીવની અપેક્ષાએ નવ પદાર્થોનો વિચાર છે. આ રીતે આત્માને અનેક ગુણ તથા સ્વભાવવાળો વિચારવો જેથી વસ્તુનો વિચાર સમભાવથી થાય, રાગદ્વેષ અને સાંસરિક વિકલ્પો જીતી શકાય. ગુણોની ભાવના કરતાં કરતાં જ સ્વાનુભવની શક્તિ આવે છે, વિકલ્પ રહિત ભાવમાં આવવું તે જ સ્વાનુભવ છે.

શ્રી સમયસાર કળશમાં કહ્યું છે -

**चित्रात्मशक्ति समुदाय मयोऽयमात्मा**
**सद्यः प्रणश्यति नयेक्षणखण्डयमानः ।**
**तस्मादखडष्मनिराकृतखण्डमेक-**
**मेकान्तशान्तमचलं चिदहं महोऽस्मि ॥२४-११॥**

**ભાવાર્થ** : આ આત્મા જુદા જુદા પ્રકારની શક્તિઓનો સમુદાય છે. એક એક નયથી એક એક ગુણની પર્યાય અથવા શક્તિનો વિચાર કરવાથી આત્માનો ખંડરૂપ વિચાર થાય છે તેથી ખંડરૂપ વિચાર છોડીને હું મને એવો અનુભવું છું કે એ અખંડ છે તો પણ અનેક ભેદવાળો છે, એક છે, પરમ શાંત છે, નિશ્ચય છે, ચૈતન્યમયી જ્યોતિ સ્વરૂપ છે.

## બેને છોડીને બે ગુણનો વિચાર કરો

**बे छंडिवि बे गुण सहिउ, जो अप्पाणि वसेइ ।**
**जिणु सामिउ एमइं भणइ लहु णिव्वाणु लहेइ ॥७७॥**

**બે ત્યાગી બે ગુણ સહિત, જે આતમ રસલીન;**
**શીઘ્ર લહે નિર્વાણપદ, એમ કહે પ્રભુ જિન. ૭૭.**

**અન્વયાર્થ** : **( जो बे छंडिवि )** જે બે ને અર્થાત્ રાગદ્વેષને છોડીને **( बे गुण सहिउ अप्पाणि वसेई )** જ્ઞાન દર્શન બે ગુણધારી આત્મામાં સ્થિત થાય છે **( लहु णिव्वाणु लहेई )** તે શીઘ્ર જ નિર્વાણ પામે છે **( एमई जिणु सामिउ भणइ )** એમ જિનેન્દ્ર ભગવાન કહે છે.

**ભાવાર્થ** : બંધનું મૂળ કારણ રાગદ્વેષ છે. તેમનો ત્યાગ કરવો. ત્યાગ કરવાનો ક્રમ એ છે કે પહેલાં મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાય સંબંધી રાગદ્વેષનો ત્યાગ કરવો મિથ્યાદૃષ્ટિ જીવ પરપદાર્થને આત્મા માનવાની ભૂલ કરે છે. ઈન્દ્રિય જનિત પરાધીન સુખને સાચું સુખ માને છે. આ મિથ્યાભાવને કારણે જે વિષયોના સેવનથી ઇંદ્રિયસુખની કલ્પના કરે છે તે પદાર્થમાં રાગભાવ કરે છે અને જેનાથી વિષયભોગમાં હાનિ થાય છે તથા જે વિષયો રુચતા નથી તેમના પ્રત્યે દ્વેષ કરે છે. રાગદ્વેષના ચાર પ્રકાર છે-

ચાર કષાયમાંથી લોભ અને માયાને તથા નવ નોકષાયમાંથી હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુરુષવેદ, અને નપુંસકવેદ આ પાંચ નોકષાયને રાગ કહે છે. ક્રોધ અને માન કષાયને તથા અરતિ, શોક, ભય, જુગુપ્સા એ ચાર નોકષાયને દ્વેષ કહે છે. અનંતાનુબંધી સંબંધી રાગદ્વેષ, અપ્રત્યાખ્યાન કષાય સંબંધી રાગદ્વેષ, પ્રત્યાખ્યાન કષાય સંબંધી રાગદ્વેષ, સંજવલન કષાય સંબંધી રાગદ્વેષ આ રીતે રાગદ્વેષના ચાર ભેદ છે.

મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગદ્વેષ મટાડવા માટે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ જરૂરી છે. આ સમ્યકત્વ પામવાનો ઉપાય પોતાના આત્માના યથાર્થ સ્વભાવનું જ્ઞાન છે કે આ આત્મા જ્ઞાનદર્શન સ્વભાવનો ધારક છે, સૂર્ય સમાન સ્વપરપ્રકાશક છે, સર્વજ્ઞ છે, સર્વદર્શી છે, પૂર્ણ વીતરાગ છે, પૂર્ણ આનંદમય છે. સ્વયં પરમાત્મારૂપ છે, આઠ કર્મ, રાગાદિ ભાવકર્મ, શરીરાદિ નોકર્મથી

ભિન્ન છે. અતીન્દ્રિય સુખ જ સાચું સુખ છે એવી પ્રતીતિ લાવીને વારંવાર પોતાના જ્ઞાનદર્શન સ્વભાવમય આત્માની ભાવના કરતા રહેવાથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી કષાયનો ઉપશમ, ક્ષયોપશમ, ક્ષય થઈ જશે. ત્યારે આ જીવને સમ્યગ્દર્શન ગુણ પ્રગટશે, મૂઢતા નાશ પામશે અને સમ્યગ્જ્ઞાન પ્રગટી જશે. પછી તેને નિર્વાણ પદ પામવાની યોગ્યતા મળી જશે. સંસારસાગરથી પાર થવાની તીવ્ર રુચિ થઈ જશે.

બાર પ્રકારના કષાય અને નવ નોકષાયનો ઉદય હજી છે તેથી ચારિત્રમાં કમી છે. અવિરત સમ્યગ્દષ્ટિને એકવીસ પ્રકારે ચારિત્ર મોહનીયના ઉદયથી રાગદ્વેષ થઈ જાયછે તેને તે રોગ જાણેછે. આત્મબળની ક્મીથી ગૃહસ્થને યોગ્ય વિષયભોગ કરેછે અને ધર્મ, અર્થ, કામ, પુરુષાર્થનું સેવન કરે છે. પરંતુ મન, વચન, કાયાની ક્રિયાને આત્માનું કર્તવ્ય જાણતા નથી, ભાવના ત્યાગની રાખેછે. ૨૧ કષાયોની શક્તિ ઘટાડવા માટે એ દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય અને સામાયિક દ્વારા પોતાના આત્માના શુદ્ધ જ્ઞાનદર્શન સ્વભાવનું મનન કરેછે. આત્માનુભવનો અભ્યાસ કરેછે. આ આત્માના પુરુષાર્થથી જ્યારે અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય રહેતો નથી કેવળ ૧૭ કષાયનો ઉદય રહે છે ત્યારે તે શ્રાવકનું ચારિત્ર સ્વીકારીને શ્રાવક થઈ જાય છે.

આત્માનુભવના અભ્યાસથી જેમ જેમ પ્રત્યાખ્યાન કષાયનો ઉદય ઓછો થતો જાય છે તેમ તેમ તે અગિયાર પ્રતિમા સુધી ચારિત્ર વધારે છે. જ્યારે પ્રત્યાખ્યાન કષાયનો ઉદય પણ રહેતો નથી ત્યારે કેવળ તેર કષાયોનો ઉદય રહેવાથી વસ્ત્રાદિ પરિગ્રહનો ત્યાગ કરી સાધુ થઈ જાય છે.

સાધુપદમાં ધર્મધ્યાનના અભ્યાસથી કષાયોનું બળ ઘટાડે છે. કોઈ વાર ઉપશમ શ્રેણીએ શુકલધ્યાન દ્વારા ૧૩ કષાયો ઉપશમાવીને વીતરાગ થઈ જાય છે અથવા ક્ષપક શ્રેણીએ આરૂઢ થઈ તેમનો ક્ષય કરી વીતરાગ થઈ જાય છે. પછી તે મોક્ષગામી જીવ ક્ષપક શ્રેણીએ ચઢીને જ ક્ષીણમોહ ગુણસ્થાનમાં આવી બાકીના ત્રણ ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળી ભગવાન અરિહંત પરમાત્મા થઈ જાય છે. જ્ઞાન દર્શન ગુણની ભાવના કરતા કરતા અનંતજ્ઞાન અને અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ પ્રગટાવે છે.

આ રીતે રાગદ્વેષનો ત્યાગ કરીને જ્ઞાનદર્શન ગુણવાળા આત્માને પ્રાપ્ત કરો.

સમયસાર કળશમાં કહ્યું છે -

**अध्यास्य शुद्धनयमुद्धतबोधचिह्न मैकाग्र्यमेव कलयन्ति सदैव ये ते ।**
**रागादिमुक्तमनसः सततं भवन्तः पश्यन्ति बन्धविधुरं समयस्य सारं ॥८-५॥**

**ભાવાર્થ** : મહાન જ્ઞાન લક્ષણધારી શુદ્ધ નિશ્ચયનય દ્વારા જે સદાય પોતાના આત્માના એક સ્વભાવનો અનુભવ કરે છે તે રાગાદિ ભાવોથી છૂટીને બંધરહિત શુદ્ધ આત્માને દેખી લે છે.

## ત્રણને છોડી ત્રણ ગુણરૂપ વિચારો

**तिहिं रहियउ तिहिं गुण-सहिउ जो अप्पाणि वसेइ ।**
**सो सासय-सुह माय बि जिणवरु एम भणेइ ॥७८॥**

**ત્રણ રહિત ત્રણ ગુણ સહિત, નિજમાં કરે નિવાસ;**
**શાશ્વત સુખના પાત્ર તે, જિનવર કરે પ્રકાશ. ૭૮.**

**અન્વયાર્થ** : **( तिहिं रहियउ )** ત્રણ-મોહ, રાગ, દ્વેષથી રહિત થઈને **( तिहिं गुण-सहिउ अप्पाणि जो वसेइ )** ત્રણ ગુણ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર સહિત આત્મામાં જે નિવાસ કરે છે **( सो सासय-सुह-भायणु वि )** તે અવિનાશી સુખનું ભાજન થાય છે. **( जिण वरु एम भणेई )** જિનેન્દ્ર એમ કહે છે -

**ભાવાર્થ** : સમ્યગ્દષ્ટિ જીવને એ નિશ્ચય હોય છે કે આઠેય બંધ આત્માના સ્વભાવથી ભિન્ન છે. એમાં મોહનીય કર્મ મુખ્ય છે. એના જ ઉદય કે પ્રભાવથી જીવનો ઉપયોગ રાગ, દ્વેષ, મોહથી મલિન થઈ જાય છે અને સર્વ કર્મનો બંધ આ રાગ દ્વેષ મોહની મલિનતાથી થાય છે. જેમ વિવેકી જીવ મલિન પાણીમાં ફટકડી નાખીને માટી અને પાણી અલગ કરી નિર્મળ પાણી પીએ છે તેવી જ રીતે જ્ઞાની જીવ ભેદવિજ્ઞાનના બળથી રાગદ્વેષ-મોહને આત્માથી ભિન્ન કરીને વીતરાગ વિજ્ઞાનમય આત્માનો અનુભવ કરે છે. રાગ દ્વેષમોહ દૂર કરવા માટે જ્ઞાની જીવ મોહનીય કર્મથી, રાગદ્વેષ મોહના ભાવોથી અને તેમને ઉત્પન્ન કરનાર નિમિત્ત એવા બાહ્ય પદાર્થો પ્રત્યે પરમ ઉદાસ થઈ જાય છે.

વ્યવહારનયથી જોવામાં આવે તો સંસારી જીવોમાં ભેદ દેખાય છે. મિત્ર શત્રુનો, માતા પિતાનો, પુત્ર પુત્રીનો, સ્વામી સેવકનો, ધ્યાતા ધયેયનો, સુંદર અસુંદરનો, રોગી નિરોગીનો, ધનિક નિર્ધનનો, વિદ્વાન મૂર્ખનો, બળવાન નિર્બળનો, કુલીન અકુલીનનો, સાધુ ગૃહસ્થનો, રાજા પ્રજાનો, દેવ નારકીનો, પશુ મનુષ્યનો, સ્થાવર ત્રસનો, સૂક્ષ્મ બાદરનો, પર્યાપ્ત અપર્યાપ્તનો, પ્રત્યેક સાધારણનો, લોભી સંતોષીનો, માયાવી-સરળનો, અભિમાની વિનયીનો, ક્રોધી અને કપટીનો, પાપી પુણ્યાત્માનો, સ્ત્રી પુરુષનો, બાળક વૃદ્ધનો, અનાથસનાથનો, સિદ્ધ સંસારીનો, ગ્રહણ કરવા યોગ્ય અને ત્યાગવા યોગ્યનો ભેદ દેખાય છે ત્યાં વિષયભોગનો લોલુપી અને કષાયનો ધારક જીવ ઇષ્ટ પ્રત્યે રાગ અને અનિષ્ટ પ્રત્યે દ્વેષ કરે છે. બહારના વ્યવહારમાં દેખાતું આ આખું જગત રાગદ્વેષ મોહ ઉત્પન્ન કરવાનું નિમિત્ત બની જાય છે. તેથી જ્ઞાનીએ રાગદ્વેષમોહ ભાવોની મલિનતા ન થાય તે માટે નિશ્ચયનયથી જગતને જોવું જોઇએ. તો છયે દ્રવ્યો પોતાના મૂળ સ્વભાવમાં અલગ અલગ દેખાશે.

સર્વ પુદ્ગલ પરમાણુ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને અસંખ્યાત કાલાણુ બધા જ પોતપોતાના સ્વભાવમાં દેખાશે. તથા બધાય જીવ એક સમાન શુદ્ધ દેખાશે. પોતે પોતાને પણ શુદ્ધ દેખશે એટલે સમભાવ થઈ જશે. રાગદ્વેષમોહનું બાહ્ય નિમિત્ત બુદ્ધિમાંથી નીકળી ગયું એટલે આસ્રવ વિના તે ભાવોનો પણ નિરોધ થઈ જાય છે. આ રીતે જ્ઞાની જીવે આત્માનુભવ માટે રાગદ્વેષમોહ દૂર કરવા અને પછી પોતાના આત્માના ત્રણ ગુણોનું ધ્યાન કરવું.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય આત્માના ગુણ છે. આત્મા સ્વભાવથી યથાર્થ પ્રતીતિનો ધારક છે. પોતાને પોતે, પરને પર યથાર્થ માનનારો છે અને લોકાલોકના સર્વ દ્રવ્યગુણ પર્યાયોને એક સાથે જાણનાર છે. ચારિત્ર ગુણથી એ પરમ વીતરાગ છે. રત્નત્રય સ્વરૂપ આ આત્મા અભેદ દૃષ્ટિએ એકરૂપ છે. શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ છે. પરમ નિરંજન, નિર્વિકાર, પરમ જ્ઞાની પરમ શાંત અને પરમાનંદમય છે. આ પ્રમાણે વારંવાર પોતાના આત્માનું ધ્યાન કરવું. પછી પરિણામોની સ્થિરતા થતાં સ્વયં આત્માનુભવ પ્રગટશે. એ જ મોક્ષનો માર્ગ છે.

આત્માના અનુભવના સમયે અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. આ જ સ્વાદ લેતાં, આત્માનુભવ કરતાં ક્ષપકશ્રેણીએ ચઢીને અરિહંત પરમાત્મા થઈને અનંતસુખનો ભોક્તા થઈ જાય છે.

સમયસાર કળશમાં કહ્યું છે-

**सर्वतः स्वरसनिर्भर भावं चेतये स्वयमहं स्वमिहैकं ।**
**नास्ति नास्ति मम कश्चन मोहः शुद्ध चिद्धनमहोनिधिरस्मि ॥३०-१॥**

**ભાવાર્થ** : હું મારા વડે જ મારા આત્માના શુદ્ધ રસથી પૂર્ણ ચેતન પ્રભુનો અનુભવ કરું છું. હું કેવળ શુદ્ધ જ્ઞાનનો ભંડાર છું. મારે મોહકર્મ સાથે બિલકુલ કાંઈ સંબંધ નથી.

## ચારનો ત્યાગ કરી ચાર ગુણ સહિત ધ્યાવવો

**चउ कसाय सण्णा रहिउ चउ गुण सहियउ वुत्तु ।**
**सो अप्पा मुणि जीव तुहुं जिम परु होहि पवित्तु ॥७१॥**

**કષાય સંજ્ઞા ચાર વિણ, જે ગુણ ચાર સહિત;**
**હે જીવ ! નિજરૂપ જાણે એ, થઈશ તું પરમ પવિત્ર. ૭૯.**

**અન્વયાર્થ : ( चउ कसाय )** ચાર ક્રોધાદિ કષાય **( सण्णा )** ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન પરિગ્રહ) **( रहिउ )** રહિત **( चउ गुण सहियउ अप्पा वुत्तु )** અને દર્શન, જ્ઞાન, સુખ,

વીર્ય એ ચાર ગુણ સહિત આત્મા કહેવામાં આવ્યો છે. **( जीव तुहुं सो मुणि )** હે જીવ ! તું આમ મનન કર. **( जिम परु पवित्तु होहि )** જેથી તું પરમ પવિત્ર થઈ જાય.

**ભાવાર્થ** : આત્માને મલિન કરનાર ચાર કષાય છે.ક્રોધ, માન, માયા, લોભ એ ચારિત્ર મોહનીય કર્મની પ્રકૃતિઓ છે. જ્યારે એનો ઉદય થાય છે ત્યારે ક્રોધાદિભાવ પ્રગટ થાય છે. તે કષાય આત્માનો સ્વભાવ નથી. આત્માના તત્ત્વને એનાથી રહિત પરમ વીતરાગી જાણો અને સાધક સ્વયં પણ આ કષાયો થવાના નિમત્તથી બચે, સદાય શાંત ભાવે અને સમભાવમાં રહેવાનો ઉધમ કરે. વ્યવહારમાં ગૌણતા રાખે.

જગતને નિશ્ચયનયથી જોવાનો અધિક અભ્યાસ રાખે. વસ્તુસ્વરૂપનો વિચાર કરીને કોઇ અપરાધી ઉપર ક્રોધ ન કરતાં એને સુધારવાનો પ્રયત્ન કરવો. જેમ રોગી મનુષ્ય ઉપર દયા રાખવી જોઇએ તેમ અપરાધી મનુષ્ય ઉપર દયા રાખવી જોઇએ.

તેને સાચા માર્ગે લઇ જવાનો પ્રયત્ન કરવો જોઇએ. ક્રોધ, ઉતાવળા થવાથી અને અવિચારથી નબળા ઉપર જ થાય છે. જો થોડો વખત વિચાર કરવામાં આવે તો કારણનો વિચાર કરતાં નિર્બળ ઉપર દયા આવી જશે. ક્ષણભંગુર ગૃહલક્ષ્મી, વિદ્યા, તપ આદિનું માન કદાપિ ન કરવું જોઇએ. ફળના ભારથી વૃક્ષો જેમ નીચે નીચે ઝૂકતા જાય છે તેમ જ જ્ઞાનીએ સંપત્તિ, વિદ્યા, તપ અને બળ પ્રાપ્ત થતાં વિશેષ કોમળ અને વિનયવાન થવું જોઇએ. બીજાને છેતરવાનો ભાવ મનમાંથી કાઢી નાખીને માયાચારનું આચરણ ન કરવું. જ્ઞાનીએ સરળ, સીધો, સત્ય વ્યવહાર રાખવો જોઇએ. લોભ મનને મેલું કરે છે. સંતોષ વડે લોભને જીતવો જોઇએ.

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ આ ચાર સંજ્ઞાઓ છે. લોભ કષાય, ભય નોકષાય, વેદ નોકષાય એ સંજ્ઞાઓ છે. આત્માનો સ્વભાવ એનાથી જાુદો છે. આત્માનો સ્વભાવ પરમ નિઃસ્પૃહ છે. જ્ઞાનીએ સંતોષ દ્વારા આહાર સંજ્ઞાને, નિર્ભયતા દ્વારા ભયને, બ્રહ્મચર્ય દ્વારા મૈથુનને તથા તૃષ્ણા રહિત અપરિગ્રહના ભાવથી પરિગ્રહ સંજ્ઞાને જીતવી જોઇએ. આત્માને ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચ આ ચાર ગુણસહિત અને જ્ઞાન દર્શન, સુખ, વીર્ય એ ચાર અનંત ચતુષ્ટ્ય સહિત ધ્યાવવો જોઇએ.

પવિત્ર થવાનો ઉપાય પવિત્રનું ધ્યાન કરવું તે છે. હું કષાયરહિત અને ચાર સંજ્ઞારહિત શુદ્ધાત્મા છું અને આખા વિશ્વના આત્માઓ શુદ્ધ છે, આવી જાતની ભાવના કરવાથી સ્વાનુભવની પ્રાપ્તિ થાય છે. સ્વાનુભવને જ ધર્મધ્યાન અને શુકલધ્યાન કહે છે.

કષાય જ કર્મોમાં સ્થિતિ અને અનુભાગબંધ પડવાનું કારણ છે. વીતરાગભાવ કર્મોની સ્થિતિ અને અનુભાગ સૂકવનાર છે. જેમ અગ્નિની ગરમીથી અશુદ્ધ સોનું શુદ્ધ થાય છે તેમ

આત્મધ્યાનની પ્રાપ્તિના પ્રતાપે અશુદ્ધાત્મા પવિત્ર થઈ જાય છે. જેમ મલિન વસ્ત્ર ઉપર સાબુ ઘસવાથી વસ્ત્ર સાફ થાય છે તેમ કર્મોથી મલિન આ આત્મા ઉપર જ્ઞાનવૈરાગ્યરૂપી મસાલા ધ્યાનપૂર્વક ઘસવાથી અથવા સ્વાનુભવના અભ્યાસથી શુદ્ધ થાય છે. મુમુક્ષુએ નિરંતર આત્માના ઉપવનમાં રમણતા કરવી જોઈએ.

આત્માનુશાસનમાં કહ્યું છે-

**हृदयसरसि यावन्निर्मलेऽप्यत्यगाधे वसति खलु कषायग्राह चक्रं समंतात् ।**
**श्रयति गुणगणोऽयं तन्न तार्वाद्विङ्कं समदमयमशेषैस्तान् विजेतुं यतस्व ॥२१३॥**

**ભાવાર્થ** : ગંભીર અને નિર્મળ મનના સરોવરમાં જ્યાં સુધી ચારે તરફ કષાયરૂપી મગરમચ્છોનો વાસ હોય ત્યાં સુધી ગુણસમૂહ શંકારહિત થઈને ત્યાં સ્થિર રહી શકતા નથી. તેથી તું સમતાભાવ, ઈંદ્રિયદમન અને વિનય દ્વારા તે કષાયોને જીતવાનો યત્ન કર.

## દશરહિત અને દશ ગુણ સહિત આત્માનું ધ્યાન કરવું.

**बे-पंचहँ रहियउ मुणहि बे-पंचहँ संजुत्तु ।**
**बे-पंचहँ जो गुणसहिउ सो अप्पा णिरु वुत्तु ॥८०॥**

**દશ વિરહિત, દશથી સહિત, દશ ગુણથી ,સંયુક્ત;**
**નિશ્ચયથી જીવ જાણવો, એમ કહે જિનભૂપ. ૮૦.**

**અન્વયાર્થ** : **( बे-पंचहँ रहियउ )** બે પ્રકારે પાંચથી રહિત થઈને અર્થાત્ પાંચ ઈંદ્રિયોને રોકીને અને પાંચ અવ્રતોને ત્યાગીને **( वे-पंचह संजुत्तु मुणहि )** બે પ્રકારે પાંચ અર્થાત્ પાચ ઈંદ્રિયદમનરૂપ સંયમ અને પાંચ મહાવ્રત સહિત થઈને આત્માનું મનન કરો. **( जो बे-पंचहं गुणसहिउ सो अप्पा णिरु वुत्तु )** જે દશ ગુણ ઉત્તમ ક્ષમાદિ સહિત છે અને અનંત જ્ઞાનાદિ દશ ગુણસહિત છે, તેને નિશ્ચયથી આત્મા કહેવામાં આવે છે.

**ભાવાર્થ** : આત્માનું મનન નિશ્ચિત થઈને કરવું જોઈએ. પાંચ ઈંદ્રિયોના વિષયોમાં ફસાયેલો ઉપયોગ આત્માનું મનન કરી શકતો નથી. તેથી પાંચ ઈંદ્રિયોને સંયમમાં રાખવી જોઈએ. ઈંદ્રિયવિજયી થવું જોઈએ અને જગતના આરંભથી છૂટવા માટે હિંસા, અસત્ય, ચોરી. અબ્રહ્મ, પરિગ્રહ આ પાંચ અવિરત ભાવોથી વિરકત થઈને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને પરિગ્રહત્યાગ આ પાંચ મહાવ્રતોનું પાલન કરવું જોઈએ. સાધુપદમાં દ્રવ્ય અને ભાવ બન્ને રૂપે નિર્ગ્રંથ થઈને એકાકી ભાવથી શુદ્ધ નિશ્ચયનય દ્વારા પોતાના શુદ્ધાત્માનું મનન કરવું જોઈએ.

ભેદદષ્ટિથી આત્માનું મનન કરતાં તેને દશ લક્ષણ ધર્મરૂપ વિચારવો જોઇએ. આ આત્મા ક્રોધ વિકારના અભાવથી પૃથ્વી સમાન ઉત્તમ ક્ષમાગુણનો ધારક છે, માનના અભાવથી ઉત્તમ માર્દવ ગુણનો ધારક છે, માયાના અભાવથી ઉત્તમ આર્જવ ગુણ ધારક છે, અસત્ય જ્ઞાનના અભાવથી ઉત્તમ સત્ય ધર્મનો ધારક છે. લોભના અભાવથી ઉત્તમ શૌચ ગુણધારક છે. અસંયમના અભાવથી સ્વરૂપમાં રમણતારૂપ ઉત્તમ સંયમગુણધારી છે. સર્વ ઇચ્છાઓનો અભાવ હોવાથી આત્માનું એક શુદ્ધ વીતરાગભાવે તપવું એ એક ઉત્તમ તપ ગુણ છે. આ આત્મા પરમ તપસ્વી છે. આ આત્મા પોતાની શુદ્ધ પરિણતિ અથવા આત્માનંદ પોતાને જ આપે છે, એ જ એનો ઉત્તમ ત્યાગધર્મ છે. આ આત્માને ઉત્તમ આકિંચન્ય ગુણ છે. આ આત્મામાં અન્ય પરમાત્માઓનો, પુદ્ગલ દ્રવ્યનો, ધર્મ, અધર્મ, કાળ, આકાશનો અભાવ છે. એ પૂર્ણ અપરિગ્રહી છે. પરમ અસંગ છે. આ આત્મા ઉત્તમ બ્રહ્મચર્ય ગુણનો ધારક છે, નિરંતર બ્રહ્મભાવમાં મગ્ન રહે છે. આ રીતે દશલક્ષણ ધર્મનો વિચાર કરવો અથવા પોતાના આત્માને દશ ગુણ સહિત વિચારવો.

આ આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત દાન, અનંત લાભ, અનંત ભોગ, અનંત ઉપભોગ, અનંત વીર્ય, અનંત સુખ, આ દશ વિશેષ ગુણોનો ધારક પરમાત્મા સ્વરૂપ છે. એ સર્વજ્ઞ અને સર્વદર્શી હોવા છતાં પણ આત્મજ્ઞ અને આત્મદર્શી છે. એ જ્ઞેયની અપેક્ષાએ સર્વજ્ઞ સર્વદર્શી કહેવાય છે. શુદ્ધ સમ્યગ્દર્શન ધારણ કરીને નિરંતર આત્મપ્રતીતિમાં વર્તે છે. સર્વ કષાયભાવોના અભાવથી પરમ વીતરાગ યથાખ્યાત ચારિત્રથી વિભૂષિત છે. પોતાનો આનંદ પોતાને આપે છે, અનંત દાન કરનાર છે. નિરંતર સ્વાત્માનંદનો લાભ કરવો તે જ અનંત લાભ છે. સ્વાત્માનંદનો જ નિરંતર ભોગ છે. પોતાના આત્માનો જ વારંવાર ઉપભોગ છે. ગુણોમાં પરિણમન કરતાં કદી પણ ખેદ પામતો નથી એ જ અનંત વીર્ય છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહ અને અંતરાય કર્મોથી રહિત હોવાથી અનંત સુખનો સમુદ્ર છે.

અભેદનયથી એક અખંડ આત્માનું ધ્યાન કરવું તો સ્વાનુભવની પ્રાપ્તિ થશે. એ જ આત્મદર્શન છે અને એ જ સુખશાંતિ આપનાર ભાવ છે. એ જ આત્મસમાધિ છે, એ જ નિશ્ચય રત્નત્રયની એકતા છે. મુમુક્ષુ જીવે નિશ્ચિંત થઇને પરમ પ્રેમથી પોતાના આત્માનું જ આરાધન કરવું જોઇએ.

બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે -

**व्यावृत्येन्द्रियगोचरोरुगहने लोलं चरिष्णुं चिरं**
**दुर्वारं हृदयोदरे स्थिरतरं कृत्या मनोमर्कटं ।**

**ध्यानं ध्यायति युक्तये श्रममतेर्तिर्मुक्तभोगस्पृहो**
**नोपायेन विना कृता हि विधयः सिद्धिं लभंने ध्रुवं ॥५४॥**

**ભાવાર્થ** : દુર્વાર મન રૂપી વાંદરો ચિરકાળથી લોલુપી થઈને પાંચ ઈંદ્રિયોના મહાન વનમાં રમણ કરી રહ્યો હતો તેને ત્યાંથી રોકીને પોતાના હૃદયમાં સ્થિર રૂપે બાંધીને રાખો. તથા સર્વ ભોગોની અભિલાષાનો ત્યાગ કરીને, પરિશ્રમપૂર્વક કેવળ મોક્ષના જ હેતુથી આત્માનું ધ્યાન કરો. કેમ કે ઉપાય કર્યા વિના કાર્યની સિદ્ધિ થતી નથી, ઉપાયથી ચોક્કસ કામ સિદ્ધ થાય છે.

## આત્મ રમણતામાં તપ-ત્યાગાદિ બધું સમાઇ જાય છે

**अप्पा दंसणु णाणु मुणि, अप्पा चरणु बियाणि ।**
**अप्पा संजमु सींल तउ, अप्पा पच्चक्खाणि ॥८१॥**

**આત્મા દર્શન-જ્ઞાન છે, આત્મા ચારિત્ર જાણ;**
**આત્મા સંયમ-શીલ તપ, આત્મા પ્રત્યાખ્યાન. ૮૧.**

**અનવ્યાર્થ** : (**अप्पा दंसणु णाणु मुणि**) આત્માને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જાણો. (**अप्पा चरणु बियाणि**) આત્માને જ સમ્યક્ ચારિત્ર સમજો (**अप्पा संजमु सींल तउ**) આત્મા જ સંયમ છે, શીલ છે, તપ છે. (**अप्पा पच्चक्खाणि**) આત્મા જ પ્રત્યાખ્યાન અથવા ત્યાગ છે.

**ભાવાર્થ** : આત્માના સ્વભાવમાં રમણતા થતાં જ બધાય મોક્ષના સાધન નિશ્ચયનયથી પ્રાપ્ત થઈ જાય છે. વ્યવહારનયથી દેવશાસ્ત્રગુરુ અને જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન સમ્યગ્દર્શન છે. નિશ્ચયથી તે આત્માનો જ નિજ ગુણ છે. જ્યા શ્રદ્ધા અને રુચિ સહિત આત્મામાં સ્થિરતા કરવામાં આવે છે ત્યાં જ ભાવનિક્ષેપરૂપ યથાર્થ પરિણમનશીલ સમ્યગ્દર્શન છે. વ્યવહારમાં આગમ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે અને નિશ્ચયથી જ્ઞાનમાં પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું ઝળકવું તે જ સમ્યગ્જ્ઞાન છે.

વ્યવહારમાં સાધુ કે શ્રાવકના મહાવ્રત અથવા અણુવ્રતરૂપ આચરણ તે સમ્યક્ ચારિત્ર છે.નિશ્ચયથી વીતરાગભાવ જ સમ્યક્ ચારિત્ર છે. જ્યાં આત્મામાં સ્થિરતા છે ત્યાં નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે. વ્યવહારમાં પાંચ ઈંદ્રિય અને મનનો નિરોધ તે ઈંદ્રિયસંયમ અને પૃથ્વીકાયાદિ છ પ્રકારે પ્રાણીઓની રક્ષા તે પ્રાણીસંયમ છે. નિશ્ચયથી પોતાના જ શુદ્ધ સ્વભાવમાં પોતાને સંયમ રૂપ રાખવો, બહાર કયાંય પણ રાગદ્વેષ ન કરવા તે આત્માનો ધર્મ સંયમ છે.

વ્યવહારે મન, વચન, કાય, કૃત, કારિત, અનુમોદિત એ નવ પપ્રરકારે કામ વિકાર ટાળીને શીલ પાળવું તે બ્રહ્મચર્ય છે. નિશ્ચયથી બ્રહ્મસ્વરૂપ આત્મામાં જ ચાલવું તે નિશ્ચય બ્રહ્મચર્ય

છે. તે આત્મારૂપ જ છે,વ્યવહારથી બાર પ્રકારનું તપ તે તપ છે.નિશ્ચયથી આત્માના શુદ્ધ સ્વરૂપમાં તપવું-પ્રકાશવું તે તપ છે. આત્મિક ભાવમાં પ્રકાશ પામવા માટે આ તપ સહાયક છે. તપસ્વી, યોગીને માટે ઉચિત છે કે ઇન્દ્રિયદમન અને મન, વચન, કાયની શુદ્ધિ માટે ઉપવાસ કર્યા કરવા, ઉણોદરી તપ કરતા રહેવું, માત્રાથી ઓછું ભોજન લેવું, જેથી ધ્યાન, સ્વાધ્યાયમાં પ્રમાદ ન થાય. નિદ્રાનો વિજય થાય અને શરીર નિરોગી રહે.

ભિક્ષા લેવા માટે કોઇ એવો નિયમ લેવો કે જેથી ગૃહસ્થને કોઇ આરંભ વિશેષ કરવો ન પડે અને પોતાના પરિણામો તપાસતા રહેવાય કે નિયમ પૂરો ન થાય તો પણ એ સંતોષથી આહાર વિના ચલાવી શકે. આ વૃત્તિપરિસંખ્યાન તપ છે. જિહ્વા ઈંદ્રિયને વશ કરવા માટે અને શરીરમાં મદ ન વધે તથા રાગ ઘટે તે માટે દૂધ, દહીં, ઘી, તેલ, મીઠું, સાકર આ છ રસોનો અથવા એમાંથી કેટલાક રસોનો ત્યાગ કરીને સાધુ નિત્ય આહાર લે છે. શરીરની સ્થિતિ ટકે તે માટે અને માત્ર ધર્મસેવન માટે મુનિ સંતોષથી આહાર કરે છે તે રસપરિત્યાગ છે. સાધુજનો સ્ત્રી, પુરુષ, નપુંસક, પશુ આદિ પોતાના ભાવમાં વિકારના નિમિત્ત કારણ જ્યાં ન હોય એવા એકાંત સ્થાનમાં શયન અને આસન કરે છે તથા ધ્યાન-સ્વાધ્યાયની સિદ્ધિ કરે છે તે વિવિક્ત શય્યાસન તપ છે. શરીરનો શાતાશીળિયો કે આળસુ સ્વભાવ દૂર કરવા માટે નિર્જન સ્થાનોમાં કઠિન કઠિન આસન લગાવીને મુનિઓ ધ્યાન કરે છે.

નદીતટ, વૃક્ષના મૂળ કે પર્વતની ગુફામાં બેસીને શરીર નગ્ન હોઇને ઠંડી અને ગરમી સહે છે. બીજાને લાગે છે કે એ કાયાને કલેશ આપી રહ્યા છે. પરંતુ શીધ્ર આત્માનંદમાં મગ્ન રહે છે. તે કાયકલેશ તપ છે. જેવી રીતે કપડું મેલું થવાથી પાણીથી ધોઇને સાફ કરવામાં આવે છે તેમ મન, વચન, કાયસંબંધી કોઇ દોષ થઈ જાય તો તેનું પ્રાયશ્ચિત લઇને અને પ્રતિક્રમણ કરીને શુદ્ધ કરવું, ભાવ નિર્મળ કરવા તે પ્રાયશ્ચિત્ત તપ છે. રત્નત્રય ધર્મ અને રત્નત્રય ધર્મના ધારકોની ભકિત કરવી અને વ્યવહારમા વિનયશીલ રહેવું તે વિનય તપ છે.

અન્ય સાધુને થાકેલા, રોગી કે અશકત જોઇને શરીરથી અને ઉપદેશથી તથા ગૃહસ્થોને જગતના પ્રાણીઓને ધર્મોપદેશ આપીને તેમના આત્માઓને શાંતિ અને સંતોષ પહોંચાડવા તે વૈયાવૃત્ય તપ અથવા સેવાધર્મ છે. આત્મજ્ઞાનની નિર્મળતા માટે, છ દ્રવ્યોના ગુણપર્યાયોનું વિશેષ જ્ઞાન થવા માટે જિનવાણીના ગ્રંથોનો અભ્યાસ, પાઠન, મનન, તેમને કંઠસ્થ કરવા એ સ્વાધ્યાય તપ છે. એ ખૂબ જ ઉપકારી છે.

અંતરમાં વિભાવોથી અને બહારમાં શરીરાદિ પર વસ્તુઓથી વિશેષ મમતાનો ત્યાગ તે બ્રહ્મચર્ય તપ છે. ધર્મધ્યાનનો એકાંતમાં અભ્યાસ કરવો તે ધ્યાનતપ છે. આ બાર પ્રકારના તપમાં વર્તતા પોતાના આત્માનો પ્રકાશ કરવો તે જ નિશ્ચયતપ છે. નિયમ કે યમરૂપે કોઇ ભોજન-પાન આદિનો અથવા કોઇ વસ્તુનો ત્યાગ કરવો તે વ્યવહાર-પ્રત્યાખ્યાન છે.

પોતાના આત્માને સર્વ પર દ્રવ્યથી અને પરભાવોથી ભિન્ન અનુભવવો તે નિશ્ચય પ્રત્યાખ્યાન છે. અભિપ્રાય એ છે કે જ્યારે આ ઉપયોગ પોતાના જ આત્માના શુદ્ધ સ્વરૂપમાં લીનતા કરીને સ્વાનુભવમાં રહે છે. ત્યારે જ વાસ્તવમાં રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. તપ જ જો કે સંયમ છે, શીલ છે, પ્રત્યાખ્યાન છે માટે આત્મસ્થ રહેવું યોગ્ય છે.

સમયસારમાં કહ્યું છે -

**आदा खु मज्झ णाणे आदा मे दंसणे चरित्ते य ।**
**आदा पच्चक्खाणे आदा मे संवरे जोगे ॥१८॥**

**ભાવાર્થ** : નિશ્ચયથી મારા જ્ઞાનમાં, દર્શનમાં, ચારિત્રમાં આત્મા જ છે. જ્યારે હું રત્નત્રયમાં રમણતા કરું છું ત્યારે આત્માની પાસે પહોંચું છું. ત્યાગભાવે રહેવું એ પણ આત્મામાં રહેવું છે. આસ્રવભાવના નિરોધરૂપ સંવર ભાવમાં અથવા એકાગ્ર યોગાભ્યાસમાં પણ આત્મા જ સન્મુખ રહે છે.

## પરભાવોનો ત્યાગ જ સંન્યાસ

**जो परयाणइ अप्प परु, सो परु चयइ णिभंतु ।**
**सो सण्णासु मुणेहि तुहुँ, केवल-णाणि उत्तु ॥८२॥**

**જે જાણે નિજ આત્માને, પર ત્યાગે નિર્ભ્રાન્ત;**
**તે જ ખરો સંન્યાસ છે, ભાખે શ્રી જિનનાથ** ૮૨.

**અન્વયાર્થ** : **( जो अप्प परु परयाणइ )** જે સ્વ અને પરને ઓળખી લે છે **( सो णिभतु परु चयइ )** તે કાંઇ પણ ભ્રમ વિના પરને છોડી દે છે **( तुहुं सो सण्णासु मुणेहि )** તું તેને જ સન્યાસ અથવા ત્યાગ જાણ. **( केवल-णाणिं उत्तु )** એમ કેવળજ્ઞાનીએ કહ્યું છે.

**ભાવાર્થ** : અંતરંગમાં પર ભાવોના મમત્વના ત્યાગને સંન્યાસ કહે છે. બાહ્ય પરિગ્રહનો ત્યાગ અંતરંગ ત્યાગભાવનું નિમિત્ત સાધન છે.

આ સંન્યાસનો પ્રારંભ સમ્યગ્દષ્ટિ અવિરતીને થઈ જાય છે. સમ્યગ્દષ્ટિ સારી રીતે જાણે છે કે મારું સ્વામીપણું મારા આત્મા ઉપર જ છે. મારા આત્માનું અભેદરૂપ દ્રવ્યત્વ મારું દ્રવ્ય છે, મારા આત્માનું અસંખ્યાત પ્રદેશીક્ષેત્ર મારું ક્ષેત્ર છે, મારા આત્માના ગુણોનું સમય સમયનું પરિણમન તે મારો કાળ છે, મારા આત્માના શુદ્ધ ગુણ એ મારો ભાવ છે. હું સિદ્ધ સમાન શુદ્ધ નિરંજન નિર્વિકાર છું, હું પૂર્ણ જ્ઞાનદર્શનવાળો છું, પૂર્ણ આત્મવીર્યનો ધણી છું, પરમ આનંદમય અમૃતનો અગાધ સાગર છું, હું પરમ કૃતકૃત્ય છું, જીવનમુક્ત છું.

મારો કાંઇ સંબંધ ન અન્ય આત્માઓ સાથે છે ન પુદ્ગલના કોઇ પરમાણુ કે સ્કંધ સાથે છે. ન ધર્મ, અધર્મ, આકાશ અને કાળદ્રવ્ય સાથે છે. ન તો મારામાં આઠ કર્મ છે, ન શરીરાદિ છે, ન રાગાદિભાવ છે, ન મારામાં ઇન્દ્રિયના વિષયોની અભિલાષા છે, ન હું ઇંદ્રિયસુખને સુખ જાણું છું. હું અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખને સાચું જ્ઞાન અને સુખ જાણું છું. માટે મારું ધન મારી પાસે છે. આ રીતે સમ્યગ્દષ્ટિ ત્યાગી શ્રદ્ધા અને જ્ઞાનપરિણતિની અપેક્ષાએ પરમ સંન્યાસી છે, પરમ ત્યાગી છે. જેમ કોઇ પ્રવીણ પુરુષ પોતાની અંદર થનાર રોગોને ઓળખીને અને તેનાથી પોતાનું અહિત થતું જાણીને તે રોગો પ્રત્યે સંપૂર્ણ ઉદાસીન થઇ જાય તેમ સમ્યગ્દષ્ટિ જીવ વિશિષ્ટ કર્મોના સંયોગથી થનાર રાગાદિભાવ અને શરીરાદિ રોગોને રોગ અને આત્મા માટે હાનિકારક જાણીને તેમના પ્રત્યે પૂર્ણ વૈરાગી થઈ જાય છે. હવે રોગ મટાડવાનો ઉધમ કરવો એ જ રોગી માટે બાકી રહે છે. તેથી પ્રવીણ રોગી ખૂબ ભાવપૂર્વક પ્રવીણ વૈધ દ્વારા બતાવવામાં આવેલી ઔષધિનું સેવન કરીને ધીરે ધીરે નીરોગી થઈ જાય છે. તેવી જ રીતે સમ્યગ્દષ્ટિ જીવ ચારિત્ર મોહનીયના વિકારો દૂર કરવા માટે પૂર્ણ રીતે કટિબદ્ધ થઈ જાય છે. તેણે શ્રીગુરુ પરમ વૈધ પાસેથી એ પણ જાણ્યું છે કે ભાવકર્મના રોગ મટાડવા માટે સત્તામાં રહેલા કર્મોનો નાશ કરવા માટે અને નવીન રોગના કારણથી બચવા માટે શુદ્ધાત્માનુભવ જ એક પરમ ઔષધ છે. આ સમ્યગ્દષ્ટિ સમય કાઢીને સ્વાનુભવ કરતા રહે છે. કષાયોના અનુભાગને સૂકવતા રહે છે. આત્મબળ વધતાં અને મંદ કષાયનો ઉદય થતાં એ અધિક સમય સ્થિરતા પ્રાપ્ત કરવા માટે શ્રાવકના ચારિત્રને નિમિત્ત કારણ જાણીને ધારણ કરી લે છે. ધીરે ધીરે જેમ જેમ રાગભાવ ઘટે છે તે શ્રાવકની અગિયાર શ્રેણીરૂપ પ્રતિમાઓ ઉપર ચાલ્યા જાય છે. જ્યારે સ્વાનુભવની શકિત એટલી વધારી દે છે કે એક અંતર્મુહૂર્તમાં અધિક સ્વાનુભવથી બહાર રહી શકે નહિ, ઘડી ઘડીમાં વારંવાર આત્મતત્ત્વનો સ્વાદ લીધા કરે અને બહાર જવાનો કોઇ પ્રંપચ રુચે નહિ. આત્મરસમાં જાણે કે ઉન્મત્ત થઈ જાય ત્યારે બાહ્ય સકલ ત્યાગ કરીને સંન્યાસી અથવા નિર્ગ્રંથ થઈ જાય છે. શ્રદ્ધા અને જ્ઞાનની અપેક્ષાએ તો અવિરત સમ્યકત્વના ચોથા ગુણસ્થાનમાં જ તે સંન્યાસી થઇ ગયા હતા. હવે છઠા સાતમા ગુણસ્થાનમાં રહીને ચારિત્રની અપેક્ષાએ પણ સંન્યાસી થઇ ગયા છે, નિર્ગ્રંથપદમાં રહીને દિવસરાત સ્વાનુભવનો અભ્યાસ કરે છે. જો તદ્ભવ મોક્ષગામી હોય છે તો ક્ષાયિક શ્રેણીએ ચઢીને શીઘ્ર જ ચાર ઘાતીકર્મોનો ક્ષય કરીને કેવળજ્ઞાની થઇ જાય છે. અહીં તાત્પર્ય એ છે કે આત્મા સિવાય સર્વ પર સાથે રાગદ્વેષ મોહનો ત્યાગ તે જ સંન્યાસ છે.

સમયસાર કળશમાં કહ્યું છે -

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा ।**

सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भव-
न्नैः कर्मप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति ॥१०-४॥

**ભાવાર્થ** : મોક્ષની ચાહ રાખનાર મહાત્માએ સર્વ ક્રિયાકાંડ અને મન, વચન, કાયાની ક્રિયાનું મમત્વ ત્યાગી દેવું યોગ્ય છે. જ્યાં આત્માના નિજ સ્વભાવ સિવાય સર્વનો ત્યાગ હોય ત્યાં પુણ્ય અને પાપના ત્યાગની શી વાત ? એ બન્નેનો ત્યાગ છે જ. સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર આદિ સ્વભાવમાં રહેવું તે જ મોક્ષનો માર્ગ છે. જે આ માર્ગમાં રહે છે તેની પાસે કર્મ રહિત ભાવથી પ્રાપ્ત અને આત્મિક રસથી પૂર્ણ એવું કેવળજ્ઞાન સ્વયં દોડતું આવે છે.

## રત્નત્રય ધર્મ જ ઉત્તમ તીર્થ છે.

रयणत्तय-संजुत्त जिउ, उत्तिमु तित्थु पवित्तु ।
मोक्खहँ कारण जोइया, अण्णु ण तंतु ण मंतु ॥८३॥

રત્નત્રયયુત જીવ જે, ઉત્તમ તીર્થ પવિત્ર;
હે યોગી ! શિવહેતુ એ, અન્ય ન તંત્ર ન મંત્ર. ૮૩.

**અન્વયાર્થ** : ( **जोइया** ) હે યોગી ! ( **रयणत्तय संजुत्त जिउ उत्तिमु पवित्तु तित्थु** ) રત્નત્રય સહિત જીવ ઉત્તમ અને પવિત્ર તીર્થ છે ( **मोक्खहं कारण** ) એ જ મોક્ષનો ઉપાય છે ( **अण्णु तंतु ण मंतुण** ) બીજા કોઈ તંત્ર કે મંત્ર નથી.

**ભાવાર્થ** : કર્મબંધથી છૂટવાનો ઉપાય અથવા ભવસાગરથી પાર થવાનો ઉપાય રત્નત્રય ધર્મ છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. નિશ્ચય રત્નત્રય સાક્ષાત્ મોક્ષમાર્ગ છે અથવા ઉપાદાન કારણ છે. વ્યવહાર રત્નત્રય ઉપાદાનના પ્રકાશ માટે બાહ્ય નિમિત્ત છે. કાર્યની સિદ્ધિ ઉપાદાન અને નિમિત્ત બન્ને કારણો હોતાં થાય છે. મલિન સુવર્ણ અગ્નિ અને મસાલા (રસાયણો) નું નિમિત્ત પામીને સ્વયં શુદ્ધ થાય છે. મલિન વસ્ત્ર સાબુ અને પાણીનું નિમિત્ત પામીને સ્વયં ઉજળું થાય છે. ચોખા અગ્નિ અને પાણીનું નિમિત્ત પામીને સ્વયં ભાત બની જાય છે. ચણાના દાણા ઘંટીનું નિમિત્ત પામીને સ્વયં લોટ બની જાય છે. ઘાણીનું નિમિત્ત પામીને તલમાંથી તેલ નીકળે છે.

માટી સ્વયં ઘડારૂપે થઈ જાય છે, કુંભારનો ચાકડો વગેરે નિમિત્ત છે. કાર્યરૂપ સ્વયં ઉપાદાન કારણ થઈ જાય છે. જ્યાં સુધી કાર્ય ન થાય ત્યાં સુધી તે નિમિત્ત સહાયક થાય છે પછી નિમિત્ત તદ્દન જુદું રહી જાય છે. આત્મા પોતાની શુદ્ધિમાં અથવા ઉન્નતિમાં પોતે જ ઉપાદાન કારણ છે, નિમિત્ત શરીરાદિ અનેક બહારની ક્રિયા છે. જો શરીરનું વજ્રનારાચસંહનન, ઉત્તમ આર્ય ક્ષેત્રે, ચોથો દુષમસુષમકાળ, સાધુનો બાહ્ય નિર્ગ્રંથ વેષ અને ચારિત્ર ન હોય તો

મોક્ષ માટે આત્માનો ભાવ વિશુદ્ધિ પામતો નથી. માટે વ્યવહાર રત્નત્રયના આલંબનથી નિશ્ચય રત્નત્રયનું આરાધન કાર્યકારી છે. આ પોતાનું આત્મદ્રવ્ય સ્વભાવે પરમ શુદ્ધ છે, જ્ઞાતા દૃષ્ટા છે, અનંત વીર્ય અને અનંત સુખનો સાગર છે, પરમ વીતરાગ છે, અન્ય સર્વ દ્રવ્યોની સત્તા રહિત છે.

સ્વયં જ્ઞાનચેતનામયછે, પરમ નિરાકુળ છે. એ જ પરમાત્મા દેવછે એવું દૃઢ શ્રદ્ધાન તે નિશ્ચય સમ્યગ્દર્શનછે. એની પ્રાપ્તિનો ઉપાય અંતરંગ નિમિત્ત અનંતાનુબંધી કષાય અને મિથ્યાત્વનો ઉપશમ છે અને બાહ્ય ઉપાય દેવશાસ્ત્રગુરુનું શ્રદ્ધાન અને જીવાદિ સાત તત્ત્વોનું પાકું શ્રદ્ધાનછે તથા સ્વપરનો ભેદ જ્ઞાનપૂર્વકનો વિચાર છે. મનવચન, કાયાની સર્વ ક્રિયા નિમિત્ત છે. અંતરંગ અને બહિરંગ નિમિત્ત મળતાં નિશ્ચય સમ્યગ્દર્શન આત્માની જ ભૂમિકામાંથી ઉત્પન્ન થાયછે. આત્મા જ ઉપાદાન કારણછે. આત્માનું આત્મારૂપ યથાર્થ જ્ઞાન નિશ્ચય સમ્યગ્જ્ઞાનછે. આગમ દ્વારા તત્ત્વોનું અને દ્રવ્યોનું મનન તે વ્યવહાર સમ્યગ્જ્ઞાનછે, નિમિત્તછે, આત્માના અભ્યાસથી અને ગુરુના ઉપદેશના નિમિત્તથી અંતરંગમાં ઉપાદાન આત્માથી જ્ઞાનનો પ્રકાશ થાય છે. અંતરંગ નિમિત્ત જ્ઞાનાવરણી અને દર્શનાવરણી કર્મોનો ક્ષયોપશમ છે.

આત્માનું આત્માની અંદર આત્મા દ્વારા જ પરના આલંબન રહિત રમણપણું (લીનતા) તે નિશ્ચય સમ્યક્ ચારિત્ર છે. તેનું નિમિત્ત સાધન અંતરંગ ચારિત્ર મોહનીય કર્મનો ઉપશમ છે, બાહ્ય સાધન શ્રાવકને એક દેશ અને સાધુને સકળ ચારિત્ર છે.

આત્માનુભવ જ તીર્થ છે, જહાજ છે, તે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણે આત્મિક ધર્મોથી રચિત છે. આ જહાજ ઉપર જે આત્મા પોતે જ ચઢીને તે જહાજને પોતાના જ આત્મારૂપી સમુદ્રમાં ચલાવે છે તે પોતે જ મોક્ષદ્વીપ ઉપર પહોંચી જાય છે. તે દ્વીપ પણ પોતે જ છે. પોતાનો પૂર્ણ ભાવ કાર્ય છે, અપૂર્ણ ભાવ કારણ છે. આ રીતે જે કોઇ નિશ્ચિંત થઇને આત્માનો સતત અનુભવ કરે છે તે જ પરમાનંદનો સ્વાદ પામતો થકો અને કર્મોનો સંવર અને તેમની નિર્જરા કરતો થકો ઉન્નતિ કરતો જાય છે, એ જ કર્તવ્ય છે.

તત્ત્વાર્થસારના ઉપસંહારમાં શ્રી અમૃતચંદ્રાચાર્ય કહે છે -

**निश्चय व्यवहाराभ्यां मोक्षमार्गो द्विधा स्थितः ।**
**तत्राद्यः साध्यरूपः स्याद् द्वितीयस्तस्य साधनम् ॥२॥**
**श्रद्धानाधिगमोपेक्षाः शुद्धस्य स्वात्मनो हि याः ।**
**सम्यक्त्वज्ञानवृत्तात्मा मोक्षमार्गः स निश्चयः ॥३॥**
**श्रद्धानाधिगमोपेक्षा याः पुनः स्युः परात्मनः ।**
**सम्यक्त्वज्ञानवृत्तात्मा स मार्गो व्यवहारतः ॥४॥**

**ભાવાર્થ** : મોક્ષમાર્ગ નિશ્ચય તથા વ્યવહારથી બે પ્રકારનો છે. નિશ્ચય માર્ગ સાધ્ય છે, વ્યવહાર સાધન છે. પોતાના જ શુદ્ધ આત્માના શ્રદ્ધાન જ્ઞાન અને સર્વ પરથી ઉદાસીન ભાવરૂપ ઉપેક્ષા અથવા સ્વરૂપમાં લીનતા એવા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ આત્માનો શુદ્ધ ભાવ નિશ્ચય માર્ગ છે. છ પદાર્થોની અપેક્ષાએ શ્રદ્ધાન, જ્ઞાન અને ત્યાગ કરવો એ વ્યવહાર રત્નત્રય મોક્ષમાર્ગ છે. વ્યવહારની સહાયથી નિશ્ચયની પ્રાપ્તિ કરવી જોઇએ.

## રત્નત્રયનું સ્વરૂપ

**दंसणु जं पिच्छियइ, बुह अप्पा विमल महंतु ।**
**पुणु पुणु अप्पा भावियए, सो चारित्त पवित्तु ॥८४॥**

**દર્શન જે નિજ દેખવું, જ્ઞાન જે વિમળ મહાન;**
**ફરી ફરી આતમભાવના, તે ચારિત્ર પ્રમાણ.** ૮૪.

**અન્વયાર્થ** : (**अप्पा विमल महंतु**) આ આત્મા મળરહિત શુદ્ધ અને મહાન પરમાત્મા છે (**ज पिच्छियइ वुह दंसणु**) આવું જે શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે અને એવું જાણવું તે જ્ઞાન છે. (**पुणु पुणु अप्पा भावियए सो चारित्त पवित्तु**) વારંવાર આ આત્માની ભાવના કરવી તે પવિત્ર અથવા નિશ્ચય શુદ્ધ ચારિત્ર છે.

**ભાવાર્થ** : પોતાના આત્માનું યથાર્થ સ્વરૂપ જાણીને તેનું શ્રદ્ધાન કરવું જોઇએ. આ આત્મ દ્રવ્ય પરિણમશીલ છે, ગુણોનો સમૂહ છે. ગુણોમાં સ્વભાવ પરિણમન થવું તે દ્રવ્યનો ધર્મ છે. પરિણમન શકિતથી જ ગુણોની સમયે સમયે પર્યાયો થાય છે. વ્યવહારનયથી આ આત્મા કર્મસહિત મલિન દેખાય છે. કર્મોના સંયોગથી ચૌદ ગુણસ્થાન અને ચૌદ માર્ગણા રૂપ આત્માની જે અવસ્થાઓ થાય છે તે આત્માનો નિજ શુદ્ધ સ્વભાવ નથી. જ્યારે શુદ્ધ નિશ્ચયનયથી જાણવામાં આવે તો આ આત્મા યથાર્થમાં જેવું મૂળ દ્રવ્ય છે તેવું જાણવામાં આવે છે.

આ આત્મા સત્ પદાર્થ છે. તે કદી જન્મ્યો નથી, કદી નાશ પામવાનો નથી, સ્વતઃ-સિદ્ધ છે. કોઇએ તેને ઉત્પન્ન કર્યો નથી અને એ કોઇને ઉત્પન્ન કરતો નથી. આ લોક અનાદિકાળથી છે. છ દ્રવ્યોના સમૂહને લોક કહે છે. તે બધા દ્રવ્ય અનાદિથી અનંત કાળ સુધી સદાય ટકી રહે છે. અનંત જીવ છે. અનંતાનંત પુદ્‌ગલ છે. અસંખ્યાત કાલાણુ છે. એક ધર્માસ્તિકાય છે. એક અધર્માસ્તિકાય છે. એક આકાશ છે. આત્મા-આત્મારૂપે સર્વ સમાન છે તો પણ દરેક આત્માની સત્તા બીજા આત્માની સત્તાથી જુદી છે.

પોતાના આત્માને એકાકી દેખો એમાં ન આઠ કર્મોનો બંધ છે, ન એમાં રાગાદિ વિકારી ભાવ છે, ન કોઇ સ્થૂળ ઔદારિક અને વૈક્રિયિક શરીર છે. આ આત્મા શુદ્ધ સ્ફટિકમણિ સમાન

પરમ નિર્મળ છે. જ્ઞાન, દર્શન. સુખ, વીર્ય આદિ ગુણોનો સાગર છે. આ આત્મા ન કોઈનું ઉપાદાન કારણ છે, ન કોઈનું નિમિત્ત કારણ છે. સંસારદશામાં આત્મા શરીર નામકર્મના ઉદયથી ચંચળ બનીને મન, વચન, કાયા દ્વારા યોગોમાં પરિણમન કરે છે અને કષાયના ઉદયથી શુભાશુભ ઉપયોગવાળો થાય છે. આ યોગ અને ઉપયોગ જ લૌકિક કાર્યોમાં નિમિત્ત છે. કુંભાર ઘડો બનાવે છે. ત્યાં માટી ઘડાનું ઉપાદાન કારણ છે, કુંભારના મન, વચન, કાયાનો યોગ અને અશુદ્ધ ઉપયોગ નિમિત્ત કારણ છે. શુદ્ધ આત્મામાં ન યોગોનું કાર્ય છે, ન કોઇ શુભ કે અશુભ ઉપયોગ છે. આત્મા સ્વભાવથી અકર્તા અને અભોકતા છે. તે ન તો પરભાવોનો કર્તા છે, ન પરભાવોનો ભોકતા છે. આત્મા સ્વભાવથી પોતાની શુદ્ધ પરિણતિનો કર્તા છે અને સહજ શુદ્ધ સુખનો ભોકતા છે. આ આત્મા પરમ નિરાકુળ અને સમભાવધારી પરમ પવિત્ર, નિશ્ચળ રહેનાર છે. તે પરમ પદાર્થ પરમાત્મા છે. હું આવો જ છું. એવો નિશ્ચય અનુભવપૂર્વક થવો તે જ સમ્યગ્દર્શન ગુણનું પ્રગટવું છે. તે મિથ્યાત્વ કર્મ અને અનંતાનુબંધી કષાયના ઉપશમ વિના હોતું નથી. શાસ્ત્રો સારી રીતે જાણ્યા પછી પણ જ્યાં સુધી સ્વાનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. સમ્યગ્દર્શનનો પ્રકાશ થતાં જ જ્ઞાન સમ્યગ્જ્ઞાન થઈ જાય છે. મુમુક્ષુએ આત્માના શ્રદ્ધાન, જ્ઞાનમાં વારંવાર રમણતા કરવી ઉચિત છે. વારંવાર ભાવના ભાવો. ભાવનામાં ચાલવું તે ચારિત્ર છે. જ્યાં આત્મા પોતાથી પોતામાં સ્થિર થઇ જાય છે ત્યાં રત્નત્રયની એકતા હોય છે. તે જ મોક્ષમાર્ગ છે. રત્નત્રય ધર્મ નિજ આત્માનો સ્વભાવ જ છે.

પુરુષાર્થ સિદ્ધપાયમાં કહ્યું છે-

**दर्शनमात्मविनिश्चितिरात्मपरिज्ञानमिष्यते बोधः ।**
**स्थितिरात्मनि चरित्रं कुत एतेभ्यो भवति बन्धः ।।२१५।।**

**सम्यक्त्वचरणबोधलक्षणो मोक्षमार्ग इत्यैषः ।**
**मुख्योंपचाररूपः प्रापयति परं पदं पुरुषम् ।।२२२।।**

**ભાવાર્થ** : પોતાના આત્માનો નિશ્ચય તે સમ્યગ્દર્શન છે. પોતાના આત્માનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. પોતાના આત્મામાં સ્થિરતા સમ્યક્ ચારિત્ર છે આ ત્રણેથી કર્મબંધ થતો નથી. નિશ્ચય વ્યવહાર રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ એ જ આત્માને પરમપદમાં પહોંચાડી દે છે.

## આત્માનુભવમાં સર્વ ગુણ છે.

**जहिं अप्पा तहिं सयल-गुण, केवलि एम भणाति ।**
**तिहि कारणए जोइ फुडु, अप्पा विमलु मुणंति ।।८५।।**

**જ્યાં ચેતન ત્યાં સકળ ગુણ, કેવળી એમ વદંત;**
**તેથી યોગી નિશ્ચયે, શુદ્ધાત્મા જાણંત. ૮૫.**

**અન્વયાર્થ** : **( जहिं अप्पा तहिं सयल-गुण )** જ્યાં આત્મા છે ત્યાં તેના સર્વ ગુણ છે. **( केवलि एम भणंति)** કેવળી ભગવાન એમ કહે છે **( तिहि कारणए जोइ फुडु विमलु अप्पा मुणंति)** આ કારણે યોગીઓ નિશ્ચયથી નિર્મળ આત્માનો અનુભવ કરે છે.

**ભાવાર્થ** : શુદ્ધાત્માનું જ્યાં શ્રદ્ધાન છે, જ્ઞાન છે અને તેનું જ ધ્યાન છે અર્થાત્ જ્યાં શુદ્ધાત્માનો અનુભવ છે, ઉપયોગ પાંચ ઈંદ્રિય અને મનના વિષયોથી ખસીને એક નિર્મળ આત્મામાં જ તન્મય છે ત્યાં જ યથાર્થ મોક્ષમાર્ગ છે.

જ્યાં આત્માનું ગ્રહણ થઈ ગયું ત્યાં આત્માના સર્વ ગુણોનું ગ્રહણ થઇ ગયું કેમ કે દ્રવ્યના સર્વ ગુણ તેની અંદર જ રહે છે. સાકરનું ગ્રહણ કરવાથી તેના સર્વ ગુણોનું ગ્રહણ પણ થઈ જ જાય છે.

એક એક ગુણનું ગ્રહણ કરવાથી આત્માનો એકેક અંશ ગ્રહણમાં આવશે, આખો આત્મા ગ્રહવામાં નહિ આવે. પરંતુ અખંડ અને અભેદ એક આત્માનું ગ્રહણ કરતાં તેની અંદર વ્યાપીને રહેલા સર્વ ગુણ ગ્રહણમાં આવી જશે. તેથી યોગીઓ નિશ્ચળ થઇને એક નિજ આત્માને જ ધ્યાવે છે. આત્માનું ધ્યાન કરતાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર એ ત્રણે રત્નત્રય પ્રાપ્ત થાય છે. ત્યાં જ સમ્યક્ તપ છે. આત્મામાં રમણ કરનાર રાગદ્વેષના અભાવથી નિશ્ચય અહિંસાવ્રતના પાલક છે. સર્વ અસત્ પર પદાર્થોના ત્યાગથી અને સત્ નિજ પદાર્થના યથાર્થ ગ્રહણથી આત્મામાં જ નિશ્ચય સત્ય વ્રત છે.

પુદ્ગલાદિના ગુણપર્યાયની સ્થિતિનું ગ્રહણ ન કરતાં પોતાના આત્માની સંપદામાં સંતોષ રાખવાથી આત્મામાં જ નિશ્ચય અચૌર્ય વ્રત છે. આત્મા સિવાય પરપદાર્થમાં ન જતાં એકાગ્ર થઇને પરબ્રહ્મસ્વરૂપ આત્મામાં જ વિહાર કરવાથી આત્મામાં જ નિશ્ચય બ્રહ્મચર્ય વ્રત છે. રાગાદિ સર્વ વિભાવો અને મૂર્ચ્છાના ત્યાગથી આત્માના એક અસંગ ભાવમાં રમણ કરવાથી આત્મામાં જ પરિગ્રહ ત્યાગ વ્રત છે. આત્મા આત્મામાં સત્ય ભાવથી જ્યાં સ્થિર થયો ત્યાં નિશ્ચયથી સામાયિક છે. જ્યારે આત્માનો અનુભવ કરતાં વીતરાગતા થાય છે ત્યારે ભૂતકાળના બાંધેલા કર્મો પ્રત્યે વીતરાગતા થાય છે અને તે કર્મ સ્વયં નિર્જરાને પ્રાપ્ત થતાં જાય છે. તેથી ત્યાં જ નિશ્ચય પ્રતિક્રમણ છે.

આત્મામાં જ્યારે રમણતા હોય છે ત્યારે ભવિષ્યમાં થનારા વિભાવોનો પણ ત્યાગ છે તેથી નિશ્ચય પ્રત્યાખ્યાન છે. આત્મા પોતાના આત્માના ગુણોમાં અથવા ગુણી આત્મામાં પરમ એકાગ્રભાવમાં લીન છે એ જ નિશ્ચય સ્તુતિ છે. આત્મા આત્માનું જ આરાધન અને વિનય

કરી રહ્યો છે, એ જ નિશ્ચય વંદના છે. આત્માએ શરીરાદિ સર્વ પરદ્રવ્યો પ્રત્યે મોહ છોડી દીધો છે અને પોતા વડે પોતામાં સ્થિરતા કરી છે, એ જ નિશ્ચય કાર્યોત્સર્ગ છે,મન, વચન, કાયાના સર્વ વિકારોથી ભિન્ન થઈને આત્મા આત્મામાં જ ગુપ્ત કિલ્લામાં વિરાજિત છે. એ જ ત્રણ ગુપ્તિનું પાલન છે. પાંચે ઈંદ્રિયોના વિષયો તરફથી ઉપયોગ ખસેડીને એક આત્મામાં જ તન્મય થાય એ જ પાંચ ઈંદ્રિય નિરોધરૂપ સંયમ છે.

ક્રોધાદિ ચારે કષાયોથી રહિત આત્મામાં વિરાજમાન થવાથી પૂર્ણ ઉત્તમ ક્ષમા, ઉત્તમ માર્દવ, ઉત્તમ આર્જવ, ઉત્તમ શૌચધર્મ છે. આત્મા પરમ શાંત છે, પરમ કોમળ છે, પરમ સરળ છે, પરમ શુચિ છે. આત્માને દર્શન ગુણ છે, વીર્યગુણ છે, આનંદ ગુણ છે, જ્ઞાનચેતના છે. બધા જ શુદ્ધ ગુણોનો નિવાસ આત્મામાં છે. જેણે આત્માનું આરાધન કર્યું તેણે સર્વ આત્મિક ગુણોનું આરાધન કરી લીધું. આત્માના ધ્યાનથી જ આત્માના ગુણ વિકસિત થાય છે, શ્રુતજ્ઞાનની પૂર્ણતા થાય છે, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાનની ઋદ્ધિ પ્રગટ થાય છે, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. નિર્વાણનો પરમ ઉપાય એક આત્માનું ધ્યાન છે.

તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**यो मध्यस्थः पश्यंति जानात्यात्मानमात्मनात्मन्यात्मा ।**
**दृगवगमचरणरूपस्य निश्चयान्मुक्तिहेतुरिति जिनोक्तिः ॥३२॥**

**ભાવાર્થ** : જે વીતરાગી આત્મા આત્માની અંદર આત્મા દ્વારા આત્માને દેખે અને જાણે છે તે સ્વયં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ થાય છે. તેથી નિશ્ચય મોક્ષમાર્ગ સ્વરૂપ છે એમ જિનેન્દ્ર ભગવાન કહે છે.

## એક આત્માનું જ મનન કર

**एक्कलउ इंदिय रहियउ, मण वय काय ति-सुद्धि ।**
**अप्पा अप्पु मुणेहि तुहुं, लहु पावहि सिवि-सिद्धि ॥८६॥**

**એકાકી, ઇન્દ્રિયરહિત, કરી યોગત્રય શુદ્ધ;**
**નિજ આત્માને જાણીને, શીઘ્ર લહો શિવસુખ. ૮૬.**

**અન્વયાર્થ** : (**एक्कलउ**) એકાકી નિર્ગ્રંથ થઈને (**इंदिय रहियउ**) પાંચે ઈંદ્રિયોથી વિરક્ત થઈને (**मण वय काय ति सुद्धि**) મન વચન કાયાની શુદ્ધિથી (**तुहुं अप्पा अप्पु मुणेहि**) તું આત્મા દ્વારા આત્માનું મનન કર. (**सिव-सिद्ध लहु पावहि**) મોક્ષની સિદ્ધિ શીઘ્ર જ કરી શકીશ.

**ભાવાર્થ** : આત્માનું મનન નિશ્ચિંત થઇને કરવું જોઇએ. તેથી ગૃહસ્થીનો ત્યાગ જરૂરી છે. ગૃહસ્થના વ્યવહારધર્મ, પૈસા કમાવા, કામભોગ કરવો, આ ત્રણે કાર્યો માટે મન, વચન, કાયાને ચંચળ અને રાગદ્વેષથી પૂર્ણ, આકુળિત રાખવા પડે છે અને પાંચે ઇંદ્રિયોના ભોગોમાં ફસાવું પડે છે.

જ્યારે સર્વ ચિંતાઓ મટે ત્યારે જ મન સ્થિર થઇને સંકલ્પવિકલ્પરહિત થઇને પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું મનન કરી શકે છે. માટે નિર્ગ્રંથપદ ધારણ કરીને નિરાકુળ થઈ જવું જોઇએ. સ્ત્રીપુત્રાદિ કુટુંબની ચિંતાઓથી મુક્ત થઈ જવું જોઇએ, યથાજાતરૂપ (નિર્ગ્રંથપણું) ધાર્યા વિના પરિગ્રહ અને આરંભનો ત્યાગ થઈ શકતો નથી. તેથી બાળક જેવા નગ્ન અને નિર્વિકાર થઈ જવું જોઇએ. પ્રાકૃતિક જીવનમાં આવી જવું જોઇએ. તલના ફોતરા જેટલો પણ પરિગ્રહ ન રાખવો જોઇએ. શરદી, ગરમી, ડાંસ, મચ્છર આદિ બાવીસ પરિષહ સહન કરવાની શકિત પ્રાપ્ત કરવી જોઇએ. ઊંચું આત્મધ્યાન નિર્ગ્રંથ અને નિર્વિકાર થયા વિના થઈ શકતું નથી. જ્યાં સુધી કામવિકારની વાસના ન મટે, સ્ત્રી પુરુષનો ભેદ ન મટે, લજ્જાનો ભાવ હૃદયમાંથી ન ખસે ત્યાં સુધી આ ઊંચા પદનું ગ્રહણ ન કરવું.

શ્રાવકપદમાં રહીને એકદેશ આત્મધ્યાનનું સાધન કરવું. નિર્વાણનો સાક્ષાત્ ઉપાય નિર્ગ્રંથપદ જ છે આ જ પદ ધારણ કરીને ભૂતકાળના બધા જ તીર્થંકરો અને મહાત્માઓએ ઉક્ત પ્રકારનું આત્મધ્યાન કરીને, ધર્મધ્યાન અને શુકલધ્યાન કરીને નિર્વાણની પ્રાપ્તિ કરી હતી. સર્વ ચિંતાઓથી રહિત એકાકી થવું જરૂરી છે. પોતાના આત્માને એકાકી સમજવો જોઇએ. એને પુદ્‌ગલનો સંયોગ અનાદિકાળથી હોવા છતાં પણ એ તેનાથી બિલકુલ નિરાળો છે. એ શુદ્ધ ચૈતન્યમય મૂર્તિ છે. ન તો કર્મોનો, ન શરીરાદિનો, ન રાગાદિ ભાવકર્મોનો કોઇ સંબંધ આ આત્મા સાથે છે, ન અન્ય આત્માઓનો કોઇ સંબંધ છે. દરેક આત્માની સત્તા જુદી છે. હું સદાય એકાકી છું અને રહીશ. એકત્વની ભાવના સદા ભાવવી. પાંચે ઇંદ્રિયોના વિષયોના પૂર્ણ વિજયી થવું જોઇએ.

જ્યાં સુધી ઇંદ્રિયોના વિષયોની લાલસા ન છૂટે ત્યાં સુધી ઘરમાં સ્ત્રીસહિત રહીને જ યથાશકિત આત્માનું મનન કરવું. જ્યારે વિષયોની લાલસા ન રહે, મનમાંથી વિષયવિકાર નીકળી જાય અને અતીન્દ્રિય આત્મિક સુખનો પ્રેમ વધી જાય અને અભ્યાસ પણ એવો થઈ જાય કે આત્મિક રસના સ્વાદ વિના બીજા બધા વિષયરસના સ્વાદ ફીકા લાગે ત્યારે જ તે જિન અથવા જિતેન્દ્રિય થઈને આત્માનું મનન કરી શકે છે. મનની શુદ્ધિ થવી જોઇએ. મનમાંથી રાગદ્વેષ દૂર કરવા જોઇએ. વીતરાગ રસના રસિક મનવાળા થવું જોઇએ. બધા જ અપધ્યાનને (માઠા ધ્યાન) દુર કરવા. આર્તરૌદ્રધ્યાન છોડી મનને નિર્મળ કરવું. મનમાં સહજ વૈરાગ્ય પ્રાપ્ત કરવો, કષ્ટ અને ઉપસર્ગ આવતાં મનને સહનશીલ બનાવવું.

ક્રોધ, માન, માયા, લોભના આક્રમણોથી મનને બચાવવું. વચનોનો પ્રયોગ કેવળ આવશ્યક ધર્મોપદેશોમાં કરવો. મૌન રહેવાની આદત પાડવી. સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા તરફથી વિરકત રહેવું. ભાષા મીઠી અમૃત જેવી સ્વપરને પ્રિય અને ધર્મરસ ગર્ભિત હોય તેવી બોલવી. વચનશુદ્ધિનું પાલન કરવું.

શરીર શુદ્ધ નિર્વિકાર રાખવું. સ્નાનાદિનો ત્યાગ કરીને શૃંગાર અને શોભારહિત અને શાંત રાખવું. નિશ્ચયથી રસવાળો કે નીરસ જે આહાર પ્રાપ્ત થાય તેને ઊણોદર થાય તેટલો લઈને શરીરને રોગરહિત અને હલકું રાખવું. આ રીતે મન, વચન, કાયાને શુદ્ધ રાખીને નિર્જન સ્થળે રહીને એકાકી શુદ્ધ અતીન્દ્રિય આત્માનું મનન અથવા અનુભવ કરવો, આ જ ઉપાયથી મોક્ષની સિદ્ધિ થશે.

આત્માનુશાસનમાં કહ્યું છે -

**मुहुः प्रसार्य्य सज्ज्ञानं पश्यन् भावान् यथास्थितान् ।**
**प्रीत्यप्रीती निराकृत्य ध्यायेदध्यात्मविन्मुनिः ।।१७७।**

**ભાવાર્થ** : આત્મજ્ઞાની મુનિએ વારંવાર સમ્યગ્જ્ઞાન અંતરમાં ફેલાવી રાખવું યોગ્ય છે. પદાર્થોને જેવા છે તેવા દેખવા, રાગદ્વેષ ન કરતાં સમતાભાવે આત્માનું ધ્યાન કરવું.

## સહજ સ્વરૂપમાં રમણતા કર

**जइ बद्धउ मुक्कउ मुणहि तो बंधयहि णिभंतु ।**
**सहज-सरुवइ जइ रमहि तो पावहि सिव सन्तु ।।८७।।**

**બંધ-મોક્ષના પક્ષથી, નિશ્ચય તું બંધાય;**
**સહજસ્વરૂપે જો રમે, તો શિવસુખરૂપ થાય. ૮૭.**

**અન્વયાર્થ** : **( जइ बद्धउ मुक्कउ मुणहि )** જો તું બંધ મોક્ષની કલ્પના કરીશ **( तो णिभंतु बंधियइ )** તો તું નિઃસંદેહ બંધાઈશ **( जइ सहज - सरुवइ रमहि )** જો તું સહજ સ્વરૂપમાં રમીશ **( तो सन्तु सिव पावहि )** તો શાંત મોક્ષ પામીશ.

**ભાવાર્થ** : નિર્વાણનો ઉપાય એક શુદ્ધાત્માનુભવ છે. જ્યાં મનના સર્વ વિકલ્પ બંધ થઈ જાય છે, કાયા સ્થિર થઈ જાય છે, વચનાલાપ રહેતો નથી ત્યાં જ સ્વાનુભવ પ્રગટે છે. એને જ નિર્વિકલ્પ સમાધિ રહે છે. એ જ આત્મસ્થભાવ છે, અહીં જ યથાર્થમાં મોક્ષમાર્ગ છે. અહી સમ્યગ્દર્શન,સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની એકતા છે. અહીં રાગદ્વેષરહિત વીતરાગભાવ છે અહીં પરમ સમતા છે. એ જ એક અદ્વૈતભાવ છે. એ જ સંવર અને નિર્જરા તત્ત્વ છે. માટે જ્ઞાનીએ વ્યવહારનયના વિચારને તો બિલકુલ છોડી દેવા જોઈએ.

વ્યવહારનયથી એમ જોવામાં આવે છે કે આત્મામાં કર્મોનો બંધ છે, આત્માની સાથે શરીર છે. આત્મામાં ક્રોધ,માન, માયા, લોભના ભાવ છે. આત્મા અશુદ્ધ છે તેને શુદ્ધ કરવો છે, મોક્ષની પ્રાપ્તિ કરવી છે. આપણે ચોથા, પાંચમા, છઠા કે સાતમા ગુણસ્થાનમાં છીએ. ગુણસ્થાન ચઢીને આપણે અરિહંત અને સિદ્ધ થવું છે. આપણે મનુષ્યગતિમાં છીએ, આપણે સંજ્ઞી પંચેન્દ્રિય છીએ, ત્રસ છીએ, મન, વચન, કાય, યોગના ધારક છીએ, આપણે પુરુષ વેદવાળા છીએ, આપણને કષાય ભાવ છે, આપણને મતિ શ્રુતજ્ઞાન છે, આપણને અસંયમ, દેશસંયમ કે સકળ સંયમ છે, આપણને ચક્ષુ કે અચક્ષુદર્શન છે, આપણને શુભ કે અશુભ લેશ્યા છે. આપણે ભવ્ય છીએ. આપણે સમ્યગ્દષ્ટિ છીએ.આપણે સંજ્ઞી છીએ. આપણે આહારક છીએ. આ રીતે ગુણસ્થાન તથા માર્ગણાસ્થાનોનો વિચાર અથવા કર્મોના આસ્રવ ભાવોનો વિચાર અથવા ચાર પ્રકારના બંધનો વિચાર અથવા સંવર નિર્જરાના કારણનો વિચાર આ સર્વ વ્યવહારનય દ્વારા વિચારવું ચંચળતાજનક છે, શુભોપયોગમય છે માટે બંધના કારણ છે. કેમ કે આ વિચારોમાં સંસારદશા ત્યાગવાયોગ્ય અને મોક્ષદશા ગ્રહણ કરવા યોગ્ય ભાસે છે તેમાં સંસાર તરફ દ્વેષ અને મોક્ષ તરફ રાગ છે. વીતરાગ દશા પામવા માટે વ્યવહારનયના સર્વ વિચારો બંધ કરીને કેવળ નિશ્ચયનય દ્વારા પોતાને અને જગતને જોવું જોઇએ. ત્યારે આ જગત છ શુદ્ધ દ્રવ્યોનો સમુહ દેખાશે. બધા જ પરમાણુરૂપ પુદ્ગલો અબંધ દેખાશે અને બધા જ જીવ શુદ્ધ વીતરાગ દેખાશે. આ રીતે જોવાથી રાગદ્વેષના કારણ બધા જ દશ્ય દષ્ટિમાંથી નીકળી જશે. સમતાભાવ આવી જશે. પછી કેવળ પોતાના જ આત્માને દ્રવ્ય રૂપ શુદ્ધ દેખવો.

જ્યાં સુધી વિચાર છે ત્યાં સુધી મનનો વિકલ્પ છે. જ્યારે વિચાર કરતાં કરતા મન સ્થિર થઇ જાય ત્યારે સહજ સ્વરૂપમાં રમણતા થઇ જાય છે, સ્વાનુભવ થઈ જાય છે. આનાથી જ ઘણા કર્મોની નિર્જરા થાય છે. આની પ્રાપ્તિને મોક્ષમાર્ગ જાણો. જ્યારે સ્વાનુભવ થાય ત્યારે મોક્ષમાર્ગ છે. સ્વાનુભવ સિવાય મનના વિચારને અને શાસ્ત્રપઠનને કે કાયાના આચરણને, મહાવ્રત-અણુવ્રતના પાલનને મોક્ષમાર્ગ કહેવો તે યથાર્થ નથી, વ્યવહારમાત્ર છે. જેમ સોનાના મ્યાનમાં તલવાર હોય તેને સોનાની તલવાર કહીએ તેમ.

લાલરંગ મળવાથી પાણીને લાલ કહેવું, અગ્નિના સંયોગથી પાણીને ઉષ્ણ કહેવું, ઘીના સંયોગથી ઘડાને ઘીનો ઘડો કહેવો તેમ મન, વચન, કાયાની ક્રિયાને મોક્ષમાર્ગ કહેવો તે વ્યવહાર છે. સાધક અવસ્થામાં આ સ્વાનુભવ બહુ અલ્પકાળ રહે છે. વજ્રર્ષભનારાચ સંહનનનો ધારક જીવ જો એક મુહૂર્તમાં થોડા ઓછા સમય સુધી આત્મામાં સ્થિર રહે તો ચાર ઘાતીકર્મોનું બંધન કપાઇ જાય અને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ જાય.

સ્વાનુભવ છૂટી જાય ત્યારે સાધકે નિશ્ચયનય અથવા દ્રવ્યાર્થિકનય દ્વારા શુદ્ધ તત્ત્વોનો વિચાર કરવો જોઇએ. જો તેમાં ઉપયોગ ન જામે તો વ્યવહારનય અથવા પર્યાયાર્થિકનય દ્વારા

સાત તત્ત્વ, બાર ભાવના. દશધર્મ, ગુણસ્થાન, માર્ગણાસ્થાન આદિનો વિચાર કરવો, શાસ્ત્ર વાંચવાં, ઉપદેશ આપવો આદિ વ્યવહાર ધર્મનું આચરણ કરવું પરંતુ ભાવના એ જ રાખવી કે હું શીઘ્ર જ સ્વાનુભવમાં પહોંચી જાઉં. આ ઉપાયથી જે કોઇ તત્ત્વજ્ઞાની સહજાત્મસ્વરૂપનું મનન કરશે તે જ પરમ શાંત નિર્વાણસુખનું ભાજન થશે.

સમયસારમાં કહ્યું છે -

**जह बंधे चिन्तंतो बंधणबद्धो ण पावादि विमोक्खं ।**
**तह बंधे चिन्ततो जीवो वि ण पावदि विमोक्खं ॥३११।**

**जह बंधे भित्तूणय बंधणबद्धो दु पावादि विमोक्खं ।**
**तह बंधे भित्तूणय जीवो संपावदि विमोक्खं ॥३१३॥**

**ભાવાર્થ** : જેમ કોઈ બંધનમાં બંધાયો છે તે બંધની ચિંતા કર્યા કરે તો ચિંતા માત્રથી તે બંધથી છૂટી શકતો નથી તેવી જ રીતે કોઈ જીવ એમ ચિંતા કરે કે આ કર્મબંધ છે, કર્મથી મુક્ત થવું છે તો તે આ ચિંતાથી મુક્ત નહિ થાય. જેમ બંધનમાં બંધાયેલો પુરુષ બંધનને કાપીને જ બંધથી છૂટશે તેવી જ રીતે ભવ્ય જીવ બંધનું છેદન કરીને જ મુક્ત થશે. બંધના છેદનો ઉપાય એક સ્વાનુભવ છે.

## સમ્યગ્દૃષ્ટિ સુગતિ પામે છે.

**सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ ।**
**जइ जाइ वि तो दोसु णवि, पुव्व-क्किउ खवणेइ ॥८८॥**

**સમ્યગ્દષ્ટિ જીવને, દુર્ગતિ ગમન ન થાય;**
**કદી જાય તો દોષ નહિ, પૂર્વ કર્મ ક્ષય થાય. ૮૮.**

**અન્વયાર્થ** : (**सम्माइट्ठी-जीवडई, दुग्गई-गमणु ण होइ**) સમ્યગ્દષ્ટિ જીવને ખોટી ગતિઓમાં ગમન થતું નથી. (**जइ जाइ वि तो दोसु णवि**) જો કદાચિત્ માઠી ગતિમાં જાય તો પણ તેને હાનિ નથી થતી (**पुव्व-क्किउ खवणेइ**) એ પૂર્વકૃત કર્મનો ક્ષય કરે છે.

**ભાવાર્થ** : આત્માના શુદ્ધ સ્વરૂપની ગાઢ રુચિ અને અતીન્દ્રિય સુખનો પરમપ્રેમ ધરાવનાર ભવ્ય જીવને સમ્યગ્દષ્ટિ કહે છે. તે મોક્ષનગરનો પથિક બની જાય છે. સંસાર તરફ પીઠ ફેરવી લે છે. તેનામાં આઠ લક્ષણ અથવા ચિહ્ન પ્રગટ થઈ જાય છે -

**संवेओ णिव्वेओ णिंदा गरुहा उपसमोभक्ति ।**
**बंन्धनं अणुकंपा गुणद्ध सम्मत जुत्तस्स ॥**

(૧) સંવેગ-ધર્મ પ્રત્યે પ્રેમ.

(૨) નિર્વેદ-સંસાર, શરીર અને ભોગ પ્રત્યે વૈરાગ્ય. સંસારની ચારે ગતિઓમાં આકુળતા છે. આ શરીર કારાગાર છે. ઈંદ્રિયોના ભોગ અતૃપ્તિકારક અને નાશવંત છે.

(૩) નિન્દા-

(૪) ગર્હા-આત્મબળની ઓછપથી અને કષાયના ઉદયથી લાચાર થઈને તેને જ લૌકિક કાર્યોમાં પ્રવર્તવું પડે છે અને આરંભ આદિ કરવા પડે છે તેને જ માટે તે પોતાના મનમાં પોતાની નિંદા કર્યા કરે છે અને બીજાઓ સામે પણ પોતાની નબળાઇની નિંદા કરે છે. તે તો નિર્વાણ પ્રાપ્તિને જ ઉત્તમ જાણે છે. ત્યાં સુધી તે પોતાના મન, વચન, કાયાની ક્રિયાને ત્યાગવા યોગ્ય સમજે છે.

(૫) ઉપશમ-સમ્યગ્દષ્ટિમાં શાંત ભાવ રહે છે. તે દરેક કામ જ્ઞાનપૂર્વક કરે છે. આત્માનુભવના પ્રતાપે તેનામાં સહજ શાંતભાવ જાગ્રત રહે છે. તે એકદમ ક્રોધાદિરૂપ પરિણમતો નથી. તે વિપરીત કારણોમાં કર્મોના ઉદયના ફળનો વિચાર કરે છે.

(૬) ભકિત-સમ્યગ્દષ્ટિ જીવને જિનેન્દ્રદેવ, નિર્ગ્રંથ ગુરુ અને જિનવાણીની ગાઢ ભકિત હોય છે. તે સ્તુતિ, વંદના, પૂજા અને સ્વાધ્યાય કરતા રહે છે. તેમને મોક્ષના સહકારી જાણે છે.

(૭) વાત્સલ્ય-સાધર્મી ભાઈ અને બહેનો ઉપર ધાર્મિક પ્રેમ રાખે છે, ધર્મભાવથી તેમની સેવા કરે છે.

(૮) અનુકમ્પા-પ્રાણીમાત્ર ઉપર દયાભાવ રાખે છે. મન, વચન, કાયાથી કોઇ પ્રાણીને કષ્ટ આપવા ઇચ્છતા નથી. શકિત છુપાવ્યા વિના પ્રાણીમાત્રનું હિત કરે છે.

કોઇ પ્રાણીની સાથે અન્યાયનો વ્યવહાર કરતા નથી. આવા તત્ત્વજ્ઞાની જીવ દુર્ગતિમાં લઇ જનારા પાપકર્મો બાંધતા નથી.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં બંધાનારી ૧૬ પ્રકૃતિઓ ૧ મિથ્યાત્વ, ૨ હુંડક સંસ્થાન, ૩ નપુંસક વેદ, ૪ અસંપ્રાપ્ત સંહનન, ૫ એકેન્દ્રિય, ૬ સ્થાવર, ૭ આતાપ, ૮ સૂક્ષ્મ, ૯ સાધારણ, ૧૦ અપર્યાપ્ત, ૧૧ દ્વેન્દ્રિય, ૧૨ તેન્દ્રિય, ૧૩ ચૌન્દ્રિય, ૧૪ નરકગતિ, ૧૫ નરક ગત્યાનુપૂર્વી, ૧૬ નરક આયુ તથા સાસાદન ગુણ સ્થાન સુધી બંધાનારી ૨૫ પ્રકૃતિઓ અર્થાત્ ૪ અનંતાનુબંધી કષાય, ૫ સ્ત્યાનગૃદ્ધિ, ૬ નિદ્રાનિદ્રા ૭ પ્રચલા પ્રચલા, ૮ દુર્ભગ, ૯ દુસ્વર, ૧૦ અનાદેય, ૧૧-૧૪ ચાર સંસ્થાન, (ન્યગ્રોધાદિ) ૧૫-૧૮ ચાર સંહનનવજ્રનારાચ આદિ, ૧૯ અપ્રશસ્ત વિહાયોગતિ, ૨૦ સ્ત્રીવેદ, ૨૧ નીચ ગોત્ર, ૨૨ તિર્યંચ ગતિ, ૨૩ તિર્યંચ ગત્યાનુપૂર્વી, ૨૪

તિર્યંચ આયુ, ૨૫ ઉધોત એ રીતે કુલ ૪૧ પ્રકૃતિઓનો બંધ સમ્યગ્દષ્ટિ કરતા નથી. તે તો દેવગતિ અથવા મનુષ્ય ગતિમાં જ જન્મ લે છે. જો તિર્યંચ કે મનુષ્ય સમ્યગ્દષ્ટિ થાય તો તે સ્વર્ગના દેવ થાય છે. જો નારકી અને દેવ સમ્યગ્દષ્ટિ થાય તો ઉત્તમ મનુષ્ય થાય છે.

સમ્યકત્વ પામ્યા પહેલાં જો તિર્યંચનું કે મનુષ્યનું આયુષ્ય બાંધી લીધું હોય તો ભોગ ભૂમિમાં તિર્યંચ કે મનુષ્ય તરીકે જન્મે છે અને જો નરકનું આયુષ્ય બાંધી લીધું હોય તો સમ્યકત્વ સહિત પહેલી નરકમાં જન્મે છે. ત્યાં પણ સમભાવથી દુઃખ સુખ ભોગવી લે છે. સમ્યગ્દષ્ટિ સદાય સુખી રહે છે.

રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું છે -

**सम्यग्दर्शनशुद्धा नारकतिर्यङ् नपुंसक स्त्रीत्वानि ।**
**दुष्कुलविकृताल्पायुर्दरिद्रतां च व्रजन्ति नाप्यव्रतिकाः ॥३५॥**

**ओजस्तेजो विद्या वीर्ययशोवृद्धिविजयविभव सनाथाः ।**
**महाकुलाः महार्था मानवतिलका भवन्ति दर्शनपूताः ॥३६॥**

**ભાવાર્થ** : સમ્યગ્દર્શનથી શુદ્ધ જીવ વ્રતરહિત હોવા છતાં પણ એવા પાપ નથી બાંધતો જેનાથી તે નારકી થાય, તિર્યંચ થાય, નપુંસક થાય, સ્ત્રી થાય, નીચ કુળમાં જન્મ લે, અંગહીન હોય, અલ્પાયુષ્યવાળો કે દરિદ્રી થાય.

સમ્યગ્દર્શનથી પવિત્ર જીવ ઓજ, તેજ, વિદ્યા, વીર્ય. યશ વૃદ્ધિ અને વિજય પ્રાપ્ત કરનાર મહા કુળવાન, મહા ધનવાન મનુષ્યોમાં મુખ્ય થાય છે.

## સમ્યગ્દૃષ્ટિનું શ્રેષ્ઠ કર્તવ્ય

**अप्प-सरूवहँ जो रमइ, छंडिवि सहु ववहारु ।**
**सो समाइट्ठी हवइ, लहु पावइ भवपारु ॥८९॥**

**આત્મસ્વરૂપે જે રમે, તજી સકળ વ્યવહાર;**
**સમ્યગ્દષ્ટિ જીવ તે, શીઘ્ર કરે ભવપાર. ૮૯.**

**અન્વયાર્થ** : (**जो सहु ववहारु छंडिवि**) જે સર્વ વ્યવહારને છોડીને (**अप्प-सरूवहँ रमइ**) પોતાના આત્માના સ્વરૂપમાં રમણતા કરે છે (**सो समाईट्ठा हवई**) તે જ સમ્યગ્દષ્ટિ છે (**लहु पावई भवपारु**) તે શીઘ્ર જ સંસારથી પાર થઈ જાય છે.

**ભાવાર્થ** : જેને નિર્વાણ જ એક ગ્રહણ યોગ્ય પદ દેખાય છે, જે ચારે ગતિઓની સર્વ કર્મજનિત દશાઓને ત્યાગવા યોગ્ય સમજે છે, જે અનંત જ્ઞાન, દર્શન, સુખ, વીર્યની પ્રાપ્તિને

પરમ લાભ સમજે છે. જે નિશ્ચયથી જાણે છે કે હું સર્વ સિદ્ધ સમાન શુદ્ધ છું વ્યવહારદૃષ્ટિમાં કર્મનો સંયોગ છે તે ત્યાગવા યોગ્ય છે એમ સમજે છે, જે સંસારવાસમાં ક્ષણ માત્ર પણ રહેવા ઈચ્છતા નથી તે જ સમ્યગ્દૃષ્ટિ છે. તે જાણે છે કે નિર્વાણનો ઉપાય માત્ર એક પોતાના શુદ્ધ આત્માના શુદ્ધ સ્વભાવમાં લીનતા છે. તેનો નિશ્ચિતપણે અભ્યાસ ત્યારે જ બને જ્યારે સર્વ વ્યવહારનો ત્યાગ કરવામાં આવે, ગૃહસ્થનાં કાર્યો છોડવામાં આવે. સ્ત્રીપુત્રાદિ કુટુંબની ચિંતા છોડી દેવામાં આવે. ધન, ધાન્ય, ભૂમિ મકાનાદિ પરિગ્રહને છોડવામાં આવે. તીર્થંકર સમાન યથાખ્યાતરૂપ નગ્ન દિગંબરપદ ધારણ કરવામાં આવે. જ્યાં બાળકની જેમ સરળ અને શાંતભાવમાં રહીને નિર્જન સ્થાનોમાં આત્માનો અનુભવ કરવામાં આવે. સાધુ પદમાં એટલો જ વ્યવહાર રહી જાય છે જેથી ભિક્ષાવૃત્તિ દ્વારા શરીરનું પાલન થાય અને જ્યારે ઉપયોગ આત્મિક ભાવમાં ન રમે ત્યારે શુદ્ધાત્માનું સ્મરણ કરાવનાર શાસ્ત્રોના મનનમાં અને ધર્મચર્ચામાં સ્તુતિ, વંદના, પાઠાદિ ભણવામાં ઉપયોગ લગાડવામાં આવે છે.

વ્યવહાર ધર્મધ્યાન અને ધર્મની પ્રભાવના કરવી એટલો વ્યવહાર રહે છે. આહાર, વિહાર અને વ્યવહારધર્મને પાળતા સાધુ આ વ્યવહારથી પણ ઉદાસ રહે છે, આત્માના પુરુષાર્થની નબળાઈથી તેમાં વર્તે છે. જેમ જેમ આત્મધ્યાનની શક્તિ વધતી જાય છે તેમ તેમ આ વ્યવહાર પણ છૂટતો જાય છે. તો પણ સાધુપદમાં એટલી અધિક આત્મરમણતાનો અભ્યાસ થઈ જાય છે કે એક અંતર્મુહૂર્ત કરતાં વધારે સમય આત્માના અનુભવ વિના રહેતા નથી.

સાધુને જ્યાં સુધી તે ઉપશમ કે ક્ષપક શ્રેણીએ ન ચઢે ત્યાં સુધી છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન હોય છે. દરેકનો સમય એક અંતર્મુહૂર્તથી વધારે નથી. વ્યવહાર ધર્મ અને ક્રિયાનું પાલન છઠા ગુણસ્થાનમાં હોય છે. આહાર, વિહાર, નિદ્રા અને નિહારનું કાર્ય છઠા ગુણસ્થાનમાં હોય છે. જો આ વ્યવહાર કાર્યોમાં અંતર્મુહૂર્તથી વધારે સમય લાગે તો વચ્ચે વચ્ચે સાતમું ગુણસ્થાન ક્ષણભર માટે આત્માનુભવરૂપ થઇ જાય છે.

સમ્યગ્દૃષ્ટિને ગૃહત્યાગ અને સાધુપદનું ગ્રહણ ત્યારે જ થાય છે જ્યારે તેની અંદર પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ઉદય ન થતાં સહસા વૈરાગ્ય જાગી જાય છે. તે દૃઢતાપૂર્વક પરિણામોની ઉચ્ચતા પ્રાપ્ત કર્યા વિના કોઇ ઊંચી ક્રિયા ધારણ કરતા નથી. જ્યાં સુધી સહજ વૈરાગ્ય ન આવે તે પરિણામો અનુસાર શ્રાવક પદમાં રહીને યથા સંભવ દર્શન પ્રતિમાથી લઇને ઉદ્દિષ્ટત્યાગ નામની અગિયારમી પ્રતિમા સુધીનું ચારિત્ર પાળીને આત્માના અનુભવ માટે અધિક અધિક સમય કાઢે છે. ક્રમે ક્રમે વ્યવહાર ઘટાડે છે અને નિશ્ચયમાં લીનતા વધારે છે.

આ શ્રાવકનું પાંચમું ગુણસ્થાન પણ ત્યારે જ હોય છે જ્યારે સમ્યગ્દૃષ્ટિ જીવને અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય ન થતાં એકદેશ સહજ વૈરાગ્ય ઉત્પન્ન થઇ જાય છે. જો આવો

ભાવ ન હોય તો એ ચોથા ગુણસ્થાનમાં જ રહીને યથા સંભવ સમય કાઢે છે. તે સર્વ વ્યવહાર મન, વચન, કાયા ક્રિયા છોડીને શુદ્ધાત્માનું મનન કરીને સ્વાનુભવ કરે છે. વ્યવહારની ચિંતા અધિક હોવાથી તે અધિક સમય સ્વાનુભવમાં ઠરી શકતા નથી. એક એ જ પ્રયત્ન રહે છે કે સ્વાનુભવદશામાં અધિક રહું. કષાયના ઉદયથી અને આત્માનો પુરુષાર્થ ઓછો હોવાથી તે લાચાર થઈ જાય છે. સમ્યગ્દષ્ટિનું લક્ષ્ય એક નિર્વાણ જ થઈ જાય છે. તે અવશ્ય નિર્વાણપુરમાં પહોંચી જશે.

શ્રી દેવસેનાચાર્ય તત્ત્વસારમાં કહે છે -

**लहइ ण भव्वो मोक्खं जावइ परदव्व वावडो चित्तो ।**
**उग्गतवंपि कुणंतो सुद्धे भावे लहुं लहइ ।।३५।।**

**ભાવાર્થ** : જ્યાં સુધી ચિત્ત પર દ્રવ્યના વ્યવહારમાં રહે છે ત્યાં સુધી ભવ્ય જીવ કઠિન કઠિન તપ કરવા છતાં પણ મોક્ષ પામતો નથી પરંતુ શુદ્ધ આત્મિક ભાવોનો લાભ થતાં તે શીઘ્ર જ મોક્ષ પામી જાય છે.

## સમ્યગ્દૃષ્ટિ જ પંડિત અને મુખ્ય છે.

**जो सम्मत्त-पहाण बह सो, तइलोय-पहाणु ।**
**केवल-णाण विलहु लहइ, सासय-सुक्ख-णिहाणु ।।९०।।**

**જે સમ્યકત્વપ્રધાન બુધ, તે જ ત્રિલોકપ્રધાન;**
**પામે કેવળજ્ઞાન ઝટ, શાશ્વત સૌખ્યનિધાન. ૯૦.**

**અન્વયાર્થ** : (**जो सम्मत्त-पहाण**) જે સમ્યગ્દર્શનના સ્વામી છે. (**बुहु**) તે પંડિત છે. (**सो तइ लोय पहाणु**) તે જ ત્રણ લોકમાં પ્રધાન છે. (**सासय सुक्ख णिहाणु केवण-णाण वि लहु लहइ**) તે અવિનાશી સુખનું નિધાન કેવળજ્ઞાન શીઘ્ર જ પ્રાપ્ત કરી લે છે.

**ભાવાર્થ** : સમ્યગ્દર્શન સર્વ ગુણોમાં પ્રધાન છે. એ હોતાં જ્ઞાન સમ્યગ્જ્ઞાન અને ચરિત્ર સમ્યક્ચારિત્ર થઈ જાય છે. જેમ એકના અંક સહિત મીંડું સફળ થાય છે તેના વિના નિષ્ફળ રહે છે તેમ સમ્યકત્વ સહિત જ્ઞાન અને ચારિત્ર મોક્ષ તરફ લઈ જાય છે. જો સમ્યકત્વ ન હોય તો કેવળ પુણ્ય બાંધીને સંસારભ્રમણના જ કારણ છે.

જેમ મૂળ વિના વૃક્ષ નથી, પાયા વિના ઘર નથી. તેવી જ રીતે સમ્યકત્વના બીજ વિના ધર્મરૂપી વૃક્ષ ઉગતું નથી. જેને અનેક શાસ્ત્રોનું જ્ઞાન હોય, પરંતુ સમ્યકત્વ ન હોય તો તે જ્ઞાની પંડિત નથી. સમ્યકત્વ હોય તો જ તે જ્ઞાની છે. તેનું શાસ્ત્રજ્ઞાન સફળ છે. બાર અંગની

વાણીનો સાર એ જ છે કે પોતાના આત્માને પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન શુદ્ધ દ્રવ્ય જાણે અને શંકારહિત વિશ્વાસમાં લાવે. એ જ નિશ્ચય સમ્યગ્દર્શન છે.

ત્રણ લોકની સંપદા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સામે કાંઇ હિસાબમાં નથી. એક નીચ ચાંડાળ પુરુષ જો સમ્યગ્દર્શન સહિત હોય તો તે પૂજનીય દેવ છે પરંતુ એક નવમા ગ્રૈવેયિકનો અહમિંદ્ર સમ્યગ્દર્શન વિના પૂજ્ય નથી. એક ગૃહસ્થ સમ્યગ્દર્શન સહિત હોય તો તે એવા મુનિ કરતાં ઉત્તમ છે જે મિથ્યાદર્શન સહિત વ્યવહાર ચારિત્રનું પાલન કરે છે. સમ્યગ્દર્શન સહિત નરકનો વાસ પણ ઉત્તમ છે. સમ્યગ્દર્શન રહિત સ્વર્ગનો વાસ પણ બરાબર નથી.

સમ્યગ્દર્શનનું આટલું માહાત્મ્ય એટલા માટે કહેવામાં આવ્યું છે કે એની પ્રાપ્તિ થતાં અનાદિકાળનો અંધકાર મટી જાય છે અને પ્રકાશ થઈ જાય છે. જે સંસાર પ્રિય લાગતો હતો તે હવે ત્યાગવા યોગ્ય ભાસે છે. જે સાંસારિક ઈંદ્રિયસુખ ગ્રહણ કરવા યોગ્ય ભાસતું હતું તે ત્યાગવા યોગ્ય ભાસે છે. જે અતીન્દ્રિય સ્વાધીન સુખની ખબર જ નહોતી તેનો પતો લાગી જાય છે અને તેનો સ્વાદ પણ આવવા લાગે છે. સમ્યગ્દષ્ટિને સાચું જ્ઞાન હોય છે કે મારું આત્મદ્રવ્ય પરમ શુદ્ધ જ્ઞાતાદ્રષ્ટા પરમાત્મસ્વરૂપ છે. મારી સંપત્તિ મારા જ અવિનાશી જ્ઞાન, દર્શન, સુખ, વીર્યાદિ ગુણ છે. મારો અહંભાવ (હું પણાનો ભાવ) હવે મારા આત્મામાં છે અને મમકાર ભાવ (મારાપણાનો ભાવ) મારા જ ગુણોમાં છે, પહેલાં હું કર્મજનિત મારી અવસ્થાઓને મારી માનતો હતો કે હું નારકી છું, તિર્યંચ છું, મનુષ્ય છું, દેવ છું, હું સુંદર છું, અસુંદર છું, રોગી છું, નીરોગી છું, ક્રોધી છું, માની છું, માયાવી છું, લોભી છું, સ્ત્રી છું, પુરુષ છું, નપુંસક છું, શોકવાન છું, ભયવાન છું, દુઃખી છું, સુખી છુ, પુણ્યનો કર્તા છું, પાપનો કર્તા છું,પરોપકારી છું, દાની છું, તપસ્વી છું, વિદ્વાન છું, વ્રતી છું, શ્રાવક છું, મુનિ છું, રાજા છું, પ્રધાન છું. એવી જ રીતે પર વસ્તુઓને પોતાની માનીને મમકાર કરતો હતો કે મારું ધન છે, ખેતર છે, મકાન છે, ગામ છે, રાજ્ય છે, મારાં વસ્ત્ર છે, આભૂષણ છે, મારી સ્ત્રી છે, મારાં પુત્રપુત્રી છે, મારી બેન છે, મારી માતા છે, મારા પિતા છે, મારું સૈન્ય છે, મારા હાથીઘોડા છે, મારી પાલખી છે, આવા અહંકાર-મમકારમાં આંધળો થઈને રાત દિવસ કર્મજનિત સંયોગોમાં જ ક્રીડા કર્યા કરતો હતો. ઈષ્ટના ગ્રહણ અને અનિષ્ટના ત્યાગમાં ઉધમી હતો, આ અજ્ઞાનનો નાશ થતાં જ સમ્યગ્દષ્ટિને પરભાવોમાં અહંકાર અને પર પદાર્થોમાં મમકાર બિલકુલ દૂર થઈ જાય છે,

જ્યાં સુધી તે ઘરમાં રહે છે ત્યાં સુધી કર્મોના ઉદયને ઉદય માનીને ગૃહસ્થને યોગ્ય બધી લૌકિક ક્રિયાને પોતાના આત્માના કર્તવ્યથી ભિન્ન જાણે છે, તેમાં લેપાઈ જતા નથી, અંદરમાં વૈરાગી રહે છે. જ્યારે કષાયનો ઉદય શાન્ત થાય છે ત્યારે ઘર છોડીને સાધુ થઈ જાય

છે, સમ્યગ્દષ્ટિ જીવ સદાય ભેદવિજ્ઞાન દ્વારા પોતાના શુદ્ધાત્માને ભિન્ન ધ્યાવે છે, ધીરે ધીરે આત્માને નિર્મળ કરે છે,

સમ્યગ્દષ્ટિ સાધુ જ ક્ષપક શ્રેણી ઉપર ચઢીને મોહનો અને શેષ જ્ઞાનાવરણાદિનો પૂર્ણ ક્ષય કરીને કેવળજ્ઞાની અરિહંત પરમાત્મા થઇ જાય છે ત્યારે અવિનાશી અનંત સુખના ભોકતા થઈ જાય છે, સમ્યકત્વ સમાન કોઇ મિત્ર નથી, એ જ સાચો મિત્ર છે, જે સંસારના દુઃખથી છોડાવીને નિર્વાણમાં પહોંચાડી દે છે.

આત્માનુશાસનમાં કહ્યું છે -

**शमबोधवृत्ततपसां पाषाणस्येव गौरवं पुंसः ।**
**पूज्यं महामणेरिव तदेव सम्यक्त्वसंयुक्तम् ॥१५॥**

ભાવાર્થ : શાંતભાવ, જ્ઞાન, ચરિત્ર, તપનું મૂલ્ય કાંકરા પથરા સમાન સમ્યગ્દર્શન વિના તુચ્છ છે, જો સમ્યકત્વ સહિત હોય તો તેમનું મૂલ્ય મહાન રત્ન સમાન થઇ જાય છે.

## આત્મામાં સ્થિરતા સંવર અને નિર્જરાનું કારણ છે

**अजरु अमरु गुण-गण णिलउ जहिं अप्पा थिरु ठाइ ।**
**सो कम्मेहिं ण बंधियउ संचिय-पुव्व विलाइ ॥९१॥**

અજર, અમર, બહુ ગુણનિધિ, નિજરૂપે સ્થિર થાય;
કર્મબંધ તે નવ કરે, પૂર્વબદ્ધ ક્ષય થાય. ૯૧.

અન્વયાર્થ : ( **जहि अजरु अमरु गुण-गण णिलउ अप्पा थिरु ठाइ** ) જ્યાં અજર અમર ગુણોનો નિધાન આત્મા સ્થિર થઈ જાય છે ( **सो कम्मेहि ण बंधियउ** ) ત્યાં તે આત્મા નવીન કર્મોથી બંધાતો નથી ( **पुव्व संचिय विलाइ** ) અને પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરે છે.

**ભાવાર્થ** : આ આત્મા નિશ્ચયથી જન્મ, જરા, મરણ રહિત અવિનાશી છે તથા સામાન્ય અને વિશેષ ગુણોનો સમૂહ છે, કર્મોથી અને શરીરોથી ભિન્ન જ્યારે પોતાના આત્માને જોવામાં આવે છે ત્યારે તે શુદ્ધ જ દેખાય છે, જેમ માટી સહિત પાણીને જ્યારે પાણીના સ્વભાવની અપેક્ષાએ જોવામાં આવે તો પાણી શુદ્ધ જ દેખાય છે. ભેદવિજ્ઞાનની શકિતથી પોતાના આત્માને કર્મોથી ભિન્ન અને કર્મોદયજનિત ભાવોથી ભિન્ન સહજ જ્ઞાન, દર્શન, સુખ, વીર્યનો સાગર નિરંજન પરમાત્મા દેવ જ દેખવો જોઈએ, સમ્યગ્દષ્ટિને એવું જ શ્રદ્ધાન હોય છે,

આ શ્રદ્ધાન અને જ્ઞાનના બળથી સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્મામાં સ્થિર થવાનો પુરુષાર્થ કરે છે. જ્યારે સ્વાનુભવ અથવા આત્મામાં સ્થિરતા પ્રાપ્ત કરે છે ત્યારે પૂર્વે બાંધેલા કર્મોની

નિર્જરા ઘણી થાય છે. ગુણસ્થાનોની રીત પ્રમાણે બંધ નિયમિત પ્રકૃતિઓનો થાય છે, તો પણ ઘાતી કર્મોમાં અનુભાગ બહુ ઓછો પડે છે, અઘાતીમાં પાપકર્મોનો બંધ થતો નથી, પુણ્ય કર્મોનો જ બંધ થાય છે, તેમાં અનુભાગ વધારે પડે છે, સ્થિતિ આયુષ્ય કર્મ સિવાય સાત કર્મોમાં ઓછી પડે છે.

બંધનો ઉદય સૂક્ષ્મ સાંપરાય નામના દશમા ગુણસ્થાન સુધી ચાલે છે. કેમ કે ત્યાં સુધી લોભ કષાયનો ઉદય છે. અહીં સુધી સાંપરાયિક આસ્રવ છે. અહીં સુધી ઉપયોગની ચંચળતા છે, અગિયારમું ગુણસ્થાન ઉપશાંત કષાયનો કાળ અન્તર્મુહૂર્ત છે, અહી વીતરાગતા છે. બારમા ગુણસ્થાન ક્ષીણ કષાયમાં પણ વીતરાગતા છે. તેરમા ગુણસ્થાન સંયોગ કેવળીમાં પણ વીતરાગતા છે, આ ત્રણે ગુણસ્થાનોમાં યોગોની ચંચળતા છે. એમાં ઈર્યાપથ આસ્રવ એક શાતા વેદનીય કર્મનો થાય છે, કર્મ આવે છે અને ફળ આપીને ચાલ્યા જાય છે,

જ્યાં આત્મામા સ્થિરતા છે ત્યાં વિશેષ કર્મોની નિર્જરા થાય છે. ક્ષીણ મોહ ગુણસ્થાનમાં સ્થિરતા રૂપ એકત્વ વિતર્ક અવિચાર નામનું બીજું શુકલ ધ્યાન ઉત્પન્ન થઇ જાય છે. ત્યારે એક જ અંતર્મુહૂર્તમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અને અંતરાય કર્મની નિર્જરા થઇ જાય છે આ આત્મા અરિહંત પરમાત્મા થઈ જાય છે. તેરમા અને ચૌદમામાં આત્મામાં પરમ સ્થિરતા છે તેથી બંધ થતો નથી. જૂના કર્મ ખરતાં જાય છે. ચૌદમાના અંતે આ આત્મા કર્મરહિત થઇને સિદ્ધ થઇ જાય છે.

આત્મામાં સ્થિરતા થવાનું કામ ચોથા ગુણસ્થાનથી શરૂ થઇ જાય છે. ત્યાં સ્વરૂપાચરણ ચરિત્ર છે જે અનંતાનુબંધી કષાયનો ઉદય ન થતાં પ્રગટ થઈ જાય છે.

પાંચમા દેશસંયમ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય નથી એથી સ્વરૂપાચરણમાં અધિક સ્થિરતા થાય છે અને નિર્મળતા પણ થાય છે. પાંચમા ગુણસ્થાનમાં અગિયાર શ્રેણી છે. તેમાં ચડતાં ચડતાં જેમ જેમ પ્રત્યાખ્યાન કષાયનો ઉદય મંદ થાય છે તેમ તેમ સ્વરૂપમાં સ્થિરતા અધિક થતી જાય છે.

પ્રમત્ત ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન કષાયનો ઉદય રહેતો નથી ત્યારે સ્વરૂપાચરણમાં વિશેષપણે સ્થિરતા થાય છે. અપ્રમત્તમાં સંજ્વલન કષાયનો મંદ ઉદય છે ત્યારે પ્રમાદભાવ વિના અધિક નિશ્ચળતા થાય છે. અપૂર્વકરણ ગુણસ્થાનમાં સંજ્વલન અધિક મંદ પડી જાય છે ત્યારે અધિક સ્થિરતા થાય છે. અનિવૃત્તિકરણમાં ઘણો જ મંદ કષાય છે ત્યારે પહેલાથીય અધિક સ્થિરતા થાય છે.

સૂક્ષ્મસાંપરાયમાં કેવળ સૂક્ષ્મ લોભનો ઉદય છે, અધિક સ્થિરતા અને શાંતિ છે. આ

રીતે જેમ જેમ રાગદ્વેષવિકાર દૂર થતા જાય છે તેમ તેમ આત્મામાં સ્થિરતા વધતી જાય છે. શુદ્ધાત્માના સ્વભાવમાં સ્થિર થવું અથવા આત્મિક આનંદનું પાન કરવું તે જ એક ઉપાય છે જેથી સંવર અને નિર્જરા થઈને મોક્ષનો ઉપાય બને છે. તેથી મુમુક્ષુએ પુરુષાર્થ કરીને પોતાના જ શુદ્ધાત્માની ભાવના નિત્ય કરવી જોઈએ.

ઈષ્ટોપદેશમાં કહ્યું છે :

**अविद्याभिदुरं ज्योतिः परं ज्ञानमयं महत् ।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं तद्द्रष्टव्यं मुमुक्षुभिः ॥४९॥**

**ભાવાર્થ :** મોક્ષના પ્રેમીઓનું કર્તવ્ય છે કે તે આત્મા સંબંધી જ પ્રશ્ન પૂછે, તેનો જ પ્રેમ કરે અને તેને જ દેખે તથા અનુભવે. તે આત્મજ્યોતિ અજ્ઞાન રહિત છે, પરમ જ્ઞાનમય છે અને સૌથી મહાન છે.

## આત્મામાં રમનાર કર્મોથી બંધાતો નથી

**जह सलीणेण ण लिप्पियह, कमलणि-पत्त कयावि ।**
**तह कम्मेहिं ण लिप्पियइ, जइ रइ अप्प-सहावि ॥९२॥**

**પંકજ જ્યમ પાણી થકી, કદાપિ નહીં લેપાય;**
**લિપ્ત ન થાયે કર્મથી, જે લીન આત્મસ્વભાવ. ૯૨.**

**અન્વયાર્થ :** ( **जह कमलणि-पत्त कया वि सलिलेण ण लिप्पयइ** ) જેમ કમલિનીનું (પંકજનું) પાંદડું કદી પણ પાણીથી લેપાતું નથી ( **तह जइ अप्प-सहावि रइ कम्मे हिं ण लिप्पियइ** ) તેમ જ જો જીવ પોતાના સ્વભાવમાં રત હોય તો તે કર્મોથી લેપાતો નથી.

**ભાવાર્થ :** આત્મામાં લીન ભવ્ય જીવ મોક્ષમાર્ગી છે. તે રત્નત્રયની એકતા ધરાવે છે. તેથી કર્મોથી બંધાતો નથી. બંધનો નાશ કરનાર વીતરાગભાવ છે. બંધ કરનાર રાગદ્વેષમોહભાવ છે. મોહ મિથ્યાત્વભાવને કહે છે. રાગદ્વેષ કષાયને કહે છે. સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાનમાં હોય તો તે પોતાના આત્માની લીનતા કરવાની તેની ગાઢ શ્રદ્ધાને કારણે તે ૪૧ કર્મ પ્રકૃતિઓનો બંધ કરતો નથી. એ ૪૧ પ્રકૃતિઓનું અમે આગળ વર્ણન કરી ગયા છીએ. સમ્યગ્દષ્ટિ નરક અને તિર્યંચમાં લઈ જનારી કર્મ પ્રકૃતિઓને બાંધતો નથી. પછી જેમ જેમ ગુણ સ્થાનક ચઢતા જાય છે તેમ તેમ આત્મરમણતાની શકિત વિશેષ પ્રગટ થતી જાય છે. આવી રીતે તે વધારે વધારે બંધ ઘટાડતા જાય છે. આથી બંધની ૧૨૦ પ્રકૃતિઓ ગણવામાં આવી છે.

જ્ઞાનાવરણીયની ૫ + દર્શનાવરણીયની ૯ + વેદનીયની ૨ + મોહનીયની ૨૬ (સમ્યકત્વ અને મિશ્રનો બંધ થતો નથી) + આયુષ્યની ૪ + નામકર્મની ૬૭ (પાંચ બંધન, પાંચ સંઘાત

ન ગણતાં પાંચ શરીર સાથે ભેળવી લીધી અને વર્ણાદિ ૨૦ની અપેક્ષાએ ચાર જ જાણવી. આવી રીતે ૧૦+૧૬=૨૬ કર્મ ૯૩માંથી ઘટી ગયા) + ગોત્રની ૨+અંતરાયની ૫=૧૨૦ પ્રકૃતિઓ નીચે લખેલા પ્રકારથી ગુણસ્થાનોમાં વ્યુચ્છિત્તિ પામે છે. જે ગુણસ્થાનોમાં જેટલી પ્રકૃતિઓ આગળના ગુણ સ્થાનોમાં બંધાતી નથી.

મિથ્યાત્વ ગુણસ્થાનમાં ૧૬ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. તે આ પ્રમાણે મિથ્યાત્વ, હુણ્ડક સંસ્થાન, નપુંસક વેદ, અસંપ્રાપ્ત સંહનન, એકેન્દ્રિય, સ્થાવર, આતાપ, સૂક્ષ્મ, સાધારણ, અપર્યાપ્ત, બેઈન્દ્રિય, તેંદ્રિય, ચૌઇન્દ્રિય, નરક ગતિ, નરક ગત્યાનુપૂર્વી, નરક આયુ.

(૨) સાસાદન ગુણસ્થાનમાં ૨૫ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. અનંતાનુબંધી ૪ કષાય, સ્ત્યાનગૃદ્ધિ નિદ્રા નિદ્રા, પ્રચલા પ્રચલા, દુર્ભગ, દુસ્વર, અનાદેય, ન્યગ્રોધાદિ ૪ સંસ્થાન, વજ્રનારાચાદિ ૪ સંહનન, અપ્રશસ્ત વિહાયોગતિ, સ્ત્રી વેદ, નીચ ગોત્ર, તિર્યંચ ગતિ, તિર્યંચ ગત્યાનુપૂર્વી, ઉધોત અને તિર્યંચ આયુ.

(૩) મિશ્ર ગુણસ્થાનમાં એક પણ પ્રકૃતિની વ્યુચ્છિત્તિ નથી.

(૪) અવિરત સમ્યકત્વ ગુણસ્થાનમાં ૧૦ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. અપ્રત્યાખ્યાન કષાય, ૪, વજ્ર વૃષભ નારાચ સંહનન, ઔદારિક શરીર, ઔદારિક અંગોપાંગ, મનુષ્ય ગતિ, મનુષ્ય ગત્યાનુપૂર્વી, મનુષ્ય આયુ.

(૫) દેશવિરત ગુણસ્થાનમાં ૪ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. પ્રત્યાખ્યાન કષાય ૪.

(૬) પ્રમત્તવિરત ગુણસ્થાનમાં ૬ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. અસ્થિર, અશુભ, અશાતા વેદનીય, અયશ, અરતિ, શોક.

(૭) અપ્રમત્તવિરત ગુણસ્થાનમાં એક દેવાયુ પ્રકૃતિની વ્યુચ્છિત્તિ છે.

(૮) અપૂર્વકરણ ગુણસ્થાનમાં ૩૬ પ્રકૃતિઓની વ્યુચ્છત્તિ છે. નિદ્રા, પ્રચલા, તીર્થંકર, નિર્માણ, પ્રશસ્ત વિહાયોગતિ, પંચેન્દ્રિય, તૈજસ, કાર્મણ, આહારક શરીર, આહારક અંગોપાંગ, સમચતુરસ્ર સંસ્થાન, દેવગતિ, દેવગત્યાનુપૂર્વી, વૈક્રિયિક શરીર, વૈક્રિયિક અંગોપાંગ, વર્ણાદિ ૪, અગુરુલઘુ, ઉપઘાત, પરઘાત, ઉચ્છ્વાસ. ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા.

(૯) અનિવૃતિકરણ ગુણસ્થાનમાં ૫ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. પુરુષવેદ, સંજ્વલન કષાય ૪.

(૧૦) સૂક્ષ્મ સાંપરાય ગુણસ્થાનમાં ૧૬ પ્રકૃતિઓની વ્યુચ્છિત્તિ છે. જ્ઞાનાવરણ ૫, દર્શનાવરણ ૪, અંતરાય ૫, યશ, ઉચ્ચ ગોત્ર.

(૧૧) ઉપશાંત કષાય ગુણસ્થાનમાં એકેય પ્રકૃતિની વ્યુચ્છિત્તિ નથી.

(૧૨) ક્ષીણ કષાય ગુણસ્થાનમાં એકેય પ્રકૃતિની વ્યુચ્છિત્તિ નથી.

(૧૩) સયોગ કેવળી ગુણસ્થાનમાં ૧ શાતાવેદનીય પ્રકૃતિની વ્યુચ્છિત્તિ છે. આ રીતે કુલ મળીને ૧૨૦ પ્રકૃતિઓ થઈ.

આત્માનુભવના પ્રતાપથી કર્મબંધ ઘટતો જાય છે. અયોગ કેવળી પૂર્ણ આત્મરમી છે. તેમને યોગોની ચંચળતા નથી તેથી કોઈ કર્મનો બંધ થતો નથી.

શ્રી સમયસાર કળશમાં કહ્યું છે :

**रागद्वेषविमोहानां ज्ञानिनो यदसंभवः ।**
**तत एव न बन्धोऽस्य ते हि बन्धस्य कारणम् ॥१-११॥**

**ભાવાર્થ** : જ્ઞાનીને રાગ દ્વેષ મોહ હોતા નથી તેથી જ્ઞાનીને બંધ થતો નથી. તે જ (રાગદ્વેષ મોહ જ ) બંધના કારણ છે. આત્મરમણતાથી વીતરાગભાવ વધે છે, બંધ રોકાય છે.

## સમતારૂપી સુખના ભોક્તા નિર્વાણના પાત્ર છે

**जो समसुक्ख णिलीणु बुहु, पुण पुण अप्पु मुणेइ ।**
**कम्मक्खउ करि सो वि फुडु, लहु णिव्वाणु लहेई ॥९३॥**

**શમ-સુખમાં લીન જે કરે ફરી ફરી નિજ અભ્યાસ;**
**કર્મ ક્ષય નિશ્ચય કરી, શીઘ્ર લહે શિવવાસ. ૯૩.**

**અન્વયાર્થ** : **( जो बुहु सम सुक्ख णित्तीणु पुण पुण अप्पु मुणेइ )** જે જ્ઞાની સમસુખમાં લીન થઈને વારંવાર આત્માનો અનુભવ કરે છે. **( सो वि फुडु कम्मखउ करि सहु णिव्वाणु लहेइ )** તે જ પ્રગટ પણે કર્મોનો ક્ષય કરીને શીઘ્ર જ નિર્વાણ પામે છે.

**ભાવાર્થ** : નિર્વાણનો ઉપાય કષ્ટ સહન કરવા તે નથી પરંતુ સમભાવપૂર્વક સુખનો ભોગવટો છે. પોતાના આત્માનુ આત્મારૂપ શ્રદ્ધાન, જ્ઞાન, તેમાં જ ચર્યા (ચાલવું તે) અર્થાત્ આત્માનુભવ જ નિશ્ચય રત્નત્રય સ્વરૂપ મોક્ષમાર્ગ છે. ત્યાં આત્મા આત્મામાં જ રત થાય છે, મનના વિચાર બંધ થઈ જાય છે, વચન અને કાયાની ક્રિયા સ્થિર થઈ જાય છે, પરિણામ રાગદ્વેષરહિત સમભાવ પ્રગટ થઈ જાય છે. તે જ વખતે આત્મસ્થિતિ થતાં જ આત્મિક સુખનો સ્વાદ આવે છે.

જેમ સાકર ખાવાથી મીઠાશનો, લીમડો ખાવાથી કડવાશનો, મીઠું ખાવાથી ખારાશનો સ્વાદ આવે છે. તેમ આત્માના શુદ્ધ સ્વભાવમાં રમણતા કરવાથી આત્માનંદનો સ્વાદ આવે

છે. તે જ સમયે પૂર્વે બાંધેલા કર્મોની સ્થિત ઘટે છે. આયુષ્ય કર્મ સિવાયના બાકીના કર્મોની સ્થિતિ ઘટે છે. પાપકર્મોનો રસ સુકાય છે. તે વધારે ખરતાં જાય છે, ફળ આપ્યા વિના ચાલ્યા જાય છે, પુણ્યકર્મોનો રસ વધે છે. તે પ્રચુર ફળ આપતા જાય છે. ઘાતી કર્મો નબળા પડે છે, નવીન કર્મોનો પણ સંવર થાય છે. આત્માનુભવના સમયે ગુણસ્થાનની પરિપાટી અનુસાર જે જે ઘાતી કર્મની પ્રકૃતિઓનો બંધ થાય છે, તેમાં સ્થિતિ અને અનુભાગ અલ્પ પડે છે. અઘાતીમાં પુણ્યકર્મનો બંધ છે તે ઓછી સ્થિતિ અને અધિક રસવાળો હોય છે. જ્યારે આસ્રવ ઓછા અને નિર્જરા અધિક થાય ત્યારે મોક્ષમાર્ગનું સાધન થાય છે.

સમ્યગ્દષ્ટિને સાચા સુખનો ભોગવટો આત્માની સન્મુખ સારી રીતે થવાથી થાય છે.આત્મધ્યાન જ ગુણસ્થાનોની શ્રેણીએ ચઢી શકે છે. મુમુક્ષુએ એક આત્મધ્યાનનો જ અભ્યાસ કરવો જોઇએ. એના બે ભેદ છે. નિર્વિકલ્પ આત્મધ્યાન, સવિકલ્પ આત્મધ્યાન. નિર્વિકલ્પ આત્મધ્યાન દ્વારા નિર્વિકલ્પ આત્મધ્યાન થાય છે. નિર્વિકલ્પ ધ્યાન જ વાસ્તવમાં ધ્યાન છે. એ જ મોક્ષનો સાક્ષાત્ ઉપાય છે. સવિકલ્પ ધ્યાન અનેક પ્રકારના છે, નિશ્ચયનયથી પોતાના આત્મિક તત્ત્વનો વિચાર કરવો એ નજીકનું સાધન છે. આત્માના, ગુણોની ભાવના કરતાં કરતાં એકાએક સ્થિરતા થાય છે. નિશ્ચયનયથી પોતાના આત્માને જ શુદ્ધ દેખવો અને જગતના સર્વ આત્માઓને પણ શુદ્ધ દેખવા. બાકીના પાંચ દ્રવ્યોને મૂળ સ્વભાવમાં દેખવા. આ દષ્ટિના દીર્ઘ અભ્યાસથી રાગદ્વેષ નહિ રહે, દ્વેષભાવની માત્રા ઘટતી જશે.

વ્યવહારનય દ્વારા જોવાથી પૂજક પૂજ્ય, બંધમોક્ષની કલ્પના થાય છે. નિશ્ચયનયથી પોતે જ પૂજ્ય છે. બંધ મોક્ષનો વિકલ્પ જ નથી. નિશ્ચયનય ત્રિકાળ શુદ્ધ આત્માનું દર્શન કરાવે છે. નિશ્ચયનયનો વિચાર પણ સવિકલ્પ ધ્યાન છે.

સાધકની નિર્બળતાથી સાધુ હોય કે ગૃહસ્થ હોય જ્યારે ઉપયોગ નિશ્ચયનયના વિચારમાં સ્થિર નથી હોતો ત્યારે વ્યવહારનયથી પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ ધ્યાન દ્વારા પંચ પરમેષ્ઠીના સ્વરૂપના મનન દ્વારા ૐ, અર્હં, હ્રીં, શ્રીં મંત્ર દ્વારા ધ્યાન કરવું.

કદાચ એમાં પણ ઉપયોગ ન જામે તો આધ્યાત્મિક ગ્રંથ વાંચવા, સ્તુતિ વાંચવી; ભકિત-વંદના કરવી, ઉપદેશ આપવો, ગ્રંથ લખવા, સાધુ-સેવા કરવી, અશુભ ભાવોથી બચવા માટે શુભ ભાવોમાં વર્તવું અને વ્યવહાર ધર્મના ભેદોની સાધના કરવી; એ બધું સવિકલ્પ ધર્મધ્યાન છે. ગૃહસ્થનું મન જ્યારે નિશ્ચયનયના વિચારમાં ન લાગે ત્યારે તેણે દેવપૂજાદિ છ કર્મોનું સાધન કરવું. નિષ્કામભાવથી જગત માત્રની સેવા કરવી, તીર્થયાત્રા કરવી; બધાય પ્રકારના વ્યવહાર ધર્મનું આચરણ કરીને ઉપયોગને અશુભથી બચાવી શુદ્ધભાવમાં ચઢવાનો પ્રયત્ન કરવો. નિશ્ચય અને વ્યવહાર ધર્મને ઉપાદાન સાધન અને વ્યવહારને નિમિત્ત સાધન જાણવું. જે કોઇ નિર્વાણનું

લક્ષ્ય રાખીને સર્વ સુખને ભોગવતો થકો આત્માનુભવનો અભ્યાસ કરે તે શીઘ્ર જ નિર્વાણની પ્રાપ્તિ કરશે.

શ્રી સમયસારમાં કળશમાં કહ્યું છે -

**अत्यन्तं भावयित्वा विरतमविरतं कर्मणस्तत्फलाच्च ।**
**प्रस्पष्टं नाटयित्वा प्रलयनमखिलाज्ञान संचेतनायाः ।**

**पूर्ण कृत्वा स्वभावं स्वरस परिगतं ज्ञान संचेतनां स्वां**
**सानन्दं नाटयन्तः प्रशमरसमितः सर्वकालं पिबन्तु ॥४०-१०॥**

**ભાવાર્થ** : કર્મ કરવાના પ્રપંચથી અને કર્મફળથી નિરંતર ઉદાસીન ભાવની સમ્યક્ પ્રકારે ભાવના ભાવવી. સર્વ પ્રકારે અજ્ઞાન ચેતનાના ભાવનો સમ્યક્ પ્રકારે નાશ કરાવવો. પોતાના આત્મિક રસથી પૂર્ણ પોતાનો સ્વભાવ જાણીને જ્ઞાનચેતનાને અથવા આત્માનુભૂતિને આનંદ સહિત કેલિ કરાવવી. સર્વકાળ શાંતરસનું જ પાન કરવું. એ જ જ્ઞાનીની પ્રેરણા છે.

## આત્માનું પુરુષાકારે ધ્યાન કરો

**पुरिसायार-पमाणु जिय, अप्पा एहु पवित्तु ।**
**जोइज्जइ गुण-गण-णिलउ, णिम्मल तेय फुरंतु ॥९४॥**

પુરુષાકાર પવિત્ર અતિ, દેખો આતમરામ;
નિર્મળ તેજોમય અને, અનંત ગુણગણધામ. ૯૪.

**અન્વયાર્થ** : ( **जिय** ) હે જીવ ! ( **एहु अप्पा पुरिषायारपमाणु पवित्तु गुणगणणिलउ णिम्मलतेय फुरंतुं जोइज्जई** ) આ પોતાના આત્માને પુરુષાકાર પ્રમાણ, પવિત્ર ગુણોની ખાણરૂપ અને નિર્મળ તેજથી પ્રકાશમાન દેખવો જોઈએ.

**ભાવાર્થ** : અહીં આત્માની ભાવના કરવા માટે શિખામણ આપી છે કે આત્માને આવો વિચારવો જોઈએ કે આત્મા પોતાનો પુરુષાકાર પ્રમાણ છે, તે આખાય શરીરમાં વ્યાપેલો છે. જો પદ્માસનમાં બેઠા હોઈએ તો આત્માને પદ્માસન રૂપ વિચારવો. જો કાર્યોત્સર્ગ આસનમાં ઊભા હોઈએ તો આત્માને તેવી જાતનો વિચારવો. જો કે આત્મા અસંખ્યાત પ્રદેશી છે તો પણ જે શરીરમાં રહે છે તે શરીરના આકાર પ્રમાણે પોતાનો આકાર કરીને ઘણું કરીને રહે છે. જેમ દિવાનો પ્રકાશ જેવી હાંડી (તેની આસપાસનું વાસણ) હોય છે તેટલામાં વ્યાપીને રહે છે. આ આકારના ધારક આત્માને પવિત્ર દેખવો કે એ નિર્મળ જળસમાન, શુદ્ધ સ્ફટિક સમાન પરમ શુદ્ધ છે. એમાં નથી કર્મોનો મેલ, નથી રાગાદિ વિકારોનો મેલ કે નથી અન્ય કોઈ શરીરનો

મેલ. દ્રવ્યાર્થિક નયથી આત્માને સદાય નિરાવરણ દેખવો. ન એ કદી બંધાયો હતો, ન અત્યારે બંધાયેલો અને ન કદી તે બંધાશે.

વળી જોવું કે તે સામાન્ય અને વિશેષ ગુણોનો સાગર છે. એ જ્ઞાતાદૃષ્ટા છે, વીતરાગ છે. પરમાનંદમય છે, પરમ વીર્યવાન છે, શુદ્ધ સમ્યકત્વ ગુણનો ધારક છે, પરમ નિર્મળ તેજમાં ચમકી રહ્યો આવી રીતે પોતાના શરીરમાં વ્યાપક આત્માને વારંવાર જોઇને ચિત્તને રોકવું. આ ધ્યાનનો પ્રકાર છે. ધ્યાન કરનારે પરમ નિશ્ચિંત રહેવું જોઇએ. ઉત્તમ ધ્યાતા નિર્ગ્રંથ સાધુ હોય છે. પરિગ્રહનું સ્વામીપણું હોવાથી ધ્યાનના સમયે તેની ચિંતા બાધા ઉત્પન્ન કરે છે, તેથી સાધુઓ સર્વ પરિગ્રહનો ત્યાગ કરીને ધન, કુટુંબ, ક્ષેત્રાદિના રક્ષણ વગેરેના વિકલ્પરહિત હોય છે. દેશવ્રતી મધ્યમ ધ્યાતા છે, અવિરત સમ્યગ્દૃષ્ટિ જઘન્ય ધ્યાતા છે. ધ્યાતાને સમ્યગ્જ્ઞાન હોવું જ જોઇએ. કેમ કે જ્યાં સુધી પોતાના આત્માના શુદ્ધ સ્વભાવનું શ્રદ્ધાન ન હોય ત્યાં સુધી તેનો પ્રેમ થતો નથી. પ્રેમ વિના તેમાં આસકિત કે સ્થિરતા થતી નથી. ધ્યાતાને એ શ્રદ્ધાન હોવું જ જોઇએ કે હું જ પરમાત્મારૂપ છું, મારે જગતના ઇંદ્ર, ચક્રવર્તી આદિ પદો પ્રત્યે કોઇ રાગભાવ નથી. મારે કેવળ નિર્વાણનું જ ધ્યેય છે.

માયા, મિથ્યાત્વ, નિદાન એ ત્રણ શલ્યોથી રહિત, સર્વ શંકાઓથી રહિત, પરમ નિઃસ્પૃહી, સર્વ તૃષ્ણારહિત થવું જોઇએ. ધ્યાનના સમયે સમ્યગ્જ્ઞાન અને વૈરાગ્યની મૂર્તિ થઇ જવું જોઇએ. એવા ધ્યાતાએ ધ્યાન કરવા માટે નિરાકુળ ક્ષોભરહિત સ્થાનમાં બેસવું. જેટલું એકાંત હશે એટલું ધ્યાન સિદ્ધ થશે. સ્ત્રી, પુરુષ, નપુંસકોના સંપર્કરહિત, ઠંડી ગરમીની કે ડાંસ મચ્છરની બાધા રહિત, પરમ શાંત ધ્યાન માટે ગોતવું. ધ્યાનનો સમય વહેલા પ્રભાતનો સમય સર્વોત્તમ છે, સાયંકાળ મધ્યમ અને મધ્યાહ્ન કાળ જઘન્ય છે.

જમીન ઉપર પથ્થર કે શિલા ઉપર, લાકડાના આસન ઉપર, ચટાઇ ઉપર કે કોઇ સમતલ સ્થાન ઉપર બેસીને ધ્યાન ધરવું. જ્યાં શરીર સ્થિર કરીને રહી શકાય, મન, વચન કાયા શુદ્ધ હોય, મનમાં ધ્યાન સિવાય બીજી કોઇ ચિંતા ન હોય, જ્યાં સુધી ધ્યાન કરવું હોય ત્યાં સુધી બીજાં કામોનો વિચાર ન કરવો, ધ્યાનના સમયે મૌન રહેવું અથવા મંત્રજાપ કરવો. કોઇની સાથે વાર્તાલાપ ન કરવો, શરીર નગ્ન હોય અથવા યથાસંભવ શ્રાવકના થોડા વસ્ત્ર સહિત હોય, રોગી ન હોય, પેટ ભરેલું ન હોય, ભૂખ તરસથી પીડાતું ન હોય, આસન જમાવીને બેસવું. કાયા નિશ્ચળ રાખવી. મુખ સીધું રાખવું. આવી રીતે બેસીને થોડો સમય બાર ભાવનાનો વિચાર કરીને ચિત્તને વૈરાગ્યવાળું બનાવવું. પછી નિશ્ચયનયથી જગતનું દર્શન કરી રાગદ્વેષ મટાડી દેવા. પછી પોતાનો જ આત્મા જોવો કે એ શુદ્ધ નિરંજન પરમાત્મા છે, શરીરમાં તે વ્યાપક પરમ નિર્મળ છે. મન જળ સમાન અથવા સ્ફટિક સમાન જોઇને વારંવાર ધ્યાન કરવું. મનની સ્થિરતા માટે કોઇ કોઇ વાર મંત્ર ભણીને કોઇ કોઇ વાર ગુણોનો વિચાર કરવો.

શ્રી તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**माध्यस्थ्यं समतोपेक्षा वैराग्यं साम्यमस्पृहः ।**
**वैतृष्ण्यं परमः शांतिरित्येकोऽर्थोऽभिधीयते ॥१३९॥**

**दिधासुः स्वं परं ज्ञात्वा श्रद्धाय च यथास्थिति ।**
**विहायान्यदनर्थित्वात् स्वमेवावैतु पश्यतु ॥१४३॥**

**ભાવાર્થ** : ધ્યાતાએ માધ્યસ્થ ભાવ, સમતા, ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્યભાવ, નિઃસ્પૃહતા, તૃષ્ણારહિતતા, પરમભાવ, શાંતભાવમાં લીન થવું જોઇએ. એનો એક જ અર્થ છે તથા આત્માના અને પરના શ્રદ્ધાન, જ્ઞાન કરીને જેવું યથાર્થ સ્વરૂપ છે તેવું જાણવું, પછી પરને પ્રયોજન રહિત જાણીને, પરને છોડી કેવળ પોતાની જાતને જ જાણવી અને દેખવી.

## આત્મજ્ઞાની સર્વ શાસ્ત્રોના જ્ઞાતા છે

**जो अप्पा सुद्धु वि मुणइ, असुइ-सरीर-विभिन्नु ।**
**सो जाणइ सत्थइँ सयल, सासय-सुक्खहँ लीणु ॥९५॥**

**જે જાણે શુદ્ધાત્મને, અશુચિ દેહથી ભિન્ન;**
**તે જ્ઞાતા સૌ શાસ્ત્રનો, શાશ્વત સુખમાં લીન. ૯૫.**

**અન્વયાર્થ : ( जो असुइ सरीर विभिन्न )** જે કોઇ આ અપવિત્ર શરીરથી ભિન્ન **( सासय-सुक्खहँ लीणु )** અને અવિનાશી સુખમાં લીન **( सुह वि अप्पा मुणइ )** શુદ્ધ આત્માનો અનુભવ કરે છે **( सो सयल सत्थइं जाणइ )** તે જ સર્વ શાસ્ત્રો જાણે છે.

**ભાવાર્થ** : શાસ્ત્રોનું જ્ઞાન ત્યારે જ સફળ કહેવાય જ્યારે પોતાના આત્માની યથાર્થ ઓળખાણ થાય, તેની રુચિ પ્રાપ્ત થાય અને તેના સ્વભાવનો સ્વાદ આવવા લાગે. કેમ કે શુદ્ધાત્માનો અનુભવ જ મોક્ષમાર્ગ છે. શુદ્ધ સ્વરૂપની ભાવના ભાવવાથી આત્મા શુદ્ધ થતાં થતાં પરમાત્મા થઈ જાય છે. જિનવાણીના અભ્યાસનો સમ્યક્ પ્રકારે ઉધમ કરીને પોતાના આત્માને યથાર્થ જાણવાનો હેતુ રાખવો.

વર્તમાનમાં આ પોતાનો આત્મા કર્મ સંયોગથી મલિન દેખાય છે. એની આ મલિનતા પ્રવાહ રૂપે અનાદિ છે. મલિન પાણીને બે દૃષ્ટિથી દેખવું યોગ્ય છે. વ્યવહારનયથી એ પાણી મલિન જ છે કેમ કે, તેમાં માટી મળેલી છે અને માટીની મલિનતાથી જળની સ્વચ્છતા છીપાઇ ગઇ છે. નિશ્ચયનયથી જોવામાં આવે તો માટી ભિન્ન છે, પાણી ભિન્ન છે. ત્યારે તે જળ સ્વભાવે નિર્મળ દેખાય છે. એવી જ રીતે આ આત્મા કર્મપુદ્ગલોના સંયોગથી વ્યવહારનયથી અશુદ્ધ જ દેખાય છે. કર્મોએ તેના શુદ્ધ સ્વભાવને ઢાંકી દીધો છે.

નિશ્ચયનયથી આ જ આત્મા અપવિત્ર ઔદારિક શરીરથી અને તૈજસ કાર્મણ શરીરથી તથા રાગાદિ વિકારી ભાવોથી ભિન્ન પરમાનંદમયી જ પરમ શુદ્ધ જ્ઞાતા દૃષ્ટા પરમાત્મારૂપ દેખાય છે. એ જ દૃષ્ટિ ધ્યાતાને માટે પરમ ઉપકારી છે. માટે જિનવાણીની અંદર બંને નયોની મુખ્યતાથી આત્માનું સ્વરૂપ બતાવનાર ગ્રંથોનો સમ્યક્ પ્રકારે અભ્યાસ કરવો. જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ આ સાત તત્ત્વો સમજવાથી વ્યવહારનયથી આત્માના અશુદ્ધ સ્વરૂપનું અને અશુદ્ધમાંથી શુદ્ધ થવાનું બધું જ્ઞાન થાય છે.

દ્રવ્યસંગ્રહ તથા તત્ત્વાર્થસૂત્ર આ બે ગ્રંથ બહુ ઉપયોગી છે. એમનો સૂક્ષ્મતાથી અભ્યાસ કરીને એમની ટીકાઓ જોવી. બૃહત્ દ્રવ્ય સંગ્રહ અને સર્વાર્થસિદ્ધિ, રાજવાર્તિક, શ્લોકવાર્તિક વિશેષ જાણવા માટે ગોમ્મટસાર જીવકાંડ અને કર્મકાંડનો સારી રીતે અભ્યાસ કરવો. આચાર શાસ્ત્રો દ્વારા મુનિ અને શ્રાવકની બાહ્ય ક્રિયા પાળવાની વિધિ જાણવી. મૂળાચાર અને રત્નકરંડ શ્રાવકાચારનું મનન કરવું. મહાન પુરુષોના જીવનચરિત્ર પણ જાણવા કે તેમણે મોક્ષમાર્ગનું કઈ રીતે સાધન કર્યું હતું. કર્મ સાપેક્ષ આત્માની અવસ્થાનો બરાબર પરિચય મેળવવો. પછી નિશ્ચયનયની મુખ્યતાથી આત્માને જીતવા માટે મહાન યોગી શ્રી કુદકુંદાચાર્યકૃત પંચાસ્તિકાય, પ્રવચનસાર, અષ્ટપાહુડ, સમયસાર, નિયમસારનો સારી રીતે અભ્યાસ કરવો. પરમાત્મપ્રકાશનું મનન કરવું. તેથી દર્પણ સમાન જણાશે કે મારા જ શરીરમાં પરમાત્માદેવ બિરાજમાન છે.

શાસ્ત્રોનું જ્ઞાન કરવા માટે થોડા વ્યાકરણ અને ન્યાય પણ જાણવા, તો શબ્દનું જ્ઞાન અને યુકિતનું જ્ઞાન બરાબર થશે અને અન્ય દર્શનવાળાઓના મત સાથે જિનદર્શનની તુલના કરીને જાણવાની યોગ્યતા પ્રાપ્ત થશે, જે કેવળ વ્યવહારનયથી જ આત્માને જાણે, નિશ્ચયનયથી ન જાણે તેને પોતાના શુદ્ધ તત્ત્વનો નિશ્ચય નહિ થાય અને જે વ્યવહારને ન જાણે, કેવળ નિશ્ચયને જ જાણે તે અશુદ્ધતા મટાડવાનો ઉપાય નહિ કરી શકે.

બન્ને નયોથી વિરોધ રહિત જ્ઞાન જ્યારે થશે ત્યારે જ ભેદ વિજ્ઞાન થશે, ભેદ વિજ્ઞાનના અભ્યાસ વિના તત્ત્વજ્ઞાનનો લાભ નહિ થાય. તત્ત્વજ્ઞાન વિના આત્માના યથાર્થ મનન અને અનુભવ નહિ થાય. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નહિ થાય. જે શાસ્ત્રો વાંચીને વ્યવહારમાં મગ્ન રહે અને આત્મિક આનંદનો સ્વાદ ન લે તો તેનો પરિશ્રમ સફળ થતો નથી. શાસ્ત્રો ભણવાનો હેતુ કેવળ એક પોતાના આત્માનું યથાર્થ જ્ઞાન છે.

શ્રી પુરૂષાર્થ સિધ્ધિઉપાયમાં કહે છે -

**अबुधस्य बोधनार्थं मुनीश्वरा देशयन्त्यभूतार्थम् ।**
**व्यवहारमेव केवलमवैति यस्तस्य देशना नास्ति ॥६॥**

**माणवक एव सिंहो यथा भवत्यनवगीतसिंहस्य ।**
**व्यवहार एव हि तथा निश्चयतां यात्यनिश्चयज्ञस्य ॥७॥**

**ભાવાર્થ** : મુનિરાજોએ અજ્ઞાનીને સમજાવવા માટે અસત્યાર્થને અથવા અશુદ્ધ પદાર્થને કહેનાર વ્યવહારનયનો ઉપદેશ કર્યો છે. પરંતુ જે કેવળ વ્યવહારનયના વિસ્તારને જાણે અને નિશ્ચયનયના નિયમને ન જાણે તે જિનવાણીનો યથાર્થ જ્ઞાતા થઈ શકતો નથી. બાળકને બિલાડી દેખાડીને સિંહ બતાવવામાં આવે છે. જો તેને સિંહનું જ્ઞાન ન કરાવવામાં આવે તો તે બાળક બિલાડીને જ સિંહ સમજતો રહેશે. તેવી જ રીતે જો નિશ્ચયનું જ્ઞાન ન કરાવવામાં આવે તો નિશ્ચયને ન જાણનાર વ્યવહારને જ નિશ્ચય તથા સત્ય તથા મૂળ પદાર્થ સમજી બેસશે.

## પરભાવનો ત્યાગ કાર્યકારી છે.

**जो णवि जाणइ अप्पु परु, णवि परभाउ चएइ ।**
**सो जाणउ सत्थइँ सयल, ण हु सिवसुक्खु लहेइ ॥९६॥**

**નિજ-પરરૂપથી અજ્ઞ જન, જે ન તજે પરભાવ;**
**જાણે કદી સૌ શાસ્ત્ર પણ, થાય ન શિવપુર રાવ. ૯૬.**

**અન્વયાર્થ** : ( **जो अप्पु परु णवि जाणइ** ) જે કોઇ આત્માને અને પર પદાર્થને જાણતો નથી ( **परभाउ णवि चएइ** ) અને પરભાવોનો ત્યાગ કરતો નથી ( **सो सयल सत्थइं जाणिइ** ) તે સર્વ શાસ્ત્રો જાણે છે તો પણ ( **सिव सुक्खु ण हु लहइ** ) મોક્ષનું સુખ પામતો નથી.

**ભાવાર્થ** : અનેક શાસ્ત્રો ભણવાનું ફળ ભેદવિજ્ઞાનની પ્રાપ્તિ છે. અનાદિકાળથી આત્માનો અને સૂક્ષ્મ કર્મ પુદ્ગલોનો સંયોગ સંબંધ એવો ગાઢ છે કે કોઇ પણ સમયે જુઓ તો આત્માના એકેક પ્રદેશ ઉપર અનેક પુદ્ગલ કર્મ વર્ગણાઓ રહેલી દેખાય છે. તે કર્મોનો ઉદય પણ દરેક સમયે હોય છે. દરેક સમયે મોહ અને રાગદ્વેષથી તેની અનુભૂતિ મલિન થઈ રહી છે. તેને કદી પણ આત્માના શુદ્ધ જ્ઞાનનો અનુભવ આવતો નથી. એ કર્મચેતના અને કર્મફળ ચેતનામાં જ લવલીન છે. એ પ્રાણી પોતાની ઈંદ્રિયોની તૃષ્ણાની મૂર્તિમાં મન વચન કાયાથી અનેક કાર્ય કરવામાં તન્મય રહે છે.

ધન મેળવવાના, મકાન બનાવવાના, વસ્ત્ર સીવવા-સીવડાવવાના, આભૂષણ બનાવવાના, શણગાર કરવાના, રસોઇ બનાવવાના, સામગ્રી એકઠી કરવાના, બાધકોને દૂર રાખવાના, પરિગ્રહનું રક્ષણ કરવાના આદિ ઉદ્યમમાં તલ્લીન થઇને કર્મચેતનારૂપ વર્તે છે. જ્યારે અશાતાનો તીવ્ર ઉદય આવી જાય છે ત્યારે દુઃખ સુખમાં તલ્લીન થઇને કર્મફળ ચેતનારૂપ થઈ જાય છે. ઉન્મત્તની જેમ જગતના પદાર્થોમાં આસક્ત રહેછે. વિષયસુખની રાતદિવસ ઇચ્છા કર્યા કરેછે.

એણે કદી એ જાણ્યું નથી કે હું આત્મા દ્રવ્ય છું, પુદ્ગલથી સર્વથા ભિન્ન છું. હું નથી પશુ, નથી પક્ષી, નથી માનવ કે નથી રાગીદ્વેષી. હું તો પરમ વીતરાગી જ્ઞાન, દર્શન, સુખ,

વીર્યનો ધારક કર્મકલંક રહિત પરમાત્મા છું. સર્વ પ્રકારના ભાવ અને પદાર્થ તેનાથી જુદા છે. જે ભાવોમાં અનાદિકાળથી પોતાપણું માન્યું તે જ ભાવોને પર જાણવાની અને પોતાના શુદ્ધ વીતરાગ વિજ્ઞાનમય ભાવને ઓળખવાની આવશ્યકતા છે. માટે શાસ્ત્રો ભણવાનું ફળ એ જ છે કે પોતાના આત્માને આત્મારૂપ અને પરને પર રૂપ જાણવા.

જેની બુદ્ધિમાં ભેદવિજ્ઞાનનો પ્રકાશ ન હોય તેનું શાસ્ત્રજ્ઞાન મોક્ષમાર્ગમાં લાભદાયક નહિ થાય. ભેદવિજ્ઞાન થતાં એવી પ્રતીતિ જામવી જોઇએ કે સાચો આનંદ મારા જ આત્માનો ગુણ છે. જેમ સાકરનો સ્વાદ લેવા માટે સાકર ખાવામાં ઉપયોગ જોડવો પડે છે. જો ઉપયોગ સ્થિર ન હોય તો સાકરનો સ્વાદ આવશે નહિ.

એવી જ રીતે આત્માનંદની પ્રાપ્તિ કરવા માટે કર્મકલંકરહિત વીતરાગી અને જ્ઞાતાદૃષ્ટા એવા પોતાના આત્માની અંદર શ્રદ્ધા જ્ઞાનસહિત રમણતા કરવી પડશે. તેથી અન્ય સર્વ પદાર્થો અને ભાવોમાંથી ઉપયોગ ખસેડવો પડશે. માટે અનંતકાળ સુધી પરમ સુખનો ભોગ કરવા માટે જ્ઞાન અને વૈરાગ્ય સહિત આત્માનો અનુભવ પ્રાપ્ત કરવો જોઇએ. જાણે તો આમ કે હું નિરાળું શુદ્ધ આત્મદ્રવ્ય છું, હું જ પરમેશ્વર છું, હું જ પરમ દેવ છું, હું જ ઉપાસના કરવાયોગ્ય છું અને મારી આરાધનાથી જ મને મોક્ષનો લાભ થશે. અદ્વૈત નિર્વિકલ્પ ધ્યાન જ સંવર અને નિર્જરાનું કારણ છે. વૈરાગ્ય એ કે આ જગતના ભોગ વિષ સમાન ત્યાગવાયોગ્ય છે. લૌકિક કોઇ પદ ઇષ્ટ નથી. એક શિવપદ કલ્યાણકારી છે. મહાન વૈરાગ્ય એ જ છે કે ત્રણ લોકની સંપત્તિ પ્રત્યે ઉદાસીનતા આવી જાય. એક નિજ સ્વભાવ પ્રત્યે જ પ્રેમ ઉત્પન્ન થઇ જાય. જ્ઞાન અને વૈરાગ્ય વિના રત્નત્રય ધર્મનો સ્વાદ નહિ આવે. મોક્ષના સુખનો ઉપાય નિજ આત્માનું સુખ અથવા વેદન છે. આત્માનંદનો અનુભવ જ ધ્યાનાગ્નિ છે જે કર્મોને બાળી દે છે. મુમુક્ષુએ જિનવાણીનો અભ્યાસ કરીને આત્મા અને પરપદાર્થોને સારી રીતે જાણવા યોગ્ય છે. જાણીને પરમ સમભાવી થવું. જેમ સૂર્યનું કામ કેવળ જગતનો પ્રકાશ કરવાનું છે, કોઇ પ્રત્યે રાગદ્વેષ કરવાનું નથી, સમભાવે પદાર્થોને યથાર્થ જાણવાનો છે, કોઇ પ્રત્યે રાગદ્વેષ કરવાનો નથી. જે સમભાવમાં સ્થિર રહીને નિજ આત્માનું ધ્યાન કરે છે તે જ નિર્વાણનું સુખ પામે છે,

શ્રી બૃહત્ સામાયિક પાઠમાં કહ્યું છે -

**भवति भविनः सौख्यं दुःखं पुराकृतकर्मणः**
**स्फुरति हृदये रागोद्वेषः कदाचन मे कथं ।**

**मनसि समतां विज्ञायेत्थं तयोर्विदधाति यः**
**क्षपयति सुधीः पूर्व्वं पापं चिनोति न नूतनं ॥१०२॥**

**ભાવાર્થ** : પ્રાણીને સાંસારિક સુખ દુઃખ પોતાના પૂર્વે બાંધેલા કર્મોના ઉદયથી થાય છે. તો જ્ઞાનીના મનમાં કઇ રીતે રાગદ્વેષ ઉત્પન્ન થઇ શકે ? જ્ઞાની રાગદ્વેષનું સ્વરૂપ જાણીને તેમનો ત્યાગ કરી મનમાં સમતા ધારણ કરે છે. આ જ ઉપાયથી તે પૂર્વ પાપનો નાશ કરે છે અને નવા કર્મનો સંગ્રહ કરતો નથી.

## પરમ સમાધિ શિવસુખનું કારણ છે

**वज्जिय सयल-वियप्पइँ, परम-समाहि लहंति ।**
**जं विंदहिं साणंदु क वि, सो सिव-सुक्खँ भणंति ॥९७॥**

**તજી કલ્પના જાણ સૌ, પરમ સમાધિલીન;**
**વેદે જે આનંદને, શિવસુખ કહેતા જિન. ૯૭.**

**અન્વયાર્થ** : ( **सयल-वियप्पइं वज्जिय** ) સર્વ વિકલ્પોનો ત્યાગ કરીને ( **परम समाहि लहंति** ) જે પરમ સમાધિ પ્રાપ્ત કરે છે ( **जं कवि साणंदु विंदहि** ) તે કાંઇક આનંદનો અનુભવ કરે છે, ( **सो सिव सुक्खँ भणंति** ) આ જ સુખને મોક્ષનું સુખ કહે છે.

**ભાવાર્થ** : મોક્ષનું સુખ આત્માનુ પૂર્ણ સ્વાભાવિક સુખ છે જે સિદ્ધોને સદાકાળ નિરંતર અનુભવમાં આવે છે. આવા સુખનો ઉપાય પણ આત્મિક આનંદનો અનુભવ કરવો તે છે. સુખી આત્મા જ પૂર્ણ સુખી થાય છે. આત્મિક સુખનો સ્વાદ પ્રાપ્ત કરવાનો ઉપાય પોતાના જ શુદ્ધ આત્મામાં નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ કરવી તે છે.

તત્ત્વજ્ઞાનીને માટે યોગ્યછે કે તે પહેલાં ગાઢ વિશ્વાસ કરે કે હું જ સિદ્ધ સમાન શુદ્ધછું. મારું દ્રવ્ય કદી સ્વભાવ રહિત થયું નથી. કર્મોના મેલથી સ્વભાવ રોકાઇ ગયો છે પરંતુ અંદરથી નાશ પામ્યો નથી. જેમ માટી મળવાથી પાણીની નિર્મળતા ઢંકાઇ જાયછે, નાશ પામતી નથી. ફટકડી નાખવાથી માટી નીચે બેસી જાયછે અને પાણી સ્વચ્છ દેખાયછે. આ આત્મા અનાદિથી આઠ પ્રકારના કર્મો સાથે મળેલો છે તો પણ પોતાનો સ્વભાવ ટકી રહ્યો છે. સમ્યગ્દષ્ટિ જીવ શુદ્ધ નિશ્ચયનય દ્વારા પોતાના આત્મા સાથે રહેલા સર્વ સંયોગો દૂર કરીને આત્માને શુદ્ધ દેખે છે.

આગમજ્ઞાનની શ્રદ્ધાથી જ્યારે પોતાના આત્માને વારંવાર શુદ્ધ ભાવવામાં આવે છે ત્યારે ભાવનાના દઢ સંસ્કારથી રુચિ ગાઢ થઈ જાય છે. આ જ સમ્યકત્વ છે. તે વખતે ઉપયોગ સ્વયં પરથી છૂટીને પોતાના આત્મામાં સ્થિર થઈ જાય છે. સ્વાનુભવની કળા સમ્યકત્વ થતાં જ જાગી જાય છે. એ વખતે શરીર સ્થિર હોય છે, વચન વિલાસ હોતો નથી મનનું ચિંતવન બંધ થઇ જાય છે. જ્યારે વિકલ્પરહિત પરમ સમાધિ થાય છે તે જ વખતે આત્મિક આનંદનો સ્વાદ આવે છે. આનાથી કર્મની નિર્જરા પણ અધિક થાય છે. એને જ ધ્યાનાગ્નિ કહે છે.

સમ્યગ્દષ્ટિને સ્વાનુભવ કરવાની રીત મળી જાય છે. એને જ મોક્ષનો ઉપાય જાણીને સમ્યગ્દષ્ટિ વારંવાર સ્વાનુભવનો અભ્યાસ કરીને આત્માનંદનો ભોગ કરે છે. જો કોઈ સમ્યગ્દષ્ટિ નિર્ગ્રંથ મુનિ હોય અને વજ્રવૃષભનારાચ સંહનનના ધારક હોય અને તેને સ્વાનુભવ યથાયોગ્ય એક અંતર્મુહૂર્ત સુધી ટકી રહે તો તે ચાર ઘાતીકર્મોનો ક્ષય કરીને પરમાત્મા થઈ જાય. એકી સાથે અનંત જ્ઞાન, અંનત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય પ્રગટ કરી લે.

આત્માના પુરુષાર્થની નબળાઈથી બધા જ સમ્યગ્દષ્ટિ આ પ્રમાણે કરી શકતા નથી. જો તેઓ શક્તિ અનુસાર ઘરમાં રહેતા હોય છે તો સમય કાઢીને આત્માનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે. અધિક સમય સુધી સામાયિક થઈ શકતી નથી તેથી સમ્યગ્દષ્ટિ ગૃહસ્થ લાંબા સમય સુધી જિનપૂજા કરે છે, જિનેન્દ્રના ગુણગાન કરતાં કરતાં તે સ્વાનુભવ પામી જાય છે. કોઈ વાર અધ્યાત્મ ગ્રંથોનું મનન કરે છે, કોઈ વાર અધ્યાત્મની ચર્ચા કરે છે, કોઈ વાર આધ્યાત્મિક ભજન ગાય છે.

પરિણામોને પાપભાવથી બચાવવા માટે શ્રાવક બાર વ્રતોનું પાલન કરે છે. નિરાકુળ સ્વચ્છ ભાવ થતાં જ સ્વાનુભવનો કાળ અધિક રહે છે. જ્યારે વૈરાગ્ય વધી જાય છે ત્યારે સમ્યગ્દષ્ટિ ગૃહત્યાગ કરીને સાધુ થઈ જાય છે. ત્યાં પરિગ્રહનો ત્યાગ હોવાથી અને આરંભ ન કરતા હોવાથી નિરાકુળતા વિશેષ પ્રાપ્ત થાય છે. ક્ષોભરહિત મન જ નિશ્ચયનય દ્વારા સર્વ જીવોને સમાન જોઈને રાગદ્વેષને જીતે છે. વીતરાગી થઈને વારંવાર આત્માનુભવ કરે આત્માનુભવથી સાચો આત્મિક આનંદ પામે છે. આ જ ઉપાયથી આ સાધક મોક્ષમાર્ગને પાર કરતો થકો આગળ વધતો જાય છે. અને કોઈને કોઈ સમયે નિર્વાણની પ્રપ્તિ કરી લે છે.

શ્રી તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**समाधिस्थेन यद्यात्मा बोधात्मा नाऽनुभूयते ।**
**तदा न तस्य तद्ध्यानं मूर्छावान्मोह एव सः ॥१६९॥**

**तदेवानुभवँश्चायमेकाग्रय परमृच्छति ।**
**तथात्माधीनमानंदमेति वाचामगोचरं ॥१७०॥**

**ભાવાર્થ** : સમાધિભાવમાં સ્થિર થઈને જો જ્ઞાન સ્વરૂપ આત્માનો અનુભવ ન થાય તો તેને ધ્યાન નથી. તે મૂર્છાવાન અથવા મોહી છે. જ્યારે ધ્યાન કરતાં આત્માનો અનુભવ પ્રગટ થાય છે ત્યારે પરમ એકાગ્રતા થાય છે અને ત્યારે જ તે વચનથી અગોચર આત્મિક આનંદનો સ્વાદ ભોગવે છે.

## આત્મધ્યાન ચાર પ્રકારનું છે

जो पिंडत्थु पयत्थु बुह, रूवत्थु वि जिण-उत्तु ।
रूपातीतु मुणेहि लहु, जिम परु होहि पवित्तु ॥९८॥

**જે પિંડસ્થ, પદસ્થ ને રૂપસ્થ, રૂપાતીત;**
**જાણી ધ્યાન જિનોક્ત એ, શીઘ્ર બનો સુપવિત્ર. ૯૮.**

**અન્વયાર્થ** : **( बुह )** હે ! પંડિત **( जण-उत्तु जी पिंडत्थु पयत्थु वि रुपातीतु मुणेहि )** જિનેન્દ્ર દ્વારા કહેવામાં આવેલા જે પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાંતીત ધ્યાન છે, તેમનું મનન કર, **( जिम लहु परु पवित्तु होहि )** જેથી તું શીઘ્ર જ પરમ પવિત્ર થઈ જઈશ.

**ભાવાર્થ** : જેમ મેલુ વસ્ત્ર ધ્યાનપૂર્વક ચોળવાથી સ્વચ્છ થાય છે તેવી જ રીતે આ અશુદ્ધ આત્મા આત્માના ધ્યાનથી શુદ્ધ થઈ જાય છે. ધ્યાન કરવાની અનેક રીતો છે. જ્ઞાનાર્ણવ નામના ગ્રંથમાં પિંડસ્થ આદિ ચાર પ્રકારના ધ્યાનોનું વિસ્તારથી વર્ણન છે. તે અહીં સંક્ષેપમાં કહેવામાં આવે છે.

(૧) પિંડસ્થ-પિંડ શરીરને કહે છે. તેમાં વિરાજિત આત્માનું ધ્યાન તે પિંડસ્થ ધ્યાન છે. તેની પાંચ ધારણા છે-પૃથ્વી, અગ્નિ, પવન, જળ, તત્ત્વ રૂપવતી.

(૧) પૃથ્વી ધારણા-ધ્યાન કરનાર એમ વિચારે કે મધ્યલોક એક ક્ષીરસાગર છે. તેની વચ્ચે જંબૂદ્વીપ જેવડું એક હજાર પાંખડીઓવાળું એક કમળ છે. તે કમળની વચ્ચે મેરુ પર્વત જેવડી કર્ણિકા છે. મેરુ પર્વતના પાંડુક વનમાં પાંડુક શિલા છે. તેના ઉપર સ્ફટિક મણિનું સિંહાસન છે. તેના ઉપર હું કર્મોનો ક્ષય કરવા માટે પદ્માસનમાં બેઠો છું. આટલું સ્વરૂપ ધ્યાનમાં જમાવવું તે પૃથ્વી ધારણા છે.

(૨) અગ્નિધારણા-આ જ ધ્યાતા ત્યાં જ બેઠો બેઠો એમ વિચારે કે મારી નાભિની (દૂંટીની) જગ્યાએ એક સોળ પાનવાળું કમળ છે. તેની ઉપર સોળ સ્વર લખ્યા છે. અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ॠ, ઌ, ૡ, એ, ઐ, ઔ, અં, અઃ, કમળની વચ્ચે ર્હં અક્ષર લખેલો છે. બીજું કમળ હૃદય સ્થાનમાં નીચેના કમળની ઉપર ઊંધા આઠ પાંદડાવાળુ કલ્પવુ. આ જ જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મ છે એમ જાણવું. ર્હંની રેષામાંથી ધૂમાડો નીકળ્યો અને પછી તેમાંથી અગ્નિની જવાળા ઊઠી અને તે કર્મોના કમળને બાળવા લાગી.

આ જ અગ્નિની એક શિખા મસ્તક ઉપર આવી અને શરીરને ચારે બાજુ ત્રિકોણરૂપે ફેરવાઈ ગઈ, આ ત્રિકોણમાં ૨ ૨ ૨ ૨ ૨ ૨ અગ્નિમય પ્રાપ્ત છે. બહારના ત્રણ ખૂણા ઉપર

અગ્નિમય સ્વસ્તિક અને અંદર ત્રણ ખૂણા ઉપર ૐ ર્હં અગ્નિમય લખેલ હોય એમ વિચારવું. આ બહારની અગ્નિ શરીરને બાળી રહી છે. આ રીતે શરીર અને કર્મ બળીને રાખ થઈ રહ્યાં છે એવું ધ્યાન કરવું.

(૩) પવન ધારણા - પછી એમ વિચારવું કે પવન વેગથી ચાલીને મારી ચારે બાજુએ વાવા લાગ્યો છે. તેમાં ગોળ વર્તુળ બની ગયું છે. તેમાં સ્વાય સ્વાય લખેલું છે. એમ વિચારવું. આ વર્તુળ રાખને ઉડાડી મૂકે છે અને આત્મા સ્વચ્છ થઈ રહ્યો છે એમ વિચારવું.

(૪) જળ ધારણા-કાળા કાળા વાદળોમાંથી વરસાદ વરસી રહ્યો છે. અર્ધચંદ્રાકાર જળનું મંડલ મારા ઉપર રચાઈ ગયું છે. તેની ઉપર પ પ પ પ પ લખ્યું છે. આ જળની ધારાઓ મારા આત્માને ધોઈ રહી છે, બધી જ રજ દૂર થઈ રહી છે એમ વિચારવું.

(૫) તત્ત્વ રૂપવતી ધારણા-હવે આત્મા બિલકુલ સ્વચ્છ થઈ ગયો છે. ત્યાં પરમ શુદ્ધ શરીર પ્રમાણ આત્માને દેખવો. એ જ પિંડસ્થ ધ્યાન છે.

(૨) પદસ્થ ધ્યાન-પદો દ્વારા આત્માનું ધ્યાન કરવું. જેમ કે ૐ અથવા હં ને મસ્તક ઉપર, બંને ભ્રમરની વચ્ચે, નાકની અણી ઉપર, મોઢામાં, ગળામાં, હૃદયમાં અથવા નાભિમાં બિરાજમાન કરીને દેખવા અને પંચપરમેષ્ઠીના ગુણોનો કોઈ કોઈવાર વિચાર કરવો. એક આઠ પાંદડીવાળા કમળનો હૃદયમાં વિચાર કરવો. એક એક પાન ઉપર ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આઈરિયાણં, ણમો ઉવજ્ઝાણં, ણમો લોએસવ્વસાહૂણં. સમ્યગ્દર્શનાય. નમઃ, સમ્યગ્જ્ઞાનાય નમઃ, સમ્યક્ ચારિત્રાય નમઃ આ આઠ પદોને વિરાજિત કરીને એક એક પદનું ધ્યાન ક્રમપૂર્વક કરવું.

(૩) રૂપસ્થ ધ્યાન-પોતાને સમવસરણમાં શ્રી અરિહંત ભગવાનની સામે ઊભેલો જોવો. અરિહંત ભગવાન પદ્માસને પરમ શાંત વિરાજિત છે તેમના સ્વરૂપનું દર્શન કરવું. અથવા કોઈ ધ્યાનમય તીર્થંકરની પ્રતિમાને મનમાં લાવી તેનું ધ્યાન કરવું.

(૪) રૂપાતીત-સિદ્ધ ભગવાનના પુરુષાકાર જ્ઞાનાનંદમય સ્વરૂપનું ધ્યાન કરવું. જ્યારે મન એકાગ્ર થાય છે ત્યારે વીતરાગતા પ્રગટ થાય છે. ત્યારે ખૂબ કર્મો ખરી જાય છે. આત્મા આત્મધ્યાનના ઉપાય વડે જ પરમ પવિત્ર પરમાત્મા થઈ જાય છે.

શ્રી તત્ત્વાનુશાસનમાં કહ્યું છે -

**येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित् ।**
**तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा ॥१९१॥**

**ભાવાર્થ** : જે ભાવે અને જે રૂપે આત્મજ્ઞાની આત્માનું ધ્યાન કરે છે તેની સાથે તે તન્મય થઇ જાય છે, જેમ રંગની ઉપાધિ સાથે સ્ફટિક મણિ તન્મય થઇ જાય છે તેમ.

## સામાયિક ચારિત્રનું કથન

**सव्वे जीवा णाणमया, जो सम-भाव मुणेइ ।**
**सो सामाइउ जाणि फुडु, जिणवर एम भणेइ ॥९९॥**

**સર્વ જીવ છે જ્ઞાનમય, એવો જે સમભાવ;**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૯૯.**

**અન્વયાર્થ** : ( **सव्वे जीवा णाणमया** ) બધા જ જીવ જ્ઞાનસ્વરૂપી છે એમ ( **जो सम-भाव मुणेइ** ) જે કોઇ સમભાવનું મનન કરે છે ( **सो फुडु सामाइउ जाणि** ) તેને જ પ્રગટપણે સામાયિક જાણો ( **सए जिणवर भणेइ** ) એમ શ્રી જિનેન્દ્ર કહે છે.

**ભાવાર્થ** : સમભાવની પ્રાપ્તિને સામાયિક કહે છે. આ ભાવ ત્યારે જ સંભવિત બને જ્યારે આ વિશ્વને નિશ્ચયનયથી અથવા દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે. પર્યાયાર્થિક અથવા વ્યવહારનયની દૃષ્ટિ બંધ કરી દેવામાં આવે. જગતમાં જુદા જુદા ભેદ પર્યાયની અપેક્ષાએ દેખાય છે. ચાર ગતિ નામકર્મના ઉદયથી જીવ નારકી, પશુ, મનુષ્ય અને દેવરૂપે દેખાય છે.

જાતિ નામકર્મના ઉદયથી એકેન્દ્રિય, દ્વેન્દ્રિય, તેન્દ્રિય, ચૌન્દ્રિય, પંચેન્દ્રિય જીવ દેખાય છે. જીવોની અંતરંગ અને બહિરંગ અવસ્થાઓ આઠ કર્મોના ઉદયથી વિચિત્ર દેખાય છે. મોહનીય કર્મના ઉદયથી જીવ શરીરાસક્ત, ક્રોધી, માની, માયાવી, લોભી, હાસ્ય સહિત, રતિવાન, શોકાકુળ, અરતિવાન, ભયભીત, જુગુપ્સા સહિત, સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી, તીવ્રકષાયી, મન્દકષાયી, પાપી કે પુણ્યાત્મા દેખાય છે. હિંસક, દયાળુ, અસત્યવાદી, સત્યવાદી, ચોર કે ઈમાનદાર, કુશીલસેવક કે બ્રહ્મચારી, પરિગ્રહવાન અને પરિગ્રહરહિત, મોહની તીવ્રતાથી અથવા મંદતાથી દેખાય છે. જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ ઓછો કે અધિક હોવાથી કોઇ મંદ જ્ઞાની, કોઈ તીવ્ર જ્ઞાની, કોઇ શાસ્ત્રોના વિશેષજ્ઞાતા, કોઇ અલ્પજ્ઞાતા, કોઇ શીઘ્ર સ્મૃતિવાળો, કોઈ અલ્પ સ્મૃતિવાળો દેખાય છે.

દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી કોઈ ચક્ષુરહિત અને કોઈ ચક્ષુવાળા દેખાય છે. અંતરાય કર્મના ક્ષયોપશમથી કોઈ વિશેષ આત્મબળવાળા, કોઈ ઓછા આત્મબળવાળા દેખાય છે. ભિન્ન ભિન્ન જીવોના ભિન્ન ભિન્ન પ્રકારના પરિણામ ઘાતી કર્મોના કારણે દેખાય છે. આયુષ્ય કર્મના ઉદયથી કોઇ દીર્ધાયુ, કોઈ અલ્પાયુ દેખાય છે. કોઈ જન્મે છે, કોઇ મરે છે. નામ કર્મના કારણે કોઇ

સુંદર, કોઇ અસુંદર, કોઈ સુડોળ શરીરવાળા; કોઈ કુડોળ શરીરવાળા, કોઇ બળવાન, કોઈ નિર્બળ, કોઇ રોગી, કોઇ નીરોગી, કોઇ સ્ત્રી, કોઇ પુરુષ, કોઈ અંધ, કોઇ બહેરા, કોઇ કાંણા, કોઇ લંગડા, કોઇ સુંદર ચાલવાળા, કોઈ ખરાબ ચાલવાળા દેખાય છે. ગોત્ર કર્મના ઉદયથી કોઇ ઊંચ કુળવાન, કોઇ નીચ કુળવાળા દેખાય છે.

વેદનીય કર્મના ઉદયથી કોઈ ધનવાન, કોઈ નિર્ધન, કોઈ મોટા કુટુંબવાળા, કોઈ કુટુંબરહિત, કોઈ ઈંદ્રિયભોગ સમ્પન્ન, કોઈ ભોગરહિત, કોઈ વિશાળ મકાનમાં વસનાર, કોઈ વૃક્ષ તળે વસનાર, કોઈ વસ્ત્રાભૂષણ સહિત, કોઈ આભૂષણ રહિત, કોઈ સુખી અને કોઈ દુઃખી દેખાય છે. આઠ કર્મોના ઉદયથી આ જગતનું નાટક થઇ રહ્યું છે. પ્રાણી ઈંદ્રિયના વિષયોના લોભી છે અને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞાઓમાં મૂઢ છે. આ કારણે ઇષ્ટ પદાર્થોમાં રાગ અને અનિષ્ટ પદાર્થોમાં દ્વેષ કરે છે.

વ્યવહાર દૃષ્ટિ રાગદ્વેષ થવાનું નિમિત્ત સામે રાખે છે. નિશ્ચયદૃષ્ટિથી બધા જ જીવ ચાહે સિદ્ધ હોય કે સંસારી હોય, સમાન જ દેખાય છે. કર્મરહિત, શરીરરહિત, રાગદ્વેષરહિત બધા જ સરખા જ્ઞાની, પરમ સુખી, પરમ સંતોષી, પરમ શુદ્ધ, એકાકાર દેખાય છે. જેટલા ગુણ એક આત્મામાં છે એટલા જ ગુણ બીજા આત્માઓમાં છે. દરેક જીવની સત્તા જુદી જુદી હોવા છતાં પણ સ્વભાવે સૌ સમાન દેખાય છે. સર્વ પુદ્ગલો પરમાણુરૂપ દેખાય છે. ધર્મ, અધર્મ, આકાશ, કાળ આ ચાર અમૂર્તિક દ્રવ્ય સ્વભાવરૂપ પ્રકાશે છે. નાના-મોટા, સુંદર-અસુંદર, સ્વામી-સેવક, આચાર્ય-શિષ્ય, પૂજ્ય-પૂજક આદિ સર્વ ભેદ ઊડી જાય છે.

જે કોઇ આ રીતે આ દૃષ્ટિએ જુએ છે તેને જ રાગદ્વેષનો વિકાર દૂર થઈ જાય છે, તે સમભાવમાં આવી જાય છે. આ રીતે સમભાવ લાવીને ધ્યાતા જ્યારે પર જીવો તરફથી ઉપયોગ ખસેડીને કેવળ પોતાના સ્વભાવમાં જોડે છે ત્યારે નિશ્ચળ થઈ જાય છે, આત્મસ્થ થઈ જાય છે, આત્માનુભવમાં આવી જાય છે ત્યારે જ પરમ નિર્જરાના કારણરૂપ સામાયિક ચારિત્રનો પ્રકાશ થાય છે. વિકલ્પરહિત ભાવમાં રહેવું તે જ સામાયિક છે, એ જ મુનિપદ છે એ જ મોક્ષમાર્ગ છે, એ જ રત્નત્રયની એકતા છે.

શ્રી યોગેન્દ્રદેવ અમૃતાશીતિમાં કહે છે -

**सत्साम्यभावगिरिगह्वरमध्यमेत्य**
**पद्मासनादिकमदोषमिदं च बद्ध्वा ।**
**आत्मानमात्मनि सखे ! परमात्मरूपं**
**त्वं ध्याय वेत्सि ननु येन सुखं समाधेः ॥२८॥**

**ભાવાર્થ** : હે મિત્ર ! સાચા સામ્યભાવની ગુફાની મધ્યમાં બેસીને અને નિર્દોષ પદ્માસન આદિ બાંધીને પોતાના જ એક આત્મામાં પોતાના જ પરમાત્મા સ્વરૂપ આત્માને તું ધ્યા. જેથી તું સમાધિનું સુખ અનુભવી શકે.

## રાગ દ્વેષનો ત્યાગ તે સામાયિક છે

**राय-रोस बे परिहरि वि, जो समभाउ मुणेइ ।**
**सो सामाइउ जाणि फुडु, केवलि एम भणेइ ॥१००॥**

**રાગ-દ્વેષ બે ત્યાગીને ધારે સમતાભાવ;**
**તે સામાયિક જાણવું, ભાખે જિનવરરાવ. ૧૦૦.**

**અન્વયાર્થ** : (**जो राग-रोस बे परिहरिवि समभाउ मुणेइ**) જે કોઈ રાગદ્વેષનો ત્યાગ કરીને સમભાવની ભાવના કરે છે (**सो फुडु सामाइउ जाणि**) તેને પ્રગટપણે સામાયિક જાણો (**एम केवलि भणेइ**) એમ કેવળી ભગવાને કહ્યું છે.

**ભાવાર્થ** : રાગદ્વેષનો ત્યાગ જ સામાયિક છે. મિથ્યાદષ્ટિ અજ્ઞાની શરીર અને ઈંદ્રિયોના વિષયોના રાગી હોય છે તેથી જેનાથી પોતાનો મનોરથ સિદ્ધ થતો જાણે છે તેના પ્રત્યે પ્રીતિ કરે છે અને જેના તરફથી બાધા થાય એવી શંકા હોય છે તેના તરફ દ્વેષ કરે છે. તે કદી રાગદ્વેષથી છૂટતો નથી. ઘોર તપ કરતો હોવા છતાં પણ તે કષાયની કાલિમાથી મુક્ત થતો નથી.

સમ્યગ્દષ્ટિનો ભાવ બદલાઈ જાય છે. તે સંસારના સુખનો શ્રદ્ધાવાન રહેતો નથી. તેને અતીન્દ્રિય આત્મિક આનંદની ગાઢ શ્રદ્ધા હોય છે. તે એક માત્ર સિદ્ધ દશાનો જ પ્રેમી રહે છે. તે સંસાર, શરીર અને ભોગો પ્રત્યે સંપૂર્ણ વિરક્ત થઈ જાય છે. પરમાણુ માત્ર પણ રાગ સાંસારિક પદાર્થો તરફ તેનામાં રહેતો નથી. તે જગતની અવસ્થાઓને સમભાવે જુએ છે. સર્વ સાંસારિક જીવોમાં જે જે અંદર અને બહાર દશા વર્તે છે તે તેમની સ્વયં પરિણમન શકિત અને કર્મોના ઉદય, ઉપશમ, ક્ષય કે ક્ષયોપશમને આધીન છે. બીજો જીવ કોઈ તે દશાને બળાત્કારે બદલાવી શકતો નથી. નિમિત્ત કારણ માત્ર એકબીજાના પરિણમનથી થઈ શકે છે, તો પણ અંતરંગ નિમિત્ત અને ઉપાદાન દરેકનું દરેકની પાસે સ્વતંત્ર છે. આવો વસ્તુ સ્વભાવ જાણીને જ્ઞાની જીવ પોતાના જીવનમાં અને મરણમાં, દુઃખસુખમાં કે અન્ય કોઈ કાર્યમાં સમભાવ રાખે છે. કર્મોના સારા કે ખરાબ ફળ તે સમભાવથી ભોગવી લે છે.

બીજાના જીવનમરણમાં, સુખદુઃખમાં કે અન્ય કોઈ કાર્યમાં પણ સમભાવ રાખે છે, રાગદ્વેષ કરીને આકુળવ્યાકુળ થતા નથી. જો પોતાની સ્ત્રીનું, કે પુત્રપુત્રીનું મરણ થઈ જાય અથવા

બીજા કોઈ મિત્ર કે સગાનું મરણ અથવા વિયોગ થઈ જાય તો જ્ઞાની સમભાવથી જોઇને આકુળિત થતા નથી. તે જાણે છે કે સર્વ જીવોને સુખ દુઃખ અને તેમના જીવનમરણ તેમના જ પોતાના કર્મોના ઉદય અનુસાર થાય છે. કર્મોના ઉદયને કોઈ મટાડી શકતું નથી.

પોતાના જીવનની અથવા બીજાના જીવનની સ્થિતિ જોઇને રાગદ્વેષ કરતા નથી. જેમ સૂર્યનું ઉગવું, પ્રકાશનું ફેલાવું, પ્રકાશનું ઓછું થવું કે અંધકાર ફેલાઈ જવો એ બધું સૂર્યના વિમાનની ગતિના સ્વભાવના કારણે છે. જ્ઞાની જીવ કદી એ વિચાર નથી કરતા કે દિવસ લાંબો થઇ જાય તો સારું અથવા રાત્રિ ઘટી વધી જાય તો સારું થાય, પ્રકાશ સદાય ટકી રહો અને અંધકાર કદી ન થાવ એવા રાગદ્વેષ જ્ઞાની કદી કરતા નથી. તેઓ તો સૂર્યનું પરિણમન સમભાવથી જુએ છે. એવી જ રીતે જગતમાં પરમાણું જેવા અનેક સ્કંધ બને છે. સ્કંધોમાંથી અનેક પરમાણુ બને છે. પુદ્‌ગલના કાર્ય તેમના સ્વભાવથી થયા કરે છે. જેમ કે પાણીની વરાળ થવી, તેમાંથી વાદળાં બંધાવા પાણીરૂપે વરસવું, નદીનું વહેવું, માટીના ઢગ થવા, તોફાનનું આવવું, ધરતી કંપ થવો, વીજળીનું ચમકવું, પર્વતોના ચૂરેચૂરા થઈ જવા, મકાનોનું પડવું, જંગલમાં વૃક્ષોનું ઉત્પન્ન થવું. જંગલમાં આગ લાગવી વગેરે અનેક પ્રાકૃતિક કાર્ય થયા કરે છે, તેમાં પણ જ્ઞાની રાગદ્વેષ નથી કરતા. તેમને સમભાવથી જોયા કરે છે. જગતનું ચરિત્ર એક નાટક છે. જ્ઞાની તે નાટક તેના સ્વામી થઈને જોતા નથી, માત્ર તેમના જ્ઞાતાદૃષ્ટા રહીને દેખે છે. નાટકની અંદર હાનિ કે લાભ જોઈને જ્ઞાની સમભાવ રાખે છે, જે સમભાવથી પોતાના પરિણમનને અને બીજાઓના પરિણમનને દેખે છે, તેના પૂર્વકર્મો ફળ આપીને ખરી જાય છે, તેમને નવાં પાપકર્મોનો બંધ થતો નથી અને થાય તો અતિ અલ્પ થાય છે. તે જ જ્ઞાનીને સામાયિક ચારિત્રનું પાલન છે. આવા સમભાવના ધારક જ્ઞાની ગૃહસ્થ સામાયિક શિક્ષાવ્રત અને મુનિ સામાયિક ચારિત્રના પાલક છે.

શ્રી સમયસાર કળશમાં કહ્યું છે-

**इति वस्तु स्वभावं स्वं ज्ञानी जानाति तेन सः ।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः ॥१७६॥**

**ભાવાર્થ** : જ્ઞાની આવી રીતે સર્વ વસ્તુઓના સ્વભાવને અને પોતાની જાતને બરાબર જાણે છે તેથી પોતામાં રાગદ્વેષ ભાવ કરતા નથી, સમભાવથી રહે છે તેથી તે રાગદ્વેષના કર્તા થતા નથી, ચારિત્ર મોહનીયના ઉદયથી થતા વિચારને કર્મોના ઉદયરૂપ રોગ જાણે છે, તેને મટાડવાનો તે ઉધમ પણ કરે છે.

## છેદોપસ્થાપના ચારિત્ર

**हिंसादिउ-परिहारु करि, जो अप्पा हु ठवेइ ।**
**सो वियउ चारित्तु मुणि, जो पंचम-गइ णेइ ॥१०१॥**

**હિંસાદિકના ત્યાગથી, આત્મસ્થિતિકર જેહ;**
**તે બીજું ચારિત્ર છે, પંચમ ગતિકર તેહ. ૧૦૧.**

**અન્વયાર્થ**- ( **जो हिंसादिउ-परिहारु करि अप्पा हु ठवेइ** ) જે કોઇ હિંસા આદિ પાપોનો ત્યાગ કરીને આત્માને સ્થિર કરે છે ( **सो वियउ चारित्तु मुणि** ) તે બીજા ચારિત્રના ધારક છે એમ જાણો. ( **जो पंचम-गइ णेइ** ) આ ચારિત્ર જીવને પંચમગતિમાં લઇ જાય છે.

**ભાવાર્થ** : અહીં સાધકો દ્વારા સાધવાયોગ્ય પાંચ ચારિત્રમાંથી બીજા છેદોપસ્થાપના નામના ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે. સામાયિક ચારિત્ર પહેલું છે. તેને ધારણ કરનાર સાધુ નિર્વિકલ્પ સમાધિમાં અને સમભાવમાં લીન રહે છે. ત્યાં ગ્રહણત્યાગનો વિચાર થઈ શકતો નથી.

સ્વાનુભવ થવો અથવા આત્મસ્થ રહેવું તે જ સામાયિક છે. પરંતુ આ દશા એક અંતર્મુહૂર્તથી અધિક આત્મજ્ઞાની છદ્મસ્થને થવી અસંભવ છે. ઉપયોગ ચંચળ થઇ જાય છે ત્યારે અશુભ ભાવોથી બચવા માટે વ્યવહાર ચારિત્રનો વિકલ્પ થાય છે. વ્યવહાર ચારિત્રના આલંબનથી સાધુ ફરી અંતર્મુહૂર્ત પછી આત્મામાં લીન થઇ જાય છે. પ્રમત્ત ભાવમાં પણ તે અંતર્મુહૂર્તથી વધારે સમય રહેતા નથી.

સામાયિકનો છેદ થતાં ફરી સામાયિકમાં સ્થિર થવું તે જ છેદોપસ્થાપના ચારિત્ર છે. નિશ્ચય ચારિત્ર સામાયિક છે, તેથી ઉપયોગ ખસતાં જે વ્યવહાર ચારિત્ર દ્વારા ફરીથી નિશ્ચય ચારિત્રમાં અવાય એ છેદોપસ્થાપના ચારિત્ર છે. એ સવિકલ્પ છે. નિશ્ચય ચારિત્ર નિર્વિકલ્પ છે. આ ભેદરૂપ ચારિત્રમાં સાધુ અઠાવીસ મૂળ ગુણોની સંભાળ રાખે છે.

પાંચ અહિંસાદિ વ્રત-આરંભી અને સંકલ્પી હિંસાનો મન, વચન,કાયા, કૃત, કારિત, અનુમોદનાથી પૂર્ણપણે...ત્યાગ, ભાવમાં રાગદ્વેષ રહિત રહેવાનું અને બહારમાં પ્રાણીમાત્રના રક્ષણનો ઉધમ કરવો એ અહિંસા મહાવ્રત છે.

જિનવાણીથી વિરુદ્ધ ન હોય એવું વચન યથાર્થપણે કહેવું. સત્ય ધર્મની રક્ષા કરીને બોલવું તે સત્ય મહાવ્રત છે.

બીજાને પીડા ઉપજાવનાર, આરંભ કરાવનાર, સર્વ વચનોથી વિરકત રહેવું, અહિંસા પોષક અને વીતરાગતાવર્ધક વચન કહેવા તે સત્ય મહાવ્રત છે.

બીજાએ આપી ન હોય તેવી કોઈ પણ વસ્તુનું બુદ્ધિપૂર્વક પ્રમાદભાવે ગ્રહણ ન કરવું. ચોરીના સર્વ પ્રકારના દોષોથી બચવું તે અચૌર્ય મહાવ્રત છે.

સ્ત્રી, દેવી, તિર્યંચણી, ચિત્રમાં દોરેલી આ ચાર પ્રકારની સ્ત્રીઓના સંબંધમાં મન, વચન, કાયા, કૃત, કારિત, અનુમોદનાથી કુશીલનો ત્યાગ, સરળ નિર્વિકાર શીલ સ્વભાવે રહેવું, કામવિકારના આક્રમણથી બચવું તે બ્રહ્મચર્ય મહાવ્રત છે.

ચેતન-અચેતન સર્વ પ્રકારના પરિગ્રહનો ત્યાગ કરીને આકિંચન્ય ભાવે રહીને સર્વ પ્રકારની મૂર્ચ્છાનો ત્યાગ કરવો તે પરિગ્રહત્યાગ મહાવ્રત છે.

આ પાંચ મહાવ્રતોના રક્ષણ માટે બાકીના તેવીસ ગુણો સાધુ પ્રાપ્ત કરે છે.

પાંચ સમિતિ : ચાર હાથ ભૂમિ આગળ જોઈને દિવસે શુદ્ધ અને કોઈ ચાલ્યું હોય તેવી ભૂમિ ઉપર ચાલવું તે ઈર્યા સમિતિ છે.

મિષ્ટ, હિતકારી, સભ્ય વચન બોલવું, કર્કશ, મર્મચ્છેદક વચન ન કહેવું તે ભાષાસમિતિ છે,

ભિક્ષાવૃતિથી શ્રાવક દાતા દ્વારા ભકિતપૂર્વક આપવામાં આવેલું શુદ્ધ ભોજન સંતોષથી ગ્રહણ કરવું તે એષણા સમિતિ છે.

શરીર, પીંછી, કમંડળ, શાસ્ત્રાદિ જોઈને લેવા મૂકવાં તે આદાનનિક્ષેપણ સમિતિ છે.

મળ, મૂત્રાદિ જંતુરહિત જમીન ઉપર ત્યાગવા તે ઉત્સર્ગ સમિતિ છે.

પાંચ ઈંદ્રિય નિરોધ -

સ્પર્શન, રસના, ઘ્રાણ, ચક્ષુ અને કાન આ પાંચ ઈંદ્રિયોના વિષયોની ઇચ્છા રોકવી, ઈંદ્રિય ભોગોથી વિરકત રહેવું, સમભાવે ઈંદ્રિયો દ્વારા કામ લેવું. નિર્વિકારભાવે ઈંદ્રિયો દ્વારા જ્ઞાન મેળવવું તે ઈંદ્રિયદમન છે.

છ નિત્ય આવશ્યક-પ્રતિદિન સમયસર ત્રણે કાળ સામાયિક કરવી, મન, વચન કાયાથી થયેલા દોષોનું પ્રાતઃ અને સંધ્યાકાળે પ્રતિક્રમણ કરવું-પશ્ચાત્તાપ કરવો. પ્રત્યાખ્યાન આગામી દોષ ન થાય એવી ભાવના કરવી અથવા સ્વાધ્યાય કરવો. તીર્થંકરોના ગુણોની સ્તુતિ કરવી, એ સ્તવન છે. તીર્થંકરની મુખ્યતાથી ગુણાનુવાદ કરવા તે વંદના છે. કાયાથી મમતાનો ત્યાગ કરવો અને ધ્યાન કરવું તે કાયોત્સર્ગ છે.

સાત અન્ય ગુણ-(૧) શરીર ઉપર વસ્ત્રાદિ ન રાખવા. બાળકની સમાન નગ્ન રહવું. (૨) પોતાના કેશનો લોચ કરવો. ઘાસની પેઠે મમતારહિત થઈને ઉખાડી નાખવા. (૩) સ્નાન ન કરવું-

(૪) દંતધોવન ન કરવું-દાંતોનો શણગાર ન કરવો. (૫) ભૂમિશયન-જમીન ઉપર ઘાસ કે કાષ્ટની પથારી કરવી અથવા ખાલી જમીન ઉપર સૂવું.(૬) સ્થિતિ ભોજન ઊભા રહીને ભોજન કરવું. (૭) એક ભોજન-દિવસમાં એક જ વાર ભોજનપાન કરવા. આ ૨૮ મૂળ ગુણોનું નિર્દોષ પાલન કરવું તે છેદોપસ્થાપના ચારિત્ર છે. નિશ્ચયથી આત્મસ્થ થઇ જવું તે જ ચારિત્ર છે.

શ્રી તત્ત્વાર્થસારમાં કહ્યું છે -

**यत्र हिंसादिभेदेन त्यागः सावद्यकर्मणः ।**
**व्रतलोपे विशुद्धिर्वा छेदोपस्थापनं हि तत् ॥४६-६॥**

**ભાવાર્થ** : જ્યાં હિંસાદિના ભેદથી પાપકર્મોનો ત્યાગ કરવો અથવા વ્રતભંગ થતાં પ્રાયશ્ચિત્ત લઇને પછી વ્રતી થવું તે છેદોપસ્થાપના ચારિત્ર છે.

## પરિહારવિશુદ્ધિ ચારિત્ર

**मिच्छादिउ जो परिहरणु, सम्मद्दंसण-सुद्धि ।**
**सो परिहारविसुद्धि मुणि, लहु पावहि सिवसिद्धि ॥१०२॥**

**મિથ્યાત્વાદિક પરિહરણ, સમ્યગ્દર્શન શુદ્ધિ;**
**તે પરિહારવિશુદ્ધિ છે, શીઘ્ર લહો શિવસિદ્ધિ. ૧૦૨.**

**અન્વયાર્થ** : (**जो मिच्छा दिउ परिहरणु**) જે મિથ્યાત્વાદિનો ત્યાગ કરીને (**सम्मद्दंसण सुद्धि**) સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રાપ્ત કરવી (**सो परिहार विसुद्धि मुणि**) તેને પરિહાર વિશુદ્ધિ સંયમ જાણો. (**लहु सिव-सिद्धि पावहि**) જેનાથી શ્રેષ્ઠ મોક્ષની સિદ્ધિ મળે છે.

**ભાવાર્થ** : પરિહાર વિશુદ્ધિ સંયમનું વ્યવહારમાં પ્રચલિત સ્વરૂપ એ છે કે તે વિશેષ સંયમ તે સાધુને પ્રાપ્ત થાય છે જે ત્રીસ વર્ષ સુધી સુખપૂર્વક ઘરમાં રહ્યા હોય અને પછી દીક્ષા લઇને આઠ વર્ષ સુધી તીર્થંકરના સંગમાં રહે અને પ્રત્યાખ્યાન પૂર્વનો અભ્યાસ કરે. એવા સાધુ વિશેષ હિંસાના ત્યાગી હોય છે. છઠા અને સાતમા ગુણસ્થાનમાં જ તે હોય છે. અહીં અધ્યાત્મદષ્ટિથી શબ્દાર્થ લઇને કહ્યું છે કે મિથ્યાત્વાદિ વિષયોનો ત્યાગ કરીને સમ્યગ્દર્શનની વિશેષ શુદ્ધિ પ્રાપ્ત કરવી તે પરિહાર વિશુદ્ધિ છે.

શુદ્ધ આત્માનો નિર્મળ અનુભવ જ મોક્ષમાર્ગ છે. તેના બાધક મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યા ચારિત્ર છે. અનંતાનુબંધી કષાય અને મિથ્યાદર્શન કર્મના ઉપશમ અથવા ક્ષયથી એકી સાથે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ થઈ જાય છે. ત્રણેય આત્માના ગુણ છે. જ્ઞાન અને ચારિત્ર એકદેશ પ્રગટે છે. તેની પૂર્ણ પ્રગટતા માટે અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન અને

સંજ્વલન કષાયનો ઉપશમ અથવા ક્ષય કરવો પડે છે. જેમ જેમ સ્વાનુભવનો અધિક અભ્યાસ થાય છે તેમ તેમ કષાયની મલિનતા ઓછી થતી જાય છે.

ત્યારે જ્ઞાન નિર્મળ અને ચારિત્ર ઊંચુ થતું જાય છે. શ્રાવકપદમાં દેશચારિત્ર હોય છે, સાધુપદમાં સકલ ચારિત્ર હોય છે. જે સાધુને સ્વાનુભવની તીવ્રતાથી એવી વીતરાગતા પ્રગટ થઈ જાય છે કે બુદ્ધિપૂર્વક કષાયમળનો સ્વાદ આવતો નથી, નિર્મળ શુદ્ધ સ્વાનુભવ પ્રગટે છે, તેનું સમ્યગ્દર્શન ગાઢ અને જ્ઞાન નિર્મળ અને ચારિત્ર શુદ્ધ હોય છે.

રત્નત્રયની શુદ્ધતા પ્રાપ્ત કરવી તે જ મોક્ષની નજીક પહોંચવું છે. તેથી સાધુએ નિર્ગ્રંથ પદમાં રહીને વિશેષ આત્મધ્યાનનો અભ્યાસ કરવો યોગ્ય છે. સાધુએ મોહ સાથે યુદ્ધ કરવાનું છે. તેથી તેમને જ્ઞાન અને વૈરાગ્ય રૂપી ખડ્ગને તીક્ષ્ણ રાખવાની જરૂર છે. સમ્યગ્દર્શનના પ્રતાપે જ્ઞાનીને જગતના પદાર્થોનું યથાર્થ જ્ઞાન હોય છે કે છ દ્રવ્યોથી આ જગત ભરેલું છે. બધા જ દ્રવ્યો નિશ્ચયથી પોતપોતાના સ્વભાવમાં કિલ્લોલ કરે છે. જો કે સંસારી જીવ પુદ્ગલના સંયોગથી અશુદ્ધ છે અને નર, નારક, તિર્યંચ તથા દેવના શરીરોમાં જુદા જુદા રૂપે દેખાય છે તો પણ જ્ઞાની તે બધા જીવોને દ્રવ્યના સ્વભાવની અપેક્ષાએ શુદ્ધ એકરૂપ જ્ઞાનાનંદી પરમ નિર્વિકારી દેખે છે.

આ જ્ઞાનના કારણે તેને કોઈ આશ્ચર્ય નથી થતું. તે છ દ્રવ્યોના મૂળ ગુણ અને પર્યાયોના સ્વરૂપને કેવળ જ્ઞાનીની જેમ યથાર્થ અને શંકારહિત જાણે છે. પોતાના આત્માની સત્તાને અન્ય આત્માઓની સત્તાથી ભિન્ન જાણે છે. તો પણ સ્વભાવથી સર્વને અને પોતાના આત્માને એક સમાન શુદ્ધ દેખે છે. આ જ જ્ઞાનના પ્રતાપે તેની અંદર સહજ વૈરાગ્ય પણ રહે છે કે એક પોતાનું શુદ્ધ આત્મિક પદ જ સાર છે, ઉત્તમ છે, ગ્રહણ કરવા યોગ્ય છે.

સિદ્ધપદની જ પ્રાપ્તિ કરવી જોઇએ. ચારે ગતિના ક્ષણિક પદ બધા ત્યાગવાયોગ્ય છે. એ ઈંદ્રિયોના સુખને આકુળતારૂપ અને પરાધીન, નાશવંત, પાપનો બંધ કરનાર, અતૃપ્તિ કરનાર તથા હેય સમજી ચૂક્યા છે તેથી તે ભોગવિલાસના હેતુથી ચક્રવર્તીપદ, નારાયણપદ, બળભદ્રપદ, પ્રતિનારાયણપદ, રાજાપદ, શ્રેષ્ઠીપદ, ઈંદ્રપદ આદિ ઇચ્છતા નથી. તેમનામાં પૂર્ણ વૈરાગ્ય છે કે બધાય આઠે કર્મોનો સંયોગ મટાડવા યોગ્ય છે. બધા જ રાગાદિ વિભાવ ત્યાગવા યોગ્ય છે. બધો જ શરીર અને ભોગસામગ્રીનો સંયોગ દૂર કરવા યોગ્ય છે. એવા દૃઢ જ્ઞાન અને વૈરાગ્યના ધારક સમ્યગ્દૃષ્ટિ પૂર્વ કર્મોના ઉદયથી જો કે ગૃહસ્થ પદમાં ગૃહસ્થને યોગ્ય અનેક કાર્ય કરતા દેખવામાં આવે છે તો પણ તે તે કાર્યો આસક્તિ ભાવથી કરતા નથી. કષાયના ઉદયને રોગ જાણે છે. રોગ મટાડવાની ભાવના ભાવે છે. જેટલો જેટલો કષાયનો ઉદય મટે છે એટલો એટલો એનો વ્યવહાર પણ નિર્મળ થતો જાય છે. મોક્ષનો ઉપાય મૂળે એક સમ્યગ્દર્શનની શુદ્ધિ છે. વીતરાગ યથાખ્યાત ચારિત્ર અને કેવળ જ્ઞાનની પ્રાપ્તિનો એ જ ઉપાય છે.

શ્રી તત્ત્વાર્થસારમાં કહ્યું છે-

**विशिष्ट परिहारेण प्राणिधातस्य यत्र हि ।**
**शुद्धिर्भवति चारित्रं परिहार विशुद्धि तत् ॥४७-६॥**

**ભાવાર્થ** : જ્યાં પ્રાણીઓના ઘાતનો વિશેષપણે ત્યાગ હોય અને ચારિત્રની શુદ્ધિ હોય તે પરિહાર વિશુદ્ધિચારિત્ર છે.

## યથાખ્યાત સંયમ

**सुहुमहँ लोहहं जो विलउ, जो सुहुमु वि परिणामु ।**
**सो सुहुमु वि चारित्त मुणि, सो सासय-सुह धामु ॥१०३॥**

**સૂક્ષ્મ લોભના નાશથી, જે સૂક્ષ્મ પરિણામ;**
**જાણો સૂક્ષ્મ-ચરિત્ર તે, જે શાશ્વત સુખધામ. ૧૦૩.**

**અન્વયાર્થ** : (**सुहुमह लोहहं जो विलउ**) સૂક્ષ્મ લોભનો જે ક્ષય થઈને (**जो सुहुमु वि परिणामु**) જે કોઇ સૂક્ષ્મ વીતરાગભાવ થાય છે (**सो सुहुमु वि चारित्त मुणि**) તેને સૂક્ષ્મ અથવા યથાખ્યાત ચારિત્ર જાણો. (**सो सासय सुहधामु**) તે જ અવિનાશી સુખનું સ્થાન છે.

**ભાવાર્થ** : સુખ આત્માનો ગુણ છે, તેને યથાર્થમાં ચારે ઘાતીકર્મોએ રોકી રાખ્યું છે પરંતુ મુખ્યપણે તેને રોકનાર મોહકર્મ છે. જેટલો જેટલો મોહનો ક્ષય થાય છે તેમાં તેટલું સુખ પ્રગટ થતું જાય છે. આ સુખ વીતરાગભાવ સહિત નિર્મળ છે.

ક્ષાયિક સમ્યકગ્દષ્ટિ જીવ ચાર અનંતાનુબંધી કષાય અને દર્શન મોહની ત્રણ પ્રકૃતિઓનો જ્યારે ક્ષય કરી નાખે છે ત્યારે ક્ષાયિક સમ્યકત્વ અને સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થઇ જાય છે. આ શકિતઓ પ્રગટ થતાં જ્યારે જ્ઞાની પોતાના ઉપયોગને પોતાના આત્મામાં સ્થિર કરે છે ત્યારે જ સ્વરૂપનો અનુભવ આવે છે અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. અવિરત સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનમાં પણ આ સુખનું પ્રગટપણું થઇ જાય છે. પછી એ ક્ષાયિક સમ્યગ્દષ્ટિ જીવ જેટલો સ્વાનુભવનો અભ્યાસ કરે છે એટલો એટલો કષાયનો રસ ઓછો ઉદયમાં આવે છે, ત્યારે એટલું એટલું નિર્મળ સુખ અનુભવાય છે. પાંચમા દેશસંયમ ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાન કષાયનો ઉદય થતો નથી ત્યારે ચોથા ગુણસ્થાનની અપેક્ષાએ અધિક નિર્મળ સુખ સ્વાદમાં આવે છે. છઠા પ્રમત્ત ગુણસ્થાનમાં પ્રત્યાખ્યાન કષાયનો પણ ઉદય રહેતો નથી ત્યારે વિશેષ નિર્મળ સુખ વેદાય છે. સાતમા અપ્રમત્ત ગુણસ્થાનમાં સંજ્વલન કષાયનો મંદ ઉદય રહે છે ત્યારે પહેલાના કરતાં અધિક નિર્મળ સુખ અનુભવમાં આવે છે, આઠમા અપૂર્વકરણ

ગુણસ્થાનમાં સંજ્વલન કષાયનો અતિ મંદ ઉદય થાય છે ત્યારે એથી પણ વધારે નિર્મળ સુખ સ્વાદમાં આવે છે. નવમા અનિવૃત્તિકરણ ગુણસ્થાનમાં અતિશય મંદ કષાયનો ઉદય રહે છે તથા વીતરાગભાવની અગ્નિ વધતી જાય છે. તે કારણે યોગી અનિવૃત્તિકરણના બીજા ભાગમાં અપ્રત્યાખ્યાન ૪ અને પ્રત્યાખ્યાન ૪ આ આઠ કષાયકર્મોની સત્તાનો ક્ષય કરી નાખે છે. ત્રીજા ભાગમાં નપુંસક દેવનો, ચોથા ભાગમાં સ્ત્રી વેદનો, પાંચમા ભાગમાં હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, અને જુગુપ્સા આ છ નોકષાયોનો, છઠા ભાગમાં પુરુષ વેદનો, આઠમા ભાગમાં સંજ્વલન માનનો, નવમા ભાગમાં સંજ્વલન માયાનો ક્ષય કરી નાખે છે. આ રીતે સુખનો અધિક અધિક સ્વાદ આવે છે. સૂક્ષ્મ સાંપરાય દશમા ગુણસ્થાનના અંતે લોભનો પણ ક્ષય કરી નાખે છે. પછી બારમા ગુણસ્થાનમાં જઈને યથાખ્યાત ચારિત્ર પ્રગટ કરીને શુદ્ધ સુખનો અનુભવ કરે છે. અઠ્ઠાવીસ પ્રકારના મોહકર્મનો ક્ષય થવાથી નાશ ન થાય એવું સુખ પ્રગટ થઇ જાય છે.

જ્યારે યોગી દ્વિતીય શુકલધ્યાનના બળથી જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય એ ત્રણે કર્મોનો સર્વથા ક્ષય કરી નાખે છે ત્યારે તેરમા ગુણસ્થાનમાં આવીને કેવળજ્ઞાની અર્હંત્ પરમાત્મા થઇ જાય છે. તે સમયે નિજ આત્માનું પ્રત્યક્ષ દર્શન અને અનુભવ થઇ જાય છે. અત્યાર સુધી શ્રુતજ્ઞાન દ્વારા પરોક્ષ જ્ઞાન હતું, હવે કેવળજ્ઞાનીને પ્રત્યક્ષ જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અમૂર્તિક આત્માનું જ્ઞાન અને અનુભવ થઇ જાય છે. અંતરાય કર્મના નાશથી અનંતવીર્ય પ્રગટ થવાથી પરમ શુદ્ધ અને યથાર્થ સુખ અનંતકાળ સુધી સ્વાદ આપે તેવું પ્રગટી જાય છે. તેથી આ ગુણસ્થાનમાં આ સુખ અનંતસુખ કહેવાય છે.પછી આ કદી ઓછું થતું નથી, નિરંતર સિદ્ધોને તેનો સ્વાદ આવે છે.

શ્રી તત્ત્વાર્થસારમાં કહ્યું છે -

**संसारविषयातीत सिद्धानामव्ययं सुखम् ।**
**अव्याबाधमिति प्रोक्तं परमं परमर्षिभिः ॥૪૫-૮॥**

**लोके तत्सदृशो ह्यर्थः कृत्स्नेऽप्यन्यो न विद्यते ।**
**उपमीयेत तद्येन तस्मान्निरुपमं स्मृतम् ॥૫૨-૮॥**

**ભાવાર્થ** : સિદ્ધોને સંસારના વિષયોની પરાધીનતાથી રહિત અવિનાશી સુખ પ્રગટ થાય છે તે સુખને પરમ અને બાધારહિત સુખ પરમ ઋષિઓએ કહ્યું છે. સમસ્ત જગતમાં કોઈ પણ તે સુખની સમાન પદાર્થ નથી કે જેને તે સુખગુણની ઉપમા આપી શકાય તેથી તે સુખને અનુપમ કહેવામાં આવ્યું છે.

## આત્મા જ પંચ પરમેષ્ઠી છે

**अरहंतु वि सो सिद्धु फुडु, सो आयरिउ वियाणि ।**
**सो उवझायउ सो जि मुणि, णिच्छइ अप्पा जाणि ॥१०४॥**

**આત્મા તે અર્હંત છે, સિદ્ધ નિશ્ચયે એ જ;**
**આચરજ, ઉવઝાય ને, સાધુ નિશ્ચય તે જ. ૧૦૪.**

**અન્વયાર્થ** : (**णिच्छई**) નિશ્ચયનયથી (**अरहंतु वि अप्पा जाणि**) આત્મા જ અરિહંત છે એમ જાણો (**सो फुडु वियाणि**) તે જ આત્મા પ્રગટ પણે સિધ્ધ છે. (**सो आयरिउ वियाणि**) તેને જ આચાર્ય જાણો (**सो उवझायउ**) તે જ ઉપાધ્યાય છે (**सो जि मुणि**) તે જ આત્મા સાધુ છે.

**ભાવાર્થ** : નિશ્ચયનયથી જેણે આત્માનો અનુભવ પ્રાપ્ત કરી લીધો છે. આ પાંચે પદ આત્માને જ આપવામાં આવ્યા છે. વ્યવહારનયથી અથવા પર્યાયની દૃષ્ટિથી આત્માના પાંચ ભેદ થઇ જાય તે, નિશ્ચયનયથી આત્મા એક રૂપ જ છે.

જે આત્મામાં ચાર ઘાતીકર્મોના ક્ષયથી અનંત દર્શન, અનંત જ્ઞાન, ક્ષાયિક સમ્યકત્વ, ક્ષાયિક ચારિત્ર, અનંત વીર્ય, અનંત સુખ ગુણ પ્રગટ છે પરંતુ ચાર અઘાતી કર્મોનો ઉદય છે અને તેમની સત્તા આત્માના પ્રદેશો ઉપર છે. તે જીવનમુક્ત પરમાત્મા અરિહંત છે. અરિહંતનું ધ્યાન કરતાં તેમના પુદ્‌ગલમય શરીર ઉપર અને સિંહાસન છત્રાદિ આઠ પ્રતિહાર્ય ઉપર લક્ષ ન આપતાં તેમના આત્માની શુધ્ધિ ઉપર લક્ષ આપવું જોઈએ અને પોતાનો આત્મા પણ તેમના જેવો થાય તેવી ભાવના કરવી જોઇએ.

આત્મિક ભાવથી અરિહંતના આત્માનું ધ્યાન કરવું જોઇએ. ધ્યાનમાં એકાગ્ર થઈ જવું જોઇએ એ અરિહંતનું ધ્યાન છે. સિદ્ધ ભગવાન આઠેય કર્મોથી રહિત પ્રગટપણે શુદ્ધાત્મા છે ત્યાં શરીરાદિ કોઇ પણ પુદ્‌ગલનો સંયોગ નથી. પુરુષાકાર અમૂર્તિક ધ્યાનમય આત્માને સિદ્ધ કહે છે. તે નિરંજન નિર્વિકાર છે. સમ્યક્ત્વ, જ્ઞાન, દર્શન, વીર્ય, અગુરુલઘુ, અવ્યાબાધ, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ આ આઠ પ્રસિદ્ધ ગુણોથી વિભૂષિત છે. પરમ કૃતકૃત્ય, નિશ્ચળ, પરમાનંદી છે. તેમનું સ્વરૂપ પોતાના આત્મામાં બિરાજમાન કરીને એકતાન થઇ જવું તે સિદ્ધનું ધ્યાન છે.

આચાર્યનો આત્મા શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન, શુદ્ધ ચારિત્ર, શુદ્ધ તપ અને પરમ વીર્યથી વિભૂષિત છે અને નિશ્ચય રત્નત્રયમય શુદ્ધાત્માનુભવથી અલંકૃત છે.

જો કે શિષ્યોના કલ્યાણ નિમિત્તે પરોપકારભાવથી રંજિત પણ છે. એ એમની પ્રમાદ અવસ્થા છે તેનું લક્ષ્ય ન કરતાં કેવળ તેમના શુદ્ધાત્માનુભવની દશાને ધ્યાનમાં લઇને તેમનું

સ્વરૂપ પોતાના આત્મામાં બેસાડીને એકતાન થઈ જવું તે આચાર્યનું ધ્યાન છે. ઉપાધ્યાય મહારાજ વ્યવહારમાં અનેક શાસ્ત્રોના જ્ઞાતા હોઈને પઠનપાઠનમાં ઉપયુક્ત (જોડાયેલા) રહે છે, એ તેમની પ્રમાદ દશા છે. અપ્રમત્ત દશામાં તેઓ સ્વાત્માનુભવમાં એકાગ્ર થઈને આત્મિક આનંદનું પાન કરે છે. આ નિશ્ચય આત્મિક ભાવને ધ્યાનમાં લઈને પોતાના આત્માને તેમના ભાવમાં એકતાન કરવો તે ઉપાધ્યાયનું ધ્યાન છે.

સાધુ પરમેષ્ઠી વ્યવહારમાં ૨૮ મૂળ ગુણોનું પાલન કરે છે. નિશ્ચયથી શુદ્ધ આત્મિક ભાવમાં રમણ કરી, આત્મગુપ્ત થઈ, નિર્વિકલ્પ સમાધિનું સાધન કરે છે, પોતાના માટે પોતે જ ધ્યાવે છે, પરમ એકાગ્રભાવથી આત્મામાં મગ્ન છે. તેમના આ આત્મિક સ્વરૂપને પોતાના આત્માની અંદર ધારણ કરીને એકાગ્ર થઈ જવું તે સાધુનું ધ્યાન છે.

આત્માના ધ્યાનમાં જ પાંચે પરમેષ્ઠીનું ધ્યાન ગર્ભિત છે. શરીરાદિની ક્રિયા ધ્યાનમાં ન લેતાં કેવળ તેમના આત્માનું આરાધન તે જ નિશ્ચય આરાધન છે.

શ્રી સમયસાર કળશમાં કહ્યું છે -

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः ।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा ॥२३९॥**

**ભાવાર્થ** : આત્માનું સ્વરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્રમય એકરૂપ જ છે, એ જ એક મોક્ષનો માર્ગ છે. મોક્ષાર્થીએ આ જ એક સ્વાનુભવરૂપ મોક્ષમાર્ગનું સેવન કરવું ઉચિત છે.

## આત્મા જ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ છે

**सो सिउ संकरु विण्हु सो सो रुद्द वि सो बुद्धु ।**
**सो जिणु ईसरु बंभु सो, सो अणंतु सो सिद्धु ॥१०५॥**

**તે શિવ, શંકર, વિષ્ણુ ને, રુદ્ર, બુદ્ધ પણ તે જ;**
**બ્રહ્મા, ઈશ્વર, જિન તે, સિદ્ધ, અનંત પણ તે જ. ૧૦૫.**

**અન્વયાર્થ** : (**सो सिउ संकरु विण्हु सो**) તે જ શિવ છે, શંકર છે, તે જ વિષ્ણુ છે (**सो रुद्द वि सो बुद्धु**) તે જ રૂદ્ર છે, તે જ બુદ્ધ છે (**सो जिणु ईसरु बंभु सो**) તે જ જિન છે, ઈશ્વર છે, તે જ બ્રહ્મા છે (**सो अणंतु सो सिद्धु**) તે જ અનંત છે, તે જ સિદ્ધ છે.

**ભાવાર્થ** : જે પરમાત્માનું ધ્યાન કરવાનું છે તેના અનેક નામ ગુણવાચક હોઈ શકે છે. તે જ શિવ કહેવાય છે કેમ કે તે કલ્યાણના કર્તા છે. તેનું ધ્યાન કરવાથી આપણું હિત થાય છે.

તે જ શંકર કહેવાય છે કેમ કે તેનું ધ્યાન કરવાથી આનંદની પ્રાપ્તિ થાય છે. બીજા કોઈ લૌકિક જનોને માન્ય અને પૂજ્ય શિવ-શંકર નથી. તે જ વિષ્ણુ કહેવાય છે કેમ કે તે કેવળજ્ઞાનની અપેક્ષાએ સર્વ લોકાલોકના જ્ઞાતા હોવાથી સર્વ-વ્યાપક છે. બીજા કોઇ લૌકિક જનોને માન્ય યથાર્થ વિષ્ણુ નથી. તે જ રુદ્ર અથવા મહાદેવ છે કેમ કે તે પરમાત્માએ સર્વ કર્મોને ભસ્મ કરી નાખ્યા છે. બીજા કોઇ લોકસંહારક રુદ્ર નથી કે ન બીજા કોઇ લોકપાલક વિષ્ણુ છે. તે જ સાચા બુદ્ધ છે કેમ કે તે જ સર્વ તત્ત્વોના યથાર્થ જ્ઞાતા છે. બીજા કોઇ બૌદ્ધોને માન્ય બુદ્ધદેવ યથાર્થ સર્વજ્ઞ પરમાત્મા નથી.

તે જ યથાર્થ જિન છે કેમ કે તેણે રાગાદિ શત્રુઓને અને જ્ઞાનાવરણાદિ કર્મરિપુઓને જીતી લીધા છે. બીજા કોઇ યથાર્થ જિન અથવા વિજયી નથી. એ જ ઈશ્વર છે કેમ કે અવિનાશી પરમ ઐશ્વર્યના ધારક તે જ પરમાત્મા છે જે પરમ કૃતકૃત્ય અને સંતોષી છે, સર્વ પ્રકારની ઇચ્છારહિત છે. તે જ પરમાત્મા સાચા બ્રહ્મા છે કેમ કે એ બ્રહ્માસ્વરૂપમાં લીન છે. અથવા તે પોતાના સ્વરૂપ વડે યથાર્થ મોક્ષનો ઉપાય બતાવે છે. તે જ ધર્મના કર્તા છે. તેમના જ સ્વરૂપના ધ્યાનથી સંસારી આત્મા પરમાત્મા થઇ જાય છે. બીજા કોઇ જગતકર્તા બ્રહ્મા નથી. તે જ પરમાત્મા અનંત છે કેમ કે તે અનંત દર્શન અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય, અનંત શાંતિ, અનંત સમ્યક્ત્વ આદિ અનંત ગુણોના ધારક છે. તેને જ સિદ્ધ કહે છે કેમ કે તેમણે સાધ્ય સિદ્ધ કરી લીધું છે. સંસારી જીવને શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ સિદ્ધ કરવાની છે. તેને તે પ્રાપ્ત કરી ચૂકયા છે.

પરમાત્માના યથાર્થ સ્વરૂપના પ્રતિપાદક હજારો નામ લઈને ભાવના કરનાર ભાવના કરી શકે છે. નામ લેવું એ તો નિમિત્ત છે. તે નામોના નિમિત્તથી પરમાત્માનું સ્વરૂપ ધ્યાનમાં યથાર્થ જ આવવું જોઇએ. પરમાત્મા વાસ્તવમાં જૈન સિદ્ધાંતમાં સિદ્ધ ભગવાનને કહે છે. જે પરમ શુદ્ધ છે. તેમના આત્મામાં કોઇ પરદ્રવ્યનો સંયોગ નથી. ન ત્યાં જ્ઞાનાવરણાદિ આઠ કર્મ છે, ન રાગાદિ ભાવકર્મ છે. ન શરીરાદિ નોકર્મ છે. તે શુદ્ધ સ્ફટિક સમાન નિર્મળ છે. તે સ્વભાવે જ્ઞાતાદષ્ટા છે તો પણ પ્રશંસા કરવાથી પ્રસન્ન થતા નથી, નિન્દા કરવાથી ક્રોધ કરતા નથી. તે સદાય નિર્વિકાર રહે છે. તેમનામાં હર્ષવિષાદ થતા નથી. જો કે તે પરમાત્મા સ્તુતિ કરનાર ઉપર પ્રસન્ન અથવા રાગી થતા નથી તો પણ ભકતોના પરિણામ તેમની સ્તુતિના નિમિત્તે નિર્મળ અથવા શુભ થઈ જાય છે. ત્યારે જેટલા અંશે ભાવોમાં વીતરાગતા થાય છે તેટલા અંશેકર્મનો ક્ષય થાય છે. જેટલા અંશે શુભ રાગ થાય છે તેટલા અંશે પુણ્યનો બંધ થાય છે નિન્દા કરનારાના ભાવ બગડે છે તેથી તે નિંદક પાપનો બંધ કરે છે.

પરમાત્મા પરમ વીતરાગ રહે છે. તે કોઈ પણ અશુદ્ધ ભાવોના કર્તા નથી, તેમનામાં શુદ્ધ પરિણમન છે. તે શુદ્ધ આત્મિક ભાવોના જ કર્તા છે. જેમ નિર્મળ ક્ષીરસમુદ્રમાં નિર્મળ

તરંગો જ ઉત્પન્ન થાય છે તેમ શુદ્ધાત્મામાં સર્વ પરિણમન અથવા વર્તન શુદ્ધ જ થાય છે. તે પરમાત્મા સાંસારિક સુખ અથવા દુઃખના ભોક્તા નથી. તે કેવળ પોતાના જ અતીન્દ્રિય પરમાનંદના નિરંતર ભોક્તા છે. પરમાત્મા સુખ, સત્તા, ચૈતન્ય, બોધ આ ચાર મુખ્ય પ્રાણોથી સદા જીવતા રહે છે. પરમાત્મામાં કેવળદર્શન અને કેવળજ્ઞાન ઉપયોગ એકી સાથે પોતાને જ દેખી રહ્યા છે, અને પોતાને જ જાણી રહ્યા છે.

પરમાત્મા વર્ણ, ગંધ, રસ, સ્પર્શથી રહિત અમૂર્તિક છે તો પણ જ્ઞાનમય પુરુષાકાર પદ્માસન અથવા કાયોત્સર્ગ આદિ આસનમાં સ્થિત અસંખ્યાત પ્રદેશી છે. તે પરમાત્મા પરમ આદર્શ છે. દરેક આત્મા પણ નિશ્ચયથી પરમાત્મા છે એમ જાણીને વીતરાગમય અથવા સમભાવી થઈને સ્વાનુભવનો અભ્યાસ કરવો યોગ્ય છે. એ જ ઉપાય પરમાત્મપદની પ્રાપ્તિનો છે.

શ્રી સમાધિશતકમાં કહ્યું છે -

**निर्मलः केवलः सिद्धो विविक्तः प्रभु रक्षयः ।**
**परमेष्ठी परात्मेति परमात्मेश्वरो जिनः ॥६॥**

**ભાવાર્થ** : પરમાત્મા કર્મમળરહિત નિર્મળ છે, એકલો છે, તેથી કેવળ છે, તે જ સિદ્ધ છે, તે જ અન્ય દ્રવ્યોની અને અન્ય આત્માઓની સત્તાથી જુદો (વિવિક્ત) છે. તે જ અનંત વીર્યવાન હોવાથી પ્રભુ છે, તે જ સદા અવિનાશી છે, તે જ પરમપદમાં રહેવાથી પરમેષ્ઠી છે. તે જ ઉત્કૃષ્ટ હોવાથી પરમાત્મા છે, તે જ પરમાત્મા છે, તે જ સર્વ ઈંદ્રાદિ વડે પૂજ્ય ઈશ્વર છે. તે જ રાગાદિવિજયી જિન ભગવાન છે.

## પરમાત્મા દેવ પોતાના જ શરીરમાં છે

**एक हि लक्खण-लक्खियउ, जो परु णिक्कलु देउ ।**
**देहहँ मज्झहिं सो वसइ, तासु ण विज्जइ भेउ ॥१०६॥**

**એવા લક્ષણયુક્ત જે, પરમ વિદેહી દેવ;**
**દેહવાસી આ જીવમાં, ને તેમાં નથી ફેર. ૧૦૬.**

**અન્વયાર્થ** : (**एक हि लक्खण-लक्खियउ जो परु णिक्कलु देउ**) આ રીતે ઉપર કહેતા લક્ષણોથી લક્ષિત જે પરમાત્મા નિરંજન દેવ છે (**देहहँ मज्झहिं सो वसइ**) તથા જે પોતાના શરીરની અંદર વસનાર આત્મા છે (**तासु भेउ ण विज्जइ**) તે બન્નેમાં કોઈ ભેદ નથી.

**ભાવાર્થ** : પોતાના શરીરમાં અને પ્રાણીમાત્રના શરીરમાં આત્મદ્રવ્ય આખા શરીરમાં વ્યાપીને રહેલું છે. તે આત્મદ્રવ્યનું લક્ષણ સિદ્ધ પરમાત્મા સમાન છે. વ્યવહાર દષ્ટિએ અથવા

કર્મબંધની દૃષ્ટિએ સિદ્ધાત્મા અને સંસારી આત્માના સ્વરૂપની પ્રગટતા અને અપ્રગટતાના કારણ પણ છે. સંસારી આત્માઓ કાર્માણ અને તૈજસ શરીરને પ્રવાહની અપેક્ષાએ અનાદિથી પોતાની સાથે (સંયોગરૂપે) રાખતા આવ્યા છે. આઠે કર્મોના વિચિત્ર ભેદોના ઉદયથી અથવા વિપાંકરસથી આત્માઓનો વિકાસમાં ઘણા ભેદો દેખાય છે. તે ભેદોનો સંગ્રહ કરીને વિચારવામાં આવે તો નીચે જણાવ્યા પ્રમાણે તેમના ૧૯ (ઓગણીસ) જીવ સમાસ થાય છે.

(૧) પૃથ્વીકાયિક સૂક્ષ્મ, (૨) પૃથ્વીકાયિક બાદર, (૩) જલકાયિક સૂક્ષ્મ, (૪) જલકાયિક બાદર, (૫) અગ્નિકાયિક સૂક્ષ્મ, (૬) અગ્નિકાયિક બાદર, (૭) વાયુકાયિક સૂક્ષ્મ, (૮) વાયુકાયિક બાદર, (૯) નિત્યનિગોદ સાધારણ વનસ્પતિકાયિક સૂક્ષ્મ. (૧૦) નિત્ય નિગોદ સાધારણ વનસ્પતિકાયિક બાદર, (૧૧) ઈતર અથવા ચતુર્ગતિ નિગોદ સાધારણ વનસ્પતિકાયિક સૂક્ષ્મ (૧૨) ઈતર નિગોદ સાધારણ વનસ્પતિકાયિક બાદર, (૧૩) પ્રત્યેક વનસ્પતિકાયિક (૧૪) પ્રત્યેક વનસ્પતિકાયિક અપ્રતિષ્ઠિત (નિગોદ રહિત) સપ્રતિષ્ઠિત (નિગોદ સહિત), (૧૫) દ્વેન્દ્રિય, (૧૬) તેન્દ્રિય, (૧૭) ચતુરિંદ્રિય, (૧૮) પંચેન્દ્રિય અસંજ્ઞી, (૧૯) પંચેન્દ્રિય સંજ્ઞી. દરેકમાં પર્યાપ્ત અને અપર્યાપ્તના ભેદ છે આ કારણે આડત્રીસ ભેદ થઈ જશે. લબ્ધ્યપર્યાપ્ત અને નિર્વૃત્યપર્યાપ્તના ભેદથી સત્તાવાન ભેદજીવસમાસના થશે.

સંજ્ઞી પંચેન્દ્રિયમાં નારકી, દેવ, મનુષ્યોના અનેક ભેદ છે અને પશુઓમાં જળચર, થલચર અને નભચર છે. કર્મોના ઉદયને કારણે સંસારી જીવોની અંદર જ્ઞાન, દર્શન અને વીર્ય ગુણની પ્રગટતા ઓછીવત્તી હોય છે. ક્રોધ, માન, માયા, લોભ કષાયોથી અનુરંજિત યોગોની પ્રવૃત્તિ અથવા લેશ્યા મૂળમાં છ ભેદરૂપ છે તો પણ દરેકની અંદર મંદ, મંદતર, તીવ્ર, તીવ્રતર શક્તિની અપેક્ષાએ અનેક ભેદ છે. કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યાના પરિણામ અશુભ કહેવાય છે કેમ કે આ ભાવો હોય ત્યારે જીવ પાપ કર્મો જ બાંધે છે. પીત, પદ્મ, શુકલ લેશ્યાના પરિણામ શુભ કહેવાય છે કેમ કે આ ભાવોથી ઘાતીકર્મોનો બંધ મંદ પડે છે અને આ રીતે અંતરંગ ભાવોમાં અને બહારની શરીરની ચેષ્ટામાં વિશેષ ભેદ કર્મોના ઉદયથી જ થઈ રહ્યા છે.

આ કારણે સંસારી જીવ વિચિત્ર દેખાય છે. રાગી જીવ આ જીવોને જોઈને જેમનાથી પોતાને ઈંદ્રિય વિષયના સાધનમાં કાંઈક મદદ મળે છે તેમના પ્રત્યે પ્રીતિ અને જેમનાથી બાધા પહોંચતી દેખાય છે તેમના પ્રત્યે દ્વેષ કરી લે છે. તેનાથી જ કર્મબંધ કરે છે અને તે કર્મોનું ફળ ભોગવે છે. આ દૃષ્ટિએ જોતાં વીતરાગીને બંધ થતો નથી.

સમભાવ જ મોક્ષનો ઉપાય છે. આ ભાવ (સમભાવ) લાવવા માટે સાધકને વ્યવહાર દૃષ્ટિએ ભેદ છે એમ જાણવા છતાં પણ, એમ ધારણામાં રાખવા છતાં પણ આ દૃષ્ટિનો વિચાર બંધ કરીને નિશ્ચય દૃષ્ટિએ પોતાના આત્માને અને સર્વ સંસારી આત્માઓને દેખવા જોઈએ

ત્યારે પોતાને આત્મા અને સર્વ સંસારી આત્માઓ એક સમાન શુદ્ધ, નિરંજન, નિર્વિકાર, પૂર્ણ જ્ઞાન, દર્શન, વીર્ય અને આનંદમય અમૂર્તિક, અસંખ્યાત પ્રદેશી જ્ઞાનાકાર દેખાશે. ત્યારે સિદ્ધોમાં અને સંસારી આત્માઓમાં કોઈ ભેદ દેખાશે નહિ.

સમભાવ લાવવા માટે ધ્યાતાએ નિશ્ચયનયથી વસ્તુ સ્વરૂપ જોઈને રાગદ્વેષ દૂર કરવા જોઈએ. પછી કેવળ પોતાના જ આત્માને શુદ્ધ દેખવો જોઈએ. એને જ પરમ દેવ માનવો જોઈએ. પોતે જ નિરંજન છે, પરમાત્મા દેવ છે એવો ભાવ લાવીને તે જ ભાવમાં ઉપયોગ સ્થિર કરવો જોઈએ, ત્યારે ભાવનાના પ્રતાપે એકાએક સ્વાનુભવ થઈ જશે. મોક્ષમાર્ગ પ્રગટ થઈ જશે. વીતરાગભાવ જ પરમાનંદપ્રદ છે અને નિર્જરાનું કારણ છે.

સમાધિશતકમાં કહ્યું છે-

**परित्राहम्मतिः स्वस्माच्च्युतो बध्नात्यसंशयम् ।**
**स्वस्मिन्नहम्मतिश्च्युत्वा परस्मान्मुच्यते बुधः ॥४३॥**
**दृश्यमानमिदं मूढस्त्रिलिंगमवबुध्यते ।**
**इदमित्यवबुद्धस्तु निष्पन्नं शब्दवर्जितम् ॥४४॥**

**ભાવાર્થ** : જે કોઈ પોતાના શુદ્ધ સ્વરૂપના અનુભવથી છૂટીને પરભાવોમાં આત્માપણાની બુદ્ધિ કરે છે, પોતામાં કષાય જાગ્રત કરે છે તે અવશ્ય કર્મબંધ કરે છે. પરંતુ જે પર રાગાદિ ભાવોથી છૂટીને પોતાના જ શુદ્ધ સ્વરૂપમાં આત્માપણાની ભાવના કરે છે તે જ્ઞાની કર્મોથી મુકાય છે. મૂર્ખ બહિરાત્મા આ દેખાતા જગતનાં પ્રાણીઓને ત્રણ લિંગરૂપ સ્ત્રી, પુરુષ, નપુંસક દેખે છે પરંતુ જ્ઞાની આ જગતના નિશ્ચયથી એકસમાન શબ્દરહિત અને નિશ્ચળ જ્ઞાતા છે. તેમને સર્વ જીવ એક સરખા શુદ્ધ દેખાય છે.

## આત્માનું દર્શન જ સિદ્ધ થવાનો ઉપાય છે

**जे सिद्धा जे सिज्झिहिहिं, जे सिज्झहि जिण-उत्तु ।**
**अप्पा-दंसणि ते वि फुडु, एहउ जाणि णिभंतु ॥१०७॥**

**જે સિદ્ધયા ને સિદ્ધસે, સિદ્ધ થતા ભગવાન;**
**તે આતમદર્શન થકી, એમ જાણ નિર્ભ્રાન્ત. ૧૦૭.**

**અન્વયાર્થ** : **( जिण उत्तु )** શ્રી જીનેન્દ્રે કહ્યું છે **( जे सिद्धा )** જે સિદ્ધ થઈ ગયા છે **( जे सिज्झिहिहिं )** જે સિદ્ધ થશે **( जे सिज्झहि )** જે સિદ્ધ થઈ રહ્યા છે **( ते वि फुडु अप्पा दंसणि )** તે સર્વ પ્રગટપણે આત્માના દર્શનથી છે. **( एहउ णिभंतुं जाणि )** આ વાતને સંદેહ રહિત જાણો.

**ભાવાર્થ** : ગ્રંથકારે ઉપર કહેલી ગાથાઓમાં સિદ્ધ કરી દીધું છે કે મોક્ષનો ઉપાય કેવળ પોતાના જ આત્માનો અનુભવ છે. મોક્ષ આત્માનો પૂર્ણ સ્વભાવ છે. મોક્ષમાર્ગ તે જ સ્વભાવનો શ્રદ્ધા અને જ્ઞાન દ્વારા અનુભવ છે. પોતાનો જ આત્મા સાધ્ય છે, પોતાનો જ આત્મા સાધક છે. ઉપાદાન કારણ જ કાર્યરૂપ થઈ જાય છે. પૂર્વપર્યાય કારણ છે. ઉત્તરપર્યાય કાર્ય છે.

સુવર્ણ પોતે જ ધીરે ધીરે શુદ્ધ થાય છે. જેમ જેમ અગ્નિનો તાપ લાગે છે અને મેલ કપાય છે તેમ તેમ સોનું ચમકતું જાય છે. તેની ચમક ધીરે ધીરે વધી જાય છે.સોનું પોતાથી જ કુંદન (શુદ્ધ સુવર્ણ) બની જાય છે.એવી જ રીતે આ આત્મા મન વચન કાયાથી ક્રિયાનો બુદ્ધિપૂર્વક વિરોધ કરે છે અને પોતાના ઉપયોગને પાંચે ઇંદ્રિયોના વિષયોથી તથા મનના વિકલ્પોથી ખસેડીને પોતાના જ આત્મામાં તન્મય કરે છે, આત્મસ્થ થઇ જાય છે.

આ દશાને આત્માનું દર્શન અથવા આત્માનો સાક્ષાત્કાર કહે છે. આ જ ધ્યાનાગ્નિ છે. એના બળવાથી જેટલી જેટલી વીતરાગતા વધે છે, તેટલો કર્મોનો મેલ કપાય છે, આત્માના ગુણોનો વિકાસ થાય છે. ધીરે ધીરે આત્માનો ભાવ શુદ્ધ થતાં થતાં પરમ વીતરાગ થઇ જાય છે. ત્યારે કેવળજ્ઞાની અરિહંત અથવા સિદ્ધ કહેવાય છે.

આત્માનું દર્શન અથવા આત્માનુભવ જ એક સીધી સડક છે જે મોક્ષના સિદ્ધમહેલ સુધી ગયેલી છે. બીજી કોઇ ગલી નથી જેના ઉપર ચાલીને ત્યાં પહોંચી શકાય. સિદ્ધપદ ન તો કોઇની ભકિતથી મળી શકે છે કે ન બાહ્ય તપ, જપ અને ચારિત્રથી મળી શકે છે. તે તો કેવળ પોતાના જ આત્માના યથાર્થ અનુભવથી પ્રાપ્ત થઇ શકે છે.

સાધકે શ્રીગુરુ પાસેથી તથા જિનવાણી દ્વારા આત્માનું સ્વરૂપ સમ્યક્ પ્રકારે જાણવું જોઇએ કે એ સ્વતંત્ર દ્રવ્ય છે, સત્ છે, દ્રવ્ય અપેક્ષાએ નિત્ય છે, સમયે સમયે પરિણમનશીલ હોવાથી અનિત્ય છે, તેથી દરેક સમયે ઉત્પાદ વ્યય ધ્રૌવ્યસ્વરૂપ છે અથવા ગુણપર્યાયમય છે. દ્રવ્યની સાથે ગુણ સદાય રહે છે. દ્રવ્ય ગુણોનો સમૂહ જ છે. ગુણોમાં જે પરિણમન થાય છે, તેને જ પર્યાય કહે છે.

આત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, સુખ, વીર્ય, સમ્યકત્વ, ચારિત્રાદિ શુદ્ધ ગુણોનો સાગર છે, પરમ નિરાકુળ છે, પરમ વીતરાગ છે, આઠે કર્મ, રાગાદિ ભાવકર્મ, શરીરાદિ નોકર્મથી ભિન્ન છે, શુદ્ધ ચૈતન્ય જ્યોતિમય છે. પરભાવોનો ન તો કર્તા છે ન પરભાવોના ભોકતા છે. એ સદાય સ્વભાવના રમણમાં રહેનારી સ્વાનુભૂતિ માત્ર છે. આ રીતે પોતાના આત્માના શુદ્ધ સ્વભાવની પ્રતીતિ કરીને સાધક આ જ જ્ઞાનનું મનન કરે છે.

ભેદ વિજ્ઞાન દ્વારા જો કે પોતે અશુદ્ધ છે તો પણ પોતાને કાદવરહિત જળ સમાન શુદ્ધ માનીને વારંવાર વિચાર કરે છે. આ આત્મમનનને પ્રતાપે કોઈ વાર આ જીવ તે સમયે-અનંતગુણ વધતી વિશુદ્ધતા એક અંતર્મુહૂર્ત માટે પ્રાપ્ત કરે છે.

આવા પરિણામોની પ્રાપ્તિને કરણલબ્ધિ કહે છે. ત્યાં એકાએક અનંતાનુબંધી કષાય અને દર્શનમોહનો વિકાર દૂર થાય છે અને આ જીવ અવિરત સમ્યગ્દષ્ટિ થાય છે. જ્યારે અપ્રત્યાખ્યાન કષાયનો વિકાર હટે છે ત્યારે એકદમ દેશવિરતી શ્રાવક બને છે અને પ્રત્યાખ્યાન કષાયનો વિકાર પણ દૂર થવાથી એકદમ અપ્રમત્ત વિરત સાધુ થઈ જાય છે.

ચોથા અવિરત સમ્યકત્વ ગુણસ્થાનમાં આત્માનો અનુભવ શરૂ થઈ જાય છે. તે બીજના ચન્દ્ર સમાન હોય છે, તે જ આત્માનુભવના સતત અભ્યાસથી પાંચમા ગુણસ્થાનને યોગ્ય આત્માનુભવ નિર્મળ થઈ જાય છે. આ રીતે ઉપર ઉપરના ગુણસ્થાનમાં જેમ જેમ ચડતા જાય છે. તેમ તેમ આત્માનુભવની શુદ્ધતા અને સ્થિરતા અધિક અધિક પ્રાપ્ત કરતા જાય છે.

આત્માનુભવને જ ધર્મધ્યાન કહે છે. તેને જ કષાયમળ અધિક દૂર થાય ત્યારે શુકલ ધ્યાન કહે છે, એનાથી જ ચાર ઘાતીકર્મોનો ક્ષય થાય છે. ત્યારે આત્મા અરિહંત પરમાત્મા થઈ જાય છે. બાકીના ચાર અઘાતી કર્મો દૂર થતાં એ જ સિદ્ધ થઈ જાય છે. ભૂત, ભાવિ અને વર્તમાન ત્રણેય કાળમાં સિદ્ધ થવાનો એક જ માર્ગ છે.

પોતાના આત્માનો જે કોઇ યથાર્થ અનુભવ કરશે તે જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગનું સાધન કરશે. આ મોક્ષમાર્ગ વર્તમાનમાં પણ સાધકને આનંદ આપનાર છે અને ભવિષ્યમાં અનંત સુખનું કારણ છે. મુમુક્ષુએ વ્યવહાર ધર્મના બાહ્ય આલંબનથી નિશ્ચયધર્મ અથવા આત્માનુભવનો અભ્યાસ કરવો ઉચિત છે. એ જ કર્તવ્ય છે. એ જ આ ગ્રંથનો સાર છે.

સમયસારમાં કળશમાં કહ્યું છે -

**त्यक्त्वाऽशुद्धिविधायि तत्किल परद्रव्यं समग्रं स्वयं**
**स्वद्रव्ये रतिमेति यः स नियतं सर्वापराधच्युतः ।**

**बन्धध्वंसमुपेत्य नित्यमुदितः स्वज्योतिरच्छोच्छल-**
**च्चैतन्यामृतपूरपूर्णमहिमा शुद्धो भवन्मुच्यते ॥१२-९॥**

**ભાવાર્થ** : જે કોઈ અશુદ્ધતા કરનાર સર્વ પર દ્રવ્યનો રાગ સ્વયં ત્યાગીને અને સર્વ પરભાવમાં રતિરૂપ અપરાધથી મુક્ત થઈને પોતાના જ આત્મદ્રવ્યમાં રતિ, પ્રીતિ, આસક્તિ અને એકાગ્રતા કરે છે તે પોતાના ઉછળતા આત્માના પ્રકાશમાં રહીને, કર્મબંધનો ક્ષય કરીને ચૈતન્યરૂપી અમૃતથી પૂર્ણ શુદ્ધ થઈને મોક્ષરૂપ અથવા સિદ્ધ થઈ જાય છે.

## ગ્રંથકર્તાની અંતિમ ભાવના

संसारह भय-भीयएण, जोगिचंद-मुणिएण ।
अप्पा-संबोहण कया, दोहा इक्क-मणेण ॥१०८॥

સંસારે ભયભીત જે, યોગીન્દુ મુનિરાજ;
એકચિત્ત દોહા રચે, નિજસંબોધન કાજ. ૧૦૮.

**અન્વયાર્થ** : (**संसारह भय-भीयएण**) સંસારના ભ્રમણથી ભયભીત (**जोगिचंद-मुणिएण**) યોગેન્દ્રાચાર્ય મુનિએ (**अप्पा-संबोहण**) આત્માને સમજાવવા માટે (**इक्क-मणेण**) એકાગ્ર ચિત્તથી (**दोहा कया**) આ દોહાઓની રચના કરી છે.

**ભાવાર્થ** : ગ્રંથકર્તા યોગેન્દ્રાચાર્યે પ્રગટ કર્યું છે કે તેમણે પોતાના જ કલ્યાણના નિમિત્તે આ દોહાની રચના કરી છે. તેઓ કહે છે કે મને સંસાર ભ્રમણનો ભય છે. સંસારમાં આત્માને અનેક પ્રાણ ધારણ કરીને ઘણા કષ્ટો સહેવા પડે છે, ત્યાં પરમ નિરાકુળ સુખની પ્રાપ્તિ થતી નથી.

જ્યાં સુધી આઠ કર્મોનો સંયોગ છે ત્યાં સુધી જ સંસાર છે. કર્મોના ઉદયને આધીન થવાથી અનંતજ્ઞાન, અનંતદર્શન પ્રગટ થતા નથી. અનંતબળ પ્રગટતું નથી. મિથ્યાત્વનું ગાઢપણું રહે છે જેથી પ્રાણી પોતાના આત્મિક અતીન્દ્રિય સુખને ઓળખતા નથી, ઈંદ્રિય સુખમાં જ આસક્ત બની રહે છે. ઈષ્ટ સામગ્રી મળવાની તૃષ્ણામાં ફસાઈ રહે છે. મહાન લોભી થઈ જાય છે. ઈષ્ટ વસ્તુ મળતાં અભિમાન કરે છે. ઈષ્ટ વસ્તુ મેળવવા માટે માયાચાર કરે છે. તેની પ્રાપ્તિમાં જે કોઈ બાધા કરે તેના ઉપર ક્રોધ કરે છે.

મોહનીય કર્મના ઉદયથી વિવિધ પ્રકારના ઔપાધિક ભાવોમાં નિરંતર રંગાયેલો રહે છે. એ જ કારણે નવા કર્મોનો બંધ કરે છે. જ્યાં સુધી ચાર ઘાતીકર્મોનો ક્ષય ન હોય ત્યાં સુધી આત્મા પરમાત્મા થઈ શકતો નથી. આયુષ્ય કર્મના ઉદયવશ સ્થૂળ શરીરમાં રોકાઈ રહેવું પડે છે. નામકર્મના ઉદયથી શરીરની રચના શુભ અથવા અશુભ થાય છે. ગોત્રકર્મના ઉદયથી નિન્દનીય કે આદરણીય કુળમાં જન્મે છે. વેદનીય કર્મના ઊદયથી શાતાકારી અથવા અશાતાકારી સામગ્રીનું નિમિત્ત મળે છે. ચાર અઘાતી કર્મના કારણે બહાર પીંજરામાં કેદ રહે છે.

ચારેય ગતિઓમાં જીવ સાંસરિક આકુળતા ભોગવે છે. જે ઇંન્દ્રિયસુખને સંસારના અજ્ઞાની પ્રાણી સુખ કહે છે તેને જ જ્ઞાની જીવ દુઃખ માને છે, કેમ કે જ્યાં સુધી વિષય ભોગમાં પડતું નથી. ઈચ્છાની બળતરા થવી તે એક જાતનો રોગ છે. વિષયભોગ કરવો એ રોગ શમનનો

ઉપાય નથી. તે તો તૃષ્ણાના રોગની વૃદ્ધિનો જ ઉપાય છે. મોટા મોટા ચક્રવર્તી રાજાઓ પણ વિષય ભોગોના ભોગથી તૃપ્ત થયા નથી. ઈંદ્રિયોના ભોગ પરાધીન છે, બાધા સહિત છે, નાશવંત છે અને કર્મબંધના કારણ તથા સમભાવના નાશક છે.

સંસારમાં દુઃખ ઘણા છે, ઈંદ્રિય સુખના લાભ થોડા છે. વળી આ સુખથી સંતોષ થતો નથી. આત્મા સ્વભાવે પરમાત્મા રૂપ છે, જ્ઞાનાનંદનો સાગર છે, પરમ નિરાકુળ છે, પરમ વીતરાગ છે, આવો હોવા છતાં પણ આઠ કર્મોની સંગતિથી એને મહા દુઃખી, દીન, તુચ્છ થવું પડે છે. જેની સંગતિથી પોતાનો સ્વભાવ બગડે, દુર્ગતિ પ્રાપ્ત થાય, જન્મ મરણના કષ્ટ થાય તેનો સંગ ત્યાગવા યોગ્ય છે. આ કર્મોના બંધનું કારણ રાગદ્વેષ મોહ છે. તેથી રાગદ્વેષ મોહ જ સંસારના ભ્રમણનું બીજ છે.

તેથી આચાર્યદેવ પ્રગટ કરે છે કે મને સંસારનો ભય છે અર્થાત્ હું રાગદ્વેષ મોહના વિકારથી ભયભીત છું, હું એમાં પડવા ઈચ્છતો નથી. નવા કર્મોનો સંવર કરવા માટે અને પુરાણા કર્મોની નિર્જરા કરવા માટે આચાર્યે પોતાના આત્માને જ વીતરાગ ભાવમાં લાવવા માટે આત્માના સાર તત્ત્વની ભાવના કરી છે-પ્રસિદ્ધ કર્યું છે કે આ આત્મા નિશ્ચયથી સંસારી નથી. એ તો સ્વંય પરમ શુદ્ધ પરમાત્મા દેવ છે. એનો જ વારંવાર અનુભવ કરવો જોઈએ. એમાં જ રમણ કરવું જોઈએ.

આત્મિક આનંદનો જ સ્વાદ લેવો જોઈએ. નિરાકુળ અતીન્દ્રિય સુખ ભોગવવું જોઈએ. આત્માનું દર્શન કરવું જોઈએ. આ ગ્રંથની અંદર આચાર્યે આ જ શુદ્ધાત્માની ભાવના કરીને પોતાના આત્માનું હિત કર્યું છે. અધ્યાત્મ તત્ત્વનું વિવેચન પરમ હિતકારી છે. આત્મિક ભાવનાનો હેતુ છે.

જો કે ગ્રંથકર્તાએ પોતાના જ ઉપકાર માટે ગ્રંથની રચના કરી છે તો પણ શબ્દોમાં ભાવોની સ્થાપના કરવાથી અને તેમને લિપિબદ્ધ કરવાથી પાઠકોનો પણ પરમ ઉપકાર કર્યો છે. આ ગ્રંથનો એ જ ભાવથી અભ્યાસ અને મનન કરવા જોઈએ કે જેથી આપણા સંસારનો નાશ થાય અર્થાત્ સંસારનું કારણ કર્મ અને કર્મબંધના કારણ રાગદ્વેષ મોહભાવોનો નાશ થાય અને મોક્ષનું કારણ એવા સ્વાનુભવનો લાભ થાય. પરમતત્ત્વની ભાવના રહે. આત્માનું જ આરાધન રહે. સમભાવમાં જ પ્રવૃત્તિ રહે. શાંતરસની જ ધારા વહે. તે જ ધારામાં મગ્નતા રહે. આનંદામૃતનું જ પાન રહે, સિદ્ધ સુખનો જ ઉદ્દેશ રહે. શિવાલયમાં પ્રવેશ કરવાની ભાવના રહે.

આ જ ભાવના અમૃતચંદ્રાચાર્યે સમયસાર કળશમાં કરી છે.

**पर परिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-**
**दविरतमनुभाव्यव्याप्ति कल्माषितायाः ।**
**मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-**
**र्भवतु समयसार व्याख्ययैवानुभूतेः ॥३॥**

**ભાવાર્થ** : આચાર્ય કહે છે કે નિશ્ચયથી હું શુદ્ધ ચૈતન્ય માત્ર મૂર્તિનો ધારક છું પરંતુ અનાદિકાળથી મારી અનુભૂતિ વિભાવ પરિણામોની ઉત્પત્તિનું કારણ એવા મોહકર્મના ઉદયના પ્રભાવથી રાગદ્વેષથી નિરંતર મેલી થઈ રહી છે. હું આ સમયસાર ગ્રંથનું વ્યાખ્યાન કરીને એ જ યાચના કરું છું કે આ જ મારી અનુભૂતિ પરમ શુદ્ધ થઈ જાય, વીતરાગી થઈ જાય, પરમ શાંતરસથી વ્યાપ્ત થઈ જાય, સમભાવમાં તન્મય થઈ જાય, સંસારમાર્ગમાંથી મોક્ષમાર્ગી થઈ જાય.

મંગલમય અરહંતનું, મંગલ સિદ્ધ મહાન;
આચારજ પાઠક યતી, નમું નમું સુખદાન.
પરમ ભાવ પ્રકાશનું, કારણ આત્મવિચાર,
જે નિમિત્તથી હોય તે, વંદનીક હરવાર,

**ટીકાકારની પ્રશસ્તિ.**

યુક્ત પ્રાંતમેં શુભનગર, નામ લખનઉ જાન,
અગ્રવાલ વંશજ વસે, મંગલસેન મહાન. ૧

જિનવાણી જ્ઞાતા સુધી, સમયસાર રસપાન;
કરત કરાવત અન્યકો, કરત ભવ્ય કલ્યાણ. ૨

તિન સુત મકખનલાલજી, ગૃહી કાર્ય લવલીન;
તિન સુત પર હૈં વૃદ્ધ અબ, સંતલાલ દુખહીન. ૩

તૃતીય પુત્ર હૂં નામ હૈ, 'શીતલ' ધર્મ પ્રસાદ;
વિક્રમ ઉન્નિસ પૈતિસે, જન્મ ભયો દુઃખ બાદ. ૪

બત્તિસ વય અનુમાનમેં, ગૃહ ત્યાગા વૃષ કાજ;
શ્રાવક ચર્યા પાલતે, ભ્રમણ કરત પર કાજ. ૫

વાયુકંપકે રોગસે, પીડિત ચિત્ત ઉદાસ;
તદપિ આત્મરસ પાનકા, મનમેં હો ઉલ્લાસ. ૬

યોગસાર ઈસ ગ્રંથકા, ભાવ લિખન કે કાજ;
પ્રતિદિન દોહા એક કો, નિયમ કિયા હિત સાજ. ૭

શતક એક અર આઠ દિન, પૂર્ણ ભયે સુખદાય;
બંબઈ ક્ષેત્ર અગાસમેં, નગર બડૌદા પાય. ૮

તીન જગહ કે વાસમે, કરો સફલ યહ કામ;
બંબઈ નગર વિશાલમેં, પૂર્ણ કરો અભિરામ. ૯

અષાઢ કૃષ્ણા બારસી, મંગલ દિવસ મહાન;
સંવત ઉન્નિસ છાનવે, કીયો પૂર્ણ લિખાન. ૧૦

ઉન્નિસ ઉન્યાલીસમેં, જૂન ત્રયોદશ જાન
ભજન કરન પરમાત્મકા, મંગલ, પઢા મહાન. ૧૧

મંગલ શ્રી જિનરા હૈ, મંગલ સિદ્ધ મહાન;
સાધુ સદા મંગલમઈ, કરહુ પાપકી મહાન. ૧૨

ૐ

## *શ્રી પરમાત્માને નમઃ !*
## *શ્રી ગુરવે નમઃ !*

(દોહા)

વંદુ શ્રી અરિહંત પદ વીતરાગ વિજ્ઞાન બાર ભાવના વર્ણવું, જગ જીવને હિતકાર.

(હરિગીત)

જીત્યો ભરતખંડ જેમણે તે ચક્રી પણ છે ના રહ્યા,
રાવણ માર્યો જેમણે તે રામ લક્ષ્મણ ના રહ્યા,
સંપત સર્વ, સત્યભામા, રૂક્ષ્મણી, શ્રી કૃષ્ણ પણ છે ના રહ્યા,
સુવર્ણની લંકા અને વળી રંગમહેલ પણ ના રહ્યાં,
ઝઝૂમી મર્યા રણમાંહી તે રે લોભી કૌરવ ના રહ્યા,
તજ્યું રાજ્ય, પાંડવ વનમહી ઉપસર્ગ અગ્નિ તણો સહ્યો,
મોહનિંદથી તું જાગ ચેતન, જાગ રે તુ જાગ રે
બાર ભાવના ગુરુ વર્ણવે કૃપા ગ્રહી તારા પરે.

**(૧) અસ્થિર ભાવના :**

ચંદ્ર સૂરજ ને ૠતુ પણ આવે અને વળી જાય છે.
આયુષ્ય વીતે કઈ રીતે ના ખબર પડતી કાંઈ તને
પર્વત પતિત નદી સરિત જલ અવિરતપણે વહી જાય છે.
કરવત કાપે કાષ્ટ જયમ, તેમ શ્વાસ તુજ આયુષ્યને.
ક્ષણે ક્ષીણ થઈ રહ્યું, યૌવન તારું ભાઈ આ
જયમ અંજુલિનું નીર અને તુષારબિંદુ ધૂપમાં
મેઘધનુસમ નગર આ, વળી ધન અને પણ સંપત્તિ
સંસારની પ્રત્યેક વસ્તુ અસ્થિર તેમ જ જાણવી-

**(૨) અશરણ ભાવના :**

ભવ વન વિશે આ આત્મમૃગ છે કાલસિંહના મુખમહીં
લૂંટી રહ્યા જે કાયનગરી કાંઈ કોઈનું ચાલે નહીં
રાજપાટ વા ધનસંપત્તિ કે મંત્રયંત્રસેના વડે
કોઈ બચાવી નવ શકે આ આત્મરૂપી મૃગને
પામ્યા શ્રી કૃષ્ણ મૃત્યુને, બસ એક તીર જ વાગતાં
બળદેવ સમ ભ્રાતૃ અને ખુદ ચક્રરત્ન હોવા છતાં
ના શરણ સાચું બીજું કાંઈ, છે દેવગુરુ ને ધર્મ વિણ
ભ્રમ કારણે ભટકી રહ્યો, રે વ્યર્થ આયુ ગુમાવી જીવ.

**(૩) સંસારભાવના :**

દ્રવ, ક્ષેત્ર, કાળ ને ભાવ, ભવ, પરિવર્તન સહે છે જીવ આ
જન્મ જરા ને મૃત્યુના દુઃખ પણ સહે છે જીવ આ
છેદનભેદન નરક મહીં ને બંધન-વધ પશુગતિ વિશે
રાગાદિથી દુઃખ સ્વર્ગમાં, ના ક્યાંય સુખ છે જીવને
એકેન્દ્રિય બને યદિ પુણ્યફળથી, તોય તેને સુખ ક્યાં ?
અલ્પ સમય સત્તા (ગ્રહે) પછી જાબી અને ખુરપી જ હા
ના સુખ માનુષ જનમમાં, છે અનેકવિધ દુઃખદ ખરે,
પંચમગતિનું સુખ વડે જે શુભને અશુભથી પર બને.

**(૪) એકત્વ ભાવના :**

જન્મે મરે જીવ એકલો, વળી એકલો સુખદુઃખ વિશે
સંબંધ કોઈને કાંઈ ના આયુષ્ય પૂર્ણ થતાં અરે
ભાર્યા ન જાયે સંગ, ને પરિવાર પણ મરઘટ સુધી
પત્ની, પિતા ને પુત્ર, નિજ નિજ સ્વાર્થને રોવે અહીં
પંખી કરે જ્યમ રાતવાસો, વૃક્ષની શાખા પરે,
મેળા મહીં આ જિંદગીના, જીવ જાણવો એવી રીતે,
ગજ એક વા ગજ બે ઊડી, અંતે અરે થાકી જતાં
ચાલી પડે આ આત્મપંખી, કોઈ ન સંગી સાથમાં.

**(૫) ભિન્ન ભાવના : (અન્યત્વ)**

ભ્રમ કારણે આ આત્મમૃગ ભવવન વિશે રખડે અરે
પણ ઝાંઝવાનાં નીર આ તો, પ્યાસ ના એની છીપે
નીર ના મળે ને થાકી જઈ અંતે ગુમાવે પ્રાણ તે
પર વસ્તુ માને નિજની કૈં ભેદ એને ના દિસે.
ચેતન સ્વયં તુ, દેહ નહીં, એ જડ, તું તો જ્ઞાની છે.
દિસે એક (અભિન્ન), ભિન્ન પડે યતનથી, જેમ નીર ને ક્ષીર છે.
છે રૂપ તારું સૌથી ન્યારું, ભેદ જ્ઞાનથી તું જાણ એ.
સામર્થ્ય સંપૂરણ થકી ઉદ્યમ સદા તું ધાર રે.

**(૬) અશુચિ ભાવના :**

પોષે સદા, મુરઝાય તો પણ, ધોવે છતાં મેલું રહે,
નિશદિન કરે ઉપાય તો પણ, રોગ છે ફેલી રહે
માતા-પિતાની વીર્યરજથી છે દેહ તારો આ બન્યો
પરૂ, લોહી, નસ ને હાડ-માંસ, અનેક વ્યાધિ થકી ભર્યો
કેસર ચંદન પુષ્પ પણ સ્પર્શે અગર આ દેહને
અશુચિત્વને પામે જ નિશ્ચિત, દેહ મલની ઝારી છે,
તું વ્યર્થ પડિયો છિદ્રયુક્ત, ચૂસે અને રોવે અરે,
સિંચે ભૂમિ યદિ ધ્યાનની, ધર્મ અનંત આવી મળે.

**(૭) આસ્રવ ભાવના :**

જીવપ્રદેશમાં આવે દ્રવ્યાસ્રવ, સરવરનીર જ્યમ નીકમાં
કેવળ બને કારણ પુદ્ગલ જીવના પરિભ્રમણના
શુભ વા અશુભ આસ્રવભાવ, ભાવી રહ્યો છે જીવ જે
કર્તા બને પુણ્ય પાપનો વળી બંધનું કારણ બને
દ્વાદશ અવિરત, યોગ પંદર, મિથ્યાત્વ પાંચ જે વર્ણવ્યા
પચીસ કષાયો, મળી સત્તાવન, છે કારણ કર્માગમનનાં
મોહભાવની મમતા તજી, વળી તજી દઈ પર પરિણતિ
સંવૃત નિરાસ્રવ જ્ઞાનીજનનું ધ્યેય મોક્ષ જ પ્રાપ્તિ.

**(૮) સંવર ભાવના :**

નીક બંધ કરતાં આવવું જળનું જુઓ રોકાય છે.
સૌ આસ્રવો સંવર થકી તે રીતે અટકી જાય છે.
સમિતિ મહાવ્રત પાંચ-પાંચ, મન વચન કાયની ગુપ્તિ ને
બાવીસ પરિષહ, ધર્મ દશવિધ, ભાવના વળી બાર છે.
આ ભાવ સત્તાવન બને, જે આસ્રવોને રોકતાં
સ્વપ્ન દશાથી જાગ જીવ, શાને રહ્યો તું ઊંઘમાં ?
શુભ ને અશુભથી રહિત થૈ, શુદ્ધ ભાવ સંવર પામીને
બૂરી છિદ્રને, મઝધારથી, તુજ નાવ પાર લગાવી લે.

**(૯) નિર્જરા ભાવના :**

ખૂબ તાપ પડતાં જે રીતે, સાગર નીર શોષાય છે.
ત્યમ સંવરે રોકેલા કર્મો, નિર્જરા થકી ખરી જાય છે.
સંગ ઉદયભોગ સવિપાક, જ્યમ સહકાર વૃક્ષે કેરી છે
અવિપાક બીજી એ રીતે (જ્યમ) માળી થકી ક્યારા વિશે
કર્મ સ્વયં ઉદયે ખરે, તવ કામ નહીં, સવિપાક છે
ટળે ભ્રમણ, કર્મો ખરે, ઉદ્યમ થકી, અવિપાય છે,
સંવર સહેલી નિર્જરાની, જ્ઞાની જનો સૌ કહી ગયા
સંવર સહિત જે તપ કરે, નિશ્ચિત વરતો શિવરમા.

**(૧૦) લોકભાવના :**

છે લોક, અલોક આકાશમાં, આધાર વિણ ને સ્થિર હા
પુરુષાકૃતિ ભુજ કટી પરે, છ દ્રવ્ય એ રીત જાણવા
છે અમિટ એ તો અનાદિથી કર્તા ન હર્તા કોઈ છે
જીવ પુદ્‌ગલોનાં પરિભ્રમણમાં, કર્મ માત્ર નિમિત્ત છે.
પુણ્યપાપથી જીવ જગતમાં સુખી અગર તો દુઃખી બને
કૃત કર્મ રીત ફળ ભોગવે, ને દોષ અવરને શિર ધરે !
બધી આશ જગની ત્યજી દઈ, કરે મોહકર્મનો નાશ જો
નિજપદમાં સ્થિર બની જઈ, જીવલોક અગ્રે બિરાજતો

**(૧૧) બોધિ દુર્લભ ભાવના :**

નિગોદથી સ્થાવર દુર્લભ, ને તેથી દુર્લભ ત્રસ ગતિ
તેથીય દુર્લભ મનુષભવ, જે ઝંખતો પણ સુરપતિ
તેમાંય ઉત્તમ દેશ વળી સુસંગ અને કુળ જૈનનું
દુર્લભ સમ્યક્, સંયમ દુર્લભ, ગુણસ્થાનક પાંચમું
આરાધીને ત્રણ રતનને, દીક્ષા ગ્રહે છે મુનિવરો
દુર્લભ વ્રતને પાળતાં શુદ્ધ ભાવ શું પ્રગટે અહો !
છે બોધિ જ્ઞાનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ જીવને
કેવળ જ્ઞાન લહ્યા પછી, નહીં રખડતો ભવવન વિશે.

**(૧૨) ધર્મભાવના :**

વેદાંત, બુદ્ધ, ચાર્વાક મત છે જગતને લૂંટી રહ્યા
જૂઠા વળી છે ધર્મ પણ ઈસ્લામ, ખ્રિસ્તી, યહુદીના
સ્વચ્છંદી થઈ કરી પાપ કોક જ ક્ષણિક વિચારતાં
કર્તા પરે ઢોળી દઈ, સહુ જગતમાંહી રખડતા
વીતરાગ સર્વજ્ઞ દોષ વિણ પાવન શ્રી જિનવાણી છે
સાત તત્ત્વને જે વર્ણવે, તે સર્વને સુખદાયી છે
એનું જ ચિંતન ફરી ફરી અને ઉરમાંહી જે શ્રદ્ધા ધરે
"મંગત" પૂર્ણ પ્રયત્નથી, નિશ્ચિત ભવ ઉદધિ તરે.

ઉપરની નં-૧૨ "ધર્મ ભાવના"ની પહેલી બે લીટીને બદલે નીચે મુજબ પણ ગોઠવી શકાય :

"છે અનેક વિધ ધર્મો જગતમાં, નહીં આત્મને કાંઈ કામના, હિતકર નથી, નથી સત્ય પણ, જૂઠાં જ જૂઠાં જાણવા."

**: સાચું શરણ :**

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
અનાથ એકાન્ત સનાથ થાશે;
એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

## : ભાવવા યોગ્ય ભાવના :

હું ચેતન, અસંખ્યાતપ્રદેશી, અમૂર્તિક, જ્ઞાન-દર્શન લક્ષણવાળો, સિદ્ધરૂપ, કર્મમળરહિત, શુદ્ધ આત્મા છું. હું અન્ય પદાર્થરૂપ નથી અને અન્ય પદાર્થ મારા રૂપે નથી; હું અન્યનો નથી અને અન્ય મારું નથી; અન્ય અન્ય છે અને હું હું છું, પર પરનું છે અને હું મારો છું; શરીર જુદું છે, હું જુદો છું; હું ચેતન છું અને શરીર અચેતન છે; શરીર અનેક છે, હું એક જ છું; શરીર નાશવંત છે અને હું અવિનાશી છું. સંસારના અચેતન (જડ) પદાર્થો મારા રૂપે (ચેતન) નથી થતા અને હું અચેતનરૂપ નથી થતો; હું જ્ઞાનાત્મા છું મારું કોઈ નથી, હું બીજા કોઈનો નથી; જે અહીં શરીરની સાથે મારો સ્વસ્વામિત્વ સંબંધ થઈ રહ્યો છે, તે તો એકત્વનો ભ્રમ થઈ રહ્યો છે. જીવાદિ દ્રવ્યોના યથાર્થસ્વરૂપને જાણવાવાળો હું, મારા વડે, મારામાં, મને દેખવાવાળો હું, રાગ-દ્વેષ રહિત હોવાથી મધ્યસ્થ છું. હું સત્ દ્રવ્ય, જ્ઞાતા-દૃષ્ટા, તેમ જ હંમેશાં ઉદાસીનસ્વરૂપ છું, શરીર-પ્રમાણ હોવા છતાં શરીરથી જુદા આકાશની માફક અમૂર્ત છું, હું સદા સ્વરૂપ આદિ ચતુષ્ટય (સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ)ની અપેક્ષાએ સત્‌રૂપ છું અને પર રૂપાદિની અપેક્ષાએ અસત્‌રૂપ છું. જે (વર્તમાન) કંઈ જાણતા નથી, (ભૂતકાળમાં) જેમણે કંઈ જાણ્યું ન હતું અને ભવિષ્યમાં કંઈ જાણશે નહિ તેવા ત્રણ કાળની અજ્ઞાનતાવાળાં શરીરાદિક છે એવો હું નથી. જેને પહેલાં જાણ્યું હતું, ભવિષ્યમાં જે જાણશે તથા વર્તમાન જે કંઈ ચિંતવન કરવા યોગ્ય છે એવું હું ચિદ્‌દ્રવ્ય છું. આ જગત પોતે ઇષ્ટ નથી તેમ જ અનિષ્ટ પણ નથી, પરંતુ ઉપેક્ષા કરવા યોગ્ય છે. શરીરાદિક મારાથી જુદાં છે અને હું પણ વસ્તુતઃ (ખરેખર) તેનાથી જુદો છું હું તેનો કોઈ નથી અને તે પણ મારું કોઈ નથી. એ પ્રમાણે ભલી (સત્ય) રીતે પોતાના આત્માને બીજા પદાર્થોથી ભિન્ન સમજીને, હું તન્મયી (આત્મમયી) ભાવોને કરતો થકો, બીજું કાંઈ પણ ચિંતવન કરતો નથી.

મોહને નષ્ટ કરવા માટે, બાહ્ય ચિંતાઓને દૂર કરવાને માટે તથા એકાગ્રતાની પ્રાપ્તિને માટે ઉપર્યુક્ત ભાવના ભાવવી જોઈએ.

(-તત્ત્વાનુશાસનમાંથી)

Printed by : "MERCURY" Ph. (079) (O) 5624029 (R) 7419282 Mobile : 98252-44792